بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

# મિન્હાજુલ્ આબિદીન

## ઈબાદતના માર્ગે આવતી રૂકાવટો

લેખક


સિલસિલએ આલિયા નક્શબંદિયાના મહાન બુઝુર્ગ હુજ્જતુલ ઈસ્લામ

**હઝરત ઈમામ મુહમ્મદ ગિઝાલી** رحمۃ اللہ علیہ


ઉર્દૂ અનુવાદક


**હઝરત મૌલાના સઈદ અહમદ સાહબ નક્શબંદી મુજદ્દિદી**

(ખતીબ જામેઅ મસ્જિદ, દરબારે હઝરત દાતાગંજબક્ષ લાહોરી કુદ્દસ સિર્રહુલ્ અઝીઝ)


અનુવાદક


**પટેલ શબ્બીર અલી રઝવી**

(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક, મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)


પ્રકાશક


**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,

મુ.પો. **દયાદરા**–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www. barkatekhwaja.net Email :anjuman2006@hotmail.com

પ્રકાશન નં.: ૨૬૪ આવૃત્તિ–૨ પ્રત: ૧૫૦૦

૦૩–ઝિલહજ્જ હિ.સ. ૧૪૪૩ જુલાઈ–૨૦૨૨

હદિયો : 250/- (રૂા. ૫૦/- ટપાલ તથા કુરિયર ખર્ચ)

## -:: અનુક્રમણિકા ::-


- ❑ **અપર્ણ....** 07
- ❑ **બીજી આવૃત્તિ પ્રસંગે અનુવાદકના બે બોલ....** 08
- ❑ **પ્રકાશકના બે બોલ (પ્રથમ આવૃત્તિ વખતે)** 09
- ❑ **મુખ્તસર હાલાત :**
  **હઝરત અલ્લામા ઈમામ મુહમ્મદ ગિઝાલી** رحمۃ اللہ علیہ 13
- ❑ આપના પુસ્તકો 15
- ❑ આપના મક઼ામાત 15
- ❑ **પ્રાસ્તાવિક** 17
- ❑ **આબિદના માર્ગે આવતી સાત ઘાટીઓ** 21
- ❑ **પ્રથમ ઘાટી : ઈલ્મના બયાનમાં** 36
- ❑ તૌહીદના ઈલ્મમાં શું જાણવું જરૂરી ? 45
- ❑ ઈલ્મે તૌહીદ માટે ઉસ્તાદ જરૂરી 46
- ❑ લાભકારક ઈલ્મ કયો ? 47
- ❑ **બીજી ઘાટી :** તૌબાના બયાન વિશે 51
- ❑ સાચી તૌબા કોને કહેવાય ? 53
- ❑ સિયાહ દિલવાળાની સ્થિતિ 61
- ❑ **પ્રકરણ : તૌબા કરવાની રીત** 63
- ❑ **ત્રીજી ઘાટી : ચાર વિઘ્નો વિશે** 65
- ❑ દુનિયા અને જે કાંઈ તેમાં છે 65
- ❑ ઝોહદનો અર્થ અને તેની હક઼ીક઼ત 67
- ❑ દુનિયા તુચ્છ ક્યારે લાગે છે ? 71
- ❑ ઝોહદ (દુનિયા ત્યજવા)નો મતલબ 73
- ❑ બીજી રૂકાવટ મખ્લૂક઼થી મેલજોલ 74
- ❑ ગોશાનશીની અપનાવવા વિશે 82
- ❑ ઈબાદતમાં ત્રીજું મોટુ વિઘ્ન : શૈતાન 94
- ❑ **ચોથી આડશ : નફ્સ** 108
- ❑ **નફ્સની શરારતોથી બચવાની રીત** 110
- ❑ તક઼્વાની વ્યાખ્યા 119

- તક્વો અપનાવવાની રીત 124
- **પ્રથમ વિભાગ : આંખના બયાન વિશે** 125
- **બીજો વિભાગ : કાનના બયાન વિશે** 128
- **ત્રીજો વિભાગ : જીભના બયાન વિશે** 130
- **ચોથો વિભાગ : દિલના બયાન વિશે** 136
- દિલની ઈસ્લાહ કરવાની રીત 140
- તૂલે અમલ (લાંબી લાંબી ઉમ્મીદો)નું વર્ણન 142
- બીજી આફત ઈર્ષા 147
- ઉતાવળથી થતા નુકશાનો 150
- ઘમંડનું બયાન 152
- ઉમ્મીદની હક઼ીક઼તનું બયાન 154
- હસદની હક઼ીક઼તનું બયાન 157
- ઉતાવળની હક઼ીક઼ત 159
- ઘમંડની હક઼ીક઼ત 159
- પેટની હિફાઝતનું બયાન 160
- હરામનું ખાવાથી બચો 161
- પ્રથમ આફત 163
- બીજી આફત 163
- ત્રીજી આફત 164
- ચોથી આફત 164
- પાંચમી આફત 165
- છટ્ઠી આફત 165
- સાતમી આફત 165
- આઠમી આફત 166
- નવમી આફત 166
- દસમી આફત 167
- બાદશાહોના તોહફા લેવા વિશે 169
- અમીરો તથા વેપારીઓ પાસેથી ભેટ વિશે 171
- હલાલનો વપરાશ ફુઝૂલમાં ક્યારે ગણાશે ? 174

- ❑ **પ્રકરણ : નફસના ઈલાજના રહસ્યો** 179
- ❑ ઈબ્લીસની બુરાઈથી બચવું અનિવાર્ય 181
- ❑ લોકો સાથે મેલજોલની બુરાઈ 181
- ❑ નફ્સની બુરાઈનું બયાન 182
- ❑ **પ્રકરણ : ચાર અંગોની હિફાઝત** 188
- ❑ આંખની હિફાઝત 188
- ❑ જીભની હિફાઝત 188
- ❑ પેટની હિફાઝત 189
- ❑ દિલની હિફાઝત 191
- ❑ **પ્રકરણ : ફાની દુનિયામાં મશગૂલ થવુ નુકસાનકર્તા** 195
- ❑ નફ્સને કેવી રીતે કંટ્રોલ કરશો ? 196
- ❑ **પ્રકરણ : ચોથી મુશ્કેલ ઘાટી**
  (રોજી અને તેના વિશે નફ્સની માગણી) 200
- ❑ ઉચ્ચ સ્થાન જોઈએ તો ભારે તકલીફ પણ વેઠો 201
- ❑ નજાત માટે તવક્કુલ મૂડી છે 202
- ❑ તવક્કુલ અને બુઝુર્ગોને દીન 203
- ❑ તવક્કુલની હક઼ીક઼ત 207
- ❑ તવક્કુલની વ્યાખ્યા 211
- ❑ તવક્કુલ પેદા કરવાની રીત 212
- ❑ બીજુ વિધ્ન–સફરના ખતરાઓનો ખયાલ 219
- ❑ તફ્વીઝનો અર્થ 223
- ❑ તફ્વીઝ (અલ્લાહને સોંપણી) જરૂરી શાથી 225
- ❑ ત્રીજુ વિધ્ન : કઝા તથા તેના વિવિધ પ્રકારોનું ઈન્સાન પર લાગુ થવું 228
- ❑ કઝાએ ઈલાહી પર રાઝી રહેવાનુ બીજુ કારણ 229
- ❑ ચોથુ વિધ્ન : મુસીબતો અને તકલીફો 232
- ❑ સબ્રની હક઼ીક઼ત અને તેના ફાયદા 233
- ❑ સબર કેવી રીતે પેદા કરવામાં આવે ? 239
- ❑ **પ્રકરણ : ઈબાદત માટે ફરાગત પામવા શું કરવું** 240
- ❑ શૈતાની વસવસા અને બુઝુર્ગો 242

- ❑ **પ્રકરણ : રોજીમાં ખુદા પર તવક્કુલ** 246
- ❑ પ્રથમ મુદ્દો 246
- ❑ બીજા મુદ્દો 248
- ❑ ત્રીજો મુદ્દો 248
- ❑ ચોથો મુદ્દો 249
- ❑ પંદર દિવસ સુધી રેતી ફાકી ગુજારો કર્યો ! 250
- ❑ અન્ય બુઝુર્ગોના પ્રસંગો 250
- ❑ તફ્વીઝ (અલ્લાહને સોંપવા)નું બયાન 254
- ❑ રઝા બિલ્ ક્ઝાનું બયાન *(ખુદાની નિશ્ચિત કરેલ ક્ઝામાં રાજી રહેવું)* 256
- ❑ સબ્રનું બયાન 259
- ❑ સબર નુકસાનકર્તા ચીજોને દૂર કરે છે 260
- ❑ **પ્રકરણ : તકદીરમાં દરેક ચીજનો ફેંસલો નિશ્ચિત છે !** 266
- ❑ **પાંચમી ઘાટી : અક્બતુલ બવાઈસનું બયાન** *(ખૌફ તથા રજાઅ્ વિશે)* 271
- ❑ રજાઅ્ (ઉમ્મીદ)નું બયાન 273
- ❑ જન્નતની ઔરતના તબસ્સુમનું નૂર કેવું હશે ? 275
- ❑ ખૌફ તથા રજાઅ્ની હક઼ીક઼ત 277
- ❑ **પ્રકરણ :ખૌફ તથા રજાઅ્ના દરમ્યાન ચાલો** 280
- ❑ **પ્રથમ અસ્લ (નિયમ)** 283
- ❑ નેકી પ્રતિ આકર્ષતા ખુદાના ઈર્શાદો 283
- ❑ ખૌફ તથા બીક વિશેની આયતો 284
- ❑ ખૌફ તથા રજાઅ્વાળી કેટલીક આયતો 285
- ❑ **નિયમ બીજો** 287
- ❑ અલ્લાહ તઆલાના અફઆલ તથા મામલાઓ વિશે 288
- ❑ રજાઅ્ (રહમતની ઉમ્મીદ) વિશે પ્રસંગો 294
- ❑ **ત્રીજો નિયમ** 299
- ❑ આખેરતની વઈદ (ધમકી) તથા વાયદા વિશે 299
- ❑ મૌતનું બયાન 299
- ❑ ક્બ્ર અને મૌત પછીનો હાલ 301

- ❑ ક઼યામતનો દિવસ 303
- ❑ જન્નત અને દોઝખનું બયાન 305
- ❑ **પ્રકરણ : મધ્યમ માર્ગ અપનાવનાર માટે બશારત** 312
- ❑ **છઠી ઘાટી : અક઼બતુલ ક઼વાદિહ્** *(રિયા તથા અભિમાન વિશે)* 314
- ❑ રિયા તથા ઈખ્લાસ વિશે 314
- ❑ સૌથી પહેલાં દોઝખમાં કોણ જશે ? 316
- ❑ ઈખ્લાસ અને રિયાની હક઼ીક઼ત 318
- ❑ અભિમાન 327
- ❑ અભિમાનની હક઼ીક઼ત તથા તેનો અર્થ 327
- ❑ **પ્રકરણ : અભિમાન અને રિયાથી બચવાના ઉસૂલ** 332
- ❑ દિલની નિય્યત શું છે ? 336
- ❑ **અભિમાનનું બયાન** 338
- ❑ **પ્રકરણ : અંતિમ કક્ષાનો નાદાન કોણ ?** 343
- ❑ **પ્રકરણ : ગફ઼લતની નિંદ્રામાંથી જાગો !** 345
- ❑ અતા સલ્લમીનો બોધદાયક પ્રસંગ 345
- ❑ કુર્આનની તિલાવતનો અનોખો પ્રસંગ 346
- ❑ નજીવી વાતમાં હજ્જ ગુમાવી ! 346
- ❑ અમલો વિશે એક ઈબ્રતનાક હદીષ 352
- ❑ **પ્રકરણ : શુક્રગુઝારી અને આજિઝી સૌથી બેહતર !** 358
- ❑ **સાતમી ઘાટી : હમ્દ તથા શુક્ર વિશ** 362
- ❑ તૌફીક઼ની નેઅ્મત અને ઈસ્મત (પરહેઝગારી)ની નેઅમત 364
- ❑ **પ્રકરણ : નેઅ્મત તેને મળે જે તેની ક઼દર જાણે** 371
- ❑ એક બાદશાહનું દૃષ્ટાંત 376
- ❑ ઈમાનની અને ઈસ્લામની કિંમત શું છે ? 379
- ❑ ઈમાન બાબતે અતિ સાવધાન રહો ! 382
- ❑ **પ્રકરણ : શુક્ર અને આજિઝી સાથે તેનો ફ઼ઝ્લ માગો !** 385
- ❑ આપણી જવાબદારીની ગંભીરતા કેટલી છે 391
- ❑ અલ્લાહવાળાઓની બોધદાયક વાતો 392
- ❑ ચાલીસ નેઅ્મતો 396

# અપર્ણ....

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَنُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

નાચીઝ ગુનેહગાર પોતે અનુવાદ કરેલી આ કૃતિને નઝરાનએ અક઼ીદતના તૌર પર અર્પણ કરે છે......

❀ કિતાબના મૂળ લેખક **હઝરત મુહમ્મદ ગિઝાલી** رَحۡمَۃُ اللہِ عَلَیۡہِને જેમણે આ કિતાબ લખી આપણા પર મહાન એહસાન કર્યું.

❀ સૂફીઓના સરદાર આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત, **ઈમામ અહમદ રઝા** મુહદ્દિષે બરેલ્વી رَحۡمَۃُ اللہِ عَلَیۡہِને.....

❀ તક઼્વા બલ્કે વરઅની મંઝિલના મુસાફિર, કુત્બે ઝમાં **હુઝૂર મુફ્તીયે આ'ઝમે હિંદ મુસ્તફા રઝા** رَحۡمَۃُ اللہِ عَلَیۡہِને.....

❀ જાનશીને મુફ્તીએ આ'ઝમે હિંદ, તાજુશ્શરીઅહ **હઝરત મુફ્તી મુહમ્મદ અખ્તર રઝાખાં અઝહરી** رَحۡمَۃُ اللہِ عَلَیۡہِને .....

❀ પીરે તરીક઼ત **હઝરત અલ્હાજ શાહ મુહમ્મદ ઉષ્માન સરકાર કુરૈશી નક઼્શબંદી મુજદ્દિદી** رَحۡمَۃُ اللہِ عَلَیۡہِને........ જેમણે ૧૯૯૭માં (હિ.સ. ૧૪૧૮)માં નાચીઝ પાસે અનુવાદ કરાવી આ કિતાબ છાપી હતી.

❀ અને જેમણે જેમણે આ કિતાબ **'મિન્હાજુલ આબિદીન'** છપાવવામાં જે રીતે સહકાર કર્યો છે તે સૌને..........અર્પણ...........

સૌની મુબારક ક઼બ્રો પર અલ્લાહ પાક તેના હબીબ ﷺના સદક઼ામાં રહ઼મતો નૂરની વર્ષા ક઼યામત સુધી ફર્માવે. (આમીન)

**(તારીખ : ૨૦-૦૭-૨૦૨૨) -પટેલ શબ્બીર અલી રઝવી**

*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક-દયાદરા)*

## બીજી આવૃત્તિ પ્રસંગે અનુવાદકના બે બોલ....

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ    نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

ઈબાદતના માર્ગે આવતી સાત રૂકાવટો અને તેના ઉપાયો દર્શાવતી આ કિતાબ **'મિન્હાજુલ આબિદીન'** અતિ પવિત્ર ઉચ્ચ કક્ષાની તે કિતાબ છે જેની પ્રશંસા ખુદ એના લેખક હઝરત મુહમ્મદ ગિઝાલી رَحۡمَۃُ اللّٰہِ عَلَیۡہِ એ કરી છે. આ કિતાબને ગુજરાતી કરવાનો શરફ મુઝ નાચીઝ ગુનેહગારને મળ્યો એ મારી સદ્નસીબી છે. આ કિતાબ ઉર્દૂમાં **હઝરત અલ્હાજ શાહ મુહમ્મદ ઉષ્માન સરકાર કુરૈશી નક્શબંદી મુજદ્દિદી** رَحۡمَۃُ اللّٰہِ عَلَیۡہِ (સદર : બઝમે રૂકનુદ્દીન નક્શબંદી મુજદ્દિદી)ને **હઝરત મુફ્તી મહેમૂદશાહ નક્શબંદી મુજદ્દિદી અલ્વરી** رَحۡمَۃُ اللّٰہِ عَلَیۡہِ એ શરફે બયઅત થતાં સૌ પ્રથમ અર્પણ કરી હતી, તે જ કિતાબને ગુજરાતી અનુવાદ માટે મને ઈ.સ. ૧૯૯૭, હિ.સ. ૧૪૧૮માં મોકલી અને અલ્લાહના ફઝ્લથી એ કામ પાર પડયું હતું. આપ હઝરતે અગાઉ મુઝ નાચીઝ ગુનેહગાર પાસેથી ''મુકાશફતુલ કુલૂબ'' (અઝ : ઈમામ ગિઝાલી رَحۡمَۃُ اللّٰہِ عَلَیۡہِ) પણ ગુજરાતી કરાવી છપાવી હતી. **'મિન્હાજુલ આબિદીન'** કિતાબ હાલ સ્ટોકમાં ન હોવાથી કેટલાક લોકોની ડિમાન્ડ પણ રહેતી હતી જેથી એને ફરીથી અત્રે **''અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા''** થકી અમો નવીન અંદાઝમાં પ્રસિદ્ધ કરી રહ્યા છીએ. જેના માટે હઝરતના સાહબઝાદા ડૉ. મુહમ્મદ સાદિક કુરૈશી નક્શબંદી મુજદ્દિદી સાહબથી છપાવવા ઈજાઝત માગી તો ખૂબ જ ખુશીભેર ઈજાઝતનામુ મોકલ્યુ એ બદલ અમો એમના આભારી છીએ. જઝાકલ્લાહુ ખૈરા.

અલ્લાહ કરીમ મને તેમજ સર્વ અહલે ઈમાનને આ કિતાબ વાંચવા, સમજવા અને એના પ્રમાણે જિંદગીમાં બદલાવ લાવી જીવવાની તૌફીક બખ્શે. ગુનાહોથી તૌબા કરી શરીઅતની પાબંદીથી આપણને સૌને જીવન જીવવાની તૌફીક્ બખ્શે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

**-પટેલ શબ્બીર અલી રઝવી**

(તારીખ : ૨૦-૦૭-૨૦૨૨, ૨૦-ઝીલ હજ્જ, ૧૪૩૩, *તંત્રી : બરકાતે ખ્વાજા માસિક-દયાદરા*)

## પ્રકાશકના બે બોલ

***(પ્રથમ આવૃત્તિ વખતે)***

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

તમામ પ્રશંસા, ઈબાદત અને હમ્દો ષના અલ્લાહ તબારક વ તઆલાને માટે જે ખૂબ જ મોટી ફઝીલતવાળો અને મહેરબાન છે.

તમામ અદબો એહતરામ, મોહબ્બત તથા અક઼ીદત અલ્લાહ તબારક વ તઆલા ﷻના પ્યારા મેહબૂબ રહમતુલ્લિલ આલમીન હુઝૂરે અકરમ નબીએ કરીમ ﷺને માટે જે ઈન્શા અલ્લાહ ! કયામતના દિવસે અમારા શફીયુલ મુઝનબીન હશે અને તમામ અદબો એહતરામ તમામ ખુલ્ફાએ રાશેદીન, સહાબાએ કિરામ, તાબેઈન તથા તબે તાબેઈન رضوان اللہ تعالیٰ علیہم اجمعین તમામ શોહદા તથા સાલેહીન અને આલીમુકામ અવલિયા અલ્લાહ رحمۃ اللہ علیہને માટે જેમનું દામન ક઼યામતના દિવસે અમારી નજાતનો ઝરીયો બનશે. ઈન્શા અલ્લાહ !

અલ્લાહ તબારક વ તઆલાના ફઝલો કરમ અને હિદાયતથી જ તથા હુઝૂરે અકરમ નબીએ કરીમ ﷺના તવસ્સુલથી આજે **બઝમે રૂકનુદ્દીન નકશબંદી મુજદ્દિદી** તરફથી ૨૯ (ઓગણત્રીસ)મું પ્રકાશન ''મિન્હાજુલ આબિદીન'' આપના હાથોમાં મૂકતા ખૂબ જ ખુશી થાય છે.

સિલસિલએ આલિયા નકશબંદિયાના મહાનતમ બુઝુર્ગ, કામિલ વલીઅલ્લાહ, દીને ઈસ્લામના પ્રખર વિદ્વાન અને ઊંડા અભ્યાસી હુજ્જતુલ ઈસ્લામ અલ્લામા ઈમામ મુહમ્મદ ગિઝાલી રહમતુલ્લાહિ અલયહની નૂરાની કલમે લખાયેલું આ અંતિમ પુસ્તક છે. અલ્લાહ તબારક વ તઆલાની બારગાહમાં ઈબાદત કરતા નેક બંદાઓના દિલોમાં શયતાની તથા નફસાની વસવસાઓ પેદા થાય છે તથા તેનાથી સર્જાતા વિનાશ વિશે ચેતવણીરૂપ આ પુસ્તક રાહે હક્ક઼ના મુસાફરો માટે દીવાદાંડી સમાન છે. આવા શયતાની વસવસાઓ દ્વારા બાધારૂપ વિઘ્નોને દૂર કરવાના ઉપાયોનું આ પુસ્તકમાં શરીઅત તથા તરીક઼ત,

મઅરેફત અને હકીકતની રોશનીમા નિર્દેશ છે.

જ્યારે પણ સાલિકે ખુદા અથવા ઈબાદતગુઝાર નેક બંદાઓ અલ્લાહ તબારક વ તઆલાની નજદીકી (કુર્બે ઈલાહી) હાંસલ કરવાના પ્રયત્નોની શરૂઆત કરે છે, ત્યારે શયતાન ઈબ્લીસ તેની સાથે જ હમસફર થઈ જાય છે. અને આબિદ અથવા ઝાકિર જેમ જેમ તેની મંઝિલો તય કરીને બારગાહે રબ્બે કરીમની નજીક પહોંચવાનો પ્રયત્ન કરે છે ત્યારે શયતાન તેના દિલમાં સારા નરસા વસવસાઓ પૈદા કરીને પોતાના ફરેબમાં ફસાવીને 'આબિદ'ના નફસ પર કબ્જો જમાવે છે. અલ્લાહ તબારક વ તઆલાની બારગાહમાં સાલિકે ખુદાની સફળતા મેળવવાની મુખ્ય શરત તેના નફસ ''હું'' પદનો ત્યાગ છે.' તેથી શયતાન સાલિકે ખુદાના 'નફસ' પર કબ્જો જમાવીને તેના દિલમાં વધુને વધુ 'નફસાનિયત'ના ખ્યાલ પેદા કરે છે. જેમ કે, ખૂબ જ ઈબાદત કરનારના દિલમાં નફસ જોર કરે છે કે ''તું જ સૌથી મોટો ઝાકિર છે.'' આલિમના દિલમાં ''તું જ સૌથી મોટો આલિમ છે. ''સખીના દિલમાં ''તું જ સૌથી મોટો સખાવત કરનાર છે.'' તેવા ખ્યાલોના વમળમાં ફસાવીને સાલિકે ખુદાના દિલમાં તકબ્બુર (ઘમંડ), રિયાકારી (મોટાપણુ), હસદ, અદાવત, કિનો, લાલચ જેવી બુરાઈઓ પેદા કરે છે અને તેને (નેક બંદાને) તેની આ બુરાઈઓ ફરીથી તેની તય થઈ ગયેલી મંઝિલોથી નીચે ગબડાવીને અંધકારની ગર્તામાં ધકેલી દે છે. નેક બંદો એમ સમજે છે કે હું અલ્લાહ તબારક વ તઆલાની ખૂબ જ નજીક પહોંચી ગયો છું, હકીકતમાં તો તે આ નફસાની – વસવસાઓને કારણે અલ્લાહ તબારક વ તઆલાથી ખૂબ જ દૂર થતો જાય છે.

હઝરત ઈમામ ગિઝાલી رضی اللہ عنہ પણ જીવનના વિવિધ તબક્કાઓમાંથી પસાર થયા, અને જ્યારે તેમના જીવનના આખરી વર્ષોમાં નકશબંદી સિલસિલાના મહાન બુઝુર્ગ અને કામિલ વલીઅલ્લાહ હઝરત અબૂ અલી ફારમદી رضی اللہ عنہથી આપ 'બયઅત' થયા અને આપના મુરીદ બન્યા, ત્યારે અલ્લાહના એ મહાન વલીએ હઝરત ઈમામ ગિઝાલી રહમતુલ્લાહિ અલયહના દિલને તજલ્લિયાતે ઈલાહી તથા નૂરે ઈમાની અને નૂરે ઈરફાનીથી રોશન મુનવ્વર કરીને તેમના દિલને ''નફસ''થી મહેફૂઝ કરી દીધું. જે નેઅમત હઝરત ઈમામ ગિઝાલી رضی اللہ عنہ

પોતાની અત્યાર સુધીની ૪૫ વરસ સુધીની જિંદગીમાં મોટા મોટા ઈલ્મો પ્રાપ્ત કરીને ન પામી શક્યા, તે બધી જ રૂહાની નેઅમતો અલ્લાહની બારગાહમાં ફના થયેલ 'ફના ફિલ્લાહ' મહાન બુઝુર્ગ હઝરત અબૂ અલી ફારમદી رحمۃ اللہ علیہના કલ્બમાંથી જારી થયેલી નૂરે ઈરફાનની તવજ્જોહ ખાસમાં બધું જ પામી ગયા અને પોતાની ૪૫ વરસની જિંદગીનો ઈલ્મનો તમામ સરમાયો સાથે લઈને બારગાહે રબ્બુલ આલમીનથી વધુ નઝદીકી મેળવવા આજિઝ બંદા થઈને ઘર તથા શહેર છોડીને ચાલી નીકળ્યા અને ત્યારબાદ આપે પુસ્તકો લખવાનું કામ શરૂ કર્યું.

આપે લખેલા દીને ઈસ્લામના તમામ પાસાંઓને ઉજાગર કરતાં પુસ્તકો આજે હજારો દિલોને રોશન મુનવ્વર કરી રહ્યાં છે. કંઈ કેટલાએ ગુમરાહોને હિદાયતના માર્ગ ચિંધી રહ્યા છે. કંઈ કેટલાએ આબિદો ઝાકિરોના દિલને શયતાનના ફરેબથી બચાવી રહ્યાં છે.

હઝરત ઈમામ ગિઝાલી رضی اللہ عنہનું આ અંતિમ પુસ્તક છે અને આપ ખુદ આ પુસ્તકને ખૂબ જ પસંદ ફર્માવતા હતા.

આવા ઉમદા પુસ્તકને ગુજરાતી ભાષા જાણનારા મુસ્લિમભાઈઓ સુધી પહોંચાડવાની ઈચ્છા થતાં, તેના અનુવાદ માટે, આલી જનાબ શબ્બીરભાઈ પટેલ રઝવી દયાદરાવાળાને વિનંતી કરતાં તેમણે ખૂબ જ મહેનત તથા લગનથી આ પુસ્તકનું ગુજરાતી અનુવાદ કરી આપ્યું ને પુસ્તકમાં આવતી કુર્આન શરીફની આયતો તથા તેના તર્જુમાઓને હાફિઝ તથા આલિમને સાથે રાખીને બરાબર ચેક કરીને એક ઉત્તમ પુસ્તક તૈયાર કરી આપ્યું છે, તે બદલ અમો સૌ તેમના આભારી છીએ. તથા અલ્લાહ તબારક વ તઆલાથી મારી નેક દુઆ છે કે :

અલ્લાહ તઆલા તેમને આ માટે જઝાએ ખયર આપે, દીને ઈસ્લામની ખિદમતના તેમના હૌસલાઓને બુલંદ કરે અને કુર્બે ઈલાહી અતા કરે. તથા તેમના વાલિદે માજીદ મર્હૂમની મગફેરત કરે, તેમની કબ્ર શરીફ નૂરે અન્વાર તથા રહમતે ઈલાહીથી ભરી દે અને જન્નતુલ ફિરદૌસમાં બુલંદ મકામ અતા કરે. આમીન.

આ પુસ્તકના પ્રકાશનની તમામ જવાબદારી અમારા મુખ્લિસ જનાબ ડો. સાદિક યુ. કુરૈશી નકશબંદી મુજદ્દિદી એમ.ડી. (મેડીસીન)ના શિરે હતી, જે તેમણે ખૂબ જ નિખાલસતાથી નિભાવી છે. પુસ્તકના પ્રુફ રીડિંગમાં જનાબ ડોસુભાઈ કે. પહોંચીયા નકશબંદી મુજદ્દિદી (મોડાસાવાળા) સાહેબનો સતત સહયોગ રહ્યો છે તથા કુર્આન શરીફની તમામ આયતોનાં ઉચ્ચાર પ્રમાણે પ્રુફ રીડિંગ તથા તેમના હવાલાઓ લખવાનું અઘરુ કામ આલી જનાબ મૌલાના અલી મુહમ્મદ સાહેબ (ખતીબ વ ઈમામ, પત્થરવાલી મસ્જિદ, દિલ્હી ચકલા, અહમદાબાદ) ખૂબ જ લગન તથા નિખાલસતાથી કરી આપ્યું છે. આ ઉપરાંત પુસ્તકના પ્રકાશનમાં સહયોગ આપનારા તમામ ઈસ્લામીભાઈઓનો પણ હું આભારી છું. મારી દિલી દુઆ છે કે, અલ્લાહ તબારક વ તઆલા તેમને જઝાએ ખૈર આપે. આમીન

આ પુસ્તકમાં કુર્આન શરીફની આયતો ખૂબ જ છે, અરબી દુઆઓ તથા હદીષ શરીફ પણ છે, પ્રયત્ન કર્યો છે કે તેમાં કોઈ ભૂલ ન રહેવા પામે, તેમ છતાં, મારી ખાસ વિનંતી છે કે તેમના ઉચ્ચાર કોઈ આલિમ પાસેથી શીખી લેં અને જો આ પુસ્તકમાં કોઈપણ ભૂલ નજર આવે તો વાસ્તે અલ્લાહ અમને માફ કરે અને બારગાહે ઈલાહીમાં અમારી માફી તલબ કરે તથા તરત જ તેની સુધારણા માટે અમને ખબર કરે.

અલ્લાહ તબારક વ તઆલાથી મારી દુઆઓ છે કે તે પોતાનો ફઝલ કરમ ફરમાવીને તમામ મોઅમિનોને સિરાતે મુસ્તકીમ પર ચાલવાની નેક તૌફીક આપે. તમામ મુખ્લિસ ઈબાદત ગુઝાર નેક બંદાઓને રાહે હક્ક પર આવતા તમામ વસવસાઓ તથા વિઘ્નોથી દૂર રાખે, તથા તમામ આબિદોને પોતાની આખરી મંઝિલ સુધી (અલ્લાહ તબારક વ તઆલા સુધી) પહોંચવામાં આસાની ફર્માવે. આમીન.

**અહકર,**

**હાજી ઉસ્માનભાઈ હસનભાઈ કુરૈશી નક્શબંદી મુજદ્દિદી**

*(સદર, બઝમે રૂકનુદ્દીન નક્શબંદી મુજદ્દિદી, અહમદાબાદ)*

*(તા. ૧૮, સફર, હિ. ૧૪૧૮, ૨૪–૬–૧૯૯૭)*

## મુખ્તસર હાલાત

## હઝરત અલ્લામા ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہનો જન્મ તૂસના કસ્બા ગિઝાલમાં હિ.સ. ૪૫૦માં (ઈ.સ. ૧૦૫૮)માં થયો. આપના વાલિદે માજીદ હઝરત ઈમામ મુહમ્મદ બિન મુહમ્મદ એક દુરવેશ સિફત શખ્સ હતા. હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہનો લકૃબ ''હુજ્જતુલ ઈસ્લામ ઝયનુદ્દીન અતુસી'' અને કુન્નિયત ''અબૂ હામિદ'' છે. આપ ''શાફઈ'' મસ્લકના પૈરવ હતા.

આપના વાલિદે માજિદે પોતાના ઈન્તેકૃાલ (હિ.સ. ૪૬૫) પહેલા હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ તથા તેમના નાનાભાઈ હઝરત અહમદ ગિઝાલી رحمۃ اللہ علیہને પોતાના મિત્ર હઝરત અબૂ હામિદ બિન મુહમ્મદ ઝાઝકાનીને સોંપી દીધા હતા તથા વસિયત કરી હતી કે મારી સમગ્ર મિલકત બંને ભાઈઓને દીની તા'લીમ આપવા પાછળ ખર્ચ કરવી. આપે શરૂઆતનું શિક્ષણ હઝરત ઝાઝકાની رحمۃ اللہ علیہ પાસેથી મેળવીને આપ જરજાન ગયા, જ્યાં હઝરત ઈમામ અબૂનસર ઈસ્માઈલી رحمۃ اللہ علیہથી વધુ ઈલ્મ હાંસલ કરીને પાછા તૂસ આવી ગયા. પોતાની ઈલ્મની તરસ બુઝી ન હોવાના કારણે તે નિશાપુર જઈને ત્યાં હઝરત ઈમામુલ હરમૈન અબુલ મઆલી જીવીની رحمۃ اللہ علیہથી મુનાઝરા, ઈલ્મુલ કલામ, ફિલોસોફી ઉપરાંત અન્ય તાલીમ પણ હાંસલ કરી. આપની સોહબતમાં રહીને માત્ર ૨૮ વર્ષની ઉમરે ઈસ્લામી દીની ઈલ્મમાં ફિકૃહ તથા હદીષ શરીફ, તફસીર ઉપરાંત ફારસી, અરબી સાહિત્ય, અને મુનાઝરામાં ખૂબ જ પારંગત થઈ ગયા.

હિ. સન ૪૭૮માં હઝરત ઈમામુલ હરમૈનના ઈન્તેકૃાલ પછી આપને તેમની જગ્યાએ મદ્રસા નિઝામિયા, બગદાદના સદર મુદર્રિસ તરીકેનો હોદ્દો મળ્યો. હોદ્દાની સાથોસાથ હિ.સ. ૪૮૮ સુધી આપ લેખનકાર્ય ઉપરાંત યુનાની ફિલોસોફીનો ઊંડો અભ્યાસ, અને શાસકો તથા ફિલોસોફરોના અકીદાઓ વિશે

છાનબીન કરતા હતા, પરંતુ તેમની તબીયતમાં સુકૂન ન હતું. ત્યારબાદ આપ હઝરત અબૂબકર નિસ્સાજ رحمۃ اللہ علیہ અને નકશબંદી સિલસિલાના મહાન બુઝુર્ગ હઝરત અબૂ અલી ફારમદી رحمۃ اللہ علیہની સોહબતમાં આવ્યા.

આપ નકશબંદી સિલસિલાના મહાન બુઝુર્ગ હઝરત અબૂ અલી ફારમદી رحمۃ اللہ علیہથી બયઅત થયા તથા આપના શાગિર્દ બન્યા. હઝરત અબૂ અલી ફારમદી رحمۃ اللہ علیہની તવજ્જોહ ખાસને કારણે હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہનું જીવન પલટાઈ ગયું. આપે રાજકીય હોદ્દાઓની શાનો શૌકતનો ત્યાગ કરીને રૂહાની જિંદગી અપનાવી લીધી.

પોતાના પુસ્તકોમાં હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ હઝરત અબૂ અલી ફારમદી رحمۃ اللہ علیہને પોતાના પીર મુરશદ તરીકે બયાન કરે છે. આપ લખે છે કે,

''મેં તસવ્વુફનો તરીકો હઝરત શયખ અબૂ અલી ફારમદી رحمۃ اللہ علیہથી અખઝ કર્યો છે અને ઈબાદતો તથા ઝિક્રમાં આપના દસ્તૂરને અપનાવ્યો છે. તેના દ્વારા જ મને ખૂબ જ તકલીફોથી મુક્તિ મળી અને મારે જે કાંઈ પામવું હતું તે મેં મેળવી લીધું.

દસ વરસ સુધી હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ (હિ. ૪૯૮ સુધી) દમિશ્ક, બયતુલ મુક્દસ અને હિજાઝમાં ફરતા રહ્યા. આ દિવસો દરમ્યાન આપ દુરવેશી લિબાસ (માત્ર એક ગોદડી)માં રહ્યા. આ વર્ષો દરમ્યાન આપે ''હજ્જ'' અદા કરી.

હિ. ૪૯૯માં આપ પોતાના વતન ''તૂસ'' પાછા આવી ગયા. ત્યાંથી નિશાપુર જઈને મદ્રસા નિઝામિયામાં ફરીથી ''મુદર્રિસ'' તરીકે સેવા આપી.

હિ. સ. ૫૦૩માં એકાંતવાસ સ્વીકારી લીધો તે સમયે હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہની ૫૩ વરસની હતી. ત્યારથી અંતિમ શ્વાસ આપ એકાંતવાસમાં રહ્યા.

જ્યારે આપની ઉમર ૫૫ વરસની થઈ ત્યારે આપ હિ. સ. ૫૦૫, ૧૪ જમાદિલ આખિર, સોમવારના દિવસે આ ફાની દુનિયાનો ત્યાગ કરીને અલ્લાહ તબારક વ તઆલાની બારગાહમાં હાજર થયા. اِنَّا لِلّٰہِ وَاِنَّآ اِلَیْہِ رٰجِعُوْنَ

અલ્લામા ઈબ્ને જૌઝીએ પોતાના પુસ્તક અલ સબાત અબ્દુલ મમાતમાં ઈમામ સાહેબની વફાતના સિલસિલામાં આપના ભાઈ શયખ એહમદ ગિઝાલી رضی اللہ عنہનો કૌલ નકલ કરીને લખ્યું છે કે,

"મારા ભાઈ, અબૂ હામિદ મોહમ્મદ ગિઝાલીએ સોમવારના દિવસે, સવારના સમયે, વુઝૂ કરીને ફજરની નમાઝ અદા કરી. પછી આપે પોતાનું કફન મંગાવ્યું અને તેને બોસો આપીને આંખોથી લગાવીને કહ્યું, *"સમઅનવ તાઅતન્"* આટલું કહીને આપ કિબ્લારૂખ થઈને સૂઈ ગયા અને પોતાની રૂહ અલ્લાહ તબારક વ તઆલાને સુપરત કરી દીધી.

આપને તૂસમાં "ફિરદોસી" શાયરના મઝારની નિકટ દફન કરવામાં આવ્યા.

## ★ આપના પુસ્તકો ★

હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہએ પોતાના ટૂંકા જીવનકાળના આખરી વર્ષો દરમ્યાન ખૂબ જ ઓછા સમયમાં નાના મોટા થઈને ૨૦૦ રિસાલા લખ્યા છે. જો કે સંખ્યામાં ઘણા ઉલ્માનો મતભેદ છે. પરંતુ આપના વિશે કહેવાય છે કે આપના તમામ પુસ્તકો તથા લેખન સામગ્રીના પૃષ્ઠોને જો તેમના આયુષ્ય પર વહેંચી દેવામાં આવે તો દરરોજના ચારસો પાનાની ગણતરી હિસાબમાં આવે છે. જે એક આશ્ચર્યજનક વાત છે. તેના કારણે જ આપને મોટાભાગના ઉલ્માએ ઈસ્લામે "સૈયદુલ મુસન્નિફીન"નો ખિતાબ આપેલ છે.

આપના પુસ્તકો : અહયાઉલ ઉલૂમ, કીમિયાએ સઆદત, અલબસીત, અલવજીઝ, અલ મનકદ મન અદલાલ, અલ મુરશદલ અમીન, મિન્હાજુલ આબિદીન, મુકાશફતુલ કુલૂબ, અલ મસતઝહરી, અલ કસતાસૂલ મુસ્તકીમ, તહફતૂલ ફલાસિફા, નસીહતુલ મલૂક તથા હિદાયતુલ હિદાયા મુખ્ય છે.

## ★ આપના મકામાત ★

હઝરત શયખ આરિફ બિલ્લાહ અબૂલ હસન શાઝલી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે "મૈં હુઝૂરે અકરમ નબીએ કરીમ صلی اللہ علیہ وسلمને ખ્વાબમાં જોયા અને આપ صلی اللہ علیہ وسلم

હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہની તરફ ઈશારો કરીને હઝરત મૂસા علیہ السلام તથા હઝરત ઈસા علیہ السلامને ઘણા જ ફખ્ર સાથે કહેતા હતા કે શું તમે આવો કોઈ "મુતબહ્હીર" તમારી ઉમ્મતોમાં જોયો છે ? હઝરત મૂસા علیہ السلامએ જવાબ આપ્યો કે "નહીં"

હઝરત શયખ અબુલ અબ્બાસ અલ મરસી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે "હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہને "સિદ્દીકીયતે ઉઝમા"નો મરતબો પ્રાપ્ત હતો.

હઝરત શયખ જમાલુદ્દીન અસનવી રહમતુલ્લાહિ અલયહ હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ વિશે ફર્માવે છે કે "આપ પોતાના જમાનાના કુતુબ હતા."

કેટલાક બુઝુર્ગોએ કશ્ફની હાલતમાં 'સોહબતે માઅનવી'માં હુઝૂરે અકરમ નબીએ કરીમ صلی اللہ علیہ وسلمથી હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ વિશે પૂછયું તો,

આપ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, *"ઝાલેકા રજૂલુન વ સલા ઈલલ મકસૂદે."* એટલે કે "ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ એવા વ્યક્તિ છે કે જેઓ "મકસૂદ" સુધી પહોંચી ગયા." (આપે તે પ્રાપ્ત કરી લીધું.)


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે..**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

**અનુવાદક** : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

:: **પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન** ::

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)** C/o. ફયઝાને રઝા મંઝિલ,
મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

હદિયો : **રૂા. ૫૦૦/–**
(ટપાલ ખર્ચ રૂા.૧૦૦ અલગ)

:: Bank of Baroda ::
A/c. No. **34620100000303**
**Razvi Kitab Ghar, IFSC:BARB0DAYADR**
**Phonepay/Googlepay/Paytm Mo. 94274 64411**
WhatsApp No. **Mo.9664521477**

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

# પ્રાસ્તાવિક

**અઝ : જનાબ હકીમ મુહમ્મદ મૂસા સાહબ અમૃતસરી**

હુજ્જતુલ ઈસ્લામ હઝરત ઈમામ ગિઝાલી قُدِّسَ سِرُّہُ الْعَزِیْز (વફાત, હિ.સ. ૫૦૫) ઈસ્લામના જલીલુકદ્ર આલિમ, આરિફ, મુફક્કિર અને મુજદ્દિદ સર્વસંમતિથી તસ્લીમ કરેલ છે. તેમણે ફિકહ, ઉસૂલે ફિકહ તથા હદીષ શરીફ અને તફસીર, કલામ, ઉસૂલે કલામ, અખ્લાક, તસવ્વુફ તથા એહસાન, ફિલોસોફી, મુનાઝિરા અને વિદ્યાઓ તથા કળાઓ પર એકસોથી અધિક કિતાબો લખી જે તેમના જીવનકાળમાં જ લોકપ્રિય થઈ ગઈ હતી. તેમની તા'લીમ તથા વિચારસરણી ઈસ્લામી દુનિયામાં અતિશય લોકપ્રિયતા પામવા ઉપરાંત યૂરોપમાં પણ સન્માનનીય રહી અને એક અરસા સુધી તેમની કિતાબો ત્યાંના એહ્‌લે ઈલ્મ (જ્ઞાનીઓ)ના સંશોધનનું કેન્દ્ર બની રહી.

હઝરત ઈમામ ગઝાલી رضی اللہ عنہના સમયમાં ભાષકો, તત્વચિંતકો અને બદમઝ્‌હબોએ પોતાના બાતિલ અકીદાઓ તથા ફાસિદ ખયાલો ઘણા પુરજોશમાં ફેલાવવા શરૂ કરી દીધા હતા અને દીનના નામ પર (ધર્મના નામે) જાત જાતના ફિત્નાઓ ઊભા થઈ રહ્યા હતા. ઈમામ હુજ્જતુલ ઈસ્લામે તે મુલ્હિદોની બુરી વિચારસરણીને ભરપૂર રદિયો આપ્યો અને પોતાના ઈલ્મે કલામ વડે મઝહબે ઈસ્લામની પુરજોશ તર્જુમાની કરી. હક્ક એ છે ઈમામ ગઝાલી પોતાના ઈલ્મે કલામના પોતે જ સંશોધક અને ખુદ ખત્મ કરનાર હતા. તેમની દલીલ કરવાની રીત અને સમજાવવાની ઢબ તદ્દન નિરાલી છે. તેમના બાદ તેમના જેવો અન્ય કોઈ મુફક્કિર અને મુતકલ્લિમ (ભાષક) ઈસ્લામી દુનિયામાં પેદા થયો નથી. અલ્લામા ઈકબાલે પણ એટલા માટે જ ફરમાવ્યું છે :

*રહ ગઈ રસ્મે અઝાં – રૂહે બિલાલી ન રહી*
*ફલ્સફા રહ ગયા તલ્કીને ગઝાલી ન રહી*

હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہની મશહૂરો મઅ્રૂફ અને મક્બૂલ તથા મરગૂબ કૃતિઓમાંથી એક 'મિન્હાજુલ આબિદીન ઈલા જન્નતિ રબ્બિલ આલમીન' છે જેનો તર્જુમો આપની સમક્ષ હાજર છે. આ કિતાબ વિશે હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہના શાગિર્દ અબ્દુલ્લાહ બિન અબ્દુલ્લાહનું બયાન છે કે, આ ઈમામ સાહબની અંતિમ કૃતિ છે કે એમના શાગિર્દો સિવાય કોઈ બીજાએ નકલ કરી નથી. કિતાબનો વિષય નામ પરથી જ જાહેર થઈ જાય છે અને જાતે જ આ મહાન લેખકે વિષય તથા મકસદનું પ્રારંભમાં સવિસ્તાર વર્ણન કર્યું છે. ટૂંકમાં એ કે હઝરત ઈમામે જિન્નાત તથા ઈન્સાનના સર્જનનો હેતુ અને જન્નતમાં પ્રવેશવાનું એકમાત્ર માધ્યમ 'ઈબાદત'ના વિષય પર સૂફિયાણા અંદાઝમાં આ કિતાબ લખી છે. સાલિક (સુલૂકની મંઝિલ પર આગેકૂચ કરનાર)ને આ માર્ગમાં જે વિવિધ રૂકાવટો પેદા થાય છે તેનો અને શૈતાની તથા નફસાની વસવસાઓની વિનાશકતાઓનો નિર્દેશ કરીને તેનાથી બચવાની યુક્તિઓ દર્શાવી છે અને કેવળ અલ્લાહ તઆલાની ખુશ્નૂદી ખાતર બંદગી કરવાની તલ્કીન કરી છે અને અગણિત શરીઅત તથા તરીકત અને મઅ્રેફત તથા હકીકતના મસાઈલને પોતાના અનોખા અંદાઝમાં બયાન કર્યા છે.

મતલબ કે આ કિતાબ તાલિબે હક્ક તથા સાલિકે રાહે હુદા (હિદાયતના માર્ગનો મુસાફર) માટે મુર્શિદે તરીક્ (માર્ગદર્શક)નો હુકમ ધરાવે છે અને ખુદ ઈમામે ગિઝાલી (رحمۃ اللہ علیہ) આ કિતાબના પ્રશંસક છે અને તેની ઉમદા ઈલ્હામી તરતીબ (ક્રમ) પર નાઝ કરે છે. કિતાબની પ્રસ્તાવમાં લખે છે :

''બારગાહે ખુદાવંદીમાં જેમનો બલંદ મકામ છે તેવા બુઝુર્ગાને દીને ફુઝૂલ એતરાઝોની પરવા કર્યા વિના તમામ ઉમ્મત પર નઝરે કરમ ફરમાવીને આ વિષયમાં કેટલીયે કિતાબો લખી. મેં પણ બારગાહે અકદસમાં ઈલ્તેજા કરી, જેની કુદરતના તાબા હેઠળ તમામ મખ્લૂકની દુનિયા તથા સર્વ ચીજો છે કે, મને એક એવી કિતાબ લખવાની તૌફીક આપ જેના પર સૌ એકમત હોય અને જેને પઢવાથી સૌને ફાયદો પહોંચે. તો તે રહીમ તથા કરીમ ઝાતે મારી ઈલ્તેજા કબૂલ ફરમાવી, તેણે પોતાના ફઝલો કરમથી ઈબાદતના અજીબો ગરીબ રહસ્યોથી માહિતગાર ફર્માવ્યો અને મને આ કિતાબની અજબ તરતીબ તથા

ગોઠવણનો ઈલ્હામ ફર્માવ્યો. આવી તરતીબ હું કોઈ અન્ય કિતાબના લખાણમાં રાખી શક્યો નથી, આ તે કિતાબ છે જેનો હું ખુદ પ્રશંસક છું !''

આ અણમોલ કિતાબના લાભો તથા મહત્વને દ્રષ્ટિ સમક્ષ રાખીને કેટલાક ઉલમા તથા સૂફીઓએ તેની શરહો (માર્ગદર્શિકાઓ) લખી અને તેના સંક્ષિપ્ત ખુલાસાઓ તૈયાર કરેલ છે. ઉસ્તાદ જલાલુદ્દીન હુમાઈ (તહેરાન) લખે છે :

''આ કિતાબના પણ કેટલાક ઉલમાએ સંક્ષિપ્ત ખુલાસાઓ બહાર પાડયા છે. શમ્સુદ્દીન બિલા તન્સીએ બે સંક્ષિપ્ત શરહો એના પર લખી અને તેને પણ ટૂંકાવીને તેનું નામ 'બગીયતુત્તાલિબીન' રાખ્યું. (ગઝાલીનામા, પેજ–૨૬૬, (તેહરાન)

મશહૂર આરિફ તથા આલિમ અને તસવ્વુફની ઘણી કિતાબોના લેખક હઝરત શાહ કલીમુલ્લાહ ચિશ્તી જહાંનાબાદી رحمۃ اللہ علیہએ પણ હિ. સ.૧૦૭૩માં મિન્હાજુલ આબિદીન'નો સંક્ષિપ્ત ખુલાસો લખ્યો જેનું નામ 'માલાબુદ્દ' છે. શાહ કલીમુલ્લાહ 'મિન્હાજુલ આબિદીન'ને ઈલ્મે સુલૂક (તરીકતના ઈલ્મ)નું પ્રમાણિત પુસ્તક ઠરાવ્યું છે.

'મિન્હાજુલ આબિદીન'ના વિવિધ ઉર્દૂ તર્જુમાઓ થયા. અત્યારે મારી સમક્ષ કેવળ ત્રણ તર્જુમાઓ છે તેમાં જૂનો તર્જુમો જે મત્બઅ (પ્રેસ) નિઝામી લુધિયાણાએ હિ.સ. ૧૨૭૨માં પ્રસિધ્ધ કર્યો હતો. બીજો તર્જુમો મૌલાના મુનીર હિ.સ. ૧૨૮૦માં કર્યો અને ૧૨૮૮ હિ.સ.માં મત્બઅ મુન્શી નવલકિશોરથી તૈયાર થઈ પ્રકાશિત થયો. આ બંને તર્જુમા પોતાના જમાનાના લિહાઝથી ઘણા સારા છે. ત્રીજો તર્જુમો મૌલાના અબ્દુર્રહમાન કાંધલ્વીનો છે જે થોડાક વરસો અગાઉ કરાંચીથી છપાયો હતો.

'મિન્હાજુલ આબિદીન' જેવી ઉમદા તથા ફાયદાકારક કિતાબના એક સારા તર્જુમાની સખત જરૂરત હતી, અલ્હમ્દુલિલ્લાહ ! કે ફાઝિલે મોહતરમ હઝરત મૌલાના મુહમ્મદ સઈદ અહમદ નકશબંદી મુજદ્દિદી મદ્દઝિલ્લહૂ ખતીબ જામેઅ મસ્જિદ દરબારે હઝરત દાતા ગંજ બખ્શ (લાહોરી) કુદ્દેસ સિર્રહુલ અઝીઝે આ જરૂરતને પૂરી કરી આપી છે. જઝાકલ્લાહુ તઆલા અહસનુલ જઝા.

મૌલાના મુહમ્મદ સઈદ અહમદ ઝયદ મજ્દહૂનો તર્જુમો મને આગલા સર્વ તર્જુમાઓ કરતાં બહેતર લાગ્યો છે. ફાઝિલે મોહતરમે આયતો તથા હદીષો ઉપરાંત બુઝુર્ગાને દીનના અકવાલ (કથનો) અને અશ્આર (શેઅરો)ને પણ અસલ અરબી ભાષામાં લખીને તેની સમતોલ કક્ષાનો તર્જુમો રજૂ કર્યો છે, જેને લીધે તેની નૂરાનિયત તથા બરકત સચવાઈ રહેવા ઉપરાંત અરબી સાહિત્યથી લગાવ રાખનારાઓના શોખને પોષવાનો સામાન સલામત રહ્યો છે.

અલ્લાહ તઆલા જનાબ (ઉર્દૂ) અનુવાદકને જઝાએ ખૈર (ભલા બદલા)થી નવાઝે અને આ કિતાબના વાંચકો અને અહકર (નાચીઝ)ને જન્નતમાં જનારા સીધા રસ્તા પર ચાલવાની નેક તૌફીક અતા ફર્માવે. આમીન ષુમ્મ આમીન બિજાહિન્નબીય્યિલ અમીન સલ્લલ્લાહુ અલૈહિ વ આલિહી વઅસ્હાબિહી વ સલ્લમ.

*–મુહમ્મદ મૂસા ઉફિયા અન્હુ*


**ક઼ાનૂને શરીઅત**
(ભાગ–૧ તથા ભાગ–૨) (કુલ–૭૪૦ પેજીસ)
**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**:: અનુવાદક ::**
**હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી**
**હદિયો : એક સેટના રૂા. ૨૫૦/–**
પ્રકાશક
**સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા**
મુા. પો. દયાદરા, તા. જિ. ભરૂચ.
મો. ૯૪૨૭૪૬૪૪૧૧

જેમાં અક઼ીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક઼, અખ્લાક઼િયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે. ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદ્દન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

:: Bank of Baroda ::
A/c.No.**34620100000303**
Razvi Kitab Ghar, IFSC:BARB0DAYADR

Phonepay/G.pay
Paytm
Mo. 9427464411

WhatsApp No.
**Mo.9664521477**


★★★

# આબિદના માર્ગે આવતી સાત ઘાટીઓ

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْکَرِیْمِ

શૈખ, સાલેહ, ઝાહિદ, અલ્લામા અબ્દુલમલિક ઈબ્ને અબ્દુલ્લાહે ફર્માવ્યું, (અલ્લાહ તઆલા તેમને બખ્શે) કે મારા શૈખ ઈમામે અજલ નેક બખ્ત, તૌફીકવાળા, હુજ્જતુલ ઈસ્લામ, દીનની ઝીનત, ઉમ્મતના માટે શરફ, અબૂ હામિદ મુહમ્મદ ઈબ્ને મુહમ્મદ ઈબ્ને ગિઝાલી તૂસી رحمۃ اللہ علیہએ મારી સમક્ષ આ કિતાબ પઢી અને નકલ કરી. અલ્લાહ તઆલા તેમની રૂહને ખુશ કરે અને જન્નતમાં તેમના દરજ્જાઓ તથા મર્તબાઓ બુલંદ ફર્માવે.

આ ઈમામ સાહબની અંતિમ કૃતિ છે અને લેખક عَلَیْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُથી આ કિતાબ સાંભળવાનો મોટો કેવળ તેમના ખાસ સાથીઓને મયસ્સર થયો છે.

કિતાબનો પ્રારંભ આ શબ્દોથી થાય છે :

સર્વ ખૂબીઓ અલ્લાહ તઆલાના માટે છે જે તમામ કાયનાતનો માલિક છે, જેણે તમામ મૌજૂદાતને પોતાની કામિલ હિકમત વડે તરતીબ આપી. જે હકીમ, જવ્વાદ, ગાલિબ અને કરીમ જેવી ઉચ્ચ સિફતોથી સુસજ્જ છે જેણે ઈન્સાનને બેહતરીન ફિત્રત પર પેદા કર્યો અને જમીન તથા આસમાન જેવી અઝીમ (મહાન) મખ્લૂકને પોતાની કામિલ કુદરતથી અસ્તિત્વનું વસ્ત્ર પહેરાવ્યું અને જેણે બંને જહાનના કામોને અહસન તરીક (સારા તરીકાઓ) પર ચલાવ્યાં અને જિન તથા ઈન્સાનને કેવળ પોતાની જ ઈબાદતના માટે પેદા કર્યા.

અલ્લાહ તઆલાથી મુલાકાત (લેકાએ ઈલાહી)નો ઈરાદો કરનારાઓ માટે તેના સુધી પહોંચવાના માર્ગો વિશાળ છે અને ચિંતન કરનારાઓ માટે તેની

હસ્તી સંબંધે સ્પષ્ટ દલીલો મૌજૂદ છે, પરંતુ અલ્લાહ તઆલા જેને ચાહે ગુમરાહ કરે અને જેને ચાહે તેને હિદાયતની રાહ દેખાડે.

અને કયામત સુધી હુઝૂર પુરનુર સૈયદે અંબિયા ﷺ પર અને આપની આલ ઔલાદ અને આપના અસ્હાબ પર જેઓ જાહેર તથા બાતિનમાં તૈયબ તથા તાહિર (પવિત્ર) હતા, અલ્લાહ તઆલાની રહમત અને તેના તરફથી સલામતી નાઝિલ થતી રહે અને હમેશાં આપની અને આપના સબંધિતોની અઝમત (મહાનતા) કાયમ રહે.

અમ્મા બા'દ ! હે પ્યારા ભાઈઓ ! (અલ્લાહ તઆલા મને અને તમને સૌને પોતાની રઝાનો પાબંદ બનાવે, જે જન્નતુલ ફિરદૌસનો માર્ગ છે.) ખુદાવંદે કરીમનો ઈર્શાદ છે.

وَّاَنَا رَبُّكُمْ فَاعْبُدُوْنِ "હું જ તમારો રબ છું તેથી મારી જ ઈબાદત કરો."

*(સૂરએ અંબિયા ૨૧/૯૨)*

કુર્આન મજીદમાં એક અન્ય જગ્યાએ ફર્માવ્યું :–

اِنَّ هٰذَا كَانَ لَكُمْ جَزَآءً وَّكَانَ سَعْيُكُمْ مَّشْكُوْرًا "જન્નતીઓને જન્નતમાં પ્રવેશતી વેળા ફર્માવવામાં આવશે, આ તમારો બદલો છે અને તમારી કોશિશ (જે તમે દુનિયામાં કરી) મક્બૂલ થઈ." *(સૂરએ દહર, ૭૬/૨૨)*

ઉપરોક્ત આયતથી જાણવા મળ્યું કે, જન્નતમાં જવાનું તેને નસીબ થશે જેણે દુનિયામાં કોશિશ કરી અને કમાહક્કહૂ (હક્ક મુજબ) ખુદાની બંદગીમાં વ્યસ્ત રહ્યો. એટલા માટે મેં ઈબાદતોની હકીકતમાં નજર દોડાવી તેના તરીકાઓ પર વિચાર કર્યો, તેની પ્રાથમિક બાબતો અને મકસદોમાં દ્રષ્ટિપાત કર્યો જે આખેરતની રાહના મુસાફિર માટે આવશ્યક છે, તો ખોજ કરતાં જણાયું કે, ઈબાદતનો માર્ગ ઘણો જ કઠિન તથા મુશ્કેલ છે. આ માર્ગમાં અતિશય અંધારી સાંકડી ઘાટીઓ પાર કરવી પડે છે. મોટી મોટી આફતો માર્ગમાં ઉભી થાય છે સખત તકલીફો ઉઠાવવી પડે છે અને મંઝિલે મકસૂદ (નિયત સ્થળે) પહોંચવામાં ઘણી જ રુકાવટો ઉભેલી હોય છે અને લાંબી અજાણી રાહોને પાર કરવી પડે છે.

ચિંતન કરતાં એ પણ જાણવા મળ્યું કે, ઈબાદતના માર્ગમાં ઠેર–ઠેર હલાક

કરનારી ચીજો છુપાયેલી હોય છે. વળી, ઉપરથી એ કે રસ્તો ભયાનક દુશ્મનો અને ડાકૂઓથી ઘેરાયેલો છે અને વધારામાં એ કે રસ્તાની શાખાઓ પણ સખત ગુંચવણભરી છે. પણ આ માર્ગનું આવું મુશ્કેલ અને ગુંચવણયુક્ત હોવું જરૂરી છે કેમ કે એ જન્નતનો માર્ગ છે અને જન્નતમાં પહોંચવું કાંઈ આસાન નથી !

અને ઈબાદતોનું આટલું મુશ્કેલ હોવું હુઝૂર ﷺના આ ઈર્શાદનું સમર્થન કરે છે, ﷺ ફર્માવે છે :

**"સાંભળી લો ! જન્નત નફસની વિરૂધ્ધ કામ કરવાથી પ્રાપ્ત થશે અને દોઝખમાં લોકો વાસનાઓની પચરવી કરવાને સબબે જશે."**

આ સંબંધે આપ ﷺનો બીજો ઈર્શાદ છે :–

"સાંભળી લો ! જન્નત ઊંચા ટેકરા પર પથરાળી જમીનની જેમ છે અને દોઝખ સહન (વરંડા)માં નરમ તથા સમતલ જમીનની જેમ છે." એટલે કે, પ્રથમ જણાવેલ (જન્નત) જમીનમાં ખેતી કરીને ફળ પ્રાપ્ત કરવું ઘણી મહેનત માગી લે છે.

વળી ઈબાદતોથી સંકળાયેલી મુસીબતોની સાથોસાથ ઈન્સાન એક કમજોર મખ્લૂક છે અને જમાનો વિવિધ આકર્ષણોથી લબરેઝ છે અને દીનનો મામલો એવો છે કે, પ્રગતિને બદલે અધોગતિની તરફ પ્રયાણ કરી રહેલ છે, વળી એમાં દુન્યવી મશગૂલિયાતો ઘણી જ છે અને ઈબાદતના માટે ખૂબ જ થોડો સમય મળે છે ! એક તરફ ઈન્સાનની ઉમર ઘણી જ ઓછી છે અને ઉપરથી ઈન્સાન નેક અમલોને (અમલે સાલેહા) કરવામાં ખૂબ જ લાપરવાઈ કરે છે, એટલે કે ખૂશૂઅ તથા ખુઝૂઅ (એક ચિત્તે) ઈબાદતનો ખયાલ ખૂબ જ ઓછો રાખે છે. અને જે ઝાત અલ્લાહ તઆલા અમલોનુ નિરીક્ષણ કરે છે તે અલ્લાહ તઆલા અતિશય બસીર (જોનાર) છે. આ સર્વ પરેશાનીઓની સાથોસાથ મૌત હરપળે નજીક આવી રહી છે અને ઈન્સાને જે સફર કરવાની છે ખૂબ જ લાંબી છે.

ઉપરોક્ત મુશ્કેલીઓમાં સપડાયેલ ઈન્સાનને ખબર હોવી જોઈએ કે, આ ખતરનાક અને અનિવાર્ય સફરનું ભાથુ (તોશા) કેવળ 'ઈબાદત' છે અને સફરમાં સફરના સામાનનું હોવું જરૂરી છે અને આ સફરના સામાનને ઉપલબ્ધ કરવાનો

સમય તેજીની સાથે વહી રહ્યો છે કે જે કદાપિ પાછો ફરશે નહીં. તો જે શખ્સ આ સંક્ષિપ્ત સમયમાં આખેરતનો સામાન તૈયાર કરવામાં કામયાબ થઈ ગયો તો સમજો કે તે નજાત પામી ગયો, અને તેણે હમેશાંની સઆદત (સદ્ભાગ્ય) હાંસલ કરી લીધી. પરંતું જે મૂરખે આ અત્યંત કિંમતી સમયને ખેલકૂદમાં ખોઈ નાખ્યો અને આખેરતનો સામાન એકત્ર ન કરી શક્યો તો તે નિઃશંક ! નાકામ તથા નામુરાદ રહ્યો અને તબાહ તથા બરબાદ લોકોમાંથી થઈ ગયો.

ઉપરોક્ત સબબોને લીધે આ ઈબાદત જેટલા અંશે મુશ્કેલ છે એનાથી કેટલાય અંશે અધિક મહત્વની પણ છે. એટલા માટે આ સફર માટે તૈયાર થનારા અને પછી જામી જઈને અડીખમ રહી સફરની મંઝિલો પાર પાડનારા એનાથીયે ઓછા છે. પણ મંઝિલે મકસૂદ સુધી પહોંચનારા જ ખુદાને પ્યારા છે. તેમને અલ્લાહ તઆલાએ પોતાની મહોબ્બત તથા મઅરેફતના માટે ચૂંટી કાઢયા અને તે જ લોકોને રબ તઆલા તૌફીક તથા પાકીઝગી સાથે મજબૂત કરે છે, પછી એ જ લોકો જન્નતુલ ફિરદૌસના મુસ્તહિક બને છે અને તેની રઝાનો મકામ પામે છે. તો હું અલ્લાહ તઆલાથી ઈલ્તેજા કરૂં છું કે, તે મને તથા તમોને પોતાની રહમતથી નસીબવંત કરે અને કામયાબ લોકોમાં સામેલ કરે. આમીન !

જ્યારે મેં ઈબાદતના તથા રિયાઝતના માર્ગને ઉપર મુજબનો કઠિન જોયો અને એ માર્ગેથી હઠાવવાના સબબો પર પૂર્ણપણે વિચાર કર્યો અને એ ચીજો પર વિચાર કર્યો જેનો ઈન્સાન ઈબાદતની ફરજ અદા કરતી વેળા મોહતાજ છે, દા.ત. ઈબાદત માટેની શક્તિ હોવી, તેને અમલી તૌર પર બજાવવી, તેના વિશે જરૂરી ઈલ્મ પ્રાપ્ત કરવો અને અન્ય જરૂરી તદબીરો અપનાવવી જે અલ્લાહ તઆલાની તૌફીક તથા મદદથી જ અમલમાં લાવવામાં આવી શકે છે અને ખુદાની રહમતથી જ બંદો તેની મુશ્કેલ ઘાટીઓને પાર કરવામાં કામયાબ થઈ શકે છે. તો મેં આખેરતની સફરને પાર પાડવા વિશેની બાબતો પર કેટલીયે કિતાબો લખી, જેમ કે 'અહયાઉલ ઉલૂમ, 'અલ કુર્બતુ ઈલલ્લાહ' વગેરે, જેમાં ઈબાદતની બારીકીઓ અને ભેદો પર ચર્ચા કરવામાં આવી છે. એ કિતાબોમાં એવું સંશોધન છે જેને સામાન્ય માનવબુધ્ધિ સમજી નથી શકતી. જ્યારે સામાન્ય લોકો આ ઉમદા ચર્ચાને ન સમજી શક્યા તો તેમણે પોતાની કમસમજને લીધે

એના પર ટીકા ટીપ્પણી કરવા માંડી અને જે વાતો તેમના મંદબુધ્ધિવાળા દિમાગ પ્રમાણે ન આવી તેને નિરર્થક બકવાસનું માધ્યમ બનાવી લીધું. પરંતુ, આ પ્રકારની બકવાસ કોઈ નવી ચીજ નથી, શું તમને ખબર નથી કે રબ્બુલ આલમીનનું કલામ ફસાહત તથા બલાગત અને ઉચ્ચ મસાઈલ તથા ચોક્કસ વિષયો બાબતે અજોડ છે પણ વાંધાવચકા કાઢનારાઓએ એના વિશે પણ કહી દીધું કે :–

اِنْ هٰذَآ اِلَّآ اَسَاطِيْرُ الْاَوَّلِيْنَ "આ તો આગલા યુગોના કિસ્સા કહાનીઓ છે !"

*(સૂ. મુઅમિનૂન, ૨૩/૮૩)*

અને શું તમે હઝરત ઝયનુલ આબિદીન رضی اللہ عنہના આ શેઅરો નથી સાંભળ્યા ?

(અર્થ) : **(૧)** મારે મારા કેટલાક ઈલ્મી જવાહિર પારા (અણમોલ ઈલ્મી ભાગો) છુપાયેલા રાખવા પડે છે જેથી જાહિલો તેના મૂળ સુધી પહોંચી ન શકવાના લીધે ક્યાંક ફિત્નામાં ન સપડાય.

**(૨)** અને મારાથી અગાઉ મારા દાદા (જદ્દે અમજદ) હઝરત અલી کرم اللہ وجہہ الکریم પણ ઈમામ હસન તથા હુસૈન رضی اللہ عنہماને એવું ફર્માવી ગયા છે કે, હે મારા અલ્લાહ ! જો હું મારા ઈલ્મી મોતીઓ લોકો સમક્ષ જાહેર કરી દઉં તો મને એવું કહેશે કે, આ તો કોઈ મૂર્તિપૂજક છે !

**(૩)** એ એવા રહસ્યમય ઈલ્મો છે કે, તેને સાંભળીને મુસલમાન પણ મારા કત્લના માટે તૈયાર થઈ જાય અને કત્લની આ બદતરીન હરકતને યોગ્ય સમજે.

જેથી બુઝુર્ગાને દીને જેમનો બારગાહે ખુદાવંદીમાં બુલંદ મુકામ છે એવા નિરર્થક એતરાઝોની પરવા ન કરતાં તમામ ઉમ્મત પર નઝરે કરમ ફર્માવીને આ વિષયમાં કેટલીયે કિતાબો લખી છે. મેં પણ તે ઝાતે અકદસની બારગાહમાં ઈલ્તેજા કરી જેની કુદરતમાં તમામ મખ્લૂકની દુનિયા તથા સર્વ ચીજો (હુકમો) છે કે, મને એવી કિતાબ લખવાની તૌફીક આપે જેના પર સૌ એકમત થાય અને જેને વાંચવાથી સૌને લાભ પહોંચે. તો એ રહીમો કરીમ ઝાતે મારી ઈલ્તેજા કબૂલ ફર્માવી, તેણે પોતાના ફઝલો કરમથી ઈબાદતના અજીબો ગરીબ રહસ્યો મારા પર જાહેર ફર્માવ્યાં અને મને આ કિતાબની અનોખી તરતીબનો ઈલ્હામ ફર્માવ્યો. આવી તરતીબ (સંપાદન) હું અન્ય કિતાબના લખાણમાં નથી

આપી શક્યો. આ તે કિતાબ છે જેની હું ઝાતે પ્રશંસા કરું છું.

સૌ પ્રથમ બંદાને રબની ઈબાદતની તરફ જે ચીજ ધ્યાન દોરે છે તે અલ્લાહ તઆલા તરફથી બંદાના દિલમાં ઈબાદતનો ખયાલ અને તેના તરફથી નેક અમલોની તૌફીક છે. રબ તઆલાના આ કૌલમાં એ જ તૌફીક તથા ખયાલ પ્રત્યે નિર્દેશ છે,

રબ તઆલાનો ઈર્શાદ છે :–

اَفَمَنْ شَرَحَ اللّٰهُ صَدْرَهٗ لِلْاِسْلَامِ فَهُوَ عَلٰى نُوْرٍ مِّنْ رَّبِّهٖ ''ખુદા તઆલાએ જેનો સીનો ઈસ્લામના માટે ખોલી આપ્યો હોય તેમાં ખુદાનું એક નૂર પેદા થઈ જાય છે.'' *(સૂરએ ઝુમર, ૩૯/૨૨)*

અને હુઝૂર પુરનૂર નબીએ કરીમ ﷺ પણ પોતાના આ ઈર્શાદમાં એના પ્રત્યે ઈશારો ફર્માવે છે. (અર્થ) : જ્યારે બંદાના દિલમાં ખુદા તઆલાનું નૂર પ્રવેશી જાય છે તો દિલમાં વિશાળતા પેદા જાય છે.

સહાબાએ કિરામે નબીએ કરીમ ﷺની ખિદમતમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ (ﷺ) ! આ નૂર અને ખયાલની બંદાના દિલમાં આવવાની શું નિશાની છે ? તો આપે (ﷺ) જવાબ આપ્યો, ''આ ફાની દુનિયાથી કિનારા કશી (દૂર ભાગવું), આખેરત તરફ ઝુકાવ, મૌત આવતાં પહેલાં મૌતની તૈયારી.''

તૌ સૌ પ્રથમ બંદાના દિલમાં જ્યારે આ ખયાલ અલ્લાહ તઆલા તરફથી ઉદ્ભવે છે કે હું તો અલ્લાહ તઆલાની વિવિધ નેઅ્મતોમાં ડૂબેલો છું જેમ કે, જિંદગીની નેઅ્મત, બુધ્ધિ, શક્તિ, બોલ ચાલ અને અન્ય સારા ગુણોવાળી તથા લઝ્ઝતોની ચીજો, અને તેણે મારા માટે એવા સબબો પણ ઉપલબ્ધ કરી આપ્યા જેના થકી હું પોતાની જાતને તકલીફો અને નુકસાન બંને ચીજોથી મેહફૂઝ રાખી શકું છું, અને આફતોથી પોતે પોતાને બચાવી શકુ છું. અને વળી બંદો જ્યારે એ પણ વિચારે છે કે, જે મુન્ઈમે (નેઅ્મત આપનારે) મને આ નેઅ્મતો અતા કરી છે તે મને આ નઅમતોનો શુક્ર અને પોતાની બંદગીની માગણી કરશે, અને જો મેં નેઅ્મતો માટે શુક્ર અને તેની બંદગી ન કરી તો તે મારી પાસેથી આ નેઅ્મતો છીનવી લેશે અને આ નાશુક્રીના સબબે મારા પર ગુસ્સે થશે અને

મારાથી નારાજ થશે અને એક દિવસે સજા આપશે.

અને જ્યારે બંદો એ પણ ખયાલ કરે છે કે, આ મુન્ઈમે પોતાની મઅરેફત તથા ફરમા બરદારીના આદાબ (નિયમો) બતાવવાના માટે આપણા તરફ રસૂલ (علیہ السلام) મોકલ્યા જેમને એવા મોજિઝાઓ અતા કર્યા જે ઈન્સાની અકલ તથા તાકતથી બહાર છે. તેઓએ આવીને બતાવ્યું કે, "હે બંદા ! તારો એક પરવરદિગાર છે જે દરેક ચીજ પર કાદિર (શક્તિમાન) છે, દરેક ચીજને જાણે છે, હમેશાં ઝિંદા છે. હમેશાંથી મુતકલ્લિમ છે જે ચાહે તે ઈરાદો ફર્માવે છે, એણે તને અમુક કામ કરવાનો અને અમુક ન કરવાનો હુકમ આપ્યો છે. એને એ પણ શક્તિ છે કે જો મેં નાફર્માની કરી તો મને સજા આપશે અને ફર્માબરદારીનો ભલો બદલો આપશે, તે મારાં તમામ છુપાં રહસ્યો જાણે છે અને જે કાંઈ મારા દિમાગમાં આવે છે તે એને પણ જાણે છે અને તેણે ફરમા બરદારી કરનારાઓને સવાબનો વાયદો કર્યો છે અને નાફરમાનોને અઝાબથી ડરાવ્યા છે અને તેણે શરઈ હુકમોના પાલનને મારા પર અનિવાર્ય કર્યું છે."

આ તમામ ઉપરોક્ત ચીજોનો ખયાલ કરવાથી બંદાના દિલમાં એ વાત જામી જાય છે કે હું એક મુમ્કિન અને ફાની (નાશવંત) ચીજ છું. મારામાં પોતાનો કોઈ કમાલ નથી અને ન કોઈ જાતી ખૂબી છે. પોતાના વિશે આવી રાય નિશ્ચિત કરવામાં માનવ બુધ્ધિને વધારે ચિંતનની જરૂરત નથી.

તો આ તમામ બાબતોનો ખયાલ કરવાથી બંદા પર પોતાના પરવરદિગારનો ખૌફ છવાઈ જાય છે અને તે ગભરાઈ ઊઠે છે ! અને આ જ ગભરાટ બંદાને ગફલતની નિદ્રાથી જગાડે છે અને આ જ ગભરાવી નાખનાર ખયાલ માણસને ઈત્મામે હુજ્જત (દલીલની પૂર્ણતા) કરે છે અને માણસનાં સર્વ બહાનાંને રદ કરીને રાખી દે છે. આ જ ખયાલ તેને આયાતે ઈલાહી (અલ્લાહ તઆલાની નિશાનીઓ)માં ચિંતન મનન કરવા પર મજબૂર કરે છે. જેથી આ ખયાલ થકી એક સલીમ ફિતરત (સારી પ્રકૃતિવાળો) ઈન્સાન ચોંકી ઊઠે છે અને તેમાં બેકરારી તથા બેચૈની પેદા થઈ જાય છે જેથી બંદો પોતાની નજાતની રાહ તલાશ કરે છે અને સલામતી પ્રાપ્ત કરવાના ઝરિયા શોધે છે. કેટલુંક તો પોતાના દિમાગથી વિચારે છે અને કેટલુંક અન્યો થકી માલૂમ કરવાની કોશિશ

કરે છે, તો બંદો એ સિવાય અન્ય કોઈ માર્ગ નથી પામતો કે કાયનાતમાં (સોચ વિચાર) કરે જેથી ખાલિકની મઅ્રેફત અને પેહચાન હાંસલ થાય અને ખુદા તઆલાની જાત જે તેનાથી ગાયબ છે તેના વિશે 'ઈલ્મે યકીન' હાંસલ થાય અને એ જાણે કે મારો એક રબ છે જેણે તેને અમ્રો નેહી (સારી વાતોનો હુકમ આપવા, બુરી વાતોથી રોકવા)નો પાબંદ બનાવ્યો છે.

આ ચિંતન ખોજ કરવું અને પોતાના ખાલિક (પેદા કરનાર)ના વિશે ઈલ્મે યકીન હાંસલ કરવું એ પ્રથમ ઘાટી છે. જે ઈબાદતના માર્ગમાં ઉપસ્થિત થાય છે. તેને ઈલ્મો મઅ્રેફતની ઘાટીથી ઓળખવામાં આવે છે. આ ઈલ્મ તથા મઅ્રેફત એટલા માટે જરૂરી છે જેથી બંદાને ઈબાદતના મામલામાં અહમ (અગત્યની) માલૂમાત (જ્ઞાન)ની જાણકારી હાંસલ થાય અને એ માર્ગને સોચી વિચારીને પાર પાડે. આ સોચ વિચાર અને ચિંતન અને ચિંતન મનન એ ઈલ્મ તથા મઅ્રેફતની ઘાટીમાં સામેલ છે. બંદાએ જોઈએ કે આખેરતની તરફ રહનુમાઈ (માર્ગદર્શન) કરનાર ઉલમાએ કિરામથી પણ આ ઘાટી સંબંધી માહિતિ પ્રાપ્ત કરે.

મેં ઉલમાએ આખેરત (આખેરત તરફ દોરનાર)ને ખાસ એટલા માટે બતાવ્યા કે એવા ઉલમા જ સિરાતે મુસ્તકીમ (સન્માર્ગ)નું માર્ગદર્શન કરી શકે છે, એવા ઉલમા જ ઉમ્મતના ચશ્મો ચિરાગ છે અને તેઓ જ ઉમ્મતે મર્હૂમાની કિયાદત (સરદારી)ને લાયક છે. જેથી સફરે આખેરતના મુસાફિરે એવા જ ઉલમાથી લાભ ઉઠાવવો જોઈએ અને તેમની જ નેક દુઆઓ લેવી જોઈએ. કેમ કે પાકીઝા સીરત લોકોની દુઆ જ સહાયકર્તા અને ખુદા તઆલાની રહમત તથા તૌફીકનો સબબ બને છે, જેથી બંદો તેમની નેક દુઆઓ અને રબ તઆલાની તૌફીક વડે આખેરતની રાહને પાર કરી શકે.

આ ઈલ્મ તથા મઅ્રેફત થકી એ બાબતોનું યકીન પણ થઈ જશે કે, મારો એક મઅ્બૂદે બરહક્ક છે, જેનો કોઈ શરીક નથી, તેણે જ મને પેદા કર્યો અને વિવિધ પ્રકારની નેઅમતોથી નવાઝયો. બંદાને એનું પણ યકીન થઈ જશે કે, એ મઅ્બૂદે મને આ અતા કરેલ નેઅમતોનો શુક્ર કરવાનો હુકમ આપ્યો છે અને જાહેર તથા બાતિન (આંતરિક)માં બંદગી તથા ફર્માબરદારીનો હુકમ કર્યો છે,

અને કુફ્ર તથા અન્ય ગુનાહોથી રોક્યો છે અને તેની સજાથી ડરાવ્યો છે અને એ ફેંસલો સંભળાવી આપ્યો છે કે જો બંદો તેની બંદગી તથા ફરમાબરદારી કરશે તો તે આખેરતમાં તેને નાશ ન થનાર બદલો ઈનાયત ફર્માવશે અને નાફરમાની તથા સરકશી કરનારને હંમેશના અઝાબમાં નાખી દેશે.

આ યકીન તથા મઅરેફત બંદાને પોતાના માલિક તથા મૌલાની બંદગી તથા ફરમાબરદારી માટે પ્રોત્સાહિત કરે છે અને એ હકીકી માલિકની બંદગી પ્રતિ આકર્ષે છે જેણે તેરને દરેક જાતની નેઅ્મતો આપી છે અને જો બંદો ખુલૂસપણે તે આકાની તલાશ કરે તો તેને મેળવી પણ લે છે, અને તેની પહેચાન તથા મઅ્રેફત થઈ જાય છે ભલે પહેલાં તેનાથી અજાણ હોય છે.

જો કે બંદો આ મઅ્રેફત તથા પહેચાન વડે રબ તઆલાની ઈબાદત તથા બંદગી તરફ પ્રેરિત થાય છે, પરંતુ તેને એ ખબર નથી હોતી કે ઈબાદત કેવી રીતે કરવામાં આવે છે અને એના માટે બંદાના જાહેર તથા બાતિનમાં કઈ કઈ ચીજો જરૂરી છે ? એટલા માટે વર્ણવેલ ઈલ્મ તથા યકીનની સાથોસાથ તેના ફરજોને શીખવાની જરૂરત પડે છે જેનો સંબંધ બંદાના જાહેર તથા બાતિન (બાહ્ય તથા આંતરિક)ની સાથે છે. પછી બંદો જ્યારે ફરજોને સારી પેઠે જાણી લે છે તો હવે તેને અમલી તૌર પર બજાવવાનો ઈરાદો કરે છે. જ્યારે તેની શરૂઆત કરવા લાગે છે તો પોતાને વિવિધ ગુનાહોમાં લથપથ પામે છે અને આ મોટાભાગના લોકોનો હાલ છે.

જ્યારે બંદો પોતાના ગુનાહો પર નજર કરે છે તો દિલમાં કહે છે કે હું ઈબાદત તરફ કઈ રીતે ધ્યાન આપી શકું છું જ્યારે કે હું ગુનાહોમાં સપડાયો છું અને જ્યારે મારું જાહેર તથા બાતિન ગુનાહોની ગંદકીથી ખરડાયેલ છે, ઈબાદત પ્રત્યે (તરફ) વળતાં પહેલાં મારા માટે જરૂરી છે કે ગુનાહોથી સાચી તૌબા કરું જેથી ગુનાહોની નજાસત (ગંદકી, નાપાકી)થી પાક થઈ શકું અને ગુનાહોની મન્હૂસ જંઝીરોથી મુક્તિ મેળવી શકું, જેથી ખુદા તઆલાની ફરમાબરદારીને લાયક બની શકું અને તેની બંદગી માટે પાથરણું બિછાવી શકું (કોશિશ કરી શકું). આમ ગુનાહોથી પાક થવા માટે તથા ઈબાદતની તરફ વળતા પહેલાં તૌબાની ઘાટી પાર પાડવાની રહે છે. એ ઘાટીને 'અકબતુત્તૌબા' નામથી ઓળ

ખવામાં આવે છે. તો આ બિના પર બંદાએ જરૂરી તૌર પર આ ઘાટીને પાર પાડવી પડે છે જેથી અસલ મકસદની તરફ કેન્દ્રિત થવાને લાયક થઈ શકે. એટલા માટે બંદા માટે લાઝિમ છે કે પૂરા અરકાન તથા શરતો સાથે તૌબા કરે અને સંપૂર્ણ સાવચેતી સાથે આ ઘાટીને પાર પાડે. જ્યારે સાચી તૌબા નસીબ થઈ જાય અને માર્ગ પાર પડી જાય તો ઈબાદતની તરફ ધ્યાન આપે.

પણ બંદો જ્યારે તૌબાથી ફારિગ થઈને ઈબાદતની તરફ વળે છે તો ઈબાદતને પણ વિવિધ પ્રકારની રુકાવટો અને મુશ્કેલીઓ વચ્ચે ઘેરાયેલી જુએ છે. દરેક રુકાવટ પોત પોતાના ઢંગથી તેને ઈબાદતથી રોકે છે અને ઈબાદતથી રોકનારી મૂળ ચાર ચીજો છે :

(૧) દુનિયા (૨) લોકોથી મેલજોલ (૩) શૈતાન (૪) નફસ.

જેથી પ્રથમ આ ચાર ચીજોને માર્ગમાંથી ખસેડવી અને દૂર કરવી જરૂરી છે નહીં તો બંદો પોતાના મકસદમાં કામયાબ નથી થઈ શકતો. તો આ ચાર ચીજોને ચાર તરીકાઓ વડે દૂર કરે :

(૧) દુનિયાથી સંબંધ તોડે (૨) લોકોથી મેલજોલ બંધ કરે (૩) ઈબ્લીસ સાથે મુકાબલો અને જંગ કરે (૪) નફસ પર સખ્તી કરે. પણ નફસ પર સખ્તી કરવી સૌથી વધુ મુશ્કેલ છે, ન તો બંદો તેનાથી બિલકુલ બેનિયાઝ (બેપરવા) થઈ શકે છે અને ન તો શૈતાનની જેમ તેના પર હદ ઉપરાંત સખ્તી કરી શકાય છે, કેમ કે ઈબાદતની મંઝિલ પામવા માટે આ નફસ જ બંદાની સવારી અને સાધન તથા ઝરીયો છે અને ભલે નફસ ઈબાદતનું સાધન તથા ઝરીયો છે પણ ઈબાદતોમાં તેના તરફથી સહકાર કે પ્રોત્સાહનની પણ ઉમ્મીદ નથી કરી શકાતી. કેમ કે નેક કામનો વિરોધ નફસની ફિત્રતમાં સામેલ છે, એ તો ખેલકૂદનો અભિલાષી છે માટે એના થકી કામ લેવા માટે જરૂરી છે કે તેને તકવાની લગામ પહેરાવવામાં આવે જેથી તે બંદામાં રહે તો ખરો પણ ફરમાબરદાર બનીને રહે, નહીં કે સરકશ (નાફરમાન) તથા બાગી થઈને રહે. જેથી જરૂરત પ્રમાણે નેક કામોમાં તેનાથી કામ લેવામાં આવે અને ફસાદ અંગેઝ અને તબાહકારી કામોથી કેદમાં રાખવામાં (રોકવામાં) આવે.

જ્યારે બંદો આ ચાર ચીજોને માર્ગમાંથી હઠાવી દે છે અને ખુદાની મદદથી એ માર્ગને પણ પાર કરી લે છે અને ઈબાદતની તરફ ધ્યાન આપે છે તો હવે અન્ય કેટલીક રુકાવટો સામે આવે છે જે ઈબાદત ના માટે ફરાગત, દિલ લગાવવું અને એકચિત્તપણુ પેદા થવા નથી દેતી અને આ રુકાવટોની સંખ્યા પણ ચાર છે.

**પ્રથમ : રિઝ્ક (રોજી)** : કેમ કે નફસ એની માગણી કરે છે અને બંદાના દિલમાં એનો વસવસો નાખે છે કે તારા માટે રોજી અને ખોરાક જરૂરી છે, જો તું દુનિયાથી દૂરી અપનાવીશ અને મખ્લૂકથી અલગ રહીશ તો તારો ખોરાક તથા રોજી ક્યાંથી મેળવીશ ?

**બીજી રૂકાવટ** : તે ખતરો તથા ખયાલો છે જે બંદાના દિમાગમાં દરેક તે ચીજ સંબંધે પેદા થાય છે જેનાથી ઈન્સાન ડરે છે, અથવા જે ચીઝની ઉમ્મીદ રાખે છે, જેને પસંદ કે નાપસંદ સમજે છે પણ તેને ખબર નથી હોતી કે આ કામમાં મારા માટે ભલાઈ છે કે બુરાઈ ? કેમ કે દુનિયવી બાબતોનાં પરિણામો ગુપ્ત છે, જેથી બંદો એ જ ખયાલોમાં ગુમ થઈ જાય છે અને કેટલીકવાર ખરાબ ખયાલોના સબબે હલાકત તથા તબાહીમાં ફેંકાય છે.

એકાગ્રતાથી ઈબાદત કરવામાં ત્રીજી રૂકાવટ એ છે કે બંદો ખુલૂસ (નિખાલસ) દિલે ઈબાદતની તરફ ધ્યાન કેન્દ્રિત કરે છે તો ચારે બાજુથી દુન્યવી મુસીબતો તથા તકલીફો ઉભી થવા માંડે છે. ખાસ કરીને જ્યારે બંદો મખ્લૂકથી અલાઈદગી, શૈતાનથી જંગ અને નફસની મુખાલિફત (વિરોધ) કરવા તૈયાર થાય છે તો આ મુસીબતો તથા તકલીફોને બરદાશ્ત કરતી વેળા કેટલા પ્રમાણમાં ગુસ્સો પીવો પડે છે અને કેવી સખ્તીઓ વેઠવી પડે છે અને કેટલા રંજો ગમમાં રિબાવું પડે છે અને કેવી ભયાનક મુસીબતો આવે છે !

ઈબાદતના માર્ગે ચોથી રૂકાવટ કઝાએ ઈલાહી છે જે વિવિધ રૂપમાં બંદા પર આવે છે. એટલે કે કદીક આરામ, કદીક તકલીફ છે. અને બંદાનો નફ્સ સ્વભાવિક રીતે શરારત તથા ફિત્ના તરફ વળેલો છે. જલ્દી ગુસ્સામાં આવી જાય છે. આમ ઈબાદતમાં એકાગ્રતા પેદા કરવા આડે આ ચાર વાંધાઓની ઘાટીઓ પાર કરવી પડે છે. આ ચાર વિઘ્નો ચાર ચીજો થકી દૂર થઈ શકે છે :–

(૧) રિઝક (રોજી)ના મામલામાં **ખુદા તઆલાથી તવક્કુલ** (ભરોસો) કરે.

**(૨) ખયાલો તથા ચિંતાઓના વંટોળ વેળા પોતાના મામલાને રબને હવાલે કરે.**

(૩) તકલીફ તથા મુસીબતો આવી પડતાં **સબ્ર** કરે.

(૪) કઝાએ ઈલાહી પર રાજી રહે.

જ્યારે બંદો રબ તઆલાની મરજી તેની મદદ તથા હિમાયતથી આ ચારેય વિઘ્નોને હડસેલી દઈને ઈબાદત પ્રતિ ધ્યાન આપે છે તો પોતાની અંદર ઝાંખવાથી મેહસૂસ કરે છે કે મારો નફસ નેક કામ કરવામાં સુસ્ત, નિરુત્સાહ અને ખૂબ આળસુ છે, નેક કામ કરવાની તેનામાં કદી સાચી ચાહત પેદા નથી થતી અને નેકીઓની તરફ જે રીતે ખેંચાવું જોઈએ ખેંચાતો નથી બલ્કે તેનું અધિકતર આકર્ષણ ગફલત, નેકીઓથી નફરત, આરામ તલબી, નિરર્થક, બેહૂદી અને અજ્ઞાનતાભરી વાતોની પ્રતિ રહે છે. એટલા માટે એક એવી ચીજની જરૂરત પડે છે જે નફસને આ ખરાબીઓથી રોકે અને એવી ચીજની જરૂરત પડે છે જે તેને નેક કામોની તરફ દોરી જાય અને ઈબાદતની મહોબ્બત અને તે માટેનો ઉત્સાહ તેનામાં પેદા કરે.

ખરાબીઓથી રોકનારી અને નેકીઓની તરફ વાળનારી બે ચીજો ખૌફ તથા રજાઅ છે. રજાઅ (ઉમ્મીદ) તો એ છે કે બંદો ફરમાબરદારી તથા ઈબાદતના બદલામાં ઘણા જ મોટા સવાબની આશા રાખે અને અલ્લાહ તઆલાએ જે ઉમદા ઉમદા નેઅમતો અતા કરવાના તેને વાયદા કર્યા છે તેના પર ભરોસો કરે. આ રીતે મહાન બદલા (અજરે અઝીમ)ની ઉમ્મીદ અને જન્નતમાં ઉમદા ઉમદા નેઅ્મતોથી લુત્ફ ઉઠાવવા (મજા માણવા)નું યકીન બંદાના માટે નેક કામ કરવાનો સબબ તથા ઝરીયો બને છે, ફરમાબરદારી પ્રતિ આકર્ષે છે અને દિલમાં આમાલે સાલેહા (નેક અમલો)ની ચળવળ ઉભી કરે છે અને ઈબાદતના જઝબાને જાગૃત કરે છે.

અને ખૌફ એ છે કે ઈન્સાન દરેક સમયે રબ તઆલાના દર્દનાક અઝાબોથી ડરતો રહે એ સજાઓ તથા અઝાબોનો ખયાલ દિમાગમાં રાખે જે નાફરમાની

તથા ગુનાહ કરનારાઓને આપવામાં આવશે. એવો ખૌફ જ્યારે બંદાના દિલમાં ઘર કરી જાય છે તો બંદો તે ખૌફના સબબે ગુનાહોથી બચીને રહે છે અને દિલમાં ગુનાહોથી નફરત પેદા થઈ જાય છે. ખૌફ તથા રજાઅ બંદાને ઈબાદત માટે પ્રેરે છે એટલા માટે આ ઘાટીનું નામ 'અકબતુલ બવાઈસ' રાખવામાં આવ્યું છે.

જ્યારે બંદો ખૌફ તથા રજાઅની ઉપરોક્ત ઘાટી અલ્લાહ તઆલાના ફઝલ અને તેની મદદથી પાર કરી લે છે અને અસલ મકસદ એટલે કે ઈબાદતની તરફ ધ્યાન આપે છે તો તેને એકાગ્રતા તથા દિલ જમાવીને ઈબાદત કરવામાં કોઈ ચીજ આડ કે વિધ્ન બનતી નથી, બલ્કે તે પોતાનામાં એવા અવસાફ (ગુણો) જુએ છે અને એવા જઝબાઓ મહસૂસ કરે છે જે તેને ઈબાદતની તરફ દોરી જાય છે અને ફરમાબરદારી તથા આમાલે સાલેહાનું નિમંત્રણ આપે છે અને હવે તેને ઈબાદત કરતી વેળા સંતોષ તથા ચૈન અને આનંદ તથા રાહત હાંસલ થાય છે અને ઈબાદત પર કાયમી પાબંદી નસીબ થાય છે. પણ એકાએક ઈબાદત દરમ્યાન બે અધિક મોટી આફતો માથુ ઉંચકે છે એક રિયા બીજો ઘમંડ, એટલે કે પોતાના સંબંધે નેક અને પારસા (પવિત્ર) હોવાનો ખયાલ ! જેથી ક્યારેક તો પોતાની ઈબાદત એ રીતે તબાહ અને ખરાબ કરે છે કે અન્યો સમક્ષ જાહેર કરે છે અને કદીક પોતે પોતાને નેક અને પાકીઝા ખયાલ કરીને પોતાની નેકીઓ વેડફી નાખે છે. એટલા માટે હવે તેણે આ ઘાટી ઓળંગવી પડે છે તેને 'અકબતુલ કવાદિહ્' કહે છે. ઈબાદતમાં ઈખ્લાસ અને રબ તઆલાના અસંખ્ય એહસાનોને ઝહન (દિમાગ)માં હાજર રાખીને બંદો આ મુશ્કેલ ઘાટીને પણ ખુદાના ફઝલો કરમ, તેના હુકમ અને તેની રહમતથી સંપૂર્ણ સાવચેતી અને સમજદારી સાથે પાર કરે છે જેથી તેને નેકીઓ રિયા તથા ઘમંડ વગેરે જેવી આફતોથી સુરક્ષિત રહે.

જ્યારે ઉપરોક્ત મુશ્કેલ ઘાટીઓ ઓળંગી જાય છે ત્યારે હવે કમા હક્કહૂ (જેવો કે હક્ક છે તેમ) ઈબાદત કરવાને લાયક થાય છે અને હવે તેની બંદગી તમામ અયબો તથા ત્રુટીઓથી પાક બને છે, પરંતું ફરી જ્યારે બંદો પોતાની જીવન અવસ્થા પર દ્રષ્ટિપાત કરે છે તો પોતે પોતાને રબ તઆલાના અગણિત એહસાનો, અસંખ્ય ઈનામો અને વિવિધ પ્રકારની નેઅમતોમાં ડૂબેલો જુએ છે. દા.ત. ઈબાદત અને મુશ્કેલ ઘાટીઓને પાર પાડવાની તૌફીક, નુકસાનકર્તા

ચીજોથી હિફાઝત, બીજી મખ્લૂકાત પર અઝમત તથા બુર્ઝુગી વગેરે વગેરે...તો આ એહસાનો અને નેઅમતોને યાદ કરીને તેના દિલમાં ખૌફ પેદા થાય છે કે ક્યાંક હું તેના શુક્રથી ગાફેલ ન થઈ જાંઉ અને નેઅમતોની નાશુક્રીના ગુનાહમાં ન સપડાઈ જાંઉ ! અને નેઅમતોની નાશુક્રીના કારણે ક્યાંક તેના મુખ્લિસ બંદાના ઉચ્ચ મરતબાથી ગબડી ન પડું અને નાશુક્રી કરવાથી આ નેઅમતો મારી પાસેથી ક્યાંક છીનવી લેવામાં ન આવે ! અને હું અલ્લાહ તઆલાની નઝરે કરમ અને તેના લુત્ફો કરમથી મેહરૂમ ન થઈ જાઉં ! જેથી તે હમ્દ તથા શુક્રની તરફ ધ્યાન આપે છે અને મોટાભાગે ઝિક્ર તથા ફિક્ર વડે આ 'અકબતુલ હમ્દે વશ્શુક્ર' ને પાર કરે છે. એનાથી ફારિગ થયા બાદ તે પોતે પોતાને મકસદની નજીક અને જેની તલબ છે તેની સમક્ષ પામે છે.

જેથી ત્યારબાદ આગળ જતાં બંદો અલ્લાહ તઆલાના અલ્તાફની નરમ જમીન અને શોખ તથા મહોબ્બતના મેદાનમાં પહોંચી જાય છે પછી રઝા (રાજીપણા)ના બાગો, મહોબ્બતના બાગો અને રૂહાની ખુશીઓ (ચૈન)ના મકામ પર પહોંચી જાય છે. હવે ખુદાનો ખાસ કુર્બ (નઝદીકી) તેને પ્રાપ્ત થાય છે અને અલ્લાહ તઆલાથી મુનાજાત (દુઆ) કરનારાઓની મજલિસમાં સ્થાન મેળવી લે છે અને તેના તરફથી ખાસ ઈનામો ઈકરામથી મુશર્રફ થાય છે. અને બંદો આ નેઅમતોથી આનંદિત થાય છે અને પોતાના જીવનના બાકી દિવસો રૂહાની રાહત તથા ચૈનમાં પસાર કરે છે. અહીં તો તે જાહેરી જિસ્મના એતબારથી આરામ પામે છે અને આખેરતમાં રૂહાની એતબારથી આરામ પામશે.

આવો ઈન્સાન દરેક વખતે પયગામે ઈલાહી એટલે કે આ દુનિયાથી કૂચ કરવા માટે આતુર રહે છે, તેનું દિલ દુનિયાથી ઉચાટ અનુભવે છે, દુનિયાને તુચ્છ નજરે જુએ છે, મોતનો મુશ્તાક રહે છે અને આ'લા ફરિશ્તાઓની સાથે મળી જવાનો ખ્વાહિશમંદ રહે છે. ખુદાના કાસિદ અચાનક તેની પાસે જન્નતની ખુશખબરી અને જન્નતના ફરિશ્તા જન્નતની ખુશ્બુઓ લઈને આવવા લાગે છે અને તેની પાક રૂહ ખીલી ઉઠે તેવી ખુશખબરી અને સંપૂર્ણ મહોબ્બત તથા પ્યારની સાથે આ ફાની જગતથી જન્નતના બાગોની તરફ લઈ જાય છે. ત્યાં આ મોમિન પોતાની ઝઈફ તથા હકીર જાનના માટે હમેશાં રહેનારી નેઅમતો અને

ઘણો મોટો મુલ્ક પામે છે અને ફઝલો કરમ કરનારો મહેરબાન રબ તેને મરહબા (ખૂશ આમદીદ) કહે છે, પોતાનો ખાસ કુર્બ અતા કરે છે અને ઈનામો ઈકરામની સાથે તેનાથી મુલાકાત કરે છે. આ મોમિન બંદાને ત્યાં એવા ઈનામોથી નવાઝવામાં આવે છે કે જેના વર્ણન કરવાથી વર્ણન કરનારા આજિઝ છે, અને ખૂબી વર્ણન કરનાર તેની ખૂબીઓ વર્ણવી શકતા નથી. એ રીતે તેને હમેશાં નવી નવી અને આ'લા આ'લા ઉમદા ઉમદા નેઅમતો અતા થતી રહે છે અને એ મો'મિન કેટલી મોટી દૌલતનો માલિક બની જાય છે અને કેટલી અઝીમ (મહાન) કામયાબી હાંસલ કરી લે છે અને કેવી મહાન શાનનો માલિક બની જાય છે ! એવા શખ્સને હજારો હજાર મુબારકબાદ ! કેમ કે તેનો અંજામ ખૂબ જ સારો છે.

આપણે પણ ખુદા તઆલાના દરબારમાં ઈલ્તેજા કરીએ છીએ કે આપણા ઉપર પણ આ અઝીમ એહસાન થાય અને આપણને પણ આ અઝીમ નેઅમતથી નવાઝે, અને રબ તઆલા માટે આ કાંઈ મુશ્કેલ નથી.

આપણે બારગાહે ખુદાવંદીમાં એ પણ દુઆ કરીએ છીએ કે તે આપણને તે લોકોમાંથી ન કરે જેમને આ મહાન એહસાનમાંથી મૌખિક બયાન, (કેવળ સાંભળવા), ઉપર છેલ્લુ ઈલ્મ અને કામચલાઉ આરઝૂ સિવાય કોઈ હિસ્સો નથી મળ્યો. આપણે એ પણ દુઆ કરીએ છીએ કે કયામતના દિવસે આપણો ઈલ્મ આપણા માટે દલીલ ન બને અને અલ્લાહ તઆલાથી ઈલ્તેજા કરીએ છીએ કે તે આપણને એના પર અમલ કરવાની તૌફીક આપે અને વળી અમલમાં અડગતા આપે. તે જ સૌથી બેહતર રહમ તથા કરમ કરનારો છે. અને આપણા હુઝૂર બંને જહાનના સરદાર મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ પર લા તા'દાદ (અસંખ્ય) સલાતો સલામ નાઝિલ થાય અને આપના સહાબીઓ અને આપની આલ ઉપર પણ, અને અલ્લાહ તઆલા એમને વધુને વધુ શરફ તથા ઈઝ્ઝત અતા ફર્માવે.

આ કિતાબની તરતીબ આ પ્રમાણે છે જે મને મારા મૌલા એ ઈબાદતના બારામાં ઈલ્હામ ફર્માવી.

હે જાનથી અધિક પ્યારા ! હવે તું અલ્લાહ તઆલાની તૌફીકથી એ જાણ કે કુલ સાત ઘાટીઓ બને છે, પ્રથમ ઈલ્મની, બીજી તૌબાની, ત્રીજી અવાઈક઼ો મવાનેઅ્, ચોથી અવારિઝ, પાંચવી બવાઈષ એટલે કે ઈબાદત માટે ઉભારનાર

ચીજોની, છઠ્ઠી એ ચીજોની જે ઈબાદતમાં ખરાબી પેદા કરે છે, સાતમી હમ્દ તથા શુક્રની. આ કિતાબ 'મિન્હાજુલ આબિદીન'માં એ જ સાત ઘાટીઓનું જ વર્ણન છે.

હવે આપણે દરેકની એ રીતે શરહ (સવિસ્તાર વર્ણન) કરીએ છીએ કે શબ્દો થોડા હોય પણ તમામ જરૂરી મુદ્દાઓનું બયાન સમાઈ જાય. આપણે દરેકની શરહ અલગ અલગ પ્રકરણમાં કરીશું. અલ્લાહ સુબ્હાનહૂ તઆલા જ તૌફીક આપનાર છે અને તેના કરમથી જ બયાન તથા અમલમાં દુરૂસ્તી સલામત રહી શકે છે. وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ

## પ્રથમ ઘાટી

### ★ ઈલ્મના બયાનમાં ★

હું અલ્લાહ તઆલાની તૌફીકથી કહું છું કે હે ઈખ્લાસની આરઝૂ કરનારા અને હે સાચી ઈબાદતની તલબ કરનારા ! અલ્લાહ તઆલા તને સદ્કાર્યની તૌફીક આપે. સૌ પ્રથમ તારા પર એ લાઝિમ છે કે ઈલ્મે શરીઅત પ્રાપ્ત કરે. કેમ કે એ ઈબાદતનો હેતુ છે અને એના પર જ એનો દારોમદાર છે. અને તું જાણી લે કે ઈલ્મ અને તેના મુજબ ઈબાદત બે એવા કમાલો છે કે લેખકોની કૃતિઓ, મોઅલ્લિમોની તાલીમો, વાઈઝોની વઅઝો, મુફક્કિરોની નઝરો ફિક્ર (તત્વચિંતકોનાં ચિંતન) વગેરે જે પણ તમે જોઈ રહ્યા તથા સાંભળી રહ્યા છો સર્વ કાંઈ આ ઈલ્મ તથા અમલમાં કમાલ હાંસલ કરવા માટે છે, બલ્કે કિતાબોનું નુઝૂલ અંબિયાઓનું આગમન, સાતે આસમાનો અને જમીનો અને તેમની દરમિયાનની મખ્લૂકની પેદાઈશ પણ એના લીધે છે. તમે કુર્આન મજીદની આયતો પર તો જરા વિચાર કરો !

اَللّٰهُ الَّذِىْ خَلَقَ سَبْعَ سَمٰوٰتٍ وَّ مِنَ الْاَرْضِ مِثْلَهُنَّ ؕ يَتَنَزَّلُ الْاَمْرُ بَيْنَهُنَّ

لِتَعْلَمُوْٓا اَنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ۙ وَّ اَنَّ اللّٰهَ قَدْ اَحَاطَ بِكُلِّ شَىْءٍ عِلْمًا ﴿۱۲﴾

(૧) ''અલ્લાહ તઆલા તે છે જેણે સાત આસ્માન બનાવ્યાં અને તેના

જેટલી જમીનો. અલ્લાહ તઆલાનો હુકમ તેમનામાં ઉતરે છે જેથી જાણી લો કે અલ્લાહ તઆલા સર્વ કાંઈ કરી શકે છે અને અલ્લાહ તઆલાના ઈલ્મે દરેક ચીજને ઘેરેલ છે. *(સૂરએ તલાક઼, ૬૫/૧૨)*

કેવળ આ એક જ આયત ઈલ્મની ફઝીલતની સાબિતી માટે પૂરતી છે, ખાસ કરીને તૌહીદના ઈલ્મના માટે.

**(૨)** وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْإِنْسَ إِلَّا لِيَعْبُدُوْنِ "મેં જિન્નાત તથા ઈન્સાનોને કેવળ મારી ઈબાદતના માટે પેદા કર્યા છે." *(સૂરએ ઝારિયાત, ૫૧/૫૬)*

આ આયતે કરીમા ઈબાદતની મહાનતાની સાબિતી માટે પૂરતી છે. આ આયતથી એ જાણવા મળ્યું કે બંદા પર પોતાના રબની બંદગી લાઝિમ છે. તો આ ઈલ્મ તથા ઈબાદતને જ સૌથી અધિક અઝમતવાળી ચીજ સમજવી જોઈએ. કેમ કે કાયનાતની પેદાઈશનો મકસદ તે જ બે ચીજોમાં કમાલ હાંસલ કરવાનું છે. એટલા માટે બંદાએ જોઈએ કે એ બંનેની જ સાથે મશગૂલ રહે, એ બંનેની જ પ્રાપ્તિ માટે તકલીફો ઉઠાવે અને એ બંનેમાં જ ચિંતન મનન કરતો રહે.

હે પ્રિય ! તું યક઼ીન કર કે આ બંને સિવાય જે કાંઈ દુનિયામાં છે તે સર્વ બાતિલ છે કે એમાં કોઈ ભલાઈ નથી. અને એના સિવાય જે કાંઈ છે ફોગટ છે જેનો કોઈ મતલબ નથી. જ્યારે તારા દિમાગમાં ઈલ્મ તથા ઈબાદતની અહ્‌મિયત વસી ગઈ તો હવે એ વાત સમજ કે ઈલ્મ ઈબાદતથી અફઝલ તથા અશરફ છે, એટલા માટે નબીએ કરીમ ﷺ ફર્માવ્યું :–

"આલિમની ફઝીલત આબિદ પર એવી છે જેવી રીતે મારી તમારામાંના અદના ઉમ્મતી પર."

એક ઠેકાણે આપે ﷺ ફર્માવ્યું, **"આલિમની તરફ એકવાર નજર કરવી મારી નજીક સો વરસ રોઝા રાખવાથી અને સો વરસ રાત્રે નફ્લો પઢવાથી બેહતર છે."**

એક અન્ય ઠેકાણે ફર્માવ્યું :–

"શું હું તમને **સૌથી અધિક બુલંદ મર્તબાવાળા જન્નતી** ન બતાવું ? સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ બતાવો ! તો આપે ﷺ ફર્માવ્યું

કે, તે મારી **ઉમ્મતના આલિમો** છે."

ઉપરોક્ત હદીષોથી પુરવાર થયું કે ઈબાદતથી ઈલ્મ અફઝલ છે. પરંતુ ઈલ્મની સાથોસાથ ઈબાદત પણ જરૂરી છે. ઈબાદત વિના ઈલ્મથી કોઈ ફાયદો નથી કેમ કે **ઈલ્મ ઝાડની જેમ છે અને ઈબાદત ફળ સમાન છે.** અને ઝાડની કિંમત ફળ થકી થાય છે. ભલે ઝાડ અસલ હોય. જેથી બંદાના માટે ઈલ્મ તથા ઈબાદત બંને જરૂરી છે. એટલા માટે હઝરત હસન બસરી رضی اللہ عنہ એ ફર્માવ્યું :–

"ઈલ્મને એ રીતે હાંસલ કરો કે ઈબાદતને નુકસાન ન કરે અને ઈબાદતને એ રીતે કરો કે ઈલ્મને નુકસાન ન થાય."

અને આ ઘણી મજબૂત વાત છે કે ઈલ્મ તથા ઈબાદત બંને જરૂરી છે પણ "પ્રથમ ઈલ્મ હાંસલ કરવો જરૂરી છે." કેમ કે ઈલ્મ ઈબાદતનો પાયો છે અને તેનો માર્ગદર્શક છે. એટલા માટે નબીએ કરીમ ﷺ ફર્માવ્યું,

"ઈલ્મ અમલની બુનિયાદ (પાયો) છે અને અમલ એના તાબે છે."

ઈલ્મ ઈબાદતનું મૂળ હોવું અને તેને ઈબાદત પહેલા પ્રાપ્ત કરવું બે કારણોસર જરૂરી છે. એક એટલા માટે કે બંદો રબની ઈબાદત કરી શકે અને તે ઈબાદતને તમામ અયબો તથા ત્રૂટીઓથી મેહફૂઝ રાખી શકે. કેમ કે બંદા પર લાઝિમ છે કે પ્રથમ પોતાના મઅબૂદને ઓળખે ! અને પછી તેની ઈબાદતમાં ખોવાઈ જાય. અને બંદો પોતાના મઅબૂદે બરહક્કની ઈબાદત કરી જ કઈ રીતે શકે જ્યારે કે તેને એ ખબર ન હોય કે તેના મઅબૂદના નામો શું છે ? તેની સિફતો (ખૂબીઓ ગુણો) શું છે ? અને કઈ ચીજો તેની શાનને લાયક છે અને કઈ વાતો તેની શાનની વિરૂધ્ધ છે ? કેટલીક વાર એવું થાય છે કે જેહાલતની બિના પર બંદો પોતાના મઅબૂદે બરહક્કના માટે એવી સિફતોનો અક઼ીદો રાખે છે જે તદ્દન તેની શાનને લાયક નથી હોતી (જેમ કે દેવબંદીઓનો અક઼ીદો કે "અલ્લાહ જૂઠુ બોલી શકે છે." તો જૂઠ અયબ છે કે નહીં ? તો હવે ખુદાને અયબદાર માનનારા આ નમાઝીઓની શી હાલત થશે ? *–ગુજરાતી અનુવાદક*) અને આ બુરી એતેકાદી (બુરી માન્યતા)ને લીધે ઈબાદત નષ્ટ થઈ જાય છે. મેં આ મહાન

ખતરાની સંપૂર્ણ વિગત મારી કિતાબ 'અહયાઉલ ઉલૂમ'ના પ્રકરણ 'બુરા ખાત્મા'માં કરી આપેલ છે.

તો હવે હે અઝીઝ ! તારા પર લાઝિમ છે કે આ તમામ ફર્ઝો તથા વાજિબો જે શરીઅતમાં છે તેનો અભ્યાસ કર જેનો તને હુકમ આપવામાં આવ્યો છે કે જેથી તેને સહી તૌર પર અદા કરી શકે. અને એ તમામ બાબતોનો પણ ઈલ્મ હાંસલ કર જે નાજાઈઝ અને ખિલાફે શરઅ (શરીઅત વિરૂધ્ધ) છે જેથી તેનાથી બચી શકે. નહીં તો જ્યાં લગી તાઅત (ફરમાબરદારી) તથા ઈબાદત અદા કરવાની હકીકત, ઢબ અને કૈફિયતની જાણ ન હોય તો તે સહી રીતે અદા કેમ કરીને થઈ શકે ? અને જ્યાં સુધી એ માલૂમ ન હોય કે આ, આ ચીજો ગુન્હો છે ત્યાં સુધી કેવી રીતે તેનાથી પરહેઝ થઈ શકે છે ?!

એટલા માટે પ્રથમ શરઈ ઈબાદતો જેમ કે તહારત (પાકીઝગી), નમાઝ, રોઝા વગેરેની હકીકત અને તેના વિવિધ હુકમો અને તેની તમામ શરતો જાણી લેવી જરૂરી છે. અને ત્યારે જ યોગ્ય તરીકાથી તેને અદા કરી શકાશે. બેઈલ્મીના સબબે ખૂબ શક્ય છે કે ઈન્સાન વરસો સુધી અને મુદ્દતો સુધી એક એવા અમલને નેક સમજીને કરતો રહે જે અસલમાં તેની તહારત તથા તેની નમાઝને ખરાબ કરતો રહ્યો હોય, બલ્કે તહારત તથા નમાઝો સુન્નત વિરૂધ્ધ તરીકાથી અદા થતી રહે અને કરનારને તદ્દન ખબર જ ન હોય !

અને કેટલીકવાર એવું પણ થઈ શકે છે કે જ્યારે કોઈ મુશ્કેલ મસ્અલો ઉપસ્થિત થાય તો ન તો એ પોતે શીખેલો હોય કે ન તો કોઈ તે સમયે તેને હલ કરનાર મળે, તો તકલીફ ઉભી થઈ જાય છે.

વળી જાહેરી ઈબાદતો તથા ફરમાબરદારીઓની મકબૂલિયતનો આધાર બાતિની અખ્લાકે ફાઝિલાહ્ (સારા અખ્લાક઼) પર છે જે દિલથી સંબંધિત છે, એટલા માટે એને જાણવું પણ જરૂરી છે. જેવા કે તવક્કુલની (સચ્ચાઈ), તફવીઝ (પોતાની જાત અલ્લાહ તઆલાને સોંપવી), રઝા, સબ્ર, તૌબા અને ઈખ્લાસ વગેરેનો અર્થ જેનું સવિસ્તાર વર્ણન ઈન્શા અલ્લાહ તઆલા આગળ આવશે. તેની સાથોસાથ આ ઉમૂર (આદતો)ના મતલબ જાણવા પણ જરૂરી છે જે બાતિન (અંતર)ના અયબો છે અને જે તવક્કુલ, સબ્ર અને રઝા વગેરેની વિરૂધ્ધ છે

જેમ કે ગુસ્સો, તૂલે અમલ (મોટી મોટી ઉમ્મીદો), રિયા (બાહ્ય આડંબર) અને તકબ્બુર વગેરે. કેમ કે આ બુરી આદતોથી બચવું પણ અનિવાર્ય છે.

અલ્લાહ તઆલાએ અખ્લાકે ફાઝિલહ (સારા અખ્લાક઼) પેદા કરવા અને બુરી આદતોને દૂર કરવા બાબતોનો હુકમ પોતાની કિતાબમાં સ્પષ્ટરૂપે આપ્યો છે. તવક્કુલના વિશે ફર્માવે છે :–

وَعَلَى اللّٰهِ فَتَوَكَّلُوْٓا اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ "અને અલ્લાહ પર જ ભરોસો કરો જો તમે ઈમાનદાર છો." *(સૂરએ માએદા, ૫/૨૩)*

શુક્રના વિશે ફર્માવ્યું :–

وَاشْكُرُوْا لِلّٰهِ اِنْ كُنْتُمْ اِيَّاهُ تَعْبُدُوْنَ "અને તમારા રબનો શુક્ર કરો જો તમે તેની જ ઈબાદત કરતા હોવ." *(સૂરએ બકરહ, ૨/૧૭૨)*

સબ્રના વિશે ઈર્શાદ ફર્માવ્યું :–

وَاصْبِرْ وَمَا صَبْرُكَ اِلَّا بِاللّٰهِ "સબ્ર કરો અને તમે અલ્લાહની તૌફીક઼થી જ સબ્ર કરી શકો છો." *(સૂરએ નહ્લ, ૧૬/૧૨૭)*

તફવીઝ (સોંપણી)ના વિશે આ પ્રમાણે ઈર્શાદ ફર્માવ્યો :–

وَتَبَتَّلْ اِلَيْهِ تَبْتِيْلًا "તમામથી અલગ થઈને કેવળ તેના માટે જ થઈ જાવ." *(સૂરએ મુઝ્ઝમ્મિલ, ૭૩/૮)*

આ પ્રમાણેની અન્ય ઘણી આયતો છે જેમાં અખ્લાકે ફાઝિલહથી સંબંધિત થવાનો હુકમ આપવામાં આવ્યો છે. તો જેવી રીતે નમાઝ, રોઝા વગેરે જાહેરી હુકમો કુર્આની આયતોથી સાબિત છે એવી જ રીતે તવક્કુલ, રઝા અને સબ્ર વગેરે પણ કુર્આને પાકની આયતોથી સાબિત છે.

જેથી તવક્કુલ વગેરે પણ લાઝિમ અને જરૂરી છે તો કેવળ નમાઝ, રોઝા વગેરે પર જ સઘળુ જોર આપવું અને ઉમદા અખ્લાકવાળા ન બનવું ઠીક નથી. કેમ કે બંને પ્રકારના જાહેરી તથા બાતિની હુકમોના વિશે એક જ રબે એક જ કિતાબમાં હુકમ આપ્યો છે. છતાં તમે બાતિની સિફતોથી તદ્દન બેખબર થઈ ચૂક્યા છો અને એવા લોકોના માટે ફત્વો લખવામાં વ્યસ્ત છો જેમણે દુનિયાને જ

કા'બા તથા પોતાનો મૂળ હેતુ બનાવી લીધો છે એટલે સુધી કે તેમણે નેકીને બુરાઈનો અને બુરાઈને નેકીનો દરજ્જો આપી દીધો છે. અફસોસ ! તમે એવા લોકોને માટે ફત્વા લખવામાં વ્યસ્ત થઈને આ પાકીઝા ઈલ્મથી બેપરવા થઈ ગયા છો જેને અલ્લાહ તઆલાએ પોતાની મુક઼દ્દસ કિતાબમાં નૂર, હિકમત અને હિદાયત વગેરે શબ્દોથી તાબીર કરેલ છે. તમે તે લોકોની વિરૂધ્ધ કાંઈ નથી કહેતા જેમણે હરામ રોજીને ધંધો બનાવી લીધો છે અને જેઓ રાત દિવસ ઝલીલ દુનિયા જમા કરવામાં ગુમ છે !

હે ભલાઈના દાવેદાર ! તમને એનો ડર નથી કે મોટા મોટા ફરજોને તો પીઠ પાછળ ફેંકી રહ્યા છો અને નફલ નમાઝ, રોઝા વગેરેમાં વ્યસ્ત છો ? ફરજો છોડીને નવાફિલ અદા કરનારાઓ ! આ નવાફિલની કોઈ કિંમત નથી ! ઘણે ભાગે એવું પણ બને છે કે તમે એવા ગુનાહ પર કાયમ રહો છો જે તમને દોઝખમાં નાખી દે પણ મુબાહ (ઉચિત) ખાવા, પીવા અને નિદ્રા વગેરેથી બચતા રહો છો જે ઈબાદતમાં તમને શક્તિ આપે છે. તો તમારું આ પરહેઝ કરવું નિરર્થક અને ફુઝૂલ છે. અને આ સૌથી બદતર એ છે કે તમે દુન્યવી ઉમ્મીદોમાં પડો જ્યારે કે દુનિયાની ઉમ્મીદો કેવળ ગુનાહ છે અને અજ્ઞાનતાને લીધે તમે તે ઉમ્મીદોને સારી નિય્યત ગુમાન કરો છો કેમ કે તમે આ બંનેવ ફરકથી અજ્ઞાત છો. તમે દુન્યવી ઉમ્મીદો અને સારી નિય્યતમાં પણ એટલા માટે તફાવત નથી કરી શકતા કારણ કે આ બંને જાહેરી રીતે એક સમાન જણાય છે.

કેટલીકવાર તમે બેચૈન થાવ છો અને રૂદન કાકલૂદી વગેરે કરો છો અને તેને અલ્લાહ તઆલાના દરબારમાં ગદ ગદ થવું અને આજિઝી કરવું સમજો છો, અને ક્યારેક તમે તદ્દન રિયા (બાહ્ય આડંબર દેખાડો) કરી રહ્યા હોવ છો પણ તમારુ ગુમાન એ હોય છે કે, તમે અલ્લાહની હમ્દ કરી રહ્યા છો અને લોકોને નેકીની દાવત આપી રહ્યા છો. આ રીતે ગુનાહોને નેકીઓ અને અઝાબને સવાબ સમજવા મંડી પડો છો ! અને એક ઘણા જ મોટા ધોકામાં સપડાઈ જાવ છો અને સખત ખરાબીમાં પડી જાવ છો. તો ખુદાની કસમ ! ઈલ્મ વિના ઈબાદત કરનારાઓ માટે સૌથી મોટી મુસીબત આ જ છે.

અને વળી જાહેરી અમલોનો આંતરિક અવસાફ (ખૂબીઓ) સાથે એક ખાસ

સંબંધ છે. જો અંતર ખરાબ હોય તો જાહેરી અમલો પણ ખરાબ થશે અને જો બાતિન (અંતર) હસદ, રિયા અને તકબ્બુર અયબોથી પાક હોય તો જાહેરી અમલો પણ દુરૂસ્ત થાય છે. જો દિલમાં ઈખ્લાસ (નિખાલસતા, નિઃસ્વાર્થપણુ) હશે તો જાહેરી અમલ પણ બરાબર હશે અને જો અંતરમાં રિયા (બાહ્ય આડંબર) હશે તો જાહેરી અમલ પણ નાદુરસ્ત થશે. એ જ રીતે જો કોઈ પોતાના નેક અમલોને રબ તઆલાનો ફઝલો કરમ સમજે તો ઠીક છે અને જો તેને પોતાનો જાતી કમાલ સમજે તો (પોતે પોતાની) સ્વપ્રશંસાને કારણે તે અમલો બરબાદ થઈ જાય છે. એટલા માટે જ્યાં સુધી બાતિની ઉમૂર (દિલની આંતરિક બાબતો)નો જાહેરી અમલો સાથેનો સંબંધ, આંતરીક સિફતોની જાહેરી અમલોમાં થતી તાસીર અને આંતરિક સિફતો વડે જાહેરી અમલોની હિફાઝતની સ્થિતિ વગેરેની ભાળ ન મળે તો જાહેરી અમલો પણ દુરુસ્ત થશે નહીં. અને જેહાલત તથા અજ્ઞાનતાને લીધે ન તો જાહેરી અમલોમાં દુરૂસ્તી પેદા થઈ શકે છે અને ન તો બાતિની અખ્લાકે ફાઝિલહ્ અને બુરી આદતોની જાણ થઈ શકે છે. અને અમલ કરનારના હાથમાં તકલીફો અને મેલ કચરા સિવાય કાંઈ આવતુ નથી અને આ સૌથી મોટી ખોટ તથા નુકસાન છે એટલા માટે સરકારે દો આલમ ﷺએ ઈલ્મની શાનમાં ફર્માવ્યું :–

"આલિમનું સૂવુ જાહિલની ઈબાદતથી બેહતર છે."

કેમ કે ઈલ્મ વિના અમલ કરનારાના અમલો મોટાભાગે દુરુસ્તગી અને સવાબને બદલે ખરાબી અને અઝાબનો સબબ બની જાય છે. ઈલ્મની શાનમાં હુઝૂર નબી કરીમ રઊફુર્રહીમ ﷺએ પણ ફર્માવ્યું :

"ઈલ્મ ખુશનસીબોને નસીબ થાય છે અને બદબખ્ત લોકો આ નેઅ્મતથી મેહરૂમ રહે છે."

આ ઈર્શાદનો મતલબ એ છે કે અજ્ઞાનીની બદનસીબી એ છે કે એણે ઈલ્મ તો શિખેલો હોતો નથી, કેવળ ઈબાદતની તકલીફો ઉઠાવે છે. તો એવી ઈબાદતથી કેવળ શારીરિક તકલીફ પામવા સિવાય કોઈ સવાબ મળતો નથી. બાઅમલ અને ઝાહિદ આલિમો ઈલ્મ તથા અમલથી સજ્જ હોવાને લીધે ખુદા

તઆલાને ત્યાં એમનો મકામ (સ્થાન) બાકી સર્વ લોકો કરતાં વિશેષ હોય છે, અને ઈલ્મ જ આ મર્તબાની બુલંદીનું મૂળ છે. કેમ કે ઈલ્મ ફર્માબરદારી તથા ઈબાદતનો હેતુ છે અને એના પર અમલોનો દારોમદાર છે. અહલે બસીરત અને અસ્હાબે તૌફીકો તાઈદે (ખુદાની તૌફીક પામેલા લોકોએ) આ જ પ્રમાણે આ બાબતને રજૂ કરી છે અને તેઓ સંપૂર્ણપણે આ બાબતના મૂળ સુધી પહોંચેલા છે.

ઉપર્યુક્ત બયાનથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે ઈબાદત ન તો ઈલ્મ વિના કરી શકાય છે અને ન તો ઈલ્મ વિના સલામત રહી શકે છે. જેથી સાબિત થયું કે સહી તરીકાથી ઈબાદત કરવા માટે પ્રથમ ઈલ્મ હાંસલ કરવો અનિવાર્ય છે.

ઈબાદત કરતાં ઈલ્મનું અગત્ય આધિક હોવાનું બીજું કારણ એ છે કે ઈલ્મથી દિલમાં અલ્લાહ તઆલાનો ખૌફ અને તેની બીક પેદા થાય છે. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

اِنَّمَا يَخْشَى اللّٰهَ مِنْ عِبَادِهِ الْعُلَمٰٓؤُا ''અલ્લાહનો ડર આલિમોના દિલોમાં જ છે.'' *(સૂરએ ફાતિર, ૩૫/૨૮)*

આવું એટલા માટે કે જેને ખુદા તઆલાની પેહચાન નથી હોતી તેના દિલમાં ખુદા તઆલાનો ખૌફ નથી હોતો અને ન તો આવો શખ્સ સાચા અર્થમાં રબ તઆલાની ફર્માબરદારી (તાઅત) તથા તાઝીમ અજાંમ આપી શકે છે. તો ઈલ્મથી જ રબ તઆલાની મઅરેફત તથા ઓળખ થશે અને ઈલ્મ વડે જ તેની અઝમત તથા બીક દિલમાં સ્થાન પામશે. વળી ઈલ્મ થકી જ તમામ ઈબાદત તથા ફરમાબરદારીનું ફળ મળે છે અને ઈલ્મના સબબે જ ઈન્સાન દરેક પ્રકારની ગુનાખોરીથી બચી શકે છે અથવા તો પછી અલ્લાહ તઆલાની તૌફીકથી. અને ઈબાદતનો હેતુ પણ એ જ તો બે ચીજો છે એક તેની મઅરેફત અને બીજુ દિલમાં તેનો ડર. એટલા માટે આખેરતના માર્ગના મુસાફિર ! સૌ પ્રથમ તારે ઈલ્મ હાંસલ કરવો જરૂરી તથા અનિવાર્ય છે અને તૌફીક઼ આપનારો તો અલ્લાહ જ છે. દરેક સમયે એ દુઆ કરવી જોઈએ કે તેનો ફઝલ અને તેની રહમત સૌના પર રહે.

કદાચ તમે કહેશો કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું કે, "ઈલ્મની તલાશ કરવી દરેક મુસલમાન મર્દ તથા ઔરત પર ફર્ઝ છે." તો એ કયો ઈલ્મ છે જેની તલાશ લાઝિમ તથા જરૂરી છે અને ઈબાદતની દુરૂસ્તગી માટે કેટલો ઈલ્મ જરૂરી છે ? તમારા આ પ્રશ્નનો જવાબ એ છે કે જે ઈલ્મોની તલબ ફર્ઝ છે એ ત્રણ ઈલ્મો છે : (૧) તૌહીદ (ખુદાનું એક હોવું)નો ઈલ્મ (૨) ઈલ્મે સિર્ર એટલે કે જેનો તઅલ્લુક દિલ અને દિલથી સંબંધિત બાબતોથી હોય (૩) શરીઅતનો ઈલ્મ.

પરંતુ આ ત્રણેય ઈલ્મોમાંથી એટલુ પ્રમાણ જરૂરી છે જેના થકી જરૂરતની બાબતોની સંપૂર્ણપણે ઓળખ તથા યકીન થઈ જાય.

તૌહીદના ઈલ્મમાં એટલું જરૂરી છે કે જેનાથી દીનની મૂળભૂત પાયાની બાબતોની જાણ થઈ જાય. તે મૂળભૂત (ઉસૂલ) બાબતો એ છે કે, તમને એ જાણ થઈ જાય કે આપણો એક મઅબૂદે બરહક્ક઼ (હક઼ીક઼ી મઅબૂદ) છે જે દરેક ચીજને જાણે છે અને તમામ મુમ્કિનાત પર તેની કુદરત છવાયેલી છે, જે ચાહે તે ઈરાદો કરે છે, હમેશાં જીવંત છે, અઝલ (હમેશાં)થી મુતકલ્લિમ છે, સર્વ કાંઈ જુએ તથા સાંભળે છે, એક છે, તેનો કોઈ ભાગીદાર નથી, તે સર્વ કમાલની સિફતો હમેશાંથી હમેશાં માટે ધરાવનારો છે, દરેક અયબ તથા ખામીઓથી અલિપ્ત તથા પાક છે, તેના પર કદી ઝવાલ (પડતી) નથી આવી શકતો, ઈમ્કાન (ઝવાલની શક્યતા)ની શંકાથી પણ પાક છે અને ક઼દીમ (હમેશાંથી) પણ તે જ છે.

અને એ પણ યકીન કરે કે હઝરત મુહમ્મદ ﷺ અલ્લાહ તઆલાના ખાસ બંદા અને રસૂલ છે અને જે અહકામ (હુકમો) આપ અલ્લાહ તરફથી લાવ્યા સૌ હક્ક છે અને આખેરતના બારામાં જે ખબરો આપે આપી છે તે સર્વ બરહક્ક છે. પછી તે અહકામ તથા મસાઈલને પણ જાણી લે જે સુન્નત છે જેથી કરીને શરીઅત વિરૂધ્ધ કામો અને બિદઅતોથી મહફૂઝ રહે, એટલા માટે કે બિદઅતમાં પડીને ઈન્સાન સુન્નતની પયરવીથી વંચિત થઈ જાય છે અને દીન ખતરામાં પડી જાય છે.

તૌહીદની દલીલોના ઉસૂલો તથા કુલ્લિયાત કિતાબુલ્લાહમાં મૌજૂદ છે અને આપણા મશાઈખે (શયખોએ) ઉસૂલે દિયાનાતની કિતાબોમાં આ દલીલોને સ્પષ્ટતાથી લખી છે. સારાંશ એ કે જે ચીજથી અજ્ઞાન રહીને ગુમરાહીમાં પડવાનો

ખતરો હોય તેનો ઈલ્મ પ્રાપ્ત કરવો જરૂરી છે. ઈલ્મની અહમિયતને સારી પેઠે દિમાગમાં બેસાડો અને તૌફીક઼ તો અલ્લાહના જ હસ્તક છે.

અને ઈલ્મે સિર્રનો મતલબ એટલા પ્રમાણમાં જાણવું જરૂરી છે કે ક઼લ્બ (દિલ)ની સફાઈના સબબો માલૂમ થઈ જાય અને એ ખબર પડી જાય કે કઈ કઈ ચીજથી દિલને પાક કરવું જરૂરી છે જેથી દિલમાં અલ્લાહ તઆલાની બીક તથા તાઝીમ અને અમલોમાં ઈખ્લાસ (નિખાલસતા) પેદા થાય. ઉપરાંત એ બાબતોને જાણવી પણ જરૂરી છે જેનાથી નિય્યત સાબૂત (દુરુસ્ત) રહી શકે અને જાહેરી તથા બાતિની (આંતરિક) અમલો તથા ઈબાદતો, જાહેરી તથા બાતિની આફતોથી મહફૂઝ રહી શકે. અને એ બધી વાતોનુ બયાન ઈન્શા અલ્લાહુ તઆલા આપણી આ કિતાબમાં આગળ જતાં આવશે.

અને શરીઅતના ઈલ્મને એટલા પ્રમાણમાં જાણવો જરૂરી છે જેનાથી એ જાણ થઈ જાય કે આ બાબતો જરૂરી છે જેથી તેને અદા કરી શકે. જેમ કે નમાઝ, રોઝા વગેરે. પણ હજ્જ, ઝકાત અને જેહાદ વગેરેના હુકમો તથા મસાઈલને જાણવા જરૂરી છે જેના પર એ ફર્ઝ હોય અને જેના પર એ ચીજો ફર્ઝ નથી તેણે તેના જુઝઈયાત અને તફસીલ જાણવી જરૂરી નથી. આ ત્રણ ઈલ્મોથી બસ આટલુ જાણવું લાઝિમ તથા જરૂરી છે અમે બયાન કરી દીધું.

## ★ તૌહીદના ઈલ્મમાં શું જાણવું જરૂરી ? ★

**સવાલ** : શું તૌહીદના ઈલ્મમાં એ જાણવું પણ જરૂરી છે જેનાથી બાતિલ મઝહબોની રદ થઈ શકે અને જેનાથી ઈસ્લામની હક્કાનિયત તેમના પર સાબિત કરી શકાય અને જે દલીલોથી તમામ બિદઅતોને બાતિલ સાબિત કરવામાં આવી શકે, અને નબવી સુન્નતોની હક્ક઼ાનિયતને જાહેર કરી શકાય ?

**જવાબ** : હે અઝીઝ ! આ તમામ વિગતોને જાણવું ફર્ઝે કિફાયહ છે એટલે કે સર્વ લોકો પર લાઝિમ નથી. હા, તમારે એટલુ જાણવું જરૂરી છે કે જેનાથી તમારા અકીદાઓ દુરુસ્ત રહી શકે અને બસ. તમારા માટે એ જરૂરી નથી કે ઈલ્મે તૌહીદની તમામ શાખો અને તેની બારીકીઓ અને અન્ય એ સંબંધી ચીજોને જાણો. હા, જો ક્યાંક તમને દીનના પાયાના મસ્અલાઓમાં શંકા જાગે અથવા

શંકા જવાનો ભય થાય તો સંક્ષિપ્ત ચર્ચા થકી કોઈ અન્ય વ્યક્તિ થકી એ શંકાનુ નિવારણ કરાવી શકો છો. લડાઈ ઝઘડાઓથી હમેશાં પરહેઝ કરો કેમ કે લડાઈ ઝઘડા એક ખતરનાક બીમારી છે જેનો કોઈ ઈલાજ નથી, એટલા માટે હમેશાં એનાથી બચો. કેમ કે જે શખ્સ આ બીમારીમાં સપડાઈ જાય તો જો અલ્લાહ તઆલાની રહમત તથા મહેરબાની એમના પર ન થઈ તો તેમનું સલામત રહેવું મુશ્કેલ થઈ જાય છે.

વળી, હે અઝીઝ ! એ પણ જાણી લે કે જ્યારે દુનિયાના દરેક ઈલાકામાં અહલે સુન્નત વ જમાઅતના મુબલ્લિગો તથા આલિમો મૌજૂદ છે જેઓ ગુમરાહ ફિર્કાઓની રદમાં વ્યસ્ત છે અને તેઓ આ રદના વિષયે પુખ્તા માલૂમાતના માલિક પણ છે અને ગુમરાહોના વસવસાઓ, શંકા કુશંકાઓથી અહલે હક્ક઼ સુન્નીઓને પાક કરતા રહે છે તો આ તફસીલોમાં પડવું તમામના માથેથી ઉતરી ગયું.

એ જ પ્રમાણે ઈલ્મે સિર્રની કઠણાઈઓ જાણવી પણ જરૂરી નથી અને ન તો તમામ દિલની અજાઈબીઓના મૂળ સુધી પહોંચવું જરૂરી છે, કેવળ એટલી માલૂમાત જરૂરી છે જેનાથી ઈબાદતોને દરેક પ્રકારના અયબો તથા ત્રુટીઓથી મહફૂઝ રાખવામાં આવી શકે અને જેના થકી ઈબાદતોને સંપૂર્ણપણે અદા કરી શકાય. જેમ કે ઈખ્લાસ, હમ્દ, શુક્ર અને તવક્કુલ વગેરેની હકીકત. એ સિવાય વધારે માલૂમાતમાં પડવાની જરૂરત નથી.

એ જ પ્રમાણે ઈલ્મે શરીઅતમાં તમામ ખરીદ વેચાણ, ઈજારો, નિકાહ, તલાક઼ અને જિનાયાત (સજાઓનું પ્રકરણ) વગેરેના મસાઈલ શીખવા પણ તમામના ઉપર લાઝિમ નથી, બલ્કે આનો વિગતવાર ઈલ્મ પણ ફર્ઝે કિફાયહ છે.

## ★ ઈલ્મે તૌહીદ માટે ઉસ્તાદ જરૂરી ★

**સવાલ** : શું ઈલ્મે તૌહીદની જરૂરી માલૂમાત ઉસ્તાદથી શીખ્યા વિના કેવળ પોતાના વિચાર ચિંતનથી હાંસલ થઈ કે છે ?

**જવાબ** : આ વિષયમાં ઉસ્તાદથી મદદ લેવી જરૂરી છે કેમ કે એ મુશ્કેલ સ્થાનોને સમજાવે છે અને ઈલ્મી ગુંચવણોને આસાન કરે છે, તેની રહનુમાઈમાં

ઈન્સાન આસાનીથી ઈલ્મ પ્રાપ્તિ કરી શકે છે. અને જે શખ્સ પર ખુદાનો ખાસ એહસાન થાય છે તેને જ દીનના મુઅ્લ્લિમ (શિક્ષક) બનવાનો શરફ અતા થાય છે.

તો હે અઝીઝ ! એ પણ જાણી લે ઈલ્મની ઘાટી ભલે ઘણી કઠિન ઘાટી છે છતાં તેના વિના હેતુ સિધ્ધ કરવો પણ અશક્ય છે. અને જો કે તેનો લાભ ઘણો જ છે છતાં આ ઘાટીમાંથી પસાર થવું પણ મુશ્કેલ છે અને એમાં મોટા મોટા ખતરાઓ છે. કેટલાયે એવા છે જેમણે ઈલ્મ હાંસલ ન કર્યો તો ગુમરાહ થઈ ગયા અને કેટલાયે એવા છે જેઓ આ માર્ગે ચાલ્યા પણ રસ્તામાં લપસી પડયા અને એ માર્ગમાં ઘુમનારા પરેશાનીઓના શિકાર થઈ ગયા અને હજારો આ માર્ગે ચાલનારા લાપતા થઈ ગયા, અને કેટલાયે એવા છે જેઓ આ ઘાટીને પાર પાડવા આગળ વધ્યા તો અલ્લાહની ઈમદાદથી થોડાક જ સમયમાં મંઝિલે મકસૂદ પર પહોંચી ગયા અને કેટલાક એવા છે જેઓ સિત્તેર વરસોથી આ મંઝિલને પાર પાડવામાં વ્યસ્ત છે, અને દરેક ચીજનો ઈખ્તિયાર વાસ્તવમાં અલ્લાહ તઆલાને જ છે.

## ★ લાભકારક ઈલ્મ કયો ? ★

પરંતુ જેમ કે અમે વર્ણન કર્યું કે ઈલ્મનો લાભ ઘણો જ વિશેષ પ્રમાણમાં છે, કેમ કે બંદો ઈબાદતના મામલામાં ઈલ્મનો સખત મોહતાજ છે અને ઈબાદતની દીવાલ ઈલ્મ પર સ્થાપિત થઈ શકે છે, ખાસ કરીને ઈલ્મે તૌહીદ અને ઈલ્મે સિર્ર. ઈલ્મના વિશે એ રિવાયત આવે છે કે એકવાર અલ્લાહ તઆલાએ હઝરત દાઊદ (ﷺ)ની તરફ વહી ફર્માવી કે :–

હે દાઊદ ! નફાકારક ઈલ્મ હાંસલ કર. આપે અર્ઝ કરી, નફાકારક ઈલ્મ કયો છે ! તો રબ તઆલાએ ફર્માવ્યું, નફાકારક ઈલ્મ તે છે જેનાથી તને મારા જલાલ, મારી અઝમત, મારી બડાઈ અને દરેક ચીજ પર મારી કુદરતની કમાલની ભાળ મળે, કેમ કે એવો ઈલ્મ જ તને મારી નજીક કરી શકે છે.

અને સૈયદના હઝરત અલી رضي الله عنهથી મરવી છે કે આપે ફર્માવ્યું, હું એ વાતને પસંદ નથી કરતો કે હું નાબાલિગીમાં જ મૃત્યુ પામત અને જન્નતમાં દાખલ કરી દેવામાં આવતે અને મોટો થઈને ખુદાની મઅ્રેફત હાંસલ ન કરત.

અને એ એટલા માટે કે જેને અલ્લાહ તઆલાની મઅરેફત વધુ હશે તેમાં ખુદાનો ખૌફ પણ વધુ હશે અને જેને ડર વધુ હશે તે વધુ ઈબાદત કરશે અને જે ઈબાદત વધુ કરશે તેનો સંબંધ પણ અલ્લાહની સાથે વધુ નિખાલસતાપૂર્ણ (ખાલિસ) હશે.

પરંતુ ઈલ્મ હાંસલ કરતી વખતે સૌથી અધિક ખુલૂસ (ઈખ્લાસ) પર ધ્યાન રાખવું જોઈએ અને રિવાયત કરતાં દિરાયત (તે ઉસૂલનો જેનો મતલબ કોઈ રિવાયતને અકલી તૌર પર પારખવાનો છે તેને)ને અધિક તલબ કરવું જોઈએ, કેમ કે ઈલ્મમાં ખતરાઓ પણ ઘણા છે. એટલા માટે કે જે શખ્સ એ હેતુથી ઈલ્મ હાંસલ કરે કે લોકો એના તરફ આકર્ષાય અને ઈલ્મ વડે અમીરોની મિત્રતા હાંસલ થાય અને ઈલ્મના સબબે બહષ તથા મુનાઝરા કરનારાઓ સામે ફખ્ર તથા શૈખી કરે અને ઝલીલ દુનિયાને ભેગી કરે તો એવા શખ્સની નિય્યત ફાસિદ છે, અને તેની આ તિજારત તબાહકારી અને તેની લેણદેણ નુકસાનકારક છે. સરકારે દો આલમ ﷺએ ફર્માવ્યું, **જે શખ્સ એટલા માટે ઈલ્મ હાંસલ કરે જેથી આલિમો સામે ફખ્ર કરે અથવા બવકૂફો સાથે ઈલ્મ વડે ઝઘડે અથવા લોકોનું ધ્યાન પોતાના તરફ ફેરવે તો એવા શખ્સને અલ્લાહ તઆલા દોઝખની આગમાં નાખશે.** *(મિશ્કાત)*

હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, **મેં ત્રીસ વરસ મુજાહિદો કર્યો તો ઈલ્મ અને તેના ખતરાઓથી અધિક સખત કોઈ ચીજને ન જોઈ.**

અને એ વાતથી પણ બચવું કે શૈતાન ક્યાંક તમારા ઝહનમાં એ વહેમ ન નાખી દે કે, જ્યારે ઈલ્મમાં આટલા ખતરાઓ છે તો એને મેળવવું જ ન જોઈએ ! એવો વહેમ ઠીક નથી કેમ કે હુઝૂર (علیہ الصلوٰۃ والسلام)થી મરવી છે કે આપે ફર્માવ્યું,

**"મેઅરાજની રાત્રે મેં દોઝખવાળાઓને જોયા તો મને તેમાં ફકીર તથા મોહતાજ વધુ જોવા મળ્યા. સહાબાએ અર્ઝ કરી, શું માલ તથા દૌલતના મોહતાજ ? તો આપે ફર્માવ્યું કે નહીં ! બલ્કે ઈલ્મના મોહતાજ."**

તો જે શખ્સ ઈલ્મ ન શીખે તે ઈબાદતો તથા તેના અરકાનો ઠીક તરીકાથી અદા નથી કરી શકતો. ધારો કે **કોઈ શખ્સ તમામ આસમાનોના ફરિશ્તાઓ**

**જેટલી ઈબાદત કરે પણ ઈલ્મ ન હોય તો તે નુકસાન (ખસારા)માં જ રહેશે !** એટલા માટે જે રીતે પણ શક્ય હોય ઈલ્મ હાંસલ કરો અને તેને હાંસલ કરવામાં પરેશાન ન બનો કે આળસુ ન બનો, નહીં તો ગુમરાહીના ખતરાઓથી ભેટી પડશો. દરેક પ્રકારની ગુમરાહીથી અલ્લાહની પનાહ !

વળી જ્યારે તમે અલ્લાહ તઆલાની કારીગરીમાં વિચાર કરશો અને ખૂબ ઊંડાણપૂર્વક જોશો તો તમને યકીન થઈ જશે કે અમારો એક મઅબૂદ છે જે સર્વ કાંઈ કરી શકે છે, જેને દરેક ચીજનો ઈલ્મ છે, જે હમેશાં ઝિંદા છે અને જે ચાહે તે કરે છે, જે દરેક વાતને સાંભળે અને જુએ છે, જે અઝલ (હમેશાં)થી મુતકલ્લિમ (કલામ કરનાર) છે. જેનો ઈલ્મ, ઈરાદો અને કલામ ફના અને ઝવાલ (પડતી)થી પાક છે. જે દરેક ઐબ તથા ખામીથી પાક છે, જે મુમકિનાતની સિફતથી મૌસૂફ નથી થઈ શકતો અને ન તો મખ્લૂકની ચીજોની ખાસિયતો તેનામાં જોવા મળી શકે છે, ન તો તે મખ્લૂકમાંથી કોઈ વાતમાં સમાન છે અને ન મખ્લૂક પણ કોઈ વાતમાં તેની જેમ છે. તે મકાન તથા દીશાની પાબંદીથી પાક છે અને આફતો કે અકસ્માતો તેના પર નથી આવી શકતાં.

એ જ રીતે જ્યારે તમે સરકારે દો આલમ (ﷺ)ના મોઅજિઝાઓ, આપની વિશિષ્ટતાઓ અને નબુવ્વતની અલામતો (નિશાનીઓ) પર વિચાર કરશો તો તમને યકીન થઈ જશે કે આપ ﷺ અલ્લાહના રસૂલ અને તેની વહી પહોંચવામાં અમીન છે. વિચાર કરવા પર તમારા પર એ બાબતની હક્કાનિયત સ્પષ્ટ થઈ જશે કે સલફે સાલેહીન (આગલા બુઝુર્ગો)નો એ અકીદો કે જન્નતમાં અલ્લાહ તઆલાનો દીદાર દીશા અને મકાન વગર થશે એ હક્ક છે અને એ કે તે હમેશાંથી મૌજૂદ છે પણ કોઈ હદમાં મહદૂદ (સીમિત) નથી. અને તમારા આગળ એ વાતની હક્કાનિયત પણ રોશન થઈ જશે કે તેનું કલામ ગૈરમખ્લૂક છે અને એ કે તે હુરૂફ (શબ્દો) અને અસ્વાતથી રચાએલ નથી. કેમ કે હુરૂફ તથા અસ્વાત નવ સર્જીત નાશવંત (હાદિષ) છે અને હાદિષ ચીજ કદીમની સિફત નથી થઈ શકતી. (હાદિષ–પહેલાં ન હતી પાછળથી સર્જન પામેલી, કદીમ–હમેશાંથી હોય, સિફત–ખૂબી, ગુણ)

વિચાર કરતાં એ પણ તમારા સમક્ષ જાહેર થઈ જશે કે જે કાંઈ મલકો મલકૂતમાં ઉપસ્થિત થાય છે તે ખુદાની તક્દીર અને કઝાએ ઈલાહીથી થાય છે અને દરેક ચીજનું અસ્તિત્વ પામવું પણ તેના ઈરાદાથી અને મશિય્યત (મરજી)થી થાય છે. ભલાઈ તથા બુરાઈ પણ તેના તરફથી છે અને નફા તથા નુકશાનનો માલિક પણ હકીકતમાં તે જ છે અને કુફ્ર તથા ઈમાન પણ તેના જ તરફથી છે અને મખ્લૂકના માટે તેના પર કોઈ ચીજ લાઝિમ નથી. તે જો કોઈને સવાબ અતા ફરમાવે તો એ તેનો ફઝલ છે અને જો કોઈને અઝાબ આપે તો એ તેનો અદ્લ (ન્યાય) છે. અને જ્યારે તમને એનું પણ યકીન થઈ જાય કે જે ઈર્શાદો પણ નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامની હક્કની તર્જુમાની કરતી ઝબાન વડે બહાર પડયા છે તે સૌ હક્ક્ અને દુરૂસ્ત છે અને હશ્ર તથા નશ્ર, અઝાબે કબ્ર, મુન્કર નકીરના સવાલો વગેરે વિશે આપે જે ખબરો આપી છે તે સર્વ સાચી અને હક્ક્ છે. અને સલફે સાલેહીનનો તે સર્વ વાતો પર એતેકાદ હતો અને તેઓ સર્વે એના પર મજબૂતીથી જામેલા હતા અને આ સર્વ બાબતો પર નફસાની હેતુઓ તથા બિદઅતો પેદા થતાં પહેલાં ઈત્તેફાક તથા ઈજમાઅ થઈ ચૂક્યો છે. (અલ્લાહ તઆલા ખ્વાહિશોની પયરવી અને શરીઅત વિરૂધ્ધ બાબતોની પયરવી કરવાથી આપણને સૌને બચાવે. –આમીન)

વળી જ્યારે દિલના અમલો, બાતિની (આંત્રિક) સબબો અને તે ચીજો પર વિચાર કરશો જેનું જાઈઝ તથા નાજાઈઝ હોવું આ કિતાબમાં દર્શાવેલું છે તો તમને એ ચીજોની ઓળખ પણ થઈ જશે જેની તમને ઈબાદતમાં જરૂરત છે, જેમ કે તહારત (પાકી), નમાઝ અને રોઝા વગેરેનો ઈલ્મ.

સારાંશ એ કે જ્યારે તમને ઉપરોક્ત વર્ણવેલ તમામ ચીજોનું પૂર્ણપણે ઈલ્મ તથા યકીન થઈ જશે તો હવે તમે ઉમ્મતે મુહમ્મદિય્યહના રાસિખીન (મજબૂત) આલિમોના ગિરોહ (ઝુમરા)માં સામેલ થઈ ગયા. હવે જો તમે ઈલ્મના પ્રમાણે પૂર્ણપણે અમલ પણ કર્યો અને પોતાની આખેરત દુરૂસ્ત તથા આબાદ કરવામાં લાગી ગયા તો આબિદ હોવાની સાથોસાથ એક સાહિબે બસીરત આલિમ પણ બની ગયા અને દીનના બારામાં હવે તમે ખુદાના ફઝલથી જાહિલ અથવા ગાફિલ નથી રહ્યા અને ન તો કોઈના મુકલ્લિદ રહ્યા. તમને આવી

બુઝુર્ગીને માટે મુબારકબાદી આપવી જોઈએ. તમારા ઈલ્મની ઘણી જ વિશેષ પ્રમાણમાં કિંમત છે અને તમને એના પર ઘણો જ મોટો સવાબ મળશે અને તમે ઈલ્મની ઘાટીને પાર પાડી નાખી અને ઈલ્મના બારામાં અલ્લાહ તઆલાનો જે તમારા પર હક્ક હતો તેને તમે ખુદાના ફઝ્લથી અદા કરી આપ્યો.

અલ્લાહ તઆલાથી દુઆ છે કે તે આપણને દીન પર કાયમ રહેવાની તૌફીક અતા ફર્માવે. وَهُوَ اَرْحَمُ الرَّاحِمِيْنَ۔ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ

## બીજી ઘાટી

### ★ તૌબાના બયાન વિશે ★

તો હે ઈબાદતના તાલિબ ! તારે ઈબાદતમાં મશગૂલ થતાં પહેલાં પોતાના ગુનાહોથી તૌબા કરવી લાઝિમ છે.

એક તો એટલા માટે કે તૌબાના સબબે તમને તાઅત (ફરમાબરદારી) અને ઈબાદતની તૌફીક નસીબ થાય કેમ કે ગુનાહોની નહૂસત બંદાને તાઅત તથા ઈબાદત કરવાથી મેહરૂમ કરી નાખે છે અને તેના પર ઝિલ્લત તથા રુસ્વાઈ સવાર કરી દે છે. યક઼ીન જાણો કે ગુનાહ એક એવી ઝંજીર (બેડી) છે જે બંદાને ફરમાબરદારી અને નેકીની તરફ જવાથી રોકી દે છે અને ગુનાહોની હાજરીમાં નેક કામોમાં જલ્દી નથી થઈ શકતી, કેમ કે ગુનાહોનો બોજ નેકીઓના સુકૂનને પેદા થવા નથી દેતો અને ન તો ફરમાબરદારીમાં સંતોષ કે ખુશી પેદા થવા દે છે અને ગુનાહો પર ગુનાહ કરતા રહેવાથી અને તેના પર અડી જવું દિલને સિયાહ (કાળુ) કરી નાખે છે. આ રીતે માણસ દિલની સખ્તાઈ અને ગુનાહોની તારીકી (અંધકાર)માં અટવાઈ પડે છે, ન તેમાં ખુલૂસ પેદા થઈ શકે છે અને ન તો દિલની સફાઈ અને ન તો ઈબાદતમાં લિજ્જત તથા મીઠાશ પેદા થઈ શકે છે.

જે શખ્સ ગુનાહોથી તાઈબ નહીં થશે (તૌબા નહીં કરે) તો જો ખુદાનો ફઝ્લ તેના પર નહીં થાય તો ક્રમે ક્રમે ગુનાહ તેને કુફ્ર સુધી પહોંચાડી દેશે. એવા શખ્સ પર બદબખ્તી સવાર થઈ જશે. જેથી એવા શખ્સ પર આશ્ચર્ય છે કે આ નહૂસતના હોવાની સ્થિતિમાં તેને ખુદાની ફરમાબરદારીની તૌફીક કેવી રીતે

મળી શકે છે અને ગુનાહો પર અડી જનાર શખ્સ ખુદા તઆલાની ફરમાબરદારીનો દાવો કેવી રીતે કરી શકે છે ?! અને શરીઅત વિરૂધ્ધ બાબતોને અપનાવવાની સાથે તે ઈબાદતે ખુદાવંદી કેવી રીતે કરી શકે છે ! એ જ રીતે જે શખ્સ ગુનાહોની ગંદકીથી ખરડાયેલો હોય તે અલ્લાહની મુનાજાતનો કુર્બ કેવી રીતે હાંસલ કરી શકે છે ? એટલા માટે હુઝૂર (ﷺ)એ ફર્માવ્યું :

"જ્યારે ઈન્સાન જૂઠુ બોલે છે તો બંને કિરામન કાતિબીન (ફરિશ્તા) જૂઠની બદબૂના લીધે તેનાથી દૂર થઈ જાય છે."

તો જૂઠ અને ગીબતની મૌજૂદગીમાં જીભ ઝિક્રે ઈલાહીના લાયક કેવી રીતે થઈ શકે છે. એટલા માટે ગુનાહો પર જામી જનાર માણસને નેક કામની તૌફીક઼ મળવી અતિ કઠિન છે. અને ન તો ઈબાદત કરતી વેળા એવા શખ્સના અંગોમાં સ્ફુર્તિ તથા સુકૂન પેદા થઈ શકે છે. એવો શખ્સ કંઈક ભાગી તૂટી ઈબાદત કરશે તો તે પણ તકલીફની સાથે. વળી એવી ઈબાદતમાં લિજ્જત તથા સફાઈ વગેરે કાંઈ હશે નહીં. આ સર્વ કાંઈ ગુનાહોની નહૂસત અને તૌબા ન કરવાથી થશે. એ શખ્સે સાચુ ફર્માવ્યું છે જેણે કહ્યું છે કે **જો તું રાત્રે તહજ્જુદ પઢવાની અને દિવસના રોઝા રાખવાની શક્તિ નથી ધરાવતો તો સમજી લે કે તુ મનહૂસ થઈ ચૂક્યો છે અને ગુનાહોની નહૂસત તારા પર સવાર થઈ ચૂકી છે.**

તૌબા અનિવાર્ય હોવાનુ બીજુ કારણ એ છે કે તૌબા વિના ઈબાદત કબૂલ નથી થતી, જે રીતે કરજદારનું કરજ અદા કર્યા પહેલાં તેની સમક્ષ હદિયા તોહફાની કોઈ કિંમત નથી હોતી અને ન તો એ તેને કબૂલ કરશે, એ જ રીતે પ્રથમ ગુનાહોથી તૌબા લાઝમી છે ત્યારબાદ સર્વ નફલી ઈબાદતો સ્વીકારશે. એ જ રીતે **જ્યારે ફર્ઝો કોઈના જિમ્મે બાકી હોય તો તેના નવાફિલ વગેરે કેવી રીતે કબૂલ થઈ શકે છે ? એ જ રીતે જો કોઈ શખ્સ હરામ તથા મના કામો તો છોડતો નથી પણ મુબાહ તથા હલાલ ચીજોમાં પરહેઝ તથા સાવચેતી કરે તો તેનું આવું પરહેઝ કરવું શું કદર ધરાવી શકે ?** અને તે શખ્સ ખુદા તઆલાથી મુનાજાત (દુઆઓ) કરવાથી, તેની બારગાહમાં પસંદીદા અને તેની ષના કરવાને લાયક કઈ રીતે થઈ શકે છે જેના

પર ખુદા તઆલા નારાજ અને ગુસ્સે હોય.

## ★ સાચી તૌબા કોને કહેવાય ? ★

**સવાલ** : 'તૌબતુન્નસૂહ'નો શો મતલબ છે ? તેની વ્યાખ્યા શું છે ? અને બંદાએ શું કરવું જોઈએ જેનાથી તેના સર્વ ગુનાહો માફ થઈ જાય ?

**જવાબ** : દિલના કામોમાંથી એક કામ તૌબા છે અને સામાન્યતઃ આલિમોએ તેની આ પ્રમાણે વ્યાખ્યા દર્શાવી છે, ''દિલને ગુનાહોથી પાક કરવું.''

અને અમારા શયખ رحمۃ اللہ علیہએ આ પ્રમાણે દર્શાવ્યું, ''ભાવિ માટે એવા ગુનાહોને છોડવાનો નિશ્ચય કરવો જે દરજાના ગુનાહ પહેલાં થઈ ચૂક્યા હોય અને આ ત્યાગ કેવળ ખુદાની તાઝીમ અને તેની નારાજગીના ડરને કારણે હોય.''

શયખની વ્યાખ્યાના આધારે તૌબાની ચાર શરતો છે :–

**(૧)** ગુનાહો ત્યજી દેવાનો ઈરાદો : એનો મતલબ એ છે કે પોતાના દિલને એ વાત પર અડગ અને મજબૂત કરે કે ભવિષ્યમાં કદી ગુનાહો તરફ વળીશ નહીં પરંતુ જો કોઈ શખ્સ ગુનાહોને ત્યજી દે પણ દિલમાં ખયાલ હોય કે ફરી કદી કરીશ અથવા ગુનાહોને છોડવાનો ઈરાદો જ કાચો પોચો હોય તો એવો શખ્સ કેટલીવાર ફરી ગુનાહોમાં સપડાઈ જાય છે. એવો શખ્સ ભલે થોડા સમય ગુનાહોથી રોકાઈ જાય છે પણ તેને તાએબ (તૌબા કરનાર) કહેવામાં આવશે નહીં.

**(૨)** બીજી શરત એ છે કે જે ગુનાહથી તૌબા કરી રહ્યો હોય એ પ્રકારનો ગુનોહ અગાઉ ક્યાંક તેનાથી થઈ ચૂક્યો હોય. કેમ કે જો પહેલાં તેનાથી એવો ગુનોહ નથી થયો કેવળ ભવિષ્યના માટે તેનાથી બચે છે તો એવા શખ્સને તાએબ કહીશું નહીં બલ્કે મુત્તકી કહીશું. શું તમને ખબર નથી કે નબીએ કરીમ (صلی اللہ علیہ وسلم)ને કુફ્રથી બચનાર તો કહી શકીએ છીએ પણ કુફ્રથી તૌબા કરનાર નથી કહી શકતા, કેમ કે કુફ્ર તો મઆઝલ્લાહ કદી પણ આપનાથી થયું નથી. અને હઝરત ઉમર رضی اللہ عنہને કુફ્રથી તાઈબ (તૌબા કરનાર) કહીશું કેમ કે આપ પહેલાં કુફ્રની હાલતમાં રહી ચૂક્યા હતા.

**(૩)** ત્રીજી શરત એ છે કે તે ગુનાહ રુત્બામાં (પ્રમાણમાં) પહેલા ગુનાહની

જેમ હોય, નહીં કે સ્થિતિમાં (પ્રકારમાં). શું તમને ખબર નથી કે જે ઘરડા વૃધ્ધે યૌવનકાળમાં વ્યભિચાર કે ડાકૂગીરી કરી હોય તે હવે ઘડપણમાં તૌબા તો કરી શકે છે કેમ કે તૌબાનો દરવાજો બંધ નથી થયો, પણ હવે તેને વ્યભિચાર કે ડાકૂગીરીને છોડવાનો ઈખ્તિયાર નથી કેમ કે તે હવે અમલી તૌર પર એ ગુનોહ કરવા શક્તિમાન નથી. તો હવે એ વ્યભિચાર કે ડાકૂગીરી કરવા પર કાદિર નથી એટલા માટે એવું નથી કહી શકતા કે એ પોતાના ઈખ્તિયારથી એને છોડી રહ્યો છે અથવા તેનાથી રોકાઈ રહ્યો છે કેમ કે તે હવે લાચાર થઈ ચૂક્યો છે, હવે તેનામાં તે કામો કરવાની શક્તિ નથી. પણ તે એ સમયે પણ વ્યભિચાર તથા ડાકૂગીરી જેવા અન્ય હરામ તથા મના કામો પર શક્તિમાન છે જેમ કે જૂઠ બોલવું, કોઈના પર ઝિનાનો આક્ષેપ લગાડવો, કોઈની ગીબત કે ચુગલી કરવી વગેરે બાબતો, આ સૌ ગુનાહ છે, જો કે દરેકમાં પોત પોતાની વિવિધતાના હિસાબે તફાવત છે. પરંતુ આ તમામ ગુનાહ એક જ રુત્બામાં ગણાય છે. પણ આ ગુનાહો બિદઅતની પયરવીથી કમ છે અને બિદઅતની પયરવી કુફ્રથી કમ છે જેથી આ તૌબા જે ઝિના કે ડાકૂગીરીથી થશે તે જાહેરમાં તૌબા હશે.

**(૪)** ચોથી શરત એ છે કે ગુનાહોથી તૌબા અલ્લાહ તઆલાની તાઝીમના માટે અને દર્દનાક અઝાબોથી ડરીને હોય. કોઈ દુનિયાવી હેતુ અથવા લોકોની બીકે અથવા પ્રશંસા પામવા કે ખ્યાતિ પામવા અથવા શારીરિક અશક્તિના કારણે કે મોહતાજીને લીધે અથવા અન્ય કોઈ રુકાવટના લીધે ન હોય.

જ્યારે તૌબાના આ અરકાન તથા શરતો જોવા મળે તો તૌબા મુકમ્મલ તૌર પર થશે અને એને સાચી તૌબા કહેવામાં આવશે.

તૌબા કરતાં પહેલાં પ્રાસ્તાવિક ત્રણ ચીજોનું હોવું જરૂરી છે :–

**પ્રથમ** : એ કે પોતાના ગુનાહોને ખૂબ જ ખરાબ કામ ગણે.

**બીજુ** : એ કે અલ્લાહ તઆલાના અઝાબની સખતાઈ અને તેના ગઝબની સખ્તીને દિલમાં હાજર કરે.

**ત્રીજુ** : એ કે પોતાની કમજોરી અને ગુનાહના બારામાં પોતાની બેહયાઈને મહસૂસ કરે અને તેનો સ્વીકાર કરે. કેમ કે જે શખ્સ સૂરજની તીવ્ર ગરમી,

ચોકીદારની થપ્પડ અને કીડીના કરડવાને સહન નથી કરી શકતો તે દોઝખની ગરમી, જહન્નમના ફરિશ્તાઓના માર અને અતિશય ઝેરીલા સાપોના દંશ કેવી રીતે વેઠી શકે છે. દોઝખમાં વીછી ખચ્ચર જેટલા મોટા અને ત્યાંના સાપ ઊંટની ગરદન જેટલા જાડા હશે. અને આ સાપ વીછી વગેરે દોઝખની આગના હશે. તે વખતે તેઓ ગઝબ અને ગુસ્સાના મકાનમાં રાખેલા હશે. આપણે વારંવાર ખુદાના ગઝબ અને અઝાબથી પનાહ માગીએ છીએ.

તમે જો આ ભયાનક બાબતોને યાદ રાખશો અને રોજ રાત દિવસમાં કોઈક સમયે તેની યાદ તાજી કરતા રહેશો તો જરૂર તમને ગુનાહોથી ખાલિસ (સાચી) તૌબા નસીબ થઈ જશે. અલ્લાહ તઆલા દરેકને પોતાના ફઝ્લથી તૌબાની તૌફીક્ આપે.

**સવાલ** : જો કોઈ શખ્સ એવુ કહે કે નબીએ કરીમ ﷺ એ તો તૌબાના વિશે કેવળ એવું ફર્માવ્યું છે કે, "ગુનાહો પર શર્મિંદા થવાનું, પસ્તાવો કરવાનું નામ તૌબા છે." તૌબાના જે અરકાન તથા શરતો તમે બયાન કરી તેનો હુઝૂરે તો કોઈ ઉલ્લેખ નથી કર્યો.

**જવાબ** : કેવળ શરમાવાને તૌબા કહેવામાં આવશે નહીં કેમ કે ગુનાહો પર શર્મિંદગી બંદાના ઈખ્તિયારમાં નથી. તમે એ ચીજને અનુભવતા હશો કે કેટલીકવાર બંદો એક કૃત્ય માટે શર્મિંદો થાય છે, પસ્તાવો કરે છે, જો કે દિલથી તે આ પસ્તાવા કે શર્મિંદગીને પસંદ નથી કરતો. જેથી જણાયું કે શર્મિંદગી તથા પસ્તાવો બંદાના તાબામાં નથી અને તૌબા તો ઈખ્તિયારી ચીજ છે, એટલા માટે તૌબાનો હુકમ આપવામાં આવ્યો.

તો આ ખુલાસાથી સ્પષ્ટ રીતે જાણવા મળ્યું કે શર્મિંદગી તથા પસ્તાવો યકીનન અયન (મુદ્દલે) તૌબા નથી એટલા માટે ઉપરોક્ત હદીષનો મતલબ એ નથી જે જાહેરી રીતે સમજવામાં આવે છે બલ્કે તેનો એ અર્થ છે કે અલ્લાહ તઆલાની અઝમત તથા બીકનો વિચાર કરીને અને તેના દર્દનાક અઝાબના ભયથી જે શર્મિંદગી તથા પસ્તાવો બંદાના દિલમાં પેદા થાય છે તે બંદાને ખાલિસ તૌબા (ખરા દિલની તૌબા) કરવા માટે પ્રેરે છે અને આવી શર્મિંદગી તથા પસ્તાવો સાચી તૌબા કરનારાઓની હાલત તથા સિફત છે. કેમ કે બંદો જ્યારે ઉપરોક્ત

વર્ણવેલ તૌબાની પ્રાસ્તાવિક વાતોને વારંવાર ખયાલમાં લાવશે તો તેને પોતાના ગુનાહોથી શરમ મહસૂસ થશે અને એ જ શર્મિંદગી તેને ગુનાહો છોડવા પ્રેરિત કરે છે અને એવી શરમિંદગી ભવિષ્યના માટે પણ તૌબા કરનારના દિલમાં કાયમ રહેશે અને ખુદાવંદે તઆલાના દરબારમાં આજિઝી અને કાકલૂદી જાહેર કરશે. જેથી આવી શર્મિંદગી તૌબાનો સબબ અને તૌબા કરનારી સિફતો (ગુણો)માંથી છે એટલા માટે હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ નદામત (શર્મિંદગી)ને તૌબા ફર્માવી છે. આ અર્થને સારી રીતે સમજી લો, અલ્લાહ તઆલા તમને સમજવાની તૌફીક આપે.

**સવાલ** : એવું કેવી રીતે થઈ શકે છે કે ઈન્સાન એવો થઈ જાય કે તેનાથી કોઈ સગીરા કે કબીરા ગુનાહ થાય જ નહીં ? જ્યારે કે અંબિયાએ કિરામ عَلَیْہِمُ السَّلَام જેઓ કતઈ તૌર પર તમામ મખ્લૂકથી અશરફ તથા આ'લા હતા તેમના વિશે પણ અહલે ઈલ્મમાં મતભેદ છે કે તેઓ આ મર્તબા પર પહોંચ્યા કે નહીં ?

**જવાબ** : એવા દરજ્જાએ પહોંચી જવું કે કોઈ સગીરા કે કબીરા (નાનો કે મોટો) ગુનોહ થાય નહીં એ શક્ય છે, અશક્ય (મુહાલ) નથી. બલ્કે અલ્લાહ તઆલાની તૌફીક જેને મયસ્સર થાય તેના માટે સરળ છે. અલ્લાહ તઆલા જેને ચાહે પોતાની રહમતની સાથે ખાસ કરી લે છે.

વળી એ પણ તૌબાની શરતોમાં છે કે ઈરાદાપૂર્વક ગુનો ન થાય. હા ! જો ભૂલે ચૂકે કોઈ લગઝિશ થઈ જાય તો ખુદા તઆલા રઊફ તથા રહીમ તેને માફ કરી આપશે. અને જેને ખુદાની તૌફીક હાંસલ થઈ ગઈ હોય તે ગુનાહોથી સરળતાપૂર્વક મહફૂઝ રહી શકે છે.

જો તમે તૌબા ન કરવાનું એવું બહાનુ કરો કે અમને અમારા નફસ પર ભરોસો નથી કે શાયદ તૌબા કર્યા પછી ગુનાહોથી દૂર રહીએ કે ન રહીએ અને અમે કદાચ તૌબા પર અડગ રહીએ કે નહી, એટલા માટે તૌબા કરવાથી શો ફાયદો ! તો આ તાવીલનો જવાબ સાંભળી લો કે, આવો ખયાલ શયતાનનો સરાસર ધોકો અને ફરેબ (પ્રપંચ) છે. કેમ કે તમને કેવી રીતે જણાય છે કે તૌબા બાદ તુરંત જ તમારુ મૌત આવી જાય અને ગુનાહ કરવાનો મોકો જ ન મળે !

નહીં તો એવો વહેમ કે તૌબા કર્યા બાદ તમારાથી કદાચ ગુનાહ થઈ જાય, તો એ વહેમનો કોઈ એતબાર નથી. તમારા માટે કેવળ એ જરૂરી છે કે તૌબા કરતી વખતે ભવિષ્યમાં ગુનાહ ત્યજી દેવાનો ઈરાદો સાચો અને પાકો હોય, બાકી આ ઈરાદા પર અડગતા આપવી એ ખુદાનું કામ છે.

વળી આ ઈરાદા પર તમે જો ખુદાના ફઝલો કરમથી કાયમ રહો તો એ જ હેતુ છે અને જો ખુદા ન ખ્વાસ્તહ તમે એ ઈરાદા પર કાયમ ન રહ્યા પણ તમારા ભૂતકાળના ગુનાહ તો માફ થઈ ગયા, ભૂતકાળના ગુનાહોના અઝાબથી તમને મુક્તિ મળી ગઈ અને પાછલા ગુનાહોની ગંદકીથી તમે પાક થઈ ગયા. તૌબા બાદ જો કોઈ ગુનોહ થયો હોય તો બસ તે જ તમારા જિમ્મે છે. તો પાછલા ગુનાહોનું માફ થઈ જવું કાંઈ કમ નફો છે ? એટલા માટે કેવળ એ વસવસાને લીધે તૌબા કરવાથી એટકશો નહીં કે ક્યાંક ફરી ગુનાહ ન થઈ જાય. કેમ કે ખાલિસ તૌબા કરવાથી તમને બે મોટા ફાયદાઓમાંથી એક ફોયદો તો યકીનન થશે કે ક્યાં હમેશાં માટે તૌબતુન્નસૂહ (સાચી તૌબા) મયસ્સર આવી જાય અથવા પાછલા ગુનાહો માફ થઈ જશે. અલ્લાહ તઆલા જ તૌફીક તથા હિદાયતનો માલિક છે.

ગુનાહોના વિશે એ યાદ રાખો કે ગુનાહોની સ્થિતિઓ અલગ અલગ છે કેમ કે ગુનાહ ત્રણ પ્રકારના છે, એક એ કે તમે ખુદાના ફર્ઝ કરેલ અહકામ (હુકમો)ને અદા ન કર્યા હોય અને તેની અદાયગી તમામ જિમ્મે હોય. જેમકે નમાઝ, રોઝા, જકાત અને કફફારો વગેરે.. તો એ કેવળ જીભ વડે તૌબા કરવાથી માફ થશે નહીં, બલ્કે શક્ય હોય ત્યાં સુધી તેની કઝા અનિવાર્ય છે.

બીજો પ્રકાર એ કે તે ગુનાહ જેની હવે કઝા થઈ નથી શકતી પણ તે તમારા તથા ખુદાના દરમ્યાન હોય. જેમકે ક્યાંક શરાબ પીધી હોય અથવા રંગરાગની મેહફિલ સજાવી હોય અથવા વ્યાજ ખાધુ હોય. તો આ પ્રકારના ગુનાહોની માફીની રીત એ છે કે પાછલા ગુનાહો પર શર્મિંદગી તથા પસ્તાવો કરવામાં આવે અને ભવિષ્યના માટે તેને છોડી દેવાનો મજબૂત ઈરાદો કરવામાં આવે.

ત્રીજા પ્રકારમાં એવા ગુનાહ છે જે તમારી અને મખ્લૂકની દરમ્યાન છે. તમામ ગુનાહોથી ગંભીર આ ત્રીજા પ્રકારના ગુનાહ છે. તેની સ્થિતિ અલગ

અલગ હોય છે. કેટલાક કોઈના માલથી સંબંધિત છે અને કેટલાક કોઈની જાતથી. એ જ રીતે કેટલાક એવા હોય છે જેનો સંબંધ કોઈની ઈજ્જત તથા આબરૂ સાથે હોય છે અને કેટલાક એવા હોય છે જેનાથી કોઈને દીની તૌર પર નુકસાન પહોંચ્યું હોય.

તો જેનો તઅલ્લુક માલથી છે એના વિશે જરૂરી છે કે જો શક્ય હોય તો તે માલ પાછો આપી દેવામાં આવે. જો ગરીબીના સબબે પાછો આપવા લાચાર હોય તો માલના માલિક પાસેથી જાઈઝ તથા હલાલ કરાવી લે (માફ કરાવી લે). જો માલનો માલિક મરી ચૂક્યો છે અથવા ત્યાં મૌજૂદ નથી તો માલના પ્રમાણમાં કોઈ ચીજ સદકો કરી આપે અને એ પણ શક્ય ન હોય તો નેક અમલો પુષ્કળ કરે અને અલ્લાહ તઆલાના દરબારમાં રૂદન કાકલુદી (ગિર્યાઓ ઝારી) કરે જેથી કિયામતના દિવસે ખુદાતઆલા તે માલના માલિકને રાજી કરી આપે.

અને તે ગુનોહ જેનો સંબંધ કોઈની જાન અથવા સંબંધિત હોય જેમ કે કોઈને કત્લ કર્યો હોય તો તેના એવઝમાં કેસાસ (બદલો) આપવું લાઝિમ છે અથવા મરનારના વારસોથી માફ કરાવવું જરૂરી છે અને જો વારસ મૌજૂદ નથી તો ખુદાના દરબારમાં ગિર્યાઓ ઝારી (આજિઝીપૂર્વક રડવું) જરૂરી છે અને ખુદાથી તેની માફી માગવી લાઝિમ છે જેથી અલ્લાહ તઆલા તે મકતૂલ (કત્લ થનાર)ને તમારાથી રાજી કરી આપે.

અને કોઈની ઈજ્જત તથા આબરૂ સંબંધે એ ગુનોહ છે કે કોઈની ગીબત કરવામાં આવે અથવા કોઈના પર બોહતાન (આક્ષેપ) લગાડવામાં આવે, અથવા કોઈને ગાળો આપવામાં આવે. તો આ પ્રકારના ગુનાહની માફીની સૂરત એ છે કે તેની સમક્ષ પોતાની જાતને જૂઠી કહેવામાં આવે અને પોતાની ભૂલનો એકરાર કરવામાં આવે. અને જો એવો ભય હોય કે તેના ગુનાહના એકરારને બદલે, ભૂલના સ્વીકારને બદલે જુલ્મ તથા ઝિયાદતી થઈ જશે અને સુલેહને બદલે અધિક ફિત્નો ઉદ્ભવ પામશે તો એવી પોઝિશનમાં પણ માફીના માટે ખુદાના દરબારમાં જ ગિર્યાઓ ઝારી કરે જેથી માફ થઈ જાય.

અને કોઈની આબરૂ સંબંધે એવો ગુનોહ કે કોઈની અહલે અયાલ (બીવી બચ્ચાં)થી ખયાનત કરવામાં આવે અથવા અન્ય ખરાબ હરકત કરવામાં આવે,

તો એવા ગુનાહને ન તો તેની સમક્ષ જાહેર કરી શકાય છે અને ન તો માફ કરાવી શકાય છે તો એની માફીના માટે પણ ખુદાપાકના દરબારમાં જ ગિર્યાઓ ઝારી કરવી જોઈએ. હા ! જો ફિત્નાનો ભય ન હોય, જો કે એ દુર્લભ છે, તો એની સમક્ષ જાહેર કરીને માફ કરાવવામાં આવે.

પરંતુ તે ગુનાહ જેનો સંબંધ કોઈના દીનથી હોય, એ કે કોઈને કાફિર, બિદઅતી અથવા ગુમરાહ કહેવામાં આવે તો એ પણ સખત ગુનોહ છે. એવા ગુનાહોની માફી પણ એ જ રીતે થઈ શકે છે કે એની સમક્ષ પોતાની ગલતીનો એકરાર કરવામાં આવે અને મૌજૂદ ન હોય તો દરબારે ઈલાહીમાં ગદગદ થઈને આજિઝી સાથે ઈસ્તિગફાર કરે (માફી ચાહે) અને પોતે પોતાના ઉપર મલામત કરે (પોતાને બુરો કહે) જેથી કરીને કિયામતના દિવસે ખુદા તઆલા એ શખ્સને રાજી કરી આપશે.

સારાંશ કે જ્યાં તમે ગુનાહ સાથે તકલીફ આપનારાઓને રાજી પણ કરી શકો ત્યાં તેમને રાજી પણ કરી લો. નહીં તો માફી તથા બખ્શિશ માટે ખુદાપાકના દરબારમાં ગિર્યાઓ ઝારી કરો અને સદકા તથા ખૈરાત કરો જેથી કિયામતના દિવસે અલ્લાહ તઆલા તમારી વચ્ચે સમાધાન કરાવી આપે. એટલા માટે ખુદાના ફઝલો કરમથી એ ઉમ્મીદ છે કે તે તમારી સાચી ગિર્યાઓ ઝારી જોઈને તમે જેને તકલીફ આપી તેને પોતાના ખજાનાઓથી અતા કરીને તમારા તરફથી રાજી કરી આપે.

તૌબાના અરકાન તથા શરતો જે અમે બયાન કરી છે તેના પર તમે સંપૂર્ણતઃ અમલ કરતા થઈ જાવ અને ભવિષ્યના માટે પોતાના દિલને દરેક પ્રકારના ગુનાહોથી પાક રાખવાનો નિશ્ચય કરી લેશો તો તમારા પાછલા ગુનાહો માફ થઈ જશે, અને હવેથી એ નિશ્ચય પર જો તમે કાયમ રહ્યા પણ પાછલી કઝાઓ અદા ન કરી શક્યા અથવા નારાજ લોકોને રાજી ન કરી શક્યા તો એ જ પાછલા ગુનાહો તમારા માથે રહ્યા બાકી તમામ બખ્શી દેવામાં આવશે.

અને આ બાબુત્તૌબા (તૌબાના પ્રકરણ)ની વિગત ખૂબ જ લાંબી છે જેને સમાવવાની ગુંજાઈશ આ સંક્ષિપ્ત કિતાબમાં નથી. જો એની અધિક વિગત જાણવી હોય તો 'અહયાઉલ ઉલૂમ'ના તૌબાના પ્રકરણમાં જુઓ અથવા

''અલગાયતુલ કસ્વા''નો અભ્યાસ કરો. અહીં જરૂરત જેટલું બયાન કરવામાં આવ્યું છે.

વળી તમને ખબર હોવી જોઈએ કે તૌબાની ઘાટી ઘણી જ કઠિન ઘાટી છે એની ઘણી એહમિયત છે અને એનાથી ગફલત સખત નુકસાનનો સબબ છે. તૌબાની અહમિયહત તથા જરૂરત આ પ્રસંગથી જાહેર થાય છે જે ઉસ્તાદ અબૂ ઈસ્હાક અસ્ફરાઈની (رحمۃ اللہ علیہ)થી નકલ થયેલ છે. ઉસ્તાદ મૌસૂફ બાઅમલ અને ઈલ્મથી સમૃધ્ધ આલિમોમાંથી હતા. આપ ફર્માવે છે :–

اِنَّ اللّٰہَ یُحِبُّ التَّوَّابِیْنَ وَیُحِبُّ الْمُتَطَھِّرِیْنَ ''બેશક અલ્લાહ તઆલા તૌબા કરનારાઓ અને પાક રહેનારાઓને દોસ્ત રાખે છે.'' *(સૂ. બકરહ, ૨/૨૨૨)*

તો શું તુ તૌબાને મામૂલી ચીજ સમજે છે ?

હે ગાફિલ મુસલમાનો ! જરા તે અઈમ્માએ દીન (દીનના ઈમામો)ની હાલતો પર તો નજર કરો કે તેઓ તૌબાના માટે કેટલી વ્યવસ્થા કરતા હતા અને દિલની સુધારણા માટે સતત કેવી રીતે દોડધામ કરતા રહેતા હતા અને આખેરતનો તોશો (ભાથુ) તૈયાર કરવા ખાતર કેટલા પ્રમાણમાં તકલીફો વેઠતા રહેતા હતા.

તૌબા કરવામાં મોડુ કરવું ખૂબ જ નુકસાનકારક છે કેમ કે **ગુનાહથી શરૂઆતમાં દિલની સખ્તાઈ પેદા થાય છે પછી ક્રમે ક્રમે માણસ કુફ્ર તથા ગુમરાહી સુધી પહોંચી જાય છે.** શું તમને 'ઈબ્લીસ' તથા 'બલઅમ બાઊર'નો પ્રસંગ યાદ નથી ? તેમનાથી પ્રારંભમાં એક જ ગુનોહ થયો હતો પણ તે બાદમાં કુફ્ર તથા ગુમરાહી સુધી પહોંચી ગયા અને હમેશાંના માટે તબાહ લોકોમાં સામેલ થઈ ગયા. એટલે તૌબાના વિષયમાં જાગૃતિ અને કોશિશ જરૂરી છે. જો તમે જલ્દી તૌબા કરશો તો ઉમ્મીદ છે કે વહેલી તકે ગુનાહો પર જામી રહેવાની બીમારી તમારા દિલથી દૂર થઈ જશે અને ગુનાહોની નહૂસતનો બોજ તમારી ગરદનેથી ઊતરી જશે. અને ગુનાહોના સબબે જે દિલી સખ્તાઈ પેદા થાય છે તેનાથી કદાપિ બેખૌફ ન થશો બલ્કે હર પલ પોતાના દિલ પર નિગાહ રાખો કેમ કે સાલેહીને ફર્માવ્યું છે :–

## ★ સિયાહ દિલવાળાની સ્થિતિ ★

"બેશક ગુનાહ કરવાથી દિલ સિયાહ (કાળુ) થઈ જાય છે અને દિલની સિયાહીની અલામત (નિશાની) એ હોય છે કે ગુનાહોથી ગભરાટ નથી થતો, ફરમાબરદારી માટે મોકો નથી મળતો, નસીહતથી કોઈ ફાયદો નથી થતો. હે અઝીઝ ! કોઈ ગુનાહને મામૂલી ન સમજ અને કબીરા ગુનાહો પર જામી જવા છતાં પોતે પોતાને તૌબા કરનાર ન ગુમાન કર."

હઝરત ખમ્સ ઈબ્ને હુસૈન رحمۃ اللہ علیہથી નકલ થયેલ છે કે આપે ફર્માવ્યું, "મારાથી એક ગુનોહ થયો તો હું તેના માટે ચાલીસ વરસ રડતો રહ્યો. લોકોએ પૂછયું કે હે અબૂ અબ્દુલ્લાહ ! એ કયો ગુનોહ હતો ? તો આપે ફર્માવ્યું, એકવાર મારો એક દોસ્ત મારી મુલાકાતે આવ્યો તો મેં તેના માટે માછલી પકાવી. જ્યારે તે ખાવા ખાઈ ચૂક્યો તો મેં ઉઠીને મારા પડોશીની દીવાલેથી માટી લઈને મારા મહેમાનના હાથ ધોવડાવ્યા."

તો હે લોકો ! નફસને ગુનાહો બાબતે ટોક્યા કરો, તેના પર ધ્યાન રાખો અને તૌબા કરવામાં ઢીલ ન કરો કેમ કે મૌતનો સમય જાહેર નથી અને દુનિયા ધોકા ફરેબમાં નાખી રહી છે અને નફસ તથા શૈતાન બંને ખતરનાક દુશ્મન તમને ગુમરાહ કરવાની તક જોઈને બેઠા છે, એટલા માટે હર હંમેશ ખુદાના દરબારમાં ગિર્યાઓ ઝારી કરતા રહો અને પોતાના વાલિદે માજિદ હઝરત આદમ علیہ السلامનો હાલ મોટાભાગના સમયે દિમાગમાં દોહરાવ્યા કરો જેમને રબ તઆલાએ ખુદ પોતાના દસ્તે કુદરત વડે પેદા ફર્માવ્યા અને તેમાં રૂહ ફૂંકી અને ફરિશ્તા તેમને ઉઠાવીને જન્નતમાં લઈ ગયા. આપનાથી કેવળ એક લગઝિશ થઈ તો પોતાના ઉચ્ચ સ્થાનેથી નીચે આવી ગયા. એટલે સુધી કે એક રિવાયતમાં આવ્યું છે કે લગઝિશ થયા બાદ અલ્લાહ તઆલાએ આપને પૂછયું, "હે આદમ ! હું તારો કેવો પડોશી હતો ? આપે અર્ઝ કરી, ઘણો જ સારો પડોશી ! તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, મારા પડોશથી દૂર ચાલ્યો જા અને મારી અતા કરેલ ઈજ્જતનો તાજ માથેથી ઉતારી આપ, કેમ કે મારી નાફર્માની કરનાર મારી પડોશમાં રહેવાને લાયક નથી."

એક રિવાયતમાં આવ્યું છે કે આદમ عليه السلام બસો વરસ એ લગઝિશ માટે રડતા રહ્યા ત્યારે અલ્લાહ તઆલાએ આપની તૌબા કબૂલ ફર્માવી અને એ લગઝિશને માફ ફર્માવી.

આ તે કામિલ બુઝુર્ગનો હાલ છે જે તેનો નબી અને દોસ્ત હતો તો આમ લોકોનો હાલ શો થશે ? જેઓ અગણિત ગુનાહોમાં લથપથ થઈ ચૂક્યા છે. બસો વરસ તે ઈખ્લાસનો પયકર રડયો જે સાચે જ તૌબા કરનાર અને ખુદા તરફ રુજૂઅ કરનાર હતો, તો પછી ગુનાહોનું ચક્ર ચલાવનાર ગાફિલે તો કેટલા અંશે અધિક ગિર્યાઓ ઝારી કરવી જોઈએ ?!

એક શાયરે આ જ વસ્તુને કેટલા સારા અંદાજમાં રજૂ કરી છે :–

(અર્થ) : તેઓ ડરી રહ્યા છે જેઓ દરેક સમયે તૌબા તથા ઈસ્તિગફારમાં વ્યસ્ત રહે છે, તો એમનો શો હાલ થશે જેઓ મુદ્દલે તૌબાથી જ ગાફેલ છે ?!

અને તૌબા કર્યા બાદ જો તૌબા તોડી નાખે અને ફરી ગુનાહ શરૂ કરી દો તો જલ્દીથી તૌબા તરફ વળો અને નફસને તૌબા પ્રતિ આકર્ષવા માટે આવું કહો, "હે નફ્સ ! હવે ફરીથી ખુલૂસ દિલે તૌબા કરી લે, શાયદ આ તારી અંતિમ તૌબા હોય અને એના પછી ગુનાહમાં પડયા વિના જ તું મરી જાય."

આ પ્રમાણે ગુનાહ પછી તૌબા કર્યા કરો અને જે રીતે તમે ગુનાહ કરવાનો દસ્તૂર બનાવી લીધો છે તો ગુનાહ બાદ તૌબાનો પણ ધંધો બનાવી લો અને ગુનાહ કરીને તૌબાથી આજિઝ ન થઈ જાવ અને કદી તૌબાથી મોઢુ ન ફેરવો અને શયતાની ધોકામાં આવીને તૌબાથી કદાપિ ન અટકો, કેમ કે તૌબા કરવી નેક થવાની અલામત (નિશાની) છે.

શું તમે નબીએ કરીમ ﷺનો ઈર્શાદ નથી સાંભળ્યો ? આપ ફર્માવે છે :–

"તમારામાંથી બેહતર શખ્સ તે છે જેનાથી જો ગુનાહ થઈ જાય તો બાદમાં તુરત જ તૌબા કરી લે."

અને ખુદા તરફ વધારે ધ્યાન કરે અને ગુનાહોનું પ્રાયશ્ચિત વધુ કરે અને ખુદાથી ડરીને ઈસ્તિગ્ફાર વધુ કરે. તમે આયતે કુર્આનીના અર્થ પર તો વિચાર કરો :–

وَمَنْ يَّعْمَلْ سُوْٓءًا اَوْ يَظْلِمْ نَفْسَهٗ ثُمَّ يَسْتَغْفِرِ اللّٰهَ يَجِدِ اللّٰهَ غَفُوْرًا رَّحِيْمًا

''જે બુરા અમલ કરે અથવા પોતાની જાન પર જુલ્મ કરે પછી અલ્લાહ તઆલાથી માફી માગી લે તો અલ્લાહ તઆલાને જરૂરત બખ્શનાર મહેરબાન પામશે.'' *(સૂ. નિસાઅ, ૪/૧૧૦)*

## પ્રકરણ

### ★ તૌબા કરવાની રીત ★

સારાંશ કે તૌબા તથા ઈસ્તિગ્ફાર વડે પોતાના દિલને તમામ ગુનાહોથી સાફ કરી લો અને ભાવિના માટે પોતાના દિલને ગુનાહોથી દૂર રહેવા અડગ કરી લો. અને એવી નિખાલસતાથી તૌબા કરી લો કે અલ્લાહ તઆલા તમારા દિલને તૌબામાં સાચુ અને ખાલિસ પામે. અને શક્ય હોય ત્યાં સુધી લોકોને રાજી કરી લો, જેમને તમે માલી, બદની અથવા દીની પ્રકારની તકલીફો આપી હોય. અને ભૂતકાળની છૂટેલી નમાઝો અને રોઝા વગેરે પણ શક્ય હોય ત્યાં સુધી કઝા કરી લો અને જે કઝા નથી કરી શકતા તેની માફીના માટે ખુદા તઆલાના દરબારમાં ગિર્યાઓ ઝારી (રડી રડીને આજિઝી) કરો જેના થકી તમારા બાકીના ગુનાહો તથા લગઝિશો માફ થઈ જાય. એ માટે તમે ગુસ્લ કરો અને પાક કપડાં પહેરો અને વુઝૂ કરીને સંપૂર્ણ ખુશૂઅ તથા ખુઝૂઅની સાથે (એકચિત્તે) ચાર રકાત નમાઝ અદા કરો અને પોતાની પેશાનીને એવી જગાએ જમીન પર રાખો જ્યાં તમને અલ્લાહ સિવાય કોઈ ન જોઈ રહ્યું હોય, પછી તમારા ચહેરા પર ખાક નાખો અને પોતાના ચહેરાને જે તમામ અંગોથી શ્રેષ્ઠ અંગ છે ધૂળમાં ખરડી નાખો અને હાલત એવી થઈ જાય કે આંખોએથી આંસૂ વહી રહ્યાં હોય, દિલ ગમના દરિયામા તરી રહ્યું હોય અને ડરના કારણે રડવાનો અવાજ અનાયાસે મોટો થઈ જતો હોય, એક પછી એક તમારા ગુનાહો આંખો સમક્ષ ઘુમી રહ્યા હોય ત્યારે પોતાના ગુનાહોને યાદ કરી કરીને પોતાના નફસને ધમકાવતાં તેને આ પ્રમાણે સંબોધો :–

હે નફસ ! શું તને ખુદાની શરમ નથી આવતી ? શું તારી તૌબાનો સમય

હજી નજીક નથી આવ્યો ? શું તારામાં કહ્હાર તથા જબ્બારનો દર્દનાક અઝાબ સહન કરવાની શક્તિ છે ? શું તું પોતાના પર ખુદાને નારાજ કરવાની ઈચ્છા ધરાવે છે ?''

આ પ્રમાણે કેટલીયે વાર ગુનાહોને યાદ કરીને આ શબ્દોને દોહરાવ્યા કરો અને સંપૂર્ણ દર્દમંદીની સાથે રડો અને ગિર્યાઓ ઝારી કરો પછી સજદાથી માથુ ઉઠાવો અને પોતાના મહેરબાન ખુદા સમક્ષ દુઆના માટે હાથ ફેલાવો અને આ દુઆ કરો :–

''મૌલા ! તારો ભાગી ગયેલો બંદો તારા દર પર પાછો આવ્યો છે, તારો નાફર્માન બંદો સુલેહની તરફ પાછો વળ્યો છે અને તારો ગુનેહગાર બંદો માફી માગવા માટે તારા દરબારમાં હાજર છે, મને તારા કરમથી બક્ષી આપ, અને મને કબૂલ ફર્માવી લે અને મારા પર નઝરે રહમત ફર્માવ. યા ઈલાહી ! મારા પાછલા તમામ ગુનાહો બખ્શી દે અને બાકીની જિંદગીમાં દરેક ગુનાહથી મને મેહફૂઝ રાખ. તું જ દરેક ભલાઈનો માલિક છે અને તું જ અમારા પર મહેરબાની અને નરમી ફર્માવનાર છે.''

પછી આ દુઆ કરે જેને દુઆએ શિદ્દત કહે છે, તે આ પ્રમાણે છે :–

''હે મુશ્કેલીઓને હલ કરનાર ! હે ગમનાક તથા પરેશાન હાલ લોકોની પનાહગાહ ! હે તે કાદિર ઝાત ! જેની શાન એ છે કે જ્યારે કોઈ ચીજનો ઈરાદો ફર્માવી લે તો 'કુન' લફ્ઝ ફરમાવવાથી તે ચીજ વજૂદમાં આવી જાય છે. અમારો હાલ એ છે કે ગુનાહોની અતિશયતાએ અમને ઘેરી લીધા છે, તુ જ દરેક પ્રતિકૂળ સમયમાં અમારા માટે પૂંજી છે, હું એવા જ સમયના માટે તને મારી પૂંજી (મૂડી) સમજુ છું તુ મને માફ ફર્માવી દે, બેશક ! તું જ તૌબા કબૂલ ફર્માવનાર અને મહેરબાન છે.''

પછી જેટલા વધુ પ્રમાણમાં રડી શકો રડો અને પોતાની ઝિલ્લત તથા આજિઝીને પ્રદર્શિત કરો અને ઝબાનથી આ દુઆ કરો :

''હે તે ઝાત ! જેને એક કામ બીજાથી મશગૂલ નથી રાખી શકતું અને ન એક તરફ સાંભળવું બીજું સાંભળવાથી દૂર રાખી શકે છે, અને તે ઝાત જેને

મસાઈલની અધિકતા ધોકામાં નથી નાખી શકતી અને ન દુઆમાં ઈસ્રાર (આગ્રહ પર આગ્રહ) કરનારનો ઈસ્રાર ફૈંસલો કરવા પર મજબૂર કરી શકે છે, અમને તારી માફીની ઠંડક પહોંચાડ અને બખ્શિશની હલાવત (મીઠાશ) નસીબ કર. હે સૌથી બેહતર રહમત કરનાર ! અમારા પર રહમ ફર્માવ, બેશક ! તું સર્વ કાંઈ કરી શકે છે.''

આ દુઆ બાદ હુઝૂર علیہ الصلوٰۃ والسلام પર દુરૂદ શરીફ મોકલો અને તમામ મુસલમાન સ્ત્રી પુરૂષો માટે મગફિરતની દુઆ કરો અને અલ્લાહ عزوجل તરફ રુજૂઅ કરો.

જ્યારે ઉપરોક્ત તમામ દુઆઓ દરબારે ખુદાવંદીમાં ગિર્યાઓ ઝારી અને તૌબા તથા ઈસ્તિગ્ફાર સાથે પૂરી કરી લો તો બેશક ! તમને તૌબતુન્નસૂહ (સાચી તૌબા) હાંસલ થઈ ગઈ, અને તમે ગુનાહોથી એવા પાક થઈ ગયા જેમ કે આજે જ પેદા થયા.

હવે તમને અલ્લાહ તઆલા દોસ્ત બનાવી લેશે અને તમને ઘણો જ અજરો સવાબ અતા કરશે અને તમારા પર એટલી રહમત તથા બરકત નાઝિલ ફર્માવશે જેનું વર્ણન નથી થઈ શકતુ.

હવે તમને હક઼ીક઼ી અમ્ન તથા ખલાસી (છૂટકારો) હાંસલ થઈ ગઈ અને તમે અલ્લાહ તઆલાના ગઝબ અને ગુનાહોની સજાથી છૂટી ગયા, અને તમારી તૌબાની ઘાટી ખુદાના હુકમથી પાર પડી ગઈ અને અલ્લાહ તઆલા જ પોતાના ફઝ્લ તથા એહસાનથી હિદાયતનો માલિક છે.

## ત્રીજી ઘાટી

### ★ ચાર વિઘ્નો વિશે ★

હે ઈબાદતના તાલિબ ! તૌબા બાદ આડો તથા રુકાવટોને દૂર કરવું પણ તારા માટે લાઝિમ તથા જરૂરી છે જેથી કરીને તારી ઈબાદત દુરૂસ્ત તથા મકબૂલ થઈ શકે. અમે અગાઉ બયાન કરી ચૂક્યા છીએ કે રુકાવટો ચાર છે :–

**(૧) દુનિયા અને જે કાંઈ તેમાં છે** : આ રુકાવટને દૂર કરવાનો

તરીકો એ છે કે તું એનાથી અલાઈદગી અપનાવે અને દિલથી તેની મહોબ્બત કાઢી નાખે. આ અલાઈદગી તથા ઝોહદ બે કારણે જરૂરી છે : એક તો એટલા માટે કે તું અધિક પ્રમાણમાં (કસરતથી) ઈબાદત કરી શકે અને એમાં દુરૂસ્તી પેદા થઈ શકે. કેમ કે દુનિયાની મશગૂલિયત તારા જાહેર તથા બાતિનને ઈબાદતથી રોકશે. જાહેરને તો એ રીતે કે તું દુનિયાની તલબના માટે માર્યો માર્યો ફરતો રહીશ અને બાતિનને એ રીતે કે તારા દિલમાં પ્રતિ પળે દુનિયા પ્રાપ્તિના ઈરાદા અને વસવસા પેદા થતા રહેશે અને આ ઈરાદો અને વસવસો બંને ઈબાદતમાં આડ બનશે કેમકે દિલ એક છે તો જ્યારે તે એક ચીજ સાથે મશગૂલ થશે તો તેના વિરોધાભાસી સાથે તે વખતે મશગૂલ નથી થઈ શકતો. અને દુનિયા તથા આખેરતનું દ્રષ્ટાંત બે શોકો જેવું છે, જો તમે એકને ખુશ કરશો તો બીજી નારાજ થઈ જશે. અને દુનિયા તથા આખેરત વચ્ચે પૂર્વ તથા પશ્ચિમ જેટલુ અંતર છે, જેટલા એકની નજીક થતા જશો એટલા બીજાથી દૂર થતા જશો.

અમે જે કહ્યું કે બંદાનું જાહેર દુનિયાની તલબમાં મશગૂલ થઈ જાય છે એની સાબિતી એનુ સમર્થન નીચેની રિવાયતથી થાય છે જે હઝરત અબૂ દર્દા رضی اللہ عنہથી રિવાયત થયેલ છે. આપ ફર્માવે છે :–

''મેં ઈબાદત તથા તિજારતને ભેગી કરવાનો અનુભવ કર્યો પરંતુ એ બંને ભેગી ન થઈ શકી. તો મેં ઈબાદતને અપનાવી અને તિજારતને છોડી દીધી.''

હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہથી રિવાયત છે કે આપે ફર્માવ્યું :–

''જો ઈબાદત તથા તિજારત મારા સિવાય કોઈ અન્યમાં એકત્ર થઈ શકતી તો મને જરૂર મળત કેમ કે મને અલ્લાહ તઆલાએ કુવ્વત અને નરમી બંને અતા ફર્માવી છે.''

તો જ્યારે મામલો એવો છે કે બંનેનું સંગમ મુશ્કેલ છે તો ફના થનારી (દુનિયા)નુ નુકસાન સ્વીકારી લો પણ સલામતી અને હિફાઝતવાળી ચીજ એટલે કે આખેરતને ન છોડો. બાકી રહ્યું બંદાના બાતિનનું દુનિયા સાથે મશગૂલ થવું તો એની સાબિતી આ રિવાયતથી મળે છે જે નબીએ કરીમ ﷺ થી રિવાયત થયેલ છે. આપ ફર્માવે છે :–

''જેણે દુનિયાને પસંદ કરી તેણે આખેરતનુ નુકસાન કર્યું અને જેણે આખેરતને પસંદ કરી એણે દુનિયાનુ નુકસાન કર્યું. તો એને અપનાવો જેનો લાભ સ્થાયી તથા કાયમી છે અને એને છોડો જે કેવળ થોડાક દિવસો માટે છે.

આ ઉપરોક્ત રિવાયતોથી તારા પર વાત સ્પષ્ટ થઈ ગઈ છે કે જ્યાં સુધી તારુ જાહેર તથા બાતિન દુનિયાની સાથે મશગૂલ રહેશે ત્યાં સુધી કમાહક્કહૂ (જેવો કે હક્ક છે તેવી) ઈબાદત થઈ શકશે નહીં. પણ તું જ્યારે દુનિયાથી અરૂચી પ્રદર્શિત કરીશ (લાલચ ત્યજી દઈશ) અને જાહેર તથા બાતિનને દુનિયાથી ખાલી અને મુક્ત કરી દઈશ તો તને કમાહક્કહૂ ઈબાદતને અંજામ આપવાનુ નસીબ થઈ જશે, બલ્કે જાહેરી તથા બાતિની અંગો તારાં મદદગાર થઈ જશે.

હઝરત સલમાન ફારસી رضی اللہ عنہ ફર્માવે છે :–

''જ્યારે બંદો દુનિયાથી ઝોહદ (ત્યાગ) તથા અરૂચી અપનાવે છે તો તેનું દિલ હિકમતથી મુનવ્વર (રોશન) થઈ જાય છે અને તેનાં અંગો ઈબાદતના સિલસિલામાં તેનાં મદદગાર બની જાય છે.''

ચાર રુકાવટોને દૂર કરવાનુ બીજુ કારણ એ છે કે રુકાવટો ખતમ થઈ ગયા બાદ તમારા નેક અમલોની કદર તથા કિંમત વધી જશે અને તેની અઝમત તથા મરતબો વધી જશે. નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું કે,

''ઝાહિદ (દુનિયા ત્યજી ઈબાદત કરનાર) તથા આબિદ આલિમની બે રકાત નમાઝ અલ્લાહ તઆલાને ત્યાં તકલીફ વેઠી ઈબાદત કરનારાઓની કિયામત સુધીની ઈબાદતથી અફઝલ તથા આ'લા છે.''

તો જયારે દુનિયામાં ઝોહદ અને તેનાથી અલિપ્તતા અપનાવવાથી ઈબાદતની અઝમત વધુ હોય છે અને તેમાં અડગતા તથા અધિકતા મયસ્સર થાય છે. ઈબાદતના તાલિબ માટે જરૂરી છે કે ઝોહદ (દુનિયા ત્યાગવાનો) અને અલગતાનો માર્ગ અપનાવે.

## ★ ઝોહદનો અર્થ અને તેની હક઼ીક઼ત ★

**સવાલ** : ઝોહદનો શો અર્થ છે અને તેની શું હકીકત છે ?

**જવાબ** : અહલે સુન્નતના આલિમોની નજીક ઝોહદના બે પ્રકાર છે : (૧) ઝોહદે મકદૂર (૨) ઝોહદે ગૈર મકદૂર

ઝોહદે મકદૂર એટલે કે ઝોહદ જે બંદાના ઈખ્તિયારમાં છે, એ ત્રણ ચીજોના સમૂહનું નામ છે :–

(૧) દુનિયાની જે ચીજ પાસે ન હોય તેની તલબ ન કરે.

(૨) જે પાસે હોય તેને ખુદાના માર્ગમાં વહેંચી કાઢે.

(૩) દુનિયાની ચીજોનો ઈરાદો અને તેને પસંદ કરવાનું છોડી દે.

જે શખ્સમાં આ ત્રણ ગુણો મૌજૂદ હોય તે ઝાહિદ છે.

પરંતું ઝોહદે ગૈર મકદૂર એટલે કે જે બંદાના ઈખ્તિયારમાં નથી, તે એવું છે કે તેનું દિલ દુનિયવી ચીજોને હાંસલ કરવાના જોશ બાબતે ઠંડુ પડી જાય. ઝોહદે ગૈર મકદૂર એ ઝોહદે મકદૂર થકી હાંસલ થાય છે, કેમ કે ઝોહદે મકદૂર એ ગૈર મકદૂરનો ઝરીયો તથા સબબ છે. જે ચીજો બંદાના પાસે ન હોય અને જ્યારે તેની તલબ છોડી દે અને હાજર ચીજોને રાહે ખુદામાં વહેંચી આપે અને આખેરતના સવાબની નિય્યતે દુનિયા તથા દુનિયાની સંપત્તિની આફતો યાદ કરીને બંદો જ્યારે ભાવિના માટે દુનિયાનો માલ હાંસલ કરવાનો ઈરાદો અને એની ચાહત દિલોથી કાઢી નાખે તો તેને લઈને દિલમાં દુનિયાની તલબ મંદ પડી જશે અને દુનિયા તથા દુનિયાની ચીજો (માલ)ની તલબ કરવા પ્રત્યે દિલ અરૂચીવાળું થઈ જાય એ જ હકીકી ઝોહદ છે.

વળી, એ પણ જાણવું જોઈએ કે ઝોહદે મકદૂરનો ત્રીજો પ્રકાર એટલે તલબે દુનિયાનો ઈરાદો પણ દિલથી કાઢી નાખવો એ ઘણુ જ મુશ્કેલ છે. કેમ કે ઘણાયે એવા છે જેઓ ઉપરથી તો દુનિયાનો ત્યાગ કરનારા છે પણ તેમના દિલોમાં દુનિયાની મહબ્બત ગલગલીયાં કરતી રહે છે ! એવો શખ્સ એ જ અશમંજશમાં સપડાયેલો રહે છે, જો કે ઝોહદની અસલી શાન આ ત્રીજા પ્રકારથી પેદા થાય છે. શું તમે અલ્લાહ બુઝુર્ગ વ બરતરના આ ઈર્શાદ નથી સાંભળ્યો ?!

تِلْكَ الدَّارُ الْاٰخِرَةُ نَجْعَلُهَا لِلَّذِيْنَ لَا يُرِيْدُوْنَ عُلُوًّا فِي الْاَرْضِ وَ لَا فَسَادًا "અમે આખેરતનું ઘર કેવળ એ લોકોને અતા કરીશું જેઓ દુનિયામાં સરકશી

(નાફરમાની) તથા ફસાદનો ઈરાદો સુધ્ધાં નથી કરતા." *(સૂરએ ક઼સસ, ૨૮/૮૩)*

આ આયતમાં અલ્લાહ તઆલાએ જન્નતમાં પ્રવેશનો હુકમ પણ એ લોકો માટે બતાવ્યો છે જેઓ સરકશી તથા ફસાદનો ઈરાદો નથી કરતા, એમના માટે નથી બનાવ્યો જેઓ સરકશી તથા ફસાદ તલબ નથી કરતા અથવા અમલી તૌર ઉપર સરકશી તથા ફસાદ નથી કરતા. એક સ્થળે ફર્માવ્યું :–

مَنْ كَانَ يُرِيْدُ حَرْثَ الْاٰخِرَةِ نَزِدْ لَهٗ فِيْ حَرْثِهٖ ۚ وَ مَنْ كَانَ يُرِيْدُ حَرْثَ الدُّنْيَا

نُؤْتِهٖ مِنْهَا وَ مَا لَهٗ فِي الْاٰخِرَةِ مِنْ نَّصِيْبٍ

"જે શખ્સ આખેરતની ખેતીનો ઈરાદો રાખે છે અમે તેને તે ખેતીની અધિક તૌફીક઼ આપીએ છીએ, અને જે દુનિયાની ખેતીનો ઈરાદો કરે, અમે તેને કાંઈક આપીએ છીએ પણ આખેરતમાં તેનો કોઈ હિસ્સો નથી રહેતો.

*(સૂરએ શૂઅરા, ૪૨/૨૦)*

એક ઠેકાણે ફર્માવ્યું :–

مَنْ كَانَ يُرِيْدُ الْعَاجِلَةَ عَجَّلْنَا لَهٗ فِيْهَا مَا نَشَآءُ "જે શખ્સ આ દુનિયાને ચાહે અમે તેને અમારી મશિય્યત (મરજી) મુજબ એમાંથી કાંઈક આપી દઈએ છીએ."

*(સૂ. બની ઈસ્રાઈલ, ૧૭/૧૮)*

અને એક જગ્યાએ ફર્માવ્યું :–

وَ مَنْ اَرَادَ الْاٰخِرَةَ وَ سَعٰى لَهَا سَعْيَهَا "જેણે આખેરતને ચાહી અને તેના માટે કોશિશ કરી." *(સૂ. બની ઈસ્રાઈલ, ૧૯)*

શું તમે આ સર્વ ઉપરોક્ત આયતોનો અભ્યાસ નથી કરતા કે આ તમામમાં ઈરાદા એક ઘણી જ મોટી ચીજ છે. પરંતુ ઈન્સાન જ્યારે પહેલી બે ચીજો (એટલે કે હાજર માલને રાહે ખુદામાં વહેંચી દેવો અને ન હોય તેની તલબથી બેપરવાહ થઈ જવું) પર અડગતાથી અમલ શરૂ કરી આપે તો આશા છે કે રબ તઆલા પોતાના ફઝ્લો કરમથી દુનિયા તલબ કરવાના ઈરાદાને પણ સંપૂર્ણપણે દિલેથી કાઢી નાખે કેમ કે તે જાત ખૂબ જ ફઝ્લો કરમ ફર્માવનારી છે. વળી, જે ચીજ વડે રાહે ખુદામાં માલ રોકવા અને દુનિયાને તર્ક કરવા બાબતે સહકાર

(મદદ) મળે છે અને જે ચીજ આ માર્ગે આસાનીનો સબબ છે તે એ છે કે દુનિયાની આફતો અને તેના અયબોને દોહરાવતા રહેવામાં આવે.

દુનિયાની બુરાઈના સંબંધે મશાઈખ رحمۃ اللہ علیہના ઘણા અકવાલ (કથનો) છે. જેમ કે અમુક મશાઈખે ફર્માવ્યું છે :–

"મારું દુનિયાને નફરત કરતા થઈ જવાનું કારણ એ છે કે તે થોડો સમય ઈન્સાનને દોલતમંદ કરે છે અને જલ્દીથી ફના થઈ જાય છે અને જે તેના તાલિબો છે તે સૌ નાલાયક તથા કમીના છે."

મારા શયખ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું છે કે, ઉપરોક્ત કથનમાંથી પણ દુનિયા સાથે સંબંધ હોવાની બૂ આવે છે ! કેમ કે જે શખ્સ કોઈ ચીજથી જુદાઈનો શિકવા (ફરિયાદ) કરે છે તે હકીકતમાં તેને મળવાનો આશાવાદી હોય છે. એ જ પ્રમાણે જે શખ્સ કોઈ ચીજથી એ કારણે જુદાઈ અપનાવે છે કે એમાં અન્યો પણ સામેલ છે, તો હકીકતમાં તે ચીજનો ખ્વાહિશમંદ હોય છે કે કાશ ! હું એકલો જ એનો માલિક હોત ! એટલા માટે દુનિયાની બુરાઈ સંબંધે વધુ યોગ્ય એ જ છે જે મારા શયખ رضی اللہ عنہએ ફર્માવ્યું છે. આપે ફર્માવ્યું :–

"દુનિયા ખુદાની દુશ્મન છે અને તું ખુદાનો દોસ્ત છે, અને કાયદો છે કે જે કોઈને દોસ્ત રાખતો હોય તે તેના દોસ્તના દુશ્મનને પોતાનો દુશ્મન સમજે છે."

મારા શયખે એ પણ ફર્માવ્યું :–

"કેમ કે આ દુનિયા વાસ્તવમાં મેલા ઘેલા મુરદારની જેમ છે, તમે જોતા નથી તેના સ્વાદિષ્ટ ભોજનો થોડીવારમાં બદબૂદાર ગંદકી બની જાય છે અને તેની શણગારની ચીજો છેવટે મુરઝાયેલી અને નષ્ટ તથા અદ્રશ્ય થઈ જાય છે. પણ, તેના જાહેરને ખુશ્બૂદાર અને સજાવવામાં આવેલ છે."

જેથી ગાફેલ તેના બાહ્યને જોઈને તેના પ્રપંચમાં આવી ગયા પણ શાણા લોકોએ તેનાથી અલિપ્તતા અપનાવી."

**સવાલ** : શું ઝોહદ અપનાવવું ફર્ઝ છે કે નફ્લ ?

**જવાબ** : મશાઈખે એહલે સુન્નતની નજીક ઝોહદ બે ચીજોથી થાય છે : એક હરામથી બીજું હલાલથી. હરામ વસ્તુથી ઝોહદ ફર્ઝ છે અને હલાલથી

મુસ્તહબ, પછી જે લોકોને ફરમાબરદારી અને ઈબાદતમાં અડગતા પ્રાપ્ત છે તેમની નજીક હરામ એક નજીસ (ગંદી) અને મુરદાર ચીજની જેમ છે. ખુદા ન ખ્વાસ્તહ જો તેનો ઉપયોગ કરવાની જરૂરત ઉભી થાય, તો ખૂબ જ અસાધારણ પ્રમાણમાં અને જરૂરત જેટલો વાપરવાની શરીઅતમાં ઈજાઝત છે પણ અબ્દાલ તથા કામેલીનની નજીક હલાલને પણ જરૂરતથી વિશેષ વાપરવું મુરદાર સમાન છે. તેઓ હલાલ પણ ખપ પૂરતું જ વાપરે છે. રહ્યું હરામ, તો તેમની નજીક આગની જેમ છે ! તેના ઉપયોગનો તેમને વહેમ સુધ્ધાં નથી આવતો. દિલથી દુનિયા નીકળી જવાનો આ જ મતલબ છે કે, દુનિયા તલબીના નકામા ખયાલોથી દિલ પાક તથા સાફ થઈ જાય અને એટલે સુધી કે દુનિયાની નફરત દિલમાં સ્થાન જમાવી લે જેથી તે એને (દુનિયાને) સખત ગંદી અને મકરૂહ ચીજ સમજવા લાગે. એટલે સુધી કે, દુનિયા તલબીનો કોઈ દાવો દિલમાં ન રહે.

## ★ દુનિયા તુચ્છ ક્યારે લાગે છે ? ★

**સવાલ** : એવું કેવી રીતે થઈ શકે છે કે, અજીબ અજીબ વાંછનાઓ અને લિજ્જતોથી સજી ધજી ગયેલી દુનિયાને ઈન્સાન આગ અથવા એક ગંદા મુરદારની જેમ સમજવા લાગે ? ખાસ કરીને આપણા જેવા કમજોર અને નબળી પ્રકૃતિના માણસો તો એવા નથી થઈ શકતા.

**જવાબ** : અલ્લાહ જે ઈન્સાનને પોતાની ખાસ તૌફીકથી નવાઝે છે અને જે દુનિયાની આફતોથી માહિતગાર થઈ જાય છે તો તેને દુનિયા એવી જ હકીર તુચ્છ તથા ઝલીલ લાગવા માંડે છે. પણ જે બેવકૂફ તેના અયબો તથા તેની આફતોથી આંધળો રહે અને જેની જાહેરી ટીપટોપ, શણગારથી છેતરાઈ જાય તે દુનિયા બાબતે આવા ખયાલો માટે આશ્ચર્ય જ કરે છે અને તે દુનિયાને હકીર તથા ઝલીલ સમજવાનું અશક્ય સમજે છે. હું એક એવું દષ્ટાંત રજૂ કરું છું જેનાથી દુનિયાની હક઼ીક઼ત તમારા પર જાહેર થઈ જશે.

એક શખ્સ બધી ચીજો નાખીને નફીસ તથા ઉમદા હલવો તૈયાર કરે. પણ તૈયાર કર્યા બાદ કાતિલ ઝેરનું એક ટીપુ તેનામાં નાખી દે. ઝેર નાખતી વેળા એક શખ્સ તો જોઈ રહ્યો હતો પણ બીજો તેનાથી બેખબર હતો. જ્યારે બંને

સામે તે બેહતરીન અને ઉમદા હલવો ખાવા માટે મૂકવામાં આવે તો જેને ઝેરના મિશ્રણનો ઈલ્મ છે તે હરગિઝ તેને ખાવા માટે આકર્ષાશે નહીં બલ્કે ખાવાનું વિચારશે પણ નહીં. તેની નજીક આ હલવો પેટમાં આગ નાખવાથી પણ વધુ મુશ્કેલ હશે. કેમ કે તે તેની આંતરિક હાલતથી વાકેફ છે. તે તેના જાહેરી ડેકોરેશન અને ઉમદાપણાથી ધોકામાં આવશે નહીં. પણ બીજો શખ્સ જેને ઝેરના મિશ્રણનો ઈલ્મ નથી તે તેના જાહેરી આકર્ષણ તથા ઉમદાપણાથી છેતરાઈ જશે અને તે લાલચમાં આવી હલવા પર તૂટી પડશે અને પોતાના સાથીની આ હલ્વા પ્રત્યેની નફરત સંબંધે આશ્ચર્ય પામશે બલ્કે તેને મૂર્ખ તથા બેવકૂફ સમજશે. દુનિયાની હરામ ચીજો પણ આ જ પ્રમાણેની છે. જે અહલે બસીરત (નજરવાળા લોકો) અડગતાથી શરીઅતના હક માર્ગે ચાલી રહ્યા છે તેઓ તો એનાથી સખત નફરત કરે છે પણ હરામના નુકસાનોથી બેખબર લોકો એના પણ ફિદા થઈ રહ્યા છે.

અને જો હલ્વો તૈયાર કરનારાએ ઝેર ન મિલાવ્યું પણ એમાં થૂંકી દીધું હોય અથવા નાક સાફ કર્યું હોય અને તે થૂક વગેરે હલવામાં ભેળવીને ઉપરથી સારી રીતે ઠીકઠાક કરી આપ્યું હોય તો જે માણસ આ પ્રવૃત્તિને જોઈ રહ્યો હોય તે તો એ હલ્વાથી કરાહત તથા નફરત પ્રદર્શિત કરશે અને સખત જરૂરત વિના તેને ખાવા માટે માટે રાજી થશે નહીં. પરંતુ જે શખ્સે આ પ્રવૃત્તિ નથી જોઈ તેના ઉમદાપણાથી પ્રભાવિત થઈને ખુશીની સાથે બધું સફાચટ કરી જશે ! બલ્કે તેની પ્રશંસા કરશે.

આ દુનિયાના હલાલનું દૃષ્ટાંત છે. જેઓ અહલે બસીરત (દૃષ્ટિવાળા) તથા શરીઅત પર અડગ છે તેઓ તો એને કેવળ જરૂર પૂરતું ઉપયોગમાં લે છે પણ ગાફિલ લોકો તેને મન્ન સલ્વાની જે ઉડાવે છે !

જુઓ, જુઓ બંને પ્રકારના લોકોની પ્રકૃતિ તો સરખી છે પણ એક તરફ ઈલ્મ તથા દૃષ્ટિ અને બીજી તરફ અજ્ઞાનતા ના લીધે બંનેના કાર્યોમાં કેટલો તફાવત છે. જો આ જાહિલ તથા નાવાકેફને ઝેરની મિલાવટની ખબર હોત તો ચોક્કસ એ એનાથી બચત. અને જો પેલા જાણકાર માણસને આ મિલાવટની ખબર ન હોત તો તે આ બેખબર માણસની જેમ અચકાયા વિના સઘળો હલ્વો ઝાપટી કાઢત.

તમને આ વર્ણન કરેલ દાખલા પરથી સારી રીતે ખબર થઈ ગઈ કે આ તફાવત પ્રકૃતિના લીધે નથી બલ્કે ઈલ્મ તથા બસીરતની લીધે છે. આ તફાવત એ ઠોસ અને સ્ટાન્ડર્ડ ચીજ છે. દરેક ઈન્સાફ પ્રિય અને બુધ્ધિશાળી તેના સહી હોવાનો સ્વીકાર કરશે. અને અલ્લાહ તઆલા પોતાના ફઝલો કરમથી હિદાયત તથા તૌફીક઼નો માલિક છે.

## ★ ઝોહદ (દુનિયા ત્યજવા)નો મતલબ ★

**સવાલ** : કાંઈ ન કાંઈ દુનિયાનું હોવું જરૂરી છે જેથી આપણી તથા આપણા બીવી બચ્ચાંઓની જિંદગી કાયમ રહી શકે, તો દુનિયાથી સંપૂર્ણપણે અલાયદાપણુ કઈ રીતે થઈ શકે છે ?

**જવાબ** : ઝોહદ (દુનિયાનો ત્યાગ)નો મકસદ એ છે કે વધારાની અને બિનજરૂરી ચીજોથી બચવામાં આવે. મતલબ કે એટલા પ્રમાણમાં શક્તિ તથા તાકત મૌજૂદ રહે જેનાથી ઈબાદત તથા ખુદાની ફરમાબરદારી અદા કરી શકાય. કેવળ ખાવા પીવા અને મજા ઉડાવવાનો મકસદ ન હોય. અને ખુદા તઆલાને એના પર કુદરત છે કે તમને સબબ તથા ઝરીયાથી જીવતા રાખે અને કશા જાહેરી સબબ વિના પણ, જેમ કે ફરિશ્તાઓ આ ભૌતિક ઝરીયાઓ વિના (ખાધા, પીધા વિના) જ જીવતા છે. ખુદા તઆલાને એ પણ કુદરત છે કે તમને તમારી પાસેની મૌજૂદ ચીજ વડે જીવંત રાખે. અથવા એવી ચીજ પૂરી પાડે જેનો તમને સ્વપ્ને પણ ખયાલ ન હોય. જેમ કે રબ તઆલાએ એક જગાએ ફર્માવ્યું :–

وَمَنْ يَّتَّقِ اللّٰهَ يَجْعَلْ لَّهٗ مَخْرَجًا ۙ وَّيَرْزُقْهُ مِنْ حَيْثُ لَا يَحْتَسِبُ ؕ "જે તકવા તથા પરહેઝગારીની રાહ અપનાવે તો અલ્લાહ તઆલા તેને એવી જગાએથી રોજી આપે છે જ્યાંનો તેને વહેમ કે ગુમાન પણ નથી હોતો." *(સૂ. તલાક, ૬૫/૩)*

એટલા માટે તમે જો તક઼વા પર મજબૂતીથી જામી જાવ તો જીવનની સલામતી માટે દુનિયા તલબ કરવાની જરૂરત નથી. અને ઝોહદનો આ દરજ્જો તમને હાંસલ ન થાય તો આખેરતનું ભાથુ અને તક઼વાની નિય્યતથી તલાશ કરો, વાસનાઓ તથા લિજ્જતોના હેતુથી તલાશ ન કરો. કેમ કે જ્યારે તમારી નિય્યત

નેક હશે તો એ આખેરતની તલબમાં જ ગણત્રી પામશે અને એ રીતે તમારા ઝોહદમાં કોઈ ફરક આવશે નહીં. આ ઉપરોક્ત બયાનને સારી રીતે દિમાગમાં બેસાડી દો. વબિલ્લાહિત્ તૌફીક.

## ★ બીજી રૂકાવટ મખ્લૂક઼થી મેલજોલ ★

વળી, મખ્લૂકથી અલાયદાપણુ અને તન્હાઈ પણ જરૂરી છે અને એના બે સબબો છે :–

એક એ કે તમે મેલજોલમાં વ્યસ્ત થઈને ઈબાદતથી મેહરૂમ થઈ જશો. એક બુઝુર્ગ ફર્માવે છે કે, હું એક જમાઅત (ટોળી) પાસેથી પસાર થયો જે ચર્ચામાં મશગૂલ હતી અને એક શખ્સ તેનાથી દૂર ખસીને બેઠેલો હતો. મેં તેની નજીક જઈને તેનાથી વાતચીત કરવા ચાહ્યું તો તેણે જવાબ આપ્યો કે, હું ઝિક્રે ઈલાહીમાં મશગૂલ રહેવાને તારી સાથે વાતચીત કરવા કરતાં અધિક પ્રિય જાણું છું. મેં કહ્યું, તમે અહીં એકલા બેઠા છો ! તો તેણે કહ્યું : હું એકલો નથી બલ્કે મારી સાથે એક મારો રબ છે અને બે કિરામત કાતિબીન છે. ત્યારબાદ મેં તેને સવાલ કર્યો કે, ચર્ચા કરનારાઓમાં બેહતર કોણ છે ? તો તેણે જવાબ આપ્યા, જેને ખુદાએ બખ્શી આપ્યો હોય. મેં પૂછયું, સીધો માર્ગ કયો છે ? તો તેણે હાથ વડે આસમાન તરફ ઈશારો કર્યો અને ઉભો થઈને ચાલી નીકળ્યો. ચાલતી વખતે તે કહી રહ્યો હતો કે,

''હે અલ્લાહ ! તારી મોટાભાગની મખ્લૂક મને તારા ઝિક્રથી ગાફેલ રાખવાની કોશિશ કરે છે.''

આથી જણાયું કે, મખ્લૂકની સાથે તઅલ્લુક ઈબાદતથી ગાફેલ કરી આપી છે. બલ્કે ઈબાદતથી રોકી દે છે. બલ્કે કેટલીકવાર હલાકત તથા બુરાઈમાં ફેંકી દે છે જેમ કે હઝરત હાતિમ અસમ رضي الله عنه એ ફર્માવ્યું છે :–

''મેં મખ્લૂકથી પાંચ ચીજો તલબ કરી પણ ન મળી શકી. મેં તેમને કહ્યું કે ઝોહદ તથા તાઅત (ફરમાબરદારી) મારા માટે પૂરી પાડો પણ તેઓ ન કરી શક્યા. મેં કહ્યું કે, ઝોહદ તથા તાઅતમાં મારી મદદ કરો, પણ તેઓ મદદ પણ ન કરી શક્યા. મેં કહ્યું કે ઝોહદ તથા તાઅત માટે તમારાથી દૂરી થાઉં તો નારાજ

ન થશો પણ દૂરી અપનાવતાં નારાજ થઈ ગયા. મેં કહ્યું કે, ઝોહદ તથા તાઅત હાંસલ કરવામાં તમે આડ ન બનશો પણ તેઓ આડ બનવાથી પાછા ન હઠયા. છેવટે મેં કહ્યું કે, મને ખુદાની નાફર્માની તરફ તો ન બોલાવો ! પણ તેમણે મારી આ વાતને પણ ન માની. જ્યારે લોકોથી મારી કોઈ મુરાદ ન થઈ તો હું તેમનાથી અલિપ્ત થઈ ગયો અને નફસની ઈસ્લાહમાં મશ્ગૂલ થઈ ગયો.

હે અઝીઝ ! નબી કરીમ ﷺએ ગોશાનશીની (એકાંત ખૂણો અપનાવવા)ની હકીકત, ગોશાનશીનીનો સમય અને તે સમયના લોકોની વિગત દર્શાવી છે અને હુકમ આપ્યો છે કે જ્યારે એ સમય તથા જમાનો આવે તો મખ્લૂકથી એકદમ કિનારાકશ (અલિપ્ત) થઈ જશો, નહીં તો તમારો દીન તબાહ અને આખેરત બરબાદ થઈ જશે. અને એ સ્પષ્ટ છે કે નબીએ કરીમ ﷺ ઉમ્મતની ભલાઈઓ આપણા કરતાં અધિક જાણે છે અને આપ આપણાથીયે અધિક આપણા શુભેચ્છક છે. તો તમે એ જમાનો પામો જેમાં આપે અલાયદાપણાનો હુકમ આપ્યો છે તો એ આપના હુકમનું જરૂર પાલન કરો અને આપની નસીહત પર અમલ કરો અને એવો વહેમ પણ ન કરો કે આપણે આપણી ભલાઈઓને હુઝૂર علیہ الصلوٰۃ والسلامથી બેહતર જાણીએ છીએ. અને અલાયદગી તથા ગોશાનશીનીને ત્યજી દેવા માટે કઢંગી તાવીલો ન કરો, અને મુલાયમ બહાનાઓ વડે પોતાના દિલને ન બેહલાવો. જો આ નાઝુક સમયમાં હઝૂર (ﷺ)ના ઈર્શાદનું પાલન નહીં કરો તો હલાક તથા બરબાદ થઈ જશો અને આખેરતમાં તમારુ કોઈ બહાનું સાંભળવામાં આવશે નહીં.

એક મશહૂર હદીષમાં જે અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર બિન આસ رضی اللہ عنہથી મરવી છે જેમાં ગોશાનશીનીના સમય વિશે ખુલાસો કરી આપવામાં આવ્યો છે. જેમ કે હઝરત અબ્દુલ્લાહ ફર્માવે છે :–

એકવાર અમે હુઝૂર ﷺની ખિદમતમાં હાજર હતા. ફિત્નાઓની ચર્ચા થઈ રહી હતી. તો આપે ફર્માવ્યું, "જ્યારે તમે જુઓ કે લોકો વાયદાભંગ કરવામાં સંડોવાઈ જાય અને અમાનતમાં ખયાનત કરવા લાગે અને લોકોમાં વિના કારણે ભેળસેળ વધી જાય (અને વિના કારણે મેલજોલનો ઉલ્લેખ કરતી વેળા આપે બંને હાથોની આંગળીઓ એકબીજામાં નાખી દીધી) તો એવા સમયે

સખત જરૂરત વિના ઘરની બહાર ન નીકળો, પોતાની જીભને કાબુમાં રાખો, નેક કામ અપનાવો, બુરાઈથી બચો, એકાંકીપણુ પોતાના પર લાઝિમ કરી લો અને મેલજોલથી સંપૂર્ણપણે પરહેઝ કરો.

એક અન્ય હદીષમાં નબીએ કરીમ ﷺએ ગોશાનશીની અપનાવવાના જમાના વિશે આ નિશાની બયાન ફર્માવી છે : ذلك ايام الهرج એટલે એ વખતે ગોશાનશીની લાઝિમ છે કે જ્યારે 'હર્જ' આમ હોય, હાજરજનોએ અર્ઝ કરી, હર્જનો શો મતલબ છે ? તો આપે ફર્માવ્યું, જ્યારે કોઈ શખ્સ પોતાના પડોશીથી બેખૌફ અને સંતુષ્ટ ન હોય.

અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી એક હદીષ હદીષ મરવી છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ હરષ ઈબ્ને ઉમૈરહને ફર્માવ્યું :–

"જો તારી ઉંમરે સાથ આપ્યો તો તું એવો જમાનો પામીશ જેમાં ખતીબ (તકરીર કરનારા) ઘણાં હશે પણ સમુદ્ર આલિમ (ફકીહ) થોડા હશે, ભીખારી ઘણા હશે પણ તેમને આપનારા ઘણાં થોડા હશે. અને ઈલ્મ ખ્વહિશાતના તાબે થઈ જશે." હઝરત હારિષ ઈબ્ને ઉમૈરહએ અર્ઝ કરી કે એવો સમય ક્યારે આવશે ? તો આપે ફર્માવ્યું :–

"જ્યારે નમાઝોની પરવા નહીં પણ, લાંચની લેણદેણ આમ (સામાન્ય) થઈ જશે, અને દીન તથા મઝહબ તુચ્છ દુનિયા ખાતર વેચી દેવામાં આવશે. એવા સમયે બચજો. આપે બચવાનો શબ્દ ત્રણ વાર દોહરાવ્યો."

હું કહું છું કે, હુઝૂરે અલાયદાપણુ અપનાવવાના સમયની જે નિશાનીઓ બયાન ફર્માવી હતી તે સર્વે આપણા સમયમાં મૌજૂદ છે. (ઈમામ ગઝાલી સાહબ رحمۃ اللہ علیہ ૫૦૦ હિ.સ.ની હાલત વર્ણન કરી રહ્યા છે. આજે ૧૪મી સદી પૂરી થઈ છે તો એમાં ગોશાનશીનીની જરૂરત તથા એહ્‌મિયતનો અંદાજો તમે જ લગાડી લો !)

વળી સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો) આવા ખરાબ કાળના લોકોથી અલાયદા રહેવાની સખત તાકીદ ફર્માવતા હતા. તેઓ જીવનભર મેલજોલથી દૂર રહ્યા અને અન્યોને એની તાકીદ ફર્માવતા રહ્યા અને નિઃશંક ! તે લોકો

આપણા કરતાં અનેક ઘણા દીર્ઘ દ્રષ્ટિવાળા હતા, એમના પછીનો જમાનો એમના જમાનાથી બેહતર નથી બલ્કે દીની એતબારથી અધિક કડવો તથા ખરાબ છે.

હઝરત યુસૂફ ઈબ્ને અસ્બાતે ફર્માવ્યું કે સુફયાન ષૌરી رضی اللہ عنہ ખુદાની કસમ ખાઈને કહ્યા કરતા હતા કે અમારા જમાનામાં ગોશાનશીની જાઈઝ થઈ ગઈ છે. હું (ઈમામ ગઝાલી) કહું છું કે જો એમના જમાનામાં જાઈઝ હતી તો આપણા જમાનામાં ફર્ઝ થઈ ગઈ છે (હવે ઈમામ ગઝાલી હિ.સ. ૫૦૦ના અરસામાં ગોશાનશીનીને ફર્ઝ કહી રહ્યા છે ! તો ૧૫મી સદીમાં આજની હાલત જોતાં શું કહેવાશે ?! અલ્લાહની પનાહ ! –અનુવાદક)

હઝરત સુફિયાન ષૌરી رحمۃ اللہ علیہથી એ પણ નકલ થયેલ છે કે આપે હઝરત એબાદુલ ખવાસ رحمۃ اللہ علیہને નીચે મુજબ પત્ર લખ્યો હતો.

"તું એવા જમાનામાં છે જેનાથી હુઝૂર صلی اللہ علیہ وسلمના સહાબા પનાહ માગતા હતા જો કે તેઓ અમારા કરતાં અધિક આલિમ હતા. હવે આપણી શું હાલત થશે જ્યારે આપણે એ જ ખતરનાક જમાનામાં છીએ અને વળી આપણે ઈલ્મમાં એમનાથી ઉતરતા છીએ, સબ્રમાં ઓછા છીએ અને નેકી પર મદદ કરનારા પણ હવે ઓછા છે, અને દુનિયા તે સમય કરતાં હાલ અધિક ખરાબ છે અને લોકોમાં ફસાદ પણ અધિક પ્રવેશી ગયો છે. એટલા માટે ફારૂકે આઝમ رضی اللہ عنہએ ફર્માવ્યું, "બુરા સાથીથી દૂરી અપનાવવામાં રાહત છે."

આ નીચેના અરબી શેઅરો પણ એના જ અનુસંધાનમાં કહેવામાં આવ્યા છે :– (અહીં શેઅરોનો કેવળ અર્થ જ લખ્યો છે)

**(૧)** આપણો આ જમાનો એ જ છે જેનાથી આપણને હઝરત કઅબ અને હઝરત મસ્ઊદના કૌલમાં ડરાવવામાં આવ્યા છે.

**(૨)** આ એવો જમાનો છે જેમાં હક્ મરદૂદ છે અને જુલ્મ તથા બગાવત મક્બૂલ તથા મહબૂબ છે !

**(૩)** અત્યારે દીનથી આંધળા તથા બહેરા મુસલમાનોમાં હળીમળી ગયા છે અને અત્યારે ઈબ્લીસને સાચો અને મહાન સમજવામાં આવી રહ્યો છે.

**(૪)** જો આ જમાનાની નાઝુક હાલત આ જ રહી અને જો એમાં કોઈ

બેહતર તબદીલી અસ્તિત્વમાં ન આવી તો એના મરનારાઓથી ન અફસોસ વ્યક્ત કરવો લાયક હશે, ન તો નવા જન્મનારાઓ પર ખુશી પ્રદર્શિત કરવી મુનાસિબ હશે.

અને મેં (ઈમામ ગઝાલીએ) સાંભળ્યું છે કે એકવાર હઝરત સુફયાન ઈબ્ને ઓયયૂનહ્એ હઝરત સુફયાન ષૌરીને કહ્યું, "મને કોઈ નસીહત કરો !" તો આપે ફર્માવ્યું, "લોકોથી મેલજોલ અને ઓળખ ઓછી રાખ." તો સુફયાન ઈબ્ને ઓયયૂનહ્એ કહ્યું, "અલ્લાહ આપના પર રહમ કરે ! હદીષમાં તો આવ્યું છે કે, લોકોથી ઓળખ વધાર કેમ કે દરેક ઓળખીતો મોમિન બીજા મોમિનની શફાઅત કરશે." તો હઝરત સુફયાન ષૌરીએ જવાબ આપ્યો, "મારું ગાલિબ ગુમાન એ જ છે કે તને જે તકલીફ પહોંચી હશે તે કોઈ ઓળખીતા થકી જ પહોંચી હશે."

હઝરત સુફયાન ષૌરીએ આ શબ્દો કહ્યા અને ઈન્તેકાલ કરી ગયા. હઝરત સુફયાન ઈબ્ને ઓયયૂનહ્ કહે છે કે મેં આપને વફાત પછી ખ્વાબમાં જોયા કે, આપ બુલંદ મરતબા પર બિરાજમાન છે. મેં અર્ઝ કરી કે કોઈ નસીહત કરો ! તો આપે ફર્માવ્યું, "જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી લોકો સાથે ઓળખ પહેચાન ઓછી રાખ કેમ કે મખ્લૂકના મેલજોલથી મુક્તિ પામવી સખત મુશ્કેલ છે."

એક અરબી શાયરે આ વિશે આ પ્રમાણે કહ્યું છે :–

**(૧)** હું લોકોની હાલતની પૂછતાછ અને એમનાથી ઓળખાણ પેદા કરવામાં વ્યસ્ત રહ્યો એટલે સુધી કે હું વુધ્ધાસ્થાએ પહોંચી ગયો.

**(૨)** તો મારી જેનાથી ઓળખાણ થઈ તેની મેં બુરાઈ જ કરી. અલ્લાહ તઆલા તેમને સારો બદલો (નેક જઝા) આપે જેમને હું નથી ઓળખતો.

**(૩)** એ ભૂલ જેના કારણે હું અધિક બુરાઈ (ટીકા)ને લાયક છું એ એ જ છે કે મેં તેમને દોસ્ત બનાવ્યા જેઓ ઈન્સાફ તથા વફાદારીથી અજાણ હતા.

એક મકાનના દરવાજા પર આ શબ્દો લખેલા હતા :

"અલ્લાહ તઆલા એમને જઝાએ ખૈર (સારો બદલો) આપે જેઓને અમે નથી ઓળખતા, પણ તેઓને ન આપે જેઓ અમારા દોસ્ત છે, કેમ કે અમને જે

ઈજા તથા તકલીફો પહોંચી છે તે દોસ્તો તરફથી જ પહોંચી છે."

અરબીના આ બે શેઅરો પણ એ જ અર્થમાં કહેવામાં આવ્યા છે :–

**(૧)** અલ્લાહ તઆલા તેમને જઝાએ ખૈર આપે જેમને અમારાથી કોઈ દોસ્તી અને પિછાણ નથી.

**(૨)** કેમ કે જે કાંઈ ગમ તથા ઈજા પહોંચી છે તે અમારા દોસ્તો અને ઓળખીતાઓથી જ પહોંચી છે.

હઝરત ફુઝૈલ رحمة الله عليهએ ફર્માવ્યું, "આ નાઝુક દૌરમાં પોતાની જીભની હિફાઝત કર, પોતાના મકાનને છુપુ રાખ, પોતાના કલ્બ (દિલ)ની ઈસ્લાહ (સુધારણા) કર, નેક કામ અપનાવ અને બુરાઈથી દૂર રહે."

હઝરત સુફયાન થૌરી رحمة الله عليهએ પોતાના જમાના વિશે ફર્માવ્યું :–

"આ ખામોશી ઈખ્તિયાર કરવાનો જમાનો છે. હાલમાં ઘરની ચાર દીવાલો વચ્ચે રહેવામાં અમ્ન છે અને મામૂલી ધંધાથી ગુજરાન ચલાવવું બેહતર છે ત્યાં સુધી કે મૌત આવી જાય."

અને હઝરત દાઉદ તાઈ رحمة الله عليهથી મન્કૂલ છે કે, "દુનિયામાં રોઝા સાથે રહે અને આખેરતમાં જઈને એ રોઝો ઈફતાર કર અને લોકોથી એવી રીતે દૂર ભાગ જેવી રીતે સિંહથી નાસે છે."

હઝરત અબૂ ઓબૈદાએ ફર્માવ્યું, "મેં જે દાના (શાણા પુરૂષ)ને પણ જોયો અને એનાથી ગુફતગૂ (ચર્ચા) કરી તેણે છેવટે એ જ કહ્યું કે, જો તું એ વાત પસંદ કરે છે કે લોકોમાં તારી કાંઈ જાણ પિછાણ ન હોય, તો પછી તારો અલ્લાહ તઆલાને ત્યાં કાંઈક મરતબો છે."

આ પ્રકારની રિવાયતો એટલા પ્રમાણમાં છે કે આ સંક્ષિપ્ત કિતાબમાં એના વર્ણનનો અવકાશ નથી. અમે આ પ્રકારની રિવાયતોને એક મોટી કિતાબમાં એકત્ર કરેલ છે જેનુ નામ 'અખ્લાકુલ અબ્રાર વન્નજાતુ મિનલ્ આષાર' રાખ્યું છે એનો અભ્યાસ કરો. એમાં તમને અજીબો ગરીબ (ચિત્ર વિચિત્ર) જાણકારી મળશે અને અકલમંદને તો ઈશારો જ કાફી છે. વબિલ્લાહિત્ તૌફીક.

બીજુ કારણ જેના લીધે મખ્લૂકથી દૂરી અપનાવવી જરૂરી છે તે એ છે કે

લોકોમાં ભળેલા રહીને તમારી ઈબાદત તથા ફર્માબરદારી તબાહ તથા બરબાદ થઈ જશે, ઈલ્લા માશાઅલ્લાહ ! તે એ રીતે કે લોકોમાં રહીને તમે બાહ્ય આડંબર (રિયા), પોતે જ પોતાની પ્રશંસા કરવામાં અને ઝીનતમાં સપડાઈ જશો.

હઝરત યહ્યા ઈબ્ને મઆઝ રાઝી رحمۃ اللہ علیہએ શું સરસ કહ્યું છે કે, "લોકોનું જોવું રિયાની ચટાઈ છે."

બુઝુર્ગોએ રિયાકારીના ડરથી લોકોની મુલાકાત અને એક બીજાને મળવાનુ ત્યજી દીધુ હતું. રિવાયતોમાં આવ્યું છે કે, હઝરત હરમ ઈબ્ને હબ્બાને હઝરત ઉવૈસ કરની رضی اللہ عنہને અર્ઝ કરી, "અમને મુલાકાત તથા ઝિયારત થકી તમારી સાથે જોડી રાખશો." તો આપે ફર્માવ્યું, "મેં તને એ બંને કરતાં પણ અધિક લાભદાયી ચીજ વડે મારી સાથે જોડી રાખ્યો છે અને તે તારી ગેરહાજરીમાં તારા માટે ભલી દુઆ છે. મુલાકાત તથા ઝિયારત ઠીક નથી કેમ કે એનાથી રિયા તથા દેખાડો વગેરે પેદા થાય છે."

જ્યારે હઝરત ઈબ્રાહીમ અદ્‌હમ رحمۃ اللہ علیہ હઝરત સુલૈમાન ખવાસ رحمۃ اللہ علیہના શહેરમાં તશરીફ લાવ્યા તો લોકોએ હઝરત સુલૈમાન رحمۃ اللہ علیہને કહ્યું કે, આપ તો હઝરત ઈબ્રાહીમ رحمۃ اللہ علیہની મુલાકાતે નથી જતા ? તો આપે જવાબ આપ્યો, "ઈબ્રાહીમ અદ્‌હમને બદલે સરકશ (નાફર્માન) શૈતાનને મળવાનું અધિક પસંદ કરું છું." લોકોએ આ જવાબ સાંભળતાં બુરૂ જાણ્યું, તો આપે ફર્માવ્યું કે, "મને એ ચીજનો ડર છે કે જ્યારે હું એમનાથી મુલાકાત કરીશ તો એમની સાથે વાતચીત અને સલામ કલામમાં (આગતા સ્વાગતામાં) ઠઠારો કરીશ, પરંતુ જો શૈતાનને જોઉં તો તેનાથી બચવાની અને પનાહની તદબીર કરીશ."

એકવાર મારા (ઈમામ ગઝાલીના) શયખની કોઈ કામિલ આરિફ સાથે મુલાકાત થઈ ગઈ. માડે સુધી બંને એકબીજાથી ચર્ચામાં રહ્યા પછી વાતચીતને અંતે બંનેએ એકબીજા માટે ભલાઈની દુઆ કરી. જુદા પડતી વેળા શયખે તે આરિફને સંબોધીને કહ્યું, "હું આજની મજલિસને બેહતરીન મજલિસ સમજુ છું" તો તે આરિફે જવાબમાં કહ્યું, "હું એને એક ખતરનાક મજલિસ તસવ્વુર કરું છું (સમજુ છું) ! શું ચર્ચા દરમ્યાન આપણે પોતપોતાની વાતને સમજાવવાની

અને પોતપોતાના ઈલ્મને એક બીજા પર જાહેર કરવાની કોશિશ ન કરી રહ્યા હતા ?! અને શું આ રીતે આપણે રિયા તથા તકલ્લુફ (દેખાડો કરવા)માં વ્યસ્ત ન થઈ ગયા હતા ?" આ સાંભળીને મારા શયખ રડી પડયા અને એટલા રડયા કે આપ બેહોશ થઈ ગયા.

આ પ્રસંગ બન્યા બાદ આપ મોટાભાગે નીચેના શેઅરો દોહરાવ્યા કરતા હતા :–

**(૧)** આપણી રીતભાત પર અફસોસ ! કે હક઼ીક઼ી અદ્લ (કિયામત)ના સમયે એ અતિશય ખૌફનાક પરિણામોનો સબબ બનશે.

**(૨)** હું અલ્લાહ તઆલાની નાફરમાની કરીને તેના અઝાબને ચેલેંજ કરી રહ્યો છું જો કે તે ગફૂર તથા રહીમ સિવાય મારા પર કોઈ રહમ કરનાર નથી.

**(૩)** હે અલ્લાહ ! હું મારા ગુનાહોની માફીનો તાલિબ છું, મેં જો કે ગુનાહો કરીને અત્યંત જુલમ કર્યો છે પણ હું એના પર શરમિંદો જરૂર છું.

**(૪)** જ્યારે અંધારી રાત કાયનાતમાં તારીકી (અંધકાર) ફેલાવી દે છે ત્યારે હું દરગાહે ખુદાવંદીમાં આહો ઝારી શરૂ કરી દઉં છું જેણે મારા ગુનાહો પર પડદો નાખી રાખ્યો છે.

ઉપરોક્ત બયાનમાં તે લોકોની મુલાકાતોની હાલત છે જેઓ ઝોહદ તથા તક઼વામાં પોતાનું દષ્ટાંત પોતે જ હતા (અજોડ હતા), તો દુનિયાદાર અને ફુઝૂલ તથા બેહુદા લોકોની આપસમાં મુલાકાતના પરિણામો જે આવશે તેનો ક઼યાસ તમે જાતે જ કરી લો.

હે અઝીઝ ! જમાનો એતેક઼ાદી (અક઼ીદા બાબત) અને અમલી ફસાદોનો અડ્ડો બની ચૂક્યો છે, લોકો નુકસાન પહોંચાડવામાં હદ પાર નીકળી ગયા છે, તેઓ તને ઈબાદતથી દૂર રાખવાની પૂરી કોશિશ કરશે. તેઓ વચ્ચે રહીને તું આખેરતના માટે કાંઈ નથી કરી શકતો, બલ્કે તારી પાછલી નેકીઓ પણ તમામે તમામ વ્યર્થ થઈ જશે એટલા માટે ગોશાનશીની અપનાવવા સિવાય તારા માટે અન્ય કોઈ માર્ગ નથી. (ખુદા આ જમાનાની બુરાઈથી આપણને તેની પનાહમાં રાખે.)

## ★ ગોશાનશીની અપનાવવા વિશે ★

**સવાલ** : કયા કયા લોકો પર ગોશાનશીની લાઝિમ છે ? અને એ અલાયદાપણાના એતબારે લોકોને કેટલા તબકાઓમાં વહેંચી શકાય છે ? અને અલાયદાપણાની હદ કઈ છે જેનું ધ્યાન રાખવું જરૂરી છે ?

**જવાબ** : હે અઝીઝ ! તું જાણ કે અલાયદાપણાના એતબારે લોકોને બે તબકાઓમાં વહેંચી શકાય છે. એક તેઓ જેઓ ન આલિમ છે ન હાકિમ. એવા લોકો પ્રત્યે મખ્લૂક મોહતાજ નથી. તો એવા લોકોને જોઈએ કે મખ્લૂકથી અલગ રહે. કેવળ જુમ્આ, જમાઅત, ઈદ, હજ્જ અથવા દીની મજલિસમાં શરીક થાય, અથવા રોજીના ખાતર જરૂરત મુજબ મેલજોલ કરે, એ સિવાય લોકોથી અલગ રહે, કોઈનાથી ઓળખાણ પિછાણ પેદા ન કરે. અને આ તબકા (પ્રકાર)નો માણસ જો કોઈ મસ્લેહત (સારા હેતુસર)ના લીધે લોકોથી તદ્દન અલગ રહેવા ચાહે અને કોઈ દીની કે દુનિયાવી કામમાં શિરકત ન કરવા ચાહે તો તે શખ્સ માટે ગોશાનશીની અપનાવવા બાબતે નીચેની ચીજોનું હોવું જરૂરી છે :

**(૧)** ક્યાં તો આબાદીથી એટલો દૂર ચાલ્યો જાય કે જુમ્આ, જમાઅત વગેરે અહકામ તેના પર લાગુ ન પડે, જેમ કે પહાડોની ટોચો અથવા દૂર દૂર મેદાનોમાં. કેટલાક બુઝુર્ગો જેઓ ઈબાદતના માટે દૂર દરાઝ સ્થળોએ ચાલ્યા ગયા તો તેમના જવાનુ કારણ શાયદ આ જ હતું.

**(૨)** બીજી ચીજ એ છે કે એવા શખ્સને એ વિશે યકીન હોવું જોઈએ કે લોકોથી સામાન્ય મેલજોલથી પણ નુકસાન પહોંચશે તો એના કારણે જુમ્આ, જમાઅત વગેરેમાં પણ શરીક ન થાય તો તે મઅ્ઝૂર છે. અને મેં ખુદ મક્કા મોઅઝ્ઝમામાં (અલ્લાહ તેને દરેક અકસ્માતોથી બચાવે) કેટલાક એવા મશાઈખ (શયખો)ને જોયા છે જેઓ બયતુલ્લાહ શરીફની તદ્દન નજીક અને તંદુરસ્ત હોવા છતાં નમાઝની જમાઅતમાં શરીક થતા ન હતા. મેં એક દિવસે એક બુઝુર્ગને એનું કારણ પૂછયું તો એમણે એ જ કારણ વર્ણવ્યું જેના પ્રત્યે મેં નિર્દેશ કર્યો છે કે મેલજોલથી નુકસાન પહોંચે છે.

હું કહું છું કે મઅ્ઝૂર (મજબૂર)ની કોઈ ટીકા ન હોવી જોઈએ અને અલ્લાહ

તઆલા દરેકના ઉઝર (લાચારી)ને સારી રીતે જાણે છે કેમ કે તે સીનાઓના (દિલોના) રાઝને જાણે છે. પરંતુ અધિક બેહતર અને મુનાસિબ એ જ છે કે નજીક રહીને જુમ્આ, જમાઅત અને અન્ય ભલાઈની બાબતોમાં શિરકત કરે અને એ સિવાય અલગ રહે. જો તે દીની બાબતોમાં પણ શિરકત કરે અને એ સિવાય અલગ રહે. જો તે દીની બાબતોમાં પણ શરીક થવા નથી ચાહતો તો આબાદીથી એટલે દૂર વસવાટ કરે કે જેથી ઉપરોક્ત શરઈ હુકમો તેના પર લાગુ ન થાય. પરંતુ જે શખ્સ શહેરમાં કે આબાદીમાં જ છે છતાં જુમ્આ, જમાઅત વગેરેમાં શરીક ન થાય તો તેણે આવુ કરવું ઠીક નથી.

બીજો તબકો તે લોકોનો છે જેઓ દીનના એતબારથી લોકોના મુક્તદા (સરદાર) હોય, શરીઅત વિરૂધ્ધ બાબતોની રદ અને હક્કની સાબિતીમાં વ્યસ્ત હોય અને પોતાના કાર્યો તથા કથનો થકી દીનની તબ્લીગમાં મશગૂલ હોય, તો આ ઉલમાએ કિરામને શરઅન (શરીઅતની રૂએ) ગોશાનશીનીની ઈજાઝત નથી બલ્કે એવા લોકો માટે જરૂરી છે કે આમ લોકોમાં રહીને દીનનો પ્રચાર કરે, ઈસ્લામના વિરોધીઓ અને બાતિલ ફિરકાઓની શંકાઓના જવાબો આપે અને ખુદાના હુકમોને ફેલાવવામાં અને જાહેર કરવામાં સતત મશગૂલ રહે કેમ કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું છે :–

**જ્યારે શરીઅતની વિરૂધ્ધ બાબતો સર્વસામાન્ય થઈ જાય અને આલિમે દીન ખામોશ રહે એવા આલિમ પર ખુદાની લાનત.**

સારાંશ એ કે દીની પેશવાના માટે કોઈ હાલતમાં ગફલત જાઈઝ નથી. ઉસ્તાદ (અબૂ બક્ર ઈબ્ને નવરિક رحمۃ اللہ علیہ) વિશે નકલ થયેલ છે કે જ્યારે આપે ઈબાદતના હેતુથી લોકોથી અલાયદાપણુ અપનાવવાનો ઈરાદો કર્યો અને પહાડોમાં પહોંચી ગયા તો એક અવાજ આપનારે ગયબી અવાજ આપ્યો, "હે અબૂબક્ર ! જ્યારે તું મખ્લૂકના માટે અલ્લાહ તઆલાની હુજ્જત અને દલીલ છે તો તું તેઓને છોડીને અહીં શા માટે આવ્યો ?"

અને મને મામૂન ઈબ્ને અહમદે જણાવ્યું કે ઉસ્તાદ અબૂ ઈસ્હાક અસ્ફરાઈની (رحمۃ اللہ علیہ) એ લબનાનના પહાડના ગોશાનશીનોને ફરમાવ્યું કે, હે ઘાસફુસ પર ગુજારો કરનારાઓ ! તમે સરકારે દો આલમ ﷺની ઉમ્મતને

ગુમરાહોની ચુંગાલમાં છોડીને પોતે અહીં આવી ગયા છો ? તો તેમણે જવાબ આપ્યો કે, અમારામાં લોકોની વચ્ચે રહેવાની તાકાત નથી અને ખુદાએ તમને કુવ્વત આપી છે એટલા માટે આપ રહી શકો છો. ત્યાર બાદ આપે એક કિતાબ લખી જેનુ નામ "અલજામેઉલ ખફી વલ જલી" રાખ્યું.

પરંતુ આ ઉલમાએ કિરામ જેવી રીતે ઈલ્મમાં અજોડ હતા એવી જ રીતે અમલ અને આખેરતની ઓળખની બાબતે પણ સૌથી આગળ હતા. હે અઝીઝ ! જાણી લે કે એવા આલિમમાં બે ચીજોનુ હોવું જરૂરી છે : એક તો સબ્ર, સંયમ (સહન શક્તિ), પોતાના નફસની તકેદારી અને હમેશાં ખુદા તઆલાથી સલામતીના તલબગાર રહેવું. બીજી એ કે, બાતિનના (દિલી) એતબારે લોકોથી અલિપ્ત રહે ભલે જાહેરી શરીરના એતબારે તે તેમની સાથે રહે. જો લોકો તેની વાતો કરે તો તેમની સાથે વાત કરે, તેઓ તેની ઝિયારત (મુલાકાત) માટે આવે તો મરતબા મુજબ તેમનો શુક્ર તથા એહતેરામ કરે. અને જો લોકો તેનાથી દૂર રહે અને ખામોશીથી વર્તે તો તે એને ગનીમત (અધિક સારું) સમજે. નેક વાતમાં તેમનો સાથ આપે અને જો બુરાઈ અને શરારતની તરફ વળે તો તેમનો વિરોધ કરે અને તેમનાથી અલગ રહે. અને જો લોકો તેના ધમકાવવાથી બુરાઈથી અલગ થઈ શકતા હોય તો તેમને યોગ્ય રીતે ધાક ધમકી પણ દેખાડે અને જે હક્કો તેઓમાં રહેવાના કારણે એના પર લાગુ પડે છે એને પણ અદા કરતો રહે, જેમ કે અમુક અમુક સમયે તેમના સાથે મેલ મુલાકાત, બીમારોની અયાદત અને શક્તિ મુજબ તેમની જરૂરતો પૂરી પાડવી. પણ તેમની પાસે કોઈ પ્રકારની માગણી ન કરે અને ન એવી ઉમ્મીદ રાખે, શક્તિ મુજબ તેમના પર ખર્ચ કરે પણ તેમની પાસેથી કોઈ ચીજ ન લે. જે તકલીફ તથા ઈજા તેમનાથી પહોંચે તેને સહન કરે અને દરેકને હસી ખુશી સાથે મળે. પોતે પોતાને તેમની સમક્ષ બેપરવા જાહેર કરે, પોતાની હાજતો એમનાથી છુપી રાખે અને તેની જાતે જ વ્યવસ્થા કરે. વળી આ વાતોની સાથોસાથ નફ્લી ઈબાદતોના માટે પણ ચોવીસ કલાકમાં કોઈ સમય ખાસ નિશ્ચિત કરી લે જેથી પોતાના જાહેર તથા બાતિનની ઈસ્લાહ (સફાઈ) પણ જારી રાખી શકે. જેમ કે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ ફર્માવ્યું :–

"જો રાત્રે સૂવું છું તો પોતે પોતાને બરબાદ કરું છું અને દિવસે ઊંઘુ તો પ્રજા (રૈયત) તબાહ થશે. તો આ બે વાતોના દરમ્યાન હું કેવી રીતે આરામનો સમય કાઢી શકું છું !"

આ વિષયને લગતા નીચેના કેટલાક શેઅરો મેં કહ્યા છે :–

(૧) જો તમે તમારામાં બુઝુર્ગોની સીરત (જીવન પધ્ધતિ) પેદા કરવા ચાહતા હોવ તો જમાનાની મુસીબતો તથા આઘાતોને સહન કરીને પોતાની અંદર નમ્રતા અને તવાઝોઅ (તુચ્છ હોવાપણા)ને મજબૂત કરો.

(૨) દરેક તકલીફના સમયે નફસમાં સંયમ અને સહનશક્તિ પેદા કરો, દિલને સાબિર (ધૈર્યવાન) બનાવો ભલે તે એનાથી રોકનાર છે.

(૩) તમારી જીભ મોઢામાં બંધ રહેવી જોઈએ અને તમારી આંખો લગામમાં રહેવી જોઈએ, તમારો મામલો લોકો સાથે ગુપ્ત હોવો જોઈએ અને કેવળ ખુદાને જ એનો ઈલ્મ હોય.

(૪) તમારી કોઈ ચર્ચા ન થાય, તમારો દરવાજો બંધ રહે, તમારુ જાહેર ખુશ જણાય અને પેટ ભૂખ્યુ હોય.

(૫) તમારુ દિલ ઈશ્કે મૌલાથી ઝખ્મી હોય, તમારુ બજાર બેરોનક હોય, તમારી ખૂબીઓ ઢંકાએલી હોય, અને તમારા વિશે મહેણા ટોણા આમ હોય.

(૬) હમેશાં જમાના અને જમાનાના લોકોથી પડતી મુસીબતોના ઘૂંટ પીતા રહો, એ હાલતમાં કે તમારુ દિલ ઈતાઅતના શોખથી લબરેઝ હોય.

(૭) દિવસે એહસાન જતાવ્યા વિના લોકોના નેક કામોમાં સહકાર આપતા રહો અને રાત ખુદાને પામવાના શોખમાં પસાર કરી દો અને શોખની કોઈને ખબર ન પડે.

(૮) તમે આ મૌજૂદ રાતોની ક઼દર કરો, એને તે સખત દિવસનો ઝરીયો બનાવો જ્યારે દરેક પ્રકારના કામયાબીના ઝરીયા નષ્ટ પામશે.

તો આલિમે દીન માટે જરૂરી છે કે જાહેરમાં તો લોકોથી મળતો રહે પણ દિલથી તેમનાથી તદ્દન અલિપ્ત રહે અને ખુદાની ક઼સમ ! એ ઘણુ જ મુશ્કેલ તથા કઠિન (કડવુ) છે. એના વિશે અમારા શયખ (رحمۃ اللہ علیہ)એ ફર્માવ્યું :–

"હે મારા અઝીઝ બેટા ! જમાનાવાળાઓ સાથે તુ જિંદગી ગુજાર પણ કોઈ વાતમાં તેમને અનુસરીશ નહીં."

પછી મારા શયખે ફર્માવ્યું કે આ રીતે જિંદગી પસાર કરવી ઘણી જ કડવી તથા મુશ્કેલ છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી મરવી છે કે, "લોકોથી જરૂર જેટલી મેલજોલ અને લેણદેણ રાખો પણ પોતાના દીનને નુકસાનથી બચાવતા રહો."

હું કહું છું કે જ્યારે ફિત્નાનાં મોજાંઓ જોશમાં હોય, જ્યારે હક્ક઼ પડતીની અવસ્થાએ હોય, જ્યારે લોકો દીનથી મોઢુ ફેરવીને બીજી તરફ લક્ષ કેન્દ્રિત કરે અને કોઈ મોમિનના સંબંધ કે મોભાનો લિહાઝ ન કરે, જ્યારે લોકો દીનના આલિમથી નફરત કરતા થઈ જાય અને તેને ન ચાહે, અને ન દીનના મામલામાં તેની મદદ કરે અને આમ તથા ખાસ લોકોમાં ફિત્ના ફેલાઈ જાય, તો એવા સંજોગોમાં આલિમ જો ગોશાનશીની તથા અલાઈદગી અપનાવે અને પોતાના ઈલ્મને ફેલાવવાનું ત્યજી દે તો તે મઅ્ઝૂર છે. અને હું તો એ જ કહું છું કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ જે જમાનામાં ગોશાનશીનીનો હુકમ આપ્યો હતો તે અમારો જ જમાનો છે કેમ કે આ જમાનામાં તે સૌ બાબતો મૌજૂદ છે જેના કારણે ગોશાનશીની લાઝિમ અને જરૂરી થઈ જાય છે અને હક઼ીક઼ી મદદગાર અલ્લાહ તઆલા જ છે તેના પર તવક્કુલ કરવો જોઈએ.

આ છે ગોશાનશીની વિશે સંક્ષિપ્ત તથા જરૂરી વર્ણન, એને સારી રીતે દિમાગમાં બેસાડો કેમ કે એમાં ગલત ફહમીનો મહાન ખતરો છે અને ગોશાનશીનીના જમાનામાં એનાથી દૂર થવામાં સખત નુકશાન છે. વબિલ્લાહિત્ તૌફીક.

**સવાલ** : નબીએ કરીમ صلی اللہ علیہ وسلم એ તો એવો હુકમ આપ્યો છે કે, "તમારા પર જમાઅત (સમુહ)માં રહેવું લાઝિમ છે, કેમ કે અલ્લાહ તઆલાનો દસ્તે ઈનાયત જમાઅત પર જ છે અને બેશક ! શયતાન ઈન્સાનના માટે વરૂ સમાન છે જે ટોળાથી અલગ થનાર અથવા આગળ નીકળી જનાર અથવા દૂર ચાલી જનાર અથવા એકલી રહી જનાર બકરીને ઉઠાવી લઈ જાય છે."

એ જ પ્રમાણે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું છે, **"એકલા માણસની સાથે**

**શૈતાન હોય છે અને જ્યારે બે થઈ જાય તો તેમની નજીક નથી આવતો.''**

**જવાબ** : જેવી રીતે સરકારે દો આલમ ﷺએ જમાઅતમાં (એક સમુહમાં) રહેવાની તાકીદ ફર્માવી છે, એવી જ રીતે એ પણ ફર્માવ્યું છે કે, તારા ઘરમાં જ રહે, એકાંત અપનાવ અને આમ મેલજોલથી સખત બચતો રહે.

તો આ હદીષમાં હુઝૂર ﷺએ અવામથી (લોકોથી) અલગ રહેવાનો હુકમ આપ્યો છે. અને આ હદીષ તેમજ ઉપરોક્ત બંને હદીષો બચ્ચે હકીકતમાં કોઈ ટકરાવ કે મતભેદ નથી, અમે ખુદાની તૌફીક઼થી એકરૂપતા વર્ણન કરીને છીએ.

હુઝૂર علیہ الصلوٰۃ والسلامના ઈર્શાદ વ અલયકુમ્ બિલ્ જમાઅતમાં ત્રણ શક્યતાઓ છે :

**(૧)** દીન અને અહકામમાં જમાઅતથી અલાયદો માર્ગ અપનાવવાની મનાઈ છે. કેમ કે તમામ ઉમ્મત ગુમરાહી પર એકમત નથી થઈ શકતી. જેથી ઈજમાઈ (સર્વસંમત) મસાઈલ અને પાયાના અહકામ (હુકમો)માં જમહૂરથી અલાયદગી બાતિલ અને ગુમરાહી છે. પરંતુ જો કોઈ શખ્સ પોતાના દીનની હિફાઝતના હેતુથી એકાંત અપનાવે તો આ હદીષમાં તેની મનાઈ નથી.

**(૨)** આમ મુસલમાનોથી નમાઝ બાજમાઅત અને જુમ્આ વગેરેમાં અલાયદાપણુ ન અપનાવવામાં આવે, કેમ કે ભેગા મળીને જુમ્આની નમાઝ અદા કરવામાં દીનને મજબૂતી મળે છે, ઈસ્લામનો કમાલ જાહેર થાય છે અને કાફિરો તથા મુલ્હિદો (અધર્મીઓ) મુસલમાનોનો જથ્થો જોઈને જલે છે. અને જુમ્આ તથા જમાઅત વગેરે ઈસ્લામી ઈજતેમાઓ પર અલ્લાહ તઆલાની બરકતો અને રહમતો નાઝિલ થાય છે. એટલા માટે અમે કહ્યું છે કે ગોશાનશીની તે શખ્સ માટે જરૂરી છે કે જુમ્આ જમાઅત વગેરે દીની ઈજતેમાઓમાં આમ મુસલમાનો સાથે શરીક રહે અને એના સિવાય સામાન્ય સંબંધો અને મેલજોલથી પરહેઝ કરે. કેમ કે આમ મેલજોલમાં ઘણી આફતો અને નુકસાનો છે.

**(૪)** અલયકુમ બિલ જમાઅતમાં ત્રીજી શક્યતા એ છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامનો ઈર્શાદ નેક જમાનામાં ઝઈફુલ એતેકાદ (નબળા એતેકાદવાળા)

શખ્સના માટે છે પરંતુ મજબૂત એતેકાદવાળો તથા (દીની) સમજ શક્તિવાળો શખ્સ જ્યારે આવો જમાનો પામે જેમાં ફિત્ના તથા ફસાદ હોય અને જેનાથી હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ડરાવ્યા છે અને જેમાં ગોશાનશીની અપનાવવાનો હુકમ આપ્યો છે તો તેના માટે ગોશાનશીની એ મેલજોલ કરતાં બેહતર છે જેથી આફતો તથા ફસાદોથી મહફૂઝ રહે, પરંતુ મુનાસિબ એ છે કે દીની ઈજતેમાઓ અને ભલાઈની બાબતોમાં શરીક થતો રહે, અને જો લોકોથી સંપૂર્ણતઃ અલાયદાપણુ અપનાવવા ચાહે તો કોઈ પહાડની ટોચ અથવા દૂર વેરાન સ્થળે નીકળી જાય, જેના થકી પોતાનો દીન સુરક્ષિત રાખી શકે.

હું કહું છું કે એવા શખ્સે પણ નેક ઈજતેમાઓ અને ભલાઈની બાબતોમાં જરૂર શરીક થવું જોઈએ, જેથી કરીને તેનો એ સવાબ વેડફાઈ ન જાય. અને ઈસ્લામી ઈજતેમાઓ (મજલિસો) અલ્લાહ તઆલાની નજીક ખૂબ જ મહત્વ ધરાવે છે, ભલે લોકોમાં ફસાદ અને દીની વિમુખતા જોવા મળતી હોય. અને અમે અબ્દાલના વિશે સાંભળ્યું છે કે તેઓ જ્યાં પણ હોય આવા ઈજતેમાઓમાં શિર્કત કરે છે, અને આ લોકો જમીનમાં હરતા ફરતા રહે છે અને તમામ જમીન તેમના માટે એક કદમ (જેટલી) છે. ખબરોમાં આવેલ છે કે અબ્દાલના માટે જમીન સંકોચાઈ જાય છે, તેમને અલ્લાહ તરફથી મોઅઝ્ઝઝ્ ખિતાબ (માનનીય સંબોધનો), બરકતો અને અવનવી રૂહાની નેઅમતો અતા થતી રહે છે. એ અબ્દાલોને અઝીમ કામયાબી માટે મુબારકબાદ થજો.

અને અમે દુઆ કરીએ છીએ કે અલ્લાહ તઆલા આખેરતની ગફલત વર્તનારાઓની હાલતો પણ પોતાની કામિલ રહમત વડે દુરુસ્ત કરે. અને જે પોતાની આખેરત દુરુસ્ત કરવામાં વ્યસ્ત છે તેને મંઝિલે મકસૂદ સુધી પહોંચાડે.

મેં મારી પરિસ્થિતિને અનુરૂપ શેઅરો કહ્યા છે :–

**(૧)** જિદ્દોજેહદ કરનારા કામયાબ થઈ ગયા તેમને વસ્લ (મુલાકાત)ની સઆદત (નેકનસીબી) નસીબ થઈ ગઈ અને દોસ્ત દોસ્તોની ઈમદાદ તથા મદદ વડે મંઝિલે મકસુદ સુધી પહોંચી ગયા.

**(૨)** અને અમે એ જ પ્રમાણે અસમંજસ અને હૈરાનીના આલમમાં

ઉભેલા છીએ, વિરહ તથા વિસાલ (મિલન)ની વચ્ચે અદ્ધર છીએ.

**(૩)** તમારો હાલ તો એ છે કે રોજબરોજ ખુદાથી દૂર થઈ રહ્યા છો અને ઉમ્મીદ એ રાખો છો કે એ તમને પોતાનો કુર્બ (નજદીકી) નસીબ કરે. ઈન્સાની બુધ્ધિ એવી ઉમ્મીદને બુધ્ધિથી પર સમજે છે.

**(૪)** હે અલ્લાહ ! અમને તારુ શરબતે વિસાલ ચખાડ જે દરેક પ્રકારનો ગમ દૂર કરે છે અને સવાબના માર્ગે રહનુમાઈ કરે છે.

**(૫)** હે અમારી જાહેરી તથા બાતિની બીમારીઓના તબીબ ! હે અમારા ઝખ્મોના મલમ ! અને દરેક પ્રકારની બીમારીઓથી નજાત આપનાર !

**(૬)** હું નથી જાણતો કે મારી બીમારીઓની દવા શું છે ? અથવા કઈ ચીજ વડે કિયામતના દિવસે મારી નજાત થશે.

અમે આ બયાનને અહીં ખત્મ કરીએ છીએ અને ગોશાનશીનીના મસાઈલ તરફ ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ.

સવાલ : નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું છે કે, "મારી ઉમ્મતની ગોશાનશીની એ જ છે કે તે મસ્જિદોને પોતાની બેઠક બનાવી લે." આ હદીષમાં લોકોથી અલગ થઈને કોઈ પહાડ કે જંગલમાં સ્થાયી થવાથી રોકવામાં આવેલ છે અને તમે કહો છો કે લોકોથી અલાયદા થઈને ક્યાંક દૂર ચાલ્યા જાવ ?

જવાબ : હુઝૂર નબીએ કરીમ ﷺ નો આ ઈર્શાદે ગિરામી સારા જમાના માટે છે ન કે ફિત્ના ફસાદના જમાના માટે, જેમ કે અમે વર્ણવી ચૂક્યા. ઉપરોક્ત હદીષનો એ પણ અર્થ થઈ શકે છે કે જે શખ્સ મસ્જિદને પોતાની બેઠક બનાવી લે, લોકોથી મેલજોલ ત્યજી દે અને તેમની બાબતોમાં દખલગીરી છોડી દે તો તે ભલે જાહેરી રીતે તેમનામાં છે પણ હકીકતમાં તેમનાથી અલગ છે. અલાયદાપણુ (એકાંત) તથા ગોશાનશીનીનો હેતુ પણ એ જ છે. કેવળ મકાન કે શરીરના અલાયદાપણાનો હેતુ નથી. આ મુદ્દાને ખાસ ધ્યાનમાં બેસાડ, અલ્લાહ તારા પર રહમ કરે.

હઝરત ઈબ્રાહીમ અદહમ رحمۃ اللہ علیہએ નીચેના ઈર્શાદમાં આ મુદ્દા પ્રત્યે નિર્દેશ કર્યો છે. આપ ફર્માવે છે :–

"તમે જાહેરી રીતે લોકોથી મેલજોલ કરતા રહો પણ ઉલ્ફત તથા મહોબ્બત કેવળ રબ તઆલાની સાથે હોય, લોકો સાથે તમારો દિલી લગાવ ન હોય.

**સવાલ** : દીની મદ્રસાઓના મુદર્રિસો અને શહેરોમાં સ્થાયી સૂફિયાએ કિરામ વિશે તમારો શો અભિપ્રાય છે, કેમ કે તેઓ તો ગોશાનશીની પર અમલપેરા નથી ?

**જવાબ** : મુદર્રિસોનો દર્સ તથા સૂફીઓની મજલિસો ખૂબ જ સારી ચીજો છે. એમાં બે ફાયદાઓ છે :

**(૧)** દિલી તૌર પર લોકોથી અલગપણુ : તેમની મજલિસો અને તેમના મામલાઓમાં (પ્રસંગોમાં) હાજરી અને મેલજોલથી પરહેઝ.

**(૨)** જુમ્આ, જમાઅત અને અન્ય ઈસ્લામી બાબતોમાં શિરકત.

તો એ લોકોને એ જ સલામતી હાંસલ થશે, જે લોકોથી તદ્દન અલિપ્ત રહેનારાઓને નસીબ થાય છે. સલામતીની સાથોસાથ એ હઝરાતથી એક મોટો ફાયદો હાંસલ થાય છે તે એ કે અવામ (આમ લોકો) તેમની ઈકતેદા (અનુસરણ) કરે છે, તેમની બરકતોથી ફૈઝયાબ થાય છે અને તેમનાથી દીન વિશેની અમૂલ્ય નસીહતો હાંસલ કરતા રહે છે, તો આ હઝરાતનો હાલ દુરુસ્ત રહે છે. તેઓને ઈલ્મ તથા અમલની મજબૂતીના કારણે સુકૂન તથા ઈત્મિનાન મયસ્સર થાય છે. આ જ ફયઝ પહોંચાડવા માટે મોટાભાગના આરિફો લોકોમાં રહે છે. લોકોને તેમના હુસ્ને અખ્લાક (સુવર્તાવ)ના લીધે કોઈ તકલીફ નથી પહોંચતી બલ્કે તકલીફને બદલે તેમનાથી ફાયદો પહોંચે છે. આમ લોકો તેમના આદાબો (નિયમો) અને રસમોનું અનુસરણ કરે છે. એ જ રીતે સાલેહીનના અખ્લાક લોકોમાં ઈસ્લામી અખ્લાકને મજબૂત કરવાનો ઝરીયો બનેલા રહ્યા. જાહેર છે કે ક઼ાલ (કહેવા) કરતાં હ઼ાલ (તેમના અમલ)ની તબ્લીગ અધિક અસરકારક અને લાભદાયી હોય છે, જેથી આરિફો અને સાલેહ લોકોનું અવામમાં રહેવું સીરતની તામીર (લોકોની જીવનશૈલી સુધારવા)ના હિસાબે ઘણુ જ ફાયદામંદ હતું.

**સવાલ** : તે મુરીદ જે મોટાભાગની તસવ્વુફની (સૂફીપણાની) મંઝિલો પાર કરી ચૂક્યો હોય તેને નવા બનેલા મુરીદો સાથે રહેવાની ઈજાઝત છે કે નહીં ?

**જવાબ** : તે શરૂઆત કરનાર જો સલફે સાલેહીન (આગલા બુઝુર્ગો)ના આદાબ, તેમની સીરત અને તેમની રસમો પર દિલથી જામી ગયેલો હોય તો તેમની સાથે રહેવામાં વાંધો નથી. તેઓ દીનમાં તમારા ભાઈ અને સાથી છે અને ઈબાદતના સિલસિલામાં તમારા મદદગાર છે, એવાઓથી અલગ થવું દુરુસ્ત નથી. એવો શરૂઆત કરનારો કોહે લબનાન વગેરેના તારીકુદ્દુન્યા ઝાહિદો (દુનિયા તર્ક કરી ઈબાદતમાં લાગેલા)ની જેમ છે. અમે સાંભળ્યું છે કે કોહે લબનાનના ઝાહિદોમાં કેટલાય એવા ગિરોહ છે જેઓ તક્વો અને નેકીમાં લોકોને મદદ કરે છે અને હક્ક તથા સબ્રની તલ્કીન (આગ્રહ) કરે છે. હા ! તે પ્રારંભના (નવા) મુરીદો જેઓ અસ્લાફની સીરત, તેમની પાકીઝા રસમો અને તેમના પસંદીદા તરીકાઓ છોડી ચૂક્યા હોય અને નામુનાસિબ અને બિનજરૂરી અને નિરર્થક બાબતોને તેમણે પોતાના માટે જરૂરી કરી લીધી હોય તો તેમનાથી પણ દૂરી તથા અલાયદાપણુ એટલું જ જરૂરી છે જેટલું અન્ય આમ લોકોથી જરૂરી છે.

જાહિલ પ્રકારના લોકોમાં ઘેરાયેલા મુરીદે સાદિકે (સાચા મુરીદે) પોતાના ઘરના કોઈ ખૂણાને અપનાવી લેવો જોઈએ, પોતાની જીભને બુરાઈથી રોકી રાખે, નેક કામોમાં તેમની સાથે હિસ્સો લે પણ તેમની હાલતો અને તેમની આફતોથી પોતે પોતાને બચાવી રાખે. આ રીતે આ મુરીદે સાદિક઼ પણ ખરી ગોશાનશીની અપનાવનારાઓમાં ગણાશે.

**સવાલ** : જો કોઈ રિયાઝત તથા મુજાહિદા (ખૂબ ઈબાદત) કરવાની શરૂઆત કરનારો આલિમોના મદ્રસાઓ અને સૂફિયાએ કિરામની મજલિસોથી નીકળીને કોઈ એકાંત સ્થળે નફસની ઈસ્લાહ અને અન્યોની આફતોથી બચવાના હેતુથી ચાલ્યો જાય તો શું એનું જવું યોગ્ય છે ?

**જવાબ** : એ જાણવું જોઈએ કે બાઅમલ ઉલમાની દીની દર્સગાહો અને આખેરતના તાલિબ સૂફીઓની મુકદ્દસ ખાનકાહો એવા મુરીદના માટે સુરક્ષિત કિલ્લા સમાન છે. એ શરૂઆત કરનારો તેમાં રહીને દીનના ડાકૂઓ અને ચોરોથી મહફૂઝ રહી શકે છે. આ દર્સગાહો અને ખાનકાહોની બહારનો વિસ્તાર એવા રણોની જેમ છે જ્યાં હર પળે શૈતાની લશ્કરો ઘુમતાં રહે છે. જે કિલ્લાથી બહાર

રહેનારાઓને હલાક કરી દેતા અથવા ગિરફતાર કરી લેતા હોય છે. તો જે રિયાઝત તથા મુજાહિદા શરૂ કરનારો સુરક્ષિત કિલ્લેથી નીકળીને ચારો તરફથી શૈતાની લશ્કરના ઘેરાવામાં આવી જાય તેનો જે અંજામ થશે એ તો સ્પષ્ટ જ છે. એટલા માટે એવા શરૂઆત કરનારા માટે તે મદ્રસાઓ તથા મજલિસોની બહાર કદમ મૂકવો કોઈ રીતે પણ ખતરાથી મુક્ત નથી. પરંતુ તે શખ્સ જે કામિલ હોય, ઈમાની બસીરત (દીની ઈમાની સમજ)થી ભરપુર હોય, દીની રીતે પુખ્તા અને મજબૂત હોય તેના માટે કિલ્લો તથા રણ બંને સરખાં છે, શૈતાની લશ્કર તેના પર સવાર થઈ શકતાં નથી, અને ન તો તે તેમની શરારતોથી પ્રભાવિત થઈ શકે છે. જો કે એવા શખ્સે પણ હિફાઝતી કિલ્લામાં જ રહેવું બેહતર છે એટલા માટે કે દુશ્મનોના અનિશ્ચિત તથા અણધાર્યા હુમલાઓથી બેખૌફ થવું યોગ્ય નથી. મતલબ કે અહલુલ્લાહની સાથે રહેવું, તેમની સોહબતની તકલીફો સહન કરવી જ બેહતર છે અને હર હાલમાં તેમનાથી ભલાઈ તલબ કરવી જ સારી છે અને સાહિબે ઈસ્તિક઼ામત તથા રાસિખુલ હાલ (દીનમાં અડગ) માટે ગોશાનશીની લાઝિમ નથી પણ બેહતર જરૂર છે.

આ વર્ણન કરેલા ગોશાનશીનીના મસાઈલ પર જો તમે અમલ કરશો તો ઈન્શા અલ્લાહ ! આફતોથી મહફૂઝ રહેશો.

**સવાલ** : દીની ભાઈઓની ઝિયારત, પોતાના મુખ્લિસ લોકોથી મુલાકાત અને તેમની સાથે વાતચીત વગેરેનો શો હુકમ છે ?

**જવાબ** : દીની ભાઈઓની ઝિયારત (મુલાકાત) જ્યારે કે તેઓ નેક અને બુઝુર્ગ હોય એક સારી ચીજ છે. એવા શખ્સોની ઝિયારતથી ઈબાદતમાં કુવ્વત, મામલાઓમાં બરકત, ખુદાનો કુર્બ અને દિલની ઈસ્લાહ થાય છે. અને અન્ય ઘણા ફાયદાઓ પ્રાપ્ત થાય છે. પરંતુ બે વાતોનો લેહાઝ ખૂબ જ જરૂરી છે : (૧) હદથી આગળ ન વધાય કેમ કે નબીએ કરીમ ﷺએ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہને ફર્માવ્યું, "અમારી ઝિયારતના માટે ગાળો પાડીને આવ્યા કરો જેથી મોહબ્બતમાં વધારો થાય." (૨) રિયાકારી, પોતે પોતાને સજાવવો, નિરર્થક ચર્ચા, ગીબત અને અર્થહીન વાતોથી સપૂર્ણતઃ બચવામાં આવે, નહીં તો ફાયદાને બદલે નુકસાન થશે.

**હિકાયત** : એકવાર હઝરત ફુઝૈલ અને સુફયાન ષૌરી رضی اللہ عنہماની આપસમાં મુલાકાત થઈ. બંને બુઝુર્ગો મોડે સુધી ચર્ચામાં રહ્યા પછી બંને રડી પડયા. છેવટમાં હઝરત સુફયાન ષૌરીએ કહ્યું કે, "હું આજની આ સોહબતને બેહતરીન સોહબત ધારું છું" તો હઝરત ફુઝૈલ رحمۃ اللہ علیہએ કહ્યું, હું તો એને સૌથી ખતરનાક સોહબત ધારુ છું ! હઝરત સુફયાન ષૌરીએ કહ્યું, શાથી ? તો હઝરત ફુઝૈલે જવાબ આપ્યો, "શું આપણે બંને આપણી વાતોને શણગારતા ન હતા ? અને શું આપણે દેખાડો તથા રિયામાં ન પડી ગયા હતા ?" સુફયાન ષૌરી આ સાંભળીને રડી પડયા.

તો બુઝુર્ગોની ઝિયારતમાં મધ્યમ માર્ગ તથા સાવધાની કેવળ રાખવી જોઈએ અને દેખાડો તથા રિયા વગેરેથી બચવું જોઈએ. એવી મુલાકાતથી તમારી મહોબ્બતમાં કોઈ ફરક પડશે નહીં બલ્કે ફાયદાની ઉમ્મીદ છે.

**સવાલ** : કઈ ચીજો વડે ગોશાનશીની પ્રત્યે ખેંચાણ અને તેમાં સરળતા પેદા થાય છે ?

**જવાબ** : ત્રણ ચીજો છે : **(૧)** દિવસ રાતના ૨૪ કલાકોમાં મોટાભાગના સમયમાં ઈબાદતમાં મશગૂલિયત વડે. કેમ કે અસલ મશગૂલિયત (જે હોવી જોઈએ તે) આ જ છે, અને લોકો સાથે નિરર્થક મેલજોલ અને મહોબ્બત મુફલિસીની અલામત (નિશાની) છે. જ્યારે તમારો નફસ વિના જરૂરત અને કામ વિના લોકોથી મુલાકાત, તેમની ઝિયારત અને તેમનાથી મેલજોલનો શોખીન હોય તો સમજી લો કે તમે ફુઝૂલપણા, દીનની વિમુખતા અને નફસના ધોકામાં આવી ગયા છો. એક અરબી શાયરે શું સરસ કહ્યું છે :–

**અર્થ** : નેકીઓથી પરવારીને હું તમને 'સલામુન અલૈકુમ' કરવા આવી ગયો છું ! સાચે જ બેકાર આદમી ઘણા નિરર્થક કામો કરી બેસે છે.

જ્યારે સાચા અર્થમાં તમે ખુદા તઆલાની ઈબાદતમાં મશગૂલ થઈ જશો અને મુનાજાતે ઈલાહીની મજા પામી લેશો તો તમને આપોઆપ લોકોથી અલગ રહેવામાં રાહત અનુભવાશે અને તમને લોકોના અવાજ અને તેમનાથી વાતચીત કરવાથી નફરત થઈ જશે.

રિવાયત થયેલ છે કે હઝરત મૂસા عليه السلام કોહે તૂરથી જ્યારે પાછા આવ્યા તો આપને લોકોથી ગભરાહટ થતી હતી. આપ કાનોમાં આંગળીઓ નાખી લેતા હતા જેથી કરીને કોઈનો અવાજ ન સંભળાઈ શકે અને આપ લોકોના અવાજને નફરત તથા ગભરાહટના લીધે ગધેડા જેમ ખયાલ કરતા હતા. એટલા માટે તમારે જોઈએ કે અમારા શયખ رحمة الله عليهના નીચે દર્શાવેલા ઈર્શાદ પર અમલ કરો. આપે ફર્માવ્યું :–

(અ) તમે લોકોથી તદ્દન અલિપ્ત થઈ જાવ અને કેવળ ખુદાને જ દોસ્ત બનાવવામાં જ ખુશી અનુભવો.

(બ) તમે લોકોના ચાહે મુખ્લિસ દોસ્ત બનો અને તેમનામાં રહો અથવા તેમનાથી ગાયબ.

(ક) જ્યારે તમને તેમનાથી વાસ્તો પડશે (તેમના વ્યવહારમાં આવશો) તો તમારા હકમાં તેમના દિલ વીછીઓની જેમ પામશો.

**(૨)** ગોશાનશીની પ્રત્યે આકર્ષનારી બીજી ચીજ એ છે કે તમે લોકોથી દરેક પ્રકારની લાલચ તથા આશા ખતમ કરી નાખો. આ રીતે તમે તેમનાથી આસાનીપૂર્વક દૂર થઈ શકશો. કેમ કે જ્યારે તમને કોઈ શખ્સથી કોઈ પ્રકારની લાલચ ન હોય તો તમારા માટે તેનું હોવુ ન હોવું બંને સમાન હશે.

**(૩)** અને ત્રીજી ચીજ એ છે કે તમે લોકોમાં રહેવાની આફતોનો પણ વિચાર કરો, તેને દરેક સમયે યાદ રાખો અને દિલમાં દોહરાવતા રહો.

જ્યારે તમે આ ત્રણ બાબતો પર પાબંદી કરશો તો જરૂર મખ્લૂકથી અલગ થઈને તમારો ઝુકાવ અલ્લાહ તઆલા તરફ થઈ જશે અને આ રીતે તમને ગોશાનશીનીની સઆદત નસીબ થઈ જશે, અને આ કઠિન મંઝિલ તમને મનપસંદ લાગશે અને એના ઝરીયાથી તમને દરબારે ખુદાવંદીમાં ઝુકવાની તૌફીક નસીબ થઈ જશે.

## ઈબાદતમાં ત્રીજું મોટુ વિધ્ન : શૈતાન

હે અઝીઝ બિરાદર ! ઈબાદતમાં તરક્કી તથા કામયાબી હાંસલ કરવાના માટે શૈતાન સાથે જંગ અને તેના પર સખ્તી કરવી પણ લાઝિમ અને જરૂરી છે

અને તે બે કારણે જરૂરી છે :–

**(૧)** એ તમારો ઉઘાડો દુશ્મન છે અને હર પળે તમને ગુમરાહ કરવાના મનસૂબા બનાવતો રહે છે. એની સાથે સુલેહ કે રહમની ઉમ્મીદ કદાપિ કરી શકાતી નથી બલ્કે તે તમને હલાક કરીને જ દમ લેશે. એટલા માટે આવા ખતરનાક દુશ્મનથી બેખૌફ કે ગાફેલ રહેવું એ ગંભીર ગલતી છે. તમે જરા નીચે દર્શાવેલી કુર્આની આયતો પર તો વિચાર કરો :–

اَلَمۡ اَعۡهَدۡ اِلَيۡكُمۡ يٰبَنِىۡۤ اٰدَمَ اَنۡ لَّا تَعۡبُدُوا الشَّيۡطٰنَ ۚ اِنَّهٗ لَكُمۡ عَدُوٌّ مُّبِيۡنٌ

''હે આદમની ઔલાદ ! મેં તારાથી એ વચન ન લીધુ હતું કે દુનિયામાં જઈને શયતાન લઈનની ઈબાદત ન કરતો કેમ કે તે તમારો ઉઘાડો દુશ્મન છે.''

*(પારા–૨૩, સૂરએ યાસીન, રૂકૂઅ–૨, આયત–૬૦)*

બીજી આયતમાં આ પ્રમાણે છે :–

اِنَّ الشَّيۡطٰنَ لَكُمۡ عَدُوٌّ فَاتَّخِذُوۡهُ عَدُوًّا ''બેશક ! શયતાન તમારો દુશ્મન છે, તો તમે પણ તેનાથી દુશ્મની કરો. *(પારા–૨૨, સૂરએ ફાતિર, રૂકૂઅ–૧૨, આયત–૬)*

**(૨)** શૈતાન પર સખ્તી કરવાનુ બીજુ કારણ એ છે કે તેનુ તમારાથી દુશ્મની કરવું તેની ફિત્રત (પ્રકૃતિ)માં છે કે તે હમેશાં તમારાથી લડાઈમાં મશગૂલ છે અને ૨૪ કલાક પોતાની શૈતાનિયતના તીર ફેંકતો રહે છે અને તમે તેની શરારત અને ફિત્નાખોરીથી ગાફેલ છો અને આ ગફલતનો જે અંજામ થશે તે સ્પષ્ટ છે.

અને શૈતાનને ઈન્સાનની અદાવત વિરૂધ્ધ વધુ ભડકાવનારા કેટલાક અધિક સબબો એ છે કે તમે ખુદા તઆલાની ઈબાદતમાં મશગૂલ હોવ અને મખ્લૂકે ખુદાને પોતાના કાર્ય તથા કથન થકી ઈસ્લામની દાવત આપવામાં લાગેલા હોવ, અને આ બાબતો શૈતાનના ધંધા, તેના લક્ષ્ય, તેની મુરાદ અને તેના મિશનથી તદ્દન વિરૂધ્ધ છે, જેથી આ રીતે તમે શૈતાનને ગુસ્સે કરવાની, તેની શરારત, તેની અદાવત અને તેના વિરોધને અધિક ભડકાવવામાં વ્યસ્ત થાવ છો. જ્યારે તમારો વહેવાર તેની સાથે આ પ્રમાણેનો છે તો તે પણ પુરજોશમાં તમારી અદાવત, તમારી સાથે જંગ અને તમારી સાથે પ્રપંચ કરવા કમર કસીને તૈયાર રહે છે, એટલે સુધી કે એ તમારી હાલતને અસ્તવ્યસ્ત કરી નાખે છે બલ્કે તે

એવી કોશિશ કરે છે તે તમારા ઈમાનનો જ ખાત્મો બોલાવી દે. કેમ કે એ તમારાથી કોઈ પળે પણ બેખૌફ નથી. શૈતાન તો એની સાથે પણ અદાવત કરવાથી દૂર નથી રહેતો જે તેની સાથે અદાવત તથા વિરોધ નથી કરતા. જેમ કે કાફિરો, ગુમરાહો અને ફાસિક તથા ફાજિર લોકો. તો એમની સાથે એની અદાવત કેટલા પ્રમાણમાં હશે કે જેઓ દરેક સમયે તેનો વિરોધ અને તેને ગુસ્સે કરવામાં અને તેના ગુમરાહ કરનારા મનસૂબાઓને ધૂળમાં મેળવી દેવામાં વ્યસ્ત રહે છે ?!

તો હે ઈબાદત તથા હક્ક્ની દાવતમાં સક્રિયતા પ્રદર્શિત કરનારાઓ ! આમ (સામાન્ય) લોકોની સાથે તેની અદાવત સામાન્ય હશે પણ તમારી સાથે તો ખાસ હશે, એટલા માટે તમારો મામલો ખૂબ જ મહત્વનો છે.

વળી તમારી અદાવત તથા મુખાલિફત (વિરોધ)માં ઈબ્લીસ કેવળ એકલો જ નથી બલ્કે તેના સાથે શૈતાનોની વ્યવસ્થિત જમાઅત છે. તેની જમાઅતમાં તમારો નફસ અને તમારી ખ્વાહિશો પણ સામેલ છે જે તમારી અતિશય દુશ્મન છે. અને તમારા પર ગાલિબ આવવા માટે તેની પાસે હજારો એવા સબબો છે જેનાથી તમે એકદમ ગાફેલ છો.

હઝરત યહ્યા મઆઝ રાઝી رحمۃ اللہ علیہએ ઘણુ જ સરસ ફર્માવ્યું છે. આપ ફર્માવે છે :–

"શૈતાન ફારિગ (મુક્ત) છે અને મશગૂલ છે, તે તને જુએ છે પણ તું તેને નથી જોતો, તેં તેને ભૂલાવી દીધો છે પણ તેણે તને ભૂલાવ્યો નથી, અને તારી અંદર પણ શૈતાનના કેટલાયે યાર તથા મદદગાર છે એટલા માટે તેનાથી લડાઈ અને તેને કંટ્રોલ કરવો ખૂબ જરૂરી છે, નહીં તો તું તેની શરારતો અને હલાકતોથી બચી શકતો નથી."

**સવાલ** : કેવી રીતે ઈબ્લીસથી લડવામાં આવે અને કઈ ચીજ તેને પકડમાં કે કંટ્રોલમાં કરી શકે છે ?

**જવાબ** : અહલે મુજાહિદા વ રિયાઝત (ઈબાદત કરનારાઓ) પાસે તેના બે તરીક઼ા છે :–

એક તે છે કે કેટલાક મશાઈખ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું છે કે ઈબ્લીસને દૂર

કરવા માટે કેવળ અલ્લાહ તઆલાથી પનાહ લેવામાં આવે. કેમ કે શૈતાન એક કૂતરો છે જેને હક્ તઆલાએ તમારા પર લગાડી દીધો છે. જો તમે તેનો સામનો કરવામાં અને તેને પોતાની પાસેથી હટાવવામાં મશગૂલ થઈ ગયા તો તંગ આવી જશો અને તમારો ઘણો કિંમતી સમય વેડફાઈ જશે અને છેવટે તે સવાર થઈ જશે અને તમને ઘાયલ કરી દેશે અને કરડી ખાશે. એટલા માટે કૂતરાના માલિકની પાસે જ પનાહ લેવી બેહતર છે જે તેને તારી પાસેથી હઠાવી લે.

બીજો તરીકો એ છે કે એનાથી મુકાબલો કરવામાં આવે, તેને ખસેડવા અને અને તેના વિરોધ માટે દરેક સમયે તૈયાર રહેવામાં આવે. હું (ઈમામ ગઝાલી) કહું છું કે મારી દ્રષ્ટિએ અધિક યોગ્ય અને બેહતર એ છે કે બંને તરીકાઓ પર અમલ કરવામાં આવે. પ્રથમ તો તેની શરારતોથી રબ તઆલાની પનાહ માંગવામાં આવે જેવો કે આપણને હુકમ છે અને અલ્લાહ તઆલા એની શરારતોથી આપણને મહફૂઝ રાખવા માટે કાફી છે.

પછી જો તમે એવું મેહસૂસ કરો કે હક્ક તઆલાથી પનાહ માગવા છતાં શૈતાન તમારો પીછો નથી છોડતો અને સવાર થવાની કોશિશ કરે છે, તો એનો મતલબ એ છે કે અલ્લાહ તઆલા આપણા મુજાહિદા, આપણી શક્તિ અને આપણી સબ્રનું ઈમ્તેહાન લેવા ચાહે છે, એટલે કે અલ્લાહ તઆલા એ જોવા ચાહે છે કે તમે શૈતાનથી મુકાબલો તથા ઝઘડો કરો છો અથવા તેના કંટ્રોલમાં આવી જાવ છો. જેમ કે તેણે આપણા પર કાફિરો વગેરેને લગાડી રાખ્યા છે. જો કે તે એના પર કાદિર (શક્તિમાન) છે કે આપણા જેહાદ વગેરેના વગર જ તેમની શરારતો તથા ફિત્નાઓને કચડી નાખે, છતાં તે એવું નથી કરતો બલ્કે બંદાઓને તેમની સાથે જેહાદનો હુકમ કરે છે કે જેથી અજમાવે કે કોના દિલમાં જેહાદનો જઝબો અને શહાદતની તડપ છે અને કોણ પૂરા ખુલૂસ, કોશિશ અને સબ્ર સાથે તેમનો મુકાબલો કરે છે. અલ્લાહ તઆલાએ કુર્આન મજીદમાં ફર્માવ્યું :–

وَلِيَعْلَمَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا وَيَتَّخِذَ مِنْكُمْ شُهَدَآءَ ''અને જેથી કરી અલ્લાહ તઆલા મુખ્લિસ ઈમાનદારોને જાહેર કરી દે અને જેથી કરી તમારામાં કેટલાકને શહાદતનો રૂત્બો અતા ફર્માવે.''

*(પારા–૪, સૂરએ આલે ઈમરાન, રૂકૂઅ–૫, આયત–૧૪૦)*

એક સ્થળે આવો ઈર્શાદ ફર્માવ્યો :–

اَمۡ حَسِبۡتُمۡ اَنۡ تَدۡخُلُوا الۡجَنَّةَ وَ لَمَّا یَعۡلَمِ اللّٰهُ الَّذِیۡنَ جٰهَدُوۡا مِنۡكُمۡ وَ یَعۡلَمَ الصّٰبِرِیۡنَ

"શું તમે એવું ગુમાન કરી લીધુ છે કે તમે જન્નતમાં દાખલ થઈ જશો, જો કે અલ્લાહ તઆલાએ તમારામાંથી હજી સુધી મુજાહિદો અને સબ્ર કરનારાઓને જેહાદ થકી અલગ નથી કર્યા."

*(પારા–૪, સૂરએ આલે ઈમરાન, રૂકૂઅ–૫, આયત–૧૪૨)*

તો એ જ રીતે શૈતાનના મુકાબલામાં પણ આપણને સંપૂર્ણ સાવધાની (સ્ફુર્તિ) અને પૂરી કોશિશ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે. વળી આપણા ઉલમાએ કિરામે ફર્માવ્યું છે કે, શૈતાનને કંટ્રોલ કરવા અને તેનાથી મુકાબલો કરવા માટે ત્રણ ચીજોનું હોવું જરૂરી છે.

પ્રથમ : ચીજ એ છે કે તમે તેના હીલા (ભ્રમમાં નાખે તેવી ચાલ) અને ચાલાકીઓને ઓળખી લો. જ્યારે તમને તેની ભ્રામક ચાલબાજીઓની જાણ થઈ જશે તો પછી તે તમને નુકસાન પહોંચાડી શકશે નહીં. જેમ કે ચોરને જ્યારે માલૂમ થઈ જાય કે મારા વિશે જાણ થઈ ગઈ છે તો તે નાસી છૂટે છે.

બીજી ચીજ એ છે કે તમે શૈતાનની ગુમરાહ કરનારી દાવતને કદાપિ મંઝૂર ન કરો અને તમારું દિલ જરા પણ તેનાથી પ્રભાવિત ન થાય અને તમે તેના મુકાબલા પ્રતિ ધ્યાન ન આપો કેમ કે ઈબ્લીસ ભૂંકનારા કૂતરાની જેમ છે, જો તમે તેને છેડશો તો વધારે શોર મચાવશે અને જો તેનાથી મોઢુ ફેરવી લેશો તો એ પણ ચૂપ થઈ જશે.

ઈબ્લીસથી બચવાની ત્રીજી તદબીર એ છે કે ઝિક્રે ઈલાહીની કષરત (પુષ્કળ પ્રમાણ) કરવામાં આવે. સરકારે દો આલમ ﷺએ ફર્માવ્યું છે, "શૈતાનના માટે ખુદા તઆલાનો ઝિક્ર એટલો તકલીફદાયક છે જે રીતે ઈન્સાનના માટે ખુજલી (ખંજવાળ)"

**સવાલ** : શૈતાનના પ્રપંચો કઈ રીતે જાણી શકાય છે ?

**જવાબ** : શૈતાનના પ્રપંચો ઘણા પ્રકારના છે : પ્રથમ તો તેના વસવસા છે જે તેનાં તીરો છે જેના થકી તે લોકોના દિલોને ઘાયલ કરે છે અને વસવસાઓની

સાચી ઓળખ (દિલના) ખતરાઓ અને ખતરાઓના પ્રકાર જાણવાથી થાય છે.

બીજી ચીજ તેના હીલાઓ છે જે જાળની જેમ છે જેનાથી લોકોના દિલોને ફસાવે છે, અને તેની ઓળખ શૈતાનના ધોકાઓ, તેની ખાસિયતો અને તેના માર્ગો માલૂમ કરવાથી થાય છે. ઉલમાએ કિરામ رحمۃ اللہ علیہم اجمعین એ આ ખતરાઓ અને વસવસાઓની વિગતમાં કેટલાય પ્રકરણો લખ્યાં છે. અને મેં (ઈમામ ગઝાલીએ) એના બારામાં એક સંપૂર્ણ કિતાબ 'તલ્બીસે ઈબ્લીસ' નામની લખી છે અને અમારી આ લખાઈ રહેલી કિતાબ સંક્ષિપ્ત હોવાને લઈને તે ખતરા તથા વસવસાઓ વગેરેની વિસ્તારપૂર્વક ચર્ચાને સમાવી શકે તેમ નથી, પરંતુ અમે દરેક ચીજને આ કિતાબમાં એ રીતે ટૂંકાવીને વર્ણવીએ છીએ કે જો તેના પર અમલ કરી લેવામાં આવે તો પણ પૂરતો છે.

હે અઝીઝ ! દિલમાં જે ખતરાઓ આવે છે તેનું મૂળ એ છે કે અલ્લાહ તઆલાએ દરેક ઈન્સાનના દિલ પર એક ફરિશ્તો નિયુક્ત કર્યો છે જે તેને નેકીઓનો ઈલ્હામ (દિલમાં નાખવું) કરે છે, તે ફરિશ્તાને ''મુલ્હિમ'' કહે છે અને તેની દાવતને (જે તરફ બોલાવે, નિમંત્રે) ઈલ્હામ કહેવાય છે.

એની સામે ખુદા તરફથી એક શૈતાન પણ ગોઠવી આપ્યો છે જે બુરાઈની તરફ બોલાવે છે તે શૈતાનને 'વસાવિસ' અને તેની દાવતને વસવસા કહે છે, 'મુલ્હિમ' માણસને નેકીઓ તરફ બોલાવે છે અને 'વસાવિસ' કેવળ બુરાઈઓ તરફ ખેંચે છે.

આ મોટાભાગના ઉલમાનું મંતવ્ય છે પરંતુ મારા શયખ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે , શૈતાન ઘણીવાર જાહેરી રીતે તો નેકીની દાવત આપે છે પણ હક઼ીક઼તમાં અહી પણ તેનો હેતુ બુરાઈ પ્રતિ લગાડવાનો હોય છે. અને તે એ રીતે કે મોટી નેકીને બદલે નાની નેકી તરફ બોલાવે. જેનાથી એક મોટો ગુનોહ કરવાનુ નુકસાન નેકીના સવાબથી અધિક હોય. જેમ કે ઘમંડ વગેરે. તો ખુદાવંદ તઆલાની તરફથી ઈન્સાનના દિલ પર બે દાઈ (નિયંત્રકો) નિયુક્ત થયેલા છે. દરેક પોતાના પ્રકારની દાવતમાં લાગેલો છે, અને ઈન્સાન પોતાના દિલ વડે બંનેની દાવતને સાંભળે તથા અનુભવે. છે.

રિવાયતોમાં આવ્યું કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, "જ્યારે કોઈ માણસને ત્યાં બાળક જન્મે છે તો અલ્લાહ તઆલા તેની સાથે એક ફરિશ્તો લગાડી આપે છે અને શૈતાન તેની સાથે એક શૈતાન લગાડી આપે છે. શૈતાન તેના દિલના ડાબા કાનમાં ફૂંકતો રહે છે અને ફરિશ્તો જમણામાં. આ રીતે બંને પોતપોતાની દાવતમાં લાગેલા રહે છે."

અને નબીએ કરીમ ﷺ એ પણ ફર્માવ્યું છે કે, "શૈતાન પણ પોતાની દાવત માટે (પોતાના તરફ ખેંચવા) ઈન્સાનની પાસે આવે છે અને ફરિશ્તો પણ."

વળી એક ઔર ચીજ પણ અલ્લાહ તઆલાએ ઈન્સાનની તબીઅત (પ્રકૃતિ)માં રાખી છે જેના થકી તે દરેક પ્રકારની વાસનાઓ અને મજાઓની તરફ વળી જાય છે, ભલે તે જાઈઝ હોય કે નાજાઈઝ. આ ત્રીજી ચીજનું નામ 'ખ્વાહિશે નફસ' (નફ્સની, જીવની ઈચ્છા) છે જે માણસને આફતોમાં સપડાવી મૂકે છે. તો આમ ત્રણ ચીજો છે જે ઈન્સાનને વિવિધ ચીજો તરફ નિમંત્રે છે.

આટલી ચર્ચા બાદ જાણવું જોઈએ કે ખતરાઓ તે અસરો (ભાવો) છે જે બંદાના દિલમાં પેદા થાય છે અને તેને કોઈ કામ કરવા ન કરવાનો હુકમ આપે છે. ખતરાનો અર્થ 'બેચૈની' છે કેમ કે તે કદીક દિલમાં આવે છે તો કદી જાય છે જેમકે હવા જે કદી આવે છે અને ક્યારેક જાય છે તો આ આવવા જવાના અજંપાને લીધે તેને ખતરો કહે છે.

હક઼ીક઼તમાં દરેક જાતના ખતરાઓનો ખાલિક અલ્લાહ તઆલા જ છે, સબબો તથા ઝરીયાઓ તરફ મજાઝી નિસ્બત હોય છે અને ખતરાઓ કુલ ચાર પ્રકારના છે.

એક તે જે પ્રારંભમાં અલ્લાહ તઆલા તરફથી ઈન્સાનના દિલમાં ઉદ્‌ભવે છે તેને કેવળ ખતરાઓ કહેવાય છે.

બીજા એ જે ઈન્સાની તબીઅત (પ્રકૃતિ) પ્રમાણે દિલમાં પેદા થાય છે તેને 'હવાએ નફ્સ' (નફ્સની ઈચ્છાઓ) કહે છે.

ત્રીજો તે મુલ્હિમ ફરિશ્તાની દાવત થકી હક઼ તઆલા તરફથી દિલમાં પેદા થાય છે તેને 'ઈલ્હામ' કહે છે.

ચોથો એ જે શૈતાની દાવતથી ઈન્સાનના દિલમાં આવે છે એને વસવસા કહે છે અને શૈતાન તરફ સંબંધિત કરીને તેને શૈતાની ખતરાઓ પણ કહે છે.

સારાંશ કે ખતરાઓ ચાર પ્રકારના છે જેમ કે વર્ણવામાં આવ્યા.

વળી એ પણ જાણવું જોઈએ કે જે ખતરાઓ વાસ્તા વિના રબ તઆલા તરફથી શરૂઆતમાં દિલમાં આવે છે તે બે પ્રકારના હોય છે, ક્યારેક નેક હોય છે તો ક્યારેક બુરા. સારા (નેક) તો ઈનામો ઈકરામ તથા દલીલો પૂર્ણ કરવા માટે હોય છે અને બુરા આજમાઈશ અને તકલીફમાં નાખવા માટે હોય છે. અને જે ખતરાઓ મુલ્હિમ તરફથી થાય છે તે સારા જ હોય છે કેમ કે મુલ્હિમને નસીહત તથા ઈર્શાદના માટે જ મુકર્રર કરવામાં આવે છે અને જે ખતરો શૈતાન તરફથી હોય છે તે બુરો જ હોય છે જેથી કરીને બંદો તેના થકી ગુમરાહીમાં પડી જાય અને સીધા માર્ગેથી ફસકી પડે, અને ક્યારેક ઈસ્તેદરાજ રૂપે એટલે કે ધોકામાં નાખવા માટે જાહેરી રીતે નેક પણ હોય છે અને જે ખતરા દિલમાં 'હવાએ નફ્સ' (મનેચ્છાઓ)ના કારણે પેદા થાય છે તે ફુઝૂલ અને બુરી ચીજો સંબંધે હોય છે જેથી બંદો સારા કામોથી રોકાઈ રહે (સારા કામો ન કરે).

અને મેં કેટલાક સલફ (પૂર્વજ બુઝુર્ગો)થી સાંભળ્યું છે કે 'હવાએ નફ્સ' પણ કેટલીકવાર ઈન્સાનને નેક બાબતો તરફ પ્રોત્સાહિત કરે છે પણ ઈબ્લીસની જેમ એનો હેતુ પણ બુરાઈ તરફ લગાડવાનો હોય છે.

આ ચાર ખતરાઓ છે જેની તકેદારી રાખવી અનિવાર્ય છે.

વળી ત્રણ અન્ય ચીજોને પણ યાદ રાખવી સખત જરૂરી છે જે મૂળ ધ્યેય છે. એક એ કે બુરો ખતરો અને નેક ખતરામાં શો ફરક છે ? બીજું એ બુરા ખતરા રહમાની, શૈતાની અને નફસાનીમાં શું ફરક છે ? જેથી સારા રહમાની ખતરા અને ઈલ્હામી ખતરાની પયરવી કરી શકાય અને નફસાની તથા શૈતાનીથી બચવામાં આવે.

સારા તથા બુરા ખતરામાં તફાવતની રીત ઉલમાએ કિરામે આ પ્રમાણે લખી છે કે, જે ખતરો દિલમાં આવે તેનું શરીઅતના ત્રાજવે વજન કરવામાં આવે (તપાસવામાં આવે) અને જો શરીઅતના કાયદા પ્રમાણે હોય તો તે ખતરો

દુરુસ્ત અને સહી છે, નહીં તો ગલત છે. જો શરીઅતના ત્રાજવાથી ફરક માલૂમ ન પડે તો સલફે સાલેહીનની સીરતે પાક વડે ચકાસવામાં આવે, જો તેમની સીરત પ્રમાણે હોય તો સારો છે નહીં તો ખરાબ છે. જો અસ્લાફની સીરતથી પણ ખબર ન પડે તો તેને પોતાના નફસ અને ખ્વાહિશ વડે પારખવામાં આવે. જો નફસ તેનાથી સ્વભાવિક રીતે નફરત કરે, કોઈ બાહ્ય ડર કે ભયને કારણે નફરત ન કરે તો તે નેક છે. અને જો ક્લ્બ (દિલ)માં આવનાર ખતરો એવો હોય કે નફસ પોતાની તબીઅત અને મિઝાજના એતબારે તેના તરફ આકર્ષાય અને અલ્લાહ તઆલાથી કોઈ ઉમ્મીદ અથવા લાલચના લીધેના આકર્ષાયેલ હોય તો ખતરો બુરો છે. કેમ કે નફ્સ હમેશાં બુરાઈની પ્રત્યે જ ખેંચાય છે કેમ કે નફ્સની ફિતરત (પ્રકૃતિ)માં બુરાઈ છે.

જ્યારે તમે આ ઉપર દર્શાવેલ તરીકાઓ વડે ખૂબ કોશિશ, સાવધાની અને ધ્યાનપૂર્વક વર્ણન કરેલ ખતરાઓમાં તફાવત પામવાનો પ્રયત્ન કરશો તો તમારી આગળ ખુદાના ફઝ્લથી નેક અને બદ ખતરાઓ વચ્ચેનો તફાવત સ્પષ્ટ થઈ જશે.

બીજું આ બાબતે ફરક જાણવાનો તરીકો આપણા ઉલમાએ કિરામ એ સૂચવ્યો છે કે જો તમે એ જાણવા ચાહો કે આ ખયાલ અને ખતરો શૈતાની કે રહમાની કે નફસાની છે, તો આ ખયાલને ત્રણ રીતે પારખો. જો તે ખયાલ અને ખતરો પુખ્તા અને મજબૂત અને અડગ હોય તો તે અલ્લાહ તઆલાના તરફથી અથવા નફસની તરફથી છે, અને મજબૂત ન હોય બલ્કે એમાં અજંપો અને અસમંજસ હોય તો એવો ખયાલ શૈતાની છે.

કેટલાક બુઝુર્ગો ફર્માવ્યા કરતા હતા કે 'હવાએ નફ્સ' (નફ્સની ઈચ્છા) ચિત્તાની જેમ છે, જ્યાં સુધી તેને સખત હાર ન આપવામાં આવે અને તેની સાથે સખ્તીભર્યો વહેવાર ન કરવામાં આવે ત્યાં સુધી કંટ્રોલમાં કે દબાવમાં આવશે નહીં. અથવા એ 'હવાએ નફ્સ' ખારજી અકીદાવાળા શખ્સ જેવો છે કે જ્યાં સુધી ખારજીને મારવામાં કે કત્લ કરી દેવામાં ન આવે ત્યાં સુધી પોતાની શરારતથી પાછો હટતો નથી. અને શૈતાન વરૂની જેમ છે કે જો તમે તેને એક તરફથી રોકો તો બીજી તરફથી ઘુસી આવે છે.

બુરા ખયાલમાં ફરક જાણવાની બીજી રીત એ છે કે, જો તે ગુનાહ કર્યા

બાદ દિલમાં આવે તો તે રહમાની હશે, જેથી કરીને તે ગુનાહની ઝિલ્લત તથા તુચ્છપણુ દિલમાં આવે.

كَلَّا بَلْ ۜ رَانَ عَلٰى قُلُوْبِهِمْ مَّا كَانُوْا يَكْسِبُوْنَ "અને કોઈ નથી બલ્કે ગુનાહોની લીધે તેમના દિલો પર કાટ લાગી ચૂક્યો છે."

*(પારા–૩૦, સૂરએ મુતફ્ફેફીન, રૂકૂઅ–૮, આયત–૧૪)*

મારા શયખ رحمۃ اللہ علیہ ફર્માવ્યા કરતા હતા કે ગુનાહ ક્રમે ક્રમે દિલને સખ્તીમાં સપડાવી દે છે. શરૂ શરૂમાં તો દિલમાં બુરા ખતરાઓ આવે છે અને પછી એમાં કાટ લાગી જાય છે.

અને બુરો ખયાલ ગુનાહ પછી ક્રમે ક્રમે દિલમાં ન આવે તો એવો ખયાલ શૈતાની હોય છે. ગુમરાહ કરવાના માટે ઈબ્લીસ મોટાભાગે બુરા ખયાલો દિલમાં નાખે છે. અને જો એવો ખયાલ હોય કે ઝિક્રે હક્ક઼ (ખુદાના ઝિક્ર)થી કમજોર કે ઓછો ન થાય તો સમજી લો કે તે ખયાલ નફસાની છે. અને જો ઝિક્રથી કમજોર કે કમ થાય તો એવો ખયાલ શૈતાની છે, કેમ કે કુર્આન મજીદના શબ્દોની તફસીરમાં કહેવામાં આવ્યું કે مِنْ شَرِّ الْوَسْوَاسِ ۙ الْخَنَّاسِ કે ઈબ્લીસ ઈન્સાનના દિલની સાથે લાગેલો રહે છે, બંદો જ્યારે ઝિક્રે ખુદા કરે છે તો અલગ થઈ જાય છે અને જ્યારે ગફલત કરે છે તો તેના દિલમાં વસવસા ઉભા કરે છે. જે ખયાલો આવે છે એ બંનેમાં તફાવતની ઓળખ એ છે કે, ખયાલ પુખ્તા અને મજબૂત હોય તો એવો ખયાલ રહમાની છે અને જો એમાં અજંપો હોય તો મલકી (ફરિશ્તા તરફથી) છે, કેમ કે ફરિશ્તાને નસીહત કરનાર બનાવીને બંદાના દિલ પર નિયુક્ત કરવામાં આવેલ છે. તે દરેક રીતે બંદાને નેકીઓની તરફ વાળે છે અને નેક બાબતો સામે લાવે છે જેથી તેને કબૂલ કરે અને એના પર અમલ કરે.

ફરક તથા ઈમ્તિયાઝ (તફાવત)ની બીજી રીત એ છે કે જો ખયાલ ફર્માબરદારી તથા મુજાહિદા પછી દિલમાં આવે તો રહમાની છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَالَّذِيْنَ جَاهَدُوْا فِيْنَا لَنَهْدِيَنَّهُمْ سُبُلَنَا "જે લોકો અમારા સુધી પહોંચવાની કોશિશ કરે છે, અમે તેમના માટે જરૂર અમારી મુલાકાત (વિસાલ)ના માર્ગો

વિસ્તારી દઈએ છીએ. *(પારા–૨૧, સૂરએ અનકબૂત, રૂકૂઅ–૩, આયત–૬૯)*

અને એક સ્થળે ફર્માવ્યું :–

وَالَّذِيْنَ اهْتَدَوْا زَادَهُمْ هُدًى وَّاٰتٰهُمْ تَقْوٰىهُمْ "જે લોકો હિદાયત પામેલા છે, અલ્લાહ તઆલા તેમની હિદાયતમાં ઔર વધારો કરે છે.

*(પારા–૨૬, સૂરએ મુહમ્મદ, રૂકુઅ–૫, આયત–૧૭)*

અને જો નેક ખયાલ ફર્માબરદારી તથા મુજાહિદા પછી દિલમાં પેદા ન થાય બલ્કે પહેલાં પેદા થાય તો તે મલકી હોય છે. અને નેક ખયાલ બાતિની ઉસૂલ તથા અમલો પ્રમાણે હોય તો તે ખુદા તઆલા તરફથી હશે. અને જો જાહેરી ફુરૂઅ (દીની નિયમને લગતી વાત) તથા અમલોના પ્રમાણે હોય તો તે ફરિશ્તાની તરફથી છે, કેમ કે મોટાભાગના ઉલમાની નજીક ફરિશ્તાને બાતિની બાબતોની ખબર નથી.

અને જે નેક ખયાલ ઈબ્લીસ તરફથી હોય છે જેનાથી હકીકતમાં એનો હેતુ ગુનાહમાં નાખવાનો હોય છે. તો અમારા શયખ رحمۃ اللہ علیہએ તેની ઓળખ એ દર્શાવી છે કે જો તેનાથી દિલમાં ખુશી પેદા થાય, ખૌફ પેદા ન થાય, ઉતાવળાપણુ (અધિરાઈ) પેદા થાય, સંયમ (સહનશીલતા) તથા સંતોષ પૈદા ન થાય, દિલમાં બેખૌફી ઉદ્ભવે, ડર ન આવે, અને આખેરત સંબંધે ગફલત પેદા થાય, બસીરત પેદા ન થાય, તો એવો ખયાલ શયતાની છે. એટલા માટે તેનાથી બચો. અને જો એથી ઉલ્ટુ થાય એટલે કે દિલમાં ખુશીને બદલે ખૌફ ઉદ્ભવે, ઉતાવળાપણા (અધિરાઈ)ને બદલે સંયમ પેદા થાય, બેખૌફીને બદલે ડર પેદા થાય અને આખેરતથી ગફલતને બદલે તેની યાદ થાય તો એ ખયાલ રહમાની છે.

હું કહું છું અહીં ખુશીથી મુરાદ એક પ્રકારનો સુકૂન છે જેમાં બસીરત (શાણપણ) નથી હોતી. અને કેટલીકવાર ઝિક્રથી પણ સંતોષ તથા રાહત પેદા થાય છે. આ પ્રકારની ખુશી તથા સંતોષ બુરાં નથી, પણ તેના મોકાઓ (પ્રસંગો) મર્યાદિત છે. એક હદીષમાં નબીએ કરીમ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું :–

"પાંચ કામો સિવાય બાકી તમામ કામોમાં ઉતાવળ એ શૈતાની ફેલ છે. એ પાંચ કામો આ પ્રમાણે છે : જયારે છોકરી જવાન (બાલિગ) થઈ જાય તો

જલ્દીથી પરણાવી દેવામાં આવે, જ્યારે કર્ઝ વાજિબ હોય તો જલ્દી અદા કરવામાં આવે, જ્યારે કોઈ મૃત્યુ પામે તો જલ્દી દફન કરવામાં આવે, જ્યારે મહેમાન આવે તો તેની મહેમાન નવાઝીમાં જલ્દી કરવામાં આવે, અને ગુનાહો થઈ જાય તો જલ્દી તૌબા કરવામાં આવે.''

અને ખૌફથી મુરાદ એ છે કે, બંદાના દિલમાં એવી બીક હોય કે શાયદ હું ઈરાદાને અમલી રીતે પૂરેપૂરો અદા કરી શકું કે નહીં, અને શાયદ એ ખુદાના દરબારમાં કબૂલ થાય કે ન થાય !

અને બસીરતનો મતલબ એ છે કે એ ઈરાદામાં વિચાર તથા ચિંતન કરી લે કે સારો અને ભલો છે કે પછી બુરો છે, અને આખેરતમાં એના પર સવાબ મળવાની ઉમ્મીદ છે કે નહીં ??

આ ત્રણ ચીજો જરૂરી હતી જેની જાણકારીથી દિલી ખતરાઓ તથા ખયાલોમાં તફાવત જાણી શકાય છે, એટલા માટે એને દિમાગમાં બેસાડવી જરૂરી છે અને શક્ય હોય ત્યાં સુધી તેના મૂળ સુધી પહોંચવું જરૂરી છે. કેમ કે આ ત્રણે ચીજોની ઓળખ તથા વાકેફિયત બારીક ઈલ્મો અને મહાન ભેદો છે.

બાકી રહ્યા ઈબ્લીસના ધોકાઓ જેના થકી તે બંદાને તાઅત (ફર્માબરદારી)થી રોકવાની કોશિશ કરે છે તે સાત છે :–

પ્રથમ તાઅત (ફર્માબરદારી)થી રોકવાની કોશિશ કરે છે. જો અલ્લાહ તઆલા બંદાને બચાવી લે અને બંદો તેની (શૈતાનની) માગણીઓને એવી રદ કરી દે કે, ''મારે ઈબાદત તથા ફર્માબરદારીની સખત જરૂરત છે કેમ કે એ આખેરતની સફરનુ ભાથુ છે અને ભાથા વિના સફર પાર પાડી શકાતી નથી.'' તો પછી ઈબ્લીસ એવી રીતે ગુમરાહ કરે છે કે, ''ચાલો ! આજે રહેવા દો, આ કામ કાલે કરી લે જો.'' જો બંદો તેનાથી પણ બચી જાય અને ઈબ્લીસની વાતને ઠુકરાવી દે કે, ''મારી મૌત મારા કબજામાં નથી અને બીજું એ કે જો આજનુ કામ કાલ પર છોડયું તો કાલનુ કામ પણ તો છે ! તે કયા દિવસે કરીશ ? કેમ કે કાલનુ કામ અલગ છે.''

જ્યારે ઈબ્લીસ અહીં પણ નિરાશ થાય છે તો કહે છે કે, ''જલ્દી જલ્દી

કરો જેથી ફલાણા ફલાણા કામ માટે નવરા પડી શકો.'' જો બંદો તેના આ હથિયારથી પણ બચી જાય અને એ રીતે તેની વાતને ઉડાડી દે કે, ''ઈત્મિનાન તથા સુકૂન સાથેની થોડી નેકી એ નેકીથી બેહતર છે જે સંખ્યામાં અધિક હોય પણ અપૂર્ણ હોય.''

જો અહીં પણ તે નાકામ થાય તો બંદાને રિયાકારીમાં સપડાવવાની કોશિશ કરે છે. જો એ સમયે પણ બંદો અલ્લાહ તઆલાની ઈમદાદ તથા હિફાઝતથી બચી જાય અને એવું કહીને રિયાના વસવસાને ટાળી કાઢે કે, ''હું કોઈ બીજાને દેખાડવા માટે ઈબાદત શાથી કરું ! શું કેવળ અલ્લાહ તઆલાનુ જોવું મારે માટે પૂરતુ નથી ?''

તો પછી ઘમંડમાં સપડાવવાની કોશિશ કરે છે. અને બંદાને વસવસા રૂપે કહે છે કે તું કેટલો બાઅઝમત અને શબબેદાર (રાત્રિ જાગરણ કરી ઈબાદત કરનાર) છે અને તુ કેટલી ફઝીલતનો માલિક છે !'' જો હક્ક઼ તઆલાના ફઝલો કરમથી બંદો હજી પણ બચી જાય અને ઘમંડમાં ન સપડાય, બલ્કે ઈબ્લીસના વસવસાને આ રીતે રદીયો આપે કે, ''એમાં મારી શી મહાનતા છે ! આ તો બધો અલ્લાહ તઆલાનો એહસાન છે જેણે મને ગુનેહગારને આ તૌફીક઼ આપી અને આ પણ એનો જ કરમ છે કે મારા હકીર તથા નાકિસ (અપૂર્ણ) અમલોને ક઼બૂલિયતના શરફથી નવાઝયો. જો તેનો ફઝ્લો કરમ ન હોત તો મારા બેહદ ગુનાહોની સરખામણીમાં મારા આ થોડા અમલોની શી વિસાત હતી !''

જો ઈબ્લીસના ઉપર દર્શાવેલ હથિયારો નાકામ થઈ જાય તો પછી તે એક છઠ્ઠા રસ્તેથી આવે છે અને તે સૌથી અધિક ખતરનાક છે. ઘણા જ શાણા અને હોશિયાર માણસ સિવાય કોઈ તેના ધોકાથી બચી શકતુ નથી અને ન તો તેને સમજી શકે છે. જેમ કે ઈબ્લીસ એ પ્રમાણે કહે છે કે, ''હે નેક બંદા ! તું લોકોથી છુપાઈ છુપાઈને નેક અમલો માટે કોશિશ કરે છે, અલ્લાહ તઆલા ખુદ બ ખુદ તારા અમલો લોકોમાં જાહેર કરી આપશે.'' આમ કહેવાથી તેનો હેતુ રિયામાં નાખવાનો હોય છે. જો અલ્લાહ તઆલાની મદદથી બંદો ઈબ્લીસના આ પ્રપંચથી પણ બચી જાય અને તેના આ વસવસાને એ રીતે નિષ્ફળ બનાવી દે કે ''હું એ ચીજની તમન્ના કરતો નથી કે મારી નેકીઓ અવામમાં મશહૂર થઈ જાય, બલ્કે

જેવી અલ્લાહ તઆલાની મરજી છે તે જ દુરુસ્ત અને હક્ક઼ છે, ચાહે જાહેર કરે ચાહે ન કરે, તેમને કોઈ મર્તબો અતા કરે કે ન કરે તેની મરજી છે. લોકોની સમક્ષ જાહેરાત થાય કે ન જાહેર થાય બંને મારા માટે સમાન છે, કેમ કે લોકોના હાથમાં મારો નફો નુકસાન નથી.''

આ રીતે ગુમરાહ કરવાથી નાઉમેદ બન્યા પછી ઈબ્લીસ આ રીતે ગુમરાહ કરે છે કે, ''ઈન્સાનના સારા કે બુરા હોવા વિશેનો ફેંસલો રોઝે અઝલ (મખ્લૂક઼ની પેદાઈશના દિવસ)માં થઈ ચૂક્યો છે. જે તે દિવસે બુરાઓમાં થઈ ગયો તે બુરો જ રહેશે અને જે સારા લોકોમાં થઈ ગયો તે સારો જ રહેશે. તમારા સારા કે ખરાબ અમલોથી અઝલી ફેંસલામાં કોઈ ફરક થઈ નથી શકતો.''

જો અલ્લાહ તઆલા બંદાને આ શૈતાની વસવસાથી પણ બચાવી લે અને બંદો ઈબ્લીસ લઈનને એવો જવાબ આપે કે, ''હું તો ખુદા તઆલાનો બંદો છું અને બંદાનુ કામ પોતાના મૌલાના હુકમનું પાલન કરવાનું છે અને અલ્લાહ તઆલા રબ્બુલ આલમીન છે જેથી જે ચાહે હુકમ આપે અને જેવું ચાહે કરે. અને વળી ઈબાદત તથા ફર્માબરદારી કોઈ રીતે પણ નુકસાનકારક નથી, કેમ કે જો હું ઈલ્મે ઈલાહીમાં સઈદ (નેક, ભલો) છું તો પછી તો એથીય અધિક સવાલનો મોહતાજ છું ! અને જો મઆ઼ઝલ્લાહ ! ઈલ્મે ઈલાહીમાં મારુ નામ બદબખ્તોમાં લખેલું હોય તો પણ નેક અમલો કરવાથી મારા ઉપર એ મલામત તો નહીં કરું (પોતાને ભલુબુરૂ કહીશ નહીં) કે મને અલ્લાહ તઆલાની ઈબાદત તથા ફર્માબરદારી ન કરવાને લીધે સજા આપશે. અને કમસે કમ એ તો છે કે નાફર્માન બનીને જહન્નમમાં જવા કરતાં ફર્માબરદાર બનીને જવું બેહતર છે.''

પરંતુ આ બધું તો કેવળ શક્યતાઓ છે, નહીં તો તેનો વાયદો હક્ક઼ છે અને તેનુ કલામ ક઼તઅન (તદ્દન) સાચુ છે. અને અલ્લાહ તઆલાએ તો ઠેકઠેકાણે ફર્માબરદારી તથા ઈબાદતો અંજામ આપવાથી સવાબે જમીલના વાયદા ફર્માવ્યા છે. તો જે શખ્સ ઈમાન તથા ફર્માબરદારી સાથે રબ તઆલાની દરબારમાં હાજર થશે રબ તઆલાની મહેરબાની અને આમાલે સાલેહા (નેક અમલો)ના લીધે જન્નતુલ ફિરદોસમાં ઈન્શા અલ્લાહ જગા પામશે. પરંતુ હક઼ીક઼તમાં આ દાખલો (પ્રવેશ) પણ ખુદા તઆલાના વાયદાને લીધે થશે અને આ સાચા વાયદાનો

ઈઝહાર કરવાના માટે અલ્લાહ તઆલાએ કુર્આન મજીદમાં સઈદ (નેક બખ્ત) લોકોના આ કૌલને નકલ ફર્માવ્યો છે :–

ٱلْحَمْدُ لِلَّهِ ٱلَّذِى صَدَقَنَا وَعْدَهُ "સર્વ તારીફો હક્ તઆલાના માટે છે જેણે આપણાથી પોતાનો વાયદો પૂરો કરી આપ્યો. *(સૂ. ઝુમર, ૩૮/૭૪)*

જેથી ખુદા તમારા પર રહમ કરે ! તમારે ઈબ્લીસના પ્રપંચોથી બચવા માટે હોશિયાર અને સાવધાન રહેવું જોઈએ. કેમ કે પરિસ્થિતિની ગંભીરતા તમારી સમક્ષ છે અને એના પરથી જ તમારી અન્ય હાલતો તથા કાર્યોના પણ કિયાસ કાઢી લો અને દરેક સમયે અલ્લાહ તઆલાથી મદદ તલબ કરતા રહો અને તેની પનાહમાં રહો, કેમ કે દરેક મામલો તેના હાથમાં છે અને તૌફીક્ અતા કરનાર પણ એ જ છે. وَلَا حَوْلَ وَلَا قُوَّةَ إِلَّا بِاللَّهِ الْعَلِيِّ الْعَظِيْمِ

## ચોથી આડશ નફ્સ

તો હે ઈબાદતના તાલિબ ! (અલ્લાહ તઆલા તને તથા અમને દરેક લગઝિશથી બચાવે) આ 'નફસે અમ્મારા'ની શરારતોથી બચવું પણ ખૂબ જ જરૂરી છે કેમ કે એ અતિશય નુકસાનકર્તા દુશ્મન છે, અને તેની આફતો ઘણી જ સખત છે, એનો ઈલાજ ઘણો મુશ્કેલ છે, એની બીમારી ખૂબ જ ખતરનાક બીમારી છે અને તેની દવા સર્વ દવાઓથી કઠિન છે.

નફ્સનુ આટલી હદે નુકસાનકારક તથા ખતરનાક હોવું બે કારણોને લીધે છે.

પ્રથમ એ કે નફ્સ ઘરનો (ભેદી) ચોર છે અને ચોર જ્યારે ઘરમાં જ છુપાયેલો હોય તો એનાથી બચવું ખૂબ મુશ્કેલ હોય છે, અને ખૂબ જ અધિક નુકસાન પહોંચાડે છે. નફ્સની શરારતો વિશે કોઈ શાયરે શું સરસ કહ્યું છે :–

**(૧)** નફ્સ મને નુકસાનકર્તા કામો તરફ બોલાવે છે ને મારી બીમારીઓ તથા મરઝોને વધારતો રહે છે.

**(૨)** આ દુશ્મનથી બચવાની શું તદબીર હોઈ શકે છે જે બંને પહલુઓ વચ્ચે છુપાઈને બેઠો છે.

બીજુ કારણ એ છે કે નફ્સ એક મહબૂબ દુશ્મન છે અને ઈન્સાનને જ્યારે કોઈનાથી મોહબ્બત હોય છે તો તેના અયબો નજર આવતા નથી, બલ્કે મહોબ્બતના લીધે મહબૂબના અયબોથી આંધળો રહે છે. એક શાયરે આ ચીજને નીચેના બે શેઅરોમાં દર્શાવી છે.

**(૧)** જ્યારે તારી કોઈનાથી દોસ્તી અને તેનાથી મિત્રતા થાય છે અને તું તેનાથી રાજી હોય છે તો તને તેનો કોઈ અયબ દેખાતો નથી.

**(૨)** રઝામંદી અને પ્યારવાળી આંખ દરેક અયબથી અંધ હોય છે, પરંતુ દુશ્મન આંખને બુરાઈઓ જ બુરાઈઓ દેખાતી રહે છે.

તો જ્યારે ઈન્સાન પોતાની દરેક બુરાઈઓને પસંદગીની નજરે જુએ અને નફ્સના અયબોથી માહિતગાર ન થાય જે હર પળે ઈન્સાન સાથે અદાવતમાં અને નુકસાન પહોંચાડવામાં વ્યસ્ત છે, તો એવો શખ્સ જો ખુદા તઆલાની રહમત અને તેનો ફઝ્લ ન હોય તો નજીકમાં જ (વહેલી તકે) હલાકત (તબાહી) અને ઝિલ્લત (બેઈઝ્ઝતી)ના ખાડામાં ગબડી પડશે.

હે અઝીઝ ! આ એક મુદ્દા પર જ વિચાર કર એ જ તારા માટે પૂરતુ છે. એ મુદ્દો એ છે કે જ્યારે તું ભૂતકાળ પ્રતિ નજર કરીશ તો તને જણાશે કે અવ્વલ રોજથી જે ઝિલ્લત તથા ખુવારી જે તબાહી જે ગુનાહ અને જે આફત તથા મુસીબત દુનિયામાં અસ્તિત્વમાં આવી અને કિયામત સુધી થશે એ સર્વ નફ્સના લીધે જ થઈ અને થશે. કેટલીક બુરાઈઓ એકલા નફ્સના લીધે અને કેટલીક નફ્સની મદદ તથા દખલના થકી. અલ્લાહ તઆલાથી પ્રથમ નાફર્માની ઈબ્લીસે કરી અને તેનો સબબ તકબ્બુર તથા હસદ હતો. જ્યારે ઈબ્લીસે ખુદાના હુકમ આગળ તકબ્બુર કર્યો અને હઝરત આદમ علیہ السلام થી હસદ કર્યો તો તેની એંસી હજાર વરસોની ઈબાદત નષ્ટ થઈ ગઈ અને તે હમેશાં માટે અંધકાર તથા ગુમરાહીના ઊંડા સમુદ્રમાં ગરકાવ થઈ ગયો. તે વખતે ન દુનિયા હતી, ન મખ્લૂક઼ અને ન તો અન્ય કોઈ ઈબ્લીસ હતો જે આ ઈબ્લીસને ગુમરાહ કરે ! જેથી ઈબ્લીસની અંદરથી ઘમંડ તથા ઈર્ષા તેના નફ્સના કારણે બહાર પડયાં.

ઈબ્લીસ મરદૂદ થયા બાદ હઝરત આદમ علیہ السلام થી જે લગઝિશ અસ્તિત્વમાં આવી, એમાં પણ નફસની ચાહત સમાયેલ હતી. ઈબ્લીસે ક઼સમ

ખાઈને કહ્યું કે, દાણો ખાધા પછી તમને હમેશાં માટે જન્નતમાં રહેવાનુ નસીબ થઈ જશે, તો બંને (આદમ અને હવ્વા) કાયમી હયાતને પ્રિય જાણીને ફસકી પડયાં. તો આ લગ્ઝિશ પણ (જે બાદમાં તદ્દન માફ થઈ ગઈ) નફ્સની દખલથી જ અસ્તિત્વમાં આવી અને બંને જણને આ સબબે અલ્લાહ તઆલાના કુર્બ અને પડોશથી દૂર કરી દેવામાં આવ્યાં, અને જન્નતુલ ફિરદોસથી આ ફાની, હકીર, ખોટી, હલાકતમાં ફેંકનારી દુનિયાની તરફ મોકલી દેવામાં આવ્યાં અને આ લગઝિશના કારણે તેમની સમક્ષ ઘણી મુશ્કેલીઓ ઉપસ્થિત થઈ અને તેમની ઔલાદ પણ કયામત સુધી દુનિયાના ફંદાઓમાં ફસાઈ ગઈ.

વળી હાબિલની કત્લ પણ બુખ્લ તથા હસદના કારણે થઈ અને હારૂત તથા મારૂત પણ વાસના લાલસાના લીધે જ ફિત્નામાં સંડોવાઈ ગયા અને એ રીતે કયામત સુધી નફ્સના લીધે વર્ણવી ન શકાય એવા પ્રસંગો ઉપસ્થિત થતા રહેશે, મખ્લૂકમાં જે ફિત્નાઓ, જે ખરાબીઓ, જે ગુમરાહીઓ અને જે ગુનાહો અસ્તિત્વમાં આવે છે અને અસ્તિત્વ પામતા રહેશે તેનો પાયો નફ્સ તથા નફ્સની ઈચ્છાઓ પર જ છે. જો એ ન હોત તો મખ્લૂક ખૈરિયત અને સલામતી સાથે રહેત. જ્યારે નફસની અદાવત આટલી હદે ખતરનાક છે તો આકિલે (બુધ્ધિશાળીએ) જોઈએ કે નફસની શરારતોથી બચવાની વ્યવસ્થા કરે. વલ્લાહુલ હાદી.

## ★ નફ્સની શરારતોથી બચવાની રીત ★

સવાલ : તો આવા દુશ્મનથી બચવાની ટ્રીક (યુક્તિ) તથા તદબીર શું છે ? એનો ખુલાસો કરો, જેથી એના પ્રમાણે અમલ કરી શકાય.

જવાબ : અમે એ વર્ણવી ચૂકયા છીએ કે નફ્સનો મામલો સૌથી અધિક સખત છે, કેમ કે તેને તદ્દત ખતમ કરવું પણ હિકમતે ઈલાહીની વિરૂધ્ધ છે. કેમ કે એ ઈબાદતના સિલસિલામાં બંદાઓની સવારી અને ઝરીયો છે.

કહે છે કે, કોઈ એઅ્રાબી (ગામડિયા)એ પોતાના દોસ્તના માટે ભલાઈની દુઆ કરી કે, અલ્લાહ તઆલા તારા દરેક દુશ્મનને ઝલીલ કરે સિવાય નફ્સના.'' એટલા માટે કે તેને તદ્દન ખતમ નથી કરી શકાતો, કેમ કે એમાં પણ નુકસાન છે જેથી મધ્યમ માર્ગ અપનાવવો આવશ્યક છે કે સારા કામો માટે તેને સાથ આપો

અને તેની કેળવણી કરો અને બુરાઈઓથી બચવા માટે તેને કમજોર તથા લાચાર પણ રાખો અને બંધનમાં પણ રાખો.

આ વર્ણનથી જાણવા મળ્યું છે કે નફસનો ઈલાજ ઘણુ જ કઠિન કામ છે અને તીવ્ર દ્રષ્ટિની જરૂરત છે. અમે એ પણ દર્શાવી ચૂક્યા કે તેને તક્વા તથા વરઅની લગામ આપેલી રાખો જેથી સારા કામોની પ્રાપ્તિ થાય અને ગુનાહોથી હિફાઝત થાય, બંને ફાયદા હાંસલ થઈ જશે.

**સવાલ** : નફ્સે અમ્મારા તો ઘણો જ સરકશ (નાફર્માન), જિદ્દી અને બુરી ફિતરતવાળી ચીજ છે, તેનું લગામથી કાબુમાં આવવું મુશ્કેલ છે એટલા માટે બીજી કઈ યુક્તિ થઈ શકે છે જેનાથી આપણે તેને દબાવી શકીએ ?

**જવાબ** : તમારી આ દહેશત દુરૂસ્ત છે, સાચે જ તે અતિશય સરકશ છે, પણ તેની રીત એ છે કે, તેને ખૂબ જ ઝલીલોખાર કરીને રાખવામાં આવે જેથી કરીને કાબૂમાં આવી શકે.

ઉલમાએ કિરામે ફર્માવ્યું છે કે, નફ્સને ખુવાર અને તેના બળને ત્રણ ચીજો થકી તોડી શકાય છે. પ્રથમ એ કે તેને શહવત (વાસના–મનેચ્છાઓ)થી રોકવામાં આવે કેમ કે અડિયલ (હઠીલા) જાનવરને જ્યારે ચારો ઓછો મળે છે તો નરમ થઈ જાય છે.

બીજી ચીજ એ છે કે, ઈબાદતનો ભારે બોજો તેના પર લાદી દેવામાં આવે કેમ કે ગધેડાને જ્યારે ચારો ઓછો આપવામાં આવે અને બોજ વધારે લાદવામાં આવે તો અનિવાર્યપણે પોતાની શયખી (મસ્તી) ત્યજી દે છે અને આજ્ઞાંકિત થઈ જાય છે.

ત્રીજી ચીજ છે કે, દરેક વખતે અલ્લાહ તઆલાથી ઈમદાદ તલબ કરતો રહે કે ને નફ્સના શર (બુરાઈ) તથા ફસાદ (ખરાબી)થી બચાવી રાખે. તમે કુર્આને હકીમમાં સૈયદના યૂસૂફ عليه السلام નો આ ઈર્શાદ નથી પઢયો ?!

اِنَّ النَّفۡسَ لَاَمَّارَةٌۢ بِالسُّوۡٓءِ اِلَّا مَا رَحِمَ رَبِّىۡ ''નફ્સ તો હમેશાં બુરાઈઓનો જ હુકમ આપે છે, હા ! જેના પર અલ્લાહ તઆલાનો રહમ થાય તે જ મહફૂઝ રહે છે.'' *(સૂ. યૂસુફ, ૧૨/૫૩)*

જ્યારે તમે આ ત્રણ વાતો પર અમલ કરતા થઈ જશો તો ઈન્શા અલ્લાહ તઆલા ! નાફર્માન નફ્સ આજ્ઞાંકિત થઈ જશે, તે વખતે તમારે તેને કાબૂ કરવા અને લગામ આપવામાં જલ્દી કરવી જોઈએ જેથી ભવિષ્યના માટે તેની શરારતોથી મહફૂઝ રહી શકો.

**સવાલ** : જરા તકવા વિશેની સમજ પણ આપો જેથી અમે તક્વાની હક઼ીક઼તથી વાકેફ થઈ જઈએ.

**જવાબ** : હે અઝીઝ ! પ્રથમ તો તારે એ જાણવું જોઈએ કે, તક્વો એક દુર્લભ ખજાનો છે, જો તમે એ ખજાનાને પામી લેવામાં કામયાબ થઈ ગયા તો તમને એમાં અમૂલ્ય (મોઘેરાં) મોતી તથા ઝવેરાત મળશે તથા રૂહાની ઈલ્મ તથા રૂહાની દોલતનો ઘણો જ મોટો ખજાનો હાથ લાગશે, રિઝ્કે કરીમ તમારા હાથ આવી જશે. તમે ઘણી જ મોટી કામયાબી હાંસલ કરી લેશો. ઘણી જ મોટી ગનીમત (દૌલત) પામી લેશો અને મહાન મુલ્ક (જન્નત)ના માલિક બની જશો. એમ સમજો કે, દુનિયા તથા આખેરતની ભલાઈઓ તક્વામાં એકત્ર કરી દેવામાં આવી છે. તમે જરા કુર્આને કરીમમાં તો વિચાર કરો કે ક્યાંક ઈર્શાદ ફર્માવ્યો : "જો તમે તક્વો અપનાવશો તો દરેક પ્રકારની ખૈર તથા બરકતના માલિક બની જશો." ક્યાંક તક્વો અપનાવવા બદલ અજ્રો સવાબના વાયદા ફર્માવવામાં આવ્યા છે અને ક્યાંક ફર્માવવામાં આવ્યું કે, સઆદત (નેક બખ્તી)નો ઝરીયો તક્વો તથા પરહેઝગારી અપનાવવું છે.

હું અહીં કુર્આને કરીમથી તક્વાના ફાયદા બયાન કરું છું :–

**(૧)** મુત્તક઼ી શખ્સ (તક્વાવાળા)ની રબ તઆલા પ્રશંસા કરે છે. ઈર્શાદે રબ્બાની છે,

وَاِنۡ تَصۡبِرُوۡا وَتَتَّقُوۡا فَاِنَّ ذٰلِكَ مِنۡ عَزۡمِ الۡاُمُوۡرِ "જો તક્વો અને સબ્ર અપનાવશો તો બેશક ! એ હિંમતવાળાં કામોમાંથી છે."

*(પારા–૪, સૂરએ આલે ઈમરાન, રૂકૂઅ–૯, આયત–૧૮૬)*

**(૨)** મુત્તકી શખ્સ દુશ્મનોથી સલામત (મામૂન) તથા મહફૂઝ રહે છે. જેમકે ઈર્શાદ થાય છે :–

وَاِنۡ تَصۡبِرُوۡا وَتَتَّقُوۡا لَا يَضُرُّكُمۡ كَيۡدُهُمۡ شَيۡـًٔا "જો તમે તક્વો અને સબ્ર અપનાવશો તો તમને વિરોધીઓના મકરો ફરેબ (પ્રપંચો) કાંઈ નુકસાન આપી શકશે નહીં." *(પારા–૪, સૂરએ આલે ઈમરાન, રૂકૂઅ–૩, આયત–૧૨૦)*

**(૩)** મુત્તક઼ી શખ્સની અલ્લાહ તઆલા ઈમદાદ કરે છે. ખુદાવંદી ઈર્શાદ છે :–

اِنَّ اللّٰهَ مَعَ الَّذِيۡنَ اتَّقَوْا وَّالَّذِيۡنَ هُمۡ مُّحۡسِنُوۡنَ "બેશક ! અલ્લાહ તઆલા મુત્તક઼ી અને નેકોકાર લોકોની સાથે છે." *(સૂરએ નહલ, ૧૬/૧૨૮)*

એક જગ્યાએ ફર્માવ્યું છે કે :–

وَاللّٰهُ وَلِيُّ الۡمُتَّقِيۡنَ " અને અલ્લાહ તઆલા મુત્તક઼ીઓનો હિમાયતી અને કારસાઝ છે. *(પારા–૨૫, સૂરએ જાષિયા, રૂકૂઅ–૧૭, આયત–૧૯)*

**(૪)** તક઼્વા, પરહેઝગારીવાળાઓ આખેરતમાં ત્યાંની ભયાનકતા અને મુસીબતોથી અમનમાં રહેશે, અને દુન્યામાં પણ તે લોકોને હલાલ રોજી નસીબ થશે.

જેમ કે ઈર્શાદે રબ્બાની છે :–

مَنۡ يَّتَّقِ اللّٰهَ يَجۡعَلۡ لَّهٗ مَخۡرَجًا ۙ وَّيَرۡزُقۡهُ مِنۡ حَيۡثُ لَا يَحۡتَسِبُ

"જે શખ્સ તક઼્વા તથા પરહેઝગારીને પોતાની નિશાની બનાવશે, અલ્લાહ તઆલા તેને દરેક પ્રકારની ગુમરાહીથી બચવાનો માર્ગ અર્પણ કરશે અને તેને એવી જગ્યાએથી રોજી આપશે જ્યાંથી તેને વહેમ તથા ગુમાન પણ ન હશે."

*(પારા–૨૮, સૂરએ તલાક઼, રૂકૂઅ–૧૭, આયત–૨,૩)*

**(૫)** તેના અમલોની ઈસ્લાહ થઈ જશે. કુર્આને પાકમાં આવેલું છે :–

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَقُوۡلُوۡا قَوۡلًا سَدِيۡدًا ۙ يُّصۡلِحۡ لَكُمۡ "હે ઈમાનવાળાઓ ! અલ્લાહ તઆલથી ડરતા રહો અને હમેશાં દુરૂસ્ત અને સાચી વાત કહો, એ રીતે અલ્લાહ તઆલા તમારા આમાલની ઈસ્લાહ ફર્માવી દેશે."

*(પારા–૨૨, સૂરએ અહઝાબ, રૂકૂઅ–૫, આયત–૭૦)*

**(૬)** તક઼્વાની બરકતથી તમામ ગુનાહો માફ થઈ જાય છે, કુર્આન મજીદમાં છે :–

وَيَغْفِرْ لَكُمْ ذُنُوْبَكُمْ "અને તક્‌વો અપનાવી લેવાથી અલ્લાહ તઆલા તમારા ગુનાહો માફ કરી આપશે. *(પારા–૨૨, સૂરએ અહ્‌ઝાબ, રૂકૂઅ–૫, આયત–૭૧)*

**(૭)** મુત્તક઼ી શખ્સ અલ્લાહ તઆલાનો દોસ્ત બની જાય છે જેમ કે કલામુલ્લાહ શરીફમાં આવ્યું છે :–

اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُتَّقِيْنَ "બેશક ! અલ્લાહ તઆલા મુત્તક઼ી લોકોથી મહોબ્બત રાખે છે." *(પારા–૧૦, સૂરએ તવબા, રૂકૂઅ–૭, આયત–૪)*

**(૮)** તક઼્વાથી અમલો ક઼બૂલિયતના દરજ્જે પહોંચે છે, જેમ કે ઈર્શાદ છે :–

اِنَّمَا يَتَقَبَّلُ اللّٰهُ مِنَ الْمُتَّقِيْنَ "અલ્લાહ તઆલાને ત્યાં કેવળ તક઼્વાવાળાના અમલો જ ક઼બૂલ થાય છે." *(પારા–૬, સૂરએ માએદા, રૂકૂઅ–૮, આયત–૨૭)*

**(૯)** તક઼્વાને લીધે ઈન્સાન ખુદા તઆલાને ત્યાં ઈજ્જત તથા ઈનામોનો મુસ્તહિક઼ થઈ જાય છે. અલ્લાહ તઆલાનો ઈર્શાદે ગિરામી છે :–

اِنَّ اَكْرَمَكُمْ عِنْدَ اللّٰهِ اَتْقٰىكُمْ "તમારામાંથી ખુદાને ત્યાં તે જ અધિક ઈકરામનો મુસ્તહિક઼ છે જે અધિક મુત્તક઼ી તથા પરહેઝગાર છે."
*(પારા–૨૬, સૂરએ હુજુરાત, રૂકૂઅ–૧૩, આયત–૧૩)*

**(૧૦)** મુત્તક઼ી લોકોને મોતના સમયે દીદારે ઈલાહી અને આખેરતમાં નજાતની બશારત આપવામાં આવે છે. ઈર્શાદે ખુદાવંદી છે.

اَلَّذِيْنَ اٰمَنُوْا وَكَانُوْا يَتَّقُوْنَ ۞ لَهُمُ الْبُشْرٰى فِى الْحَيٰوةِ الدُّنْيَا وَفِى الْاٰخِرَةِ "જે લોકો ઈમાન લાવ્યા અને તક઼્વાની જિંદગી અપનાવી તેમના માટે દુનિયા તથા આખેરતમાં બશારત તથા ખુશખબરી છે. *(પારા–સૂરએ યૂનુસ–૧૦/૬૩,૬૪)*

**(૧૧)** મુત્તક઼ી લોકો દોઝખની આગથી મહફૂઝ રહેશે. રબ તઆલાનો ઈર્શાદ છે :–

ثُمَّ نُنَجِّى الَّذِيْنَ اتَّقَوْا "પછી અમે અહલે તક઼્વાને દોઝખની આગથી નજાત આપીશું." *(સૂ. મરયમ, ૧૯/૭૨)*

**(૧૨)** એહલે તક઼્વાને હમેશાં માટે જન્નતમાં રહેવાની સઆદત નસીબ થશે.

જેમ કે હક્ક઼ તઆલાનો ઈર્શાદ છે :–

أُعِدَّتْ لِلْمُتَّقِيْنَ "જન્નત તક઼વાવાળાઓ માટે તૈયાર કરવામાં આવી છે."

*(પારા–૪, સૂરએ આલે ઈમરાન, રૂકૂઅ–૪, આયત–૧૩૩)*

સારાંશ એ કે દુનિયા તથા આખેરતની સઆદતમંદીઓ અને ભલાઈઓ આ એક તક઼વામાં એકત્ર કરી દેવામાં આવી છે. એટલા માટે હે અઝીઝ ! તું પણ તકવાનો માર્ગ અપનાવ અને શક્તિ અનુસાર એમાંથી હિસ્સો હાંસલ કર. વળી વર્ણન થયેલ તકવાના ફાયદાઓમાં ત્રણ બાબતો ખાસ કરી ઈબાદતથી સંબંધિત છે.

**પ્રથમ** : ઈબાદતની તૌફીક તથા એમાં મદદ તથા પ્રોત્સાહન જેમ કે ફર્માવવામાં આવ્યું :–

اَنَّ اللهَ مَعَ الْمُتَّقِيْنَ "બેશક ! અલ્લાહ તઆલા મુત્તક઼ી લોકો સાથે છે."

*(પારા–૨, સૂરએ બકરહ, રૂકૂઅ–૭, આયત–૧૯૪)*

**બીજી** : અમલોની ઈસ્લાહ તથા દુરૂસ્તી અને ઈબાદતની ખામીઓને પૂરી કરવી, એ ચીજો પણ તકવાથી પ્રાપ્ત થાય છે, જેમ કે ફર્માવ્યું :–

وَ يُّصْلِحْ لَكُمْ اَعْمَالَكُمْ "તક઼વાની બરકતથી રબ તઆલા તમારા અમલોની ઈસ્લાહ ફર્માવી દેશે." *(પારા–૨૨, સૂરએ અહ્ઝાબ, રૂકૂઅ–૫, આયત–૭૧)*

**ત્રીજી** : અમલોની ક઼બૂલિયત : અમલોની ક઼બૂલિયતની એ ફઝીલત પણ તક઼વાવાળાઓને જ નસીબ થાય છે. ઈર્શાદે ખુદાવંદી છે :

اِنَّمَا يَتَقَبَّلُ اللهُ مِنَ الْمُتَّقِيْنَ "અલ્લાહ તઆલાની બારગાહમાં તકવાવાળાઓના આમાલ જ મક઼બૂલ થાય છે." *(પારા–૬, સૂરએ માએદા, રૂકૂઅ–૮, આયત–૨૭)*

અને ઈબાદતોનો દારોમદાર પણ આ ત્રણ બાબતો પર અવલંબિત છે, પ્રથમ તો ખુદ ઈબાદતની તૌફીકનું થવું, જેથી તેની બંદગી થઈ શકે, પછી તેમાં જે કમી રહી જાય તેની ઈસ્લાહ અને પછી તે ઈબાદતનું બારગાહે ખુદાવંદીમાં કબૂલ થવું. આ ત્રણ ચીજો એટલે કે ઈબાદતની તૌફીક, અમલોની ઈસ્લાહ અને અમલોની ક઼બૂલિયત, આ તે ચીજો છે જેને આબિદ લોકો અલ્લાહ તઆલાથી

રડી રડીને માગે છે અને દુઆ કરે છે કે :

"હે અમારા રબ ! અમને ફર્માબરદારીની તૌફીક઼ આપ અને અમારી કમીઓને પૂરી ફર્માવ અને અમારી ફર્માબરદારીને ક઼બૂલ ફર્માવ."

પરંતુ અલ્લાહ તઆલાએ જાતે જ તક઼વાવાળાઓથી તેમના માગ્યા વિના જ ત્રણ ચીજોનો વાયદો ફર્માવી લીધો છે અને તક઼વાવાળાઓના માન મર્તબા તથા ઈનામોનો ઝિક્ર ફર્માવ્યો છે. એટલા માટે જો રબ તઆલાની બંદગી કરવા ચાહતા હોવ, બલ્કે દુનિયા તથા આખેરતની તમામ સઆદતો (નેક બખ્તીઓ) સમેટવા ચાહતા હોવ તો પોતાનામાં તક઼વાની સિફત (ગુણ) પેદા કરો. એક શાયરે તક઼વાની શું સરસ અંદાજમાં પ્રશંસા કરી છે :–

(૧) જે શખ્સ અલ્લાહ તઆલાથી ડરે છે તે જ નફાકારક ચીજ મેળવે છે.

(૨) કબરમાં ઈન્સાનની સાથે કેવળ તક઼વો અને નેક અમલો જ જાય છે.

તક઼વાની શાન અન્ય શાયરોએ આ પ્રમાણે દર્શાવી છે :–

(૧) જે શખ્સને અલ્લાહ તઆલાની મઅ્રેફત હાંસલ થાય અને તે આ મઅ્રેફતને પૂરતી ન જાણે તો એવો શખ્સ બદબખ્ત છે.

(૨) દોલતથી ઈન્સાનને શું ઈજ્જત મળી શકે છે, ઈજ્જત તો તકવાથી સંબંધિત છે.

(૩) મુત્તકી શખ્સને જે ચીજો અલ્લાહ તઆલાની તાઅત (ફર્માબરદારી)માં હાંસલ થાય છે તે નુકસાનકર્તા નથી બલ્કે લાભ જ લાભવાળી છે.

કેટલાક લોકોએ કોઈકના માર્યા બાદ તેની કબર પર આ શેઅરો લખ્યા :–

અર્થ : તકવો જ આખેરતનો તોશો (ભાથુ) છે, હવે તારી મરજી તેને હાંસલ કર કે છોડી આપ !

હવે આ અમલ મુદ્દે પણ વિચાર કરો કે તમે આખુ જીવન ઈબાદતના માટે તકલીફો ઉઠાવો અને મુજાહિદા તથા રિયાઝતો (ઈબાદતો) કરો છો એટલે સુધી કે તમે ઈબાદતના હેતુને પામી લો છો, પરંતુ ખુદા ન ખ્વસ્તહ્ તે ઈબાદત જો ખુદાના દરબારમાં મકબૂલ ન થઈ તો સઘળી કોશિશો અને મુજાહિદા વ્યર્થ થઈ જાય ! તમને ખબર છે કે અલ્લાહ તઆલાએ કુર્આન મજીદમાં ફર્માવ્યું છે :–

اِنَّمَا يَتَقَبَّلُ اللّٰهُ مِنَ الْمُتَّقِيْنَ "અલ્લાહ તઆલા મુત્તક઼ી લોકોની જ ઈબાદત ક઼બૂલ ફર્માવે છે." *(પારા–૬, સૂરએ માએદા, રૂકૂઅ–૮, આયત–૨૭)*

તો સ્પષ્ટ થઈ ગયું કે સઘળો મામલો તક઼વા પર જ નભી રહ્યો છે, એટલા માટે હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ કોઈ ચીજ પર કે કોઈ વ્યક્તિ પર આશ્ચર્ય કરતા ન હતા પણ કેવળ તક઼વાવાળા પર.

અને હઝરત ક઼તાદા رضی اللہ عنہથી મરવી છે કે, તૌરાત શરીફમાં આવેલું છે કે, "હે ઈન્સાન ! તું મુત્તક઼ી બની જા, પછી જ્યાં ચાહે સૂઈ જા."

હઝરત આમિર ઈબ્ને કૈસના વિશે સાંભળ્યું છે કે, આપ મૌત વખતે રડી પડયા, જો કે જિંદગીમાં આપની હાલત એ હતી કે દરેક દિવસ રાતમાં એક હજાર રકાત નફ્લ પઢતા હતા, પછી પોતાના બિસ્તર પર આવતા હતા અને પથારીને સંબોધીને કહેતા હતા, "હે દરેક બુરાઈની જગા ! ક઼સમ છે ખુદાની મેં તને એક ક્ષણવાર પણ પસંદ નથી કરી." જ્યારે આપ રડયા તો કોઈકે કહ્યું કે આપ શા માટે રડો છો ? આપે જવાબ આપ્યો, હું રબ તઆલાના આ કૌલને યાદ કરીને રડું છું اِنَّمَا يَتَقَبَّلُ اللّٰهُ مِنَ الْمُتَّقِيْنَ (અલ્લાહ તઆલા મુત્તક઼ી લોકોની જ ઈબાદત ક઼બૂલ કરે છે)

વળી એક અન્ય મુદ્દા બાબતે પણ વિચારો જે તમામ ઉસૂલોનું મૂળ છે તે એ કે કેટલાક સાલેહ લોકોએ પોતાના કોઈક શયખની ખિદમતમાં અર્ઝ કરી, મને કોઈ વસીયત કરો ! તો શયખે ફર્માવ્યું, હું તને અલ્લાહ તઆલાની તે વસીયત કરું છું જે તેણે તમામ અવ્વલીન તથા આખરીનને કરી છે, જેમ કે ઈર્શાદ ફર્માવ્યો :–

وَلَقَدْ وَصَّيْنَا الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ وَاِيَّاكُمْ اَنِ اتَّقُوا اللّٰهَ "બેશક ! અમે તેમને જે તમારા અગાઉ કિતાબોવાળા થઈ ગયા છે અને તમને તાકીદ કરી છે કે અલ્લાહ તઆલાથી ડરતા રહો." *(સૂરએ નિસાઅ, ૪/૧૩૧)*

હું કહું છું કે બંદાની બેહતરી અને ભલાઈનો ઈલ્મ અલ્લાહ તઆલા સિવાય અન્ય કોને કોઈ શકે છે ? અને ખુદાવંદ તઆલા બંદાના માટે સૌથી અધિક ખૈરખ્વાહ (શુભેચ્છક), સૌથી વિશેષ રહમ કરનાર અને મહેરબાન છે. તો

દુનિયામાં બંદાના માટે જો કોઈ અન્ય ચીજ લાભદાયી હોત, તેમાં અધિક ભલાઈ હોત, શાનમાં તકવાથી ઉચ્ચ હોત અને દુનિયા તથા આખેરતમાં તક્વાથી અધિક કિંમત ધરાવતી હોત તો અલ્લાહ તઆલા તક્વાને બદલે બંદાઓને તેની વસીયત ફર્માવત અને તેનો હુકમ આપતે. અને પોતાના ખાસ લોકોને તેના હુકમની તાકીદ ફર્માવત. કેમ કે તેની હિકમત મુકમ્મલ (સંપૂર્ણ) છે અને તેની રહમત વિશાળ છે. તો જ્યારે રબ તઆલાએ તક્વાની તાકીદ ફર્માવી અને તમામ અવ્વલીન તથા આખરીનને એનો જ હુકમ આપ્યો, જેથી સાબિત થઈ ગયું કે, તક્વો જ સૌથી શ્રેષ્ઠ ચીજ છે, અન્ય કોઈ ચીજ નહીં, અને એના સિવાય કોઈ (ચીજ)નો મક્સદ નથી.

આ ચર્ચાથી તમારા સમક્ષ એ પણ જાહેર થઈ ગયું કે અલ્લાહ તઆલાએ દરેક ભલાઈ, દરેક માર્ગદર્શન, દરેક ઈર્શાદ તથા ચેતવણી, દરેક તાલીમ તથા કેળવણીને તકવાથી સંબંધિત કરેલ છે અને આ તેણે પોતાની હિકમત તથા રહમતના પ્રમાણે જ કર્યું છે. અને તમને એ પણ જણાઈ ગયું કે તક્વો જ દીની, દુનિયાવી અને ઉખરવી (આખેરતની) ભલાઈઓનું કેન્દ્ર છે અને તક્વો જ બંદગી તથા ઈબાદતને કબૂલિયતના દરજ્જે પહોંચાડવા માટેનો જામીન તથા કફીલ છે. એક શાયરે શું સરસ કહ્યું છે :–

**(૧)** સાંભળી લો કે તક્વો જ ઈજ્જત તથા બુઝુર્ગી છે, દુનિયાની મહોબ્બત તો ઝિલ્લત તથા ખુવારી છે.

**(૨)** જ્યારે કોઈ શખ્સ પોતાનામાં તક્વાનો ગુણ પેદા કરે તો જો તે વણકરનો ધંધો કે હજામતનો ધંધો અપનાવે તો એમાં કોઈ ઐબ નથી.

આ આખરી મુદ્દો તે અસલ મુદ્દો છે કે તેનાથી ઉચ્ચ કોઈ મુદ્દો નથી અને નૂર તથા હિદાયતવાળાના માટે આ મુદ્દો પૂરતો છે. એના પર અમલ કરવો જોઈએ અને અન્ય ચીજોથી બેનિયાઝ (બેપરવા) થઈ જવું જોઈએ.

**સવાલ** : તમારી આ વિગતો પરથી માલૂમ થાય છે કે તક્વો ઘણી જ આ'લા ચીજ છે, એનો મરતબો ઘણો જ ઉચ્ચ છે અને દુનિયા તથા આખેરતમાં તેની સખત જરૂરત છે અને તેની ઓળખ કરવી અત્યંત જરૂરી છે, જેથી અમને

વિસ્તારપૂર્વક એની હકીકત સમજાવો.

**જવાબ** : વાત એમ છે કે તક્વો એક અઝીમ (મહાન) ચીજ છે, એને પામવુ જરૂરી છે અને તેની મઅરેફત (ઓળખ) પ્રાપ્ત કર્યા વિના કોઈ ચારો નથી. પરંતુ તમને ખબર છે કે જેવી રીતે કોઈ કામ ઉચ્ચ તથા ફાયદાકારક હોય છે એ જ રીતે તેને મેળવવું પણ મુશ્કેલ છે અને એટલા જ પ્રમાણમાં અધિક તકલીફોનો સામનો કરાવે છે અને એટલા જ પ્રમાણમાં અધિક બુલંદ હોસલાની માગણી કરે છે. જેથી જેવી રીતે આ તક્વો એક ઉમદા તથા ઉચ્ચ ચીજ છે એવી જ રીતે તેની પ્રાપ્તિના માટે મહાન મુજાહિદા અને સખત જદો જેહદની જરૂરત છે. તદ્ ઉપરાંત તેના હક્કો તથા નિયમો (આદાબ)ની પણ કાળજી રાખવી સખત આવશ્યક છે. કેમ કે દરજ્જાઓ મુજાહિદાઓ પ્રમાણે અતા થાય છે અને જે દરજ્જાની કોશિશ કરવામાં આવે છે તે જ દરજ્જાનું ફળ મળે છે. કુર્આન મજીદમાં ફર્માવવામાં આવ્યું છે :–

وَالَّذِيْنَ جَاهَدُوْا فِيْنَا لَنَهْدِيَنَّهُمْ سُبُلَنَا ؕ وَاِنَّ اللّٰهَ لَمَعَ الْمُحْسِنِيْنَ "જે લોકોએ અમારા સુધી પહોંચવા માટે મુજાહિદા તથા રિયાઝતો કરી છે, તેમને અમે જરૂરથી અમારા સુધી પહોંચવાના માર્ગોની રહનુમાઈ કરીશું અને બેશક ! અલ્લાહ તઆલા નેકોકારોની સાથે છે." *(સૂરએ અન્કબૂત, ૨૯/૬૯)*

અને ખુદા તઆલા રઊફો રહીમ છે, દરેક મુશ્કેલીને આસાન કરવી તેના દસ્તે કુદરતમાં છે. હવે તમે અમારી વાતો તરફ કાન ધરો અને તેને દિમાગમાં બેસાડી દેવા માટે જાગૃત બનો અને તક્વાની હક્રીક્તને પૂર્ણપણે ધ્યાનથી સમજો, જેથી તેની હક્રીક્તથી વાકેફ થયા બાદ તેને હાંસલ કરવા માટે તૈયાર થઈ શકો. અને તેની હક્રીક્તને જાણી લીધા બાદ તેના પર અમલપેરા થવા માટે રબ તઆલાથી મદદ તલબ કરો, કેમ કે અસલ ચીજ એ છે. અલ્લાહ જ પોતાના ફઝ્લો કરમથી સૌને હિદાયતની તૌફીક આપે છે.

## ★ તક્વાની વ્યાખ્યા ★

હે અઝીઝ ! અલ્લાહ તઆલા તારા દીનમાં બરકત આપે અને તારા યકીનમાં વધારો કરે, તકવાના જે અર્થો મશાઈખે કિરામે બયાન ફર્માવ્યા છે

એને પ્રથમ જાણી લે ! કેટલાક મશાઈખે તકવાના આ પ્રમાણે અર્થો કર્યા છે :–

"એ ગુનાહથી દિલને બચાવવુ જેના જેવા અગાઉ તારા થકી નથી થયા."

જેથી તમારામાં ગુનાહ ત્યજવાના ઈરાદાથી દરેક પ્રકારના ગુનાહોથી બચાવ તથા હિફાઝત પેદા થઈ જાય. મારા શયખ رضی اللہ عنہએ તકવાની આ જ વ્યાખ્યા દર્શાવી છે, કેમ કે તક્વો અરબી લુગત (ડીક્ષનરી)માં અસલમાં 'વક્વા' હતો અને શબ્દ وقویٰ وقایہ, તરફથી નીકળેલ છે. કહેવામાં આવે છે وَقٰی یَقِیْ وَقَایَةً وَوَقْوٰی પછી વાવને તા (ત)થી બદલવામાં આવ્યો, જેમ કે وکلان, થી تُکان બનાવી દેવામાં આવ્યું, અને 'વક્ાયહ'નો અર્થ છે, બચાવ તથા હિફાઝતનો ઝરીયો.

જ્યારે બંદો ગુનાહોને ત્યજવાનો મજબૂત નિશ્ચય કરી લે છે અને દિલને ગુનાહો ત્યજવા માટે અડગ બનાવી લે છે તો એવા નિશ્ચય તથા ઈરાદાવાળા શખ્સને 'મુત્તક્ી' અને એ ઈરાદા તથા અડગતાને તક્વો કહે છે.

વળી તક્વાનો ઈત્લાક્ (લાગુ થવુ) કુર્આન મજીદમાં ત્રણ ચીજો પર થયેલ છે એક ખૌફ તથા હયબતે (ડર) ખુદાવંદી જેમ કે :

وَّاِیَّایَ فَاتَّقُوْنِ "કેવળ મારાથી ખૌફ તથા ડર રાખો." *(સૂરએ બકરહ, ૨/૪૧)*

બીજે ઠેકાણે ફર્માવ્યું :–

وَاتَّقُوْا یَوْمًا تُرْجَعُوْنَ فِیْهِ اِلَی اللّٰهِ "અને તે દિવસથી ડરો જે દિવસે તમે દરબારે ખુદાવંદીમાં રજૂ થશો." *(પારા–૩, સૂરએ બકરહ, રૂકૂઅ–૬, આયત–૨૮૧)*

અને તકવાનો શબ્દ તાઅત (ફર્માબરદારી) તથા ઈબાદતના અર્થમાં પણ વપરાયો છે. જેમ કે રબ તઆલાનો ઈર્શાદે ગિરામી છે :–

یٰۤاَیُّهَا الَّذِیْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ حَقَّ تُقٰتِهٖ "હે ઈમાનવાળાઓ ! અલ્લાહ તઆલાથી એવી રીતે ડરો જેવી રીતે કે ડરવાનો હક્ક્ છે. *(સૂરએ આલે ઈમરાન, ૩/૧૦૨)*

અહીં ડરવાથી મુરાદ તાઅત તથા ઈબાદત છે. સૈયદના હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ આ જ અર્થ દર્શાવ્યો છે. જેમ કે આપે તર્જુમો કરતાં આ પ્રમાણે ફર્માવ્યું, "અલ્લાહ તઆલની એવી ફર્માબરદારી કરો જેવી કે કરવી જોઈએ."

અને હઝરત મુજાહિદ رحمۃ اللہ علیہ એ આ આયતની આ પ્રમાણે તફસીર ફર્માવી છે :–

اتَّقُوا اللّٰهَ حَقَّ تُقٰتِهٖ નો અર્થ એ છે કે, રબ તઆલાની એવી ઈતાઅત (ફર્માબદારી, આજ્ઞા પાલન) કરો કે ફરી નાફર્માની ન થાય અને એવી યાદનો નકશો (સિક્કો) દિલમાં જમાવો કે ફરી ભૂલી ન જાવ અને તેની એવી રીતે શુક્રગુઝારી કરવામાં આવે કે કદાપિ નાશુક્રી પ્રદર્શિત ન થાય.''

અને તકવાનો શબ્દ કુર્આન મજીદમાં ત્રીજો આ અર્થમાં આવ્યો છે :

''દિલને ગુનાહોથી દૂર રાખો.''

અને તકવાનો હકીકી અર્થ આ જ ત્રીજો અર્થ છે, પ્રથમના બંને અર્થો મજાઝી છે. શું તમે કુર્આન મજીદમાં આ આયતે કરીમા નથી પઢી ?

وَمَنْ يُّطِعِ اللّٰهَ وَرَسُوْلَهٗ وَيَخْشَ اللّٰهَ وَيَتَّقْهِ فَاُولٰٓئِكَ هُمُ الْفَآئِزُوْنَ

''અને જે લોકો અલ્લાહ તઆલા અને તેના રસૂલની ઈતાઅત કરે છે અને અલ્લાહથી ડરે છે અને દિલને ગુનાહોથી દૂર રાખે છે તો એવા જ લોકો કામયાબ મુરાદ પામેલા છે.'' *(પારા–૧૮, સૂરએ નૂર, રૂકૂઅ–૧૨, આયત–૫૨)*

આ આયતે કરીમામાં પ્રથમ ઈતાઅત અને ખૌફનો ઝિક્ર ફર્માવ્યો, અને પછી તકવાનો. તો માલૂમ થયું કે તકવો ઈતાઅત તથા ડર સિવાય કોઈ ત્રીજી ચીજનું નામ છે અને તે છે ગુનાહોથી દિલને પાક કરવું.

વળી ઉલમાએ કિરામ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે તકવાના ત્રણ મરતબા છે :

(૧) શિર્કથી તકવો (બચવું) (૨) બિદઅતથી તકવો (૩) ગુનાહોથી તકવો.

અને અલ્લાહ તઆલાએ આ ત્રણેય મરતબા આ એક આયતમાં વર્ણન કરી આપ્યા છે, એ આયતે મુબારકહ્ આ છે :–

لَيْسَ عَلَى الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ جُنَاحٌ فِيْمَا طَعِمُوْٓا اِذَا مَا اتَّقَوْا وَّاٰمَنُوْا

وَعَمِلُوا الصّٰلِحٰتِ ثُمَّ اتَّقَوْا وَّاٰمَنُوْا ثُمَّ اتَّقَوْا وَّاَحْسَنُوْا

''એ લોકો પર કોઈ ગુનોહ નથી, એમાં જે તેમણે ખાધું જ્યારે કે તેઓ

તકવો ઈખ્તિયાર કરે અને ઈમાન લાવે અને નેક અમલો કરે. પછી તકવો અપનાવે અને ઈમાન લાવે અને એહસાનની રાહ અપનાવે.

*(સૂરએ માઈદા, ૫/૯૩)*

આ આયતમાં પ્રથમ તકવાથી મુરાદ શિર્કથી પરહેઝ (બચવું) અને ઈમાનથી તૌહીદ (અલ્લાહને એક માનવું) મુરાદ છે. બીજું બિદઅતથી બચવું અને એના સામે ઈમાનથી મુરાદ અહલે સુન્નત વ જમાઅતના અકીદાઓ તથા માન્યતાઓનો એકરાર તથા સ્વીકાર છે. અને ત્રીજા તકવાથી સગીરા (નાના) ગુનાહોથી બચવું અને એહસાનથી મુરાદ તાઅત (ફર્માબરદારી) તથા અડગતા છે. તો આ ખુલાસાથી જાહેર થયું કે આ આયતમાં તકવાના ત્રણેય મર્તબાઓ વર્ણવી દેવામાં આવ્યા છે. એટલે કે ઈમાનનો મરતબો, સુન્નતનો મરતબો અને ખુદાની ફર્માબરદારીમાં અડગતાનો મરતબો. આ તે વિગત છે જેને આપણા ઉલમાએ કિરામે તકવાના અર્થમાં બયાન કરતાં ઈર્શાદ ફર્માવી છે.

હું (ઈમામ ગઝાલી) કહું છું કે હું તકવાનો એક અન્ય અર્થ પણ પામ્યો છું અને એ અર્થ હુઝૂર علیہ الصلوٰۃ والسلامથી એક મશહૂર હદીષમાં રિવાયત થયેલ છે. હદીષના શબ્દો આ પ્રમાણે છે :–

અર્થ : "મુત્તકીઓને મુત્તકી એટલા માટે કહેવામાં આવ્યા કે તેમણે એ કામને પણ છોડી દીધું જેમાં શરીઅતની રૂએ કોઈ વાંધો નથી, એ સાવચેતી કરીને કે એના ઝરીયે એવાં કામ ન થઈ જાય જેમાં વાંધો તથા ગુનોહ હોય."

હું મુનાસિબ સમજુ છું કે ઉલમાએ કિરામના બયાન કરેલ અર્થો અને આ હદીષમાં તકવાના આવેલ અર્થોને ભેગા કરું જેથી તકવાના સંપૂર્ણ અર્થો બયાન થઈ જાય. તો તકવાનો મુકમ્મલ તૌર પર અર્થ એ થયો કે દરેક તે ચીજ અને કામથી બચવું જેનાથી દીનને નુકસાન પહોંચવાનો ખતરો હોય." તમને ખબર નથી કે તાવમાં સપડાયેલ શખ્સ જ્યારે તે દરેક ચીજથી પરહેઝ કરે જે તેની તંદુરસ્તીને નુકસાનકર્તા હોય, જેમ કે ખાવા, પીવા અને ફળ વગેરે, તો તેને અસલ પરહેઝ કરનાર કહેવામાં આવે છે. એ જ રીતે જે શખ્સ દરેક શરીઅત વિરૂધ્ધ બાબતોથી બચે તો એવો જ શખ્સ સાચા અર્થમાં મુત્તકી કહેડાવવાનો હકદાર છે.

પછી તે ચીજો જેનાથી દીનને નુકસાન પહોંચાવાનો ડર છે તે બે પ્રકારની છે :–

(૧) હરામ તથા ગુનામય (૨) હલાલ પણ જરૂરતથી અધિક. કેમ કે જરૂરત કરતાં અધિક હલાલ ચીજોમાં મશગૂલિયત અને તેમાં વ્યસ્તતા પણ ક્રમે ક્રમે ગુનાહ તથા હરામમાં પડવાનો સબબ બની જાય છે. અને તે એ રીતે કે જરૂરતથી વિશેષ હલાલ ચીજોના ઉપયોગથી અને તેની આદત પાડવાથી નફ્સની લાલચ તેની સરકશી અને વાસનાઓ જોર પકડી લે છે અને બંદો ગુનાહમાં સપડાઈ જાય છે. તો જે શખ્સ પોતાના દીનને મુકમ્મલ તૌર પર (સંપૂર્ણપણે) મેહફૂઝ કરવા ચાહતો હોય તેના માટે જરૂરી છે હરામ અને ફુઝૂલ હલાલ (વધારાના હલાલ)થી બચે જેથી ફુઝૂલ હલાલ થકી હરામ સુધી ન પહોંચી જાય. આ બાબતને રસૂલુલ્લાહ ﷺએ આ ઈર્શાદ મુબારકમાં બયાન ફર્માવી છે :–

"ફુઝૂલ હલાલથી પણ પરહેઝ કરે છે જેથી હરામમાં ન પડી જાય."

તો તકવાની પરિપૂર્ણ વ્યાખ્યા એ થઈ કે "દીનમાં દરેક નુકસાનકર્તા ચીજથી પરહેઝ કરવું." આ તકવાની હકીકત તથા ઓળખનું સવિસ્તાર વર્ણન છે. વલ્હમ્દુલિલ્લાહ.

અને ઈલ્મે સિર્રના એતબારથી તકવાની હકીકત એ છે કે, "દરેક તે બુરાઈથી દિલને દૂર રાખવું જેના જેવી બુરાઈ બંદાએ અગાઉ ન કરી હોય. "જેથી ગુનાહોથી દૂર રહેવાનો નિશ્ચય તેનાથી બચવાનો ઝરીયો બની જાય. વળી શર (બુરાઈ)ના બે પ્રકાર છે :–

એક શર્રે અસ્લી એનાથી એ શર (બુરાઈ) મુરાદ છે જેનાથી શરીઅતે સ્પષ્ટતાથી રોકેલ હોય જેમ કે ગુનાહ.

બીજું શર્રે ગૈર અસ્લી એનાથી એ શર (બુરાઈ) મતલબ છે જેનાથી શરીઅતે સાવચેતી રૂપે રોકેલ હોય. અને તે ફુઝૂલ અને જરૂરતથી અધિક હલાલ છે, જેમ કે આમ મુબાહ ચીજો જેનાથી શહવત (વાસના)ને મજબૂતી પહોંચે છે.

શર્રે અસલીથી બચવું ફર્ઝ છે અને જો બચવામાં ન આવે તો અઝાબનો મુસ્તહિક (હકદાર) થશે. શર્રે ગૈર અસ્લીથી બચવું બેહતર તથા મુસ્તહબ છે અને ન બચવાના સબબે કિયામતના દિવસે હિસાબના માટે રોકવામાં આવશે

અને તેની પાસેથી દરેક ચીજનો હિસાબ લેવામાં આવશે અને દુનિયામાં બિનજરૂરી ચીજોમાં પડવાના વાંકે તેને શર્મિંદો કરવામાં આવશે. શર્રે અસ્લીથી બચનારનો તકવો ઉતરતી કક્ષાનો છે અને એ ફર્માબરદારી પર અડગતાનો દરજો છે. અને શર્રે ગૈર અસ્લીથી બચનારનો દરજ્જો મોટો છે અને એ જરૂરતથી વધારાની સર્વ મુબાહ ચીજો છોડવાવાળાનો દરજ્જો છે.

અને જે શખ્સ બંને પ્રકારનો તકવો પોતાનામાં પેદા કરી લે એ કામિલ મુત્તકી છે અને આ જ તે શખ્સ છે જેણે તકવાના પૂરા હક્કો સાબિત રાખ્યા. એવો શખ્સ જ તકવાના પૂર્ણ ફાયદાઓ હાંસલ કરે છે અને એનું નામ કામિલ 'વરઅ' છે. જેના પર દીનના કમાલનો દારોમદાર છે. દરબારે ઈલાહીમાં હાજરીના માટે જે અદબોની જરૂરત છે તે એ જ તકવાથી હાંસલ થાય છે. તકવાના આ અર્થોને સારી પેઠે સમજો અને પછી એના પર અમલ કરો.

## ★ તક્વો અપનાવવાની રીત ★

**સવાલ** : એ જણાવો કે તકવો પ્રાપ્ત કરવાનો શો તરીકો અને ઝરીયો છે અને આપણે આપણા નફ્સને તેનો આમિલ (તેના પર અમલ કરનાર) કઈ રીતે બનાવી શકીએ જેથી એવી જાણ થઈ જાય કે આ તકવાથી નફ્સને લગામ કઈ રીતે આપી શકાય ?

**જવાબ** : એની રીત એ છે કે નફ્સને અડગ નિશ્ચય સાથે દરેક ગુનાખોરીથી રોકવામાં આવે અને દરેક પ્રકારના ફુઝૂલ (વધારાના) હલાલથી રોકવામાં આવે. એવું કરવાથી બદનના જાહેરી તથા બાતિની અંગો તકવાની સિફત ધરાવતા (તકવાના ગુણવાળા) થઈ જશે. આંખ, કાન, જીભ, દિલ, પેટ, ગુપ્તાંગ અને બાકીનાં સર્વ શરીરનાં અંગોમાં તકવો પેદા થઈ જશે અને નફ્સ તકવાની લગામમાં સારી રીતે આવી જશે.

આ વિષયનું વિગતવાર બયાન ઘણુ જ લાંબુ છે. અહયાઉલ ઉલૂમ કિતાબમાં અમે એની વિગતે ચર્ચા પ્રતિ ધ્યાન દોર્યું છે. પરંતુ જે ચીજની અહીં વધુ જરૂરત છે તે એ કે પાંચ અંગોની ખાસ કરીને સંભાળ રાખવામાં આવે. તે અંગો આ પ્રમાણે છે : (૧) આંખ (૨) કાન (૩) જીભ (૪) દિલ અને (૫) પેટ.

દીનને નુકસાનથી બચાવવા માટે આ દર્શાવેલ અંગોને દરેક ગુનાહ તથા હરામ અને દરેક જરૂરતથી અધિક હલાલ અને દરેક ફુઝૂલ ખર્ચીથી હિફાઝતમાં રાખવું જરૂરી છે. જ્યારે આ પાંચ અંગોની હિફાઝત થશે તો ઉમ્મીદ છે કે શરીરના બાકીનાં અંગો પણ મેહફૂઝ થઈ જશે અને બંદો પૂર્ણપણે તકવાની સિફતવાળો (મુત્તકી) થઈ જશે.

અમે પાંચ વિભાગોમાં આ અંગોના સંબંધિત બાબતોનું વર્ણન કરીએ છીએ અને તમને દર્શાવીએ છીએ કે કઈ કઈ ચીજ એના માટે હરામ છે જેનાથી એને હિફાઝતમાં રાખવું જરૂરી છે. પરંતુ અહીં વર્ણન આ કિતાબની સાઈઝને અનુરૂપ સંક્ષિપ્ત વર્ણન થશે.

## પ્રથમ વિભાગ

### ★ આંખના બયાન વિશે ★

હા ! તો તમારા પર તમારી આંખની હિફાઝત કરવી પણ લાઝિમ છે (અલ્લાહ તઆલા મને તમને આંખની હિફાઝતની તૌફીક આપે) કેમ કે આંખ જ દરેક ફિત્નો અને દરેક આફતનો સબબ છે અને હું એના સંબંધે ત્રણ ઉસૂલ (નિયમ) વર્ણન કરું છું જેના પર અમલ કરવાથી ઈન્શા અલ્લાહુ તઆલા નજરની હિફાઝત સંપૂર્ણપણે કરી શકાશે.

પ્રથમ ઉસૂલ તે જે કુર્આન મજીદની નીચે દર્શાવેલી આયતમાં જણાવવામાં આવેલો છે :–

قُلْ لِّلْمُؤْمِنِيْنَ يَغُضُّوْا مِنْ اَبْصَارِهِمْ وَ يَحْفَظُوْا فُرُوْجَهُمْ ؕ ذٰلِكَ اَزْكٰى لَهُمْ ؕ اِنَّ
اللّٰهَ خَبِيْرٌۢ بِمَا يَصْنَعُوْنَ

"હે હબીબ ! અહલે ઈમાનને કહો કે પોતાની નજરોને નીચી રાખે અને પોતાની શર્મગાહો (ગુપ્તાંગો)ની હિફાઝત કરે. આ તેમના માટે ઘણી પાકીઝા વાત છે અને (હે ઈમાનવાળાઓ !) તમે જે કાંઈ પણ કરો છો તેનાથી અલ્લાહ તઆલા ખબરદાર છે." *(સૂ. નૂર, ૨૪/૩૦)*

હે અઝીઝ ! તું જાણી લે કે આ ટૂંકી આયતમાં વિચાર કરવાથી ત્રણ અજીબ તથા દુર્લભ અર્થો જાણવા મળ્યા છે એટલે કે આ આયતમાં (૧) તાદીબ (સાવધાની) (૨) તંબીહ (ચેતવણી) અને (૩) તહદીદ (ધમકી), ત્રણ બાબતોને એકત્ર કરી દેવામાં આવી છે.

તાદીબ : (સાવધાની) : એટલે કે અદબ શીખવી, તો આ આયતના આ વાક્યામાં છે. قُلْ لِّلْمُؤْمِنِيْنَ يَغُضُّوْا مِنْ اَبْصَارِهِمْ આ આયતમાં يَغُضُّوْا શબ્દ આવેલો છે જેથી જે કર્મનો સંકેત છે તે ગુલામ પર લાઝિમ થઈ જાય છે કે આકા (માલિક)ના હુકમનું પાલન કરે અને તેના દર્શાવેલા આદાબ (નિયમો)ને અમલમાં મૂકે, નહીં તો બેઅદબોમાં ગણતરી થશે અને બેઅદબ ગુલામને આકાની મજલિસમાં હાજર થવાની ઈજાઝત નથી મળતી અને ન તો તે આકાની સમક્ષ આવવાને લાયક હોય છે. આ મુદ્દાને યાદ રાખી લો અને એમાં વિચાર કરતા રહો કેમ કે એમાં ઘણુ બધું છે.

અને તમ્બીહ (ચેતવણી) : આ શબ્દોમાં ذٰلِكَ اَزْكٰى لَهُمْ આ શબ્દોના બે અર્થો થઈ શકે છે, એક એ કે નજરો ઝુકાવેલી (નીચી) રાખવી એ મોમિનોના દિલોને અધિક પાક કરનારી ચીજ છે, કેમ કે ઝકાત તહારત (પાકી)ના અર્થમાં આવે છે અને તઝકિયહ્, તત્હીર (પાકી)ના સમાનાર્થી છે.

બીજો અર્થ એ થઈ શકે છે કે નજરોને નમાવેલી રાખવી એ મોમિનોની નેકીઓને વધારવાનો સબબ છે, કેમ કે ઝકાતનો અર્થ શબ્દકોષમાં વધવા અને વુદ્ધિ થવાનો પણ આવે છે. તો મતલબ એ થયો કે નજર નીચી રાખવી દિલને ખૂબ વધારે પાક કરે છે અને ફર્માબરદારી તથા ભલાઈમાં વધારાનો ઝરીયો છે અને એ એટલા માટે છે કે, **જો તમે નજર નીચી ન રાખો બલ્કે તેને આઝાદીથી દરેક ચીજ પર નાખો તો ઘણીવાર તમે નિરર્થક પણ આમ તેમ જોવાનુ શરૂ કરી આપો અને પછી ક્રમે ક્રમે તમારી નજર હરામ ઉપર પણ પડવી શરૂ થઈ જશે. હવે જો ઈરાદાપૂર્વક હરામ પર નજર નાખશો તો એ ઘણો જ મોટો ગુનોહ છે અને ખૂબ જ શક્યતા છે કે તમારુ દિલ હરામ ચીજ પર આફરિન થઈ જાય અને તમે તબાહીના**

**શિકાર બની જાવ.** કેમ કે રિવાયતોમાં આવ્યું છે કે :–

"કેટલીકવાર બંદો કોઈ ચીજ પર નજર નાખે છે તો એનાથી એ રીતની અસર સ્વીકારે છે જેવી રીતે ચામડુ પકાવવાની ક્રિયાથી રંગ પકડે છે."

અને જો એ તરફ જોવું હરામ ન હોય બલ્કે મુબાહ (ન ગુનો ન સવાબ) હોય તો શક્ય છે કે તમારુ દિલ મશગૂલ થઈ જાય અને એના સબબે તમારા દિલમાં વિવિધ જાતના વસવસા અને ખતરાઓ આવવા માંડે અને કદાચ વસવસાની ચીજો સુધી અમલી તૌર પર ન પહોંચી શકો અને એ રીતે વસવસાઓનો શિકાર થઈને નેકીઓથી રહી જાવ. પરંતુ જો તમે કોઈ બાજુ જોયું જ નથી તો દરેક ફિત્ના તથા વસવસાથી અને ખતરાથી મહફૂઝ રહેશો અને પોતાનામાં રાહત તથા સંતોષ મહસૂસ કરશો.

આ ચીજને હઝરત ઈસા عليه السلام એ આ શબ્દોમાં રજૂ કરી છે :

"પોતે પોતાને હરામ નજરથી કાળજીપૂર્વક સંપૂર્ણતઃ બચાવો કેમ કે આવી બદનઝરી દિલમાં વાસનાનું બીજ રોપી દે છે અને આ ગુનાહમાં પડનારને ફિત્નામાં નાખી દે છે."

હઝરત ઝુન્નૂન મિસ્રી رحمة الله عليه નો ઈર્શાદ છે : "આંખને હરામ નજરથી રોકવી વાસનાથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય છે." કોઈક શાયરે શું સરસ કહ્યું છે :–

**(૧)** જો તમે તમારી આંખને ખુલ્લી છોડી મૂકશો તો રંગબેરંગી નઝારાઓ એક દિવસે તમને તકલીફમાં નાખી દેશે.

**(૨)** તમે તે ચીજ જોશો કે જેમાં ન તો તમને તે તમામ પર કુદરત હશે અને ન તેમાંના કેટલાકથી તમારાથી સબ્ર થઈ શકશે.

જ્યારે તમે દરેક વખતે નજર નીચી રાખશો અને બેફાયદા તેને અર્થહિન ચીજો પર નહીં નાખો તો તમારુ દિલ વસવસાઓથી સાફ રહેશે, દિલ મુક્ત રહેશે અને તમે ખતરાઓથી રાહતમાં રહેશો. તમારો નફસ આફતોથી સલામતીમાં રહેશે અને સારા કામોની તરફ વધુ તવજ્જોહ (ધ્યાન) આપી શકશો. આ સમુદ્ધ મુદ્દાને ખૂબ જ સમજી લો.

અને તહદીદ (ધમકી) આ શબ્દોમાં છે, اللّٰهَ خَبِيْرٌۢ بِمَا يَصْنَعُوْنَ "બેશક ! અલ્લાહને એમનાં કામોની ખબર છે." *(સૂ. નૂર, ૨૪/૩૦)*

બીજી જગાએ ફર્માવ્યું :–

يَعْلَمُ خَآئِنَةَ الْاَعْيُنِ وَمَا تُخْفِى الصُّدُوْرُ **"(અલ્લાહ તઆલા) ખયાનત કરનારી આંખોને અને સીનામાં છુપાયેલી વાતોને જાણે છે."**

*(પારા–૨૪, સૂરએ મોઅ્મીન, રૂકૂઅ–૭, આયત–૧૯)*

હક્ક તઆલાનો ખૌફ રાખવાવાળા માટે આ તમ્બીહ અને તહદીદ (ચેતવણી) પૂરતી છે.

બીજો નિયમ : આ સિલસિલામાં બીજો ઉસૂલ (નિયમ) એ છે કે જે નબીએ કરીમ (ﷺ)થી મરવી છે કે આપે ફર્માવ્યું,

**"ગૈર મહરમ ઔરત (પરસ્ત્રી)ના હુસ્નો જમાલ પર નજર નાખવી એ ઈબ્લીસના ઝેરમાં બુઝવેલાં તીરોમાંથી એક તીર છે. તો જે શખ્સ એવું કરવાનું ત્યજી દેશે તેને અલ્લાહ તઆલા ખુશી ઉત્પન્ન કરે તેવી ઈબાદતની મજા ચખાડશે."**

ઈબાદતમાં મીઠાશ (હલાવત) અને મુનાજાત (દુઆ)માં લિજ્જત એ આબિદો માટે એક ઘણી જ મોટી ચીજ છે અને આ ઉસૂલ એક અનુભવસિદ્ધ ઉસૂલ છે. જે પણ એના પર અમલ કરશે તેને ખુદ એની તહકીક થઈ જશે. નિઃશંક ! જ્યારે કોઈ શખ્સ નિરર્થક અને ફાયદા વિનાની ચીજ પર નજર કરવાથી દૂર રહેશે તો તે ઈબાદતમાં લિજ્જત અને ફર્માબરદારીમાં હલાવત અને દિલમાં સફાઈ મેહસૂસ કરશે, જેનાથી પહેલાં આ ચીજોથી તે ખાલી હતો.

ત્રીજો ઉસૂલ : ઉપરોક્ત દર્શાવેલ અંગોની દેખભાળ તથા હિફાઝતની ત્રીજી રીત એ છે કે, એના પર વિચાર કરવામાં આવે કે કયામતના દિવસે તે અંગોથી શું કામ લેવામાં આવશે અને કયામતમાં શું કામો અંજામ આપવા માટે એમને બનાવવામાં આવ્યાં છે ? તે જો એ કામને લાયક ન રહ્યાં તો સખત પસ્તાવો તથા નુકસાન વેઠવું પડશે. આવો ખયાલ દિલમાં જામી જવાથી પણ તેની સંભાળ થઈ શકે છે.

પગોને તો જન્નતુલ ફિરદૌસના બાગો તથા મહેલોમાં હરવા ફરવા માટે બનાવવામાં આવ્યા છે, અને હાથ જન્નતમાં શરાબે તહૂરના છલકાતા જામ પકડવા અને વિવિધ મેવાઓ તોડવા માટે આપવામાં આવ્યા છે, અને આંખ દીદારે ઈલાહીથી શરફયાબ થવા માટે અતા થઈ છે, એ જ પ્રમાણે અન્ય અંગો પણ વિવિધ કામોના માટે બનાવવામાં આવ્યાં છે અને આ વર્ણન કરેલ મકસદોથી બંને જહાનમાં અન્ય કોઈ આ'લા તથા અફઝલ મકસદ હોઈ શકતો નથી. જેથી જે ચીજોને ઉચ્ચતમ મકસદોના માટે તૈયાર કરવામાં આવેલ હોય તેને ચોક્કસ જ ફુઝૂલ તથા અયોગ્ય કાર્યો તથા હરકતોથી મેહફૂઝ રાખવી જોઈએ.

જો તમે આ દર્શાવેલ ત્રણે ઉસૂલો પર કાર્યરત થઈ જાવ તો ઈન્શા અલ્લાહુ તઆલા દરેક ફુઝૂલ તથા હરામ ચીજથી બચેલા રહેશો.

## બીજો વિભાગ

### ★ કાનના બયાન વિશે ★

કાનને પણ બુરી અને ફુઝૂલ વાતો સાંભળવાથી મહફૂઝ રાખવો જરૂરી છે અને એનું જરૂરી હોવું બે બાબતોને લીધે છે : એક તો એટલા માટે કે એક રિવાયતમાં આવ્યું છે કે સાંભળનાર પણ વાત કરનાર સાથે શરીક હોય છે. કોઈ શાયરે આ ચીજને નીચેના શેઅરોમાં બયાન કરેલ છે :–

**(૧)** અતિ તથા કમીથી બચીને મધ્યમ માર્ગે ચાલવાની કોશિશ કરો અને શંકાવાળી બાબતોથી દૂર રહો.

**(૨)** આપણા કાનને બુરી વાતો સાંભળવાથી રોકેલા રાખો જેવી રીતે જીભને બુરી વાતચીતથી.

**(૩)** કેમ કે જો તમે શરીઅત વિરૂધ્ધ વાતો સાંભળશો તો યાદ રાખો કે તમને પણ કહેનારની સાથે શરીક સમજવામાં આવશે.

બુરી વાતો સાંભળવાથી પરહેઝ કરવાનું બીજું કારણ એ છે કે જો તમે તેને સાંભળશો તો દિલમાં વસવસા અને ખયાલો પેદા થશે, એ રીતે તમે ખયાલોમાં ડૂબી જશો અને આ સ્થિતિમાં અવશ્ય રીતે ઈબાદતમાં અસામાન્ય રુકાવટ ઉભી થશે.

વળી હે અઝીઝ ! તું જાણી લે કે જે વાતચીત ઈન્સાનના દિલ અને ઝબાન સુધી પહોંચે છે તેની ખાસિયત એવી છે કે જેવી રીતે પેટમાં અન્ન ! અને સૌ જાણે છે કે કેટલાંક ખાણા નુકસાનકર્તા અને કેટલાંક ફાયદાકારક હોય છે. કેટલાક ખાણા શરીરનો ખોરાક બને છે અને કેટલાંક ઝહેરની જેમ બુરી અસર ઊભી કરે છે, બરાબર એ જ પ્રમાણે સારી અને પાકીઝા વાતચીતથી ઈમાન તાજુ થાય છે અને બુરી વાતોથી મુર્દા થઈ જાય છે. બલ્કે અન્ન કરતાં વાતચીતની અસર અધિક તેજ હોય છે અને લાંબો સમય બાકી રહે છે, એટલા માટે કે નુકસાનકર્તા ખોરાક પેટમાંથી ઊંઘ વગેરે વડે નષ્ટ થઈ જાય છે અને કેટલીક વાર તેની અસર કેટલોક સમય બાકી રહ્યા બાદ ખત્મ થઈ જાય છે. જો અસર ન પણ જાય તો દવા થકી દૂર કરી શકાય છે, પરંતુ કેટલીક વાતો કેટલીક વખત દિલમાં એવી જામી જાય છે કે ભૂલાતી જ નથી. જો ખરાબ અને નાજાઈઝ હોય તો ઈન્સાનને હમેશાં તેનો ખયાલ ખરાબીમાં નાખી રાખે છે અને તેના લીધે દિલ વસવસાઓનું કેન્દ્ર બનતું રહે છે, જ્યારે કે દિલને એવા ખયાલોથી પાક રાખવું આવશ્યક હોય છે. એવા વસવસાઓથી દિલને મહફૂઝ રાખવાના માટે હક તઆલાની મદદ તલબ કરવી જોઈએ, કેમ કે કેટલીકવાર આ વસવસાઓ કોઈ બલા અને આફતમાં સપડાવી દે છે અને ઈન્સાનના એહસાસોને ફોગટમાં દખલ કર્યા કરે છે, એટલે સુધી કે બંદો એના સબબે કોઈ મોટી આફતમાં ફસાઈ જાય છે. પરંતુ જો ઈન્સાન પોતાના કાનોને ફુઝૂલ તથા અર્થહીન વાતો સાંભળવાથી મહફૂઝ રાખે તો ઘણી બધી આફતોથી આરામમાં રહે છે. અકલમંદે એના પર વિચાર કરવો જોઈએ.

## ત્રીજો વિભાગ

### ★ જીભના બયાન વિશે ★

વળી જીભની હિફાઝત તથા સંભાળ અને ફુઝૂલ તથા નિરર્થક બકવાસથી તેને દૂર રાખવી પણ આવશ્યક છે, કેમ કે વધારે પડતી સરકશી, હદથી બહાર નીકળવું અને સૌથી વધુ ફસાદો તથા નુકસાનો આ જ અંગ (જીભ) વડે અસ્તિત્વમાં આવે છે. હઝરત સુફયાન ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہથી મરવી છે

કે, મેં એકવાર દરબારે રિસાલતમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ મારા માટે સૌથી વધુ ખતરનાક અને નુકસાનદાયક કઈ ચીજને ઠેરવો છો ? તો હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ પોતાની જીભ મુબારક પકડીને ઈશારો કર્યો કે, "આને."

હઝરત યૂનુસ ઈબ્ને અબ્દુલ્લાહ કુદ્દેસ સિર્રહૂ ફર્માવે છે કે, મારો નફ્સ (જીવ) બસરા જેવા ગરમ શહેરમાં તીવ્ર ગરમીના દિવસોમાં રોઝો રાખવાની શક્તિ તો ધરાવે છે, પરંતુ ફુઝૂલ વાતો કરવાથી જીભને રોકવાની શક્તિ નથી ધરાવતો.

તો જાણવા મળ્યું કે જીભ સૌથી વિશેષ નુકસાનકર્તા અને ખતરનાક છે જેથી એની હિફાઝત ખૂબ જ જરૂરી છે અને એના પર કંટ્રોલ કરવાના માટે ઘણી કોશિશ તથા મહેનતની જરૂરત છે. અમે અહીં તેની સંભાળ માટેના ત્રણ ઉસૂલ વર્ણવીએ છીએ.

**પ્રથમ ઉસૂલ** : એ જે હઝરત સૈયદના અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી મરવી છે કે ઈન્સાન દરરોજ સવારે જ્યારે જાગે છે તો તમામ અંગો જીભને સંબોધીને તેને એ વાતની તાકીદ કરે છે કે દિવસે ઠીકઠાક અને સચ્ચાઈ પર કાયમ રહેજે અને બેહૂદા ફુઝૂલ બકવાસથી બચેલી રહેજે, કેમ કે જો તું ઠીક રહીશ તો અમે પણ ઠીક રહીશું અને જો તું અવળે રસ્તે ચાલીશ તો અમે પણ ઊંધે માર્ગે ચાલી નીકળીશું.

હું કહું છું કે આ વાતનો અર્થ એ છે કે જીભની સારી બુરી વાતો માણસના શરીરના સર્વ અંગો પર અસર ઊભી કરે છે. સારી વાતો તો ખુદા તઆલાની અધિક તૌફીક઼ની પ્રાપ્તિનો ઝરીયો બને છે અને બુરી વાતો ઝિલ્લત તથા ખુવારીનો સબબ બને છે. એના અનુસંધાનમાં હઝરત માલિક ઈબ્ને દીનાર رحمۃ اللہ علیہ થી નકલ થયેલ છે એ પણ આ અર્થનું સમર્થન કરે છે. આપ ફર્માવે છે :

"જ્યારે તમે તમારા દિલમાં કઠોરતા, શરીરમાં સુસ્તી અને રોજીમાં તંગી મહસૂસ કરો તો સમજી લો કે તમારાથી ક્યાંક ફુઝૂલ અને અર્થહિન વાતો નીકળી ગઈ છે જેનું આ પરિણામ છે.

**બીજો ઉસૂલ** : સમય ઘણી જ કિંમતી ચીજ છે એની ક઼દર કરવી ખૂબ જ

જરૂરી છે અને ઝિક્રે ઈલાહી સિવાય મોટાભાગના સમયમાં બંદાથી નિરર્થક અને બેકાર વાતો થઈ જાય છે અને તેમાં પડીને સમય વેડફાઈ જાય છે.

હઝરત હસ્સાન ઈબ્ને સનાન رحمۃ اللہ علیہથી મરવી છે કે આપ એક બે માળના મકાન પાસેથી પસાર થયા તો તેના માલિકને પૂછયું કે, "આ બે માળના મકાનને બનાવવાને કેટલો સમય પસાર થયો છે ?" આ પ્રશ્ન કર્યા બાદ આપ દિલમાં સખત શર્મિંદા થયા અને નફસથી સંબોધીને એવું ફર્માવ્યું, "હે ઘમંડી નફ્સ ! તું ફુઝૂલ તથા નિરર્થક સવાલોમાં કિંમતી સમયને વેડફે છે !" પછી **આ ફુઝૂલ સવાલના કફ્ફારામાં એક વરસ સુધી રોઝા રાખ્યા.**

એ લોકો કેટલા અંશે ખુશનસીબ છે જેઓ કિંમતી સમયની કિંમતને જાણીને તેની કદર કરે છે અને પોતાના નફ્સની ઈસ્લાહમાં વ્યસ્ત રહે છે અને કેટલા બદકિસ્મત તથા મૂર્ખ છે એ લોકો જેમણે જીભની લગામને ઢીલી કરી રાખી છે અને નિરર્થક બકવાસમાં મશગૂલ રહે છે. કોઈ શાયરે શું સરસ કહ્યું છે :

**(૧)** જ્યારે તમારુ દિલ દુન્યવી વિચારોથી ખાલી હોય અને રાહતમાં હોય તો એવા સમયને ગનીમત જાણો અને રાતના અંધકારમાં નફ્લોમાં મશગૂલ રહો.

**(૨)** અને કોઈ વખત જો નિરર્થક અથવા ખોટી વાત જીભથી નીકળવા લાગે તો જીભને એનાથી રોકી લો અને એના બદલે રબ તઆલાની તસ્બીહ તથા પાકી જીભ વડે અદા કરો.

**(૩)** કેમ કે નિરર્થક તથા બાતિલ વાતચીતથી ખામોશી જરૂરી છે, ભલે તમે કેટલાયે સાફ ઝબાન કેમ ન હોવ.

**ત્રીજો ઉસૂલ** : હિફાઝતવાળી જીભથી નેક અમલોની હિફાઝત થાય છે, કેમ કે જે શખ્સ જીભની સંભાળ નથી રાખતો બલ્કે દરેક સમયે વાતચીતમાં વ્યસ્ત રહે છે તો વિના કારણે તે શખ્સ લોકોની ગીબતમાં પડી જાય છે, મશહૂર કહેવત છે કે, વધુ બોલનાર વધુ ભૂલો કરો છે (વધારે ડાહ્યો વધારે ખરડાય !)

અને ગીબત નેક અમલોને એવી રીતે તબાહ કરે છે જેવી રીતે આસમાનની વીજળી, અને ગીબત કરનાર આદમીના અમલો એવી રીતે વેડફાય જાય છે જેવી રીતે તે મિનજિનીક (મોટા પથ્થરો ફેંકવાની ગિલોલ, એક પ્રકારની તોપ)માં

રાખીને પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દક્ષિણમાં ફેંકી દેવામાં આવે છે.

નકલ થયેલ છે કે હઝરત ઈમામ હસન બસરી رحمۃ اللہ علیہને કોઈ શખ્સે કહ્યું કે ફલાણા શખ્સે આપની ગીબત કરી છે. તો આપે ગીબત કરનારા શખ્સને ખજૂરોનો એક થાળ ભરીને રવાના કર્યો અને સાથે કહેણ મોકલ્યું કે, સાંભળ્યું છે કે તેં મને પોતાની નેકીઓ હદિયા તરીકે આપી છે જેથી મેં તેનો બદલો મોકલવાનું બહેતર જાણ્યું.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رحمۃ اللہ علیہની સામે કોઈકે ગીબતનો ઉલ્લેખ કર્યો તો આપે ફર્માવ્યું, "જો હું કોઈની ગીબત કરવાનુ દુરૂસ્ત જાણત તો મારી માંની ગીબત કરત કેમ કે સૌથી વિશેષ મારી નેકીઓની હકદાર એ જ છે."

નકલ થયેલ છે કે એક વખત હઝરત હાતિમ અસમ رحمۃ اللہ علیہની તહજ્જુદની નમાઝ જતી રહી તો આપની પત્નીએ આપને ટોકયા. આપે જવાબ આપ્યો કે ગઈ રાત્રે એક જમાઅત (ટોળી) આખી રાત નવાફિલમાં વ્યસ્ત રહી અને સવારે તેમણે મારી ગીબત કરી છે તો તેમની તે રાતની ઈબાદત કયામતના દિવસે મારા અમલોના ત્રાજવામાં રાખી દેવામાં આવશે.

**ચોથો ઉસૂલ** : જીભની સંભાળ રાખવાથી ઈન્સાન દુનિયાની આફતોથી સલામત રહે છે. હઝરત સુફયાન થૌરી رحمۃ اللہ علیہનું ફર્માન છે કે, "જીભથી એવી વાત ન કાઢો જેને સાંભળીને લોકો તમારા દાંત તોડી નાખે."

એક અન્ય બુઝુર્ગ ફર્માવે છે કે, પોતાની જીભને બેલગામ ન છોડો જેથી તમને કોઈ ફસાદમાં ફેંકી ન દે. એક અન્ય બુઝુર્ગ ફર્માવે છે :

**તર્જુમો** : પોતાની જીભની હિફાઝત કરો અને નિરર્થક વાતો ન કરો કેમ કે કેટલીવાર વાતચીત આફતમાં પડવાનો સબબ બની જાય છે.

અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رحمۃ اللہ علیہ ફર્માવે છે કે આ સામાન્ય અંગ કેટલીકવાર ખૂબ જ જલ્દી ઈન્સાનને હલાકતમાં નાખી દે છે.

(૨) નિઃશંક ! જીભ ઈન્સાનના દિલ માટે દલીલ છે ને વાતચીત કરનારાઓની બુધ્ધિનો અંદાઝ બતાવે છે.

ઈબ્ને અબી મુતીઅ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે :–

**(૧)** જીભ (તબાહ કરવા માટે) લાગમાં બેઠેલા સિંહની જેમ છે જે મોકો મળતાં તૂટી પડે છે.

**(૨)** એટલા માટે તેને ખામોશીની લગામ આપીને નિરર્થક વાતોથી બંધ રાખ એ રીતે તું ઘણી આફતો તથા બલાઓથી બચી જઈશ.

ઘણા બોલ એવા હોય છે કે જીભથી કાઢનારને કહે છે કે, "અમને જીભેથી બહાર ન કાઢ." અલ્લાહ તઆલા તમામ મુસલમાનોને જીભની આફતોથી બચાવે.

**પાંચમો ઉસૂલ** : જીભની હિફાઝત ન કરવાને લીધે આખેરતમાં ઈન્સાનને અઝાબમાં નાખવામાં આવશે એ અઝાબનો ખયાલ દિમાગમાં રાખવો જોઈએ અને જે આફતો ત્યાં એ કારણે ઉપસ્થિત થશે તેને યાદ રાખવામાં આવે અને એના અનુસંધાનમાં તમે એ મુદ્દો યાદ રાખો કે, તમે જે વાત કરો છો તે કયાં હરામ તથા નાજાઈઝ હશે અથવા ફુઝૂલ કે નિરર્થક. જો હરામ તથા નાજાઈઝ હશે તો એવી વાતચીત નિઃશંક ! દોઝખના અઝાબનો સબબ છે જેને સહન કરવાની શક્તિ ઈન્સાનમાં નથી. હુઝૂર નબીએ કરીમ ﷺની હદીષ મુબારક છે :–

"મેઅરાજની રાત્રે મેં એક કૌમ જોઈ જે મુરદાર ખાઈ રહી હતી. મેં જિબ્રઈલ علیہ السلામને પૂછયું, આ કોણ છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ તે લોકો છે જેઓ બીજાઓનો ગોશ્ત ખાતા હતા, એટલે કે તેમની ગીબત કરતા હતા."

અને એકવાર હુઝૂર નબી ﷺએ હઝરત મઆઝ رضی اللہ عنہને ફર્માવ્યું, "ઉલમા (આલિમો) અને તાલિબે ઈલ્મોની ગીબતથી જીભ બંધ રાખજો અને આમ લોકોને જીભ વડે પીસશો નહીં (એટલે ગીબત ન કરશો) જેથી કયામતના દિવસે દોઝખના કૂતરા તમને દાંતોથી ન ચાવે."

હઝરત અબૂ કતાદા رضی اللہ عنہએ ફર્માવ્યું, "ગીબતના કારણે ઈન્સાનનું દિલ હિદાયતથી હટી જાય છે અને વિરાનામાં ફેરવાય જાય છે."

આ વર્ણન તો નાજાઈઝ તથા હરામ વાતચીત વિશે હતું. હવે રહી મુબાહ એટલે નિરર્થક વાતચીત તો એ પણ ચાર કારણે ઠીક નથી :

**પ્રથમ કારણ** : એ છે કે અર્થહીન વગર કામની વાતચીત કિરામત કાતિબીનને લખવી પડે છે. તો માણસે જોઈએ કે તેમની શરમ રાખે અને ફુઝૂલ

લખવાની તેમને તકલીફ ન આપે. રબ તઆલાનો ઈર્શાદ છે :–

مَا يَلْفِظُ مِنْ قَوْلٍ اِلَّا لَدَيْهِ رَقِيْبٌ عَتِيْدٌ ﴿١٨﴾ ''બંદો કોઈ શબ્દ જીભથી નથી કાઢતો પણ તેને નોંધવા માટે એક નિગેહબાન તેની પાસે તૈયાર રહે છે. *(સૂરએ કહફ, ૫૦/૧૮)*

**બીજુ કારણ** : એ છે કે એ સારી વાત નથી કે નિરર્થક અને બેહૂદા વાતોથી ભરેલું આમાલનામુ રબ તઆલાની હુઝૂર પેશ કરવામાં આવે. આ વસ્તુને લઈને બંદાએ ફુઝૂલ વાતોથી બચવું જોઈએ. કેટલીક કિતાબોમાં આવેલ છે કે એક શખ્સે કોઈને ફુઝૂલ વાત કરતાં જોયો તો કહ્યું કે, તારા માટે ખરાબી થાય તારી આ સઘળી વાતો અલ્લાહ તઆલા સમક્ષ રજૂ થશે, તો પછી તું આવી વાતોશા માટે રજૂ કરી રહ્યો છે ?!

**ત્રીજુ કારણ** : એ છે કે બંદાને કયામતના દિવસે કહેવામાં આવશે કે તારા આમાલનામાને અલ્લાહ તઆલા સમક્ષ તમામ મખ્લૂકની રૂબરૂમાં પઢી સંભળાવ ! તે વખતે હશ્રની ખૌફનાક કઠણાઈઓ તેના સામે હશે, ઈન્સાન તરસની તકલીફથી મરી રહ્યો હશે, શરીરે કપડુ નહીં હોય, ભૂખે કમર બેવડ વળી ગઈ હશે, જન્નતમાં પ્રવેશવાથી રોકી દેવામાં આવી હશે, એવા હાલમાં પોતાના એવા આમલનામાને પઢવું જે ફુઝૂલ તથા બેહૂદા વાતચીતથી ભરેલું હોય એ કેટલું કઠણ કામ હશે ?! એટલા માટે જીભથી સારી વાત સિવાય કાંઈ ન કાઢવું જોઈએ.

**ચોથુ કારણ** : એ છે કે બંદાને ફુઝૂલ તથા નિરર્થક વાતો બદલ ધમકાવવામાં આવશે અને શરમિંદો કરવામાં આવશે અને બંદા પાસે એનો કોઈ જવાબ હશે નહીં અને અલ્લાહ તઆલા સમક્ષ શરમ તથા પસ્તાવાના કારણે માણસ પાણી પાણી થઈ જશે.

કેટલાક બુઝુર્ગોએ ફર્માવ્યું છે કે, તારી જીભને ફુઝૂલ વાતથી રોક ! કેમ કે એનો હિસાબ લાંબો હશે. જે શખ્સ નસીહતનો ચાહક છે તેના માટે આ ચાર ઉસૂલ પૂરતા છે અને અમારી કિતાબ 'અસ્રારે મુઆમલાતે દીન'માં આવા ઉસૂલો સંપૂર્ણ વિસ્તારપૂર્વક લખેલા છે. જો અધિક વિગતની જરૂરત હોય તો તેનો અભ્યાસ કરો અને તેમાં તમને દરેક ચીજનુ ભરપૂર બયાન મળશે.

# ચોથો વિભાગ

## ★ દિલના બયાન વિશે ★

વળી તમારા પર દિલની સંભાળ, તેની સુધારણા અને તેને દુરૂસ્ત રાખવાની કોશિશ કરવાનુ પણ જરૂરી છે. કેમ કે દિલનો મામલો અન્ય અંગોથી અધિક ખતરનાક છે અને તેની અસર અન્ય અંગોથી વિશેષ છે. તેને ઠીક કરવામાં વધુ સમય જાય છે અને તેની ઈસ્લાહ અધિક કઠિન છે અને તેનો હાલ ખૂબ મહેનત પડાવે તેવો છે. હું દિલની ઈસ્લાહના સંબંધે પાંચ સમૃધ્ધ ઉસૂલો બયાન કરું છું, જેના પર અમલ કરવાથી દિલની સફાઈ ઈન્શા અલ્લાહ ! સંપૂર્ણતઃ થઈ જશે.

**પ્રથમ ઉસૂલ** : અલ્લાહ તઆલા ફર્માવે છે :

يَعْلَمُ خَآئِنَةَ الْاَعْيُنِ وَمَا تُخْفِى الصُّدُوْرُ ''અલ્લાહ તઆલા ખયાનત કરનાર આંખો અને દિલના છુપાં રહસ્યોને જાણે છે.'' *(સૂરએ મોઅમિન, ૨૩/૧૯)*

وَاللّٰهُ يَعْلَمُ مَا فِىْ قُلُوْبِكُمْ ''જે કાંઈ તમારા દિલોમાં છે અલ્લાહ તઆલા તેનાથી બા ખબર છે.'' *(પારા–૨૨, સૂરએ અહઝાબ, રૂકૂઅ–૩, આયત–૫૧)*

اِنَّهٗ عَلِيْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ ''બેશક ! અલ્લાહ તઆલા દિલોનાં રહસ્યોને જાણે છે.'' *(સૂરએ હૂદ, ૧૧/૫)*

જુઓ અલ્લાહ તઆલાએ કુર્આન મજીદમાં કેટલીવાર આ વાતને દોહરાવીને વારંવાર કહી છે કે અલ્લાહ તઆલા સીનાઓના રાઝ (દિલના ભેદો)ને જાણે છે. અલ્લાહ તઆલાનું દિલોના ભેદોથી માહિતગાર હોવું એ જ ડરવા માટે પૂરતુ છે. કેમ કે અલ્લામુલ ગોયૂબની સાથે (છુપાયેલી વાતોના જાણનાર સાથે) મામલો ઘણો નાઝુક છે. એટલા માટે તમને ખબર હોવી જોઈએ કે, તમારા દિલોમાં કયા પ્રકારના રહસ્યો છે જેનાથી અલ્લાહ તઆલા બાખબર છે ? જો મઆઝલ્લાહ (અલ્લાહની પનાહ !) તમારા ખયાલો તથા ઈરાદાઓ ગંદા હોય તો તમારે શરમ કરવી જોઈએ !

**બીજો ઉસૂલ** : હુઝૂર નબીએ કરીમ ﷺ ફર્માવે છે :–

''અલ્લાહ તઆલા કેવળ તમારી જાહેરી સૂરતો અને ચામડીઓને નથી જોતો બલ્કે તે તમારા દિલોને પણ જુએ છે.''

આ મુબારક હદીષથી જાણવા મળ્યું કે, દિલ રબ્બુલ આલમીનની નજરનું સ્થાન છે. તો એ શખ્સ પર આશ્ચર્ય છે કે જે જાહેરી ચહેરાની કાળજી રાખે છે, અને ધુમાડા મેલ કચરાથી સાફ રાખે જેથી મખ્લૂક઼ (લોકો) તેના ચહેરાના કોઈ અયબથી ખબરદાર ન થાય, પણ દિલની સાવચેતી ન રાખે જે રબ્બુલ આલમીનની નજરનું મકામ છે. (જેના પર રબ તઆલાની કુદરતની નજર પહોંચે છે.) એવું હોવું જોઈતું હતું કે દિલને પાકીઝા રાખે, તેને શણગારે અને સાફ સુથરુ રાખે જેથી રબ્બુલ આલમીન તેમાં કોઈ અયબ ન જુએ. પરંતુ અફસોસ ! દિલ ગંદકી, પલીદી અને નાપાકીથી છલોછલ છે પણ જેના પર મખ્લૂકની નજર પડે છે તેના માટે તો કોશિશ કરવામાં આવે છે કે તેમાં કોઈ અયબ કે ખરાબી ન જોવામાં આવે.

**ત્રીજો ઉસૂલ** : દિલ એક બાદશાહની જેમ કે જેના હુકમનું પાલન કરવામાં આવે છે અને બાકીના અંગો પ્રજા સમાન છે કે તેઓ સૌ આ દિલની પયરવી કરે છે. જેથી જો સરદાર ઠીક હોય તો તેના તાબા હેઠળનાં પણ ઠીક હોય છે, એ જ રીતે જો બાદશાહ બરાબર હોય તો પ્રજા પણ બરાબર અને ઠીક હોય છે. આ બયાનનો ખુલાસો હુઝૂર علیہ الصلوٰۃ والسلامની નીચે દર્શાવેલ હદીષથી થાય છે. આપનો ઈર્શાદ છે :

''ઈન્સાનમાં માંસનો એક ટુકડો છે જો તે દુરૂસ્ત હોય તો આખુ શરીર દુરૂસ્ત થાય છે અને જો તે ખરાબ થાય તો આખુ શરીર ખરાબ થાય છે, સાંભળી લો ! તે દિલ છે.''

જ્યારે આખા શરીરની ઈસ્લાહ દિલની ઈસ્લાહ પર નિર્ભર છે તો દિલની ઈસ્લાહ અતિ જરૂરી છે.

**ચોથો ઉસૂલ** : દિલ બંદાના ઉમદા તથા શ્રેષ્ઠ ઝવેરાતોનો ખજાનો છે. આ શ્રેષ્ઠ ઝવેરાતોમાં સૌથી શ્રેષ્ઠ તથા ઉમદા જે છે તે ખુદાની મઅ્રેફત છે જે બંને જહાનની સઆદત (નેક બખ્તી)નો ઝરીયો છે અને તે ક઼લ્બી બસીરત (દિલી રોશની) જેના થકી ખુદાના દરબારમાં ઈન્સાનને મહાનતા તથા બુઝુર્ગી હાંસલ

થાય છે. વળી દિલથી તઅલ્લુક રાખનારી ઉમદા ચીજોમાંથી એક ઉમદા ચીજ ઈબાદતો તથા ફર્માબરદારીમાં નિય્યતે ખાલિસ (નિખાલસતાભરી નિય્યત) છે, જેની સાથે સવાબ તથા અજ્રનો સંબંધ છે.

એક ઉપરાંત દિલના સાથે સંકળાયેલ બાબતોમાં ઈલ્મો તથા હિકમતની વાતો છે જેનાથી ઈન્સાનને ફઝીલત, અઝમત અને ઈજ્જત હાંસલ થાય છે. અમે અમારી કિતાબ 'અસ્રારે મુઆમલાતે દીન'માં આ વાતને સંપૂર્ણ વિસ્તારપૂર્વક લખેલી છે.

તો જ્યારે દિલ આવા મોઘેરા અને બેહતરીન ઝવેરાતોનો ખજાનો છે તો એવા ખજાનાની દરેક પ્રકારના મેલ કચરાથી દરેક આફત અને ચોરો તથા ડાકૂઓ વગેરેથી તેની સંભાળ રાખવી જરૂરી છે. આ એવો ખજાનો છે જેની રક્ષા દરેક રીતે જરૂરી છે જેથી તેનાં અણમોલ મોતીઓ ખરાબ ન થાય અને ન કોઈ દુશ્મન એના પર કબજો કરી શકે.

**પાંચમો ઉસૂલ** : મેં દિલની હાલતો પર વિચાર કર્યો તો મને તેની પાંચ સ્થિતિઓ એવી મળી જે બીજા અંગોમાં જોવા મળતી નથી :

**(૧)** એ કે દુશ્મન દરેક વખતે એના પ્રતિ (દિલ તરફ) ધ્યાનિત છે અને તેને તબાહ કરવાનો નિશ્ચિય કરી બેઠેલો છે. કેમ કે શયતાન ઈન્સાનના દિલની સાથે દરેક સમયે લાગેલો રહે છે. દિલ ઈલ્હામ તથા વસવસા બંનેની મંઝિલ છે. શૈતાન અને ફરિશ્તો બંને એને પોતપોતાની દાવત આપવામાં લાગેલા રહે છે.

**(૨)** એની બીજી સ્થિતિ એ છે કે દિલની મસ્રૂફિયત (વ્યસ્તતા) ઘણી જ વધારે છે કેમ કે બુધ્ધિ તથા વાસના બંને પોતપોતાના લશ્કર એમાં દોડાવ્યા કરે છે, જાણે તે અક્કલ તથા વાસના (ઈચ્છાઓ) બંનેના લશ્કરોનું લડાઈનું મેદાન છે. આ રીતે દિલ બંનેના જંગ અને બંનેના મુકાબલાનું સ્થાન બનેલું રહે છે. તો જે સ્થાન બંને દુશ્મનો વચ્ચે હદની હયસિયત ધરાવે છે તેની સંભાળ અતિ જરૂરી બાબત છે.

**(૩)** તેની ત્રીજી હાલત એ છે કે તેના વિઘ્નો ઘણા પ્રમાણમાં છે એટલા માટે કે વસવસાઓ અને ખતરાઓ તીરોની માફક હમેશાં સતત તેના ઉપર પ્રહારો કર્યા કરે છે અથવા વરસાદની જેમ છે કે હમેશાં વરસ્યા કરે છે, કદી

અટકતાં નથી અને ઈન્સાનને એ તાકાત નથી કે તેને રોકે કે બંધ કરી શકે. અને દિલ કાંઈ આંખની જેમ નથી કે ખતરાના સમયે તેને બંધ કરી લેવામાં આવે અને સલામતીના સમયે ખોલવામાં આવે, ઉપરાંત આ દિલ કોઈ એકાંત સ્થળે પણ નથી અને ન તો રાતના અંધકારમાં છુપાયેલ છે કે દુશ્મન તેને જોઈ ન શકે. અને ન તો એ જીભની જેમ દાંતો તથા હોઠોની રક્ષા હેઠળ છે કે તેને બચાવી શકાય અને એને સલામત રાખી શકાય, બલ્કે દિલ તો ખતરાઓ અને વસવસાઓનુ નિશાન બનેલ છે અને તમારામાં એ ખતરાઓ તથા વસવસાઓને રોકવાની પૂરી શક્તિ નથી કે સાચા અર્થમાં તેની સંભાળ રાખી શકો, જેથી ખતરાઓ અને વસવસાઓને અધિક બળ મળતુ રહે છે. આ કારણે દિલથી સંબંધિત ખતરાઓનો સામનો સખત કોશિશ તથા મહેનત માગે છે અને ખતરાઓને દૂર કરવા માટે મહાન જિદ્દોજેહાદ અનિવાર્ય ચીજ છે.

**(૪)** એની ચોથી સ્થિતિ એ છે કે એનો ઈલાજ એ બિના પર પણ મુશ્કેલ છે કે એ ઈન્સાનની નજરથી ગાયબ છે, એના લીધે ખૂબ જ દૂર છે કે તમે એની આફતો અને એના માટે નુકસાનકર્તા ચીજોને પણ પારખી શકો અને તેનાથી માહિતગાર થઈ શકો. જેથી દિલની ઈસ્લાહને માટે લાંબા મુજાહિદાઓ અને કોશિશોની અને રિયાઝતોની જરૂરત છે.

**(૫)** તેની પાંચમી હાલત એ છે કે આફતો તેના ઉપર જલ્દીથી હુમલો કરી બેસે છે અને તે દરેક વખતે ઈન્કિલાબ અને તબદીલીના માટે તૈયાર છે. કેટલાક લોકોએ કહ્યું છે કે દિલ હાંડલીના ઉભરાવાથી પણ જલ્દી ઈન્કિલાબ (ક્રાંતિ)માં આવી જાય છે. કોઈ શાયરે કહ્યું છે :–

દિલનું નામ એટલા માટે કલ્બ (દિલ) રાખવામાં આવ્યું છે કે હરપળે અદલ બદલ થતુ રહે છે અને તેમાં વિવિધ રાયો (અભિપ્રાયો) ઉદ્ભવતી રહે છે.

વળી દિલ જો ઠોકર ખાઈ જાય તો તે ઘણી જ મોટી ઠોકર ગણાશે અને તેનું બગડી જવું ખૂબ પરેશાન કરનાર કામ ગણાશે એટલા માટે કે દિલની લગ્ઝિશ (ઠોકર ખાવું)નો અદના દરજ્જો સખ્તીપણુ અને ગૈરુલ્લાહની તરફ વળવુ છે અને એની લગ્ઝિશની અંતિમ કક્ષા એ છે કે એના પર કુફ્રની મોહર લાગી જાય છે. શું તમે હક્ તઆલાનો આ ઈર્શાદે ગિરામી નથી સાંભળ્યો ?!

اَبٰى وَاسْتَكْبَرَ ۫ وَكَانَ مِنَ الْكٰفِرِيْنَ "ઈબ્લીસે સિજદાથી ઈન્કાર કરી દીધો અને તકબ્બુરનો માર્ગ અપનાવ્યો અને કાફિરોમાંથી થઈ ગયો." *(સૂરએ બક઼રહ,૨/૩૪)*

તેના દિલમાં ઘમંડ હતો જેના લીધે તે ખુદાના હુકમનો મુન્કિર (ઈન્કારી) અને કાફિર થઈ ગયો.

બીજે ઠેકાણે ઈર્શાદ ફર્માવ્યો :–

وَلٰكِنَّهٗۤ اَخْلَدَ اِلَى الْاَرْضِ وَاتَّبَعَ هَوٰىهُ "પરંતુ એ તો જમીન સાથે ચીપકાઈ ગયો અને પોતાની ઈચ્છાનો આજ્ઞાંકિત બની ગયો." *(સૂ. અઅ્રાફ઼, ૭/૧૭૬)*

જેથી ગુનાહો તરફ ઝુકાવ અને ખ્વાહિશોની પયરવી એના દિલમાં હતી જેના લીધે તે એક મનહૂસ ગુનાહ માટે તૈયાર થઈ ગયો. કુર્આન મજીદમાં આવેલ છે કે :–

وَنُقَلِّبُ اَفْـِٕدَتَهُمْ وَاَبْصَارَهُمْ كَمَا لَمْ يُؤْمِنُوْا بِهٖۤ اَوَّلَ مَرَّةٍ وَّنَذَرُهُمْ فِىْ طُغْيَانِهِمْ يَعْمَهُوْنَ

"અને અમે તેમનાં દિલો અને આંખોને ઉલ્ટાવી દઈશું તો જેવી રીતે આ કુર્આન પર પ્રથમવાર ઈમાન ન લાવ્યા એ જ રીતે ફરી પણ ઈમાન લાવશે નહીં અને અમે તેમને છોડી દઈશું કે પોતાની સરકશીમાં ભટકતા ફરે."

*(સૂરએ અન્આમ, ૬/૧૧૦)*

હે અઝીઝો ! ખુદાના ખાસ બંદાઓ એ જ કારણે દિલના મામલામાં અતિશય સાવધાન રહે છે અને ગિર્યાઓ ઝારીમાં વ્યસ્ત રહે છે અને પોતાની પૂરી કોશિશ એની ઈસ્લાહ તથા દુરુસ્તીમાં ખર્ચી કાઢે છે. કુર્આન શરીફ઼માં આવેલ છે :

يَخَافُوْنَ يَوْمًا تَتَقَلَّبُ فِيْهِ الْقُلُوْبُ وَالْاَبْصَارُ "અને તેઓ તે દિવસથી ડરે છે જે દિવસે ભય તથા ડરને લીધે દિલ તથા આંખો પલ્ટાઈ જશે. *(સૂ. નૂર, ૨૪/૩૭)*

અલ્લાહ તઆલા આપણને સૌ મુસલમાનોને ઈબ્રત પકડનારાઓ, હિદાયત પામેલા લોકો અને દિલની ઈસ્લાહ માટે કોશિશ કરનારાઓમાં સામેલ ફ઼ર્માવે. وَهُوَ اَرْحَمُ الرّٰحِمِيْنَ

## ★ દિલની ઈસ્લાહ કરવાની રીત ★

**સવાલ** : બેશક ! દિલની ઈસ્લાહનો મામલો ખૂબ જ અહમ છે જેથી

અમને તે ચીજો બતાવો જેને અપનાવવાથી એની ઈસ્લાહ થઈ શકે છે અને તે આફતો તથા તબાહીઓ (ખતરાઓ)નો પણ નિર્દેશ કરી આપો જે દિલની ખરાબીનો સબબ છે. શક્ય છે કે અલ્લાહ તઆલા એના પર અમલ કરતા થવાની અમને પણ તૌફીક આપી દે. એ રીતે અમે આપના દર્શાવેલા ઉસૂલોની રોશનીમાં દિલની ઈસ્લાહ કરી શકીએ.

**જવાબ :** દિલની ઈસ્લાહના સબબો તથા ઝરીયાઓની વિગત ઘણી વિસ્તૃત છે એને આ સંક્ષિપ્ત કૃતિમાં સમાવવી શક્ય નથી. ઉલમાએ આખેરતે દિલની ઈસ્લાહની વિગત દર્શાવતાં એક અગત્યના મુદ્દા પ્રતિ ઈશારો કર્યો છે અને તેમણે દિલને દુરૂસ્ત કરનારી નેવુ (૯૦) સારી ખાસિયતો અને એટલી જ સંખ્યામાં બુરી ખાસિયતો બયાન કરી છે જે દિલના ફસાદના સબબો છે. પછી ઈસ્લાહને લગતા ફેઅલો તથા કામો અને એના પ્રતિ કોશિશ કરવાનો તરીકો અને બચવાની બાબતોને સવિસ્તાર વર્ણન કરી છે. જો કે દિલથી સંબંધિત બહષો જાહેરી રીતે લાંબી માલૂમ પડે છે પણ ખુદાની કસમ ! જે શખ્સ દીનની અહમિયત (મહત્વતા)થી વાકેફ છે, ગાફેલોની જેમ ગફલતની નિંદ્રામાં પોઢેલો નથી બલ્કે જાગૃત છે એન પોતાની ભલાઈના વિષયમાં વિચાર ચિંતન કરતો રહે છે, તો એવો શખ્સ અલ્લાહ તઆલાની તૌફીક તથા મદદથી આ તમામ વિગતોને જાણવા અને એના પર અમલ કરવા માટે વધારે તસવ્વુર (ખયાલ) કરશે નહીં.

અને એ વિગતોનો કાંઈક અમુક હિસ્સો અમારી કિતાબ 'અહયાઉલ ઉલૂમ'ના પ્રકરણ 'શરહે અજાઈબે કલ્બ'માં વર્ણન કર્યો છે, પરંતુ સંપૂર્ણ વિગત તથા ઈલાજની પદ્ધતિ વગેરેનું બયાન અમે અમારી કિતાબ 'અસ્રારે મુઆમલાતે દીન'માં કર્યુ છે અને તે એક સંપૂર્ણ કિતાબ છે જે મહાન ફાયદાઓ ધરાવે છે.

પરંતુ આ તફસીલવાર વર્ણનોથી પ્રખર તથા અડગ ઉલમા (આલિમો) જ પૂરોપૂરો ફાયદો ઉઠાવી શકે છે અને અને આ કિતાબ મિન્હાજુલ આબિદીનમાં અમે તે વર્ણન પદ્ધતિ અપનાવી છે જેનાથી દરેક શરૂઆત કરનારો કે પહોંચી ગયેલો અને મજબૂત તથા કમજોર લાભ ઉઠાવી શકે, એટલે કે આ કિતાબમાં અમે અધિક ગહરાઈ બારીકીમાં નથી ગયા.

જ્યારે અમે એ ઉસૂલો પર વિચાર કર્યો જે કલ્બના ઈલાજના વિષયમાં

કામ આવે છે અને જેની ઘણી જ જરૂરત છે અને કોઈ પણ શખ્સ એનાથી બેપરવા (બેનિયાઝ) નથી થઈ શકતો, તો ચાર ઉસૂલ અમારી સમક્ષ આવ્યા. એ જ રીતે દિલમાં ફસાદ પેદા કરનારી પણ ચાર બાબતો અમારી સામે આવી જે આબિદોના માટે સખત ગુંચવણ ઊભી કરનારી અને મુજાહિદા કરનારાઓ માટે આફત બનેલી છે, દિલોના માટે ફિત્નો, નફ્સના માટે બલા અને ઈસ્લાહના માર્ગે આડ ઊભી કરનારી છે, ઉપરાંત દિલોને અયબદાર અને બરબાદ કરનારી છે અને એના મુકાબલામાં ચાર બીજી ચીજો છે જેનાથી ઈબાદતના મામલામાં સમતોલ વ્યવસ્થા જળવાઈ રહે છે અને તે દિલની ઈસ્લાહ કરનારી છે.

ફસાદે કલ્બ (દિલને બગાડનાર) આ ચાર ચીજો છે :–

(૧) દુનિયાની ઉમ્મીદો (૨) ઈબાદતમાં ઉતાવળ (૩) ઈર્ષા (૪) ઘમંડ

એના મુકાબલામાં ઈસ્લાહ કરનારી આ ચાર ચીજો છે :–

(૧) ઉમ્મીદો કમ કરવી (૨) મામલાઓમાં સંયમ તથા ધીરજ (૩) લોકો સાથે ભલાઈ (૪) ખુશૂઅ અને નમ્રતા સાથે વહેવાર કરવો.

આ તે આઠ ચીજો છે જેની સાથે દિલની ઈસ્લાહ અથવા ખરાબી સંબંધિત છે અને એના પર જ બનવા તથા બગડવાનો દારોમદાર છે એટલા માટે ફસાદના સબબોથી બચો અને દિલને ફાયદાકારક વાતોને અપનાવો જેથી આખેરતની તકલીફોથી મહફૂઝ રહો, અને પોતાના ધ્યેયને પામી શકો. હું તમારી સમક્ષ ટૂંકમાં પણ પરિપૂર્ણ તરીકાથી એ આફતોનો ખુલાસો કરું છું.

## ★ તૂલે અમલ (લાંબી લાંબી ઉમ્મીદો)નું વર્ણન ★

લાંબી આશાઓ નેકી તથા ફર્માબરદારીના માર્ગે આડ છે તેમજ દરેક ફિત્ના અને બુરાઈનો સબબ છે. લાંબી આકાંક્ષાઓમાં પડી જવાથી એક લાઈલાજ બીમારી થઈ જાય છે જે લોકોને અન્ય ઘણીએ વિવિધ બીમારીઓમાં નાખી દે છે. હે અઝીઝ ! જ્યારે તું લાંબી ઉમ્મીદોમાં ફસાઈ જાય તો તેનાથી ચાર ચીજોમાં વૃધ્ધિ થશે.

પહેલી ફર્માબરદારી છોડવામાં સ્ફૂર્તિ અને તેને અદા કરવા સુસ્તીનો વધારો થશે અને ઈબાદત અને નેકી કરવાના સમયે તમે તમારા દિલમાં કહેશો કે, હજી

થોડીવાર પછી કરીશ ! હજી ઘણો સમય છે, ઈબાદતનો સમય જવા નહીં દઉં ! હઝરત દાઉદ તાઈ (رضي الله عنه)એ તદ્દન સાચુ ફર્માવ્યું :

"જે અલ્લાહ તઆલાની વઈદ (ધમકી)થી ડરે છે તે દૂરને પણ નજીક સમજે છે અને જે લાંબી ઉમ્મીદોમાં અટવાઈ જાય છે તે બદઅમલીનો શિકાર થઈ જાય છે."

હઝરત યહ્યા ઈબ્ને મઆઝ રાઝી (رضي الله عنه) એ ફર્માવ્યું :–

"દુનિયાની ઉમ્મીદો ઈન્સાનને દરેક નેક કામથી અલગ કરી દે છે અને લોભ તથા લાલચ દરેક હક્ક્ (સચ્ચાઈ)થી માણસને રોકી દે છે અને સબ્ર દરેક ભલાઈ પ્રતિ દોરે છે, નફ્સે અમ્મારા દરેક બુરાઈ (શર)ની તરફ બોલાવે છે."

બીજી ચીજ જેનાથી મોટી મોટી ઉમ્મીદોમાં વધારો થાય છે એ તૌબાનો તર્ક (ત્યજવુ) છે. લાંબી આશાઓના મીનારા બાંધવાને લીધે ઈન્સાન તૌબા કરવાથી પીછેહઠ કરવા લાગે છે અને દિલમાં કહે છે કે, પછી તૌબા કરી લઈશું, હજી ઘણો સમય પડયો છે, હજી તો હું યુવાન છું, હજી તો હું ઓછી ઉમરવાળો છું, તૌબા કરવું મારા ઈખ્તિયારમાં છે તો જ્યારે ચાહીશ ત્યારે કરી લઈશ ! આ પ્રમાણે બેહૂદા ખયાલોમાં પડી જાય છે અને હાલત સુધરતાં પહેલાં જ મૌત આવીને તેનો કોળિયો કરી જાય છે અને તે દુનિયા તથા આખેરતના નુકસાનમાં પડી જાય છે.

ત્રીજી ચીજ માલ જમા કરવાની લાલચ છે જે મોટી મોટી ઉમ્મીદોને પણ ચઢી જાય છે. આ લાલચના નશામાં ઈન્સાન આખેરતથી ગાફેલ થઈ જાય છે અને દુનિયાની ગરબડોમાં ડૂબી જાય છે અને લાલચમાં ફસાઈને પોતે પોતાને આ પ્રમાણે કહે છે કે, કદાચ હું વૃદ્ધાવસ્થાએ પહોંચતાં મોહતાજ થઈ જાઉં અને વૃદ્ધાવસ્થાની કમજોરીના સબબે કદાચ ખુદ કમાઈ ન શકુ જેથી મારી પાસે વધારાનો જથ્થો હોવો જરૂરી છે જેથી બીમારી કે ઘડપણમાં કે તંગદસ્તીના સમયે કામ આવી શકે. આ પ્રકારના હજારો ખયાલો તેને દુનિયાની લાલચ પ્રતિ અધિક ખેંચતા રહે છે. આવો ઈન્સાન ખાવા પીવાની ચીજોની ખૂબ જ વ્યવસ્થા કરે છે, કદીક કહે છે કે હું શું ખાઉં ? ક્યારેક કહે છે કે શું પીઉં ? ક્યારેક

પોશાકની ફિકર હોય છે, ક્યારેક કહે છે કે ગરમી ઠંડી માથા પર છે અને મારી સાથે કોઈ ચીજ નથી. ક્યારેક એવું વિચારે છે કે કદાચ મારી વય લાંબી હોય અને આખરી ઉંમરે પહોંચતાં ગરીબ થઈ જાઉં અને પાછલી વયે મોહતાજી વધારે આવે છે એવા નાઝુક સમયે કાંઈ ન કાંઈ પાસે હોવું જરૂરી છે જેથી તે વખતે લોકો પાસે માગવાનો વારો ન આવે.

આ અને આવા જાતજાતના અગણિત ખયાલો તેને દુનિયા પાછળ દોડવા અને સામાન હોવા છતાં કંજૂસાઈ કરવા અને અધિક ભેગુ કરવા માટે પ્રોત્સાહિત કરતા રહે છે. આ બેહુદા ખયાલોની ઓછામાં ઓછી અસર એ થાય છે કે એવો માણસ દુનિયાની ઉમ્મીદોમાં ફસાઈ જાય છે. તેની કિંમત જિંદગી અને તેનો પ્રિય સમય આ ઉમ્મીદોને ભેટ ચઢી જાય છે. ફાયદા વગરના ગમ અને નિરર્થક ચિંતાઓ લાગુ પડી જાય છે. હઝરત અબૂઝર ગિફારી رضی اللہ عنہથી મરવી છે :–

"આવનાર દિવસોની ફિકરે મને પરેશાન કરી રાખ્યો છે ! કોઈએ અર્ઝ કરી કે એ કેવી રીતે ? તો આપે ફર્માવ્યું કે મારી લાંબી ઉમ્મીદો મારા મોતથી આગળ નીકળી ગઈ છે !"

ચોથી ચીજ 'દિલની કઠણાઈ' અને 'આખેરતથી ગફલત' છે કે જેમાં લાંબી લાંબી આકાંક્ષાઓથી વધારો થાય છે. કેમ કે જ્યારે ઈન્સાનના દિલમાં એશો આરામ પામવાની ઉમ્મીદો વસી જાય છે તો મૌત ભૂલાઈ જાય છે, કબર યાદ નથી રહેતી. હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہથી મરવી છે :

"તમારું બે ચીજોમાં સપડાઈ જવાનો મને ખૂબ જ પ્રમાણમાં ડર છે, એક લાંબી લાંબી ઉમ્મીદો બીજી ખ્વાહિશોની પયરવી. લાંબી ઉમ્મીદો તો આખેરતને ભૂલાવી દે છે અને ખ્વાહિશોની પયરવી ઈન્સાનને હક્કથી રોકી દે છે."

લાંબી લાંબી તમન્નાઓનો શિકાર થાય બાદ ઈન્સાનની નજરમાં સૌથી અહમ (મહત્વાની) અને એના ધ્યાનનું કેન્દ્ર દુનિયા અને દુનિયામાંના એશ આરામ, સુખ સગવડના સાધનો બની જાય છે. લોકો સાથે મેલજોલ અને હળવા ભળવાનો પ્રભાવ એના પર આવી જતાં ઈન્સાનના દિલ પર સખતાઈ છવાઈ જાય છે. કેમ કે નરમી અને દિલની સફાઈ તો મોતને યાદ રાખવાથી તથા કબરની ભયાનકતા તથા એકાંતને નજરો સમક્ષ રાખવાથી અને આખેરતના સવાબ તથા

અઝાબ અને ત્યાંના ભયંકર દશ્યો તથા પ્રસંગોને યાદ રાખવાથી થાય છે અને જ્યારે એમાંની કોઈપણ વાત ન હોય તો સફાઈ કેવી રીતે આવી શકે છે ? અલ્લાહ તઆલા ફર્માવે છે :–

فَطَالَ عَلَيۡهِمُ الۡاَمَدُ فَقَسَتۡ قُلُوۡبُهُمۡ "એમને જીવતાં રહેવામાં લાંબો કાળ પસાર થઈ ગયો તો એમનાં દિલ સખત થઈ ગયાં." *(સૂરએ હદીદ, ૫૭/૧૬)*

તો જેમ જેમ ઉમ્મીદો લાંબી થતી જશે તેમ તેમ ફર્માબરદારીનો જઝબો કમ થતો જશે, તૌબાનો ખયાલ દિલથી નીકળી જશે, ગુનાહોની ભરમાર થઈ જશે, લોભ વધી જશે, દિલ સખત થઈ જશે અને પોતાનો અંજામ તદ્દન ભૂલી જશે અને જો અલ્લાહ તઆલાની રહમત તેના પર ન થઈ તો એવા શખ્સની આખેરત બરબાદ થઈ જશે. તો એનાથી વધુ બદહાલી અન્ય શું હશે અને એનાથી મોટી આફત અને બલા અન્ય શી હશે ? અને આ સર્વ ખરાબીઓ મોટી મોટી ઉમ્મીદોના સબબે પેદા થઈ જેથી પોતાની ઉમ્મીદોને નાની રાખો અને પોતાની જાનને મૌતની નજીક સમજો, પોતાના સગાસંબંધીઓ અને સાથીઓનો હાલ યાદ કરો જેમને મૌતે એવા સમયે આવીને પકડયા જ્યારે કે તેમને કોઈ વહેમ કે ગુમાન ન હતું અને કદાચ તમારો પણ એવો જ હાલ થાય અને પોતાના મગરૂર (ઘમંડી) નફ્સને ખુદા તઆલાના અઝાબથી ડરાવો અને ઔફ ઈબ્ને અબ્દુલ્લાહનો આ કૌલ યાદ કરો :

"કેટલા એવા છે જેઓ સવાર તો જુએ છે પણ સાંજ ઢળતાં પહેલાં મોતના ખોળે ચાલ્યા જાય છે અને કેટલાયે આવનારી કાલના ઈન્તેઝારમાં હોય છે પણ તે તેમને નસીબ નથી થતી."

જો તમને સાચે જ મૌત અને તેની સખ્તીઓનો એહસાસ હોત તો તમે લાંબી આકાંક્ષાઓ અને તેના પ્રપંચોથી જરૂર નફરત કરત. તમે હઝરત ઈસા علیہ السلام નો કૌલ નથી સાંભળ્યો ? આપે ફર્માવ્યું છે કે, "દુનિયા ત્રણ દિવસની છે : એક તે જે જતો રહ્યો તેનું કાંઈ પણ તારા કબજામાં નથી, એક આવનારી કાલ જેના વિશે કોઈ માહિતી નથી કે તને નસીબ થાય કે ન થાય, અને એક આજનો દિવસ જેમાં તમે મૌજૂદ છો, તો એને (આજને) ગનીમત જાણો."

તદ્ ઉપરાંત શું તમે હઝરત અબૂ ઝર ગિફારી رضي الله عنهનો આ કૌલ નથી સાંભળ્યો ? આપે ફર્માવ્યું કે, ''દુનિયા કેવળ ત્રણ ઘડીની છે : એક તે ઘડી જે ગુજરી ગઈ અને એક તે જેમાં અત્યારે છો અને ત્રીજી તે જે કદાચ તમને નસીબ થાય કે ન થાય.''

તો હકીકતમાં તમારા હાથમાં કેવળ એક જ ઘડી છે. મારા શયખ કુદ્દેસ સિર્રહૂનો ઈર્શાદ છે કે, ''દુનિયા ત્રણ શ્વાસની છે. એક જે જતો રહ્યો તેમાં તમે જે અમલ કરી લીધો, કરી લીધો. અને એક તે જે હવે તમે લઈ રહ્યા છો અને એક આવનાર જેને પામવાની કોઈ ખબર નથી. કેમ કે એવા શ્વાસ લેનારા પણ છે જેમને મૌતે બીજો શ્વાસ લેવાની મોહલત ન આપી.''

જેથી સાચા અર્થમાં તો ઈન્સાન એક જ શ્વાસનો માલિક છે, એક દિવસ કે આખી એક ઘડીનો પણ નથી માટે તેણે તે એક શ્વાસ દરમિયાન તાઅત (ફર્માબરદારી) તથા ઈબાદત અંજામ આપવામાં પાછી પાની ન કરવી જોઈએ, ક્યાંક એવું ન બને કે એ પણ ચાલી જાય. અને તૌબા કરવામાં પણ જલ્દી કરો, એવું ન બને કે સમય હાથથી નીકળી જાય અને મૌત આવનારા શ્વાસ સુધીની મોહલત ન આપે, આવનારી ઘડીના માટે રોજીની ફિકર ન કરો કદાચ આગલી ક્ષણ સુધી જિંદગી સાથ આપે કે ન આપે, અને ફોગટમાં રોજીની ચિંતામાં રહી એ સમય પણ વેડફાઈ જાય અને કોશિશ બેકાર જાય, પરંતુ ઈન્સાન રોજીની દોડધામમાં વ્યસ્ત થઈને પોતાનો કિંમતી સમય ગુમાવી દે છે. શું તમને હુઝૂર નબીએ કરીમ ﷺનું એ ફર્માન યાદ નથી, જે આપે હઝરત ઓસામહ ઈબ્ને ઝૈદ رضي الله عنه વિશે ફર્માવ્યું :

''હે લોકો તમે ઓસામાહ્ પર આશ્ચર્ય નથી કરતા જે એક મહિના માટે ખરીદી રહેલ છે. બેશક ! ઓસમાહ્ લાંબી ઉમ્મીદોનો શિકાર થઈ ગયો છે ! ખુદાની કસમ ! મેં જ્યારે જમીન પર કદમ રાખ્યો તો મારુ એ જ ગુમાન હતું કે શાયદ ઉઠાવતાં પહેલાં જ મૌત આવી જાય અને મેં જ્યારે પણ મોઢામાં લુકમો નાખ્યો તો એ જ ગુમાન હતું કે કદાચ ગળા નીચે ઉતારવાનું નસીબ ન થાય. એ ઝાતની કસમ ! જેની કુદરતના તાબા હેઠળ મારી જાન છે, બેશક ! જે વાતોનો તમને વાયદો કરવામાં આવી રહ્યો છે, તે જરૂર થઈને રહેશે, અને તમે અલ્લાહ

તઆલાને આજિઝ તથા લાચાર નથી કરી શકતા."

હે અઝીઝ ! જ્યારે તું આ વાતોને યાદ રાખીશ અને હમેશાં તારા માનસ પર આ વાતો મૌજૂદ રહેશે તો ખુદાના હુકમથી તારી ઉમ્મીદો તંગ થઈ જશે, ત્યારે તારો નફ્સ ફર્માબરદારી તરફ જલ્દીથી પ્રેરાશે અને જલ્દીથી તૌબા કરવાનો ખયાલ તારામાં જાગી ઉઠશે. તૌબાથી ગુનાહો ખરી જશે અને તને દુનિયાથી નફરત થઈ જશે અને આખેરતમાં હિસાબમાં આસાની પેદા થઈ જશે અને ત્યાં પસ્તાવો નહીં થાય. તારું દિલ આખેરત અને ત્યાંના ભયાનક દ્રશ્યોમાં ધ્યાન મગ્ન રહેશે, તારા નફ્સની હાલત બદલાઈ જશે. આ રીતે તમે એક એક કરીને આખેરતની સ્થિતિઓનો તમારા દિમાગમાં અભ્યાસ કરતા રહેશો તો તમારામાંથી દિલની સખ્તાઈ દૂર થઈ જશે અને કઠણાઈને બદલે દિલમાં નરમાશ અને સફાઈ પેદા થઈ જશે અને આ રિક્કત તથા સફાઈની બરકતથી તમારા દિલમાં અલ્લાહ તઆલાનો ડર અને ભય પેદા થઈ જશે અને એ રીતે ઈબાદતમાં અડગતા નસીબ થઈ જશે અને પોતાની આખેરતમાં કામયાબીની ઉમ્મીદ મજબૂત થઈ જશે. આ સર્વ કાંઈ અલ્લાહ તઆલાના ફઝ્લથી ઉમ્મીદો ઘટાડવાથી થશે.

રિવાયત છે કે, કોઈ શખ્સે હઝરત ઝર્રારા ઈબ્ને ઔફા رضي الله عنه ને તેમની વફાત બાદ ખ્વાબમાં જોયા તો તેમને પૂછયું, "હે બરઝખમાં વસનારાઓ ! તમારી દ્રષ્ટિએ કયો અમલ શ્રેષ્ઠ છે ?" તો આપે જવાબ આપ્યો, "અલ્લાહને રાજી કરવો અને ટૂંકી ઉમ્મીદો કરવી."

હે અઝીઝ ! તું પણ તારા હાલ પર નજર કર અને આ ઉચ્ચ મકામ પ્રાપ્ત કરવાની કોશિશ કર, કેમ કે મોટી મોટી આશાઓ કરવાથી બચવું ઘણી નેકીની વાત છે જેનાથી દિલ તથા નફ્સની ઈસ્લાહ થાય છે.

## ★ બીજી આફ્ત ઈર્ષા ★

બેશક ! હસદ (ઈર્ષા, અદેખાઈ) નેકીઓને તબાહ કરે છે અને ગુનાહો કરવા પ્રેરે છે. આ ઘણી ખરાબ બીમારી છે જેમાં મોટા મોટા ઉલમા તથા કુર્રા (કારીઓ) સપડાયેલા છે. તો પછી સામાન્ય લોકો તથા જાહિલોની તો વાત જ શું કરવી ! આ હસદે લોકોને હલાક કરી નાખ્યા અને દોઝખની આગમાં ફેંકી દીધા.

શું તમે નબીએ કરીમ ﷺનો આ ઈર્શાદ કદી સાંભળ્યો ? આપે ફર્માવ્યું છે :–

"છ પ્રકારના લોકો છ કારણે દોઝખમાં જશે : (૧) અરબ પક્ષપાતના કારણે (૨) ઉમરાવો જુલમના કારણે (૩) ચૌધરીઓ તકબ્બુરના લીધે (૪) વેપારીઓ ખયાનત અને બદદિયાનતીના લીધે (૫) ગામડિયાઓ (ગમાર લોકો) જેહાલતના લીધે અને (૬) ઉલમા (આલિમો) ઈર્ષાના વાંકે."

બેશક ! જે આફત આલિમોને પણ દોઝખમાં લઈ જવાનો સબબ છે એનાથી બચવું ઘણુ જ જરૂરી છે.

હે અઝીઝ ! જાણી લે કે હસદથી પાંચ ખરાબીઓ જન્મ લે છે :–

(૧) તાઅત (ફર્માબરદારી)માં ખરાબી રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "હસદ નેકીઓને એવી રીતે બર્બાદ કરે છે જેવી રીતે આગ સૂકી લાકડીઓને સળગાવી દે છે."

હસદથી બીજી ચીજ જે જન્મ લે છે કે તે ગુનાહ અને બુરાઈઓ છે. હઝરત વહબ ઈબ્ને મુનબ્બિહ ફર્માવે છે કે, ઈર્ષાળુની ત્રણ નિશાનીઓ છે : "જ્યારે સામે આવે છે તો ચાપલૂસી કરે છે અને પીઠ પાછળ ગીબત કરે છે, જ્યારે બીજા પર મુસીબત આવે છે તો ખુશ થાય છે."

હું કહું છું કે, હસદની બુરાઈની સૌથી મોટી સાબિતી એ છે કે, અલ્લાહ તઆલાએ આપણને હસદખોરોની બુરાઈથી પનાહમાં રહેવાનો હુકમ આપ્યો છે. જેમ કે, ખુદા તઆલાએ ફર્માવ્યું છે.

وَمِنۡ شَرِّ حَاسِدٍ اِذَا حَسَدَ "અને ઈર્ષાળુઓની બુરાઈથી પનાહમાં રાખ જ્યારે તેઓ ઈર્ષા કરવા પર ઉતરી આવે." *(પારા–૩૦, સૂરએ નાસ)*

અલ્લાહ તઆલાએ ઈર્ષાની બુરાઈને શૈતાન અને જાદુગરની સાથે મિલાવીને બયાન કરી અને ફર્માવ્યું, આ સૌથી પનાહ માગો. તો વિચાર કરો કે, ઈર્ષા કેટલો ખરાબ ફિત્નો છે અને એની બુરાઈ કેટલી મોટી છે. એણે જ ફર્માવ્યું કે, એનાથી બચવાના માટે મારાથી મદદ તલબ કરો અને મારી પનાહમાં આવો.

ઈર્ષાથી ત્રીજી ચીજ બેચૈની અને નિરર્થક ગમ તથા ચિંતા લાગુ પડી જાય છે. બલ્કે ફિકર ચિંતા સાથે તબીયત પર બોજો આવે છે અને ગુનાહ તરફ ખેંચાણ

પણ થાય છે. હઝરત ઈબ્ને સમાક (رضی اللہ عنہ)એ ફર્માવ્યું છે :–

"મેં ઈર્ષાળુ સિવાય કોઈ જાલિમને મઝલૂમ (જેના પર જુલ્મ થાય તે) સાથે અધિક મળતો આવતો હોય એવો નથી જોયો. બીચારો દરેક સમયે ઉદાસ રહે છે, પરેશાન હાલતમાં રહે છે અને દરેક સમયે ફિકર ચિંતામાં રહે છે.

અદેખાઈથી ચોથી ખરાબી એ ઉદ્ભવે છે કે, દિલ આંધળુ થઈ જાય છે એટલે સુધી કે અલ્લાહ તઆલાના કોઈ હુકમને સમજવાની શક્તિ નષ્ટ થઈ જાય છે. હઝરત સુફયાન ષૌરી (رضی اللہ عنہ) ફર્માવે છે :

"હમેશાં ખામોશ રહેવાનું ઈખ્તિયાર કર કે, એનાથી તારી અંદર વરઅ (તક્વાથી ઉપરની મંઝિલ) પેદા થશે. લાલચી ન બન જેથી ફિત્નાઓથી મેહફૂઝ રહે. નુકતાચીની (ટીકા ટીપ્પણી કરનાર) ન બન જેથી લોકોનાં મહેણાં ટોણાથી બચી શકે, ઈર્ષાળુ ન બન જેથી તને તેજ સમજશક્તિ નસીબ થાય."

ઈર્ષા તથા અદેખાઈથી પાંચમી ખરાબી એ પેદા થાય છે કે, ઈન્સાન ઝિલ્લત અને મેહરૂમીની લા'નતનો શિકાર થઈ જાય છે, પોતાની કોઈ મુરાદમાં કામયાબ થતો નથી અને ન તો પોતાના કોઈ દુશ્મન પર કાબુ પામી શકે છે. હઝરત હાતિમ અસમ رضی اللہ عنہ એ ફર્માવ્યું છે :

"કીનો રાખનાર દીનદાર નથી હોઈ શકતો, લોકોના અયબો કાઢનાર ઈબાદત ગુઝાર નથી હોય શકતો, ચુગલખોરોને શાંતિ નસીબ થઈ શકતી નથી અને ઈર્ષાળુ ખુદાતઆલાની મદદથી મેહરૂમ રહે છે."

હું કહું છું કે, હસદખોર શખ્સ પોતાની મુરાદમાં કેમ કરીને કામયાબ થઈ શકે છે ? કેમ કે તેની મુરાદ તો એવી છે કે અલ્લાહ તઆલાના તમામ બંદાઓ પાસેથી અલ્લાહ તઆલાની આપેલી તમામ નેઅમતો છીનવાઈ જાય અને મને મળી જાય. અને ઈર્ષાળુ માણસ પોતાના દુશ્મનો પર કેમ કરીને સરસાઈ પામી શકે છે, કેમ કે તેના દુશ્મનો તો અલ્લાહ તઆલાના નેક બંદાઓ હોય છે.

હઝરત અબૂ યાકૂબ رضی اللہ عنہએ શું સરસ ફર્માવ્યું છે :–

"હે અલ્લાહ ! તેં તારા બંદાઓ પર જે નેઅમતો ઉતારી છે અમને તેમના હસદથી મેહફૂઝ રાખ, બલ્કે તેમની હાલતો અધિક બેહતર કર."

અને હસદ એક એવી બિમારી છે કે, જે ઈબાદતોના અજ્રો સવાબને તબાહ કરે છે, બુરાઈ તથા ગુનાહનાં બીજ રોપે છે, આરામ તથા સુકૂનને નષ્ટ કરે છે, દીનની સમજથી વંચિત કરે છે, તેની હાજરીમાં ઈન્સાન પોતાના દુશ્મન પર ગાલિબ નથી આવી શકતો અને ન તો પોતાની મુરાદમાં ઈન્સાન કામયાબ થઈ શકે છે. તો સાબિત થયું કે હસદથી અધિક કોઈ ખતરનાક બીમારી એવી નથી જેનો ઈલાજ ત્વરિત કરવો પડે. જેથી આ બીમારીના ઈલાજથી ગફલત ન કરો બલ્કે વહેલી તકે આ ઈર્ષાની બીમારીને દૂર કરવાની કોશિશ કરો.

## ★ ઉતાવળથી થતા નુકશાનો ★

ઉતાવળ નેક મકસદોનો નાશ કરે છે અને ગુનાહોમાં સપડાવી દે છે, એનાથી ચાર ખરાબીઓ જન્મ લે છે :–

પ્રથમ આફત અને ખરાબી એ છે કે આબિદ શખ્સ જ્યારે ભલાઈ (નેકી) તથા અડગતાનો મરતબો પામવાનો ઈરાદો કરે છે અને તેને હાંસલ કરવાની કોશિશ કરે છે તો ઘણીવાર તેની પ્રાપ્તિમાં ઉતાવળથી કામ લે છે, જો કે હજી તે મરતબાને હાંસલ કરવાનો સમય ઈલ્મે ઈલાહીમાં નથી હોતો. જેથી તુરત જ તે મરતબો તથા મકામ હાંસલ ન થવાને લીધે કયાં તો તે સુસ્ત તથા માયૂસ (ઉદાસ) થઈને કોશિશ તથા મુજાહિદાઓ ત્યજી દે છે અને એ રીતે આ મરતબાથી વંચિત થઈ જાય છે અથવા તો રિયાઝત તથા મુજાહિદામાં અતિશ્યોક્તિ કરે છે અને આ વધારેપણાના લીધે આ મરતબાને હાંસલ નથી કરી શકતો, અને આ બંને ખરાબીઓ ઉતાવળનું પરિણામ છે. હુઝૂર નબીએ કરીમ ﷺથી રિવાયત છે :–

"આપણો આ દીન ઘણો જ મજબૂત દીન છે તેને નરમી અને મુત્સદ્દીપણાથી હાંસલ કરો. જે રીતે ફસલ મેળવનાર કિસાન જમીનને ન તો બિલકુલ ઉખેડી નાખે છે અને ન તો તેની જાહેરી સપાટીને અગાઉની જેમ તેવી જ રહેવા દે છે."

અને અરબીની મશહૂર કહેવત છે કે, "જો તમે ઉતાવળ નહીં કરો તો પોતાની નિર્ધારિત મંઝિલે પહોંચી જશો."

બીજી ખરાબી અને આફત એ છે કે, આબિદ શખ્સને જ્યારે કોઈ હાજત અને જરૂરત ઉભી થાય છે તો તે અલ્લાહ તઆલાની હુઝૂરમાં દુઆ તથા ઈલ્તેજા

કરે છે અને દુઆમાં ખૂબ જ કોશિશ કરે છે અને કેટલીકવાર તેના કબૂલ થવા માટે ઉતાવળ કરે છે, જ્યારે કે ઈલ્મે ઈલાહીમાં તેની દુઆની કબૂલિયતમાં હજી વાર હોય છે. તો તરત દુઆ કબૂલ ન થવાને લીધે તે અધિર્યો થઈ જાય છે અને કોશિશ પડતી મૂકે છે અને દુઆ કરવાનું જતું કરે છે અને એ રીતે પોતાના મકસદ અને પોતાની હાજતને પામી શકતો નથી.

ત્રીજી ખરાબી અને આફતની એ છે કે, જો કોઈ મુસલમાન તે આબિદ પર જુલ્મ કરે છે તો એ ગઝબનાક થઈને બદદુઆ કરે છે ત તે ઝાલિમ બદદુઆની અસરથી હલાક થઈ જાય છે અને આ રીતે બદદુઆ કરનાર આબિદ હદથી આગળ નીકળી જાય અને હલાકત તથા ગુનાહોમાં પડી જાય છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَيَدْعُ الْاِنْسَانُ بِالشَّرِّ دُعَآءَهٗ بِالْخَيْرِ ؕ وَكَانَ الْاِنْسَانُ عَجُوْلًا ''(મુસીબત વેળા) ઈન્સાન બદદુઆઓ શરૂ કરી દે છે જેવી રીતે આરામના સમયે નેક દુઆઓ અને ઈન્સાન ઘણો ઉતાવળીયો છે.'' *(સૂ. બની ઈસ્રાઈલ, ૧૭/૧૧)*

ચોથી ખરાબી ઉતાવળની એ છે કે, ઈબાદતનું મૂળ અને તેનો દારો મદાર 'વરઅ' પર છે અને વરઅ દરેક ચીજના મૂળ સુધી પહોંચવાથી પેદા થાય છે અને દરેક ચીજ દા.ત. ખાવા, પીવા, વાતચીત કરવાની હક઼ીક઼તના ઉઘડયા પછી નસીબ થાય છે અને જ્યારે ઈન્સાન ઉતાવળીયો હોય, સંયમી ન હોય અને ન સહનશીલ સ્વભાવનો હોય તો તે કોઈ કામમાં ધીરજ, સંયમ, સહનશીલતા તથા જરૂરી વિચાર ચિંતનથી કામ લેશે નહીં, બલ્કે દરેક કામને પૂરું કરવા માટે ઉતાવળનું પ્રદર્શન કરશે તો આ રીતે જરૂર ઠોકર ખાશે અને ખાવા પીવાના મામલામાં પણ એ ઉતાવળીયાપણુ અપનાવશે. એ રીતે કેટલીકવાર હરામ ખોરાક પણ પેટમાં નાખી લેશે, તો આ ઉતાવળને લીધે તેનો 'વરઅ' ફૌત (નષ્ટ) થઈ જશે અને એ ઈબાદત તથા બંદગીમાં કોઈ ખૂબી નથી જેમાં 'વરઅ' સલામત ન હોય. (વરઅ=તક઼વાથી ઉપરની મંઝિલ)

તો જે આફતના કારણે ઈન્સાન ખૈરના મર્તબાઓ તથા મંઝિલોથી રહી જવા પામે, પોતાની જરૂરી હાજતો હાંસલ કરવામાં મેહરૂમ રહે, પોતે પોતાની તથા

અન્યોની હલાકતનો સબબ બને અને છેવટે 'વરઅ'ના પણ નાબુદ થવાનો પણ ખતરો હોય કે જે ઈબાદતનો મકસદ છે. તો આવી આફતનો ઉકેલ અને ઉકેલ બાદ નફ્સની ઈસ્લાહ અતિશય જરૂરી છે.

## ★ ઘમંડનું બયાન ★

અભિમાન (ઘમંડ) એક એવી આફત છે જે નેકીનું નામોનિશાન મિટાવી દે છે, શું તમે અલ્લાહ તઆલાનો આ ક઼ૌલ નથી સાંભળ્યો ? اَبٰى وَاسْتَكْبَرَ ۗ وَكَانَ مِنَ الْكٰفِرِيْنَ "(ઈબ્લીસે) ઈન્કાર અને તકબ્બુર કર્યો અને કાફિરોમાંથી થઈ ગયો." *(પારા–૧, સૂરએ બકરહ, રૂકૂઅ–૩, આયત–૩૪)*

અમલો અને ફુરૂઆતે દીનીયહને નુકસાન પહોંચાડનારી તમામ આફતો આટલી નુકસાનકર્તા અને ખરાબ નથી જેટલો ઘમંડ છે. કેમ કે આ તો અસલ પાયા (દીન) અને એતેકાદ (અકીદા)માં જ દખલ કરે છે. અને જ્યારે ઘમંડની બીમારી વધી જાય છે તો તેનો ઈલાજ મુશ્કેલ થઈ જાય છે અને પછી તેમાં અન્ય હજારો જાતની બીમારીઓ જન્મ લે છે. ચાર ખરાબીઓ તો અવશ્ય પેદા થાય છે. એક હક્કથી મેહરૂમ થઈ જવું, દિલનું અલ્લાહ તઆલાની ઓળખની નિશાનીઓથી આંધળુ બની જવું, અને ખુદાના હુકમોને સમજવાથી દિમાગનું કમજોર થઈ જવું. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

سَاَصْرِفُ عَنْ اٰيٰتِيَ الَّذِيْنَ يَتَكَبَّرُوْنَ فِي الْاَرْضِ بِغَيْرِ الْحَقِّ "હું નજીકમાં મારી આયતો (નિશાનીઓ)ની સમજથી તે લોકોને વિમુખ કરી દઈશ જેઓ નાહક તકબ્બુર કરે છે." *(પારા–૯, સૂરએ અઅ્રાફ, રૂકૂઅ–૬, આયત–૧૪૬)*

બીજે ઠેકાણે ફર્માવ્યું :–

كَذٰلِكَ يَطْبَعُ اللّٰهُ عَلٰى كُلِّ قَلْبِ مُتَكَبِّرٍ جَبَّارٍ "આ રીતે અલ્લાહ તઆલા દરેક ઘમંડી અને સરકશ (નાફરમાૅન)ના દિલ પર મોહર લગાડી દે છે."

*(પારા–૨૪, સૂરએ મુઅ્મિન, રૂકૂઅ–૯, આયત–૩૫)*

તકબ્બુરથી બીજી ખરાબી એ પેદા થાય છે કે અલ્લાહ તઆલા ઘમંડ કરનારા પર ગુસ્સે થાય છે અને એનાથી નારાજ થઈ જાય છે. જેમ કે ફર્માવ્યું છે કે :–

اِنَّهٗ لَا يُحِبُّ الْمُسْتَكْبِرِيْنَ ''બેશક ! અલ્લાહ તઆલા ઘમંડી લોકોને દોસ્ત નથી રાખતો.'' *(સૂ. નહલ, ૧૬/૨૩)*

રિવાયત છે કે, હઝરત મૂસા علیہ السلام એ અલ્લાહ તઆલાથી દર્યાફત કર્યું કે, હે ખુદા તઆલા ! તું સૌથી વિશેષ કોના પર નારાજ થાય છે ? તો અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો :–

''જેના દિલમાં તકબ્બુર હોય, જેની જીભ કટુ હોય, જેની આંખોમાં હયા ન હોય, જેના હાથો બખીલ હોય અને જે બદઅખ્લાક (અસભ્ય) હોય.''

તકબ્બુરથી પેદા થનારી ત્રીજી ખરાબી દુનિયા તથા આખેરતમાં ઝિલ્લત તથા ખુવારી છે. હઝરત હાતિમ અસમ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું :

''ત્રણ સ્થિતિઓમાં મૌત આવવાથી બચ : (૧) તકબ્બુર પર (૨) લાલચ પર (૩) શયખી (મોટાઈ) પર. એટલા માટે કે, ઘમંડી શખ્સને અલ્લાહ તઆલા ત્યાં સુધી મૌત નહીં આપે જ્યાં સુધી તેને પોતાનાં કમીના બીબી બચ્ચાં અને ખાદિમો થકી ઝલીલોખાર (બેઈઝ્ઝત)ન કરી લે. અને લાલચીને ત્યાં સુધી મૌત નથી આપતો જ્યાં સુધી તેને રોટલીના એક એક ટુકડા અને પાણીના એક એક ઘૂંટડા માટે ન તરસાવે. અને શયખી મારનારાને ત્યાં સુધી મૌત નથી આપતો જ્યાં સુધી તેને તેના પેશાબ પાખાનામાં ખરડાવવાની ઝિલ્લત ન દેખાડી દે.''

રિવાયતમાં એ પણ આવ્યું છે કે, ઘમંડીને અલ્લાહ તઆલા ચોક્કસ ઝલીલોખાર કરે છે.

ઘમંડી શખ્સ પર ચોથી મુસીબત તથા આફત એ તૂટી પડે છે કે, તે આખેરતમાં દોઝખની આગમાં સળગશે. એક હદીષે કુદસીમાં આ મુજબ આવ્યું છે.

''બડાઈ મારી ચાદર છે અને અઝમત (મહાનતા) મારી ઈજાર છે, તો જે શખ્સ આ બંનેમાંથી કોઈ એક પણ મારાથી લેવાની કોશિશ કરશે તેને હું દોઝખની આગમાં દાખલ કરી દઈશ.

મતલબ એ છે કે, બડાઈ (મોટાઈ) અને અઝમત અલ્લાહ તઆલાની ખાસ સિફતોમાંથી છે તે કોઈ અન્યને લાયક નથી. તો જે ચીજ તમારાથી અલ્લાહ તઆલાની મઅ્રેફતને દૂર કરે, ખુદા તઆલાના અહકામ (હુકમો) સમજવાથી

પર રાખે (કે જે તમામ નેકીઓની જડ છે) વળી જેના લીધે અલ્લાહ તઆલા નારાજ થાય, દુનિયામાં ઝિલ્લત તથા ખુવારી અને આખેરતમાં દોઝખનો અઝાબ હિસ્સામાં આવે, એવી ખતરનાક અને હલાક કરી દેનારી આફતથી દૂર હોવું અતિશય જરૂરી છે. કોઈ બુધ્ધિશાળીને શોભા આપતું નથી કે, એવી નુકસાનકર્તા ચીજથી ગફલત વર્તે, બલ્કે તેનાથી પરહેઝ કરીને અને અલ્લાહ તઆલાની પનાહમાં આવીને તેનાથી પોતે પોતાની જાતને બચાવે.

આ તે ચોથી આફતની વિગતનો થોડોક હિસ્સો છે અને બુધ્ધિશાળી માણસ જો પોતાના દિલની સફાઈનું મહત્વ સમજે છે તો તેની નજીક આ ચાર આફતોમાંથી દરેક આફત પણ અતિશય ખતરનાક છે.

**સવાલ** : જ્યારે આફતો અને દિલની બીમારીઓની આવી ગંભીરતા છે અને ખતરાની આ જ હાલત છે અને જ્યારે એનાથી બચવું આટલું સખત જરૂરી છે અને જ્યારે આપણે તે આફતોની હકીકત તથા માહિતીથી વાકેફ થવું અતિશય જરૂરી છે, તો મહેરબાની કરીને તેની હકીકત અને વિસ્તૃત વિગતવાર વર્ણન કરો અને તે તદબીરો અને માર્ગો પણ દર્શાવો જેને આપનાવીને આપણે તેનાથી મહફૂઝ રહી શકીએ.

**જવાબ** : આ આફતો તથા બીમારીઓનું સંપૂર્ણ વર્ણન ઘણુ જ લાંબુ છે જે અમે સવિસ્તાર 'અહયાઉલ ઉલૂમ' અને 'અસ્આરે મુઆમલાતે દીન'માં લખી દીધું છે અને આ કિતાબમાં કેવળ જરૂરી ચર્ચા જ રજૂ કરીશું.

### ★ ઉમ્મીદની હક઼ીક઼તનું બયાન ★

આપણા મોટાભાગના ઉલમાએ કિરામે ફર્માવ્યું છે કે, ઉમ્મીદ એ પુખ્તા ખયાલનું નામ છે કે, હું લાંબો સમય જીવતો રહીશ અને એવું ન હોય બલ્કે દિલમાં એ વાત જામી જાય કે મારી જિંદગી અને હયાત અલ્લાહ તઆલાની મશિય્યત (મરજી) તથા ઈલ્મની સાથે સંબંધિત છે અને આ દુનિયામાં મને નેક કામ કરવાના માટે રહેવું જોઈએ. તો આ રીતની નિય્યત અને નિશ્ચયનું નામ 'કસ્રે અમલ' એટલે કે, ઉમ્મીદોને ઓછી કરવી. તો જે શખ્સ એ અકીદો ધરાવે કે મને આ શ્વાસ બાદ બીજા શ્વાસનો જરૂર મોકો મળશે અથવા આવનારી ઘડી

સુધીમાં ચોક્કસ જીવતો રહીશ, તો એવા શખ્સને 'આમિલ' કહીશું એટલે કે ઉમ્મીદોમાં સપડાયેલો. આવો અકીદો અને ખયાલ ગુનોહ છે. કેમ કે એ એક ગુપ્ત મામલા પર હુકમ લગાડવું છે. પરંતુ જો કોઈ અલ્લાહ તઆલાના ઈલ્મ અને તેની મશિય્યતની પાબંદી સાથે આ પ્રમાણે કહે કે, હું ઈન્શા અલ્લાહ ! જીવતો રહીશ. અથવા અલ્લાહ તઆલાના ઈલ્મમાં મારી જિંદગી બાકી છે તો હું જીવતો રહીશ, તો એવા શખ્સને 'આમિલ' (ઉમ્મીદોમાં સપડાયેલ) કહીશું નહીં, બલ્કે આવા શખ્સને ઉમ્મીદો ત્યજનાર કહેવામાં આવશે. એ જ પ્રમાણે જો કોઈ નેક ઈરાદાઓ સાથે આવી ઉમ્મીદો રાખે તો તેને લાંબી ઉમ્મીદોમાં ગિરફતાર કહીશું નહીં, બલ્કે એવો શખ્સ ઉમ્મીદોને તંગ કરનાર કહેવાશે. કેમ કે એવો શખ્સ કોઈ મામલામાં પણ કોઈ કૃતઈ (ફાઈનલ) ફેંસલો નથી કરી રહ્યો. તમે પણ એ જ રવિશ અપનાવો અને દર વખતે લાંબી આકાંક્ષાઓના પરિણામો અને બુરા અંજામોને દૃષ્ટિ સમક્ષ રાખો અને દિલને ઉમ્મીદો ટૂંકી રાખવા માટે મજબૂત અને કાયમ (અડગ) રાખો.

વળી ઉમ્મીદો બે પ્રકારની છે : (૧) આમ લોકોની ઉમ્મીદો અને (૨) ખાસ લોકોની ઉમ્મીદો.

આમ લોકોની ઉમ્મીદો આ પ્રમાણે છે : દુનિયાની સંપત્તિ એકત્ર કરવા માટે જિંદગીની આરઝૂ અને અહીં લાંબી ઉંમર સુધી જીવતા રહેવાનો ઈરાદો અને પ્રોગ્રામ. આ પ્રકારની ઉમ્મીદો સરાસર ગુનોહ છે. આથી ઉલટું, સવાબ એમાં છે કે, ઈન્સાન દુન્યવી મામલાઓ સંબંધે પોતાની ઉમ્મીદોને તંગ રાખે.

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

فَذَرْهُمْ يَاْكُلُوْا وَيَتَمَتَّعُوْا وَيُلْهِهِمُ الْاَمَلُ فَسَوْفَ يَعْلَمُوْنَ "તમે એ ગાફેલ લોકોને તેમના હાલ પર રહેવા દો કે ખાય, જિંદગીના સામાનથી નફો (લાભ) ઉઠાવે અને દુન્યવી આરઝૂઓ અને ઉમ્મીદોની ગફલતોમાં પડયા રહે, તો તેમને નજીકમાં જ તેમની જીવન પદ્ધતિની હક઼ીક઼ત સમજાઈ જશે." *(સૂ. હિજ્ર, ૧૫/૩)*

અને ખાસ પ્રકારની ઉમ્મીદ એ છે કે ઈન્સાન એવા નેક કામો કરવા માટે દુનિયામાં રહેવાની આશા તથા ઉમ્મીદ બાંધે જેમાં ખતરાનો અંદેશો હોય અને

દુરૂસ્તીની ઉમ્મીદ થોડી હોય. ઘણીવાર એવું થાય છે કે, એક નિર્ધારિત નેકી તેની સમક્ષ હોય છે પરંતુ તેને અંજામ આપવાની તેનામાં શક્તિ નથી હોતી. તે એ રીતે કે તેને અમલમાં લાવવાની સૂરતમાં ઈન્સાન રિયાકારીમાં પડી જાય છે અને તે નેકીનો અજરો સવાબ મહફૂઝ નથી રાખી શકતો. એટલા માટે એ દુરૂસ્ત નથી કે જ્યારે ઈન્સાન નમાઝ અથવા રોઝા અથવા અન્ય કોઈ નેક કામ શરૂ કરે તો તે દિલમાં એ યકીન અને એતેકાદ રાખે કે, હું એને જરૂર પૂર્ણ જ કરીશ, કેમ કે એ એક છુપી ચીજનો હુકમ લગાડવું થશે જે બરાબર નથી. આ પ્રકારનો કોઈ કૃતઈ ઈરાદો કરી લેવો બંદાના માટે જાઈઝ નથી. બલ્કે દુરૂસ્ત વાત એ છે કે, દરેક નેક કામ શરૂ કરતી વખતે ખયાલ કરે કે જો આ કામ મારા લાયક અને મારા હકમાં બેહતર હોય તો ખુદા તઆલા મને એને કરવાની તૌફીક તથા હિંમત આપે, અથવા આ કામને હું ઈન્શા અલ્લાહ ! પૂર્ણ કરીશ. અથવા એવો એતેકાદ રાખે કે હું આ કામને એ સ્થિતિમાં પૂર્ણ કરી શકું છું કે જો અલ્લાહ તઆલાની મશિય્યત (મરજી) હોય. આ પાબંદીઓ અને શરતો એટલા માટે જાળવી રાખે જેથી લાંબી ઉમ્મીદોના અયબથી બચી શકે. અલ્લાહ તઆલાએ કુર્આન મજીદમાં પોતાના હબીબે પાક ﷺને હુકમ આપ્યો :–

وَلَا تَقُوْلَنَّ لِشَایْءٍ اِنِّیْ فَاعِلٌ ذٰلِكَ غَدًا ۝ اِلَّآ اَنْ يَّشَآءَ اللّٰهُ ''એ રીતે હરગિઝ ન કહેશો કે આ કામ હું કાલે જરૂર કરીશ, બલ્કે આ પ્રમાણે કહો કે, જો અલ્લાહ તઆલાએ ચાહ્યું તો હું કામ કરીશ.'' *(સૂરએ કહફ, ૧૮/૨૩)*

ઉલમાએ કિરામ رضی اللہ عنہએ ફર્માવ્યું છે કે, લાંબી ઉમ્મીદોના મુકાબલામાં મજાઝી તોર પર નિય્યતે મુહમૂદાને નિયુક્ત કરવામાં આવી છે. કેમ કે નિય્યતે મહમૂદાવાળો ઈન્સાન સામાન્યતઃ લાંબી ઉમ્મીદોથી બચી જાય છે. કેમ કે નિય્યતે મહમૂદાની ખૂબ જ જરૂરત છે અને તેની ઓળખ વિના કોઈ ઉપાય નથી. એટલા માટે ઉલમાએ કિરામે એની એક સમૃદ્ધ અને યોગ્ય વ્યાખ્યા વર્ણન કરી છે અને તે વ્યાખ્યા આ પ્રમાણે છે : ''કોઈ નેક કામને શરૂ કરવાનો અડગ નિશ્ચય કરવો અને સાથે જ એવો એતેકાદ પણ રાખવો કે એની પૂર્ણતા અલ્લાહ તઆલાની મરજી અને મશિય્યતથી છે.

**સવાલ** : કામ શરૂ કરવાનો ઈરાદો તો મજબૂત કરવામાં આવે છતાં તેને

પૂર્ણતાએ પહોંચવા માટે ખુદા તઆલાની મશિય્યત કે મરજી પર છોડવું કેમ જરૂરી છે ? જ્યારે કે, તેની પૂર્ણતા ખુદા તઆલાની મશિય્યત તથા મરજી પર મૌકૂફ છે તો કામના પ્રારંભ વખતે પણ ખુદાની મશિય્યત જ ધ્યાનમાં રાખવામાં આવે, ન કે પોતાના તરફથી મજબૂત ઈરાદો કરી લેવામાં આવે.

**જવાબ** : કામના પ્રારંભમાં મજબૂત ઈરાદો કરી લેવો એટલા માટે દુરુસ્ત અને જાઈઝ છે કે, એ વખતે કામ વજૂદમાં આવેલું નથી હોતું. જેથી પ્રારંભમાં રિયા વગેરેનો ખતરો નથી પણ પૂર્ણતાના સમયે કેમ કે કામ અસ્તિત્વમાં આવે છે એટલા માટે એ વખતે બે ખતરાઓ છે : એક એ કે, આ કામ મારાથી પૂર્ણતાને આરે પહોંચશે કે નહીં ?! બીજો એ કે દરમિયાનમાં રિયાકારી આવી જાય અને તે અમલ બરબાદ થઈ જાય, એટલા માટે તેના સારા અંતના માટે ઈન્શા અલ્લાહ ! તો એટલા માટે કે આ કામ પૂર્ણતાના કિનારે પહોંચે અને અલ્લાહના હવાલે એટલા માટે કરે જેથી રિયકારી વગેરે આફતોથી બચી શકે. દરેક નેક કામના માટે આ પ્રકારના ઈરાદાનું નામ "નિય્યતે મહમૂદા" છે. આ વિષયને ખૂબ જ ધ્યાનપૂર્વક સમજો.

હે અઝીઝ ! જાણી લે કે ઉમ્મીદોને તંગ રાખવાનો કિલ્લો મૌતની યાદ છે અને મૌતને યાદ રાખવાનો ઝરીયો અચાનક મૌત આવી જવાનો ખયાલ છે. તદ્ઉપરાંત એ ખયાલ રાખવો કે મૌત ક્યાંક ગફલત, બેખબરી અને ઘમંડની હાલતમાં ન આવી જાય. આ બયાનને યાદ રાખવું અત્યતં જરૂરી છે જેથી તમારો કિંમતી સમય ફુઝૂલ બકવાસ અને ગપસપમાં ન ગુજરે, અને લોકોથી નિરર્થક મેળ મેળાપના લીધે વેડફાઈ ન જાય.

## ★ હસદની હક઼ીક઼તનું બયાન ★

પોતાના મુસલમાન ભાઈ પાસેથી એવી નેઅ્મત છીનવાઈ જવાના ઈરાદાનું નામ હસદ (ઈર્ષા, અદેખાઈ) છે, જેમાં તે મુસલમાનના માટે બેહતરી અને ભલાઈ હોય. અને જો છીનવાઈ જવાનો ઈરાદો ન હોય બલ્કે એવો ઈરાદો હોય કે એવી જ નેઅ્મત મને પણ મળી જાય, તો એ હસદ નથી એને "ગિબ્તહ" કહે છે અને હુઝૂર علیہ السلام ના કથનાનુસાર "હસદ જાઈઝ નથી પણ બે ચીજોમાં ?

અહીં હસદથી મકસદ "ગિબ્તહ" છે. આપે મજાઝન (સમજણ આપવા પૂરતું) ગિબ્તહને હસદ સાથે તાબીર કરી આપ્યું કેમ કે બંને અર્થના હિસાબે મળતાં આવે છે.

અને જો એવી નેઅ્મતના ઝવાલનો (જતી રહેવાનો) ઈરાદો હોય જેમાં મુસલમાનના માટે ભલાઈ ન હોય તો એવા ઈરાદાનું નામ "ગયરત" છે. હસદ, ગિબ્તહ અને ગયરતમાં એ જ તફાવત છે જે અમે વર્ણન કર્યો.

હસદના મુકાબલામાં "નસીહત" છે. મુસલમાનના માટે એવી નેઅ્મત બાકી રહે એવા ખયાલનું નામ "નસીહત" છે.

**સવાલ** : આપણે કઈ રીતે જાણી શકીએ કે, મુસલમાનના માટે આ નેઅ્મતમોં ભલાઈ છે ? જેથી તેના માટે નસીહતનો ઈઝહાર કરીએ અથવા હસદનો.

**જવાબ** : ઘણીવાર આપણને ગુમાન ગાલિબ થાય છે કે, આ કામમાં મુસલમાનના માટે ભલાઈ છે. આવી સ્થિતિમાં નસીહત પર અમલ કરવો જોઈએ અને ઈર્ષાથી બચવું જોઈએ. અને જો નેઅમતની ભલાઈ અને બેહતરી બાબતે શંકા હોય તો તેના છીનવાઈ જવાની કે બાકી રહેવાનો ઈરાદો ન કરવો જોઈએ. બલ્કે તેને અલ્લાહ તઆલાના ઈલ્મ અને તેની મશિય્યતને સુપ્રત કરવું જોઈએ. જેથી કરીને હસદથી પરહેઝ અને નસીહત પર અમલ થઈ શકે.

હસદથી દૂર રાખનાર ચીજ (નસીહત અને શુભેચ્છા)ના જઝબાને સલામત રાખવાની રીત એ છે કે, ઈન્સાન મુસલમાનો સાથે દોસ્તી અને આપસમાં એકતાની તાકીદોને યાદ કરે જે આ મામલામાં અલ્લાહ તઆલા તરફથી આવેલી છે અને આ યાદને પુખ્તા (મજબૂત) કરનારી ચીજ એ છે કે, ઈન્સાન મોમિનભાઈના હક્કોનો ખ્યાલ કરે, એના મર્તબાની બુલંદી અને તેના માલની હુરમત (ઈજ્જત) જે અલ્લાહ તઆલાને ત્યાં છે એને નિગાહમાં રાખે અને મોમિનની તે બુઝુર્ગીનો અને અઝમતોનો ખયાલ કરે જે આખેરતમાં તેને અલ્લાહ તઆલા અતા કરશે. અને એ વાતનો ખયાલ કરે કે દુનિયામાં મોમિનોની સાથે સહકાર અને તેમની મદદ અને તેની સાથે જુમ્આ તથા જમાઅતમાં શિરકતના કેવા કેવા મહાન ફાયદાઓ છે, વળી ઈમાનવાળાઓ સાથે સહકાર અને તેમની

મદદનો એક ફાયદો એ છે કે, તે આખેરતમાં તમારી શફાઅત કરશે.

તો આ પ્રકારના ખયાલો અને વિચારો માણસને પોતાના અન્ય મુસલમાન ભાઈઓ સાથે ભલાઈ ચાહવા માટે પ્રેરે છે અને ઈર્ષાથી બચાવે છે.

## ★ ઉતાવળની હક઼ીક઼ત ★

ઉતાવળ વાસ્તવમાં દિલમાં છુપાયેલ એક ભેદનું નામ છે જે માણસને સમજ્યા વિચાર્યા વિના અને ચિંતન મનન કર્યા વિના કામ કરવા માટે તૈયાર કરે છે અને કામમાં જલ્દીપણાનો સબબ બને છે અને આ ઉતાવળના મુકાબલામાં સંયમ અને સહનશક્તિથી કામ લેવું તે છે. અને સંયમ દિલમાં મૌજૂદ એક એવા અર્થનું નામ છે જે બંદાના કામોમાં સાવધાની, ચિંતન અને મનન અને ધૈર્ય તથા સહનશીલતા પેદા કરે છે અને તવક્કુફ (ઢીલ)નું વિરોધાભાષી તઅસ્સુફ છે, એટલે કે વગર વિચાર્યે કામ શરૂ કરી દેવું.

મારા શયખ رضی اللہ عنہએ તવક્કુફ (ઢીલ) તથા સંયમમાં એ ફર્ક બતાવ્યો છે કે, કામ શરૂ કરતાં પહેલાં તેના વિશે ચિંતન મનન અને સોચ, વિચાર કરવાને તવકકુફ કહે છે અને કામને શરૂ કરીને તેમાં ધીરજ અપનાવવામાં આવે જેથી કામ બેહતર તરીકાથી અંજામ પામે તેને સંયમ કહે છે.

વળી, સહનશીલતા અને સંયમ પેદા થવાનો તરીકો એ છે કે ઈન્સાન ઉતાવળની આફત અને નુકસાનો તથા ખરાબીઓને ખયાલમાં હાજર કરે. અને તઅસ્સુફ (વિના વિચાર્યે કામ કરવા)થી અને ઉતાવળ કરવાથી જે શર્મિન્દગી તથા મલામત (તિરસ્કાર) થશે તેને દિમાગમાં હાજર કરે. આ રીતે કરવાથી જરૂર ઈન્શા અલ્લાહ ! બંદામાં તવકકુફ તથા સંયમનો ગુણ પેદા થશે તેમજ તઅસ્સુફ તથા ઉતાવળથી મુક્તિ મળશે.

## ★ ઘમંડની હકીકત ★

નફ્સની બુલંદી તથા મહાનતાના ખયાલને કિબ્ર કહે છે, એવા ખયાલોથી ઘમંડ જન્મ લે છે, અને પોતે પોતાને તુચ્છ તથા કમતર જાણવાને 'આજિઝી' કહે છે અને 'આજિઝી' નમ્રતાથી પેદા થાય છે વળી ઘમંડ તથા આજિઝી બંનેના બે બે પ્રકારો છે.

(૧) તવાઝોઅ આમ અને (૨) તવાઝોઅ ખાસ (તવાઝોઅ = આજિઝી)

(૧) તકબ્બુરે આમ અને (૨) તકબ્બુરે ખાસ (તકબ્બુર = ઘમંડ)

તવાઝોઅ આમ તો એ છે કે બંદો મામૂલી હૈસિયતનો લિબાસ, રહેઠાણ અને સવારી (સર્વે મામૂલી પ્રકારનાં) પર સંતોષ કરે. અને તકબ્બુરે આમ એ છે કે, ઈન્સાન મામૂલી પ્રકારનાં કપડાં, રહેઠાણ અને સવારીથી ન ચલાવે બલ્કે એમાં ઉચ્ચ પ્રકારનો તલબગાર હોય અને તવાઝોએ ખાસ એ છે કે દરેક કક્ષાનો માણસ પોતાના નફ્સને હક્કના તાબે કરવાની કોશિશ કરે અને તકબ્બુરે ખાસ એ છે કે એ પ્રકારની કોશિશ ન કરે, આવો તકબ્બુર કબીરા ગુનોહ છે.

આમ તવાઝોઅને (આજીજીને) પોતાનામાં મજબૂત તથા અડગ કરવાનો તરીકો એ છે કે, બંદો પોતાની પ્રારંભિક પેદાઈશી હાલત અને મૌત અને તેના વર્તમાનકાળની પરેશાનીઓ અને ખરાબીઓને યાદ કરે.

એક બુઝુર્ગનો ઈર્શાદ છે : "તારી શરૂઆત તો ગર્ભમાં પડેલું ટીપું છે અને તારો અંત નાપાક મુરદાર છે અને અત્યારે તું એ બે હાલતો વચ્ચે છે, તારા પેટમાં મળનો બોજો ઉઠાવીને ફરે છે."

ખાસ તવાઝોઅને મજબૂત કરવાનો તરીકો એ છે કે, બંદો હક્કથી વિમુખ થનારા અને બાતિલમાં ખોવાઈ જનારા શખ્સના અંજામ અને તેના અઝાબ તથા સજાને લક્ષમાં રાખે. એક બુધ્ધિવાળા માટે દિલની આફતોથી માહિતગાર થવા માટે આટલો ખુલાસો તથા આટલું વર્ણન પૂરતું છે.

## ★ પેટની હિફાઝતનું બયાન ★

હે ઈબાદતના તાલિબ ! તારા માટે તારા પેટની હિફાઝત પણ જરૂરી છે. પેટની ઈસ્લાહ અને હિફાઝત એક ખૂબ જ મુશ્કેલ કામ છે જેથી તેની ઈસ્લાહ તથા હિફાઝતના માટે અધિક મહેનત તથા તકલીફ લેવાની જરૂરત છે. તેના બગાડની અસર ખૂબ જ ઊંડી અને તેની ખરાબીનું નુકસાન ઘણુ વધારે છે. કેમ કે એ તમામ શારીરિક શક્તિઓનું કેન્દ્ર અને મૂળ છે. આ જ પેટથી શરીરમાં શક્તિ કે અશક્તિ, ગફલત તથા સરકશી વગેરે પ્રદર્શિત થાય છે. એટલા માટે તમે સહી અને હેતુપૂર્ણ ઈબાદતનો ઈરાદો તમારી અંદર પેદા કરવા ચાહતા

હોવ તો તમારે હરામ ખાવા, શંકાસ્પદ ખાણા અને ફુઝૂલ (વધારે પડતા) હલાલથી તમારા પેટની રક્ષા કરવી ખૂબ જ જરૂરી છે. હરામ અને શંકાવાળી ચીજોથી ત્રણ કારણે બચવું જરૂરી છે.

## ★ હરામનું ખાવાથી બચો ★

પ્રથમ : દોઝખની આગથી બચવા માટે અલ્લાહ તઆલા ફર્માવે છે :–

اِنَّ الَّذِیْنَ یَاْكُلُوْنَ اَمْوَالَ الْیَتٰمٰى ظُلْمًا اِنَّمَا یَاْكُلُوْنَ فِیْ بُطُوْنِهِمْ نَارًا ؕ وَ سَیَصْلَوْنَ سَعِیْرًا۠ ﴿۱۰﴾

"જે લોકો યતીમોનો માલ જુલમના તરીકાઓથી ખાય છે. એવા લોકો બેશક ! પોતાના પેટોમાં આગ ભરી રહ્યા છે અને નજીકમાં જ ભડકી રહેલી આગ (દોઝખની આગ)માં દાખલ થશે.

*(પારા–૪, સૂરએ નિસાઅ, રૂકૂઅ–૧૨, આયત–૧૦)*

હુઝૂર નબીએ કરીમ ﷺ ફર્માવ્યું : "જે ગોશ્ત હરામ ખોરાકથી તૈયાર થયો એના માટે આગમાં સળગવું જ બેહતર છે."

બીજું કારણ એ છે કે, હરામ અને શંકાસ્પદ ખોરાક ખાનાર ખુદાની બારગાહનો મરદૂદ (હાંકી કાઢલો) છે, એવા શખ્સને રબ તઆલાની સહી અને ફળદાયી ઈબાદતની તૌફીક નસીબ નથી થતી. કેમ કે એક પાક અને તાહિર (પવિત્ર) ઈન્સાન જ અલ્લાહ તઆલાની બંદગીનો લાયક તથા શોભાને પાત્ર છે. હું કહું છું, શું અલ્લાહ તઆલાએ એક જુનૂબી (ગુસ્લની હાજતવાળા) ઈન્સાનને પોતાના ઘરમાં એટલે કે મસ્જિદમાં દાખલ થવાથી અને બેવઝૂ શખ્સને કુર્આન મજીદ અડકવાની અને હાથ લગાડવાની મનાઈ નથી કરી ? જરૂર મનાઈ કરી છે. જેમ કે કુર્આન મજીદમાં આવ્યું છે :–

وَلَا جُنُبًا اِلَّا عَابِرِیْ سَبِیْلٍ حَتّٰى تَغْتَسِلُوْا "મજબૂરન રસ્તો પાર કરનાર શખ્સ સિવાય કોઈ જુનુબી શખ્સને નાહ્યા વિના મસ્જિદમાં કદમ મૂકવાની ઈજાઝત નથી."

*(પારા–૫, સૂરએ, નિસાઅ રૂકૂઅ–૩, આયત–૪૩)*

બીજે ઠેકાણે ફર્માવ્યું :–

لَّا یَمَسُّهٗۤ اِلَّا الْمُطَهَّرُوْنَ "આ મુકદ્દસ કિતાબ (કુર્આન)ને હાથ ન લગાડે

પણ બાવઝૂ લોકો.'' *(સૂ. વાકિઆ, ૫૬/૮૦)*

જુનુબી અને બેવઝૂ હોવું શરીઅતની રૂએ મુબાહ છે. તો વિચાર કરો કે, જ્યારે એક મુબાહ બાબતના લીધે મસ્જિદમાં કદમ મૂકવો અથવા કુર્આને કરીમને હાથ લગાડવો મના અને નાજાઈઝ છે, તો તે શખ્સ મસ્જિદમાં કેવી રીતે આવી શકે જે હરામ અને શંકાસ્પદ ચીજોની ગંદકીથી ખરડાયેલ છે, અને એવો શખ્સ કઈ રીતે રબ તઆલાની બંદગી ગુજારવાનો દાવો કરી શકે છે ? અથવા તેના ઝિક્ર અને તેની યાદથી લુત્ફ (મજા) કઈ રીતે માણી શકે છે ? એવા શખ્સને આ તૌફીક નસીબ નથી થઈ શકતી.

હઝરત મનાદ રાવી رضی اللہ عنہ ફર્માવે છે, ''તાઅત (ફર્માબરદારી) અલ્લાહ તઆલાના ખજાનાઓમાંથી એક ખજાનો છે અને એ ખજાનાની ચાવી દુઆ છે અને ચાવીના ખાંચાઓ (દાંતાઓ) હલાલ રોજી છે. તો જ્યાં સુધી ચાવીના ખાંચાઓ ન હોય તો દરવાજો નથી ખુલી શકતો અને જ્યારે દરવાજો ન ખુલે તો ખજાના સુધી પહોંચવું અશક્ય છે.''

ત્રીજું કારણ એ છે કે, હરામ અને શંકાસ્પદ ખોરાક ખાનારો શખ્સ નેક કામ કરવાથી મેહરૂમ હોય છે અને અકસ્માતે કોઈ સારું કામ તેનાથી થઈ જાય તો તે ખુદાની બારગાહમાં મકબૂલ તથા મંજૂર નથી થતું, બલ્કે રદ કરી દેવામાં આવે છે. તો એવો શખ્સ નેક કામ કરવામાં જે સમય અને શક્તિ ખર્ચે છે તેનાથી નિરર્થક તકલીફ, ખોટો રંજ તથા મહેનત અને સમય વેડફવા સિવાય તેને કાંઈ જ હાંસલ થતું નથી. હુઝૂર નબી એ કરીમ ﷺનો ઈર્શાદે ગિરામી છે :–

''ઘણાયે રાત્રી ઈબાદતમાં ગુજારનારા હોય છે જેમને જાગરણની તકલીફ સિવાય કાંઈ મળતું નથી. અને ઘણાયે રોઝેદારો એવા છે જેમને દિવસભર રોઝા રાખવાથી ભૂખ અને તરસ સિવાય કાંઈ હાથ આવતું નથી.''

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે, ''અલ્લાહ તઆલા એવા શખ્સની નમાઝ કબૂલ નથી કરતો જેના પેટમાં હરામનો કોળિયો પડયો હોય.''

બાકી રહી ફુઝૂલ અને જરૂરતથી વિશેષ હલાલની વાત તો એનો ઉપયોગ પણ બંદાઓ માટે આફત અને મુજાહિદા કરનારાઓ માટે બલા છે. મને એમાં

વિચાર કરવાથી દસ આફતો જણાઈ છે જેને ઉસૂલની હેસિયત આપી શકાય છે :

**પ્રથમ આફત** : હલાલ ખોરાક અધિક ખાવાથી દિલી કઠણાઈ પેદા થાય છે અને નૂર અલોપ થઈ જાય છે. નબીએ કરીમ ﷺથી મરવી છે, આપે ફર્માવ્યું :–

"હાજત અને જરૂરતથી અધિક ખાવા પીવાથી પરહેઝ કરો. કેમ કે એનાથી દિલ મુર્દા થઈ જાય છે જેવી રીતે જરૂરતથી અધિક પાણીથી ખેતી તબાહ થઈ જાય છે."

કેટલાક સાલેહીને તેનો દાખલો એ પ્રમાણે આપ્યો છે કે, પેટ દિલની નીચે ઉકળતી હાંડલીની જેમ છે તો પેટથી ધુમાડાઓ દિલને ચઢે છે અને એના કારણે દિલ મેલું અને ખરાબ થઈ જાય છે.

**બીજી આફત** : એ છે કે, અંગોમાં ફિત્નો (તોફાન) પેદા થાય છે, ફસાદ ઉભો કરવા અને બેહૂદા કામો પ્રત્યે ખેંચાણ ઉદ્‌ભવે છે. કેમ કે ઈન્સાન જ્યારે ખૂબ ભરપેટ ખાય છે તો તેના શરીરમાં તકબ્બુર અને આંખોમાં બદનજરીની ઈચ્છા ઉદ્‌ભવ પામે છે, કાન બુરી વાતો સાંભળવા આતુર બને છે, જીભ બેહૂદા બોલવા માટે તૈયાર થાય છે, ગુપ્તાંગ વાસના પૂરતીનો તકાઝો કરે છે અને પગો નાજાઈઝ સ્થાનો તરફ ચાલવા બેકરાર બને છે. એનાથી ઉલ્ટુ જો ઈન્સાન પેટને ખોરાકથી ભરપૂર ન કરે બલ્કે ભૂખ બાકી રહેવા દે તો તમામ અંગો સુકૂન અને આરામથી રહેશે, ન તો કોઈ બુરાઈની લાલચ કરશે અને ન બુરાઈને જોઈને ખુશ થશે. ઉસ્તાદ અબૂ જાફર رضی اللہ عنہએ કેટલું સરસ કહ્યું છે :

"પેટ એક એવું અંગ છે કે જો તે ભૂખ્યું હોય તો શરીરનાં બાકીનાં સૌ અંગો ધરાયેલાં હોય છે, એટલે કે, સુકૂનવાળાં (શાંત) હોય છે, કોઈ ચીજની માગણી નથી કરતાં. અને જો પેટ ધરાયેલું હોય તો અન્ય અંગો ભૂખ્યાં હોય છે, એટલે કે વિવિધ બુરાઈઓ પ્રતિ વળે છે.

ખુલાસો એ છે કે, ઈન્સાનનાં કર્મો, કથનો, અમલોના સારા બુરાનો આધાર ખોરાક પર છે. જો પેટમાં હરામ ખોરાક જશે તો હરામ કામોના સ્વરૂપે બહાર પડશે. અને જો ફુઝૂલ અને જરૂરતથી અધિક ખોરાક પેટમાં દાખલ થશે તો ફુઝૂલ કામોમાં પડવાના રૂપમાં તે બહાર પડશે. ખોરાક જાણે કે બીજ છે અને કાર્યો તથા કથનો એ બોજના છોડો છે જે બીજના પ્રમાણે ઉગે છે.

**ત્રીજી આફત** : એ છે કે જરૂરતથી વધારે ખાવાથી ઈલ્મ તથા સમજમાં કમી ઉભી થાય છે. કેમ કે પેટનું ભારણ (ભરેલું પેટ) શાણપણ અને સમજને ખત્મ કરી નાખે છે, હઝરત દારાની رضی اللہ عنہ એ તદ્દન ખરું જ ફર્માવ્યું છે કે, જો તું દુનિયા અને આખેરતની હાજત તથા જરૂરત પૂરી કરવાનો ઈચ્છુક છે તો ખાલી પેટ વડે તેને પૂરી પરવાની કોશિશ કર, પેટ ભરીને ખાઈ લીધા પછી અક્કલ અને સમજમાં કમી પેદા થઈ જશે. આ વાત દરેક અનુભવી સમક્ષ સ્પષ્ટ છે.

**ચોથી આફત** : એ છે કે પેટ ભરીને ખાવાથી ઈબાદતમાં કમી આવી જાય છે. કેમ કે માણસ જ્યારે ખૂબ જ ધરાઈને ખાઈ લે છે તો તેનું શરીર ભારે થઈ જાય છે, આંખોમાં ઊંઘ ઘેરાવા માંડે છે અને અંગો સુસ્ત થઈ જાય છે. કોશિશ કરવા છતાં કોઈ કામ નથી કરી શકતો. દરેક સમયે જમીન પર મુરદારની જેમ પડયો રહે છે. કહેવામાં આવ્યું છે કે, ''જ્યારે તું ખઉધરો બની જાય તો પોતે પોતાને પગોમાં બેડીઓવાળો સમજ.''

રિવાયત છે કે, એકવાર હઝરત યહ્યા علیہ السلام એ ઈબ્લીસને જોયો કે, ઘણી જાળો લઈને ઉભો છે. આપે તેની તરફ ઈશારો કરીને પૂછયું કે, આ શું છે ? ઈબ્લીસે જવાબ આપ્યો કે, આ વાસનાઓની જાળ છે, જેના થકી હું માણસનો શિકાર કરું છું. આપે પૂછયું કે શું મને ફસાવવા માટે પણ એમાંથી કોઈ જાળ છે ? તો તેણે કહ્યું : કે નહીં ! કેવળ એક રાતે આપે ભરપેટ ખાધું હતું તો મેં તે રાતે તમારા પર નમાઝને ભારી કરી દીધી. હઝરત યહ્યા علیہ السلام એ આ સાંભળીને ફર્માવ્યું કે, ''ખુદાની કસમ ! હવે પછી હું કદાપિ પેટ ભરીને ખાઈશ નહીં.'' તો ઈબ્લીસે કહ્યું કે, ''હું પણ હવે પછી કદી કોઈને આવી વાત જણાવીશ નહીં.''

આ તે હસ્તીનો હાલ છે જેણે આખા જીવનમાં એક જ વખત ધરાઈને ખાધું ! તો તેની શી હાલત થશે જેણે આખી જિંદગીમાં એકવાર પણ પેટને ભૂખ્યું નથી રાખ્યું ?! શું એવો શખ્સ ઈબાદતની ઉમ્મીદ કરી શકે છે ? હઝરત સુફિયાન ષૌરી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું :–

''ઈબાદત એક કલા (ફન) છે જેને શીખવાની જગા એકાંત અને તેનુ હથિયાર ભૂખ છે.

**પાંચમી આફત** : ભરપેટ ખાવાથી ઈબાદતની મીઠાશ ગાયબ થઈ જાય છે. હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ ફર્માવ્યું :–

"જ્યારથી મુસલમાન થયો છું ત્યારથી કદી પેટ ભરીને ખાધું નથી, જેથી કરીને ઈબાદતની મીઠાશ (હલાવત) નસીબ થાય અને જ્યારથી હું મુસલમાન થયો છું કદી ધરાઈને પીધું પણ નથી, રબ તઆલાની મુલાકાતના શોખથી."

અને આ સિફતો (ગુણો) કશ્ફવાળાઓની છે અને હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ પણ કશ્ફવાળાઓમાંથી હતા. આ મુકાશિફહ (કશ્ફો)ની પ્રતિ હુઝૂર علیہ السلام એ પોતાના આ કૌલમાં ઈશારો ફર્માવ્યો છે :–

"અબૂ બક્ર નમાઝ, રોઝાના સબબે તમારાથી અફઝલ નથી બલ્કે તેમનામાં એક ચીજ છે જે તેમની અફઝલિયતનો સબબ છે."

હઝરત દારામી رضی اللہ عنہ એ ફર્માવ્યું છે કે :–

"હું ઈબાદતમાં મીઠાશ સૌથી અધિક ત્યારે પામું છું જ્યારે ભૂખના કારણે મારું પેટ પીઠ સાથે લાગેલું હોય."

**છઠ્ઠી આફત** : ખૂબ ભરપેટ ખાવાથી હરામ અથવા શંકાસ્પદ ખાવામાં પડવાનો ભય છે, કેમ કે હલાલ એટલું અધિક પ્રમાણમાં નથી મળતું બલ્કે મામૂલી નિભાવ પ્રમાણે મળે છે. નબીએ કરીમ صلی اللہ علیہ وسلم થી રિવાયત છે કે આપે ફર્માવ્યું ."

"હલાલ ખોરાક (ગિઝા) તને મળશે નહીં પણ મામૂલી ગુઝારા પ્રમાણે, અને હરામ તારી પાસે પુષ્કળ આવશે."

**સાતમી આફત** : ફુઝૂલ હલાલ એકઠુ કરવા પછી તેને તૈયાર કરવા અને પછી ખાવામાં દિલ અને શરીર મશગૂલ રહે છે. કેમ કે અધિક ખાવાથી શરીરમાં ખરાબી પેદા થાય છે. બલ્કે દીની એતબારે તો એનાથી હજારો ખરાબીઓ અને આફતો પેદા થાય છે. નબીએ કરીમ صلی اللہ علیہ وسلم નો ઈર્શાદે ગિરામી છે :

"દરેક બીમારીનું મૂળ બદહજમી અને દરેક ઈલાજની જડ ભૂખ અને કમ ખોરાક છે."

હઝરત માલિક અને ઈબ્ને દીનાર رضی اللہ عنہ ફર્માવ્યા કરતા હતા કે, હે લોકો !

મને બયતુલ ખલા (જાજરૂ)ની તરફ વધારે આવવું જવું પડે છે એટલે સુધી કે, અધિક ખાવાથી મને મારા રબથી શરમ આવી. કાશ ! અલ્લાહ તઆલા મારી રોજી કાંકરીઓમાંથી કરી દેત જેથી હું તેને ચૂંસી લેત એટલે સુધી કે, મને મૌત આવી જાત.''

પછી આ બીમારીના કારણે દુનિયાની તલબ કરવી પડે છે, લોકોથી લોભ લાલચ કરવી પડે છે અને આ ખાવા પીવાની ફિકરમાં કિંમતી સમય વેડફાઈ જાય છે.

**આઠમી આફત** : આખેરતમાં હિસાબો કિતાબની ભયાનકતાઓ અને મૌતની સકરાતની તકલીફનો સબબ પણ પેટ ભરીને ખાવું છે. રિવાયતમાં છે, ''બેશક ! મૌતની સકરાતથી તીવ્રતા દુનિયાની લિજ્જતોના પ્રમાણે છે તો જેણે અધિક લિજ્જતો ઉઠાવી તેને નઝઅ (સકરાત)ની તકલીફ પણ વધારે થશે.

**નવમી આફત** : એનાથી આખેરતમાં સવાબમાં કમી ઉપસ્થિત થાય છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :—

اَذْهَبْتُمْ طَيِّبٰتِكُمْ فِىْ حَيَاتِكُمُ الدُّنْيَا وَ اسْتَمْتَعْتُمْ بِهَا ۚ فَالْيَوْمَ تُجْزَوْنَ عَذَابَ

الْهُوْنِ بِمَا كُنْتُمْ تَسْتَكْبِرُوْنَ فِى الْاَرْضِ بِغَيْرِ الْحَقِّ وَ بِمَا كُنْتُمْ تَفْسُقُوْنَ

''તમે તમારી લિજ્જત (મજા—આનંદ)ની ચીજો તમારી દુનિયવી જિંદગીમાં હાંસલ કરી ચૂક્યા અને તેને ખૂબ ભોગવી ચૂક્યા. જેથી આજે તમને ઝિલ્લતની સજા આપવામાં આવશે એ કારણે કે તમે દુનિયામાં નાહક તકબ્બુર કર્યા કરતા હતા અને એ કારણે કે તમે નાફર્માનીઓ કર્યા કરતા હતા.''

*(પારા—૨૬, સૂરએ અહકાફ, રૂકૂઅ—૨, આયત—૨૦)*

તો જેટલા પ્રમાણમાં તમે દુનિયાની લિજ્જતો હાંસલ કરો છો (મજા માણો છો) એટલો હિસ્સો આખેરતમાં ઘટી જશે, એટલા માટે જ્યારે રબ તઆલાએ પોતાના હબીબે પાક ﷺ સમક્ષ દુનિયા રજૂ કરી તો ફર્માવ્યું, જો તું એની મજા માણી લે તો તેના એવજમાં આખેરતમાં તારી લિજ્જતો ઓછી કરીશ નહીં.

આ રિવાયતથી જાણવા મળ્યું કે આ હુઝૂર ﷺની વિશિષ્ટતા હતી. અન્ય લોકો જો અહીં લિજ્જતો ઉઠાવશે તો તેના એવજમાં તેમનો આખેરતનો હિસ્સો

કાપી લેવામાં આવશે. હા ! જો અલ્લાહ તઆલાનો ફઝ્લ થઈ જાય તો અલગ વાત છે !

રિવાયત છે કે એકવાર હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ એ હઝરત ફારૂકે આઝમ رضی اللہ عنہની દાવત કરી. જ્યારે આપ ખાવા લાગ્યા તો ખાવા જોઈને ફર્માવ્યું, આ તો આપણા માટે છે તે મુહાજિર ફકીરો માટે શું છે જેઓ મરી પરવાર્યા અને જવની રોટીથી પણ ધરાયા નહીં ? હઝરત ખાલિદ رضی اللہ عنہએ અર્ઝ કરી કે તેઓના માટે જન્નતુલ ફિરદોસ છે ! હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, જો તેઓ જન્નત પામવામાં કામયાબ થઈ ગયા છે અને આપણે તેના અવેજમાં આપણો હિસ્સો અહીં દુનિયામાં લઈ લીધો છે તો એમના અને આપણા મરતબામાં ઘણો ફર્ક છે.

નકલ થયેલ છે કે એકવાર હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہને તે તરસ લાગી તો આપે એક શખ્સ પાસે પાણી માગ્યુ. તે શખ્સે આપને એક વાસણ આપ્યું જેમાં ખજૂરોનું પાણી હતું. જ્યારે આપે તેનાથી મોઢુ લગાડયું તો તેને ઠંડુ અને મીઠુ પામ્યું. તો આપ રોકાઈ ગયા અને આહ ભરી ! તે શખ્સે કહ્યું કે, ખુદાની કસમ ! મેં એને મીઠું કરવામાં કોઈ કસર નથી છોડી ! તો આપે ફર્માવ્યું, એ મીઠાશે જ તો મને એને પીવાથી રોકયો ! જો આખેરતનો ખયાલ ન હોત તો હું પણ તારી આ એશ આરામીમાં શરીક થાત.

**દસમી આફત** : જરૂરતથી વધારે ખોરાક ઉપયોગમાં લઈને જે અદબને તર્ક કરે છે તેને કયામતના દિવસે પડાવમાં રોકવામાં આવશે, સંપૂર્ણપણે હિસાબ લેવામાં આવશે અને જરૂરતથી વધુ ખોરાક લેવા માટે શરમ અપાવવામાં આવશે અને તતડાવવામાં આવશે અને મનેચ્છાઓની તલબ માટે ધમકાવવામાં આવશે. દુનિયાની હલાલ ચીજોના ઉપયોગનો હિસાબ અને મનની વાસના (વાંછના)ઓની પયરવી બાબતે બોલવામાં આવશે અને હરામ માટે અઝાબ આપવામાં આવશે. અને તેની ઝીનત (સજાવટ) ઈખ્તિયાર કરવાના લીધે હલાકત તથા બરબાદી ભોગવવાની થશે.

આ દસ આફતો છે જેમાંથી નજરવાળાઓ (બુધ્ધિશાળીઓ) માટે એક જ

પૂરતી છે. હે ઈબાદતમાં કોશિશ કરનારા ! તારે હરામ તથા શંકાસ્પદ ચીજોથી પરહેઝ કરવું જરૂરી છે અને રિઝ્‌કના મામલામાં સખત કાળજીની જરૂરત છે જેથી કરીને દોઝખના અઝાબથી નજાત રહે. એ જ પ્રમાણે જરૂરતથી વધારે હલાલના ઉપયોગથી પણ બચવું જરૂરી છે જેથી કરીને બંદો કોઈ શર તથા બુરાઈમાં સપડાઈ ન જાય, અને જેથી કયામતના દિવસે હિસાબના માટે મેહશરમાં રોકવામાં ન આવે.

**સવાલ** : જ્યારે હરામ અને શંકાસ્પદથી બચવું આટલુ જરૂરી છે તો અમને હરામ અને શંકાસ્પદનો હુકમ અને તેની હકીકતથી પણ સંપૂર્ણતઃ માહિતગાર કરો.

**જવાબ** : હું કહું છું (અલ્લાહ તઆલા તારી ઉમર દરાઝ કરે) કે મેં હરામ તથા શંકાસ્પદની પૂરી વિગત અમારી કિતાબ 'અહયાઉલ ઉલૂમ'માં પણ તેનું વિગતે વર્ણન એક આખા પ્રકરણમાં લખ્યું છે, પરંતુ આ કિતાબ 'મિન્હાજુલ આબિદીન'માં અમે અમુક જરૂરી વાતો લખીએ છીએ જેને શરૂઆત કરનારો અને અમલમાં કમજોર શખ્સ આસાનીથી સમજી શકે. કેમ કે આ સંક્ષિપ્ત કિતાબથી અમારો મકસદ એ જ છે કે શરૂઆત કરનારાઓને ખાસ ફાયદો થાય અને એ રીતે દરેક તાલિબે રાહે આખેરત એનાથી લાભ ઉઠાવે.

કેટલાક હુકમા (હકીમો)એ હરામ વિશે આ પ્રમાણે કહ્યું છે :

''દરેક તે ચીજ જેના વિશે તને યકીન હોય કે આ અન્યની માલિકીની છે અને શરઈ ઈજાઝત વગર તેમાંથી લેવું નાજાઈઝ છે તો એવી ચીજ હરામ છે.''

પરંતુ જો એનું યકીન ન હોય બલ્કે ગાબિલ ગુમાન હોય કે આ બીજાની માલિકીની ચીજ છે તો એવી ચીજ શંકાસ્પદ ચીજ છે. અને કેટલાકે હરામના વિશે આ પ્રમાણે ફર્માવ્યું કે ''દરેક તે ચીજ જેના વિશે યકીન હોય અથવા ગાલિબ ગુમાન હોય કે અન્યની છે તો તેનો ઉપયોગ હરામ છે કેમ કે શરીઅતે ઘણા હુકમોમાં ગાલિબ ગુમાન (અધિકતર ધારણા)ને પણ યકીનના દરજ્જે સૂચવ્યું છે.

અને જો કોઈ ચીજના હરામ કે હલાલ હોવામાં શક હોય અને તેના જાઈઝ કે નાજાઈઝની બંને બાજુ સરખી હોય, એટલે સુધી કે તમે એટલી હદે શકમાં

પડી જાવ કે હલાલ તથા હરામ બંનેમાંથી કોઈ બાજુ નક્કી ન કરી શકો, તો એ શંકાસ્પદ ખોરાક છે, કેમ કે એમાં એ પણ શંકા છે કે હરામ હોય. જેથી એવા ખોરાકનો મામલો શંકાસ્પદ છે અને એની હાલત અસ્પષ્ટ છે.

વળી જેની હુરમત (હરામ હોવું) સ્પષ્ટ છે તેનાથી બચવું ફર્ઝ છે અને જેની હુરમતમાં શંકા હોય તેનાથી પરહેઝ કરવું વરઅ અને તક્વો છે. અમારી દષ્ટિએ આ બંને કથનોમાંથી આ બીજા કથનને અગ્રિમતા પ્રાપ્ય છે.

## ★ બાદશાહોના તોહફા લેવા વિશે ★

**સવાલ** : આ જમાનાના બાદશાહોના ઈનામો તથા તોહફાઓ સ્વીકારવા વિશે શો હુકમ છે ?

**જવાબ** : આ મસ્અલામાં ઉલમાનો ઈખ્તેલાફ છે. કેટલાક કહે છે કે જે માલનું હરામ હોવું યકીની નથી તેને લેવામાં અને સ્વીકારવામાં કોઈ વાંધો નથી, એથી ઉલ્ટુ કેટલાક અન્ય ઉલમાએ કિરામ એવું ફર્માવે છે કે જે માલનું હલાલ હોવું સ્પષ્ટ અને યકીની ન હોય તેને લેવું અને કબૂલ કરવું દુરૂસ્ત નથી. કેમ કે આ જમાનાના સુલતાનોની પાસે મોટાભાગે હરામ માલ હોય છે. તેમની પાસે હલાલનો માલ ક્યાં તો તદ્દન હોતો નથી અથવા તદ્દન નહિવત છે.

અને ઉલમાની ત્રીજી જમાઅત એવું કહે છે કે સમયના સુલતાનોનો માલ ગની તથા ફકીર સૌએ કબૂલ કરવો દુરૂસ્ત છે જ્યાં સુધી તેના હરામ હોવાનુ યકીન ન હોય. જો એ માલમાં કાંઈ ખરાબી હશે તો તેનો ગુનોહ આપનારાના માથે છે. તેમની દલીલ એ છે કે હુઝૂર નબીએ કરીમ ﷺએ ઈસ્કંદરિયાના હાકિમ મુકવકિસનો તોહફો કબૂલ ફર્માવ્યો જ્યારે કે તે ગૈર મુસ્લિમ હતો. તદ્ઉપરાંત હુઝૂર ﷺએ મદીનાના યહૂદીથી ઉધારે માલ લીધો, જો કે કુર્આન મજીદમાં અલ્લાહ તઆલાએ યહૂદીઓ વિશે ફર્માવ્યું :–

أَكَّٰلُونَ لِلسُّحۡتِ "એટલે કે મક્કાના યહૂદીઓ આટલા દરજ્જાના હરામખોર છે." *(પારા–૬, સૂરએ માએદા, રૂકૂઅ–૧૦, ૫/૪૨)*

એ હઝરાતની એવી દલીલ પણ છે કે ઘણા સહાબીઓએ જાલિમ હાકિમોનો જમાનો પામ્યો અને તેમની પાસેથી હદીયા તોહફા વગેરે કબૂલ કરતા રહ્યા.

એના અનુસંધાનમાં હઝરત અબૂ હુરૈરહ, હઝરત ઈબ્ને અબ્બાસ અને હઝરત ઈબ્ને ઉમર વગેરે رضی اللہ عنہ નું નામ દર્શાવી શકાય છે.

એથી ઉલટુ બીજા ઉલમા એવું કહે છે કે જાલિમ હાકિમો પાસેથી માલ સ્વીકારવો કોઈ ગની કે ફકીર માટે દુરૂસ્ત તથા જાઈઝ નથી. કેમ કે જુલ્મમાં પડવાને કારણે જ તેમનુ નામ જાલિમ પડી ચૂક્યુ છે અને તેમનો માલ (મોટાભાગે) લગભગ હરામ જ હોય છે અને (વધારે પડતો) ગાલિબનો એતબાર દરેક બાબતમાં હોય છે જેથી તેમના માલથી બચવું જરૂરી છે. કેટલાક બીજા ઉલમા એવું કહે છે કે જે માલનુ હરામ હોવું યકીની ન હોય એનો ઈસ્તેમાલ ફકીર (ગરીબ) માટે દુરૂસ્ત છે ગની (માલદાર) માટે બરાબર નથી. હા ! એ સંજોગોમાં ફકીરે પણ લેવું દુરૂસ્ત નથી જ્યારે કે યક઼ીન હોય કે આ પચાવી પાડેલો માલ છે, કેવળ એ નિય્યતે એ માલ લેવો દુરુસ્ત છે કે તેને લઈને તેના માલિકને આપી દે.

આ ઉલમાએ એ પણ કહ્યું છે કે ફકીરના માટે સમયના મુલતાનોનો માલ સ્વીકારવો અને ઈસ્તેમાલમાં લાવવો દુરૂસ્ત અને જાઈઝ છે કેમ કે તે માલ સુલતાનનો પોતાનો ખુદનો હશે તો તેને કબૂલ કરવામાં વાંધો નથી અને જો માલ લડાઈ વિના કાફિરોથી પ્રાપ્ત થયેલો માલ, ખિરાજ (મેહસૂલ) અથવા ઉશ્રનો હોય તો એમાં પણ શરીઅતની રૂએ ફકીરનો હક્ક છે. એ જ રીતે અહલે ઈલ્મ પણ સમયના સુલ્તાનનો આપેલો માલ પોતાના વપરાશમાં લાવી શકે છે. હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم ફર્માવે છે :–

''જે શખ્સ ઈસ્લામમાં ખુશીપૂર્વક દાખલ થયો પછી કુર્આને કરીમની તિલાવત એલાન સાથે કરતો હોય તે મુસલમાનોના બયતુલ માલમાંથી વાર્ષિક ૨૦૦ દિરહમ લેવાનો હકદાર છે. એક રિવાયતમાં ૨૦૦ દીનાર આપ્યા છે. જો દુનિયામાં તેને નહીં મળે તો આખેરતમાં મળશે.''

અને જ્યારે મામલો એવો છે કે ફકીર અને આલિમ એવા માલના હક્ક઼દાર છે અને તેઓ પોતાનો હિસ્સો લઈ શકે છે. અતાઅ્એ એ પણ કહ્યું છે કે જો કોઈનો માલ પચાવી પાડેલા માલ સાથે એવી રીતે ભેળસેળ થઈ ગયો હોય કે

અલગ પાડવો મુશ્કેલ હોય અથવા કોઈ સુલ્તાનની પાસે પચાવી પાડેલો એવો માલ હોય જેનો માલિક અને માલિકની ઔલાદ મરી ચૂકી હોય અને પાછો આપવાનો કોઈ અવકાશ ન હોય તો સુલ્તાન એવા માલથી ત્યારે જ મુક્તિ પામી શકે છે કે એને સદકો કરી આપે. તો એ સંજોગોમાં એવું શક્ય નથી કે અલ્લાહ એ સુલ્તાનને સદકાનો હુકમ આપે અને ફકીરને તેને કબૂલ કરવાથી મના કરે ! અથવા ફકીરને તે માલ સ્વીકારવાની ઈજાઝત ન આપે, બલ્કે તે માલ તેના (ફકીરના) માટે હરામ હોય તો એવા માલમાં ફકીરને લેવા કે ન લેવાનો ઈખ્તિયાર છે.

પણ આવા મસાઈલમાં ઉલમાએ તમામ શંકાઓ વર્ણન કર્યા વિના અને પૂરી છણાવટ કર્યા વિના ફત્વો આપવો જાઈઝ નથી. જો અમે આ કિતાબમાં અહીં એ જ મસ્અલાની વિગત બયાન કરવાનું શરૂ કર દઈએ તો અમે અમારા મકસદથી દૂર નીકળી જઈશું જેથી જે શખ્સ એની પૂરી વિગત જાણવા માગતો હોય તે અમારી કિતાબ 'અહયાઉલ ઉલૂમ'ના હરામ હલાલવાળા પ્રકરણનો અભ્યાસ કરે. તેમાં એને આ મસ્અલાની પૂરી વિગત મળી રહેશે.

## ★ અમીરો તથા વેપારીઓ પાસેથી ભેટ વિશે ★

**સવાલ** : અમીરો અને વેપારીઓની ભેટ સોગાદોનો શો હુકમ છે ? ગરીબો તથા આલિમોએ તેમના હદિયા તોહફા સ્વીકારવા જાઈઝ છે કે નહીં ? એટલે સુધી કે એ લોકો (અમીરો, વેપારીઓ) માલ પ્રાપ્તિમાં હલાલ હરામ બાબતે નિષ્કાળજી રાખે છે, સાવધાનીથી કે વિચારીને કામ લેતા નથી અને એ જ રીતે આમ દોસ્તોના તોહફાઓ લેવા દુરૂસ્ત છે કે નહીં ?

**જવાબ** : જ્યારે કોઈ ઈન્સાનની જાહેરી હાલત ઠીક હોય અને તેમાં કોઈ શરઈ ખરાબી ન જણાય તો એવા શખ્સની ભેટ કે સદકો સ્વીકારવામાં કોઈ વાંધો નથી, અને આ પ્રકારની ખણખોદ શરઈ એતબારે જરૂરી નથી કે જમાનો બગડી ગયો છે અને લોકોમાં હલાલ તથા હરામનો ફરક ઉઠી ગયો છે એટલા માટે કદાચ આ સદકો પણ હરામ માલથી હોય ! કેમ કે એવો ખયાલ સદકો આપનારના હકમાં બદગુમાની છે જે દુરૂસ્ત નથી, બલ્કે મુસલમાનો બાબતે નેક ગુમાન રાખવાનો હુકમ છે.

વળી સદકા તથા ભેટો બાબતે મુદ્દાની ચીજ એ છે કે દરેક ચીજના વિશે એક શરઈ હુકમ અને જાહેરી શરીઅતનો ફેંસલો હોય છે, બીજો તકવાનો હુકમ અને તેનો હક્ક.

શરઈ હુકમ તો એ છે કે દરેક તે સદકો તથા તોહફો સ્વીકારી લેવો જોઈએ જેનુ જાહેર દુરૂસ્ત હોય અને ત્યારબાદ કોઈ ખોડખાંપણ કાઢવામાં ન આવે. હા ! જો તે માલ હરામ અથવા પચાવી પાડેલો હોવાનુ યકીન હોય તો પછી લેવો જાઈઝ નથી.

પણ તકવો એ છે કે પૂરી છાનબીન કર્યા સિવાય કોઈ ચીજ લેવામાં ન આવે. જો એમાં રજમાત્ર પણ શંકાનુ ગુમાન હોય તો રદ કરી દેવામાં આવે. એટલા માટે કે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہથી રિવાયત છે કે :

''એકવાર આપનો ગુલામ આપની ખિદમતમાં દૂધ લાવ્યો. આપે તેને પી લીધુ. ગુલામે અર્ઝ કરી કે હું પહેલાં જ્યારે પણ કોઈ ચીજ આપની પાસે લાવતો હતો તો આપ તેના વિશે પૂછ્યા કરતા હતા પરંતુ આ દૂધ વિશે આપે કોઈ પ્રશ્ન ન કર્યો ?! ત્યારે આપે પૂછયું કે, આ દૂધ કેવું છે ? ગુલામે જવાબ આપ્યો, મેં જાહિલિયતના (મુસલમાન થતાં પહેલાં) જમાનામાં એક બીમાર માણસ પર મંત્ર ફૂંકયો હતો જેના બદલામાં આ દૂધ આજે તેમણે આપ્યું છે. હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ પોતાના ગળામાં આંગળી નાખી અને તેને ઓકી કાઢયું. ઓકી કાઢયા બાદ આપે ખૂબ જ આજિઝીપૂર્વક દરબારે ઈલાહીમાં અર્ઝ કરી, હે મારા મૌલા ! જેના માટે મારામાં શક્તિ હતી એ મેં કર્યું અને એનો થોડો ઘણો હિસ્સો જે રગોમાં રહી ગયો છે તે માફ કરી દે.

આ રિવાયત એ વાતની મજબૂત દલીલ છે કે તકવા પર નજર રાખનાર દરેક શખ્સના માટે જરૂરી છે કે ખોરાકની પૂર્ણપણે છાનબીન કરે અને પછી તેને ઉપયોગમાં લે.

**સવાલ** : તમારા આ બયાનથી સાબિત થાય છે કે તકવો એ શરઈ હુકમની વિરૂધ્ધ છે !

**જવાબ** : જાણી લો કે શરીઅતનો હુકમ જે જાહેરી હાલત પર લાગે છે તે

આસાની અને સરળતા પર આધારિત છે. એટલા માટે નબી عليه السلام એ ફર્માવ્યું, "મને આસાન અને દરેક બાતિલથી અલગ મઝહબ દઈને મોકલવામાં આવ્યો છે."

અને તક્વો સખતી અને સાવધાની પર આધારિત છે. કહેવામાં આવ્યું છે કે મુત્તકી (તક્વાવાળા)નો મામલો અન્ય હજારો ગુંચવણોમાં ફસાવાથી પણ વધુ સખત છે. વળી એવો ખયાલ ન કરો કે તકવો શરીઅતથી અલગ કોઈ ચીજ છે બલ્કે અસલમાં બંને એક જ છે પણ શરીઅતના હુકમો ડબલ છે. એક જાઈઝ હોવાનો હુકમ અને એક સાવધાની તથા અફઝલિયતનો હુકમ. જાઈઝ હુકમને શરઅ અને અફઝલ તથા અધિક સાવધાનીના હુકમનું નામ તક્વો છે. જેથી આ બંને હુકમો એક બીજાથી વિભિન્ન હોવા છતાં અસલમાં એક છે. આ તફાવતને સારી પેઠે સમજી લો.

**સવાલ** : જ્યારે દરેક ચીજની છાનબીન જરૂરી છે તો આ જમાનામાં કોઈ ચીજને પણ ઉપયોગમાં લેવી તક્વાવાળા માટે મુશ્કેલ છે અને ફસાદ (ખરાબી)થી ખાલી નથી, જ્યારે ચીજોનો ઉપયોગ તેના માટે લાઝમી છે.

**જવાબ** : જાણવુ જોઈએ તક્વો એક કઠિન માર્ગ છે, જે શખ્સ એના પર ચાલવાનો ઈરાદો કરે એના માટે જરૂરી છે કે પોતાના નફ્સ અને દિલને મુશ્કેલીઓ તથા મુસીબતો સહન કરવા માટે મજબૂત કરે, નહીં તો તે તક્વાનો માર્ગે ચાલી નથી શકતો. આ જ તકલીફને કારણે કેટલાયે તક્વાવાળા અને મુતકદ્દેમીન (આગલા) સૂફીઓએ શહેરો અને આબાદીઓને છોડીને લેબનાન પહાડ પર ચાલ્યા ગયા અને આખુ જીવન ઘાસ તથા જંગલી ફળો વગેરે ખાઈને ગુજાર્યું એમાં કોઈ વાતની શંકા નથી. જેથી તક્વાનો મરતબો પ્રાપ્ત કરવા માટે જેનામાં હિંમત હોય તેણે જોઈએ કે મુશ્કેલીઓ તથા મુસીબતો અને હાદસા (દુઃખદ ઘટનાઓ)ને બરદાશ્ત કરે, અને આફતો આવી ચઢે તો સબ્ર કરે અને આ ઉપર જણાવેલ હઝરાતોનો તરીકો અપનાવે. પરંતુ જેઓ લોકોમાં રહેવા અને તે જ ચીજો વાપરવા માટે મજબૂર હોય જે તેઓ વાપરે છે તો તેમણે જોઈએ કે એટલુ થોડુ વાપરે જેટલુ સખત જરૂરત વખતે મુરદાર વાપરવાની ઈજાઝત છે, કેવળ એટલા પર જ ગુજારો કરે જેનાથી અલ્લાહ તઆલાની ઈબાદત કાયમ રાખી શકે. આટલુ વાપરવા માટે તેને માઝૂર (મજબૂર) ગણવામાં

આવશે અને આ માત્રા એના માટે નુકશાનકર્તા થશે નહીં, ભલે તેમાં કોઈ પ્રકારની શંકા હોય, એટલા માટે હઝરત હસન બસરી رضی اللہ عنہ ફર્માવે છે કે,

"કેમ કે બજારોમાં હરામ તથા હલાલમાં તમીઝ (ફરક) ઉઠી ચૂકી છે એટલા માટે કેવળ જરૂર પૂરતી રોજી પર ગુજારો કરવો લાઝિમ છે."

મેં સાંભળ્યું છે કે હઝરત વહબ ઈબ્ને વરદ رحمۃ اللہ علیہ એક એક, બબ્બે અથવા ત્રણ ત્રણ દિવસો સુધી ભૂખ્યા રહેતા હતા, પછી એક રોટી લેતા હતા અને દુઆ કરતા હતા કે, "હે અલ્લાહ ! તું જાણે છે કે હું ખોરાક વિના તારી ઈબાદત માટેની શક્તિ નથી ધરાવતો અને મને કમજોરીનો ડર છે. જો એવું ન હોત તો એ પણ ન ખાત. હે અલ્લાહ ! જો આ રોટીમાં કોઈ ખરાબી કે હરામ હોય તો મને એના ખાવા માટે પકડીશ નહીં !" આ દુઆ કર્યા બાદ આપ રોટીને પાણીમાં પલાળીને ખાતા હતા.

હું કહું છું કે આ ઉપરોક્ત બંને તરીકા તક્‌વાવાળાઓમાં સૌથી ઉચ્ચ તક્‌વાવાળાઓના છે પરંતુ જે લોકો તેમનાથી તકવામાં ઉતરતી કક્ષાના છે તેમના માટે પોતાની શક્તિ મુજબ સાવધાની જરૂરી છે, જેટલી તેમનામાં કાળજી હશે એટલા પ્રમાણમાં તેમને તેમાંથી હિસ્સો મળશે. જાહેર વાત છે કે જેટલી મહેનત તથા કોશિશ કરશો એટલી જ તમને પોતાની મુરાદો પામવામાં કામયાબી મળશે. અને અલ્લાહ તઆલા કોઈ નેક અમલ કરવાવાળાના અમલને નષ્ટ નથી કરતો અને લોકો જે કાંઈ પણ કરે છે તે સર્વ કાંઈ જાણે છે.

## ★ હલાલનો વપરાશ ફુઝૂલમાં ક્યારે ગણાશે ? ★

**સવાલ** : ઉપરોક્ત બયાનમાં તો હરામ ચીજો સંબંધે હતું, જરા હલાલના વિશે પણ બયાન કરી આપો કે કેટલી હદ સુધી તેનો વપરાશ ફુઝૂલમાં ગણાશે નહીં અને કેટલી હદ પછી તે ફુઝૂલના હુકમમાં દાખલ થાય છે ? જેના લીધે કયામતના દિવસે બંદાને હિસાબ માટે રોકવામાં આવશે અને હિસાબ લેવામાં આવશે. અને હલાલના ઉપયોગની મુસ્તહબ અને મુનાસિબ માત્રા શું છે જે ફુઝૂલમાં દાખલ નથી અને જેનો હિસાબ વિગેરે નહીં થાય ?

**જવાબ** : મુબાહ ત્રણ પ્રકારનાં છે એક તે જે ફખ્ર, શૈખી, બડાઈ અને

પ્રદર્શન માટે ઉપયોગમાં લેવામાં આવે. એવાના ઈસ્તેમાલનો જરૂર કયામતના દિવસે હિસાબ થશે અને એના હિસાબ માટે ચોક્કસ ત્યાં રોકવામાં આવશે. અને ઈસ્તેમાલ કરનારને (વાપરનારાને) ધમકાવવામાં આવશે અને શરમિંદો કરવામાં આવશે. એવો ઈસ્તેમાલ (વપરાશ) ખુદા તઆલાને નાપસંદ અને બુરો છે અને આવો ઈસ્તેમાલ બંદાના દિલમાં બુરાઈ જન્માવે છે. એટલે ફખ્ર અને બડાઈ વગેરે દોઝખના અઝાબનો સબબ છે અને આ રીતનો વપરાશનો ઈરાદો ગુનોહ છે. કેમ કે અલ્લાહ તઆલાએ કુર્આન મજીદમાં એક ઠેકાણે ફર્માવ્યું છે :

اَنَّمَا الْحَیٰوةُ الدُّنْیَا لَعِبٌ وَّ لَهْوٌ وَّ زِیْنَةٌ وَّ تَفَاخُرٌۢ بَیْنَكُمْ وَ تَكَاثُرٌ فِی الْاَمْوَالِ وَ الْاَوْلَادِ

"દુનિયાની જિંદગી તો કેવળ ખેલકૂદ, ઝીનત તથા શણગાર, માલ તથા ઔલાદમાં ફખ્ર અને ઘમંડ એમાં અધિકતા ચાહવાનુ નામ છે."

*(પારા–૨૭, સૂરએ હદીદ, રૂકૂઅ–૧૮, આયત–૨૦)*

અને નબી ﷺનો ઈર્શાદ છે :–

"જે શયખી, બડાઈ, ફખ્ર અને પ્રદર્શનના હેતુસર હલાલને તલબ કરશે તે કયામતના દિવસે ખુદા તઆલાને પોતાના ઉપર ગુસ્સે અને ગઝબનાક પામશે."

તો ઉપરોક્ત આયત તથા હદીષમાં એવા મકસદ તથા ઈરાદા માટે ધમકી સંભળાવવામાં આવી છે.

મુબાહનો બીજો પ્રકાર એ છે કે જેનો ઉપયોગ કેવળ મનોાવાંછનાઓ (શહવત)ના માટે કરવામાં આવે. એવો ઉપયોગ પણ બુરો છે, જેના માટે કયામતના દિવસે હિસાબ થશે. કેમ કે રબ તઆલાનું ફર્માન છે :

ثُمَّ لَتُسْـَٔلُنَّ یَوْمَىٕذٍ عَنِ النَّعِیْمِ "પછી તમારાથી જરૂર નેઅમતોના વિશે સવાલ થશે." *(પરા–૩૦, સૂરએ તકાસુર, રૂકૂઅ–૨૭, આયત–૮)*

અને નબી ﷺએ ફર્માવ્યું : "અને હલાલના વપરાશ માટે કયામતના દિવસે હિસાબ થશે."

હલાલ તથા મુબાહનો ત્રીજો પ્રકાર એ છે કે મજબૂરન્ જરૂરત જેટલી ચીજ વાપરવામાં આવે જેનાથી રબ તઆલાની ઈબાદત અંજામ આપી શકાય,

એટલી મત્તા જ બેહતર, મુસ્તહબ અને મુનાસિબ છે, એટલા ઈસ્તેમાલ પર કોઈ હિસાબ તથા અઝાબ વગેરે થશે નહીં બલ્કે એટલો થોડો ઈસ્તેમાલ સવાબ અને મદહ (તારીફ) લાયક છે. કેમ કે અલ્લાહ તઆલા ફર્માવે છે :

أُولَٰٓئِكَ لَهُمْ نَصِيبٌ مِّمَّا كَسَبُوا "તે લોકો માટે હિસ્સો છે એમાંથી જે તેમણે કમાયું" *(પારા–૨, સુરએ બકરહ, રૂકૂઅ–૮, આયત–૨૦૨)*

અને નબી ﷺએ ફર્માવ્યું, **"જે સવાલથી બચવા માટે અને પોતાના પડોશીની મદદ ખાતર અને પોતાના બીવી બચ્ચાંની પરવરિશ માટે હલાલ દુનિયા તલબ કરે તેનો ચહેરો કયામતના દિવસે ચૌદમી રાતના ચાંદ જેમ ચમકી રહ્યો હશે."**

એવા બંદાની આ શાન તથા ફઝીલત એટલા માટે છે કે તેનો ઈરાદો નેક અને ખાલિસ (નિખાલસ, નિઃસ્વાર્થ)પણે અલ્લાહ તઆલાના માટે હોય છે.

**સવાલ** : એ કઈ શરતો છે જેને નિભાવી રાખવાથી મુબાહનો ઉપયોગ ખૈર અને નેકી બની જાય છે ?

**જવાબ** : મુબાહ અને હલાલ ચીજોનો ઉપયોગ બે શરતોથી નેકી અને ખૈર બની જાય છે. એક હાલ (સંજોગો) બીજો ઈરાદો.

હાલથી મુરાદ એ છે કે હલાલ તથા મુબાહને ઉઝ્ર તથા મજબૂરીના સમયે ઉપયોગમાં લેવામાં આવે. ઉઝ્ર અને મજબૂરીની સ્થિતિ એ છે કે, એવો મોકો હોય કે જો હલાલને ઉપયોગમાં લાવવામાં ન આવે તો શરીઅતની રૂએ પકડ થાય. તે એ રીતે કે મુબાહ ચીજનો ઉપયોગ ન કરવાને કારણે શરીર એટલુ કમજોર લાચાર થઈ જાય કે ફર્ઝ, સુન્નત કે નફલ અદા ન કરી શકે, તો એવા સંજોગોમાં મુબાહનો ઉપયોગ કરવો તેને ત્યજવા કરતાં અફઝલ છે. જો કે દુનિયાની મુબાહ ચીજોને ઉપયોગમાં ન લાવવી બેહતર અને અફઝલ છે પણ ઉઝ્રની હાલતમાં ઉપયોગ કરવો એ જ બેહતર તથા અફઝલ છે.

ઈરાદાથી મુરાદ એ છે કે હલાલના ઉપયોગથી આખેરતની સફરનો તોશો (ભાથુ) તૈયાર કરવો અને ખુદા તઆલાની ઈબાદત માટેની શક્તિ તથા એમાં મદદ મળે તેવો હેતુ. આ પ્રકારના ઉપયોગ વેળા દિલમાં એવો ખયાલ લાવે કે

જો મારો હેતુ ખુદા તઆલાની ઈબાદત ન હોત તો હું તેનો ઉપયોગ ન કરત. આ તેના ઉપયોગ માટેનુ બીજુ કારણે છે. તો જે મુબાહના વપરાશમાં આ બંને બાબતો જોવા મળશે એવો ઉપયોગ મુસ્તહબ, નેકી અને ખૈરમાં ગણત્રી પામશે. અને જો કોઈ સ્થળે ઉઝ્રની હાલત તો હોય પણ ઉપરોક્ત ઈરાદો (હેતુ) ન હોય અથવા ઈરાદો તો એવો જ હોય પણ ઉઝ્રની હાલત ન હોય તો ત્યાં મુબાહનો ઉપયોગ નેકી કે મુસ્તહબમાં ગણાશે નહીં.

વળી આ નેકી અને સાવધાનીના દરજ્જા પર અડગતા માટે બસીરત (દીની સમજવાળી દ્રષ્ટિ) અને નેક ઈરાદાની જરૂરત છે એટલે જ્યારે પણ હલાલ કે મુબાહ ચીજને વપરાશમાં લેવા માંડે તો એ ઈરાદો કરે કે હું ઈબાદતમાં શક્તિના હેતુથી એને ઉપયોગમાં લેવા લાગ્યો છું. જો ક્યાંક ખુદા ન ખ્વાસ્તહ્ આ ઈરાદાથી ભૂલ પડે (ભૂલી જાય) તો યાદ આવતાં કરી લે.

અમારા શયખ رضی اللہ عنہએ ફર્માવ્યું છે કે અહીં ત્રણ બાબતો થઈ ગઈ જેને લક્ષમાં લેવી જરૂરી છે. બે તો આ ઉપયોગને નેકીમાં દાખલ કરવા માટે એટલે કે ઈરાદો અને ઉઝ્રની હાલત, અને ત્રીજી બાબત હમેશાં આ ઈરાદાને મજબૂતીના માટે લક્ષમાં રાખવો.

**સવાલ** : હલાલનો તે ઉપયોગ જે શહવત (મનેચ્છાઓ)ના લીધે હોય તો શું તે ગુનાહ અને અઝાબનો સબબ છે કે નહીં ? અને શું ઉઝર (મજબૂરી)ની હાલતમાં મુબાહ ચીજનો ઉપયોગ ફર્ઝ તથા જરૂરી છે કે નહીં ?

**જવાબ** : ઉઝ્રની હાલતમાં મુબાહ ચીજનો ઉપયોગ અફઝલ, ખૈર અને મુસ્તહબ છે, ફર્ઝ અને વાજિબ નથી. અને શહવત (મનોવાંછના)ના લીધે જે ઉપયોગમાં લેવાય તે બુરુ અને નાપસંદીદા છે અને એનાથી મનાઈ સાવધાનીના રૂપે છે, એ ગુનોહ કે અઝાબનો સબબ નથી. હા ! કયામતના દિવસે એના હિસાબના માટે બંદાને રોકવામાં આવશે અને તેને ધમકાવવામાં આવશે અને શરમિંદો કરવામાં આવશે.

**સવાલ** : આ 'હબસ' (ઘેરાવ) તથા હિસાબ શું ચીજ છે જેનો બંદાએ સામનો કરવો પડશે ?

**જવાબ** : હિસાબ એ છે કે **કયામતના દિવસે તમને પૂછવામાં આવશે**

**કે તમે આ ચીજ કેવી રીતે મેળવી અને તેને કયાં વાપરી અને કઈ નિય્યતે વાપરી ?**

અને 'હબસ' એ છે કે હિસાબ લેવાના માટે જન્નતમાં જવાથી રોકી દેવામાં આવશે અને આ 'હબસ' મેહશરના મેદાનમાં થશે જયારે તમામ મખ્લૂક પર ભય છવાયેલો હશે અને લોકો તંગી અને પ્યાસની હાલતમાં ઉભેલા હશે અને આ ઘણી જ મોટી આઝમાઈશનો સમય હશે.

**સવાલ** : જયારે અલ્લાહ તઆલાએ હલાલના ઈસ્તેમાલની આપણને ઈજાઝત આપી છે તો આ ધમકાવવાનું અને શર્મિંદા કરવાનુ શાથી ?

**જવાબ** : આ ધમકાવવું અને શરમિંદા કરવું અદબ છોડવાને લીધે હશે. કેમ કે તે શખ્સ જે બાદશાહના દસ્તરખાન પર બેસે અને અદબ ન જાળવે તો તેને તતડાવવામાં આવશે અને શરમિંદો કરવામાં આવશે, ભલે તે ખાવા તેના માટે જાઈઝ તથા મુબાહ હોય છે.

સારાંશ એ કે અલ્લાહ તઆલાએ બંદાને ઈબાદત અને બંદગી માટે પેદા ફર્માવ્યો છે એટલા માટે બંદા માટે જરૂરી છે કે દરેક એતબારથી તેનો બંદો રહે અને દરેક કાર્યને ખુદાની મરજી મુજબ કરે. જો તે ઈબાદત તથા તેની રઝામંદીનો ખયાલ ન રાખે બલ્કે પોતાની મનોવાંછનાઓની પયરવી કરે અને પોતાના રબની ઈબાદત તથા બંદગીથી વિમુખ બને જયારે કે તેનામાં રબની બંદગી તથા ઈબાદતની તાકાત પણ હોય, કોઈ ઉઝર (મજબૂરી) ન હોય, વળી આ દુનિયા છે ઈબાદત તથા બંદગીની જગા ! તો જે શખ્સ આ તમામ ચીજો હોવા છતાં મનેચ્છાઓ વાસનાઓની પયરવી કરે તે ચોક્કસ પોતાના માલિક તથા મૌલાની તરફથી ઠપકાનો તથા શરમમાં પડવાની સજાને લાયક બને છે. وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ

આ તે વર્ણન હતું જે આ પુસ્તકમાં નફસની ઈસ્લાહના વિશે રજૂ કરવામાં આવ્યું, જેથી આ વર્ણનને તમારા દિલો દિમાગોમાં મહફૂઝ કરી લો અને એના પર અમલ કરો. ઈન્શા અલ્લાહ તઆલા ! બંને જહાનમાં ખયરે કષીર (પુષ્કળ ભલાઈ)ના માલિક બની જશો. فاللّٰہ ولی العصمة والتوفیق بفضلہ

# પ્રકરણ

## ★ નફ્સના ઈલાજના રહસ્યો ★

માટે હે અઝીઝ ! તારા માટે જરૂરી છે કે આ લાંબી કઠિન ઘાટીને પાર કરવા માટે પૂરી કોશિશ ખર્ચી કાઢે, કેમ કે એને પાર પાડવી ઘણી મુશ્કેલ તથા મહેનતનુ કામ છે અને આ ઘાટી ફિત્નાઓથી લબરેઝ છે કેમ કે જે પણ હક્ક્ના માર્ગથી વિમુખ થઈને હલાક તથા તબાહ થયો છે તે દુનિયા કે મખ્લૂક સાથે મેલજોલ અથવા નફસ કે શૈતાનના લીધે જ થયો છે. અને અમે અમારી કિતાબ અહયાઉલ ઉલૂમ, કિતાબુલ અસ્રાર અને અલ્કુર્બતુ ઈલલ્લાહ વગેરેમાં આ પ્રકારના પ્રસંગો તથા મસાઈલ લખ્યા છે જે આ ઘાટીને પર પાડવામાં ઘણા સહાયરૂપ છે.

અને આ કિતાબમાં મારો મક્સદ એ હતો કે, અલ્લાહ તઆલા મને નફ્સના ઈલાજના રહસ્યોથી ખબરદાર કરે અને મારી ઈસ્લાહ કરે અને મારા થકી ઈસ્લાહના તરીક્આેથી લોકોને માહિતગાર કરી આપે. એટલા માટે મેં આ કિતાબમાં સંક્ષિપ્ત પણ તમામ મુદ્દાઓને સમાવી લે તેવું સમૃધ્ધ વર્ણન રજૂ કરવાથી સંતોષ માન્યો છે. જે વ્યક્તિ પણ એનામાં સંશોધન કરશે તે એને પૂરતુ પામશે અને ઉમદા મુદ્દાઓ જરૂર તેનું ઈન્શા અલ્લાહુ તઆલા ! રાહે હક્ક્ની તરફ માર્ગદર્શન કરશે અને આ પ્રકરણમાં દુનિયા, મખ્લૂક્, નફ્સ અને શૈતાનથી મુક્તિ અપાવનારા મુદ્દાઓનો ખાસ સમાવેશ થયેલો છે.

તો હે અઝીઝ ! દુનિયાની રુકાવટોથી પરહેઝ કરવું અને ઝોહદ અપનાવવું તારા માટે જરૂરી છે કેમ કે તું ત્રણ સ્થિતિઓથી પર (ખાલી) નથી :–

૦૧. ક્યાં તો તું દ્રષ્ટિવાળો અક્કલવાન છે જેથી તારા માટે એ પૂરતુ છે કે દુનિયા અલ્લાહ તઆલાની દુશ્મન છે અને અલ્લાહ તારો દોસ્ત અને હબીબ છે. અને એ કે દુનિયા તારી અક્કલને ગુમ કરી દેનારી છે જ્યારે કે અક્કલ જ ઈન્સાનનું અસલી જોહર છે.

૦૨. અથવા તો તું હિંમતવાન અને (નેક ઈરાદાવાળો) અને ઈબાદતમાં કોશિશ કરનારા લોકોમાંથી છે તો તારા માટે એ પૂરતુ છે કે દુનિયા પોતાની નહૂસતમાં એટલી હદે પહોંચી ગઈ છે કે તે ઈબાદતના ઈરાદાથી દૂર રાખે છે અને તેની ચિંતા તને બંદગી તથા આમાલે ખૈર (સારા કર્મો)થી રોકે છે. જ્યારે દુનિયાની ફિકર ચિંતા રુકાવટો સબબ છે તો ખુદ દુનિયા કેટલા અંશે રુકાવટનો સબબ હશે !

૦૩. અથવા ક્યાં તો તું ગફલતવાળા લોકોમાંથી છે એટલે કે તારામાં સચ્ચાઈને જોવાની દષ્ટિ સમજ નથી અને ન તારામાં સદ્કાર્યોનો ઈરાદો છે. આ સંજોગોમાં તારા માટે એ જ પૂરતુ છે કે તારે એક દિવસે આ દુનિયાથી જુદા થવું પડશે. અથવા આ દુનિયા તારાથી અચાનક અલગ થઈ જશે જેમ કે હઝરત હસન બસરી (رضی اللہ عنہ) ફર્માવે છે :–

''જો દુનિયા તારા માટે બાકી રહેશે તો તું એના માટે બાકી રહીશ નહીં, એટલા માટે દુનિયાની તલબમાં શો ફાયદો ? અને આપણી કિંમતી જિંદગી તેની તલબમાં વેડફી નાખવાથી શું મળે ?''

એક અરબી શાયરે શું કહ્યું છે :–

૦૧. માની લીધું કે દુનિયા પુષ્કળ પ્રમાણમાં તારા પ્રતિ ખેંચાતી આવી રહી છે પરંતુ શું એ એક દિવસ ફના નહીં થાય ?

૦૨. તને એશઆરામથી હક઼ીક઼ી ખુશીની ઉમ્મીદ કઈ રીતે થઈ શકે છે જે થોડા દિવસો બાદ ફના થઈ જશે અને જેનો આરામ નજીકમાં જ તકલીફ અને રંજમાં ફેરવાઈ જશે.

૦૩. આ દુનિયાનુ દ્રષ્ટાંત બિલકુલ પડછાયા જેવું છે જેમાં તું જરા આરામ કરે છે, અને પછી એ પડછાયો ત્યાંથી ચાલ્યો જાય છે.

તો બુધ્ધિશાળી માટે એ કદી શોભાસ્પદ નથી કે આ દુનિયાના ધોકામાં આવે. એક અરબી શાયરે તદ્દન સાચુ કહ્યું છે :–

(અર્થ) દુનિયા ખ્વાબની જેમ છે અથવા નષ્ટ થઈ જનારા કે ઉડી જનારા પડછાયા સમાન છે, અને બેશક ! બુધ્ધિશાળી આવી પાયાહીન અને નાશવંત

ચીજથી ધોકો નથી ખાતો.

## ★ ઈબ્લીસની બુરાઈથી બચવું અનિવાર્ય ★

હવે રહ્યો શૈતાન, તો તેની બુરાઈથી પોતે પોતાને સલામત રાખવા માટે કેવળ એ જ દલીલ પૂરતી છે કે અલ્લાહ તઆલાએ પોતાના નબી મુહમ્મદ ﷺને ફર્માવ્યું :–

وَقُلْ رَّبِّ اَعُوْذُ بِكَ مِنْ هَمَزٰتِ الشَّيٰطِيْنِ ۙ وَاَعُوْذُ بِكَ رَبِّ اَنْ يَّحْضُرُوْنِ

"(હે મારા નબી ! દુઆ રૂપે) આ પ્રમાણે કહો, હે મારા રબ ! હું શૈતાનોના વસવસાઓથી તારી પાસે જ પનાહ લઉં છું અને હે મારા રબ ! હું એ વાતથી પણ તારી પાસે જ પનાહ લઉં છું કે શૈતાન મારી પાસે આવે."

તો હુઝૂર ﷺ જે સૌથી બેહતર, સૌથી વધારે આલિમ, સૌથી અધિક બુદ્ધિશાળી અને અલ્લાહ તઆલાને ત્યાં સૌથી અધિક બુલંદ મરતબાવાળા છે તે એ ચીજથી મોહતાજ છે કે શૈતાનથી અલ્લાહની પનાહ માગે, તો તું તો જેહાલત, અયબો અને ગફલતોનું પૂતળુ બનેલો છે અને શૈતાનથી બચવા અલ્લાહની પનાહ માગવાનો મોહતાજ નથી ?! જરૂર મોહતાજ છે અને સખત મોહતાજ છે.

## ★ લોકો સાથે મેલજોલની બુરાઈ ★

વળી લોકોથી મેલજોલની ખરાબીના સબૂતમાં કેવળ એ જ પૂરતુ છે કે જો તું તેમનાથી મેલજોલ કરીશ અને તેમની ઈચ્છાઓને અનુસરીશ તો ગુનેહગાર થઈ જઈશ અને પોતાની આખેરતના મામલાને ખરાબ કરી નાખીશ, અને જો તેમની ઈચ્છાઓનો વિરોધ કરીશ તો તેમના તરફથી તકલીફો અને ઈજાઓ થશે તેનાથી દુઃખી થઈશ અને તારી દુનિયાની જિંદગી મેલી થઈ જશે, વળી તેઓ તારા જાની દુશ્મન બની જાય એવું પણ બને. અને આ રીતે તું એમના ફિત્નામાં સપડાઈ જઈશ. અને જો તું તેમની સાથે સારી રીતે મેલજોલ રાખીશ તો તેઓ તારી પ્રશંસા અને તાઝીમ કરશે અને એ કાંઈ અજુગતુ નથી કે આ રીતે તું પોતે પોતાની પ્રશંસાના ફિત્નામાં પડી જાય. અને જો તેઓ તારી બુરાઈ કરશે અને તને નીચ તથા ઝલીલ ખયાલ કરશે તો એ સ્થિતિમાં તું ક્યારેક દુઃખી

અને ક્યારેક નાજાઈઝ ગુસ્સો કરીશ અને પ્રશંસા તથા બુરાઈ બંને તબાહ કરનારી ચીજો છે.

વળી તમે જરા એ તો યાદ કરો કે જ્યારે તમને કબરમાં દફન થવાને ત્રણ દિવસો થશે તો તમને બિલકુલ ભૂલાવી દેશે, ત્યાં કેવળ ખુદા તઆલાની જાત મૌજૂદ હશે. તો શું આ ઉઘાડુ નુકસાન નથી કે તું એવા લોકોની સાથે બેસીને પોતાના પ્રિય સમયને વેડફી નાખે જેનાથી ન તને વફાની ઉમ્મીદ છે અને જેમની સાથે ન તો વધારે તારે રહેવાનુ છે અને પોતાના રબની ખિદમત તથા તાઅત (ફર્માબરદારી)ને ત્યજી દે જેની બારગાહમાં છેવટે તારે હાજર થવાનુ છે. મર્યા બાદ કેવળ તે જ હમેશાં માટે તારો સાથ આપશે અને હકીકતમાં સૌનો તે જ હાજત રવા છે અને દરેક વાતમાં કેવળ તેના પર જ ભરોસો હોવો જોઈએ અને દરેક હાલતમાં દરેક તકલીફ તથા મુશ્કેલીના સમયે તેના તરફ રજૂ થવું જોઈએ, તે એકલો છે કોઈ તેનો શરીક નથી.

હે આજિઝ ઈન્સાન ! મારી આ વાતો અને નસીહતોને ધ્યાનથી સાંભળ ! શાયદ તને અલ્લાહ તઆલા પોતાની મહેરબાનીથી હિદાયતની રાહ દેખાડે અને અલ્લાહ જ હિદાયતનો માલિક છે.

## ★ નફ્સની બુરાઈનું બયાન ★

નફ્સ બુરો હોવા માટેની એ જ સાબિતી પૂરતી છે કે જે તું રાત દિવસ તેની હાલતો, તેના બુરા ઈરાદાઓ અને તેની શરીઅત વિરૂધ્ધ પ્રવૃત્તિઓમાં પડવાનો અનુભવ કરી રહ્યો છે. **આ નફ્સ વાસનાના સમયે જાનવર જેવા ફેઅલો (કામ) કરે છે, ગુસ્સાના સમયે ફાડી ખાનાર જાનવર બની જાય છે અને મુસીબત તથા તકલીફના સમયે નાના બાળકની જેમ રૂદન કકળાટ કરે છે અને આરામ તથા એશના સમયે ફિરઔન બની જાય છે. જ્યારે ભૂખ્યો હોય છે તો પાગલ થઈ જાય છે અને જ્યારે ધરાયેલો હોય છે તો સરકશ (નાફર્માન) બની જાય છે. જો તેને તૃપ્ત કરે તો તે સરકશી કરે છે અને ભૂખ્યો રાખે તો ચીસો પાડે છે અને અધિરાઈ પ્રદર્શિત કરે છે.** આ બરાબર એ જ પ્રમાણે છે જેમ કે એક શાયરે કહ્યું છે :

અર્થ : આ નફ્સ મનહૂસ ગધેડાની જેમ છે જે ધરાયેલો હોવાની હાલતમાં બદમસ્તીમાં આવીને લોકોને હેરાન કરે છે અને જ્યારે ભૂખ્યો હોય છે ત્યારે હોંચી હોંચી કરે છે !

કેટલાક સાલેહીને તદ્દન સત્ય ફર્માવ્યું છે :

**"આ ખબીસ (ગંદા) નફ્સની કંજૂસી તથા જેહાલતની હાલત એવી છે કે જ્યારે કોઈ ગુનાહનો ઈરાદો કરે અથવા વાસના માટે તૈયાર થઈ જાય તો તું એને રોકવાની કોશિશ કરે અથવા ખુદા, રસૂલ, તમામ અંબિયા, કલામ મજીદ અથવા તમામ સલફે સાલેહીનનો વાસ્તો આપે અથવા તેની સામે મૌત, ક઼બર, ક઼યામત, જન્નત અને દોઝખ સુદ્ધાં રજૂ કરે તો પણ ગુનાહથી પાછો હઠશે નહીં અને પોતાની શહવત (વાસના)ને ત્યજશે નહીં.** વળી એક રોટી ખાઈને બીજી રોટી ખાવાથી તેને રોકી દેવામાં આવે જેથી તે રોકાય અને ખાવાની લાલચને જવા દે, તો તને તેના કમીનાપણા અને જેહાલતનો ખયાલ આવી જશે."

એટલા માટે હે અઝીઝ ! તેનાથી ગફલત ન કરતો કેમ કે તેના વિશે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે જે તેની હકીકતને સૌથી બેહતર જાણે છે.

اِنَّ النَّفْسَ لَاَمَّارَةٌۢ بِالسُّوْٓءِ "બેશક ! નફ્સ સદા બુરાઈનો હુકમ આપે છે." *(પારા–૧૩, ઈબ્તેદામેં, આયત–૫૩)*

હઝરત અહમદ ઈબ્ને અરકમ બલ્ખી رضی اللہ عنہ થી નકલ થયેલ છે કે, એકવાર મારા નફસે જેહાદમાં શરીક થવા માટે મને મજબૂર કર્યો, તો દિલમાં કહ્યું, સુબ્હાનલ્લાહ ! કુર્આનમાં તો આવ્યું છે કે નફ્સ બુરાઈ તરફ લલચાઈ છે અને મારો નફ્સ મને નેક કામ પ્રતિ ખેંચે ! એવું હરગિઝ નથી થઈ શકતું. બલ્કે એનો મૂળ મકસદ એ છે કે લોકોથી મેળમેળાપ કરાવીને એકાંત અને ગોશાનશીનીના ડરને (ગભરાટને) દૂર કરે અને લોકોથી હળીમળીને રાહત અનુભવે અને તેમની સમક્ષ પોતાની ગોશાનશીની અને બુઝુર્ગીની ચર્ચા કરીને પોતાની તાઝીમ તથા પોતાનો એહતરામ કરાવે. જેથી મેં નફસને જવાબ આપ્યો કે હું કદાપિ તને આબાદીમાં લઈ જવાનો નથી અને કોઈ ઓળખ પિછાણવાળી

જગાએ તને લઈ જઈશ નહીં ! તો તે એ જવાબ પર રાજી થઈ ગયો, પરંતુ મને પછી ખયાલ આવ્યો કે એ પોતાની વિરૂધ્ધ વાતમાં કઈ રીતે રાજી થઈ શકે છે અને મેં મારા દિલમાં કહ્યું કે ખુદાનુ કલામ સાચુ છે (કે નફ્સ બુરાઈની તરફ જ જાય છે) જેથી મેં તેને કહ્યું, હું દુશ્મન સાથે જેહાદ તથા લડાઈ કરવા માટે તૈયાર છું પરંતુ મારો સૌથી પહેલો દુશ્મન તું છે એટલા માટે પ્રથમ મુકાબલો તથા લડાઈ તારી સાથે થશે. મારા આ જવાબથી પણ નફ્સે ખોટુ ન લગાડયું. તો હું દિલમાં આશ્ચર્યથી હેરાન રહી ગયો અને ખુદાના દરબારમાં દુઆ કરી કે, હે રબ તઆલા ! હું નફ્સને જો કે જૂઠો જ સમજુ છું અને તને સાચો જાણુ છું, પણ મને આ બાબતની અસલ હકીકત જણાવ. તો ફશ્ફની હાલતમાં મેં સાંભળ્યું કે નફ્સ કહી રહ્યું હતું કે,

"હે અહમદ ! તું મને દરરોજ મનેચ્છાઓ (વાસનાઓ)થી રોકીને ક્ત્લ કરે છે અને દરેક વાતમાં મારો વિરોધ કરીને તું મને તંગ તથા પરેશાન કરે છે અને મારી આ ક્ત્લ તથા તકલીફની કોઈને જાણ નથી થતી. જો તું જેહાદમાં ભાગ લઈશ તો કેવળ એક વખત જ મને ક્ત્લ કરીશ બાદમાં મને કાયમ માટે તારાથી નજાત (મુક્તિ) મળી જશે અને હું લોકોમાં એ વાતની ચર્ચા કરીશ કે અહમદ શહાદતનો દરજ્જો પામ્યો. આ રીતે મારી ચર્ચા થશે અને મને જ શરફ (મહાનતા) હાંસલ થશે."

ઈમામ અહમદ ઈબ્ને અરકમ ફર્માવે છે કે, તેના આ જવાબથી મેં નિશ્ચય કરી લીધો કે કદાપિ જેહાદમાં શિરકત કરીશ નહીં જેથી મેં તે વરસે જેહાદમાં ભાગ ન લીધો.

હે અઝીઝ ! જરા વિચાર કર ! કે નફ્સ કેટલો દગાબાજ તથા પ્રપંચી છે કે મૌત પછી પણ તારા સારા અમલોને રિયાના ઝરીયે બરબાદ કરે છે. એક અરબી શાયરે શું સરસ કહ્યું છે :

અર્થ : તારા નફ્સની અય્યારીઓ (દગાબાજીઓ)થી બચ અને તેની ધોકાબાજીઓથી બૈખૌફ ન બન, કેમ કે નફ્સની ખરાબી સિત્તેર શૈતાનોથી પણ વધીને છે.

એટલા માટે આ ધોકાબાજ, ગુનાહોમાં ફેંકી દેનાર ખબીસ (ગંદા) નફ્સથી સાવચેત રહે અને દરેક સમયે અને હર હાલમાં તારા દિલને તેના વિરોધમાં અડીખમ રાખ. ઈન્શા અલ્લાહુ તઆલા ! એવું કરવાથી તું એની આફતોથી મેહફૂઝ રહીશ અને તેને સવાબ (નેક કામ)નો માર્ગ નસીબ થશે.

વળી હે અઝીઝ ! તારા માટે જરૂરી છે કે તેને શહવત (વાસનાઓ) અને ગુનાહોથી દૂર રાખવા માટે તક્વાની લગામ પહેરાવે એ લગામ સિવાય તેનો કોઈ ઉપાય નથી.

હે અઝીઝ ! તું જાણી લે કે હું નફ્સને ગુનાહોથી દૂર રાખવાનો એક ઉમદા કાયદો વર્ણન કરી રહ્યો છું તે એ છે કે ઈબાદતના બે પ્રકાર છે એક 'મામૂરાત' (એટલે કે જેને કરવાનો હુકમ છે) અને બીજો 'મનહિય્યાત' (એટલે કે ચીજો જેનાથી બચવું જરૂરી છે) અને 'મામૂરાત'ને અંજામ આપવું અને 'મનહિય્યાત'થી બચવું એ બંનેના સમૂહને 'તક્વો' કહે છે.

પરંતુ 'મનહિય્યાત'થી બચવું હર હાલતમાં બંદાના માટે અફઝલ અને અધિક બચવા જેવું, અધિક બેહતર તથા આ'લા છે. 'મામૂરાત'ની સરખામણીમાં એની એહમિયત અધિક છે એટલા માટે મુજાહિદા તથા રિયાઝતની શરૂઆત કરનાર શરૂઆતમાં મામૂરાત પર અધિક જોર આપે છે. તેઓ દિવસે રોઝાથી હોય છે અને રાત્રે નવાફિલમાં ઉભા રહે છે વગેરે..

અને શરૂઆત કરનાર તથા સમજદારો 'મનહિય્યાત'થી બચવાની વધુ પાબંદી કરે છે જેથી તેઓ પોતાના દિલોને ગૈરૂલ્લાહના ખયાલથી મહફૂઝ રાખવા માટેની કોશિશ કરે છે, પોતાનાં પેટોને જરૂરતથી વધુ ખોરાકથી મહફૂઝ રાખે છે, પોતાની જીભોને બેકાર તથા બેહૂદા વાતોથી બચાવે છે અને પોતાની નજરોને નિરર્થક ચીજોથી બચાવે છે. એટલા માટે આબિદે ષાનીએ યૂનુસ આબિદને કહ્યું (અને તે આબિદોની કુલ સંખ્યા સાત હતી) કે :

''હે યૂનુસ ! કેટલાક લોકો એવા છે જેમને સૌથી વિશેષ પ્યાર નમાઝોથી છે જેથી તેઓ નમાઝ કરતાં અન્ય કોઈ અમલને અગ્રિમતા આપતા નથી, તેઓ ઈબાદતોના થાંભલાઓ છે. તેઓ સંપૂર્ણતઃ સચ્ચાઈ તથા તવક્કુલ પર જામેલા

રહે છે અને હર વખત ખુદાના દરબારમાં આજિઝી તથા દુઆમાં મશગૂલ રહે છે, અને કેટલાક એવા છે જેમને સૌથી અધિક રોઝાથી મહોબ્બત છે જેથી તેઓ રોઝા પર કોઈ અન્ય અમલને અગ્રિમતા નથી આપતા અને કેટલાક એવા છે જેઓ સદકાને સૌથી પ્રિય ગણે છે. હે યૂનુસ ! હું તને આ ત્રણેવ નમાઝ, રોઝા અને સદક઼ાની તફસીલ બતાવું છું કે તેનો મતલબ શો છે ?''

નમાઝથી મુરાદ એ છે કે તું હમેશાં તકલીફો તથા મુસીબતો આવી પડતાં સબ્રની નમાઝ અદા કરતો રહે અને સદાય ખુદાપાકના હુકમોને બજાવતો રહે.

રોઝાથી મુરાદ એ છે કે તું બુરાઈથી પોતે પોતાને રોકેલો રાખે.

અને સદકાથી મુરાદ એ છે કે તારા તરફથી કોઈને તકલીફ તથા ઈજા ન પહોંચે. કેમ કે તું એનાથી ઉચ્ચતમ ચીજનો સદકો નથી કરી શકતો. **કોઈને તકલીફ ન આપવી એ જ ઘણો મોટો સદકો છે અને સૌથી વિશેષ પાકીઝા કાર્ય છે.**

ઉપરોક્ત બયાનથી જ્યારે તારા પર રોશન થઈ ગયું કે 'મનહિય્યાત'થી બચવું વધુ મહત્વનું અને એ માટેની કોશિશ અધિક અફઝલ તથા મુનાસિબ છે. તો જો તને બંને પ્રકારની ઈબાદત (જે કરવાનો હુકમ 'અવામિર'ને બજાવવું અને 'મનાહિય્યાત' જેનાથી રોકવામાં આવેલ છે તેનાથી બચવું) હાંસલ થઈ જાય અને તુ બંનેનો પાબંદ થઈ જાય તો તું ઈબાદતના મામલામાં કમાલના દરજ્જે પહોંચી ગયો અને તારો હેતુ પાર પડી ગયો અને આફતોથી મેહફૂઝ થઈ ગયો અને અસલ ગનીમત તારા હાથમાં આવી ગઈ.

અને જો બંને પ્રકારની ઈબાદત તને હાંસલ ન થઈ શકે. તો તું બચવાનો માર્ગ અપનાવે, એનાથી તું ગુનાહોથી સલામત રહીશ અને તું આ માર્ગ ન અપનાવે અને ગુનાહો તથા બુરાઈઓથી ન બચે તો આખી રાત નવાફિલ પઢવાથી, દિવસે રોઝા રાખવાથી અને અન્ય મુસ્તહબ કામોમાં મશગૂલ થવાથી તને કોઈ લાભ થશે નહીં. તારા રાત્રિ જાગરણની તકલીફો નિરર્થક જશે, કેમ કે ગુનાહો અને બુરાઈઓથી ન બચવાને કારણે તારી નેકીઓ સાથોસાથ બરબાદ થતી જશે, અને દિવસે રોઝો રાખીને જ્યારે તું ગીબત, જૂઠ અને અન્ય બેહૂદા

વાતચીતથી પરહેઝ કરીશ નહીં તો તારા આ રોઝાથી શો ફાયદો થશે. ?

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ ને કોઈકે પૂછયું કે, આ બે માણસોમાં અફઝલ કોણ છે ? એક તે જે નેકીઓ પણ વધુ કરે અને ગુનાહ પણ વધુ. બીજો તે જે નેકીઓ પણ ઓછી કરે અને ગુનાહ પણ ઓછા કરે. આપે જવાબ આપ્યો કે બંને સરખા છે.

અને એ જે કહ્યું કે અધિક નેકીઓ કરવાને બદલે ગુનાહોથી બચવું અધિક જરૂરી તથા મહત્વનું છે. તો એનું દષ્ટાંત બીમાર જેવું છે કે તેના ઈલાજના બે પાસાઓ છે : એક તો એ કે બીમારને દવા આપવી, બીજુ એ કે બીમારને નુકસાનકર્તા ચીજોથી બચાવવું. તો બંને ચીજો બીમાર અપનાવે તો બીમાર જલ્દીથી સાજો થઈ જાય. અને જો બંને પાસાં મૌજૂદ ન હોય તો પરહેઝનું પાસુ અપનાવવું અફઝલ છે અને એવી દવા તદ્દન કોઈ ફાયદો નથી કરતી જેના સાથે પરહેઝીને ગણકારવામાં ન આવે. પરંતુ દવા ન હોય અને પરેજી પાળી તો એ ચોક્કસ ફાયદાકારક રહે છે. નબીએ કરીમ ﷺ ઈર્શાદ ફમાવ્યો : **"દરેક બીમારીનો મૂળ ઈલાજ પરહેઝ છે."**

હુઝૂરના ઈર્શાદનો અર્થ એ છે કે પરહેઝ કરવું (પરેજી પાળવી) એ સ્વયં એક બેહતરીન ઈલાજ છે, તે હોય તો અન્ય કોઈ ઈલાજની જરૂરત નથી પડતી. એટલા માટે સાંભળવામાં આવ્યું છે કે હિંદુસ્તાનના લોકોની દષ્ટિએ બીમારનો સૌથી મોટો ઈલાજ બીમારને ખાવા, પીવા અને કામકાજથી રોકવું તે છે, એમને ત્યાં પરેજી પાળવાથી જ સામાન્યતઃ બીમારો સાજા તંદુરસ્ત થઈ જાય છે.

અમારા આ ઉપરોક્ત બયાનથી તારા પર જાહેર થઈ ગયું કે તક્વો જ અસલ જૌહર અને આખેરતની નજાતનો ઝરીયો છે. માણસોમાં મુત્તક઼ી લોકોનો દરજ્જો જ સૌથી ઉચ્ચ અને બુલંદ છે. એટલા માટે હે અઝીઝ ! તારા માટે જરૂરી છે કે તારામાં તક્વો પેદા કરવા માટે પૂરી કોશિશ અને પૂરેપૂરી મહેનત (જિદ્દો જેહદ) કરે.

## પ્રકરણ

## ચાર અંગોની હિફાઝત

પછી તારા માટે ચાર અંગોની દેખભાળ પણ જરૂરી છે, કેમ કે શરીરમાં આ ચાર અંગ જ મોટાં અને મૂળ છે.

### ★ આંખની હિફાઝત ★

એની દેખભાળ એટલા માટે જરૂરી છે કે દીન તથા દુનિયાના કામોનો દારોમદાર દિલ પર છે અને દિલની ખરાબી અને તેમાં વસવસા વગેરે મોટાભાગે આંખના કારણે પેદા થાય છે એટલા માટે **હઝરત અલી** کرم اللہ وجہہ الکریم **એ ફર્માવ્યું છે કે, જે શખ્સ પોતાની આંખની રક્ષા નથી કરતો તેનું દિલ કિંમત વિનાનું થઈ જાય છે એટલે કે તેમાં કોઈ કમાલ કે નૂર આવી નથી શકતુ.**

### ★ જીભની હિફાઝત ★

બીજુ અંગ જીભ છે તેની હિફાઝત એટલા માટે જરૂરી તથા મહત્વની છે કે તમારી ઈબાદત તથા તાઅત (ફર્માંબરદારી)નો નફો ફળ અને બદલો તેની દેખભાળ સાથે સંબંધિત છે અને ઈબાદતમાં વસવસા અને ઈબાદતનું વેડફાઈ જવું કે ખરાબ થવું પણ મોટાભાગે જીભના કારણે હોય છે, કેમ કે **બનાવટી અને સજાવી શણગારીને કરેલી વાતચીત અને ગીબત વગેરે ભલે એક શબ્દ જ હોય તેર વરસની બલ્કે પંદર વરસની ઈબાદત તથા રિયાઝતને તબાહ તથા બરબાદ કરી નાખે છે.** એટલા માટે કેટલાક બુઝુર્ગોએ ફર્માવ્યું છે કે : "સૌથી અધિક જે ચીજને કેદખાનામાં કરવા જેવી છે તે જીભ છે."

રિવાયત છે કે સાત આબિદોમાંથી એક આબિદે કહ્યું કે, હે યૂનુસ ! જે લોકો પૂરી મહેનત અને કોશિશ સાથે ઈબાદતમાં મશગૂલ રહે છે એમને ઈબાદત

માટે જ અડગતા નસીબ થાય છે તે જીભની સંપૂર્ણતઃ રક્ષાના પરિણામે છે, પછી તે આબિદે કહ્યું, જીભની રક્ષા કરતાં અધિક પ્યારી ચીજ તારી દ્રષ્ટિમાં ન હોવી જોઈએ કેમ કે દિલને દરેક પ્રકારના વસવસાઓથી પાક રાખવાનો ઝરિયો એ જ છે.

વળી તું જરા જિંદગીની તે કિંમતી પળોને તો યાદ કર જે તેં બેહૂદા અને ફોગટની વાતોમાં વેડફી નાખી છે ! જો તું તે કિંમતી પળોમાં તૌબા તથા ઈસ્તિગ્ફાર કરત તો શાયદ કોઈ ધન્ય ઘડીમાં તૌબા કબૂલ થઈ જાત અને તારા ગુનાહો બખ્શી દેવામાં આવત અને તને ફાયદો થાત. અથવા તે પળોમાં લાઈલાહ ઈલ્લલ્લાહનો વિર્દ કરતો રહેત તો તને બેહિસાબ અજરો સવાબ મળત. અથવા તે ઘડીઓમાં એવી દુઆ કરત કે, "હે અલ્લાહ ! હું તારાથી આફિયત (ભલાઈ) તથા સલામતીનો સવાલ કરું છું." તો શાયદ કોઈ મુબારક પળે આ શબ્દો તારા મુખેથી નીકળતાં તારી દુઆ ક઼બૂલ થઈ જાત. આ રીતે તું દુનિયા અને આખેરતની આફતોથી નજાત પામી જાત. તો શું નિરર્થક અને બેહૂદા વાતોમાં જીવનની ક્ષણોને વેડફી નાખવી એ ઉઘાડુ નુકસાન નથી ? એ ક્ષણોમાં જો જીભને વિર્દો અને વઝીફાઓમાં મશગૂલ રાખત તો મોટા મોટા ફાયદાઓ હાંસલ થાત અને પોતાના નફ્સ અને સમયને ફુઝૂલ કામોમાં ન લગાડ જેથી ક઼યામતના દિવસે તને ધમકાવવામાં ન આવે અને મેહશરના મેદાનમાં હિસાબના માટે વધુ વાર રોકાવુ ન પડે. આ વિષયને એક શાયરે સારા અંદાજમાં રજૂ કરેલ છે :–

અર્થ : "જ્યારે જીભ વડે કોઈ બાતિલ વાત કહેવાનો ઈરાદો કરે તો બાતિલથી જીભને રોક અને તેને બદલે ખુદાની તસ્બીહ કર."

## ★ પેટની હિફાઝત ★

ત્રીજુ અંગ જેની રક્ષા જરૂરી છે તે પેટ છે. તેની રક્ષા એટલા માટે જરૂરી છે કે બંદો દુનિયામાં ઈબાદતના કાજે આવ્યો છે અને ખોરાક અમલના માટે બીજ અને પાણીના સમાન છે. જેમ કે જેવું બીજ અને જે પ્રમાણે તેને પાણી આપવામાં આવશે એવું જ બીજ ઉગશે અને જ્યારે બીજ ખરાબ હોય તો તેનાથી ખેતી સારી થશે નહીં બલ્કે એવા બીજથી ખતરો છે કે તે હમેશાં માટે તારી

જમીનને જ ખરાબ કરી નાખે અને ભવિષ્યમાં ખેતીને લાયક ન રહે. એટલા માટે હઝરત મઅ્રૂફ કરખી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું :–

"જ્યારે તું રોઝો રાખે તો એ વાતનો ખ્યાલ કર કે કઈ ચીજ વડે એને ઈફતાર કરે છે અને કોની પાસે ઈફતાર કરે છે અને કોના ખાણાથી ઈફતાર કરે છે. કેમ કે ઘણીવાર એવું થાય છે કે કેવળ એક ખરાબ લુકમાથી દિલની કૈફિયત ખરાબ થઈ જાય છે અને પછી આખી જિંદગી તે પોતાની મૂળ હાલતમાં નથી આવી શકતુ. અને ઘણીવાર એવું થાય છે કે **કેવળ એક ખરાબ લુકમો પેટમાં જવાથી એક સાલ સુધી તહજ્જુદથી નમાઝ અદા કરવાથી ઈન્સાન મહેરૂમ થઈ જાય છે** અને ઘણીવાર એવું થાય છે કે **કેવળ એકવાર ખરાબ નજરે જોવાથી બંદો એક અરસા સુધી કુર્આને પાકની તિલાવતની મેહરૂમ થઈ જાય છે.**"

એટલા માટે હે અઝીઝ ! જો તું દિલની ઈસ્લાહ અને ઈબાદતની તૌફીક ચાહે છે તો તારા માટે જરૂરી છે કે પોતાના ખોરાકના બારામાં સખત કાળજી લે, મૂળ ખોરાકના વિશે હુકમ છે પછી તેમાં સાવધાનીના દરજ્જા પર નજર રાખવી જરૂરી છે, નહીં તો તું ખાવા ઉઠાવનાર ટટ્ટુ બની જઈશ અને અમને યકીન છે કે બલ્કે અમે કેટલીયેવાર અનુભવ્યું છે કે પેટ ભરીને ખાવાથી કદી ઈબાદત થઈ શકતી નથી અને જો નફ્સને મજબૂર કરીને અને હીલા બહાનાંથી ઈબાદત તરફ લગાડવામાં પણ આવે તો એવી ઈબાદતમાં તદ્દન લિજ્જત તથા મીઠાશ નથી હોતી. એટલા માટે કેટલાક સાલેહીને ફર્માવ્યું છે :–

"જો તું પેટ ભરીને ખાવાનો આદી છે તો ઈબાદતની મીઠાશની ઉમ્મીદ ન રાખ અને દિલમાં ઈબાદત વિના નૂર કેવી રીતે આવી શકે છે ?! અથવા એવી ઈબાદતથી પણ કેવી રીતે નૂર આવી શકે છે ? અને જે લિજ્જત વિનાની ઉમંગ વિનાની હોય.

એટલા માટે હઝરત ઈબ્રાહીમ ઈબ્ને અદ્હમ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું છે કે હું કોહે લબનાનમાં ઘણા અલ્લાહવાળાઓની સોહબતમાં રહ્યો છું. તેમનામાંથી દરેક મને વસિયત કર્યા કરતો હતો કે, હે ઈબ્રાહીમ ! જ્યારે તું દુનિયાવાળાઓ

પાસે જાય તો તેમને આ ચાર વાતોની નસીહત કરજે : (૧) જે પેટ ભરીને ખાશે તેને ઈબાદતમાં મજા આવશે નહીં. (૨) જે વધુ ઊંઘશે તેની ઉંમરમાં બરકત રહેશે નહીં. (૩) જે લોકોની ખુશ્નુદી (રાજીપો) ચાહે તે ખુદાની ખુશ્નુદીથી નાઉમેદ થઈ જાય. (૪) જે ગીબત અને ફુઝૂલ બકવાસ વધારે કરશે તે દીને ઈસ્લામ પર મરશે નહીં.

હઝરત સુહેલ ઈબ્ને અબ્દુલ્લાહ તસ્તરી رحمة الله عليه એ ફર્માવ્યું છે કે તમામ નેકીઓ આ ચાર વાતોમાં છૂપાયેલી છે : (૧) પેટને ખાલી રાખવું (૨) ખામોશી (૩) મખ્લૂક઼થી દૂરી (૪) શબ બેદારી (રાત્રે ઈબાદત માટે જાગવું.)

કેટલાક સાલેહીને ફર્માવ્યું કે, "ભૂખ અમારી પૂંજી (સરમાયો) છે." આ કથનનો મતલબ એ છે કે અમને જે સહૂલત, સલામતી, ઈબાદત, મીઠાશ, ઈલ્મ તથા નફાકારક અમલ વગેરે નસીબ થાય છે તે સર્વ ભૂખના લીધે અને સબ્રની બરકતથી થાય છે.

## ★ દિલની હિફાઝત ★

ચોથુ અંગ જેની હિફાઝત અને દેખભાળ અતિશય જરૂરી છે તે દિલ છે, કેમ કે એ તમામ શરીરનું મૂળ છે. જો તારુ દિલ ખરાબ થયું તો તારાં તમામ અંગો ખરાબ થશે અને જો તું તેની સુધારણા (ઈસ્લાહ) કરી લે તો બાકીના સર્વ અંગોની ઈસ્લાહ થઈ જશે. કેમ કે દિલ ઝાડનાં થડની જેમ છે અને બાકીના અંગો ડાળીઓ સમાન છે. ડાળીઓની ઈસ્લાહ તથા ખરાબી ઝાડના થડ પર અવલંબિત છે. તો જો તારી આંખ, જીભ, પેટ વગેરે દુરુસ્ત હોય તો એનો અર્થ એ કે તારુ દિલ બરાબર અને સુધરેલુ છે, અને જો આંખ, જીભ, પેટ વગેરે ગુનાહોના તરફ વળેલાં હોય તો સમજી લે કે તારુ દિલ ખરાબ છે.

વળી તારે યકીન કરવું જોઈએ દિલનો ફસાદ (ખરાબી) અધિક ગંભીર છે એટલા માટે દિલની સફાઈના માટે સંપૂર્ણ ધ્યાન કર જેથી તમામ અંગોની સફાઈ થઈ જાય, જેથી કરીને તું રૂહાની રાહત મહસૂસ કર. વળી દિલની ઈસ્લાહ અતિશય મુશ્કેલ અને દુશ્વાર છે, કેમ કે તેની ખરાબી ખતરાઓ તથા વસવસાઓ પર આધારિત છે જેનું પેદા થવું બંદાના ઈખ્તિયારમાં નથી એટલા માટે તેની

ઈસ્લાહ માટે સંપૂર્ણ સાવધાની તથા જાગૃતિ અને ખૂબ જ પ્રમાણમાં જિદ્દો જેહદની જરૂરત છે. એ જ સબબોના લીધે મુજાહિદો તથા રિયાઝત કરનારાઓ દિલની ઈસ્લાહને અધિક મુશ્કેલ સમજે છે અને સમજદાર લોકો તેની ઈસ્લાહની અધિક વ્યવસ્થા કરે છે. જેમ કે હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہથી નક્લ થયેલ છે. આપે ફર્માવ્યું :–

"મેં મારા દિલ, જીભ અને નફ્સની ઈસ્લાહ પાછળ દસ દસ વરસ ખર્ચ કર્યા તેમાં દિલની ઈસ્લાહ મને સૌથી વિશેષ મુશ્કેલ જણાઈ."

વળી દિલની ઈસ્લાહના બાબતે ચાર ચીજો જે અમે આગળ વર્ણન કરી ચૂક્યા છીએ એટલે કે લાંબી ઉમ્મીદો, અમલમાં ઉતાવળ, ઈર્ષા અને ઘમંડ એનાથી બચવું તથા સાવધ રહેવું જરૂરી છે.

આ જગાએ એ ચાર ચીજોથી બચવાનું ખાસ એટલા માટે જણાવ્યું કે જો આમ લોકો પણ એ ચીજોમાં સપડાયેલા છે પણ ઈબાદતગુઝાર લોકો વિશેષતઃ એમાં ફસાયેલા છે, એટલા માટે એ ચારેય ચીજો બુરી તથા ખરાબ છે. સામાન્યતઃ એવું હોય છે કે ઈબાદત કરનાર કોઈ લાંબી ઉમ્મીદમાં સપડાયેલો રહે છે અને તે તેને એક સારી નિય્યત સમજી બેઠેલો હોય છે અને છેવટે તે એના લીધે અમલમાં સુસ્તી તથા આળસમાં પડી જાય છે. અને ક્યારેક એવું થાય છે કે તે ઉચ્ચ મર્તબો પ્રાપ્ત કરવામાં ઉતાવળ કરે છે અને જલ્દી ન મળવાને કારણે હમેશાંના માટે તેનું દિલ ઠંડુ પડી જાય છે અને કેટલીકવાર કોઈ બુઝુર્ગથી દુઆ કરાવે છે પણ જલ્દી કુબૂલ ન થવાને કારણે તેનાથી પણ દુઃખી થાય છે અથવા કેટલીકવાર કોઈના હક્કમાં બદ્દુઆ કરે છે અને પાછળથી પસ્તાવો કરે છે અને કેટલીકવાર પોતાના જેટલી ઉમરવાળાઓથી માલ, ઔલદ વગેરે પર હસદ કરે છે અને કેટલીકવાર હસદની આફતમાં સપડાઈ જઈને એવા એવા ખરાબ અને બુરા કામો કરી બેસે છે જેને કરવાની એક ફાસિક તથા ફાજિર ગુનેહગારમાં પણ હિંમત નથી હોતી. એ કારણે હઝરત સુફયાન થૌરી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું છે કે;

"મને મારી જાનના વિશે સૌથી અધિક ખતરો ઉલમા અને ઈબાદતગુઝાર લોકોથી છે." લોકોએ આપની આ વાતથી બુરુ માન્યું તો આપ જવાબ આપ્યો,

"આ વાત હું મારા તરફથી નથી કહેતો બલ્કે આ હઝરત ઈબ્રાહીમ નખઈએ ફર્માવ્યું છે."

અને હઝરત અતાથી મરવી છે કે એકવાર હઝરત સુફયાન ષૌરી رحمۃ اللہ علیہએ મને કહ્યું, ઈબાદતગુઝાર લોકોથી ખતરામાં રહો (સાવધ રહો) અને એ જ રીતે મારાથી પણ ખતરામાં રહો. કેટલીકવાર હું એક દાડમ વિશે કહીશ કે આ મીઠુ છે, બીજો કહેશે કે ના એ ખોટુ છે. એ મામૂલી વાત પર અમારી તકરાર વધી જશે અને કાંઈ અજુગતુ નથી કે એકબીજાની ક્ત્લ સુધી વાત પહોંચી જાય.

અને હઝરત માલિક ઈબ્ને દીનાર رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હું ઈબાદતગુઝાર લોકોની ગવાહી અન્ય લોકોના હક્ક઼માં તો ક઼બૂલ કરવા માટે તૈયાર છું પરંતુ તેઓના એકબીજાના સંબંધે (આપસ આપસમાં) તેમની શહાદત (ગવાહી) ક઼બૂલ તૈયાર નથી, કેમ કે મેં તેમને એકબીજા વિશે હસદથી ભરેલા જોયા છે.

નક઼લ થયેલ છે કે હઝરત ફુઝૈલ رحمۃ اللہ علیہએ પોતાના પુત્રને ફર્માવ્યું કે મને ઈબાદતગુઝાર અને રસમી સૂફીઓથી દૂર કોઈ મકાન ખરીદી આપ કેમ કે મને એ ક઼ૌમમાં રહેવાથી શો ફાયદો જે મારી લગ્ઝિશ જોઈને તેની ચર્ચા કરે અને મને એશઆરામમાં જોઈને હસદ કરે.

તમે પોતે પણ જોયું હશે કે શુષ્ક આબિદ અને રસમી સૂફી તકબ્બુર સાથે વર્તે છે, બીજાઓને નીચ સમજે છે, ઘમંડના લીધે પોતાના ચહેરાઓને વાંકો રાખે છે અને લોકોથી મોઢું ચઢાવેલુ રાખે છે જાણે કે બે રકાત નમાઝ વધારે પઢીને લોકો પર એહસાન કરે છે ! અથવા તો જાણે તેમને દોઝખથી નજાત અને જન્નતમાં પ્રવેશનું સર્ટિફિકેટ મળી ચૂક્યું છે અથવા તેમને યક઼ીન થઈ ચૂક્યું છે કે કેવળ અમે જ નેકબખ્ત છીએ બાકીના સર્વ લોકો બદ્બખ્ત અને બદ્નસીબ છે ! વળી તેઓ આ તમામ બુરાઈઓ હોવા છતાં આજિઝ અને નમ્ર લોકો જેવો લિબાસ પહેરે છે જેમ કે કંતાન, ઊન અને બનાવટથી ખામોશી તથા કમજોરીનો ઈઝહાર કરે છે. જ્યારે કે આવા લિબાસ અને ખામોશીપણા વગેરેને તકબ્બુર તથા ગુરૂર સાથે શો સંબંધ ?! બલ્કે એ ચીજો ઘમંડની વિરોધાભાસી છે પરંતુ તે આંધળ ાઓને સમજ નથી.

નકલ થયેલ છે કે ફરકદ સન્જી એકવાર હઝરત હસન رضی اللہ عنہની પાસે આવ્યો. તે સમયે તેણે એક દુરવેશ જેવી ગોદડી પહેરેલી હતી અને હઝરતે નવા કપડાં પહેર્યાં હતાં. તે વારંવાર હઝરત હસનનાં કપડાંને જોતો હતો. આપે ફર્માવ્યું કે તું વારંવાર મારા કપડાંને શા માટે જુએ છે ? સાંભળી લે ! મારો લિબાસ જન્નતવાળાઓનો લિબાસ છે અને તારો લિબાસ દોઝખીઓનો લિબાસ છે. હઝરત હસને ફર્માવ્યું, મારા સુધી વાત પહોંચી છે મોટાભાગના દોઝખીઓ ગોદડીધારી હશે ! પછી હઝરત હસને ફર્માવ્યું કે તે લોકોએ કપડામાં તો ઝોહદ (ફકીરી) અપનાવેલ છે પણ સીનાઓમાં તકબ્બુર તથા ગુરૂરને સમાવી રાખેલ છે. ક્સમ ખુદાની સારા લિબાસવાળા પણ સાફ દિલ લોકો રસમી (દેખાવની) ગોદડી પહેરનારાઓ કરતાં હજારગણા બેહતર છે. હઝરત ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہએ નીચેના શેઅરો પણ એ જ વિષયે નિર્દેશ કરતાં ફર્માવ્યા છે :–

અર્થ :–

૦૧. કેટલાક લોકો સૂફીઓનો લિબાસ પહેરે છે અને જેહાલતને કારણે બીજા લોકોને તુચ્છકારની નજરે જુએ છે અને કેટલાક લોકો તો નિરર્થક જ કંતાનનો લિબાસ પહેરે છે.

૦૨. એવા જાહિલ સૂફીઓ પોત પોતાને બીજાઓ સમક્ષ કમજોર અને અશક્ત જાહેર કરે છે અને અન્યોને ઘમંડથી જુએ છે, જ્યારે આજિઝી કરનારાઓમાં ઘમંડ નથી હોતો.

૦૩. એવા સૂફીઓ એ લિબાસ કેવળ એવી ગરજે પહેરે છે કે અવામ (આમ લોકો) તેમને અમીન તથા નેક સમજે, પણ હક઼ીક઼તમાં તેમના આ સૂફીપણાનો મક઼સદ નેકી અને શરાફત નથી હોતો.

૦૪. દરવેશના લિબાસથી તેમનો મક઼સદ ખુદાની રઝામંદીનો નથી હોતો બલ્કે એ રીતે તેઓ અવામને ધોકામાં નાખે છે અને તેમની સાથે ખયાનત કેળવે છે.

તો હે અઝીઝ ! તું ચાર ક઼ાતિલથી બચ, ખાસ કરીને તકબ્બુરથી. એટલા માટે કે બીજી ત્રણ આફતો તો એવી આફતો છે જેનાથી તું કેવળ ગુનાહ અને નાફર્માનીમાં સપડાઈશ, પણ તકબ્બુર એવી ભયંકર બીમારી છે જે ઘણીવાર

ઈન્સાનને કુફ્ર અને ગુમરાહી સુધી પહોંચાડી આપે છે.

તકબ્બુરના બારામાં તો તું ઈબ્લીસ અને તેની ગુમરાહીને હરગિઝ ન ભૂલ. તેની ગુમરાહીની શરૂઆત એનાથી જ થઈ કે એણે ઘમંડ કર્યો અને ખુદાના હુકમનો ઈન્કાર કર્યો. અલ્લાહની બારગાહે બેકસ પનાહમાં દુઆ કરવી જોઈએ કે આપણને તેના ફઝ્લથી દરેક ગુમરાહી તથા લગ્ઝિશથી બચાવે.

## પ્રકરણ

## ફાની દુનિયામાં મશગૂલ થવુ નુકસાનકર્તા

ખુલાસો એ કે જ્યારે તું અક્કલ તથા દાનિશથી જોઈશ તો તને જણાશે કે દુનિયા ફાની છે અને તેમાં મશગૂલ થવાનું નુકસાન લાભ કરતાં અધિક છે અને દુનિયામાં ઉપસ્થિત થનારી પરેશાનીઓ તેના આરામથી વિશેષ છે, જેમ કે શારીરિક તકલીફો, દિલનું દુનિયાની બાબતોમાં ગુંથાયેલા રહેવું અને પછી આખેરતમાં દરેક ચીજનો હિસાબ અને એવો દર્દનાક અઝાબ કે જેને સહન કરવાની શક્તિ તારામાં હરગિઝ નથી.

હવે જ્યારે તને સારી રીતે જાણ થઈ ગઈ કે દુનિયા અને દુનિયાના સામાનમાં (ખસારા) નુકસાન જ નુકસાન છે, તો તારા માટે જરૂરી છે કે તેની ચીજો એટલા પ્રમાણમાં વાપરે જેનાથી ખુદા તઆલાની ઈબાદત કરતો રહે અને નેઅમતો લિજ્જતો હાંસલ કરવાના માટે હમેશાં રહેનારી જન્નતનો ઈંતેઝાર કરતો રહે જ્યાં ખુદા તઆલાનો કુર્બ પણ પ્રાપ્ત થશે.

અને જ્યારે તને એ પણ સારી રીતે માલૂમ પડી ગયું કે મખ્લૂકમાં વફાદારી નથી અને તેના તરફથી મદદને બદલે તકલીફ વધારે પહોંચે છે તો તારે લોકો સાથે સખત જરૂરત વિના મેલજોલ કરવી ન જોઈએ, નેક વાતોમાં તેમનાથી લાભ મેળવ પણ નુકસાનકર્તા ચીજોમાં તેમનાથી દૂર રહે અને તે ખુદાથી દોસ્તી બાંધ જેની દોસ્તી દરેક પ્રકારના નુકસાનથી પાક છે. અને તે ખુદાની તાઅત (ફર્માંબરદારી) કર જેની તાઅતથી તને પસ્તાવો થશે નહીં અને તેની મુકદ્દસ કિતાબને તારી દીવાદાંડી બનાવી લે અને તેના હુકમોને પૂરી પાબંદી સાથે પાળતો રહે. એવું

કરવાથી તે જરૂર તારી દરેક હાલતમાં દસ્તગીરી (મદદ) કરશે, તારા પર તારી ધારણાઓથી વિશેષ ઈનામો ઈકરામની વર્ષા કરશે અને દુનિયા તથા આખેરતમાં દરેક મુશ્કેલીના સમયે તારી ફરિયાદરસી (મદદ) કરશે. જેમ કે નબી એ કરીમ રઊફુર્રહીમ (અલૈહિસ્સલાતુ વત્તસ્લીમ)નો ઈર્શાદે ગિરામી છે :–

"હમેશાં ખુદાની યાદમાં જ રચ્યો પચ્યો રહે જેથી જે તરફ તું ધ્યાન કરે તે તરફ તને તેના જ જલ્વાઓ નજરે આવે."

અને જ્યારે કે તને એ પણ સારી રીતે જણાઈ ગયું કે શૈતાન ખબીસ (ગંદો) છે અને તારી અદાવતમાં દરેક પળે પ્રવૃત્ત છે, તો આ લઈન કૂતરાથી બચવા માટે દરેક પળે ખુદાથી પનાહ માગતો રહે અને કોઈ કાળે પણ તેની મક્કારીઓ અને અય્યારીઓ (પ્રપંચો)થી ગાફેલ ન થા, બલ્કે ખુદા તઆલાના ઝિક્રથી તે કૂતરાને ભગાડી દે જ્યારે તું મર્દાને ખુદા જેવો નિશ્ચય તથા યક઼ીન તારામાં પેદા કરીશ તો ખુદાના ફઝ્લથી લઈનના દાવપેચ તને કાંઈ નુકસાન પહોંચાડી શક્શે નહીં. જેમ કે રબ તઆલાએ ખુદ ફર્માવ્યું :–

إِنَّهُ لَيْسَ لَهُ سُلْطٰنٌ عَلَى الَّذِيْنَ اٰمَنُوْا وَعَلٰى رَبِّهِمْ يَتَوَكَّلُوْنَ ﴿٩٩﴾

"બેશક ! શૈતાનનો કોઈ વશ કામિલ બંદાઓ અને રબ તઆલા પર તવક્કુલ કરનારાઓ પર નથી ચાલતો." *(પારા : ૧૪, સૂરએ નહ્લ, રુકૂઅ : ૧૯, આયત : ૯૯)*

અબૂ હાઝિમ رحمۃ اللہ علیہએ તદ્દન બરાબર ફર્માવ્યું છે કે, દુનિયાની હક઼ીક઼ત તો એવી છે કે જે ગુજરી ગઈ તે જાણે એક સ્વપ્ન હતી, અને જે બાકી છે તે નફ્સાની ખ્વાહિશોમાં ખર્ચાઈ રહી છે. અને શૈતાનની હક઼ીક઼ત એ છે કે જ્યાં સુધી તે ખુદાનો ફર્માંબરદાર રહ્યો તો તેનાથી ખુદાને લાભ ન થયો અને જ્યારે નાફર્માન થયો તો તેનું કાંઈ બગાડી ન શક્યો.

## ★ નફ્સને કેવી રીતે કંટ્રોલ કરશો ? ★

અને જ્યારે તેં જાણી લીધું કે આ નફ્સ અતિશય નાદાન છે અને નુકસાનકર્તા અને હલાક કરનારી ચીજોનું દીવાનું છે અને તેં બુદ્ધિશાળી તથા પરિણામો પર નજર રાખનારા ઉલમાની જેમ નફ્સની હાલતોનો અભ્યાસ કર્યો, એ લોકોની જેમ તેની આગતાસ્વાગતા ન કરી જેઓ જાહિલ છે અને કેવળ વર્તમાનકાળને જ

દષ્ટિમાં રાખે છે, તેની બીમારીઓ તથા અયબોને નથી જોતા અને ઝોહદો તક્વાની કડવી દવાથી ભાગે છે, તો જ્યારે તેં નફસને તક્વાની લગામ આપી દીધી એ રીતે કે ફુઝૂલ ચીજોથી તેને રોક્યો, જેમ કે ફુઝૂલ બકવાસ, નાજાઈઝ નજર, જરૂરતથી વધુ ખોરાક વગેરેથી અને તેને તેં ખરાબ ચીજોથી રોક્યો જેમાં તે ગિરફતાર રહે, જેમ કે લાંબી ઉમ્મીદો, ઉતાવળાપણુ, મુસલમાન સાથે ઈર્ષા, ઘમંડ, વાસના તથા લાલચ અને કેવળ તે જ ચીજો તેને આપી જે જરૂરી છે. બેકાર વાતોથી તેને બચાવ્યો કેમ કે જ્યારે ઈન્સાન ઝોહદો તક્વાની જિંદગી અપનાવે છે તો અલ્લાહ તઆલા પોતાના મક્બૂલ બંદાઓની જેમ તેને પણ પોતાની રહમત અને પોતાના ફઝ્લથી તેના ઈમાનને નુકસાન પહોંચાડનારી દરેક ચીજથી મહફૂઝ કરી લે છે. જ્યારે ખુદા ઝોહદો તક્વો અપનાવવાથી ઈન્સાનના કામોનો ખુદ કફીલ (જિમ્મેદાર) બની જાય છે તો ફુઝૂલ અને બેકાર ચીજોમાં મશગૂલ થવાની શું જરૂરત છે ?

કેટલાક સાલહીને ફર્માવ્યું છે કે, "મારા માટે તક્વો આસાન છે કેમ કે જ્યારે મને કોઈ ચીજના જાઈઝ નાજાઈઝ હોવામાં શક પડે છે તો હું તેને ત્યજી દઉં છું કેમ કે મારો નફ્સ મુતીઅ (તાબેદાર, ફર્માંબરદાર) થઈ ચૂક્યો છે અને જે આદતો હું તેને પાડુ તેનો આદી બની જાય છે અને બેશક ! નફ્સની હાલત એ જ છે જે એક અરબી આ શેઅરમાં બયાન ફર્માવી છે :–

(અર્થ) : નફ્સને જ્યારે તું કોઈ બાજુ વાળી લે તો વળી જાય છે અને જ્યારે થોડી ચીજ પર સંતોષ પામવાનો તેને આદી બનાવી લે તો તે તેના પર રાજી થઈ જાય છે.

અને એક શખ્સે કહ્યું છે, આ નફ્સને તું જે ચીજનો આદી બનાવીશ તે ચીજનો આદી બની જશે.

એક શાયરે આ પ્રમાણે કહ્યું :–

(અર્થ) : **(૧)** મેં દુનિયાવી લિજ્જતોથી મને પોતાને રોક્યો એટલે સુધી કે મારાથી અલિપ્ત થઈ ગઈ અને મેં નફ્સને સબ્રનો આદી બનાવ્યો તો તે એનો આદી બની ગયો.

**(૨)** નફ્સ એ જ હાલત ઈખ્તિયાર કરે છે કે જેના પર ઈન્સાન તેને રાખે. જો તેને ખૂબ ખવડાવવામાં આવે તો તેની શેહવતો (વાસનાઓ) જોશમાં આવી જાય છે અને જો ખપ પૂરતુ તેને ખાવા આપવામાં આવે તો તેનાથી સંતુષ્ટ થઈ જાય છે.

તો જ્યારે તને તે તમામ વાતો માલૂમ પડી ગઈ અને તું તેનો આમિલ (અમલ કરનાર) પણ બની ગયો જે અમે બયાન કરી છે તો બેશક ! તું ઝાહિદોમાં સામેલ થઈ ગયો અને આખેરતની તરફ ધ્યાન કેન્દ્રિત કરનારાઓમાંથી થઈ ગયો.

હે અઝીઝ ! તું જાણી લે જેના માટે ઝાહિદનો શબ્દ બોલવું દુરુસ્ત થઈ ગયું તો જાણે કે તે હજાર સારી સિફતો (ગુણો)થી જોડાઈ ગયો. એ જ રીતે જ્યારે તું ઝાહિદોમાં સામેલ થઈ ગયો તો તું પણ મખ્લૂક઼થી દૂરી અપનાવનારાઓ અને સૌથી મહોબ્બતનો નાતો જોડવાવાળાઓ અને સાચી તાઅત (ફર્માબરદારી) કરનારા લોકોમાં સામેલ થઈ ગયો. અને તું પણ એ લોકોમાંથી થઈ જઈશ જેની સિફત (ખૂબી) એક અરબી શાયરે નીચેના શેઅરોમાં દર્શાવી છે :–

**૦૧.** એક ક઼ૌમ તે છે જે દુનિયાવી એશ આરામમાં મસ્ત રહે છે અને એક તે નિખાલસ બંદાઓ છે જેઓ સૌથી અલાયદા થઈને પોતાના માલિકના થઈ ગયા છે.

**૦૨.** ખુદાએ પોતાના ફઝલથી તેમને પોતાના આસ્તાનએ રઝામાં જગા આપી દીધી (તેમનાથી રાજી થયો) છે અને તમામ મખ્લૂક઼થી તેમને બેપરવા કરી દીધા છે.

**૦૩.** રાતમાં સફો બનાવીને પોતાના મૌલાના દરબારમાં ઈબાદતની હાલતમાં ઉભા રહે છે અને રબ તઆલાની ઈનાયતની નજર તેમની નિગેહબાની કરતી રહે છે.

**૦૪.** તેમને એ સમય મુબારકબાદી થજો જ્યારે તેમનો મૌલા તેમને પોતાના ઈનામો ઈકરામથી નવાજશે.

તો જ્યારે તું અમારા વર્ણન કરેલા ઝોહદો તક઼વાના તમામ તકાઝાઓ પર

પૂર્ણપણે અમલ કરતો થઈ જઈશ તો તું ખુદાની રાહમાં નફ્સ સાથે જેહાદ કરનારા ઝાહિદોમાં અને ખુદાના તે ખાસ બંદાઓમાંથી થઈ જઈશ જેમની સિફતમાં રબ તઆલાએ આ ઈર્શાદ ફર્માવ્યો છે :–

اِنَّ عِبَادِیۡ لَیۡسَ لَکَ عَلَیۡہِمۡ سُلۡطٰنٌ "હે ઈબ્લીસ ! મારા ખાસ બંદાઓ પર તારો કોઈ વશ ચાલશે નહીં." *(પારા : ૧૪, સૂરએ હજર, રુકૂઅ : ૩, આયત : ૪૨)*

અને હવે તારું તે પરહેઝગારોમાં નામ નોંધાઈ જશે જેમને સઆદતે દારૈન (બંને જહાનની ખુશનસીબીઓ) પ્રાપ્ય છે અને હવે તો ઘણા મુકર્રબ ફરિશ્તાઓથી પણ અફઝલ તથા ઉચ્ચ થઈ જઈશ, કેમ કે ફરિશ્તાઓ મનોવાંછનાઓ અને ખબીષ નફ્સથી પાક છે (એટલા માટે તેમનું ગુનાહોથી બચેલા રહેવા અધિક કમાલવાળુ નથી.)

અને જ્યારે તું અમારી વર્ણન કરેલ હિદાયતોનો આમિલ થઈ ગયો તો તેં આ ત્રીજી લાંબી અને મુશ્કેલ ઘાટી પણ પાર કરી લીધી અને તું તમામ રુકાવટો (આડો)થી આગળ નીકળીને પોતાના અસલ મક્સદની નિકટ પહોંચી ગયો, અને જ્યારે ખુદા તઆલાની ઈમદાદ મળતી રહે તો પછી કોઈ મુશ્કેલી નથી.

આપણે ખુદાથી જ સવાલ કરીએ છીએ, તે સૌથી શ્રેષ્ઠ મુશ્કેલીઓનો હલ કરનારો છે અને તે આપણને પોતાની મદદના અને તૌફીક઼ના કિલ્લામાં મહફૂઝ કરી લે, કેમ કે હક઼ીક઼તમાં તે જ દરેક કામો માટે પૂરતો છે અને દરેક મુશ્કેલીમાં હક઼ીક઼તમાં તેનાથી ઈમદાદ તલબ કરવી જોઈએ કેમ કે તે જ દરેક ચીજનો ખાલિક (સર્જનહાર) છે અને તેના દસ્તે કુદરતમાં હક઼ીક઼ી ઈખ્તિયાર છે અને સર્વ કાંઈ કરી શકે છે.

આ ત્રીજા પ્રકરણમાં જે જરૂરી બાબતો અમારે વર્ણન કરવી હતી તે આ જ હતી. وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ

# પ્રકરણ

# ચોથી મુશ્કેલ ઘાટી

આ ઘાટી "અ઼ક઼બતુલ અ઼વારિઝ"ના નામથી ઓળખાય છે.

હે ઈબાદતના તાલિબ ! (તને અલ્લાહ તઆલા તૌફીક઼ આપે) આ અવરોધથી બચવું અને તેના માર્ગો બંધ કરવા પણ તારા માટે લાઝિમ તથા જરૂરી છે જેથી તને મૂળ ધ્યેયથી ન રોકે અને અમે અગાઉ વર્ણન કરી ચૂક્યા છીએ કે તે અવરોધો ચાર છે.

## ★ (૧) રોજી અને તેના વિશે નફ્સની માગણી ★

આ અવરોધથી છૂટકારાની રીત એ છે કે તું રોજીના વિશે ખુદા તઆલા પર તવક્કુલ તથા ભરોસો કરી લે, આ તવક્કુલ બે કારણે લાઝિમ તથા જરૂરી છે.

પ્રથમ કારણ એ કે જેથી તું ઈબાદતના માટે મુક્ત થઈ શકે અને કમા હક્કહૂ નેક કામ કરી શકે. એટલા માટે કે જે શખ્સ રોજીના બારામાં ખુદા તઆલા પર તવક્કુલવાળો ન હોય તે જરૂર ખુદા તઆલાની ઈબાદત છોડીને રોજીની શોધમાં ધંધામાં રચ્યો પચ્યો થઈ જશે અથવા તો શરીરથી મશગૂલ થશે અથવા ખયાલોના એતબારથી મશગૂલ થશે.

જાહેરી શરીરના એતબારથી તો એ રીતે કે રોજીની શોધમાં માર્યો માર્યો ફરશે અને શરીર વડે મહેનત મજૂરી કરીને કમાવાની કોશિશ કરશે, જેમ કે આમ લોકોની હાલત છે.

અને ખયાલોથી એ રીતે કે રોજીને શોધવાની યુક્તિઓ વિચારશે, જાત જાતના ઈરાદાઓ કરશે અને વિવિધ પ્રકારના વસવસાઓ તેના દિલમાં આવશે, જેમ કે રોજીની પ્રાપ્તિમાં ગિરફતાર લોકો કરતા હોય છે.

અને પૂર્ણપણે જેવો કે હક્ક઼ છે તેવી ઈબાદત ત્યારે થઈ શકે છે જ્યારે દિલ અને શરીર સંપૂર્ણતઃ તેના માટે મુક્ત હોય અને આવી ફરાગત કેવળ

તવક્કુલવાળાઓ (મુતવક્કિલીન)ને મયસ્સર થઈ શકે છે. બલ્કે હું કહું છું કે ઘણા નબળા એતેકાદવાળા લોકો ત્યાં સુધી સંતુષ્ટ નથી થતા જ્યાં સુધી તેમને રોજી અથવા કાંઈક રૂપિયા પૈસા હાથમાં ન આવી જાય. તો આવા નબળા એતેક઼ાદવાળા લોકો દુનિયા તથા આખેરતમાં મૂળ ધ્યેયથી રહી જાય છે. મેં ઘણીવાર મારા શયખ અબૂ મુહમ્મદ رحمۃ اللہ علیہથી સાંભળ્યું, આપ ફર્માવતા હતા : ''દુનિયામાં બે વ્યક્તિઓ જ કામયાબ થાય છે એક હિંમતવાન માણસ અને બીજો તવક્કુલવાળો.''

હું કહું છું કે આ એક તથ્યપૂર્ણ વાત છે કેમ કે હિંમતવાન શખ્સ પોતાની નિશ્ચય શક્તિ અને દિલી હિંમત વડે જે કામનો ઈરાદો કરે છે તેને પાર પાડે છે અને કોઈ ચીજ તેના માર્ગમાં આડ નથી બનતી. અને મુતવક્કિલ (તવક્કુલવાળો) શખ્સ એટલા માટે કામયાબ છે કે તે ખુદા તઆલાના વાયદા પર પોતાના શાણપણ અને કામિલ યક઼ીન વડે ભરોસો રાખે છે અને દરેક કામ કરતી વેળા તેને ખુદા તઆલા પર કામિલ ભરોસો હોય છે. તે પોતાનો ઈરાદો પૂર્ણ કરવામાં કોઈ માણસથી ડરતો નથી અને ન શૈતાની વસવસાઓ તેના માટે આડ બની શકે છે એટલા માટે તેઓ પોતાના મક઼સદો તથા ધ્યેયોમાં કામયાબ થઈ જાય છે.

પરંતુ નબળા મનનો અને નબળા એતેક઼ાદવાળો માણસ હમેશાં ખુદા તઆલા પર તવક્કુલ અને ભરોસો કરવામાં પાછો પડે છે અને હમેશાં તેના દિમાગમાં ખરાબી અને પરેશાનીની હાલત તેના પર છવાયેલી રહે છે, અને બંધાયેલા ગધેડા અને પિંજરામાં બંધ પંખીની જેમ રાહ જોતો રહે છે. અને એ જ ખરાબ ખયાલીમાં તેની ઉંમર વીતી જાય છે. એવી વ્યક્તિ કોઈ પ્રશંસનીય અને ઈજ્જતવાળુ (મહાન) કામ નથી કરી શકતો. તમે જોતા નથી કે દુનિયાના ઉચ્ચ હોદ્દાઓ પામનારો મોટી પોસ્ટ તથા ઉચ્ચ દરજ્જો ત્યાં સુધી નથી મેળવી શકતો જ્યાં સુધી પોતાની જાન, માલ અને બાળ બચ્ચાંઓથી ધ્યાન હટાવીને પોતાના ધ્યેય પ્રતિ કેન્દ્રિત ન કરે.

## ★ ઉચ્ચ સ્થાન જોઈએ તો ભારે તકલીફ પણ વેઠો ★

દા.ત. તે લોકો જે કોઈ જમીનના ભાગના બાદશાહ બને છે તો તેમણે

એના માટે જંગો લડાઈઓ કરવી પડે છે, દુશ્મનોને કચડવા પડે છે. એટલે કે ક્યાં તો દુશ્મનોને પતાવી દેવા પડે છે અથવા તો તેમને તાબામાં કરી લેવા પડે છે ત્યારે બાદશાહ બનાય છે અથવા સત્તા પ્રાપ્ત થાય છે.

નકલ થયેલ છે કે જ્યારે હઝરત અમીર મુઆવિયહ્ رضی اللہ عنہ એ જંગે સિફ્ફીનના દિવસે પોતાની અને હઝરત અલી کرم اللہ وجہہ الکریم ની સફોને એક બીજાના આમને સામને જોઈ તો ફર્માવ્યું કે, "જે મોટી ચીજનો ઈરાદો કરે છે તેને મોટી મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે."

અને વેપારી લોકો તરી ખુશ્કી (પાણી, મેદાન, રણો, જંગલો)ની અતિશય ખતરનાક સફરો કરે છે, પોતાની જાનોને પૂર્વથી પશ્ચિમ અને પશ્ચિમથી પૂર્વમાં લઈ જાય છે અને દિલોને નફા નુકસાન પર કેળવે છે ત્યારે મોટા નફા ઘણા માલ અને મોટી મોટી આ'લા અને કિંમતી ચીજોના માલિક બને છે.

બાકી રહ્યા નાના દરજ્જાના સામાન્ય દુકાનદારો જેઓ દિલના કમજોર અને નિશ્ચયમાં કાચા છે, તો તે એટલી હિંમત નથી કરતા કે દૂર દેશાવરની સફરો કરે. બલ્કે મામૂલી સામાન સાથે દિલ લગાડીને રહે છે એવા લોકો જીવનભર મકાનથી દુકાન અને દુકાનથી મકાન સુધી સીમિત રહે છે એટલા માટે તેઓ બાદશાહ જેવો મોટા મર્તબાઓ પર પહોંચી શક્તા નથી અને ન તો તેઓ મોટા વેપારીઓની જેમ અધિક સરસામાન હાંસલ કરી શકે છે, એવા લોકોને સાંજે જો કેવળ એક દિરહમ પણ નફો થાય તો તેને તેઓ પૂરતો સમજે છે. એ લોકો આટલા ઓછા નફામાં એટલા માટે રાજી થઈ જાય છે કે તેમની હિંમત અને દૃષ્ટિ એટલી વિશાળ હોતી નથી.

## ★ નજાત માટે તવક્કુલ મૂડી છે ★

આ તો દુનિયા અને દુનિયાવાળાઓની હાલત છે પરંતુ તે મુક઼દ્દસ લોકો જેઓ આખેરતની નજાત ચાહે છે તેમની અસલ મૂડી એ જ તવક્કુલ અને દિલને ખુદા સિવાય અન્ય ચીજોથી ખસેડી લેવું છે.

જ્યારે તે લોકો તવક્કુલની સિફત પોતાનામાં પૂરેપૂરી ધારણ કરી લે છે અને એના પર અડગતાથી જામી જાય છે તો તે દરેક ચીજથી ફારિગ થઈને

ખુદાની ઈબાદતમાં વ્યસ્ત થઈ જાય છે. ખલ્ક (દુનિયાવાળા લોકો)થી દૂરીને પોતાનો દસ્તૂર બનાવી લે છે, ઉજ્જડ વેરાન રણોમાં, પહાડોની ટોચો પર અને ખતરનાક ઘાટીઓમાં જિંદગી પસાર કરવી તેમના માટે આસાન થઈ જાય છે. તો આવા લોકો સૌથી શક્તિશાળી અને હિંમતવાન થઈ જાય છે. હક઼ીક઼તમાં આ જ હિંમતવાન લોકો દીનના સુતૂન (સ્તંભ), સૌથી મોઅઝ઼ઝ઼ઝ઼ અને ખુદાની જમીનના બાદશાહ કહેવડાવવાના હક્ક઼દાર હોય છે. કેમ કે એ લોકો જ્યાં ચાહે છે ત્યાં જાય છે, જ્યાં ચાહે છે ત્યાં રહે છે અને ઈલ્મ તથા અમલની મુશ્કેલતરીન ઘાટીઓને પાર કરે છે, કોઈ ચીજ તેમના મકસદમાં આડ કે રુકાવટ નથી બની શકતી. આખી જમીન તેમની સમક્ષ હોય છે અને ભૂત, વર્તમાન, ભાવિ તેમના માટે એક હોય છે. નબીએ કરીમ ﷺએ પોતાના નીચે જણાવેલ ઈર્શાદમાં એના પ્રતિ નિર્દેશ કરતાં ફર્માવ્યું છે :–

"જે શખ્સ એવું ઈચ્છે કે સૌથી મજબૂત થઈ જાઉં તો તેણે અલ્લાહ પર તવક્કુલ કરવો જોઈએ અને જે ચાહે કે સૌથી (અધિક) ઈજ્જતવાન બની જાઉં તો તેણે તકવો અપનાવવો જોઈએ, અને જે ચાહે કે સૌથી અધિક માલદાર થઈ જાઉં તેણે જોઈએ કે પોતાની પાસે મૌજૂદ ચીજ કરતાં એ ચીજ પર વધુ ભરોસો કરે જે ખુદાના દસ્તે કુદરતમાં છે."

## ★ તવક્કુલ અને બુઝુર્ગાને દીન ★

હઝરત સુલૈમાન અલ ખવાસ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું છે કે કોઈ શખ્સ સાચી નિય્યતે અલ્લાહ સુબ્હાનહૂ તઆલા પર તવક્કુલ કરે તો અમીર ઉમરાવો અને ગૈર ઉમરાવો સૌ તેનાં મોહતાજ થઈ જશે, અને તે કોઈનો મોહતાજ થશે નહીં, કેમ કે તેનો માલિક તમામ જમીન તથા આસમાનોના ખજાનાઓનો માલિક છે.

હઝરત ઈબ્રાહીમ ખવાસ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે એકવાર મેં એક જંગલમાં એક અતિ ખૂબસૂરત ગુલામ જોયો તો મેં તેને કહ્યું, હે ગુલામ ! તું ક્યાં જઈ રહ્યો છે ? તેણે જવાબ આપ્યો, મક્કા ! મેં કહ્યું, સફર ખર્ચ તથા સવારી વિના જ ? તો એણે કહ્યું, હે નબળા યક઼ીનવાળા ! તે જાત જે સાત જમીનો અને સાત આસમાનોની મુહાફિઝ છે તેનામાં એ તાકાત નથી કે મને વિના સફર ખર્ચ અને વિના સવારીએ

મક્કા પહોંચાડી આપે ?

હઝરત ઈબ્રાહીમ ખવાસ رحمة الله عليه ફર્માવે છે કે હું જયારે મક્કા મોઅઝ્ઝમામાં દાખલ થયો તો જોયું કે તે ગુલામ તવાફ કરી રહ્યો છે અને આ શેઅરો પઢી રહ્યો છે :–

(અર્થ) : "હે મારા પ્રાણ ! હમેશાં ઘુમતો ફરતો રહે અને ખુદા સિવાય કોઈને પોતાના દોસ્ત ન બનાવ. અને હે નફ્સ ! આખેરતના ગમમાં પોતાના પ્રાણ આપી દે."

જ્યારે તેણે મને જોયો તો કહેવા લાગ્યો, હે શખ્સ ! તું હજી સુધી નબળી એતેકાદીમાં સપડાયેલો જ છે ?!

હઝરત અબૂ મુતીઅ رحمة الله عليهએ હઝરત હાતિમ અસમ رحمة الله عليهને ફર્માવ્યું કે, મેં સાંભળ્યું છે કે તમે ખૂબ જ ખોફનાક જંગલોમાં ખર્ચ વિના કેવળ ખુદાના તવક્કુલ પર ફરતા રહો છો ? તો હઝરત હાતિમ رحمة الله عليهએ ફર્માવ્યું, મારો સફરનો સામાન (ઝાદે રાહ) ચાર ચીજો છે. હઝરત અબૂ મુતીઅ્એ પૂછયું, એ કઈ છે ? તો હઝરત હાતિમ અસમે જવાબ આપ્યો,

"એક એ કે મને યકીન છે કે દુનિયા તથા આખેરત ખુદાની મિલ્કિયત છે. બીજું એ કે તમામ મખ્લૂક ખુદાની મુતીઅ્ (તાબેદાર) અને ફર્માબરદાર છે. ત્રીજુ એ કે રોજીના તમામ ઝરીયાઓ ખુદા તઆલાના હાથમાં (દસ્તે કુદરતમાં) છે. ચોથી એ કે ખુદાની કઝા તમામ દુનિયા પર સવાર છે.

એક શાયરે શું સરસ કહ્યું છે :–

૦૧. હું જોઉં છું કે ઝાહિદ લોકો આરામ તથા રાહતમાં છે, તેમના દિલ દુનિયાની મહોબ્બતથી વેગળા (દૂર) થઈ ગયાં છે.

૦૨. જ્યારે હું તેમને જોઉં છું તો એક એવી કૌમને જોઉં છું જે જમીનના બાદશાહ છે, તેમની નિશાની સખાવત છે.

તવક્કુલ કરવાનુ બીજુ કારણ એ છે કે તેને ત્યજવામાં મોટો ખતરો અને ભારે નુકસાન છે. હું કહું છું કે શું ખુદા તઆલાએ ઈન્સાનની પેદાઈશની સાથે સાથે જ તેની રોજીનો ઝિક્ર નથી કર્યો ? જેમ કે ઈર્શાદ ફર્માવ્યો :–

خَلَقَكُمْ ثُمَّ رَزَقَكُمْ "ખુદાએ તમને પેદા કર્યા પછી તમને રોજી આપી."

આ પરથી જણાયું કે જેવી રીતે તે ખાલિક (પેદા કરનાર) છે તેવી જ રીતે તે રાઝિક઼ (રોજી આપનાર) પણ છે. વળી કેવળ એટલેથી નથી અટકયો બલ્કે સ્પષ્ટ રીતે રોજીનો વાયદો ફર્માવ્યો. જેમ કે ઈર્શાદ ફર્માવ્યો :–

اِنَّ اللّٰهَ هُوَ الرَّزَّاقُ "બેશક ! અલ્લાહ જ દરેકનો રાઝિક઼ (રોઝી આપનાર) છે."

વળી કેવળ એ વાયદાથી વાત ન પતાવી બલ્કે સાફ રીતે રોજીની જિમ્મેદારી પોતાના પર લીધી અને ફર્માવ્યું :– *(સૂ. રૂમ, ૩૦/૪૦)*

وَمَا مِنْ دَآبَّةٍ فِى الْاَرْضِ اِلَّا عَلَى اللّٰهِ رِزْقُهَا "જમીનમાં કોઈ જાનદાર નથી પણ તેનું રિઝ્ક઼ ખુદા તઆલાના ઝિમ્મે છે." *(પારા : ૧૨, ઝારિયાત, ૫૧/૫૮)*

વળી કેવળ જિમ્મેદારીથી પૂર્ણ ન કર્યું બલ્કે એના માટે ક઼સમ ફર્માવી ! જેમ કે ફર્માવ્યું :–

فَوَرَبِّ السَّمَآءِ وَالْاَرْضِ اِنَّهٗ لَحَقٌّ مِّثْلَ مَآ اَنَّكُمْ تَنْطِقُوْنَ "તો આસમાન અને જમીનના રબની ક઼સમ ! બેશક ! એ હક્ક઼ છે એવી જ ઝુબાનમાં જે તમે બોલી લો." *(પારા : ૨૬, સૂરએ ઝારિયાત, રુકૂઅ : ૧૮, આયત : ૨૩)*

વળી કેવળ ક઼સમથી વાત ખત્મ ન થઈ બલ્કે અતિશય સ્પષ્ટ શબ્દોમાં તવક્કુલનો હુકમ આપ્યો અને તવક્કુલ કરવાની સૂચના ફર્માવી. જેમ કે ફર્માવ્યું :

وَتَوَكَّلْ عَلَى الْحَيِّ الَّذِىْ لَا يَمُوْتُ "તે હૈયો કૈયૂમ જાત પર તવક્કુલ (ભરોસો) કર કે જેના પર ફના નથી આવી શકતી."

*(પારા : ૧૯, સૂરએ ફુર્કાન, રુકૂઅ : ૩, આયત : ૫૮)*

બીજે ઠેકાણે ફર્માવ્યું :–

وَعَلَى اللّٰهِ فَتَوَكَّلُوْٓا اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ "અને ખુદા પર જ તવક્કુલ કરો જો તમે સાચા ઈમાનદાર હોવ." *(સૂ. માઈદહ, ૫/૨૩)*

તો જે શખ્સ ખુદાના ક઼ૌલ પર ભરોસો ન કરે, તેના વાયદાને પૂરતો ન ગણે અને તેણે લીધેલ જિમ્મેદારી પર સંતુષ્ઠ ન થાય, તેના વાયદા, વઈદ (ધમકીઓ) અને હુકમની કોઈ પરવા ન કરે તો એવો શખ્સ જે રોજીની ધંધાકીય

પરેશાનીઓમાં સપડાય છે તે કોનાથી છુપુ છે ! આ એક ઘણી જ કઠિન વાત છે જેનાથી સામાન્ય લોકો ગાફેલ છે. એકવાર સરકારે દો આલમ નૂરે મુજસ્સમ ﷺએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہને ફર્માવ્યું :–

"હે ઈબ્ને ઉમર ! તારો એ સમયે શો હાલ થશે જ્યારે તું એવી ક઼ૌમમાં હોઈશ જેઓ યકીનની કમજોરીને લીધે દુકાળના ડરથી રોજીનો સંગ્રહ કરશે."

હઝરત હસન બસરી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે લા'નત થાય તે ક઼ૌમ પર જેને ખુદાની કિસ્મતો પર પણ ભરોસો ન આવ્યો. જ્યારે આયત فَوَرَبِّ السَّمَآءِ وَالْأَرْضِ ۔۔الخ (છેવટ સુધી) નાઝિલ થઈ તો ફરિશ્તાઓએ કહ્યું, હલાકત (તબાહી) થાય ઈબ્ને આદમના માટે કે એણે રબને ગુસ્સે કર્યો એટલે સુધી કે તેણે રિઝ્ક઼ આપવા માટે ક઼સમ ફર્માવી ! હઝરત ઉવૈસ કરની رضی اللہ عنہએ ફર્માવ્યું છે :–

"જો તું ખુદાની એટલી ઈબાદત કરે જેટલી જમીન તથા આસમાનની તમામ મખ્લૂક઼, તો પણ તે તારી ઈબાદત ક઼બૂલ નહીં કરે, જ્યાં સુધી તું એને સમર્થન ન આપે. કોઈએ સવાલ કર્યો કે સમર્થનનો શો મતલબ ? તો આપે જવાબ આપ્યો કે તેના મુરબ્બી (પાલનહાર), રાઝિક઼ (રોજી આપનાર) અને કફીલ (જિમ્મેદાર) હોવા પર સંતુષ્ઠ થઈ જાય અને શરીરને તેની બંદગીના માટે મુક્ત કરી આપે"

જ્યારે હરમ ઈબ્ને હબ્બાનની મુલાકાત હઝરત ઉવૈસ કરની رضی اللہ عنہ સાથે થઈ તો હઝરત હરમે પૂછયું, હું ક્યાં રોકાઉં ? તો આપે પોતાના હાથ વડે શામ (સીરિયા) તરફ ઈશારો કર્યો. તો હઝરત હરમે કહ્યું, શામમાં જીવનનો ગુજારો શી રીતે થશે ? તો આપે જવાબ આપ્યો, અફસોસ ! એના પર જેઓ શંકામાં અટવાઈ ગયા છે. હવે તેમને કોઈ નસીહત ફાયદો નથી આપતી.

નકલ થયેલ છે કે એક કફનચોરે હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہના હાથ પર તૌબા કરી. હઝરત બાયઝીદે ક઼બ્રોના વિશે તેને સવાલ કર્યો તો તેણે જવાબ આપ્યો, મેં લગભગ હજાર ક઼બ્રોએથી કફન ચોર્યા પરંતુ બે મર્દો સિવાય તમામનાં મોઢાં કિ઼બ્લા તરફથી ફરી ગયેલાં હતાં. તો આપે ફર્માવ્યું, **તે લોકોને રોજીના બારામાં અલ્લાહ તઆલા પર તવક્કુલ ન હતો એટલા માટે**

**ક઼બ્રમાં તેમના ચહેરા કિ઼બ્લાથી ફરી ગયેલા હતા.**

મારા એક મિત્રે મને જણાવ્યું કે એક નેક માણસથી મારી મુલાકાત થઈ તો મેં પૂછયું, શો હાલ છે ? તેણે જવાબ આપ્યો, હાલ તો એનો છે જેનું ઈમાન મહેફૂઝ છે અને તે કેવળ મુતવક્કેલીન (તવક્કુલવાળાઓ) જ છે, જેમનુ ઈમાન મહેફૂઝ છે. આપણે દુઆ કરીએ છીએ કે ખુદા તઆલા પોતાના ફઝ્લથી તમારા અને મારા હાલની ઈસ્લાહ ફર્માવે અને આપણા બુરા અમલોની સજામાં આપણને ન પકડે બલ્કે આપણી સાથે હશ્રના દિવસે એવો વર્તાવ કરે જે તેની રહમત અને શાનને લાયક છે, તે સૌથી વિશેષ રહમો કરમ કરનાર છે.

## ★ તવક્કુલની હક઼ીક઼ત ★

**સવાલ** : તવક્કુલની હક઼ીક઼ત અને તેનો હુકમ શું છે અને રિઝ્ક઼ના બારામાં કેટલી હદે તવક્કુલ જરૂરી તથા અનિવાર્ય છે ?

**જવાબ** : આ પ્રશ્નનો જવાબ સમજવા માટે ચાર ચીજોને સમજવી જરૂરી છે. એક તવક્કુલ શબ્દનો અર્થ, બીજુ તવક્કુલના ઉપયોગનું સ્થળ, ત્રીજુ તવક્કુલની વ્યાખ્યા અને ચોથુ તવક્કુલ પેદા કરવાના સબબો તથા ઝરીયાઓ.

તવક્કુલ શબ્દ "તફઅ્અુલ"ના વજન પર મસ્દર છે (એના પરથી નીકળ્યો છે) જેનો માદ્દો (અસલ) "વકાલતુન્" છે તો મુતવક્કિલ એને કહેવાશે જે કોઈ બીજાને વકીલના સ્થાને સમજે જે એના તરફથી એના કામકાજને કરી નાખે અને જે તેના મામલાઓની દુરુસ્તગીનો જામીન હોય અને જે તકલીફ તથા વ્યવસ્થા કર્યા વિના એની મુશ્કેલીઓ માટે પૂરતો હોય.

આ શબ્દનો ઉપયોગ ત્રણ ઠેકાણે કરવામાં આવે છે, એક તો કિસ્મત પર. કિસ્મત પર તવક્કુલ કરવાનો મતલબ એ છે કે ખુદા તઆલાએ તમારી કિસ્મતમાં જે કાંઈ લખી આપ્યું છે તેના પર સંતોષ કરવામાં આવે, કેમ કે તેનો હુકમ તબદીલ નથી થઈ શકતો અને શરીઅતની રૂએ એ ઈત્મિનાન લાઝિમ તથા જરૂરી છે.

આ શબ્દ બીજે નુસ્રત (મદદ)ના સ્થાને વપરાય છે. નુસ્રત (મદદ)માં તવક્કુલ કરવાનો અર્થ એ છે કે અલ્લાહ તઆલાની મદદ પર વિશ્વાસ તથા

યકીન કરવામાં આવે, કેમ કે જ્યારે તમે એના દીનની મદદ અને તેના પ્રચાર તથા પ્રસારમાં કોશિશ કરશો તો તે પણ ચોક્કસ તમારી ઈમદાદ કરશે કેમ કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે : فَاِذَا عَزَمْتَ فَتَوَكَّلْ عَلَى اللّٰهِ

"જ્યારે તું કોઈ કામ કરવાનો ઈરાદો કરે તો ખુદાની ઈમદાદ પર જ ભરોસો કર." *(પારા : ૪ સૂરએ આલે ઈમરાન, રુકૂઅ : ૭, આયત : ૧૫૯)*

બીજે ઠેકાણે ફર્માવ્યું :–

اِنْ تَنْصُرُوا اللّٰهَ يَنْصُرْكُمْ "જો તમે ખુદાના દીનની ખિદમત કરશો તો તે તમારી ઈમદાદ કરશે." *(સૂ. મુહમ્મદ, ૪૭/૭)*

એક અન્ય ઠેકાણે ફર્માવ્યું :–

وَكَانَ حَقًّا عَلَيْنَا نَصْرُ الْمُؤْمِنِيْنَ "અને મો'મિનોની ઈમદાદ કરવી અમારો હક્ક઼ છે." *(પારા : ૨૧, સૂરએ રૂમ, રુકૂઅ : ૮, આયત : ૪૭)*

જેથી ઈમદાદના (મદદના) બારામાં પણ અલ્લાહ તઆલાના વાયદા પ્રમાણે તેના પર તવક્કુલ અને વિશ્વાસ જરૂરી છે.

અને ત્રીજુ સ્થાન જ્યાં તવક્કુલ કરવો જોઈએ તે રિઝ્ક઼ (રોજી) અને રોજ બરોજની જરૂરત છે. કેમ કે અલ્લાહ તઆલા એ ચીજનો જામિન તથા કફીલ છે જેનાથી તમારુ શરીર કાયમ રહે (ટકી રહે) અને જેના થકી તમે તેની ઈબાદત માટે શક્તિશાળી રહો. કેમ કે ખુદા તઆલાનો ઈર્શાદ છે :–

وَمَنْ يَّتَوَكَّلْ عَلَى اللّٰهِ فَهُوَ حَسْبُهٗ "અને જે શખ્સ અલ્લાહ તઆલા પર તવક્કુલ કરે તો અલ્લાહ તઆલા તેના માટે પૂરતો છે."

*(પારા : ૨૮, સૂરએ તલાક઼, રુકૂઅ : ૧૭, આયત : ૩)*

નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું : "જો તમે ખુદા પર કમા હક્કહૂ (જેવો કે હક્ક઼ છે) તવક્કુલ કરત તો તમને પક્ષીઓની જેમ રોજી આપત જેઓ સવારે ખાલી પેટે માળાએથી જાય છે અને સાંજે પેટ ભરીને પાછાં આવે છે."

અને રોજીના બારામાં અકલન તથા શરઅન (બુદ્ધિની તથા શરીઅતી રૂએ) ખુદા પર તવક્કુલ કરવો લાઝમી છે અને રોજીના બારામાં જ ખુદા પર તવક્કુલ

કરવો સૂફીઓની દષ્ટિએ સામાન્યતઃ તવક્કુલ શબ્દથી મુરાદ હોય છે. અને આ કિતાબમાં એ જ તવક્કુલની ચર્ચાનો હેતુ છે. પરંતુ રોજીના બારામાં ખુદા પર તવક્કુલ કરવાના ભાવાર્થની અત્રે સ્પષ્ટતા કરવામાં આવે છે જેમાં રોજીના તમામ પ્રકારોનું વર્ણન કરવામાં આવશે.

જાણી લો કે રોજીના (રિઝ્ક઼ના) ચાર પ્રકારો છે :–

(૧) રિઝ્કે મઝમૂન (૨) રિઝ્કે મકસૂમ (૩) રિઝ્કે મમ્લૂક (૪) રિઝ્કે મવ્ઊદ

રિઝ્કે મઝમૂન એટલે કે તે ખોરાક અને તે ચીજો છે જેનાથી માણસનુ શરીર ટકી રહે, એમાં બધી દુનિયવી ચીજો નથી ગણવામાં આવતી. અને તવક્કુલ શરીઅતની રૂએ તથા બુદ્ધિની રૂએ (શરઅન તથા અકલન) વાજિબ છે, કેમ કે જ્યારે ખુદાએ આપણને તેની ખિદમત તથા ઈબાદતના પાબંદ કર્યા છે તો જરૂર તે આપણી તે ચીજોનો કફીલ તથા જામીન થશે કે જેના થકી આપણુ શરીર કાયમ (ટકી) રહે અને આપણે તેની ઈબાદત કરી શકીએ અને કેટલાક મશાઈખે કિરામએ પોતાના મસ્લકના મુતાબિક આ તવક્કુલ વિશે લાંબી ચર્ચા કરી છે. જેમ કે તેમણે કહ્યું છે કે ખુદા તઆલાનું બંદાઓના રિઝ્ક઼ના જામિન થવું ત્રણ કારણે જરૂરી છે :

**એક** એટલા માટે કે આપણે તેના બંદા છીએ અને તે આપણો માલિક (આક઼ા) છે તો જેવી રીતે ગુલામો માટે આક઼ાની ખિદમત તથા આજ્ઞાપાલન (ઈતાઅત) અનિવાર્ય છે એવી જ રીતે આક઼ા પર લાઝિમ છે કે બંદાઓના રિઝ્ક઼ અને તેમની અન્ય જરૂરતોનો કફીલ (જિમ્મેદાર) થાય.

**બીજુ** એટલા માટે કે ખુદા તઆલાએ બંદાઓને રોજીનો મોહતાજ પેદા કર્યા છે પરંતુ તેમને રોજીની તલાશનો કોઈ નિશ્ચિત ઝરીયો નથી દર્શાવ્યો, કેમ કે બંદા નથી જાણતા કે તેમની રોજી કઈ ચીજ છે ? અને ક્યાં છે અને ક્યારે મળશે ? એટલા માટે રબ તઆલા પર લાઝિમ છે કે તેમની રોજીનો કફીલ થાય અને તેમને રોજી પૂરી પાડે.

**ત્રીજુ** એ કે ખુદાએ બંદાઓને હુકમ આપ્યો છે કે તેઓ તેની ઈબાદત તથા

આજ્ઞાપાલનમાં વ્યસ્ત રહે. તો જો તેઓ રોજીની તલાશમાં જ ડૂબેલા રહે તો તેઓ તેની ઈબાદતના માટે નવરા પડી શકતા નથી, એ કારણે પણ રબ તઆલાએ તેમની રોજીના કફીલ થવું જોઈશે જેથી નવરાશ પામીને તે તેની ઈબાદત તથા આજ્ઞાપાલન કરી શકે.

પરંતુ કિરામિયહનો આ મસ્લક દુરુસ્ત નથી, કેમ કે એવું કહેવું કે **બંદાને રિઝ્ક઼ આપવું ખુદ પર ''વાજિબ'' છે, એ ગલત છે.** અને આવી વાત રબની રબૂબિયતના રહસ્યોથી અજ્ઞાનતાને લીધે છે અને અમે ઈલ્મે કલામની કિતાબોમાં આવા મઝહબની ઘણી જ દલીલપૂર્ણ પદ્ધતિથી ખંડન કરી દીધું છે.

અમે હમણા દર્શાવ્યું કે રોજી (રિઝ્ક) ચાર પ્રકારની હોય છે અને પ્રથમ ''રિઝ્કે મઝમૂન'' છે તેનું સંક્ષિપ્ત વર્ણન આપ જોઈ ચૂક્યા છો. બીજો પ્રકાર ''રિઝકે મકસૂમ'' છે એનો મતલબ એ રિઝ્ક઼ જે ખુદાએ બંદાની કિસ્મત કરી આપ્યું છે અને લોહે મહફૂઝમાં લખી આપ્યુ છે કે બંદો આ ખાશે, આ પીશે, આ પહેરશે. આ રિઝ્કે મકસૂમની માત્રા અને તેનો સમય નિશ્ચિત છે તેમાં વધઘટ નથી થઈ શકતી અને ન તો તેમાં વહેલુ મોડુ થઈ શકે છે. જેમ કે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું :–

''રિઝ્ક રોજે અવ્વલથી વહેંચી આપવામાં આવ્યું છે અને કુદરતની ક઼લમ તેને લખીને ફારિગ થઈ ચૂકી છે. હવે કોઈ પરહેઝગારની પરહેઝગારી એને વધારી નથી શકતી અને ન કોઈ ફાજિર (ખુલ્લમ ખુલ્લા ગુનાહો કરનાર)ના ફિસ્ક઼ો ફુજૂરથી તે ઘટી શકે છે.''

ત્રીજો પ્રકાર ''રિઝ્કે મમ્લૂક'' છે, એનાથી મતલબ એ માલ તથા એ ચીજો છે જેનો બંદો દુનિયામાં તે સમયે માલિક હોય છે અને જે તેના કબજા હેઠળ હોય છે. અને કુર્આન મજીદની નીચેની આયત એ જ રિઝ્ક઼ વિશે છે :–

وَاَنْفِقُوْا مِمَّا رَزَقَهُمُ اللّٰهُ ''અને એ રિઝ્ક઼માંથી ખુદાની રાહમાં ખર્ચ કરો જે અમે તમને આપ્યું છે.'' *(સૂ. નિસાઅ્, ૪/૩૯)*

આ આયતમાં શબ્દ મિમ્મા રઝ્ક઼નાકુમનો અર્થ છે મિમ્મા મલક્નાકુમ એટલે કે જેના અમે તમને માલિક બનાવ્યા છે.

ચોથો પ્રકાર "રિઝકે મવ્ઊદ" છે એનો મતલબ તે હલાલ રિઝ્ક છે જેનો ખુદા તઆલાએ પરહેઝગાર લોકોને વાયદો ફર્માવ્યો છે કે તે તેમને વિના મહેનત તથા તકલીફે આપવામાં આવશે. જેમ કે ખુદા તઆલાનો ઈર્શાદ છે :–

وَ مَنۡ یَّتَّقِ اللّٰہَ یَجۡعَلۡ لَّہٗ مَخۡرَجًا ۙ﴿﴾ وَّ یَرۡزُقۡہُ مِنۡ حَیۡثُ لَا یَحۡتَسِبُ

"અને જે શખ્સ ખુદાથી ડરે છે અને પરહેઝગારી અપનાવે છે તો તેના માટે અલ્લાહ તઆલા માર્ગ કાઢી આપે છે અને તેને ત્યાંથી રોજી આપે છે જ્યાંનું બંદાને ગુમાન નથી હોતું." *(પારા : ૨૮, સૂરએ તલાક઼, રુકૂઅ : ૧૭, આયત : ૩)*

આ છે રિઝ્કના ચાર પ્રકારો, એમાંથી પ્રથમ પ્રકારમાં તવક્કુલ વાજિબ છે.

## ★ તવક્કુલની વ્યાખ્યા ★

તવક્કુલની વ્યાખ્યા દર્શાવવામાં મશાઈખે તરીકતમાં મતભેદ છે. મોટાભાગના મશાઈખ તો કહે છે કેવળ ખુદા તઆલા પર ભરોસો કરવો અને મખ્લૂક઼થી દરેક પ્રકારની આશાઓને છોડી દેવાનું નામ તવક્કુલ છે. અને કેટલાક કહે છે કે ગૈરથી તઅલ્લુક તોડીને દિલને કેવળ ખુદાની હિફાઝતમાં આપવાનુ નામ તવક્કુલ છે.

અને ઈમામ અબૂ ઉમર رحمۃ اللہ علیہએ ફર્માવ્યું છે કે ખુદા સિવાય દરેક ચીજથી સંબંધ તોડવાનું નામ તવક્કુલ છે. અને તઅલ્લુક તોડવાનો મતલબ એ દર્શાવે છે કે બંદો પોતાના શરીરની તંગી તથા તકલીફનો ખુદા સિવાય કોઈની સમક્ષ ઉલ્લેખ પણ ન કરે.

અને મારા શયખ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું છે કે તમારી દરેક તંગી અને તકલીફનો ઉલ્લેખ કેવળ ખુદાને કરવાનુ નામ તવક્કુલ છે અને મખ્લૂક઼ને તકલીફ તથા તંગીનું વર્ણન ગૈરથી તઅલ્લુક રાખવુ ગણાશે.

મારી દૃષ્ટિએ મશાઈખ (શયખો)ના અકવાલ (કથનો)નો ખુલાસો એ છે કે તવક્કુલ એનુ નામ છે કે બંદાને એ બાબતનુ યકીન થઈ જાય અને એનુ દિલ એના પર મજબૂતીથી જામી જાય કે મારા શરીર અને ઢાંચા (માળખા)ને બાકી (સલામત) રાખવો, મારી હાજતોને પૂરી કરવી અને દરેક તંગી તથા તકલીફથી

બચાવવવું કેવળ ખુદાની કુદરતના કબજા હેઠળ છે, કોઈ બીજાના હાથમાં નથી અને ન તો દુનિયાની ચીજો તથા માધ્યમોના સબબે છે. ખુદા જો ચાહે તો મારા શરીરની બકા (સલામતી) અને બીજી હાજતો માટે કોઈ મખ્લૂકને વસીલો બનાવી આપે છે અથવા દુનિયાની કોઈ અન્ય ચીજને ઝરીયો બનાવી દે છે અને જો તે ચાહે તો જાહેરી સબબો વગર અને કોઈ મખ્લૂકના આશરા વિના મને જીવતો રાખી શકે છે, તે સબબો તથા ઝરીયાઓનો મોહતાજ નથી.

જ્યારે તારો અકીદો તવક્કુલના આ ભાવાર્થ મુજબ થઈ જાય અને તારુ દિલ આ અકીદા પર મજબૂતીથી જામી જાય અને તારુ દિલ મખ્લૂક અને દુનિયાની ચીજો સબબોથી બેપરવા થઈ જાય તો સમજી લે કે તને પૂર્ણપણે જેવો કે હક્ક છે તવક્કુલ મળી ગયો અને તું મુતવક્કેલીન (તવક્કુલવાળાઓ)માં સામેલ થઈ ગયો.

## ★ તવક્કુલ પેદા કરવાની રીત ★

તવક્કુલ એ રીતે પેદા થાય છે કે બંદો રિઝક્ અને અન્ય જરૂરતો બાબતે ખુદા તઆલાનુ જામિન અને કફીલ હોવું ધ્યાનમાં રાખે અને ખુદાના ઈલ્મ તથા કુદરતના કમાલનો ખયાલ કરે અને એ વાત પર યકીન રાખે કે ખુદા તઆલા વાયદા વિરુદ્ધ કરવાથી, ભૂલ તથા આજિઝી અને દરેક એબથી પાક છે. જ્યારે હમેશાં આવો ખયાલ દિમાગમાં રહેશે તો તેને જરૂર રિઝ્કના બારામાં રબ તઆલા પર તવક્કુલની સઆદત નસીબ થઈ જશે.

**સવાલ** : શું બંદા પર રોજીની તલાશ લાઝિમ છે કે નહીં ?

**જવાબ** : "રિઝ્કે મઝમૂન"ની તલાશ બંદો નથી કરી શકતો કેમ કે તેનાથી મુરાદ શરીરનું પાલન પોષણ છે, અને આ ખુદાનું કામ છે. જેવી રીતે મૌત અને જિંદગી અતા કરવું રબ તઆલાનું કામ છે. અને દેખીતુ છે કે માણસ આ કામ માટે શક્તિમાન નથી કે જે ખુદાની સિફતો છે."

અને "રિઝ્કે મકસૂમ"ની તલાશ પણ ઈન્સાનને માટે જરૂરી નથી, કેમ કે એ તો "રિઝ્કે મઝમૂન"નો મોહતાજ છે અને રિઝ્કે મઝમૂનનો ઝામિન અને કફીલ ખુદા છે. અને ખુદા તઆલાએ એ ફર્માવ્યું છે وَابْتَغُوا مِنْ فَضْلِ اللّٰهِ તો એનો મતલબ રિઝ્કની તલાશ નથી બલ્કે ઈલ્મ અને સવાબની તલબનો હેતુ છે.

અને જો એવું કહેવામાં આવે કે રિઝ્ક મઝમૂન સબબોથી સંબંધિત છે તો પછી સબબોની તલાશ લાઝિમ છે કે નહીં ? તો એનો જવાબ એ છે કે સબબોની તલાશ પણ લાઝિમ (જરૂરી) નથી કેમ કે ખુદા તઆલા જ્યારે નિશ્ચિત કરેલ રિઝ્ક સબબો થકી કે વિના સબબે પૂરુ પાડી શકે છે તો સબબો તલાશ કરવાની શી જરૂર ? વળી ખુદા તઆલાએ વિના પાબંદીએ (મુત્લકન્) ફર્માવ્યું છે કે, "અમે રિઝ્કના જામિન છીએ" એવી શરત (કૈદ) નથી લગાડી કે નફ્સે રિઝ્ક (રિઝ્કના મૂળ)ના અમે જામિન છીએ, અને ઝરીયા તથા સબબો શોધી કાઢવા બંદાઓના માથે છે. જેમ કે ફર્માવ્યું :–

وَمَا مِنۡ دَآبَّةٍ فِي الۡاَرۡضِ اِلَّا عَلَى اللّٰهِ رِزۡقُهَا "અને જમીનમાં કોઈ જાનદાર નથી પણ તેનું રિઝ્ક ખુદાના જિમ્મે છે." *(સૂ. હૂદ, ૧૧/૬)*

વળી ઈન્સાન તે ચીજ પણ કેવી રીતે શોધી શકે છે જેની જગા વિશે તેને જાણ ન હોય, કેમ કે યકીનની સાથે ઈન્સાનને એ ખબર નથી કે આ ઝરીયાથી રિઝ્ક મળશે અથવા આ ચીજ મારો ખોરાક છે અથવા એનામાં મારુ પોષણ છે માણસ જાત જાણતી નથી કે યકીનન ! મારી રોજી આ ઝરિયાથી મળશે.

આના બારામાં તારા ઈત્મિનાન માટે એટલુ જ પૂરતુ છે કે અંબિયાએ કિરામ عَلَيۡهِمُ السَّلَام અને ઔલિયાએ એઝામ રિઝ્કના મામલામાં ખુદા તઆલા પર તવક્કુલ કરતા હતા અને ઘણા જ ઓછા રિઝ્કની તલાશ કરતા હતા બલ્કે પોતાના બદનને ખુદાની ઈબાદતને માટે મુક્ત રાખતા હતા અને એના પર એકમતિ છે કે તેમણે રોજીની તલાશને ત્યજી ખુદા તઆલા કોઈ હુકમની નાફર્માની નથી કરી, અને ન તો તેઓ કોઈ ખુદા તઆલાના હુકમો છોડનારા બન્યા. તો આ બયાનથી સ્પષ્ટ થઈ ગયું કે રિઝ્ક અને અસબાબે રિઝ્કની તલાશ કાંઈ જરૂરી નથી.

**સવાલ** : તલાશ કરવાથી રોજી વધે અને ન તલાશ કરવાથી ઘટે કે નહીં ?

**જવાબ** : લોહે મેહફૂઝમાં રોજીની માત્રા (માપ) અને તેનો સમય નિશ્ચિત રૂપે લખેલો છે અને ખુદાના હકમમાં કોઈ તબ્દીલી આવી શકતી નથી અને ન તેની વહેંચણીમાં કોઈ ફેર બદલ થઈ શકે છે, અને આ જ ઉલમાએ અહલે

સુન્નતની નજીક સાચુ છે. કેવળ હાતિમ તથા શફીકના અનુયાયીઓ જ તેની વિરુદ્ધ છે, તેઓ એવું કહે છે કે રોજી તો શોધવા ન શોધવાથી ઓછી વત્તી નથી થઈ શકતી પણ માલમાં શોધવા ન શોધવાથી વધઘટ થઈ શકે છે, અને આ ફાસિદ (ગલત વાત) છે. જેવી રીતે રોજીમાં વધઘટ નથી થઈ શકતી એવી જ રીતે માલમાં પણ નથી થઈ શકતી, કેમ કે બંનેની દલીલ એક છે. ખુદા તઆલાએ નીચેની આયતમાં એ જ તરફ ઈશારો ફર્માવ્યો છે :–

لِّكَيْلَا تَأْسَوْا عَلَىٰ مَا فَاتَكُمْ وَلَا تَفْرَحُوا بِمَا آتَاكُمْ

**"જેથી જે હાથથી નીકળી ગયું છે એના માટે ગમ ન કરો અને જે માલ તમારા કબજામાં આવ્યો છે તેના પર ખુશી ન મનાવો."**

*(સૂ. હ઼દીહ, ૫૭/૨૩)*

જો તલાશથી રોજીમાં વધારો થાત અને ન શોધવાથી કમી, તો જો કે ગમી કે ખુશીનું સ્થાન હોત. કેમ કે આળસ અને નિષ્કાળજીથી જ્યારે કોઈ ચીજ વેડફાઈ જાય તો તેના માટે માણસ રંજમય બને છે અને કોશિશ કરવાથી તથા કમર કસવાથી જ્યારે કોઈ ચીજ પ્રાપ્ત થાય છે તો તેના માટે માણસને ખુશી ઉપજે છે. નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام એ એક સવાલ કરનારે ફર્માવ્યું : "સાંભળી લે ! તું જો રોજીની તલાશ ન પણ કરત તો પણ જે તારા મુકદ્દરમાં છે તે તને મળી જાત.

**સવાલ** : સવાબ અને અઝાબ પણ તો લોહે મહેફૂઝમાં લખેલ છે, છતાં આપણને હુકમ છે કે સવાબની તલબ કરવામાં આવે અને જે ચીજો અઝાબનો સબબ બને છે તેનાથી દૂર રહેવામાં આવે. તો શું તલબથી સવાબ વધી શકે છે અથવા અઝાબનો સબબ બનનારી ચીજોથી બચવાથી અઝાબમાં કમી આવી શકે છે ?

**જવાબ** : જાણી લો કે ખુદા તઆલાએ સવાબ તલબ કરવાનો હુકમ કતઈ અને સ્પષ્ટ રૂપે આપણને આપ્યો છે અને તેને ત્યજવા અઝાબનો ડર સંભળાવ્યો છે અને ખુદાએ એવી જિમ્મેદારી નથી લીધી કે બંદો નેક અમલો ન કરે તો પણ તે તેને અજ્ર (બદલો) આપશે. એટલા માટે અઝાબ તથા સવાબની વધઘટ બંદાના કર્મ પર આધારિત છે અને રોજી તેમજ અઝાબ તથા સવાબમાં ફરક છે

જે કેટલાક ઉલમાએ બયાન કર્યો છે. તે એ કે રોજી અને મૌતના વિશે લોહે મેહફૂઝમાં કોઈ જાતની શરત વિના એક કતઈ (નિશ્ચિત) ફેંસલો લખલો છે. તમે કુર્આન મજીદમાં ન જોયું કે ખુદાએ કેવી રીતે રોજીના વિશે બિનશરતી તૌર પર ફર્માવ્યું છે :–

وَمَا مِنْ دَآبَّةٍ فِي الْاَرْضِ اِلَّا عَلَى اللّٰهِ رِزْقُهَا "અને જમીનમાં કોઈ જાનદાર નથી પણ તેનું રિઝ્ક ખુદાના જિમ્મે છે."

અને મૌત વિશે ફર્માવ્યું :

فَاِذَا جَآءَ اَجَلُهُمْ لَا يَسْتَاْخِرُوْنَ سَاعَةً وَّلَا يَسْتَقْدِمُوْنَ

"જ્યારે મૌતનો સમય આવી જાય છે તો એક પળ આઘી પાછી નથી થઈ શકતી." *(પારા : ૧૪, સૂરએ નહ્લ, રુકૂઅ : ૧૩, આયત : ૬૧)*

અને હુઝૂર નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું છે :–

"ચાર ચીજોથી ફરાગત (મુક્તિ) થઈ ચૂકી છે, ઈન્સાનના ઢાંચા (શરીરના માળખા)ની બનાવટથી, તેની આદત તથા તબીઅત (પ્રકૃતિ)થી તેના મૌત અને તેની રોજીથી."

અને અઝાબ તથા સવાબનું લખાણ લોહે મેહફૂઝમાં બંદાના કર્મોની સાથે સંબંધિત તથા શરતી છે. એટલે કે જો બંદો નેકી કરશે તો સવાબ પામશે અને ગુનાહ કરશે તો અઝાબને પાત્ર ઠરશે. જેમ કે કુર્આન મજીદની નીચેના આયતમાં દર્શાવ્યું છે :–

وَلَوْ اَنَّ اَهْلَ الْكِتٰبِ اٰمَنُوْا وَاتَّقَوْا لَكَفَّرْنَا عَنْهُمْ سَيِّاٰتِهِمْ وَلَاَدْخَلْنٰهُمْ جَنّٰتِ النَّعِيْمِ

"અને જો અહલે કિતાબ ઈમાન લઈ આવત અને તકવો અખ્તયાર કરત તો જરૂર અમે તેમના ગુનાહો માફ કરી આપત અને તેમને નેઅમતવાળા બાગોમાં દાખલ કરત." *(સૂ. માઈદા, ૫/૬૫)*

**સવાલ** : અમે જોયું કે જે લોકો રોજીની તલાશ અને કોશિશ કરે છે તેમની પાસે રોજી અને માલ વધારે હોય છે અને જેઓ તલાશ તથા કોશિશ નથી કરતા તેઓ કંગાળ તથા મોહતાજ હોય છે.

**જવાબ** : એવું નથી, બલ્કે જોવામાં આવ્યું છે કે કેટલાક તલાશ તથા મહેનત કરવાવાળા રોજીથી મેહરૂમ હોય છે અને કેટલાક તલાશ ન કરનારા માલદાર અને નેઅમતોવાળા હોય છે. હા ! મોટેભાગે એવું હોય છે કે મહેનત કરનારા ફકીર તથા કંગાળ નથી થતા અને કોશિશ ન કરનારા માટે ભાગે ફકીર હોય છે. તે એટલા માટે કે તમને ખબર પડે કે ઈજ્જત તથા હિકમતવાળા ખુદાની તદબીર તથા તકદીર એ જ રીતે જારી (પ્રવૃત) છે. અબૂબક્ર મુહમ્મદ ઈબ્ને સાબિદ સ઼કલી વાઈઝે શામે શું સરસ ફર્માવ્યું છે :–

૦૧. ઘણા સશક્ત લોકો જેઓ તદબીર (યુક્તિ)માં ઘણા હોશિયાર અને ચાલાક હોય છે તેઓ રોજીથી વંચિત હોય છે.

૦૨. અને ઘણા નિર્બળ લોકો તદબીરમાં નકામા છતાં દુનિયા તેમની પાસે એવી રીતે આવી છે જાણે તેઓ સમુદ્રના તળિયેથી બંને હાથે હીરા મોતી કાઢી રહ્યા છે.

૦૩. આ એ વાતની દલીલ છે કે રોજીના બારામાં મખ્લૂકની સાથે ખુદા તઆલાનો એક છુપો (ગર્ભિત) સંબંધ છે જેને સમજવાથી ઈન્સાની દિમાગ લાચાર છે.

**સવાલ** : શું કોઈ રણમાં સફરના સામાન વિના પ્રવેશવું યોગ્ય છે ? અને કોઈ સરસામાન વિના તેને પાર પાડવાનો ઈરાદો કરવો ઠીક છે ?

**જવાબ** : જાણી લે કે જો તારુ દિલ તવક્કુલમાં અડગ હોય અને તેને ખુદાના વાયદા પર મુકમ્મલ યક઼ીન હોય હોય તો તારા માટે ઝાદે રાહ (સફરના સામાન) વિના જંગલની સફર દુરુસ્ત છે, નહીં તો સામાન્ય લોકોની જેમ તું પણ ઝાદે રાહ લઈને ચાલ.

અને મેં ઈમામ અબુલ મઆલી رحمۃ اللہ علیہથી સાંભળ્યું કે આપ ફર્માવતા હતા, "જે શખ્સ અલ્લાહ તઆલા સાથે એવા જ દસ્તૂરથી પેશ આવે (વર્તે) જેવી રીતે લોકોમાં વર્તે છે તો ખુદા પણ તેની સાથે એ જ પ્રમાણે વર્તશે જેવી રીતે લોકો તેનાથી વર્તે છે."

આપનો આ ઈર્શાદ ઘણો જ યોગ્ય છે અને વિચારવાવાળાને એનાથી ઘણા ફાયદા મળી શકે છે.

**સવાલ** : તમારું એ કહેવું કે ઝાદે રાહ (સફર ખર્ચ) વિના કેવળ ખુદાના તવક્કુલ પર સફર અપનાવવી દુરુસ્ત છે, એ ઠીક નથી કેમ કે અલ્લાહ તઆલાએ સ્પષ્ટ શબ્દોમાં હુકમ આપ્યો છે :–

وَتَزَوَّدُوْا فَاِنَّ خَيْرَ الزَّادِ التَّقْوٰى "અને ઝાદે રાહ લઈને સફરમાં નીકળો અને બેહતર ઝાદ (સફર ખર્ચ) તક્વો છે." *(પારા : ૨, સૂરએ બક્રહ, આયત : ૧૯૭)*

**જવાબ** : આ આયતની તફસીરમાં બે ક઼ૌલ છે એક કે "ઝાદ"થી ઝાદે આખેરત છે, એટલા માટે એની સાથે ફર્માવ્યું خَيْرَ الزَّادِ التَّقْوٰى ન કે દુનિયાનો સરસામાન અને મામૂલી સફરનો ખર્ચ વગેરે.

બીજો ક઼ૌલ એ છે કે જ્યારે કેટલાક લોકો હુઝૂર ﷺના જમાનામાં હજ્જ માટે રવાના થતા હતા તો સફર ખર્ચ વિના રવાના થતા હતા, માર્ગમાં લોકો પાસેથી માગતા હતા અને પોતાની મોહતાજીની ફરિયાદ કરતા હતા અને લોકોને તંગ કરતા હતા અને આગ્રહપૂર્વક તેમનાથી માગતા હતા. તો એવા લોકોને હુકમ આપવામાં આવ્યો કે સફર ખર્ચ લઈને હજ્જ માટે જાય, અને તેમને ચેતવણી આપવામાં આવી કે ખુદ કમાયેલા માલની સાથે હજ્જ કરવી અસલ હજ્જ છે. લોકોના સહારા પર નીકળી પડવું અને માર્ગમાં દરેકથી હજ્જનો ઝિક્ર કરીને માગતા ફરવું અને પછી આ ઝિલ્લત તથા ખુવારીની સાથે હજ્જ કરવી નિરર્થક છે.

**સવાલ** : શું મુતવક્કિલ (તવક્કુલવાળો) શખ્સ પણ સફરમાં સફર ખર્ચ લઈને ચાલે છે ?

**જવાબ** : ઘણીવાર મુતવક્કિલ આદમી પણ ઝાદે રાહ સાથે લઈને રવાના થાય છે પરંતુ એનું દિલ એ વાત પર અડગ નથી હોતુ કે આ જ મારી રોજી છે અને સફરમાં એના પર જ મારો ગુજારો છે, બલ્કે તેનું દિલ ખુદાની સાથે અડગ હોય છે અને એનો ભરોસો ખુદા પર હોય છે અને તે દિલમાં કહી રહ્યો હોય છે કે મારું રિઝ્ક રોઝે અવ્વલથી (પ્રથમ દિવસથી) મારા હિસ્સામાં લખવામાં આવેલું છે. અને ફરિશ્તાઓ મારા હિસ્સાની રોજી લખીને ફારિગ થઈ ચૂક્યા છે અને અલ્લાહ તઆલા જો ચાહે તો આ રિઝ્કના ઝરીયે મારા શરીરને કાયમ

રાખે અથવા સફરમાં અન્ય કોઈ ઝરીયો પેદા કરી આપે. અને ઘણીવાર મુતવક્કિલ શખ્સ પોતાની સાથે સફર ખર્ચ એ હેતુથી લઈ જાય છે કે તેના વડે કોઈ મુસલમાનની મદદ કરશે અથવા કોઈ અન્ય ચીજને ફાયદો પહોંચાડશે.

પરંતુ હક઼ીક઼તમાં ઝાદે રાહ (સફર ખર્ચ) લઈને ચાલવામાં મૂળ ચીજ દિલની હાલત છે, તારા દિલમાં એ વાત હોવી જોઈએ કે ખુદાએ દરેક હાલતમાં મને રોજી આપવાનો વાયદો ફર્માવ્યો છે અને તે મારો કફીલ અને જામિન છે. એટલા માટે કે ઘણા લોકો એવા હોય છે જેઓ ખર્ચ લઈને તો નીકળે છે પણ તેમનો તવક્કુલ સંપૂર્ણતઃ ખુદા પર હોય છે ન કે ખર્ચ પર, અને ઘણા જાહેરી રીતે ખર્ચ લઈને તો નથી ચાલતા પરંતુ તેમનું દિલ તેમાં જકડાયેલ હોય છે, ખુદા પર તેમને કોઈ ભરોસો નથી હોતો. જેથી જાણવા મળ્યું કે મૂળ વાત દિલની છે. આ નિયમને સારી પેઠે યાદ રાખી લે કેમ કે આ ખૂબ જ ફાયદાકારક છે.

**સવાલ** : નબીએ કરીમ ﷺ અને સહાબાએ કિરામ તથા સલફે સાલેહીન હમેશાં ઝાદે રાહ (સફર ખર્ચ) લઈને સફર કરતા હતા તો તમે કેવી રીતે કહો છો કે ઝાદે રાહની જરૂરત નથી ?

**જવાબ** : અમે ક્યારે કહ્યું કે સફરમાં ખાવા, પીવાનો જરૂરી સામાન લઈને ચાલવું હરામ છે ?! બલ્કે હરામ એ ચીજ છે કે મુસાફિર એ મામૂલી સામાનને જ પોતાનો સહારો સમજે અને ખુદા તઆલા પર તવક્કુલ ન કરે. વળી રસૂલુલ્લાહ ﷺના બારામાં શો ખયાલ છે ? કુર્આન મજીદમાં આપને હુકમ આપ્યો છે :–

وَتَوَكَّلْ عَلَى الْحَيِّ الَّذِىْ لَا يَمُوْتُ "હે હબીબ ! તું તારા રબ પર ભરોસો રાખ."

*(પારા : ૧૯, સૂરએ ફુર્કાન, રુકૂઅ : ૩, આયત : ૫૮)*

શું તમે જે ખાવા પાણી અથવા દિરહમ કે દીનાર સાથે લઈને સફર કરતા હતા તો પોતાના ખુદાના આ વર્ણન કરેલ હુકમની નાફર્માની કરી ? હરગિઝ નહીં ! આપના થકી તદ્દન નાફર્માની નથી થઈ, બલ્કે દિરહમ તથા દીનાર હોવા છતાં પણ યકીનન આપનું દિલ ખુદાની સાથે હતું અને યક઼ીનન આપનો તવક્કુલ ખુદા પર જ હતો, જેમ કે તેમના રબે તેમને હુકમ આપ્યો હતો. આપ જ તે

અજોડ જાત છે જેમણે દુનિયાની કોઈ ચીજના પ્રતિ લગીરેય ધ્યાન નથી કર્યું અને તમામ જમીનના ખજાનાઓની ચાવીઓની તરફ જ્યારે કે આપને રજૂ કરી દેવામાં આવી છતાં નજર ઉઠાવીને જોયું નથી, બલ્કે આપનું તથા સલફે સાલેહીનનું સફર ખર્ચ લઈને ચાલવું અન્ય લોકોની મદદ તથા દસ્તગીરીની નિય્યતથી હતું. એટલા માટે નહીં કે તેઓ ઝાદે રાહને જ મઆઝલ્લાહ પોતાનો સહારો સમજતા હતા અને ખુદા પર તેમને કોઈ ભરોસો ન હતો ! (મઆઝલ્લાહ !)

તો જાણવા મળ્યું કે અસલ એતબાર ઈરાદા અને નિશ્ચયનો છે એને ખૂબ ધ્યાનમાં રાખ અને ગફલતની નિદ્રાથી જાગૃત થા અને વાતને સંપૂર્ણ પણ દિમાગમાં બેસાડ જેથી ખુદા તને નેકીની રાહ બતાવે.

**સવાલ** : શું ઝાદે રાહ (સફર ખર્ચ) લઈને ચાલવું અફઝલ છે કે ન લઈને ચાલવું ?

**જવાબ** : ઝાદે રાહ સફરમાં સાથે લઈને ચાલવું કે ન ચાલવું સંજોગો અને વ્યક્તિઓના હિસાબે ભિન્નતા ધરાવે છે. જો કૌમનો એક પેશવા ઝાદે રાહ એ ઈરાદે લઈને ચાલે કે લોકો સમક્ષ એનું જાઈઝ હોવું સ્પષ્ટ થઈ જાય, અથવા સફરમાં બીજા મુસલમાનભાઈની મદદની નિય્યત હોય અથવા કોઈ તંગદસ્તની મદદ પહોંચી શકાય એ હેતુ હોય, અથવા એ પ્રકારનો કોઈ અન્ય નેક ઈરાદો હોય તો ઝાદે રાહ લઈને ચાલવુ અફઝલ છે. અને જો કોઈ શખ્સ એકલો સફર માટે રવાના થાય જેનો તવક્કુલ ખુદા તઆલા પર મજબૂત હોય અને તેને ભય હોય કે ક્યાંક ઝાદે રાહ ખુદાથી ગાફેલ ન કરી આપે, તો એવા શખ્સના માટે ઝાદે રાહ ત્યજી દેવો બેહતર છે. આ ફરકને સારી પેઠે સમજી લે, ખુદા તને નેકીની તૌફીક ઈનાયત ફર્માવે.

## ★ બીજુ વિધ્ન–સફરના ખતરાઓનો ખયાલ ★

આ વિધ્નથી બચવા માટે તું તારો મામલો પૂરેપૂરો ખુદા તઅલાના હવાલે કરી દે અને એ બે કારણે બેહતર છે.

એક તો દિલને તે જ વખતે ઈત્મિનાન અને ચૈન નસીબ થઈ જશે, કેમ કે તે બાબતો જે મહત્વની હોય અને તેનું સારું નરસુ હોવું તમારા પર જાહેર ન હોય

તો એવી ચીજની ફિકરમાં બેચૈન રહેશો અને જ્યારે તમે તમારા દરેક મામલાને ખુદાને હવાલે કરી આપ્યો તો તમને યકીન થઈ જશે કે ઈન્શા અલ્લાહુ તઆલા ! ભલાઈ જ નસીબ થશે. તો પોતાના મામલાઓ ખુદાને સુપ્રત કરવામાં તમે ખતરાઓ અને દરેક પ્રકારના ભયોથી મેહફૂઝ રહેશો અને ચૈન તથા સુકૂન મયસ્સર થઈ જશે. અને આ સલામતી તથા રાહત અને દિલી સંતોષ ઘણી જ મોટી નેઅ્મત છે. મારા શયખ رحمۃ اللہ علیہ ઘણીવાર મજલિસોમાં એવું ફર્માવ્યા કરતા હતા કે, "તારી તદબીર તે જાતને સોંપી દે જેણે તને પેદા ફર્માવ્યો તો રાહતમાં થઈ જઈશ."

મારા શયખ رحمۃ اللہ علیہએ નીચેના ત્રણ શેઅરો પણ એના અનુસંધાનમાં કહ્યા છે :–

૦૧. જે શખ્સ એ ન જાણતો હોય કે મારો લાભ મારી પ્રિય ચીજમાં છે અથવા એમાં જે મને અપ્રિય (નાપસંદ) છે.

૦૨. તો તે કામને જેને તે હલ કરવાથી (ઉકેલવાથી) આજિઝ છે તે કામને તે જાતને હવાલે કરી આપે.

૦૩. જે દરેક હાજત માટે પૂરતો છે એટલે કે, ખુદા તઆલાને સુપ્રત કરે જે ભલાઈ કરનાર છે અને આપણા મા, બાપ કરતાં પણ વધારે રહીમ છે.

તફ્વીઝ ઈલલ્લાહ (ખુદાને સોંપણી)નો બીજો ફાયદો એ છે કે, ભવિષ્યમાં પણ તમે ખૈર તથા ભલાઈમાં રહેશો અને એટલા માટે કે મામલાઓના પરિણામ અસ્પષ્ટ હોય છે. (આપણને તેના પરિણામોની ખબર નથી) કેમ કે કેટલીક બુરાઈઓ એવી છે જે દેખાવે ભલી લાગે છે અને ઘણી નુકસાનકર્તા ચીજો એવી છે જે દેખીતી રીતે તો લાભદાયી જ જણાઈ આવે છે. અને કેટલીક એવી છે જે દેખીતી મધ લાગે (મીઠી લાગે) છે અને તમે તેના ભેદો તથા પરિણામથી અજ્ઞાત હોવ છો. તો જ્યારે તમે કોઈ કાર્યને તમારા ઈરાદા અને તમારા અખ્તયારથી શરૂ કરશો તો ઘણા જ ઝડપથી હલાકત તથા તબાહીમાં પડી જશો અને તમને સમજમાં પણ આવશે નહીં.

**હિકાયત** : એક આબિદના વિશે નક્લ થયેલ છે કે તે રબ તઆલાને

એવો સવાલ કર્યા કરતો હતો કે તેને ઈબ્લીસ લઈને દેખાડવામાં આવે. અલ્લાહ તઆલા તરફથી એ જ જવાબ મળતો હતો કે, એ ખયાલને છોડી દે અને અમ્નો સલામતીની દુઆ કર્યા કર. પણ તે એ ખયાલને વળગેલો રહ્યો. છેવટે એક દિવસે અલ્લાહ તઆલાએ ઈબ્લીસને તે આબિદ સમક્ષ જાહેર કરી આપ્યો. જ્યારે આબિદે ઈબ્લીસને જોયો તો તેને મારવાનો ઈરાદો કર્યો. ઈબ્લીસે કહ્યું કે, જો તારે ૧૦૦ વરસ જીવતા રહેવાનું ન હોત તો હું તને મારી નાખત ! અને સખત સજા આપત. આબિદ પોતાની જિંદગી ૧૦૦ વરસની છે એ જાણીને ઘમંડમાં આવી ગયો અને દિલમાં કહેવા લાગ્યો કે, મારી ઉંમર ખાસ્સી લાંબી છે તો હમણા આઝાદીથી ગુનાહ કરી લઉં પછી છેલ્લી ઉમરે તૌબા કરી લઈશ ! જેથી ફિસ્કો ફુજૂર (ગુનાહો)માં સપડાઈ ગયો, ઈબાદત છોડી દીધી અને હલાક થઈ ગયો.

સાંભળે છે ! તારા માટે આ હિકાયતમાં એ બાબતની ચેતવણી છે કે, તું તારા ઈરાદાની પયરવી ન કરે અને તારા નફ્સની ઈચ્છાઓના બાબતે ભારપૂર્વક ન વર્તે. અને આ હિકાયતથી તને એ સબક પણ મળે છે કે, લાંબી ઉમ્મીદોથી બચે કેમ કે લાંબી ઉમ્મીદો મોટામાં મોટી આફત છે. એક શાયરે શું સરસ કહ્યું છે :–

(અર્થ) : ''લાલચની ચીજો અને મોટી ઉમ્મીદોથી બચો, કેમ કે ઘણી ઉમ્મીદો એવી હોય છે જેની પાછળ ઈન્સાન મૌતનો કોળિયો થઈ જાય છે.

પરંતુ જ્યારે તમે પોતાનો મામલો અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાને સોંપી દેશો અને તેને સવાલ કરશો કે તે તમારા માટે એવી ચીજને પસંદ કરે જેમાં તમારી બેહતરી હોય, તો જરૂર તમને ભલાઈ તથા દુરુસ્તી જ નસીબ થશે અને તમે નેક કામ કરતા રહેશો. અલ્લાહ તઆલાએ પોતાના એક સાલેહ બંદા (હઝરત મૂસા عليه السلام)ના શબ્દ નકલ કરતાં ફર્માવ્યું :–

وَ اُفَوِّضُ اَمۡرِیۡۤ اِلَی اللّٰہِ ؕ اِنَّ اللّٰہَ بَصِیۡرٌۢ بِالۡعِبَادِ ﴿۴۴﴾ . فَوَقٰىہُ اللّٰہُ سَیِّاٰتِ مَا مَکَرُوۡا وَ حَاقَ

بِاٰلِ فِرۡعَوۡنَ سُوۡٓءُ الۡعَذَابِ ﴿ۚ۴۵﴾

''હું મારો મામલો અલ્લાહને હવાલે કરું છું, બેશક ! તે બંદાઓને જુએ

છે. તો અલ્લાહ તઆલાએ તેને તેમની બુરી ચાલોથી મહફૂઝ રાખ્યો અને ફિરઔનીઓને દુઃખદાયક અઝાબે આવીને ઘેરી લીધો.''

*(પારા : ૨૪, સૂરએ મુઅ્મિન, રુકૂઅ : ૯, આયત : ૪૪)*

તમે જોતા નથી કે, રબ તઆલાએ કેટલી સ્પષ્ટતાથી પોતાના મામલાને તેને હવાલે કરનાર માટે હિફાઝત, દુશ્મનો સામે મદદ અને બંદાનું પોતાની મુરાદમાં કામયાબ થવા વિશે ફર્માવ્યું, એમાં ખૂબ વિચાર કરો. અલ્લાહ તઆલા તમને ભલાઈની તૌફીક આપે.

**સવાલ** : ''તફ્વીઝ''નો અર્થ અને તેનો હુકમ સ્પષ્ટતાથી જણાવશો.

**જવાબ** : અહીં બે ચીજો છે જેને સમજી લેવાથી વાત સ્પષ્ટ થઈ જશે. એક તો ''તફ્વીઝ''નો મકામ અને તેનો હુકમ. અને બીજું ''તફ્વીઝ''નો અર્થ, તેની વ્યાખ્યા અને તેના વિપક્ષનું વર્ણન. ''તફ્વીઝ''ના મક઼ામની વિગત એ છે કે મુરાદો ત્રણ પ્રકારની હોય છે.

એક તે મુરાદ જેને તમે યકીનન અને કત્અન ખરાબ સમજો છો, તમને તેના બુરા હોવામાં લેશમાત્ર શંકા નથી હોતી. જેમ કે જહન્નમ તથા અઝાબ. અને કામોમાં કુફ્ર અને બિદઅત અને ગુનાહ વગેરે. તો આ વાતોનો ઈરાદો કરવાની તો તદ્દન કોઈ ગુંજાઈશ અને ઈજાઝત નથી.

બીજી તે મુરાદ જેના સારા હોવામાં તમને સંપૂર્ણ યક઼ીન છે, જેમ કે જન્નત, ઈમાન અને સુન્નત વગેરે. આ ચીજોનો ઈરાદો કરવો જરૂરી અને અનિવાર્ય છે. અહીં ''તફ્વીઝ'' જાઈઝ નથી. એટલા માટે કે, આ બાબતોમાં કોઈ ખતરો નથી અને ન તો તેના સારા તથા બેહતર હોવામાં કોઈ શંકાને સ્થાન છે.

ત્રીજી તે ચીજ જેના વિશે તમે પાકા પાયે નથી જાણતા કે, એમાં તમારા માટે ભલાઈ છે કે ખરાબી અને ફાયદો છે કે નુકસાન. જેમ કે નફ્લ તથા મુબાહ ચીજો. આ ચીજોનો તમે યકીની અને કતઈ ઈરાદો નથી કરી શકતા. તો આવી ચીજોનો ઈરાદો કરતી વેળા ઈન્શા અલ્લાહ ! જરૂર કહેવામાં આવે, ઈન્શા અલ્લાહ ! કહ્યા વિના તે ચીજોનો ઈરાદો દુરુસ્ત નથી. ઈન્શા અલ્લાહ ! વિના એ ચીજોનો ઈરાદો બુરો ગણાશે, જેનાથી શરીઅતે રોકેલ છે. તો આ સંશોધનના

આધારે "તફ્વીઝ"નો મક઼ામ દરેક તે ચીજ છે જેનામાં તમારા માટે કોઈ ખતરો હોય અને તમને તેના બેહતર હોવા વિશે કામિલ યકીન ન હોય.

## ★ તફ્વીઝનો અર્થ ★

આપણા કેટલાક બુઝુર્ગોએ "તફ્વીઝ"નો આ પ્રમાણે અર્થ દર્શાવ્યો છે :–

"તફ્વીઝ"નો અર્થ છે દરેક તે ચીજ જેમાં ખતરો હોય તેમાં આપણા ઈરાદા તથા ઈખ્તિયારને ત્યજી દેવો અને મુદબ્બિરે કાયનાત, મુખ્તારે મુત્લક઼ અને મખ્લૂકની ભલાઈઓ જાણનાર અલ્લાહ તઆલાને સોંપી દેવું."

અને શૈખ અબૂ મુહમ્મદ સંજરી رحمۃ اللہ علیہએ "તફ્વીઝ"નો આ મુજબ અર્થ કર્યો છે :–

"તફ્વીઝ" એટલે તારુ ખતરાની ચીજમાં પોતાના ઈખ્તિયારને ત્યજી દેવું અને મુખ્તારે મુત્લક઼ના હવાલે કરી દેવું જેથી તે મુખ્તારે મુત્લક઼ તારા માટે એવી ચીજ પસંદ ફર્માવે જેમાં તારી ભલાઈ અને બેહતરી હોય."

અને શયખ અમ્ર رحمۃ اللہ علیہએ "તફ્વીઝ"ની આ પ્રમાણેની વ્યાખ્યા દર્શાવી છે : "તફ્વીઝ"એ લાલચ ત્યજવાનું નામ છે. અને લાલચ એવી ચીજના ઈરાદાનું નામ છે જેમાં ખતરો હોય."

"તફ્વીઝ"ના વિષયે આ મશાઈખે કિરામની વ્યાખ્યાઓ હતી જે વર્ણન કરવામાં આવી અને અમારી દષ્ટિએ તફ્વીઝનો અર્થ આ પ્રમાણે છે :–

"જે બાબતોમાં તમને ખતરાનો અંદેશો હોય એવી બાબતોમાં એ ઈરાદો કરી લેવો કે અલ્લાહ તઆલા તમારી ભલાઈઓ અને બેહતરીઓની હિફાઝત કરે, એવા ઈરાદાનું નામ તફ્વીઝ છે."

અને "તફ્વીઝ"નુ ઉલ્ટુ લાલચ છે અને લાલચ બે જાતની હોય છે. એક તે જે રજાના (રહમતની ઉમ્મીદના) અર્થમાં છે એટલે કે, એવી ચીજનો ઈરાદો કરવો જેમાં કોઈ ખતરો ન હોય અથવા ખતરો હોય પણ ઈન્શા અલ્લાહ ! કહી લેવામાં આવે.

આ લાલચ જે રજાના અર્થમાં છે તે પસંદીદા અને ગૈર મઝમૂમ (બુરી

નહીં) છે જેમ કે પરવરદિગારે આલમ ﷻ એ એને આ અર્થમાં કુર્આન મજીદમાં દર્શાવી છે. ઈર્શાદ થાય છે : وَالَّذِیْٓ اَطْمَعُ اَنْ یَّغْفِرَ لِیْ خَطِیْٓـَٔتِیْ یَوْمَ الدِّیْنِ

''અને તે જે જાત જેનાથી મને ઉમ્મીદ છે કે ક઼યામતના દિવસે મારી સર્વ ખતાઓ માફ કરી આપશે.'' *(સૂ. શુરા, ૨૬/૮૨)*

બીજે ઠેકાણે ફર્માવ્યું : اِنَّا نَطْمَعُ اَنْ یَّغْفِرَ لَنَا رَبُّنَا خَطٰیٰنَآ ''અમને પૂરી ઉમ્મીદ છે કે, અમારો પરવરદિગાર અમારી તમામ ખતાઓ માફ કરી આપશે.''

*(સૂ. શુરા, ૨૬/૫૧)*

અને અમે અહીં તમએ મહમૂદ (પસંદીદા તમઅ) વિશે વાત નથી કરતા. બીજી તમએ મઝમૂમ (બુરી) છે જેના વિશે નબી એ કરીમ ﷺનો ઈર્શાદે ગિરામી છે.

''પોતાની જાતને (તમઅ્) લાલચથી બચાવો. કેમ કે એક પ્રકારની મોહતાજી અને તંગદસ્તી છે.''

મને કહેવામાં આવ્યું છે કે, દીનની હલાકત (તબાહી) અને તેનો ફસાદ તમઅમાં છે અને દીનની હિફાઝત અને મજબૂતી વરઅ અને તક઼વામાં છે.

અને અમારા શયખ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું છે કે, તમએ મઝમૂમ બે ચીજો છે : એક એવી ચીજથી દિલી સુકૂન હાંસલ કરવું જેનો ફાયદો શંકાસ્પદ હોય. બીજું એવી ચીજનો ઈરાદો કરવો જેમાં ખતરો હોય.

અને યાદ રાખો કે, ''તમએ મઝમૂમ''માં જે ઈરાદો જોવા મળે છે એ જ તફ્વીઝનો વિરોધાભાસી છે.

એ બાબતોનું બયાન જેનો ખયાલ અલ્લાહને સોંપણી માટેના સબબો છે :

**૦૧.** કામો તથા મામલાઓમાં ખતરો.

**૦૨.** હલાકતની શક્યતા.

**૦૩.** ફસાદ અને ખરાબીનો ડર.

**૦૪.** ઈન્સાનનું ખતરાની ચીજોથી મેહફૂઝ રહેવામાં લાચાર હોવું.

**૦૫.** ઈન્સાનની ગફલત અને નાદાનીના સબબે ખતરાની ચીજોથી ન બચી શકવું.

જો તમે આ પાંચ ચીજોને ગંભીરપણે દિમાગમાં હાજર રાખશો તો તમારા દિલમાં આપોઆપ ઈરાદો ઉદ્ભવ પામશે કે પોતાની તમામ બાબતો અને મામલાઓ અહકમુલ હાકિમીન રબ તઆલાના હવાલો કરી દેવા જોઈએ. અને ઈન્શાઅલ્લાહ ! કહ્યા વિના એનો (એ કામો બાબતોનો) ઈરાદો ન કરવો જોઈએ. હા ! જો એ બાબતોમાં ભલાઈનું કામિલ યકીન હોય તો પછી ગભરાયા વિના ઈરાદો કરવામાં કોઈ વાંધો નથી.

## ★ તફ્વીઝ (અલ્લાહને સોંપણી) જરૂરી શાથી ★

**સવાલ** : તમે જે ખતરાનો વારંવાર ઉલ્લેખ કરો છો કે એના લીધે તફ્વીઝે ઈલલ્લાહ (અલ્લાહને સોંપણી) જરૂરી છે, તો છેવટે એ ખતરો શું છે ?

**જવાબ** : જાણી લો કે ખતરો બે પ્રકારનો છે : એક શકનો ખતરો કે કદાચ આ કામ થશે કે નહીં અને કદાચ હું એના સુધી પહોંચી શકું કે નહીં ! આ શકના ખતરાને લીધે ઈન્શા અલ્લાહ ! કહેવું જરૂરી છે.

બીજો ફસાદનો ખતરો, કે તમને એવું યકીન ન હોય કે એમાં તમારા માટે ભલાઈ અને બેહતરી છે. આ ખતરાને કારણે તફ્વીઝ જરૂરી છે.

વળી ખતરાના વિશે અઈમ્માએ કિરામ (ઈમામો)ના લખાણો વિવિધ છે. કેટલાક ઈમામોએ આ રીતે દર્શાવ્યું છે કે, ''ખતરો તે ચીજ છે જેનાથી વિરુદ્ધ ચીજમાં નજાત હોય, અને જેને કરવામાં ગુનાહમાં પડવાની શક્યતા હોય.''

આ અર્થ મુજબ ઈમાન, (શરીઅત પર) અડગતા અને સુન્નતમાં કોઈ ખતરો નથી કેમ કે એના વિના નજાત અશક્ય છે. અને એ પણ સ્પષ્ટ છે કે શરીઅત પર મજબૂતી એ કોઈ ગુનાહમાં પડવાનો સબબ નથી હોતી. જેથી ઈમાન, અડગતા અને સુન્નતનો ઈરાદો યક઼ીનન ! હોવી જોઈએ.

અમારા શયખ رحمۃ اللہ علیہએ કામમાં ખતરાનો ખુલાસો આ પ્રમાણે ફર્માવ્યો છે કે, ''ખતરો તે ચીજ છે અને તે કામચલાઉ કાર્ય છે જેને કેટલીકવાર અસલ કામ છોડીને અદા કરવું પડે અને તે વખતે અસલ કામને બદલે આ ટેમ્પરરી કાર્યને અદા કરવું વધુ બેહતર હોય.''

ખતરાની આ વ્યાખ્યામાં મુબાહ, સુન્નત અને ફર્ઝો પણ સામેલ છે. આ બધાનો સાર એ છે કે શખ્સનો નમાઝનો સમય તંગ થઈ ચૂક્યો (પૂરો થવા આવ્યો) હોય અને એણે તે અદા કરવાનો ઈરાદો કરી લીધો હોય, બરાબર તે જ સમયે ક્યાંક સળગતી આગમાં કે દરિયામાં ગબડી પડયો તો એવી સ્થિતિમાં તેણે નમાઝના ઈરાદાને બદલે પોતાને બચાવવો જરૂરી તથા અનિવાર્ય છે. આ વ્યાખ્યા હેઠળ જ્યારે ખતરાનો સંબંધ મુબાહ, સુન્નત અને ફર્ઝોથી પણ થઈ ગયો તો તેનો પણ કતઈ ઈરાદો કરવો દુરુસ્ત નથી. બલ્કે સાથે ઈન્શા અલ્લાહ ! કહેવું જોઈએ.

**સવાલ** : એવું કેવી રીતે થઈ શકે છે કે, અલ્લાહ તઆલા બંદા પર એક કામ ફર્ઝ કરે અને તેના ત્યજવા પર ધમકી ફર્માવે અને વળી તે બંદાના માટે તે કામમાં કોઈ ભલાઈ અને બેહતરી ન હોય ?

**જવાબ** : અમારા શયખ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા બંદા પર જે ચીજ લાઝિમ અને ફર્ઝ કરે છે તે બંદાના માટે જરૂર તેમાં ભલાઈ તથા બેહતરી હોય છે જ્યારે કે, તે વિઘ્નોથી મુક્ત હોય. હા ! અલ્લાહ તઆલા કોઈ લાઝિમ અને જરૂરી કાર્યમાં એ રીતની તંગી નથી ફર્માવતો કે જેનાથી કોઈ અન્ય તરફ વિમુખતા હોય, અને ચોક્કસ દરેક ફર્ઝ અને જરૂરી કાર્યમાં બંદાના માટે ભલાઈ છુપાયેલી છે. ઘણીવાર એવુ થાય છે કે, અલ્લાહ તઆલાના તરફથી તે ફર્ઝ તથા લાઝિમ ફેઅલ (જરૂરી કાર્ય)થી વિમુખતાના સબબો પેદા થઈ જાય છે. અને એવા સંજોગોમાં એક વાજિબને તર્ક કરીને બીજા વાજિબને અપનાવવું બેહતર અને અફઝલ થઈ જાય છે જેમ કે અમે ઉપર વર્ણન કર્યું છે. આવા સબબો અને અજરો સવાબ ફર્ઝ ત્યજવાને લીધે નથી બલ્કે બીજા વાજિબને અદા કરવાને લીધે છે.

અને મેં મારા શયખ તથા ઈમામને કહેતાં સાંભળ્યું છે કે, તમામ ફર્ઝો જે અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓ પર લાઝિમ કર્યા છે, જેમ કે નમાઝ, રોઝા, હજ્જ અને ઝકાત વગેરે. એમાં યકીનન ! બંદા માટે ભલાઈ તથા ખૈર છે. એટલા માટે એને અદા કરતી વેળા ઈન્શા અલ્લાહ ! કહેવાની જરૂરત નથી, બલ્કે એનો યકીનન અને કત્અન્ ઈરાદો હોવો જોઈએ અને અમારા શયખ

عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانએ ફર્માવ્યું છે કે, છેવટે તમામ મશાઈખોનો એના પર ઈત્તેફાક઼ (એકમતિ) થઈ ચૂક્યો છે. ''આ એતબારથી જો ફર્ઝો તથા વાજિબ ખતરાના હુકમથી અલગ થઈ ગયા તો કેવળ મુબાહ તથા નફલો જ એ ખતરાના સ્થાને રહેશે.

અમારી આ ચર્ચા આ પ્રકરણમાં સૌથી કઠિન ચર્ચા છે.

**સવાલ** : શું પોતાના તમામ કામોને ખુદાને હવાલે કરનારો હલાકત તથા ફસાદ (તબાહી, ખરાબી) વગેરે બાબતોથી સુરક્ષિત થઈ જાય છે જ્યારે કે, દુનિયા દારુલ મસાઈબ વલ આલામ (મુસીબતો તથા રંજોનું ઘર) છે ?

**જવાબ** : મોટાભાગે તો એ જ છે કે, એવો શખ્સ એ ખતરાઓથી મેહફૂઝ રહે છે. હા ! મહદ અંશે ક્યારેક એથી ઉલ્ટુ પણ થઈ જાય છે. જેનાથી તે બેહાલીમાં સપડાઈ જાય છે અને તફ્વીઝના દરજ્જેથી ફેંકાઈ જાય છે. શયખ અબૂ અમ્ર رحمۃ اللہ علیہએ એવું જ ફર્માવ્યું છે.

અને કહેવામાં આવ્યું છે કે, એવા શખ્સને એ બાબતોમાં જે તેણે ખુદાને હવાલે કરેલી છે ભલાઈ અને દુરુસ્તી જ મળે છે, નહિવત અંશે પણ તે ઝિલ્લત અને રુસ્વાઈ (બેઈજ્જતી)માં સપડાતો નથી.

અમારા શયખ رحمۃ اللہ علیہની નજીક આ ક઼ૌલ અધિક પસંદીદા છે. કેમ કે, જો તફ્વીઝના ઝરીયે તબાહીઓ તથા બરબાદીઓથી મેહફૂઝ રહેવાની ઉમ્મીદ ન હોય તો તફ્વીઝ (એટલે પોતાના કામોને ખુદાને હવાલે કરવા)થી ફાયદો જ શું ?

**સવાલ** : શું ખુદા તઆલા પર વાજિબ છે કે મુફવ્વિઝ (સોંપણી કરનારા)ના માટે અફઝલ ચીજ જ પૂરી પાડે ?

**જવાબ** : આ બાબત સર્વ સંમત છે કે અલ્લાહ તઆલા પર કોઈ ચીજની કબૂલાત (ઈજાબ) મુહાલ તથા અશક્ય છે, અને બંદાઓના માટે અલ્લાહ તઆલા પર કોઈ ચીજ વાજિબ અને લાઝિમ નથી. ક્યારેક એવું બને છે કે અલ્લાહ તઆલા હિકમતના તકાઝા હેઠળ એવી ચીજ મુકદ્દર કરી આપે છે જે હક઼ીક઼તમાં બેહતર અને સારી હોય છે પણ જાહેરી રીતે બંદાની નજરમાં અફઝલ અને આ'લા નથી હોતી. જુઓ, નબીએ કરીમ ﷺ અને આપના સહાબાએ

કિરામના માટે લૈલતુત્તઅ્રીસમાં દિવસ ચઢી આવતાં સુધી ઊંઘ નિશ્ચિત કરી દીધી એટલે સુધી કે, આપની અને સહાબાએ કિરામની રાતની (તહજ્જુદ) નમાઝ અને ફજરની નમાઝ ફોત થઈ ગઈ, જો કે ઊંઘ કરતાં નમાઝની અદાયગી અફઝલ અને બેહતર હતી. એ જ પ્રમાણે કેટલીકવાર અલ્લાહ તઆલા એક બંદાના માટે દૌલત અને નેઅ્મત મુકર્રર (નિશ્ચિત) કરી આપે છે, જો હક઼ીક઼તમાં ફક્ર (ગરીબી) તેના હક્કમાં અફઝલ હોય છે.

એ જ પ્રમાણે કેટલીકવાર અલ્લાહ તઆલા બંદાને માટે પત્નીઓ અને ઔલાદ મુકર્રર કરી આપે છે, જો કે હક઼ીક઼તમાં તેના માટે ઝિક્ર અને ઈબાદત અધિક બેહતર અને અફઝલ હોય છે.

એનું દષ્ટાંત એ પ્રમાણે સમજો કે, એક શાણો અને શુભેચ્છક ડોકટર બીમારના માટે જવનું પાણી પસંદ કરે છે જ્યારે બીમાર શેરડીના રસને અફઝલ અને ઉમદા ખયાલ કરતો હોય છે. કેમ કે એ ડોકટરને ખબર છે કે, બીમારની ભલાઈ એમાં જ છે અને બંદાનો હેતુ પણ છેવટે તો હલાકતથી નજાતનો છે. ફસાદ તથા હલાકતની સાથે સાથે કેવળ જાહેરી ફઝ્લ અને શરફ અને ભલાઈ પ્રાપ્ત કરવાનો હેતુ નથી હોતો.

**સવાલ** : શું મુફવ્વિઝ (પોતાનાં સઘળાં કામો ખુદાને હવાલે કરનાર) તફ્વીઝ હોવા છતાં ખયાલ કરવા માટે ઈખ્તિયારવાળો હોય છે ?

**જવાબ** : ઉલમાએ અહલે સુન્નતની દષ્ટિએ સહી એ જ છે કે તફ્વીઝથી તેનો ઈખ્તિયાર બાતિલ તથા નષ્ટ નથી થતો બલ્કે તે મુખ્તાર જ ગણાશે.

## ત્રીજુ વિઘ્ન : ક઼ઝા તથા તેના વિવિધ પ્રકારોનું ઈન્સાન પર લાગુ થવું

એનો ઈલાજ કેવળ એ છે કે ઈન્સાન કઝાએ ઈલાહી પર રાજી થઈ જાય, એટલા માટે તમારા પર બે કારણોને લીધે કઝાએ ઈલાહી પર રાજી રહેવું જરૂરી છે.

**પ્રથમ** : ઈબાદત માટે ફરાગત (નવરા પડવું) અને આ ફરાગત એ રીતે હાંસલ થશે કે, જો તમે કઝાએ ઈલાહી (ખુદાની નિશ્ચિત કરેલ તકદીર) પર

રાજી ન હોવ તો તમારું દિલ હમેશાં ચિંતિત અને વ્યસ્ત રહેશે કે આ વાત આ રીતે કેમ થઈ ? અને આ કામ આમ કેમ થયું ? જ્યારે આ રીતની ફિકરોમાં તમારું દિલ દરેક વખતે મશગૂલ રહેશે તો ઈબાદતના માટે નવરાશ ક્યારે નસીબ થશે ? કેમ કે તમારા સીનામાં દિલ તો કેવળ એક જ છે અને એને તો તમે ચિંતાઓ તથા વસવસાઓથી ભરી દીધું છે. જ્યારે તમારા દિલના તમામ ખૂણાઓ દુનિયાવી ખયાલોથી ભરપૂર હશે તો ખુદાની યાદ, તેની ઈબાદત અને આખેરતની ચિંતા માટે કયો ખૂણો ખાલી રહેશે ?

હઝરત શફીક બલ્ખી رحمۃ اللہ علیہએ શું સરસ ફર્માવ્યું છે :–

"તમારા વીતેલા પ્રસંગો માટેના કુતુહલ અને ભાવિ માટેની તદબીરના ખયાલોએ આ વર્તમાન પળની બરકતને તબાહ કરી દીધી."

## ★ ક઼ઝાએ ઈલાહી પર રાઝી રહેવાનુ બીજુ કારણ ★

ક઼ઝાએ ઈલાહી પર નારાજીથી ખુદા તઆલાના ગઝબનો ભય છે. રિવાયતો તથા ખબરોમાં વર્ણન થયેલું છે કે, "કોઈ નબીએ પોતાની કોઈ તકલીફની રબ તઆલાના દરબારમાં શિકાયત કરી તો રબ તઆલા તરફથી વહી આવી કે, શું તું મારી શિકાયત કરે છે ? જ્યારે કે હું ટીકા કે ફરિયાદનો હક્ક઼દાર નથી ! શું તું આવી અયોગ્ય વાતનો ઈઝહાર કરી રહ્યો છે ? તું મારી ક઼ઝા પર નારાઝગી શા માટે પ્રદર્શિત કરે છે ? તું એવું ઈચ્છે છે કે હું તારા લીધે દુનિયા બદલી નાખુ અને તારે લીધે લોહે મેહફૂઝમાં ફેરફાર કરી દઉં ? અને એવી ચીજ તારા માટે પૂરી પાડું જે તને પસંદ હોય અને મને પસંદ ન હોય ? મને મારી ઈજ્જત તથા જલાલની ક઼સમ ! જો તારા સીનામાં ભવિષ્યમાં કદી આ પ્રકારનો ખતરો અને વસવસો ગુજર્યો તો હું જરૂર તારાથી નબુવ્વતનો મુક઼દ્દસ લિબાસ ઉતારી લઈશ અને તને દોઝખની આગમાં નાખી દઈશ અને મને કાંઈ પરવા નથી.

હું કહું છું કે, બુદ્ધિશાળી માણસે હોશની સાથે સાંભળવું જોઈએ કે રબ તઆલા કેવી રીતે પોતાના નબીઓ અને મક઼બૂલ બંદાઓથી આ પ્રમાણેની ગુફતગૂ ફર્માવીને ધમકાવી રહ્યો છે ! જ્યારે તે પોતાના બરગુઝીદા અને પાક બંદાઓને એવા કલેમાઓ કહી શકે છે તો જેઓ અંબિયા નથી તેમની સાથે તો

એથી વિશેષ (સખ્ત) ગુફતગૂ કરી શકે છે.

વળી, રબ તઆલાનો આ ઈર્શાદ ઘણો જ વિચારવા લાયક છે કે, ''જો તારા દિલમાં ફરીથી આવો ખયાલ આવ્યો તો તારી નબુવ્વત છીનવી લેવામાં આવશે !'' જ્યારે કેવળ ઈરાદા અને ખયાલ માટે આટલા અંશે વઈદ (ધમકી) ફર્માવી ! તો તે શખ્સ પર તેના ગુસ્સાનો શો આલમ હશે જે બેસબરીથી બૂમાબૂમ કરી મૂકે અને વારંવાર ફરિયાદરસી (મદદ) માટે બૂમો પાડે ? શિકવા શિકાયત કરે અને રબને પોતાની તબાહી તથા બર્બાદી માટે આમ લોકો સમક્ષ પુકારે ! અને કેવળ એકલો ન પુકારે બલ્કે પોતાના સાથી મિત્રોને પણ સામેલ કરી લે ! હવે વિચારો કે, ઉપરોક્ત ધમકી તેના માટે થઈ કે જેણે કેવળ જીવનમાં એકવાર શિકાયત કરી ! તો જેણે આખુ જીવન જ રબ તઆલાને શિકવા, શિકાયતો કરવામાં પસાર કર્યું હોય તેનો શું અંજામ થશે ?

વળી, આ પ્રકારની કડક ગુફતગૂ તેની સાથે છે જેણે ખુદાના જ દરબારમાં ફરિયાદો કરી, તો હવે ગૈરોની આગળ અલ્લાહ તઆલાની શિકાયત કરે તો તે સખ્તતરીન સજાનો મુસ્તહિક (હક્કદાર) છે. (અલ્લાહની પનાહ !)

**સવાલ** : કઝા પર રાજી રહેવાનો મતલબ શો છે ? અને તેની હકીકત તથા હુકમ શું છે ?

**જવાબ** : આપણા ઉલમાએ કિરામે ફર્માવ્યું છે કે, રઝા (રાજીપો) ગુસ્સો ત્યજી દેવાનું નામ છે. અને ગુસ્સો એવી ચીજને અફઝલ તથા બેહતર કહેવાનું નામ છે જે કઝાએ ઈલાહીની વિરુદ્ધ હોય અને જેનું ખરાબ કે સારુ હોવું યકીની ન હોય. ગુસ્સામાં એવો ખયાલ જરૂરી છે ત્યારે ગુસ્સો યોગ્ય ઠરશે.

**સવાલ** : શું બુરાઈઓ તથા ગુનાહ અલ્લાહ તઆલાની કઝા તથા કદરથી નથી ? તો અલ્લાહ તઆલા બંદાની બુરાઈથી કેવી રીતે રાજી થશે અને તેના પર બુરાઈ કેવી રીતે લાઝિમ આવશે ?

**જવાબ** : રઝા (રઝામંદી)નો સંબંધ કઝા સાથે છે અને બુરાઈની કઝા બુરી નથી બલ્કે તે ચીજ બુરી છે જેની સાથે કઝા જોડાય છે. જેથી બુરાઈની સાથે રઝા પામવામાં નથી આવી. આપણા મશાઈખ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, જે

ચીજો સાથે કઝા જોડાય છે તે ચાર છે : (૧) નેઅ્મત (૨) સખ્તી (તકલીફો) (૩) ખૈર (ભલાઈ) (૪) બુરાઈ (શર)

૦૧. **નેઅ્મત** : નેઅમતમાં કાઝી એટલે કે, અલ્લાહ તઆલા કઝા અને મુકતઝા એટલે નેઅ્મત સર્વે પર રાજી હોવું વાજિબ છે અને આ નેઅ્મતના હોવાના એતબારથી તેનો શુક્ર પણ વાજિબ છે અને એ રીતે નેઅ્મતનું પ્રદર્શન પણ જરૂરી છે જેનાથી નેઅ્મતની અસર પ્રદર્શિત થાય.

૦૨. **સખ્તી એટલે મુસીબત અને તકલીફ,** એમાં પણ કાઝી એટલે અલ્લાહ તઆલા, તેની કઝા અને મુકતઝા એટલે મુસીબત અને તકલીફ ત્રણેય પર રાજી હોવું જરૂરી અને લાઝિમ છે અને તેના સખ્તી અને તકલીફ હોવાના હિસાબે તેના પર સબ્ર પણ વાજિબ છે.

૦૩. **ખૈર એટલે ભલાઈ અને નેકી** : એમાં પણ ઉપર મુજબની ત્રણેય ચીજો પર રાજી રહેવું જરૂરી છે અને એમાં પરવરદિગારના એહસાનનો સ્વીકાર કરવો કે તેણે ભલાઈની તૌફીક આપી એ પણ જરૂરી છે.

૦૪. **શર એટલે બુરાઈ** : એમાં પણ કાઝી એટલે ખુદા તઆલા એ કઝા તથા મુકતઝા એટલે બુરાઈ પર એ એતબારથી એની સાથે અલ્લાહ તઆલાની કઝાને સંબંધ છે જેથી રાજી રહેવું જરૂરી છે. હા ! એ એતબારથી એની સાથે રઝાનો સંબંધ નથી થઈ શકતો કે તે શર અને બુરાઈ છે અને બુરાઈનું કઝા થવું નિશ્ચિત થવું અસલમાં અલ્લાહ તઆલાના કાઝી હોવા વિશે અને તેની કઝાની તરફ જ રુજૂઅ કરે છે. (વળે છે.)

અને એ રીતે સમજો કે તમે કોઈ બુરા મઝહબ પર રાજીપો પ્રદર્શિત કરો એ એતબારથી કે મને તેનો ઈલ્મ તથા તેની ઓળખ થઈ જાય, ન એ એતબારે કે તમારો મઝહબ થઈ જાય. તો આ મઝહબનું માલૂમ થવું અસલમાં તમારા ઈલ્મની તરફ જ રુજૂઅ કરે છે, તો રઝા અને મહોબ્બત હકીકતમાં એ બાતિલ મઝહબથી નથી, બલ્કે તેના ઈલ્મની સાથે છે.

એ જ રીતે અહીં બુરાઈ માટે રાજી થવાનો મતલબ તેની બુરાઈ પર રાજી થવાનો નથી બલ્કે તેના પર રાજી થવાનું છે કે એ પણ ખુદા તઆલાના મુકદ્દર

કરવાથી છે.

**સવાલ** : શું કઝા પર રાજી શખ્સે અધિક્તા માટે તલબગાર થવું જરૂરી છે ?

**જવાબ** : હા ! એ નિય્યતથી કે મારા માટે ભલાઈ અને ખૈરમાં વધારો થાય એટલા માટે વધારેના તાલિબ થવું દુરુસ્ત છે અને આ કઝાથી રાજી થવાના તકાઝાની વિરુદ્ધ નથી. કેમ કે, આ નિય્યતની સાથે વધારાનો તાલિબ થવું એ બાબતની દલીલ છે કે તે તેના પર પૂરેપૂરો રાજી છે. માણસ ત્યારે જ તાલિબ થાય છે જ્યારે કે તે તેના પર ખુશ હોય ત્યારે જ તો ઓર વધારેનો તાલિબ થઈ શકે છે !

હુઝૂર નબીએ કરીમ ﷺની આદતે મુબારકા હતી કે જ્યારે આપની સમક્ષ દૂધ પેશ કરવામાં આવતુ તો ફર્માવતા, "હે અલ્લાહ ! અમને એમાં બરકત આપ અને એમાં વધારો કર." અને જો કોઈ અન્ય ચીજ રજૂ થતી તો ફર્માવતા, "અમારા માટે એના બેહતરમાં વધારો ફર્માવ."

અને આ બંને ઠેકાણે ક્યાં પણ પ્રદર્શિત ન થતું કે આપ અલ્લાહ ત આલાની મુકદ્દર કરેલ ચીજ પર રાજી ન હતા.

**સવાલ** : નબીએ કરીમ ﷺથી એવું તો મનકૂલ (નકલ થયેલ) નથી કે ભલાઈની નિય્યતે વધારો ચાહે જેમ કે તમે કહ્યું છે.

**જવાબ** : આ પ્રકારની ચીજોનો સંબંધ દિલથી હોય છે એટલા માટે મોટાભાગે એને જીભ પર લાવવામાં નથી આવતું પણ એવો હેતુ જરૂર હોય છે.

## ચોથુ વિઘ્ન : મુસીબતો અને તકલીફો

એમાં સફળતાની એક જ રીત અને તે સબ્ર (ધૈર્ય) છે. એટલા માટે એવા તમામ સ્થાનો પર સબ્ર ઘણી જ જરૂરી છે અને એ બે કારણે જરૂરી છે :

(૧) જેથી કરીને, ઈન્સાન ઈબાદત સુધી પહોંચી શકે અને પોતાનો ધ્યેય પ્રાપ્તિ કરી શકે. એટલા માટે કે, ઈબાદતનો દારો મદાર સબ્ર અને તકલીફોને સહન કરવા પર છે. તો જે શખ્સ સાબિર (ધૈર્યવાન) નહીં હોય તેનાથી હકીકતમાં કોઈ નેકી પરિણામ પામતી નથી. એવું એટલા માટે કે જે શખ્સ ખુલૂસે કલ્બ (નિખાલસ

દિલે) ઈબાદત કરશે તેને કેટલીયે જાતની મુસીબતો અને તકલીફો પડશે.

એક તો એ કારણે કે એવી કોઈ ઈબાદત નથી જેમાં તકલીફ ન હોય. કેમ કે જ્યાં સુધી ખ્વાહિશનો ખાત્મો અને નફ્સ પર સખ્તી ન કરવામાં આવે ત્યાં સુધી ઈબાદતનો કોઈ ફેઅલ થઈ શક્તો નથી. એટલા માટે કે, ખ્વાહિશ અને નફ્સ બંને ઈન્સાનને ઈબાદતથી રોકે છે અને નફ્સ તથા ખ્વાહિશ પર કાબૂ પામવો ઈન્સાનના માટે મુશ્કેલતરીન કાર્ય છે.

બીજુ એ કારણે કે ઈન્સાન જ્યારે કોઈ નેક કામ કરે છે તો તેમાં સાવધાની જરૂરી છે અને સાવધાની મહેનત વગર નથી થઈ શકતી. અને કોઈ કામને સાવધાની તથા દુરુસ્તી સાથે પાર પાડવું પણ મુશ્કેલ છે.

ત્રીજુ એટલા માટે કે દુનિયા (દારે મહેનત) મહેનતનું ઘર છે તો જે શખ્સ એમાં હશે તેને જરૂર જાત જાતની મુસીબતો, તકલીફો ઉભી થશે. આ મુસીબતો કેટલીયે જાતની છે :–

૦૧. બાળ બચ્ચાં, સગા સંબંધીઓ, ભાઈઓ અને દોસ્તોનું મરવું અથવા તેમનો ગમ હોય, અથવા તેમનાથી જુદાઈ.

૦૨. તેની પોતાની જાતનું સતત જીવલેણ બીમારીઓમાં સપડાયેલા રહેવું.

૦૩. લોકોનું તેને કત્લ કરીને તેની ઈજ્જત બરબાદ કરવી અને તેનાં બીબી બચ્ચાં પર હાથ ઉઠાવવા, તેને હલકો જાણવો, તેની ગીબત કરવી અને તેના પર આક્ષેપબાજી કરવી.

૦૪. માલનું વેડફાવું તથા તબાહ થવું.

અને આ દર્શાવેલ મુસીબતો તથા તકલીફો પોત પોતાને સ્થાન મુજબ ઈન્સાનને ઘાયલ કરે છે અને તેના દિલને જલાવે છે. તો આ સર્વ તકલીફોમાં સબ્ર અનિવાર્ય છે. નહીં તો ગમ તથા અફસોસ અને બેસબ્રી ઈન્સાનને ઈબાદતથી દૂર રાખશે.

## ★ સબ્રની હકીકત અને તેના ફાયદા ★

ચોથુ એ છે કે આખેરતના તાલિબને સખત અજમાવવામાં આવે છે, અને

તેને સખત સખત પરિશ્રમમાં નાખવામાં આવે છે. જે શખ્સ અલ્લાહ તઆલાની જેટલો નજીક થશે એટલા અંશે તેને અધિક મુસીબતોમાં નાખવામાં આવશે. હુઝૂર નબીએ કરીમ ﷺનો ઈર્શાદ છે :–

**"લોકોમાં સૌથી વિશેષ અંબિયાએ કિરામ આજમાઈશમાં નાખવામાં આવે છે, પછી ઉલમા પછી જે તેમની નિકટ છે, પછી તે જે એમની નજીક છે."**

જે શખ્સ પણ નેકીનો ઈરાદો કરશે અને આખેરતની રાહ અપનાવશે તે જરૂર આ મહેનતો અને તકલીફોમાં પડશે. જેથી જે શખ્સ એના પર સબ્ર ન કરી શક્યો અને તેને બરદાશ્ત ન કરી શક્યો તે માર્ગમાં જ રહી જશે અને ઈબાદતથી વંચિત રહી જશે અને ઈબાદતમાંથી કાંઈ પામી શકશે નહીં.

અને ખુદાવંદ તઆલાએ આપણને તદ્દન સ્પષ્ટ શબ્દોમાં દર્શાવ્યું છે કે અમે જરૂર તમને મુસીબતો અને તકલીફોમાં અજમાઈશના રૂપે નાખીશું. જેમ કે ઈર્શાદે બારી તઆલા છે :–

لَتُبْلَوُنَّ فِیْٓ اَمْوَالِكُمْ وَ اَنْفُسِكُمْ ۗ وَ لَتَسْمَعُنَّ مِنَ الَّذِیْنَ اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ وَ مِنَ الَّذِیْنَ اَشْرَكُوْٓا اَذًى كَثِیْرًا ؕ

"અને તમારી જરૂર આજમાઈશ થશે, તમારા માલોમાં અને તમારી જાનોમાં અને તમે જરૂર સાંભળશો યહૂદ તથા નસારા અને મુશ્રિકો તરફથી તકલીફ દેવાવાળી વાતો." *(પારા : ૪, સૂરએ આલે ઈમરાન, રુકૂઅ : ૯, આયત : ૧૮૬)*

પછી ફર્માવ્યું : وَاِنْ تَصْبِرُوْا وَتَتَّقُوْا فَاِنَّ ذٰلِكَ مِنْ عَزْمِ الْاُمُوْرِ

"તો જો તમે સબ્ર કરશો અને તક્વો અપનાવશો તો એ ઘણી જ હિંમતનાં કામો છે." *(પારા : ૪, સૂરએ આલે ઈમરાન, રુકૂઅ : ૯, આયત : ૧૮૬)*

તો જાણે અલ્લાહ તઆલા આયતોમાં એવું ફર્માવી રહ્યો છે કે તમારી જાનોને મુસીબતો તથા તકલીફો સહન કરવાની આદી બનાવી લો. જો તમે આ મુસીબતો પર સબ્ર કરશો તો સાચે જ તમે તમારી મર્દાનગી સિદ્ધ કરી આપશો અને સાચે જ તમારા ઈરાદાઓ મર્દોવાળા હશે.

વળી, જે શખ્સ પણ ઈબાદતનો નિશ્ચય કરશે તેના માટે જરૂરી છે કે, પ્રથમ સબ્રે અઝીમ (મહાન સબ્ર)નો ઈરાદો કરે અને નફ્સને સતત મોટી મુશ્કેલીઓ સહન કરવાનો આદી બનાવે એટલે સુધી કે મૌત આવી જાય, નહીં તો તે એક એવી ચીજનો ઈરાદો કરી રહ્યો છે જેના માટેનું તેની પાસે હથિયાર નથી, અને જે ઝરિયાથી તે કામ અંજામ સુધી પહોંચી શકે છે તે તેનાથી ઉલ્ટુ જ કરવાનો ઈરાદો કરી રહ્યો છે.

હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ رحمۃ اللہ علیہથી મન્કૂલ છે કે, જે શખ્સ આખેરતનો માર્ગ પાર પાડવાનો નિશ્ચય કરે તે પોતાનામાં પ્રથમ મૌતના ચાર રંગો પેદા કરે : (૧) સફેદ (૨) લાલ (૩) કાળો (૪) લીલો.

મૌતનો સફેદ રંગ તો ભૂખ છે, અને કાળો લોકોની ટીકાઓ, અને લાલ શૈતાનનો વિરોધ, અને લીલો રોજના અઘટીત બનાવો પર સબ્ર કરવી.

અને સબ્ર કરવાનો બીજો ફાયદો એ છે કે, એનાથી દુનિયા તથા આખેરતની ભલાઈ નસીબ થાય છે અને નજાત તથા કામયાબી મયસ્સર થાય છે. ઈર્શાદ છે :

وَ مَنۡ یَّتَّقِ اللّٰہَ یَجۡعَلۡ لَّہٗ مَخۡرَجًا ۙ وَّ یَرۡزُقۡہُ مِنۡ حَیۡثُ لَا یَحۡتَسِبُ

**''જે શખ્સ તક્વો અપનાવશે અલ્લાહ તઆલા તેના માટે ઝરીયો પેદા કરશે અને તેને એવી જગાએથી રોજી આપશે જ્યાંનું તેને વહેમ કે ગુમાન પણ નહીં હોય.''** *(પારા : ૨૮, સૂરએ તલાક઼, રુકૂઅ : ૧૬, આયત : ૩)*

આ આયતનો અર્થ એ છે કે, સબ્રના ઝરીયે અલ્લાહ તઆલાથી ડરશે તો અલ્લાહ તઆલા તેને સખ્તીઓથી નજાત આપશે.

**(૨)** સબ્ર વડે ઈન્સાન દુશ્મનો પર વિજયી થાય છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : فَاصۡبِرۡ ؕ اِنَّ الۡعَاقِبَۃَ لِلۡمُتَّقِیۡنَ ''તમે સબ્ર કરો, બેશક ! નેક અંજામ મુત્તક઼ીઓનો છે.'' *(પારા : ૧૨, સૂરએ હૂદ, રુકૂઅ : ૪, આયત : ૪૯)*

**(૩)** સબ્ર થકી માણસ પોતાનો ધ્યેય પામી લે છે. કાલલ્લાહુ તઆલા :

وَ تَمَّتۡ کَلِمَتُ رَبِّکَ الۡحُسۡنٰی عَلٰی بَنِیۡۤ اِسۡرَآءِیۡلَ ۬ۙ بِمَا صَبَرُوۡا

''અલ્લાહ તઆલાના નેક કલેમાઓ બની ઈસ્રાઈલ પર તેમની સબ્રના

કારણે પૂરા થયા." *(પારા : ૯, સૂરએ અઅ્‌રાફ, રુકૂઅ : ૫, આયત : ૧૩૭)*

કહેવામાં આવ્યું છે કે, જ્યારે યાકૂબ عليه السلام એ વિરહના ગમનું વર્ણન યૂસુફ عليه السلام ને લખ્યું તો યૂસુફ عليه السلام એ જવાબમાં લખ્યું, "તમારા બાપ, દાદાઓ સબ્ર કરી તો કામયાબ થયા, જેથી તમે પણ સબ્ર કરો જેવી તેમણે કરી તો તમે પણ કામયાબ થશો જેવી રીતે તેઓ થયા."

આ બે શેઅરો પણ એના અનુસંધાનમાં કહેવામાં આવ્યા છે :–

૦૧. ભલે તને ગુજારિશ કરવામાં લાંબો અરસો વહી જાય પણ ઉદાસ કદી ન થતો જ્યારે કે તેં સબ્રથી મદદ લીધેલી હોય, કેમ કે છેવટે તું ચોક્કસ રાહત પામીશ.

૦૨. સાબિર શખ્સ કેટલી ઉચ્ચ અખ્લાક઼ી પ્રદર્શિત કરે છે કે, છેવટે તે પોતાના મકસદ અને હાજતને મેળવી લે છે. એ જ રીતે,

૦૩. ખુદાના દરબારને સતત દસ્તક દેનાર, એટલે સુધી કે તેની મુરાદોનો દરવાજો ખુલી જાય છે.

૦૪. સબ્રનો એ પણ ફાયદો છે કે, તેનાથી લોકોને પેશવાઈ (લીડરશીપ) અને ઈમામતનો દરજ્જો મળે છે. ઈર્શાદે રબ્બાની છે :–

وَجَعَلْنَا مِنْهُمْ أَئِمَّةً يَهْدُونَ بِأَمْرِنَا لَمَّا صَبَرُوا "અને અમે તેમને તેમના સબ્રના લીધે લોકોના ઈમામ બનાવ્યા કે અમારા હુકમથી લોકોને હિદાયતની તબ્લીગ કરતા હતા." *(પારા : ૨૧, સૂરએ સજદા, રુકૂઅ : ૧૫, આયત : ૨૪)*

૦૫. સબ્રથી જન્નતની બશારત મળે છે અને સાબિર શખ્સ અલ્લાહ તઆલાની ષના (પ્રશંસા)નો હક્ક઼દાર બને છે. ઈર્શાદ છે :

إِنَّا وَجَدْنَاهُ صَابِرًا ۚ نِعْمَ الْعَبْدُ ۖ إِنَّهُ أَوَّابٌ "અમે તેને સાબિર પામ્યો, તે (ઐયૂબ عليه السلام) ઘણો જ સારો બંદો છે અને ઘણો જ રુજૂઅ કરનારો છે."

*(સૂ. સાદ, ૩૮/૪૪)*

૦૬. સબ્રથી જન્નતની બશારત મળે છે અને સાબિર શખ્સ અલ્લાહ તઆલાની રહમત અને મહેરબાનીનો મુસ્તહિક઼ (હક્ક઼દાર) થાય છે.

وَبَشِّرِ الصّٰبِرِيْنَ ''સબ્ર કરનારાઓને જન્નતની બશારત (ખુશખબરી) આપો.'' *(પારા : ૨, સૂરએ બક઼રહ, રુકૂઅ : ૨, આયત : ૧૫૫)*

અને ફર્માવ્યું :–

اُولٰٓئِكَ عَلَيْهِمْ صَلَوٰتٌ مِّنْ رَّبِّهِمْ وَرَحْمَةٌ ''એ જ લોકો છે જેમના પર તેમના પરવરદિગારની સલામતીઓ તથા રહ્‌મતો નાઝિલ થાય છે.''

*(પારા : ૨, સૂરએ બક઼રહ, રુકૂઅ : ૨, આયત : ૧૫૭)*

૦૭. સબ્રના કારણે અલ્લાહ તઆલા ઈન્સાનથી મહોબ્બત કરે છે. ઈર્શાદ છે : وَاللّٰهُ يُحِبُّ الصّٰبِرِيْنَ ''અને અલ્લાહ તઆલા સબ્ર કરનારાઓ સાથે મહોબ્બત કરે છે.'' *(પારા : ૪, સૂરએ આલે ઈમરાન, રુકૂઅ : ૫, આયત : ૧૪૬)*

૦૮. સબ્ર થકી જન્નતમાં ઉચ્ચ દરજ્જાઓ અતા થશે. ઈર્શાદ થાય છે :– اُولٰٓئِكَ يُجْزَوْنَ الْغُرْفَةَ بِمَا صَبَرُوْا ''આ તે જ લોકો છે જેમને જન્નતમાં ઉપરની મંઝિલોવાળા મકાન મળશે તેમના સબ્રના બદલામાં.''

*(પારા : ૧૯, સૂરએ ફુર્કાન, રુકૂઅ : ૪, આયત : ૭૫)*

૦૯. સબ્રના તુફૈલથી ઈન્સાન અલ્લાહ તઆલાની તરફથી કરામત તથા ઈજ્જતનો મુસ્તહિક઼ થાય છે. ક઼ાલલ્લાહુ તઆલા :–

سَلٰمٌ عَلَيْكُمْ بِمَا صَبَرْتُمْ ''તમારા સબ્ર કરવાના બદલામાં તમારા રબના તમને સલામ.'' *(પારા : ૧૩, સૂરએ રઅ્દ, રુકૂઅ : ૮, આયત : ૨૪)*

૧૦. સબ્રના સબબે બંદાને આખેરતમાં હિસાબ વિનાનો અને અગણિત સવાબ અતા થશે જે લોકોની ધારણાઓથી ઘણો જ વિશેષ હશે. ક઼ાલલ્લાહુ તઆલા : اِنَّمَا يُوَفَّى الصّٰبِرُوْنَ اَجْرَهُمْ بِغَيْرِ حِسَابٍ ''સબ્ર કરનારાઓને બેહિસાબ સવાબ મળશે.'' *(પારા : ૨૩, સૂરએ ઝુમર, રુકૂઅ : ૧૫, આયત : ૧૦)*

સુબ્હાનલ્લાહ ! આ બુઝુર્ગ તથા બરતર જાતે, ઈન્સાન પર કેટલા અંશે કરમ ફર્માવ્યો છે ! અને સબ્રના બદલામાં જે દર્શાવેલ દસ કરામતો અને ફઝીલતો દુનિયા તથા આખેરતમાં પરવરદિગાર ઈન્સાનને અતા ફર્માવે છે એ કેવળ એક ક્ષણભર સબ્રના બદલામાં છે. તો હવે તમારા પર જાહેર થઈ ગયું કે, દુનિયા

તથા આખેરતની ભલાઈ સબ્રમાં સમાયેલી છે. નબીએ કરીમ ﷺનો ઈર્શાદે ગિરામી છે, **"સબ્ર જેવી વિશાળ ભલાઈ અને ખૈર અન્ય કોઈ ચીજમાં ઈન્સાનને અતા નથી કરવામાં આવી."**

હઝરત ઉમર ફારૂક رضي الله عنهથી મરવી છે. આપ ફર્માવે છે : **મો'મિનોની દરેક પ્રકારની ભલાઈ એક પળભરની સબ્રમાં છે.**

એક શાયરે આ વિશે ખૂબ સરસ શેઅરો દર્શાવ્યા છે :–

**૦૧.** સબ્ર દરેક ઉમ્મીદની ચાવી છે અને દરેક ભલાઈ સબ્રથી જ પ્રાપ્ત થઈ શકે છે.

**૦૨.** તમે સબ્ર કરો ભલે સબ્ર કરવામાં લાંબો સમય વહી જાય, કેમ કે ઘણીવાર એવું થાય છે કે, એક દુશ્વાર ચીજ છેવટે શક્ય બની જાય છે.

**૦૩.** અને કેટલીકવાર સબ્રથી એવી બાબતો પર કામયાબી હાંસલ કરી લેવામાં આવી છે જેના વિશે એવું કહેવામાં આવતું હતું કે, એનું થવું ઘણુ જ મુશ્કેલ છે.

એક શાયર એ જ વિષયને આ રીતે રજૂ કરે છે :–

**૦૧.** હું સબ્ર કરું કરું છું અને સબ્ર મારી આદત બની ચૂકી છે, અને તમારા માટે સબ્રની ફઝીલતમાં એ જ પૂરતુ છે કે ખુદા તઆલાએ સબ્રની તારીફ કરી છે.

**૦૨.** હું સબ્ર પર કાયમ રહીશ એટલે સુધી કે અલ્લાહ તઆલા અમારી વચ્ચે ફૈંસલો ફર્માવી આપે, ક્યાં તો આસાનીનો ક્યાં તો તંગીનો.

જ્યારે તમે જાણી ચૂક્યા કે, સબ્રના આ ફઝાઈલ છે તો તમારા માટે લાઝિમ છે કે, આ ઉમદા ખૂબીને તમારી અંદર પેદા કરો અને તેની પ્રાપ્તિના માટે પૂરી કોશિશ મહેનત કરો. આ ખસલત (ખૂબી) પ્રાપ્ત થઈ જતાં જરૂર તમે કામયાબ લોકોમાંથી થઈ જશો, અને અલ્લાહ તઆલા જ તૌફીક઼નો માલિક છે.

**સવાલ** : સબ્રની હક઼ીક઼ત અને તેનો હુકમ બયાન કરો.

**જવાબ** : શબ્દકોશમાં સબ્રનો અર્થ રોકવાનો છે. જેમ કે, કુર્આનમાં આ શબ્દ રોકવાના અર્થમાં વપરાયો છે. ક઼ાલલ્લાહુ તઆલા :–

وَاصْبِرْ نَفْسَكَ مَعَ الَّذِيْنَ يَدْعُوْنَ رَبَّهُمْ "તમારી જાતને તે લોકોની સાથે રોકેલી રાખો જેઓ રાત, દિવસ ખુદાની યાદમાં વ્યસ્ત રહે છે."

*(પારા : ૧૫, સૂરએ કહફ, રુકૂઅ : ૧૫, આયત : ૨૮)*

અને અલ્લાહ તઆલાને પણ સાબિર એનાથી કહેવામાં આવે છે કે તે ગુનેહગારોથી અઝાબને રોકેલો રાખે છે, અને જલ્દી તેમના પર અઝાબ નાઝિલ નથી કરતો.

અને ઈસ્તેલાહી બોલીમાં સબ્ર દિલની કોશિશોમાંથી એક કોશિશનું નામ છે, કેમ કે સબ્ર નફ્સને બેસબ્રીથી રોકવાનું નામ છે અને બેસબ્રીની ઉલમાએ આ પ્રમાણે વ્યાખ્યા કરી છે, ''તકલીફના સમયે પોતાની પરેશાની તથા બેચૈનીનો ઉલ્લેખ કરવો.''

અને કેટલાક બેસબ્રી (અધૈર્ય)નો અર્થ એવો દર્શાવ્યો છે કે, પોતાના બળ વડે તંગી, તકલીફ દૂર કરવાનો ઈરાદો કરવો, અને આ અધિરતા, બેસબ્રીને ત્યજવાનું નામ સબ્ર (ધૈર્ય) છે.

### ★ સબર કેવી રીતે પેદા કરવામાં આવે ? ★

એનો તરીકો એ છે કે માણસ સખ્તી (તકલીફ) અને તેના સમયને યાદ કરે અને વિચારે કે ન તો મારી બે સબ્રીથી એમાં વધારો થશે કે ઘટાડો અને ન એમાં વહેલુ કે મોડું થશે. તો પછી અધિરાઈથી શો ફાયદો ? બલ્કે એમાં ફાયદાને બદલે નુકસાન અને ખતરો છે.

અને પોતાનામાં સબ્રનો ગુણ પેદા કરવાથી સૌથી શ્રેષ્ઠ ચીજ એ છે કે, માણસ આ સબ્રના બદલા વિશે વિચારે જેના માટે પરવરદિગારે વાયદો ફર્માવ્યો છે.

## પ્રકરણ

## ઈબાદત માટે ફરાગત પામવા શું કરવું

ઈબાદતના માટે ફરાગત (નવરાશ) પામવા માટે તમારા પર જરૂરી છે કે, આ વિઘ્નો અને તેના સબબોને માર્ગમાંથી ખસેડીને આ મહત્વની તથા કઠિન (સખ્ત) ઘાટીને પાર પાડો. નહીં તો જો તમે આ વર્ણન કરેલ વિઘ્નોમાં સપડાયેલા રહ્યા તો તમને તમારો મકસદ યાદ કરવાની મોહલત પણ મળશે નહીં તો પછી કઈ રીતે તમે તમારા મકસદો હાંસલ કરી શકો ? અને આ વિઘ્નોમાં દરેક વિઘ્ન અલગ જ ઢંગની મશગૂલિયત તથા મસ્રૂફિયત (વ્યવસ્તતા) ધરાવે છે. કેટલાંક ખૂબ જ ઝડપથી માણસને વ્યસ્ત કરી દે છે અને કેટલાંક ક્રમે ક્રમે.

વળી, આ ચારમાંથી સૌથી મોટો અને સૌથી વિશેષ કઠિન રિઝ્ક઼ (રોજી)નો મામલો છે અને તેની તદબીર છે. કેમ કે મખ્લૂકના માટે સૌથી મહાન મુસીબત આ રોજી જ છે, જેની દોડધૂપે, મખ્લૂક઼ને લાચાર કરી મૂકી છે, અને દિલોને ઈબાદતથી ગાફેલ કરી રાખ્યાં છે અને લોકોને અતિશય ફિકરોમાં તથા પરેશાનીઓમાં નાખી દીધા છે, અને ઉમરોને એની પાછળ વેડફાવી નાખી છે અને રોજી જ લોકો માટે મોટા ગુનાહોમાં પડવાનો સબબ બને છે અને રિઝક઼નો મામલો જ લોકોને પરવરદિગારની બંદગીથી હટાવીને દુનિયાની ખિદમત અને મખ્લૂક઼ાતની ખિદમતનો સબબ બનેલ છે. જેથી લોકો આ રોજીના ધંધામાં ફસાયને અલ્લાહની યાદથી ગફલત અને ગુનાહોની તારીકી (અંધકાર)માં ડૂબી જાય છે. અને રોજીની તલાશમાં દોડધૂપ, પરેશાની અને ઝિલ્લત તથા ખુવારીમાં કિંમતી જીવનને બરબાદ કરી નાખે છે અને અલ્લાહ તઆલાના દરબારમાં અમલોથી મુફલિસ અને ફકીર થઈને ઉભા રહે છે, અને ખુદાની રહમત જો તેમના પર ન થઈ તો પરેશાન કરનારા હિસાબ અને દર્દનાક અઝાબમાં પડે છે.

જુઓ ! આ રિઝ્કના મામલામાં અલ્લાહ તઆલાએ કેટલા અધિક પ્રમાણમાં આયતો ઉતારી છે અને અલ્લાહ તઆલાએ કેટકેટલા વાયદા ફર્માવ્યા છે, અને આયતોમાં રોજીની જિમ્મેદારીના સંબંધે તવક્કુલ અપનાવવાનો આગ્રહ

કરવામાં આવ્યો છે અને લોકોના માટે સહી રાહની સ્પષ્ટતા કરાતી રહી છે અને વિવિધ પ્રકારનાં દષ્ટાંતો આપીને સમજાવવામાં આવતા રહ્યા છે અને અલ્લાહ તઆલાના ગઝબ તથા પકડથી ડરાવવામાં આવતા રહ્યા છે, પરંતુ અફસોસ કે લોકો તેમ છતાં, હિદાયતના માર્ગે નથી ચાલતા અને તક્વો અખ્તિયાર નથી કરતા અને રોજીના બારામાં સંતુષ્ઠ નથી થતા, બલ્કે તેઓ રોજીની તલાશમાં બેહોશીની હદ સુધી પહોંચી જાય છે, અને હમેશાં એ વાતથી ડરે છે કે, ક્યાંક સવાર કે સાંજનું ખાવા જતું ન રહે !

અને ગફલતનું મૂળ અને અસલ કારણ કુર્આની આયતો પરથી પોતાના પરિણામ પર વિચાર કરવાનો અભાવ અને અલ્લાહ તઆલાની કુદરતોમાં પૂરો વિચાર કરવાની ઉણપ અને રસૂલુલ્લાહ ﷺના કલામથી નસીહત ગ્રહણ ન કરવાથી અને પૂર્વજ બુઝુર્ગોના ઈર્શાદોમાં ચિંતન મનન ન કરવાથી છે અને એની સાથોસાથ લોકો શૈતાની વસવસાઓનો શિકાર થઈ ચૂક્યા છે અને જાહિલોની વાતોથી પ્રભાવિત થઈ ગયા છે અને ગફલતમાં પડેલાઓની આદતોથી ટેવાઈ ગયા છે એટલે સુધી કે, ઈબ્લીસ લઈને તેમના પર પૂરેપૂરો છવાઈ ગયો છે, અને ખોટી આદતો તેમનામાં ઘર કરી ગઈ છે. આ રીતે લોકો અક઼ીદાઓ અને યક઼ીનની કમજોરીઓની બીમારીમાં સપડાઈ ગયા છે.

પરંતુ, અસ્હાબે બસીરત (શાણા માણસો) અને અસ્હાબે રિયાઝત તથા મુજાહિદા (રિયાઝત તથા મુજાહિદા કરનારા) જેઓ રબ તઆલાના મક઼બૂલ બંદોઓ છે તેઓ દુનિયવી સબબોને ધ્યાનમાં નથી લેતા, તેમણે ખુદા તઆલાની રસ્સી (દીન)ને મજબૂતીથી પકડી લીધેલ છે અને મખ્લૂક (દુનિયાવાળાઓ)થી સંપૂર્ણપણે બેનિયાઝ (બેપરવાહ) થઈ ગયા છે. તેમને રબ તઆલાની આયતો પર કામિલ યકીન છે. તેઓ તેના દર્શાવેલા સિરાતે મુસ્તકીમ (સીધા માર્ગ)ને જ દષ્ટિ સમક્ષ રાખે છે. રોજીના બારામાં શૈતાની વસવસાઓ, મખ્લૂક઼ની વિવિધ પ્રકારની વાતો અને ખબીષ (ગંદા) નફ્સના ધોકામાં આવતા નથી અને જ્યારે આ વિષયમાં શૈતાન અથવા કોઈ ઈન્સાન અથવા તેનો નફ્સ વસવસા નાખવાની કોશિશ કરે છે તો તેઓ પૂર્ણપણે સામનો કરે છે અને સંપૂર્ણપણે તેનો વિરોધ તથા પ્રતિકાર કરે છે. એટલે સુધી કે, મખ્લૂક તેમનાથી મોઢું ફેરવી લે છે અને

શૈતાન તેમનાથી અલગ થઈ જાય છે અને નફ્સ તેમનો આજ્ઞાંકિત થઈ જાય છે અને તેમને સિરાતે મુસ્તક઼ીમ પર દઢતા મજબૂત થઈ જાય છે.

## ★ શૈતાની વસવસા અને બુઝુર્ગો ★

એના અનુસંધાનમાં હઝરત ઈબ્રાહીમ ઈબ્ને અદહમ رحمۃ اللہ علیہના વિશે આ હિકાયત નકલ થયેલ છે કે જ્યારે આપે ઝાદે રાહ (સફર ખર્ચ) વિના એક જંગલ પાર પાડવાનો ઈરાદો કર્યો તો ઈબ્લીસે આવીને આપને ખૌફઝદા (ભયભીત) કરવાની કોશિશ કરી કે, "આ એક ખતરનાક જંગલ છે, અને આપની પાસે ન તો રસ્તાનું ભાથુ છે અને ન તો તેને પાર પાડવાનો અન્ય કોઈ ઝરીયો છે."

શૈતાનના તરફથી આ બીક દેખાડતાં આપે પાકો ઈરાદો કરી લીધો કે, હું જરૂર ઝાદે રાહ વિના આ જંગલ પાર પાડીશ અને કેવળ રાહ ખર્ચ વિના પાર પાડીશ. એટલું જ નહીં, બલ્કે દરેક માઈલે એક હજાર રકાત નફલ અદા કરીશ. જેથી આપે જે ઈરાદો ફર્માવ્યો તે પૂરો કરી બતાવ્યો અને આપ બાર વરસ એ જંગલમાં રહ્યા, એટલે સુધી કે જ્યારે હારૂન રશીદ એ જંગલમાં થઈને હજ્જે બયતુલ્લાહ શરીફના ઈરાદાથી પસાર થયો તો એણે જોયું કે, આપ એક જગાએ નવાફિલમાં મશગૂલ છે. લોકોએ તેને જણાવ્યું કે, આ નમાઝ પઢનાર બુઝુર્ગ હઝરત ઈબ્રાહીમ અદહમ છે. તો તેણે કહ્યું કે, હે અબૂ ઈસ્હાક ! આપ આ હાલતમાં પોતાને કેવા પામો છો ? તો આપે તેના જવાબમાં આ બે શેઅર પઢયા :

૦૧. આપણે આપણા દીનને બરબાદ કરીને દુનિયા સમારવાની કોશિશ કરીએ છીએ તો ન આપણો દીન રહે છે અને ન તો દુનિયા સંવરે છે.

૦૨. તો એ શખ્સ એટલા અંશે મુબારક અને ખુશકિસ્મત છે જેણે દરેક મામલામાં પોતાના રબની રઝાને (રાજીપણાને) પ્રતિનિધિત્વ આપ્યું અને આખેરતની નજાતની ઉમ્મીદ પર દુનિયાને કુર્બાન કરી આપી.

કેટલાક સાલેહીનના વિશે નકલ થયેલ છે કે, તે કોઈ જંગલમાં હતા એવામાં ઈબ્લીસ તેમની પાસે આવ્યો અને એવી રીતે વસવસા નાખવા માંડયો કે તમે આ વેરાન સ્થળે સફર ખર્ચ વિનાના છો અને આ એવું જંગલ છે જેમાં તબાહ કરનારી ચીજો પુષ્કળ પ્રમાણમાં છે અને એમાં ન તો ક્યાંયે આબાદી (વસ્તી)નું

નિશાન છે અને ન તો એમાં કોઈ ઈન્સાન જોવા મળે છે. તો તે બુઝુર્ગે તે શૈતાની વસવસાને પારખી લઈને પાકો નિશ્ચય કરી લીધો કે, હું ઝાદે રાહ (સફર ખર્ચ) વિના જ એને પાર કરીશ અને હું એમાં ચાલતો રહીશ અને ન તો કોઈની પાસેથી કોઈ ચીજ લઈશ અને ન ત્યાં સુધી કાંઈ ખાઈશ જ્યાં સુધી મારા મોઢામાં જબરદસ્તી ઘી તથા મધ વગેરે ઘુસાડવામાં ન આવે.

આ ઈરાદો કરીને આપે જંગલના તદ્દન ઉજ્જડ ભાગની તરફની વાટ પકડી લીધી અને તેની સફરમાં મશગૂલ થઈ ગયા.

તે બુઝુર્ગ ફર્માવે છે કે, હું તેમાં ઘુમતો રહ્યો એટલે સુધી કે એક દિવસે મેં જોયું કે એક માર્ગ ભૂલેલો કાફલો મારા તરફ આવી રહ્યો છે. તેમને જોતાં જ હું જમીન પર સૂઈ ગયો જેથી તેઓ મને જોઈ ન શકે. પરંતુ ખુદાની શાન કે તેઓ મારી તરફ જ સીધા ચાલતા રહ્યા એટલે સુધી કે, મારા માથા પાસે આવીને ઉભા રહ્યા !

મેં આંખો બંધ કરી લીધી તો તેઓ તદ્દન મારી નજીક આવીને ઉભા રહી એકબીજાને કહેવા લાગ્યા કે, એવું લાગે છે કે આ શખ્સનો સફર ખર્ચ ખતમ થઈ ગયો છે અને ભૂખ પ્યાસના લીધે બેહોશ થઈને પડી ગયો છે એટલા માટે ઘી અને મધ લાવો કે તેના ગળામાં નાખીએ જેથી તે હોશમાં આવે. જેથી તેઓ ઘી અને મધ લાવ્યા. તો મેં મારું મોઢું મજબૂતીથી બંધ કરી લીધું. તો તેમણે છરી મગાવીને મારું મોઢું જબરદસ્તીથી ખોલી નાખ્યું, જેથી હું હસી પડયો. મારુ હાસ્ય જોઈને તેઓ કહેવા લાગ્યા કે, તમે કોઈ પાગલ જણાવ છો ! તો મેં જવાબ આપ્યો, ખુદાની કસમ ! હું મજનૂં કે પાગલ હરગિઝ નથી. અને મેં તેમને શૈતાનના આવવા અને તેના વસવસાઓ નાખવા વિશેના પ્રસંગથી તેમને માહિતગાર કર્યા, તેને સાંભળીને તેઓ ખૂબ જ આશ્ચર્યમાં પડી ગયા.

એક અન્ય બુઝુર્ગ ફર્માવે છે કે, તાલિબે ઈલ્મીના જમાનામાં (વિદ્યાર્થીકાળમાં) સફર દરમ્યાન મેં એક એવી મસ્જિદમાં રોકાણ કર્યું જે વસ્તીથી ખાસ્સી દૂર હતી અને હું મારા પીરોની સુન્નત મુજબ સફર ખર્ચથી ખાલી હતો. ઈબ્લીસે આવીને વસવસા નાખવા માંડયા કે આ મસ્જિદ આબાદીથી ઘણી દૂર

છે, આ મસ્જિદમાં રોકવાને બદલે જો તું કોઈ એવી મસ્જિદમાં રોકાણ કરે (કિયામ કરે) જે આબાદીમાં આવેલી હોય તો ત્યાં તારા ખાવા, પીવાનો બંદોબસ્ત થઈ શકે.

મેં તેના જવાબમાં કહ્યું કે, હું અહીં રહીશ અને ખુદાની કસમ ! હું હલ્વા સિવાય અન્ય કોઈ ચીજ ખાઈશ નહીં. અને હલ્વો પણ ત્યાં સુધી નહીં ખાઉં સુધી એક એક કોળીયો કરીને મારા મોઢામાં મૂકવામાં ન આવે ! જેથી મેં ત્યાં ઈશાની નમાઝ અદા કરી અને મસ્જિદનો દરવાજો બંધ કરી લીધો. જ્યારે રાતનો શરૂનો હિસ્સો વહી ગયો ત્યારે અચાનક કોઈ શખ્સે જેના હાથમાં ફાનસ હતી તેણે મસ્જિદનો દરવાજો ખટખટાવ્યો. જ્યારે તેણે ઘણા જોર જોરથી દરવાજો ખટખટાવવાનો શરૂ કર્યો તો મેં ઉઠીને દરવાજો ખોલ્યો અને જોયું કે એક વૃદ્ધા જેની સાથે એક નવયુવાન છે. વૃદ્ધા દરવાજાથી અંદર પ્રવેશી અને મારી સામે હલ્વાથી ભરેલો એક થાળ મૂકી દીધો અને કહેવા લાગી કે આ નવયુવાન મારો પુત્ર છે. તેના માટે મેં આ હલ્વો તૈયાર કરી રાખ્યો હતો અને વાતચીત દરમ્યાન કહેવા લાગી કે, એણે કસમ ખાધી કે આ હલ્વો એકલો ખાઈશ નહીં બલ્કે કોઈ મુસાફિરની સાથે ખાઈશ અને તે મુસાફિરની સાથે જે મસ્જિદમાં છે. એટલા માટે તું એને ખા ! તારા પર અલ્લાહ રહમ કરે.

ત્યાર બાદ તે વૃધ્ધાએ કોળીયા બનાવીને એક મારા મોઢામાં અને એક તેના પુત્રના મોઢામાં આપવાનું શરૂ કર્યું. એટલે સુધી કે અમે ધરાઈને ખાધું. પછી નવજવાન અને વૃદ્ધા પાછા ચાલ્યા ગયાં અને મેં મસ્જિદનો દરવાજો બંધ કરી દીધો. આ પ્રસંગ પર હું મોડે સુધી આશ્ચર્ય કરતો રહ્યો !

હે વાંચક ! આ તથા એના જેવા હજારો પ્રસંગો છે જે સાલેહીન લોકો થકી મુજાહિદો કરવામાં તથા શૈતાનનો વિરોધ કરવાના રૂપે અસ્તિત્વમાં આવ્યા છે. આ પ્રકારના પ્રસંગોથી તમને ત્રણ જાતના ફાયદા પ્રાપ્ત થાય છે :

૦૧. પ્રથમ એ છે કે તમે જાણી લો કે જે રોજી મુકદ્દર થઈ ચૂકી છે તે કોઈપણ ભોગે ઈન્સાનને મળશે જ.

૦૨. બીજુ એ કે તમે જાણી લો કે રોજી અને તેમાં તવક્કુલ એક મહત્વની ચીજ

છે અને એ કે રોજીના મામલામાં શૈતાનના પ્રપ્રંચો તથા વસવસાઓ મહાભયાનક હોય છે. એટલે સુધી કે, ઉપર બતાવ્યા મુજબના ઝાહિદો, ઈમામો અને દીનના બુઝુર્ગો પણ એ વસવસાઓથી રક્ષિત ન રહી શક્યા અને તેમના આ પ્રકારના મુજાહિદાઓ તથા કઠિન રિયાઝતો (ઈબાદતો) છતાં ઈબ્લીસ તેમને ગુમરાહ કરવાથી માયૂસ ન થયો, એટલે સુધી કે એ ઈમામોએ તે વસવસાઓથી બચવા માટે એવા એવા હૈરત પમાડે તેવા ઝરીયાઓ અપનાવવા પડયા. અને ખુદાની કસમ ! જે શખ્સ સિત્તેર વરસથી મુજાહિદાઓ તથા રિયાઝતોમાં વ્યસ્ત હોય તે પણ શૈતાની વસવસાઓથી મામૂન તથા મહફૂઝ (રક્ષિત) નથી રહી શકતો. જેવી રીતે નવા નવા તથા ગાફિલ લોકો તેના વસવસા તથા ખતરાઓથી બચી નથી શક્તા, અને જો નફ્સ તથા શૈતાનનો જરા પણ દાવ ચાલે તો તે તેને હલાક કરી નાખે જેવી રીતે કે તે ગાફેલ તથા ઘમંડમાં પડેલા શખ્સને હલાક કરી નાખે છે.

૦૩. અઈમ્માએ કિરામ (ઈમામો) અને બુઝુર્ગાને દીનના આ પ્રકારના પ્રસંગોથી ત્રીજો ફાયદો એ હાંસલ થાય છે કે, એનાથી ભાળ મળે છે કે રિઝ્કના મામલામાં તવક્કુલની મંઝિલ સખત કોશિશ અને કામિલ મુજાહિદા વિના પાર પાડી શકાતી નથી અને તે ઈમામો ભલે તમારી જેમ માંસ, લોહી, શરીર અને રૂહનો સમૂહ હતા બલ્કે તેમના શરીરો તો તમારા કરતાં અધિક દૂબળાં અને તેમનાં અંગો તમારાથી વધુ કમજોર અને તેમનાં હાડકાં તમારાથી વધુ પાતળાં હતાં, પરંતુ તેમનામાં ઈલ્મી શક્તિ હતી, યકીનનું નૂર હતું અને દીનના મામલમાં તેમની હિંમત મજબૂત હતી. એટલા માટે તેઓ એટલા અંશે સખત મુજાહિદા કરતા રહ્યા એટલે સુધી કે તે ઉચ્ચ દરજ્જાઓ પર બિરાજમાન થઈ ગયા. તે બુઝુર્ગાને દીનની જિંદગીઓની સરખામણીમાં જરા આપણા વિશે પણ વિચાર કરો ! તમારે જોઈએ કે લાઈલાજ બીમારીની દવા કરો જેથી આખેરતમાં ફલાહ પામી શકો.

★★★

## પ્રકરણ

## રોજીમાં ખુદા પર તવક્કુલ

હવે હું એના અનુસંધાનમાં કેટલાક મુદ્દાઓ દર્શાવું છું જે મારી જાણમાં છે અને પૂરા ધ્યાનપૂર્વક સાંભળવાથી તમારા દિલમાં જામી જશે અને રોજીના વિશે તવક્કુલના મસ્અલામાં અધિક કશ્મકશથી બચી જશો અને એના પર અમલ કરવાથી, એમાં ચિંતન મનન કરવાથી સ્પષ્ટપણે રાહે હક્ક઼ની તરફ તમારી રહનુમાઈ (માર્ગદર્શન) થશે.

### ★ પ્રથમ મુદ્દો ★

તમને યક઼ીન હોવું જોઈએ કે ખુદા તઆલાએ પોતાની મુક઼દ્દસ (પવિત્ર) કિતાબમાં તમારી રીજીની ઝમાનત તથા કફાલત (જિમ્મેદારી)નો જિમ્મો ઉઠાવી લીધો છે. એ ચીજને તમે એ રીતે સમજો કે કોઈ દુનિયવી બાદશાહ તમને એવો વાયદો કરે કે આજે સાંજે તમારી મારે ત્યાં મહેમાની છે અને તમને એના વિશે એ સારું ગુમાન પણ હોય કે એ પોતાની વાતચીતમાં સાચો છે, જૂઠો નથી અને વાયદાભંગ નથી કરતો. બલ્કે જો એક બજારૂ અથવા કોઈ યહૂદી અથવા ઈસાઈ અથવા કોઈ અગ્નિપૂજક જેની જાહેરી સ્થિતિ સારી હોય, તે તમને એ પ્રકારનો કોઈ વાયદો કરે તો તમે જરૂર તેની વાત પર ભરોસો કરશો અને રાત્રે ખાવાની બાબતે તેની વાત પર વિશ્વાસ મૂકીને નચિંત થઈ જશો.

જ્યારે તમે ઉપર દર્શાવેલી વ્યક્તિઓની કેવળ જાહેરી સ્થિતિ અને તમારી સારી ધારણા તેમના વિશે હોવાથી તેમના પર તુરત જ વિશ્વાસ કરી લો છો, તો અફસોસ છે કે તમારા પરવરદિગારની વાત પર વિશ્વાસ નથી કરતા જેણે રોજીના વિશે ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં ઝમાનત તથા કફાલતનો વાયદો કર્યો છે અને કેવળ વાયદો જ નથી કર્યો બલ્કે કુર્આન મજીદમાં ઠેકઠેકાણે આ રોજીના વાયદા સંબંધે ક઼સમો યાદ ફર્માવી છે.

અફસોસ કે અલ્લાહ તઆલાના આ તાકીદવાળા વાયદાઓ છતાં રોજીના

મામલામાં તમારું દિલ સંતુષ્ઠ નથી થતુ અને અલ્લાહ તઆલાની કફાલત તથા ઝમાનત પર સંતોષ વ્યક્ત નથી કરતું અને તમે અલ્લાહ તઆલાની તકસીમે અઝલી પર નજર નથી કરતા, બલ્કે તમારું દિલ ગભરાટવાળુ અને બેચૈન રહે છે ! કાશ ! કે અલ્લાહ તઆલાના આ તાકીદી વાયદાઓ પર અવિશ્વાસનો વબાલ (આપત્તિ) તમારી પર પ્રદર્શિત થઈ જાય અને તેની બુરાઈ અને મુસીબતનો તમને અંદાઝો થઈ જાય.

હઝરત અલી کرم اللہ وجہہ الکریم એના બારામાં ફર્માવે છે :–

૦૧. શું તમે રબ તઆલા સિવાય બીજાઓ પાસે રોઝી તલબ કરતા ફરો છો ?! અને એ રીતે તમે સમયની મુશ્કેલીઓથી રક્ષિત રહેવાના નિરર્થક ખયાલમાં પડેલા છો ?!

૦૨. અફસોસ કે તમે એક મુશ્રિક શાહુકારના જામીન થવાથી રાજી થઈ જાવ છો પણ તમારા પરવરદિગારની ઝમાનત પર તમને ભરોસો નથી !

૦૩. જાણે તમે રોજી વિશેની કુર્આની આયતોને પઢી જ નથી એટલા માટે તમે રાહે હક્કથી અલગ અને યક઼ીનથી વિરુદ્ધ જણાવ છો.

રોજીના મામલામાં અલ્લાહ તઆલા પર અવિશ્વાસ એક એવી તબાહ કરનારી ચીજ છે જે ઈન્સાનને શંકા કુશંકામાં નાખી દે છે અને એવા શખ્સના વિશે ખતરો છે કે તેની પાસેથી તેનો દીન અને દીનની મઅ્રેફત છીનવી લેવામાં ન આવે ! અલ્ અયાઝુ બિલ્લાહ !

એટલા માટે અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાએ કુર્આન મજીદમાં ફર્માવ્યું :

وَعَلَى اللّٰهِ فَتَوَكَّلُوْٓا اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ "અને અલ્લાહ તઆલા પર જ ભરોસો કરો જો તમે ઈમાનવાળો હોવ." *(પારા : ૬, સૂરએ માએદહ, રુકૂઅ : ૭, આયત : ૨૩)*

અને ફર્માવ્યું :– وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُوْنَ

"અને મો'મિનોએ કેવળ અલ્લાહ પર જ ભરોસો રાખવો જોઈએ."

*(પારા : ૪, સૂરએ આલે ઈમરાન, રુકૂઅ : ૪, આયત : ૧૨૨)*

દીનનો સહીહ એહસાસ રાખનાર ઈમાનદારના માટે કેવળ આ જ એક મુદ્દો પૂરતો છે. وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ

## ★ બીજા મુદ્દો ★

કુર્આની આયતો અને નબવી ઈર્શાદથી ખૂબ જ સાફ સાફ આ વાત સાબિત છે કે દરેકની રોજી અઝલ (મખ્લૂક્ની પેદાઈશના દિવસ)થી વહેંચાઈ ચૂકી છે. એટલા માટે તમારે આ ખુદા તઆલાની વહેંચણી પર યકીન રાખવું જોઈએ અને એ બાબતનો પણ એતેકાદ રાખવો જોઈએ કે તેની વહેંચણીમાં ફેરબદલી અને ફેરફાર વગેરે અશક્ય છે. હવે જો તમે આ દલીલો છતાં તકસીમે અઝલીનો (અઝલના દિવસની વહેંચણીનો) ઈન્કાર કરો અથવા એમાં ફેરફારને જાઈઝ સમજો તો એ સ્પષ્ટ કુફ્ર છે. નઊઝુબિલ્લાહિ મિન્હુ !

અને જ્યારે તમને એ વાતનુ યક્ીન થઈ ગયું કે આ બાબતમાં ફેરફાર અશક્ય છે તો એ બાબતે વ્યવસ્થા તથા શોધખોળથી શો ફાયદો ? એ અક્ીદાના હોવા છતાં શોધખોળ એ દુનિયામાં બેઈજ્જતી અને આખેતરમાં તકલીફનો સબબ છે. એટલા માટે નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

''માછલી અને બળદની પીઠ પર લખેલું છે કે આ ફલાણાના પુત્ર ફલાણાની રોજી છે. જેથી રોજીના મામલામાં લાલચી શખ્સને ફોગટની તકલીફ વેઠવા સિવાય કાંઈ જ મળતુ નથી.

મારા શૈખ رحمۃ اللہ علیہ ફર્માવે છે, બેશક ! જે કોળિયાઓને ચાવવું તારુ મુક્દ્દર બની ચૂક્યું છે તેને બીજુ કોઈ ચાવી નથી શકતુ. જેથી પોતાના ભાગની રોજીને ઈજ્જતની સાથે ખાવ, ઝિલ્લત તથા ખુવારીથી ન ખાવ.''

શાણા પુરૂષો માટે આ બીજો મુદ્દો પણ એક પરિપૂર્ણ મુદ્દો છે.

## ★ ત્રીજો મુદ્દો ★

આ મુદ્દો મેં મારા શયખ رحمۃ اللہ علیہથી સાંભળ્યો છે જે એમણે તેમના કોઈ ઉસ્તાદથી નક્લ કર્યો છે કે;

''મારા શયખના ઉસ્તાદ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે રોજીના મામલામાં મને જે ચીજથી સંતોષ થયો તો એ છે કે મેં મારા નફ્સને કહ્યું કે, આ રોજી જીવતા માણસો માટે જ તો છે, મુડદાંઓને રોજીથી શો તઅલ્લુક ! અને જેવી ઈન્સાની

જિંદગી અલ્લાહ તઆલાના ખજાના અને તેના દસ્તે કુદરતમાં છે એવી જ રીતે રોજી પણ તેના દસ્તે કુદરતમાં છે, ચાહે મને આપે અને ચાહે ન આપે. એના બારામાં અલ્લાહ તઆલાની મરજી (મશિય્યત) મારા ઈલ્મથી છુપી છે, તે જ જેવી ચાહે તેવી તદબીર કરે છે અને મારે મારા નફ્સને સંતોષી રાખવો જોઈએ.

સંશોધનકર્તાઓ માટે આ મુદ્દો પણ ઘણો જ ફાયદાકારક છે.

## ★ ચોથો મુદ્દો ★

અલ્લાહ તઆલા આપણી રોજીનો જામિન તથા કફીલ છે પણ એટલી હદ સુધી કે જે ખોરાક અને પોષણમાં કામ આપી શકે, વધારેનો નહીં.

બાકી રહ્યું ખાવા પીવા, તો જ્યારે બંદો અલ્લાહની ઈબાદતના માટે લોકોથી અલાઈદગી અખ્તિયાર કરી લે અને અલ્લાહ તઆલા પર પૂર્ણપણે ભરોસો કરી લે તો કેટલીકવાર ખાવા પીવાના જાહેરી સબબો તેનાથી રોકી લેવામાં આવે છે, અને જાહેરી સબબો રોકાવાથી ન બંદાએ ગમગીન થવું જોઈએ અને ન તો તેની કાંઈ પરવા કરવી જોઈએ. એટલા માટે જ્યારે વસ્તુ સ્થિતિની હક઼ીક઼ત એની સમક્ષ ઉઘાડી છે કે જો મારી જિંદગી બાકી છે તો અલ્લાહ તઆલાએ મારા શરીરને કાયમ રાખવાનો (ટકાવી રાખવાનો) વાયદો કર્યો છે અને તવક્કુલ ઈલલ્લાહનો મક઼સદ પણ કેવળ એટલા પ્રમાણમાં છે કે તે હલાક ન થાય અને તેનું શરીર ટકી રહે અને અલ્લાહ તઆલા જરૂર તેની ગયબી મદદ ફર્માવશે જેથી જ્યાં સુધી એની જિંદગી છે ત્યાં સુધી ઈબાદત તથા બંદગીના હક્કમાં બંદો પૂરા ધ્યાનપૂર્વક મશગૂલ રહે, અને હેતુ પણ એ જ છે કે કોઈ ન કોઈ રીતે ઈન્સાનનુ શરીર ટકી રહે જેથી કરીને તે રબ તઆલાની યાદમાં વ્યસ્ત રહે. અને ખુદા તઆલાને કુદરત છે કે જ્યાં સુધી ચાહે કોઈનુ શરીર ટકાવી રાખે, ચાહે ખાણુ ખાવા અને પાણી પીવાના ઝરીયે ટકાવી રાખે અથવા ગારા કે માટી કે તસ્બહ તથા તહલીલ થકી બાકી રાખે, જેમ કે ફરિશ્તાઓ તસ્બીહ તથા તહલીલથી જીવંત છે અને ચાહે તો કશાય સબબ વિના પણ બાકી (ટકાવી) રાખે. મકસદ તો ઈબાદત અને બંદગીને ખાતર શરીર ટકવું જોઈએ જે રીતે પણ ટકી રહે. બંદો ખાવા પીવા, મોજ મજા કરવા અને દુનિયાની લિજ્જતો

માણવા વાસ્તે તો પેદા નથી કરવામાં આવ્યો કે ગમે તે રીતે તેના માટે ચરબીયુક્ત ખોરાકો જ જરૂરી છે !

અમારા ઉપરોક્ત બયાનથી સ્પષ્ટ થઈ ગયું કે આવી સ્થિતિમાં જાહેરી સબબનો જરાય એતબાર નથી. આ વાત બુઝુર્ગાને દીન અને ઝાહિદીને ઉમ્મતના દિલોમાં ઘર કરી ગઈ હતી એટલા માટે તેઓ લાંબી લાંબી સફરો કેટકેટલી રાતો ખાધા પીધા વગર ગુજારી દેતા હતા. જેમ કે એમનામાંથી કેટલા તો દસ દસ દિવસો સુધી કાંઈ ખાતા ન હતા અને કેટલાક એક મહિનો કેટલાક બબ્બે મહિના ખાધા પીધા વિના પસાર કરી નાખતા હતા અને તેમ છતાં તેમની શારીરિક શક્તિ યથાવત રહેતી હતી !

## ★ પંદર દિવસ સુધી રેતી ફાકી ગુજારો કર્યો ! ★

અને કેટલાક એવા પણ હતા જેઓ કેવળ રેતી ફાકી લેતા હતા અને તે જ એમને ખોરાકનું કામ દઈ દેતી હતી ! હઝરત સુફયાન ષૌરી رحمۃ اللہ علیہના વિશે નકલ થયેલ છે કે, મક્કા મોઅઝ્ઝમામાં આપનો ખર્ચ પૂરો થઈ ગયો તો આપ સતત પંદર દિવસ સુધી રેતી પર ગુજારો કરતો રહ્યા.

## ★ અન્ય બુઝુર્ગોના પ્રસંગો ★

અબૂ મુઆવિયતુલ અસ્વદ ફર્માવે છે કે મેં અને હઝરત ઈબ્રાહીમ અદ્હમ رحمۃ اللہ علیہએ સતત વીસ દિવસ ગારા પર (માટીનો હશે) ગુજારો કર્યો !

હઝરત અઅ્મશ رحمۃ اللہ علیہથી નકલ થયેલ છે કે મને એકવાર હઝરત ઈબ્રાહીમ ઈબ્ને અદ્હમ رحمۃ اللہ علیہ મળ્યા અને કહેવા લાગ્યા, એક મહિનાથી મેં કાંઈ ખાધુ, પીધુ નથી બલ્કે બે મહિનાથી ! અને આ બે મહિનાના અરસામાં કેવળ એકવાર એક શખ્સે ખુદાની કસમ આપની કાંઈ થોડી દ્રાક્ષ ખવડાવી, અને એ વાત માટે હું હજી મારા પેટનો ફરિયાદી છું.

હું કહું છું : હે સાંભળનાર ! (વાંચકો) તારે આવી હિકાયતો અને બુઝુર્ગાને દીનના આવા પ્રસંગો સાંભળીને આશ્ચર્ય ન પામવું જોઈએ કેમ કે અલ્લાહ તઆલા દરેક ચીજ પર કાદિર છે.

અને એના બારામાં તમારો વહેમ એ રીતે દૂર કરી શકાય છે કે કેટલાક બીમારો એક એક મહિનો અને બબ્બે મહિના સુધી કાંઈ ખાધા, પીધા વિના જીવતા રહે છે, જ્યારે કે બીમાર શારીરિક રીતે તંદુરસ્ત માણસ કરતાં અધિક કમજોર અને અશક્ત હોય છે.

અને જે શખ્સ આવા તવક્કુલમાં ભૂખથી મરી જાય તો એનો મતલબ એ છે કે તેની જિંદગી કેવળ એટલી જ હતી, ન એ કે ખુદા પર તવક્કુલ કરવાથી તેને મૌત આવી ગઈ. જેવી રીતે કેટલાક લોકો ખૂબ જ ધરાઈને ખાઈ લેવાથી મરી જાય છે.

અને મારા સુધી હઝરત અબૂ સઈદ ખરાઝ رحمۃ اللہ علیہની આ વાત પહોંચી છે કે આપે ફર્માવ્યું, "ખોરાક બાબતે મારો દસ્તૂર હતો કે દર ત્રીજા દિવસે અલ્લાહ તઆલા ક્યાં ને ક્યાંયથી ઈન્તેજામ કરી આપતો હતો. એકવાર મારે એક જંગલ પાર કરવું પડયું. એ દરમ્યાન આખા ત્રણ દિવસ પસાર થતાં ખાવા, પીવાની કોઈ સ્થિતિ ઊભી ન થઈ. છેવટે ચોથા દિવસે મેં કાંઈક અશક્તિ અનુભવી અને એક જગાએ જરા આરામ માટે બેસી ગયો તો અચાનક ગયબથી અવાજ સંભળાયો, "શું તું એવું ચાહે છે કે જરૂરથી તારા માટે ખોરાક જ પૂરો પાડવામાં આવે અથવા તને કેવળ એટલી શક્તિ પૂરતી છે કે હરવા, ફરવાની શક્તિ આપી દેવામાં આવે !" મેં અર્ઝ કરી કે મને કેવળ શક્તિ પૂરતી છે. જેથી એ સાથે જ કમજોરી જતી રહી અને હું સતત બાર દિવસ કાંઈ ખાધા, પીધા વિના સફર કરતો રહ્યો અને મને કાંઈ તકલીફ મહસૂસ ન થઈ.

તો જ્યારે બંદો જુએ કે ખાવા, પીવાના જાહેરી સબબોમાં રુકાવટ થઈ રહી છે અને તેનો ખુદા તઆલા પર તવક્કુલ પણ હોય તો તેણે યકીન રાખવું જોઈએ કે અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા જરૂર ગયબી શક્તિ વડે મદદ ફર્માવશે.

જેથી સબબોના બંધન માટે રંજમય ન બન, બલ્કે અલ્લાહ તઆલાની કરીમ જાતનો એ વાત પર પુષ્કળ પ્રમાણમાં શુક્રિયા અદ કરવો જોઈએ કે તેણે પોતાના ખાસ એહસાન, કરમ નવાજી અને મહેરબાની વડે તકલીફથી બચાવીને ગયબી મદદથી સરફરાઝ ફર્માવ્યો અને મૂળ ધ્યેય સુધી પહોંચાડયો અને ખાવા

પીવાના જાહેરી સબબો અને બોજથી નજાત (મુક્તિ) આપી અને પ્રણાલિ વિરુદ્ધ તેને શક્તિ આપીને અને ખાવા, પીવા વગર પોતાની યાદની શક્તિ નસીબ ફર્માવી અને તેની સ્થિતિને ફરિશ્તાઓની સ્થિતિ સમાન કરી દીધો અને ચોપગાંઓ અને સામાન્ય માણસોના હાલ કરતાં બુલંદ કરી દીધો અને તેને પોતાના કુર્બ (નજદીકી)ની ઈજ્જતથી સરફરાઝ ફર્માવ્યો.

અમારા આ બયાનમાં ગંભીરપણે વિચાર કરો જેથી તમને પુષ્કળ લાભ મળે, ઈન્શાઅલ્લાહુ તઆલા !

હું કહું છું કે શાયદ તું એવું કહે કે રોજીના વિષયમાં તમે વાતનો દૌર નિયમ વિરુદ્ધ ખૂબ લાંબો કરી નાખ્યો છે જ્યારે કે તમે કહી ચૂક્યા છો કે આ કિતાબમાં વર્ણન ટૂંકાણમાં થશે. તો હું કહું છું કે ખુદાની કસમ ! રોજીનો મામલો જેટલા અંશે મહત્વનો તથા નાઝુક છે એની સરખામણીમાં આ વર્ણન ખૂબ જ સંક્ષિપ્ત છે. કેમ કે રિઝ્ક એક એવી ચીજ છે જેના પર દીનની તથા દુનિયાની તમામ ચીજોનો દારો મદાર છે. માટે ખુદા તઆલાની ઈબાદતના માટે જેની હિંમત મજબૂત હોય તેણે જોઈએ કે અમારી વર્ણન કરેલી વાતો પર મજબૂતીથી અમલ કરતો થાય અને એના વિશે ઈસ્લામી અહકામ (હુકમો)ની સંપૂર્ણ કાળજી ધ્યાનમાં રાખે અને જો એવું નથી કરી શકતો તો તે હેતુથી ઘણે જ દૂર છે.

અને તે ચીજ જેનાથી તમારા પર એ વાત જાહેર થાય કે રોજીના મામલામાં ઉલમાએ હક્કાની અને બુઝુર્ગાને દીન કેટલા અંશે કામિલ બસીરત (દિવ્ય દૃષ્ટિ)ના માલિક હતા કે તેમણે પોતાના જીવનનો પાયો જ ખુદા પર તવક્કુલ, ઈબાદત તરફ સંપૂર્ણ ધ્યાન અને મખ્લૂકાત સાથેથી સંબંધ કટ કરવા પર રાખ્યો હતો. તેમણે આ વિષયમાં કેટલા અધિક પ્રમાણમાં કિતાબો લખી અને વિસાલના સમયે આ મામલામાં શું શું વસિયતો કરતા રહ્યા અને અલ્લાહ તઆલાએ દીનમાં તેમના કેવા મુખ્લિસ મદદગારો અને દોસ્ત પૂરા પાડયા હતા કે અહલે સુન્નત વ જમાઅતના અકીદાઓની વિરુદ્ધવાળા આબિદો અને ઝાહિદો વગેરેને તેમાંથી એક થોડી ચીજ પણ નસીબ થઈ નથી, જેમ કે કિરામિયહ્ વગેરે. એટલા માટે તેમના અકીદાઓનો પાયો જ હક્કના ઉસૂલોની વિરુદ્ધ હતો.

અને આપણે અહલે સુન્નત વ જમાઅત જ્યાં સુધી આપણા દીનના ઈમામો અને બુઝુર્ગોની સીરત અને તેમના નક્શે કદમ પર ચાલતા રહ્યા ત્યાં સુધી ખુદા તથા મખ્લૂકની નજરોમાં મુકર્રમ તથા મોઅઝ્ઝમ રહ્યા અને ઈસ્લામી મદ્રસાઓ અને આપણી ઈબાદતગાહોથી ઈલ્મ તથા અખ્લાક્ના પયકર બનીને નીકળતા રહ્યા.

જેમ કે ઈલ્મમાં ઉસ્તાદ અબૂ ઈસ્હાક, અબૂ હામિદ, અબૂ તૈયબ, ઈબ્ને ફવ્રક અને મારા શયખ رحمۃ اللہ علیہ જેવા સમૃદ્ધ ઈલ્મવાળા લોકો આપણા ઈમામ અને પેશ્વા છે અને ઈબાદતમાં અબૂ ઈસ્હાક શીરાઝી, અબૂ સઈદ અલ્સૂફ અને અબૂ નસર મુક્દસ જેવા પાકીઝા લોકો આપણા રેહબર છે. આ લોકો ઈલ્મ તથા ઝોહદમાં આ'લા દરજ્જાના લોકો હતા. અફસોસ કે આપણા દિલો તેમની ફર્માંબરદારીમાં કમજોર થઈ ગયાં અને આપણે એવી ગરબડોમાં સપડાઈ ગયા જેનુ નુકસાન નફા કરતાં અનેકગણુ વિશેષ છે.

એનુ પરિણામ એ આવ્યું કે આપણને દીનના મામલામાં અધોગતિનો સામનો થયો, હિંમત પડી ભાગી, બરકતો ઉડી ગઈ અને ઈબાદતની લિજ્જત અને મીઠાશ (મજા) વહી ગઈ. હવે એવી ઉમ્મીદ કરવી મુશ્કેલ છે કે ઈબાદતમાં કોઈનો હાલ ફરી દુરુસ્ત થઈ જાય અને તેને સાચો ઈલ્મ નસીબ થઈ જાય. અને જેનામાં પણ અત્યારે દીન તથા મઅ્રેફતની મામૂલી રોશની મૌજૂદ છે તે ફક્ત હારિસ મહાસેબી, મુહમ્મદ ઈબ્ને ઈદરીસ શાફઈ, મઝની અને હરમલા વગેરે ઉલમાએ મુતકદ્દેમીન (આગલા)ની પયરવીનો સદકો છે. (રહિમહુલ્લાહિ અજમઈન) જેમ કે એક શાયરે આ શેઅરોમાં અસ્લાફ (પૂર્વ જ બુઝુર્ગો)ની ખૂબીઓ વર્ણન કરી છે :–

૦૧. તેઓ જમાનામાં ખૂબ પરહેઝગારી તથા પાકિઝગીની સાથે રહ્યા અને તેમના માટે અલ્લાહ તઆલાની મહોબ્બત સિવાય કોઈ ચીજ પણ સંતોષ તથા સુકૂનનો સબબ ન બની.

૦૨. મોટા મોટા ફાઝિલ અને સિદીક્ અલ્સાફ જેઓ વિલાયતવાળા લોકો હતા હમેશાં તેમની તવજ્જોહ સૈયદુસ્સાદાત એટલે કે રબ તઆલાની તરફ જ રહી.

૦૩. જમાનાની મુસીબતો તથા અકસ્માતોએ ભલભલાઓની સબ્રની ગાંઠો ખોલી નાખી પણ આ પવિત્ર નફ્સોની સબ્રની એક ગાંઠ પણ ન ખોલી શકાઈ.

આપણે (મુસલમાન) પ્રારંભિક કાળમાં દીને ઈસ્લામની પયરવી કરવાને કારણે બાદશાહ હતા પરંતુ તેનાથી (ઈસ્લામથી) વિમુખતાના કારણે અત્યારે આપણી પોઝિશન એક બજારૂ માણસથી વધારે નથી રહી. આપણે દીની તથા દુનિયાવી કમાલોના મેદાનના સર સેનાપતિ હતા પણ હવે પાયદળોથી પણ ગયા ગુજર્યા છીએ, અને હવે ખતરો છે કે ક્યાંક માર્ગેથી ભટકી ન જઈએ. અલ્લાહ તઆલા જ મુસીબતો પર મદદગાર છે અને તેનાથી ખુલૂસ દિલે દુઆ છે કે દીનની જે મામૂલી અસર આપણામાં બચી છે તે પાછી ન ખેંચી લે.

اِنَّهٗ جَوَّادٌ کَرِیۡمٌ مَّنَّانٌ رَّحِیۡمٌ وَلَا حَوۡلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الۡعَلِیِّ الۡعَظِیۡمِ

## ★ તફ્વીઝ (અલ્લાહને સોંપવા)નું બયાન ★

તફ્વીઝનો અર્થ છે સર્વ કામોને ખુદા તઆલાના હવાલે કરી દેવું. તફ્વીઝની પૂરી હકીકત અને તફસીલ સમજવા માટે બે ચીજો સમજવી જરૂરી છે :

એક એ કે કોઈ ચીજના પસંદ નાપસંદનો તફાવત એ જ કરી શકે છે જે દરેક મામલાને દરેક પાસાએથી જાણતો હોય અને તેના જાહેરી તથા આંત્રિક (બાતિન), વ ર્તમાન તથા પરિણામથી પૂર્ણપણે માહિતગાર હોય. જે શખ્સને આ તફાવતનો ઈલ્મ ન હોય તે સારી કે બુરી ચીજ અને ખરા ખોટામાં ફરક નથી કરી શકતો. કોઈ બદવી કે ગામડિયા કે ચરવાહાને તમે એવું નહીં કહો કે આ દિરહમ જુઓ તો ખરાં છે કે ખોટા ?! કેમ કે તેઓ આ ગુણથી કોરા છે. એ જ રીતે આપ કોઈ શહેરીને પણ એ વાત નહીં કહો જે શાહુકાર ન હોય, કેમ કે તે પણ આ કામ ભાગ્યે જ કરી શકે (કે તમને જવાબ સાચો આપી શકે). જેથી તમે આ કામ માટે એ જ શખ્સને પસંદ કરશો જે માહિર શાહુકાર (ઝવેરી) હોય અને સોના, ચાંદીના રહસ્યો અને ખૂબીઓનો સંપૂર્ણતઃ વાકેફ હોય.

અને દરેક ચીજના વિશે આ પ્રકારનો વ્યાપક ઈલ્મ દરેક દિશાએથી કેવળ રબ્બુલ આલમીનની જાતને જ છે. તો અલ્લાહ તઆલા સિવાય કોઈ લાયક

નથી કે કામોની (બાબતોની) તદબીર અને કોઈ ચીજના પસંદ નાપસંદનો ફેંસલો પોતે જ પોતાની રીતે કરે બલ્કે તદબીર તથા ઈખ્તિયારનો આ મુકમ્મલ ગુણ અલ્લાહ વહ્દહૂ લાશરીકની સાથે જ ખાસ છે. એટલા માટે અલ્લાહ તઆલા પોતાના મુક઼દ્દસ કલામમાં ફર્માવે છે :

وَرَبُّكَ يَخْلُقُ مَا يَشَآءُ وَيَخْتَارُ ۗ مَا كَانَ لَهُمُ الْخِيَرَةُ ''અને તારો રબ જ જે ચાહે છે પેદા કરે છે અને જેને ચાહે છે પસંદ કરે છે. લોકોને પસંદ, નાપસંદનો કોઈ અધિકાર નથી.'' *(પારા : ૨૦, સૂરએ ક઼સ઼સ, રુકૂઅ : ૯, આયત : ૬૮)*

વળી બીજે ઠેકાણે ફર્માવ્યું :– وَرَبُّكَ يَعْلَمُ مَا تُكِنُّ صُدُوْرُهُمْ وَمَا يُعْلِنُوْنَ

''અને તારો રબ જ જાણે છે જે લોકો પોતાના સીનાઓમાં છુપાવી રાખે છે અને જેને જાહેર કરે છે.'' *(પારા : ૨૦, સૂરએ કસસ, રુકૂઅ : ૯, આયત : ૬૯)*

નકલ થયેલ છે કે કોઈ બુઝુર્ગને ખુદા તરફથી ઈશારો થયો કે, ''તમે જે ચાહો મારાથી માગો અતા થશે.'' અને તે બુઝુર્ગ મુસ્તજાબુદ્દુઆ હતા. તો આપે જવાબમાં અર્ઝ કરી, ''સુબ્હાનલ્લાહ ! તે જાત જે સમગ્ર ઈલ્મો પર છવાયેલી છે તે એક એવા જાહિલને ફર્માવે છે કે માગ જે માગવા ચાહે ! મને શું ખબર મારા માટે ફલાણી ચીજ બેહતર છે ? બલ્કે જે તને પસંદ છે તે જ મને પસંદ છે.''

તફ્વીઝના માટે બીજી એ ચીજને યાદ રાખવી પણ જરૂરી છે કે જો કે એક શખ્સ તને એવું કહે કે તારા સર્વ કામો હું અંજામ આપુ છું અને તારી તમામ હાજતોની તદબીર હું કરું છું. એટલા માટે તું તારા સર્વ કામો મને સુપ્રત કરી આપ અને તું તારા કોઈ મહત્વના કામને અંજામ આપવા માટે મશગૂલ રહે. અને આવુ કહેનાર શખ્સ સાચે જ તારી દષ્ટિએ તમારી ચીજોથી માહિતગાર હોય અને બેહતરીન હાકિમાના કુવ્વત (હાકિમ જેવી શક્તિ) ધરાવતો હોય અને પોતાના ઈરાદાને પૂરો કરવાની શક્તિ ધરાવતો હોય અને તે તારા પર કૃપાળુ હોય, અને સાથોસાથ તે શખ્સ મુત્તકી અને પરહેઝગાર અને સત્યવક્તા પણ હોય, તો શું તું એ શખ્સની આ મહાન રજૂઆતને તારા હક્ક઼માં સૌથી મહાન ગનીમત નહીં સમજે અને મોટી નેઅ્મત નહીં સમજે અને તેની અતિશય

એહસાનમંદીનો મોઅ્તકિ઼દ (માનવાવાળો) નહીં થાય ? અને તેનો અત્યંત શુક્ર તથા તેની અનહદ પ્રશંસા નહીં કરે ? યકીનન ! જરૂરી કરીશ !

વળી તે કોઈ ચીજ તારા માટે પસંદ કરશે જેનું સારુ હોવું તારા જાણ બહાર હોય તો તું તેની પસંદગી પર કદાપિ ગમગીન નહીં થાય, બલ્કે તને એના પર પૂરો ભરોસો હશે અને તારુ દિલ કામિલ તૌર પર મુત્મઈન (સંતોષી) હશે. યક઼ીન હશે કે આ માણસ તે જ મારા માટે પસંદ કરશે જે મારા માટે ફાયદામંદ અને મારા હક્ક઼માં બેહતર હશે. જો કે છેવટે તેનો અંજામ ગમે તે આવે પરંતુ તમને તેના પર કામિલ વિશ્વાસ હશે.

તો જ્યારે તમે એક ઈન્સાન પર આ પ્રમાણેનો ભરોસો કરી શકો છો તો પછી કયુ કારણ છે કે તમારી સર્વ બાબતો તમારા પરવરદિગારના હવાલે નથી કરતા ? જે જમીન તથા આસ્માનના નિઝામ (વ્યવસ્થા)ની તદબીર કરે છે અને તે દરેક આલિમથી વિશેષ આલિમ છે અને દરેક ક઼ાદિર કરતાં અધિક (શક્તિમાન) છે અને દરેક કૃપાળુ કરતાં અધિક રહીમ છે અને દરેક ગની કરતાં અધિક ગની છે. તે પોતાના કામિલ ઈલ્મ અને હુસ્ને તદબીર વડે તે ચીજ તમારા માટે પસંદ કરશે જેના સુધી તમારો વહેમ કે ગુમાન પણ નથી પહોંચી શકતું.

તો જ્યારે ખુદા તઆલા જ તારા સર્વ કામોનો કફીલ અને જામિન છે તો તારે તમામ સંબંધોથી દૂર થઈને એકદમ તારી આખેરતની સુધારણામાં વ્યસ્ત થઈ જવું જોઈએ અને જે જે ચીજો અલ્લાહ તારી સમક્ષ લાવતો રહે તેના પર રાજી રહે ભલે તેનું સારુ કે નરસુ હોવું તારી સમક્ષ જાહેર ન હોય, કેમ કે ખુદા તરફથી જે ચીજ હશે તે તારા હક્કમાં બેહતર અને ભલી જ હશે.

## ★ રઝા બિલ્ ક઼ઝાનું બયાન ★

*(ખુદાની નિશ્ચિત કરેલ ક઼ઝામાં રાજી રહેવું)*

રઝા બિલ ક઼ઝાના બારામાં પણ બે વાતો દિમાગમાં જમાવી રાખવી જરૂરી છે જેથી ખરી સ્થિતિની સ્પષ્ટતા થઈ જાય :

એક તો એ કે રઝા બિલ્ ક઼ઝાના હાલ તથા અંજામમાં શું ફાયદો છે ?

પ્રથમ તો એનો ફાયદો એ છે કે દિલને રાહત મળે છે અને નિરર્થક ફિકર

ચિંતાથી મુક્તિ મળી જાય છે કેટલાક ઝાહિદોએ એટલા માટે ફર્માવ્યું છે કે જ્યારે ક઼ઝા તથા ક઼દર હક્ક઼ છે તો જિંદગીના મામલાઓમાં ફિકર ચિંતા અર્થહિન છે. અને તેના સમર્થનમાં આ હદીષ શરીફ છે જે હુઝૂર عليه الصلوة والسلامથી નકલ થયેલ છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہને ફર્માવ્યું :–

"(હે ઈબ્ને મસ્ઊદ !) તને કોઈ મામલામાં ફિકર ચિંતા ન હોવી જોઈએ, એટલા માટે કે જે કાંઈ મુક઼દ્દર થઈ ચૂક્યું છે તે આવીને રહેશે અને જે તારા માટે મુક઼દ્દર નથી તે કદી પણ તારા સુધી આવશે નહીં."

આ મુબારક શબ્દો નબીએ કરીમ ﷺના છે જે અતિશય સમૃદ્ધ અને પૂરતા છે, જેમાં શબ્દો કમ અને અર્થો ઝાઝા સમાયેલા છે.

અને રઝા બિલ્ ક઼ઝા (ક઼ઝાએ ઈલાહીમાં રાજીપણા)ના અંજામના એતબારથી ફાયદો એ છે કે ક઼ઝા પર રાજી થનાર માણસને અલ્લાહ તઆલા અજ્રો સવાબ અતા ફર્માવશે અને એવા શખ્સને પોતાના રબની રઝા અને ખુશ્નૂદી પણ હાંસલ થશે. અલ્લાહ તઆલા ફર્માવે છે : رَضِیَ اللّٰهُ عَنْهُمْ وَ رَضُوْا عَنْهُ "અલ્લાહ તઆલા તેમનાથી રાજી થયો અને તેઓ અલ્લાહથી." *(પારા : ૭, સૂરએ માઈદહ, રુકૂઅ : ૬, આયત : ૧૧૯)*

એથી ઉલ્ટુ ખુદાવંદે કુદ્દુસની નારાઝગી આ દુનિયામાં તો ફિકર, ચિંતા, પરેશાની વગેરે પેદા કરે છે અને આખેરતમાં પણ ફોગટમાં બોજ અને અઝાબનો સબબ બનશે. કેમ કે ક઼ઝાએ ઈલાહી તો ગમે તે ભોગે લાગુ થઈને જ રહેશે, એમાં તારી નારાઝગી કે તારા ઈરાદાની કોઈ દખલ ચાલશે નહીં ! જેમ કે નીચેના શેઅરોમાં કહેવામાં આવ્યું છે :–

૦૧. હે નફ્સ ! તારા માટે જે કાંઈ મુક઼દ્દર નથી તેનાથી ગભરાવાની જરૂરત નથી, કેમ કે તે તારા સુધી આવી નથી શકતું.

૦૨. અને એ વાત પર યક઼ીન રાખ કે જે કાંઈ મુકદ્દર થઈ ચૂક્યું છે તે જરૂર મળીને રહેશે, ભલે તું સબ્ર કરે કે બેસબ્રી દર્શાવે.

અને બુદ્ધિશાળી દિલી રાહત અને જન્નતના સવાબને છોડીને એ ચીજને અપનાવતો નથી જે આખેરતમાં બોજ અને અઝાબનો સબબ બને અને જેનાથી

નિરર્થક ફિકર ચિંતા થતી રહે.

બીજી ઉસૂલી વાત એ કે ખુદા તઆલાની નારાઝગીમાં નુકસાનનો અંદેશો અને મહાન ખતરો રહેલો છે અને ખુદા તઆલાની મહેરબાની ન થઈ તો તેને નારાજ કરનાર માણસ કેટલીકવાર કુફ્ર તથા નિફાક઼માં સપડાઈ જાય છે. અલ્લાહ તઆલાના આ કલામમાં વિચાર કરો :–

فَلَا وَ رَبِّكَ لَا يُؤْمِنُوْنَ حَتّٰى يُحَكِّمُوْكَ فِيْمَا شَجَرَ بَيْنَهُمْ ثُمَّ لَا يَجِدُوْا فِيْۤ اَنْفُسِهِمْ حَرَجًا مِّمَّا قَضَيْتَ وَ يُسَلِّمُوْا تَسْلِيْمًا

"અય હબીબ ! અમને તારા રબની ક઼સમ ! આ લોકો ત્યાં સુધી મુસલમાન નથી થઈ શક્તા જ્યાં સુધી તમને તેમના તમામ ઝઘડાઓમાં પોતાના હાકિમે મુત્લક઼ સ્વીકારી ન લે, પછી આપના ફેંસલા વિરુદ્ધ તેમના દિલોમાં રજમાત્ર નારાઝગી પણ મહસૂસ ન કરે બલ્કે દિલો જાનથી અને રઝા તથા રગબતથી (ખુશી ખુશી) તેને સ્વીકારી લે." *(પારા : ૫, સૂરએ નિસાઅ, રુકૂઅ : ૫, આયત : ૬૫)*

અલ્લાહ તઆલાએ આ આયતે કરીમામાં તે શખ્સના ઈમાનની જ નફી (ઈન્કાર) કરી આપી અને એ ઈન્કાર માટે ક઼સમ ફર્માવે કે, **જે રસૂલના ફેંસલાને પસંદ ન કરે અને નબીના ફેંસલાને સાંભળીને દિલમાં પરેશાની કે બચેની અનુભવે તે મુસલમાન નથી.** તો જે શખ્સ ખુદા તઆલાના ફેંસલાને ન સ્વીકારે બલ્કે ઉલ્ટો એનાથી નારાજ થાય તે કેવી રીતે મુસલમાન થઈ શકે છે ?

હુઝૂર નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام થી એક હદીષે કુદ્સી રિવાયત થયેલી (મરવી) છે, જેના શબ્દો આ પ્રમાણે છે :–

"જે શખ્સ મારી તક઼દીર પર રાજી ન હોય અને મારા તરફથી આવનારી મુસીબતો પર સાબિર (ધીરજવાન) ન હોય અને મારી આપેલી નેઅ્મતોનો શુક્ર અદા ન કરે તો એવો શખ્સ મારા બદલે કોઈ બીજાને રબ બનાવી લે !"

આ હદીષમાં અલ્લાહ તઆલા એવું ફર્માવવા ચાહે છે **કે જે શખ્સ મારાથી રાજી ન હોય કે મારી બનાવેલી તકદીરથી મોઢું બગાડે છે, તો પછી એ પોતાનો રબ કોઈ બીજાને બનાવી લે જે તેના માટે સારો હોય !** બુદ્ધિશાળી જાણે છે કે આ અત્યંત ધમકીપૂર્ણ શબ્દો છે.

એક બુઝુર્ગને જ્યારે બંદાપણુ અને રબૂબિયતનો મતલબ પૂછવામાં આવ્યો તો તેમણે શું સરસ જવાબ આપ્યો, જેમ કે :–

"રબૂબિયત એ છે કે રબ તઆલા જેવો ચાહે તેવો હુકમ કરે અને અબૂદિયત (બંદાપણુ) એ છે કે બંદો તેના હુકમ અને કઝાને ચૂંચા કર્યા વિના સ્વીકારી લે. જ્યારે અલ્લાહ તઆલા કોઈ હુકમ આપે અને બંદો ન તો તેનું પાલન કરે અને ન તો તેને પસંદ કરે તો ત્યાં બંદાપણુ અને રબપણુ (રબૂબિયત) કાંઈ જ નથી !"

એના પર જરા વિચાર કરો અને પોતાના હાલને બંદાપણા મુજબ કરો જેથી તમને અલ્લાહ તઆલાની મદદ તથા તૌફીકથી સલામતી નસીબ થાય.

## ★ સબ્રનું બયાન ★

સબ્ર (ધીરજ, ધૈર્ય) એક કડવી દવા તથા સ્વાદ વિહોણી દવા છે અને દરેક પ્રકારના નુકસાનને દૂર કરે છે. જ્યારે દવા આવી બાબરકત અને લાભકારક હોય તો બુદ્ધિશાળી માણસ તબીયત પર જોર (જબરદસ્તી) કરીને પણ એવી દવાનો ઉપયોગ કરે છે અને ઘૂટડે ઘૂટડે પોતાના પેટમાં પધરાવતો રહે છે અને તેની કડવાશ અને તીવ્રતાને સહન કરે છે અને એવું કહે છે કે આ દવાની કડવાશ તો ક્ષણ માત્રની છે પણ તેનો લાભ વર્ષો સુધી બાકી રહેનાર છે.

હવે અમે તે લાભની વિગત બયાન કરીએ છીએ જે સબ્રથી હાંસલ થાય છે.

જાણી લો કે સબ્રના ચાર પ્રકાર છે :–

(૧) ફર્માંબરદારીમાં સબ્ર (૨) ગુનાહ પ્રતિ સબ્ર (૩) ફુઝૂલ દુનિયાથી સબ્ર (૪) દુનિયાની મુસીબતો તકલીફોથી સબ્ર.

જ્યારે કોઈ શખ્સ સબ્રની કડવાશ સહન કરે અને ઉપરોક્ત ચાર પ્રકારની સબ્રો પર અમલ કરતો થઈ જાય તો તેને તાઅત (ફર્માંબરદારી) અને ફર્માંબરદારીમાં અડગતાની મહાન નેઅમત નસીબ થાય છે. આખેરતમાં મહાન સવાબનો હક્કદાર બને છે અને એવા શખ્સને દુનિયામાં ગુનાહો અને ગુનાહોના બુરા પરિણામોથી સલામતી નસીબ થઈ જાય છે અને આખેરતમાં ગુનાહોના વબાલ (અઝાબ, આપત્તિ)માં પડવાથી પણ બચી જાય છે. તદ્ઉપરાંત એવો

શખ્સ દુનિયવી ધાંધલ ધમાલથી અલગ રહે છે. એવો શખ્સ ઈન્શા અલ્લાહુ તઆલા આખેરતના (ઉખ્રવી) અઝાબથી પણ મહેફૂઝ રહેશે અને તેના નેક અમલો પણ વેડફાઈ જતા નથી અને દુનિયવી આજમાઈશમાં અડગ રહે છે અને દુનિયવી એશઆરામ મયસ્સર ન થતાં ચિંતિત થતો નથી.

તો આ સબ્રથી ઈન્સાને તાઅત (આજ્ઞાપાલન), તેના ઉચ્ચ દરજ્જાઓ, ઈતાઅતનો સવાબ, તક્વો, ઝોહદ અને અલ્લાહ તઆલા તરફથી સારો બદલો, સારી જઝા તથા અઢળક સવાબ પ્રાપ્ત થાય છે અને સબ્રના ફાયદાઓની પૂરી વિગત તો હકીકતમાં ખુદા તઆલા જ જાણે છે.

## ★ સબર નુકસાનકર્તા ચીજોને દૂર કરે છે ★

સબ્રના લીધે એક તો ઈન્સાન બેસબ્રીના કારણે ઉદ્‌ભવનારી રોકકળની તકલીફથી બચી જાય છે અને દુનિયામાં બેસબ્રીનો રંજ સહન કરવાથી બચી જાય છે. વળી આખેરતમાં સબ્ર ત્યજવાથી થનારા અઝાબથી મહેફૂઝ થઈ જાય છે. પરંતુ માણસ અધિરાઈ કરે, શિકવા શિકાયતની જીભ લાંબી કરે તો તેના સઘળા લાભો નષ્ટ થઈ જાય છે અને તે વિવિધ પ્રકારની મુશ્કેલીઓનો શિકાર બની જાય છે. કેમ કે તે અલ્લાહ તઆલાની ફર્માંબરદારી તથા બંદગી કરવામાં આવતી તકલીફો પર સબ્ર કરશે નહીં તો ખુદા તઆલાની ફર્માંબરદારી અંજામ આપી શક્શે નહીં, અથવા બેસબ્રી (અધૈર્ય)ના લીધે ફર્માંબરદારીમાં તે કાયમ રહી શક્શે નહીં તો તેમાં અડગતાનો મકામ પામી શકશે નહીં જે એક ઉચ્ચતમ મર્તબો છે. અથવા સબ્ર (ધીરજ)ની કમીના વાંકે દુનિયાની ફુઝૂલ ચીજોથી નિરર્થક ચીજોથી બચી શક્શે નહીં અને ગુનાહોમાં લપસી પડશે. અથવા સબ્રની કમીના સબબે દુનિયવી તકલીફ તથા મુસીબતના સમયે શિકવા શિકાયતની જીભ લાંબી કરી નાખશે, અને એ રીતે સબ્રના સવાબથી વંચિત રહેશે. અને કેટલીકવાર અધિક બેસબ્રી દેખાડવાથી આખેરતના સવાબ ઉપરાંત સબ્ર કરવાથી જે નેઅ્‌મત મળનારી હતી તે પણ તેના હાથેથી ચાલી જાય છે અને બેસબ્રી પ્રદર્શિત કરીને એક મુસીબતને બદલે કેટલીયે મુસીબતો વહોરી લે છે. દુનિયાની નેઅ્‌મતો પણ હાથથી સરી જાય છે અને આખેરતનો સવાબ પણ નષ્ટ થઈ જાય છે, આમ

કેટલીયે ઉલઝનો પેદા થાય છે અને સબ્ર જેવી ઉમદા નેઅ્મતથી વંચિત થઈ જાય છે. કેટલાક બુઝુર્ગોનો કૌલ છે, **"મુસીબત વખતે સબ્ર ન કરવી એ મુસીબતથી પણ અધિક બદ્તર મુસીબત છે."**

જેથી એ ચીજને અપનાવવાનો શો લાભ જે મળેલી ચીજને પણ ખેંચી જાય અને ગુમ થયેલી ચીજને તો પાછી લાવી ન શકે ! જેથી કોશિશ કરો કે જો એક ચીજ (દુનિયવી નેઅ્મત) જતી રહે તો એની સાથે બીજી તો ન જાય એટલે કે સબ્ર. (એ ન જતી રહે.)

સબ્રની ફઝીલતના વિશે હઝરત અલી رضی اللہ عنہથી એક અતિ પરિપૂર્ણ કૌલ નક્લ થયેલ (મનકૂલ) છે. આપે એક શખ્સને સબ્રની તલ્કીન (શિખામણ, તા'લીમ) કરતાં ફર્માવ્યું કે :–

"તારા પર તક્દીરે ઈલાહી જરૂર જારી થઈને રહેશે, હા ! જો તું ધીરજ ધરીશ તો અજ્રો સવાબ પામીશ અને જો બેસબ્રીની રીત અપનાવીશ તો ગુનેહગાર થઈશ.

વળી હું કહું છું કે ભલે અલ્લાહ તઆલાની જાતે બરહક્ક઼ પર ભરોસો કરતાં દિલને તેની પ્રિય ચીજો (મનપસંદ)થી અલગ કરવું, નફ્સે અમ્મારા (ગુનાહ પ્રતિ દોરતો નફ્સ)ને તેની બુરી ટેવોથી રોકવો, દુનિયવી મામલાઓની તદબીરો તથા તજવીઝોને ત્યજી દેવી, પોતાના સંબંધી નફા નુકસાનની ચીજોથી બચીને પોતાનો સઘળો મામલો અલ્લાહ તઆલાને સુપ્રત કરવો, નફ્સે અમ્મારાની નિગરાની કરવી, કોઈ ચીજના ચાલ્યા જતાં નફ્સને બેસબ્રીથી રોકવો જ્યારે એવા પ્રસંગે બેસબ્રી કરવી એ તેની ફિતરત તથા પ્રકૃતિમાં સમાયેલ છે, તેમજ નફ્સને રઝા (રાજી રહેવા)ની લગામ આપવી અને નફરત છતાં નફ્સને સબ્રના કડવા ઘૂંટડા પીવડાવવા, આ સર્વ ઉપરોક્તો બાબતો ભલે અસહ્ય છે અને એ અતિભારી બોજ અને મુશ્કેલતરીન તરીકો તથા ઈલાજ છે, પરંતુ પોતાની ઈસ્લાહ (સુધારણા, સફાઈ)ની સૌથી સાચી અને યોગ્ય તદબીર પણ કેવળ આ જ છે, અને આ જ સિરાતે મુસ્તકીમ (સીધી રાહ) છે અને એ જ સિરાતે મુસ્તકીમ પર ચાલવાનો અંજામ સારો છે, અને નેક બખ્તીના સંજોગો એનાથી જન્મ લે છે.

તમે એ માલદાર પિતા વિશે શું કહો છે જે પોતાના બીમાર પુત્રને ખજૂર અને સફરજન વગરે ખાવા નથી દેતો અને ફળ ફળાદીની નેઅ્મતો આપવાને બદલે તેને એક સખત સ્વભાવના મુઅલ્લિમ (તાલીમ દેનાર)ના હવાલે કરી દો છે જે આખો દિવસ તા'લીમના માટે તેને પોતાની પાસે રોકી રાખે છે અને તેને ધમકાવતો રહે છે અને તેનો બાપ તેને સીંગી (હિજામા) લગાડવાને માટે હજામની પાસે લઈ જાય છે (એક પ્રકારનો ઝખમનો પહેલાના સમયનો થતો ઈલાજ છે) જે તેને તેના ઈલાજની પદ્ધિત વડે ઓર તકલીફ આપે છે. શું તમે એવું વિચારી શકો છો કે તેનો બાપ તેને કંજૂસાઈના લીધે ફળ ખાવા નથી આપતો, જ્યારે તેનો બાપ અજનબી લોકોની સાથે પણ ઘણી જ સખાવત વર્તે છે ?! અને ચોતરફ આર્થિક મદદ કરતો ફરે છે, એવો શખ્સ પોતાની ઔલાદના માટે કેમ કરીને બખીલ (કંજૂસ) હોઈ શકે છે ? અને પોતાની ઔલાદથી પોતાની માલ દૌલત શાથી રોકી શકે છે, જ્યારે કે તેની પાસે જે કાંઈ છે તે પોતાની ઔલાદના માટે જ છે.

તેમજ કડક સ્વભાવના મુઅલ્લિમના હવાલે પુત્રને કરીને શું તે તેને દુઃખ અને તકલીફ આપવા ચાહે છે ? હરગિઝ નહીં ! કેમ કે તેનો પુત્ર તો તેની આંખોની ઠંડક છે અને તેના દિલનું ચૈન છે, બલ્કે બેટાને જો હવા પણ લાગી જાય તો બાપ બેચૈન થઈ જાય છે. હક઼ીક઼તમાં તે પોતાના પુત્ર સાથે આવુ વર્તન એટલા માટે કરે છે કે તે જાણે છે કે એમાં તેની બેહતરી છે અને તા'લીમ તથા તર્બિયતની આ થોડીક તકલીફથી તેનો પુત્ર મહાન કમાલો અને આ'લા સિફતો (ઉચ્ચ ગુણો)નો માલિક બની જશે.

તેમજ એ શુભેચ્છક, નિખાલસ અને માહિર તબીબ (ડોકટર) વિશે તમારો શો અભિપ્રાય છે, જે એક લાચાર અને નાઝુક હાલતવાળા બીમારને પાણી પીવાથી રોકે છે, જ્યારે કે એ બીમારને સખત તરસ લાગી રહી છે ! અને સખત તરસને લીધે તેનુ કલેજુ બળી રહ્યું છે ! પરંતુ તે ડોકટર તેને કડવી દવા આપે છે જે તે બીમારની તબીઅત અને જાન પર ભારી પડી રહી છે. શું તમે એવું વિચારી શકો છો કે તે ડોકટર બીમારથી દુશ્મની તથા અદાવત કેળવવા માટે તેને આવી કષ્ટદાયક દવા આપી રહ્યો છે ? કદાપિ નહીં ! બલ્કે એમાં તે બીમારની સાથે સરાસર ભલાઈની જ ભાવના સાથે તેના પર એહસાન કરી રહેલ છે, કેમ કે

ડોકટર જાણે છે કે બીમાર મનોવાંછનાઓના તકાઝાથી જે કાંઈ પણ માગે છે તેમાં તેની તબાહી અને મૌત છે અને તેથી તેને એ બધાથી રોકવામાં જ તેની તંદુરસ્તી તથા જીવનની સલામતી છે.

હવે તમે આ દષ્ટાંતો પરથી અનુમાન કરો કે જો અલ્લાહ તઆલા કોઈકવાર એક રોટલી કે એક દિરહમ તમને અતા નથી કરતો તો તમારે યકીન કરવું જોઈએ કે અલ્લાહ તઆલા એના પર ક઼ાદિર છે કે જે કાંઈ તમે ચાહો છો તે સર્વ તમને અતા કરી આપે, કેમ કે તે ફઝ્લ તથા સખાવતનો માલિક છે, તમારી તંગદસ્તીથી સારી રીતે વાકેફ છે, તેનાથી કોઈ ચીજ છુપી કે ગુપ્ત નથી, તેમ છતાં જો તે અહકમુલ હાકિમીન તમને તમારી પસંદની ચીજ અતા નથી કરી રહ્યો તો તેનો મતલબ એવો હરગિઝ નથી કે મઆઝલ્લાહ ! તે ચીજ તેની પાસે નથી ! અથવા તો બખીલ છે ! તે તો આ તમામ અયબો અને ત્રુટીઓ, ખામીઓથી પાક સાફ છે, તે તમામ ગનીઓથી મોટો ગની, તમામ કુદરતવાળાઓથી મહાન કુદરતવાળો (ક઼ાદિર) અને તમામ ઈલ્મવાળાઓથી વિશેષ આલિમ અને તમામ સખીઓથી વધીને સખી અને કરીમ છે. જેથી તમને યકીન હોવું જોઈએ કે તમારી ચાહતની (મનપસંદ) ચીજો કેટલીકવાર તે તમને અતા નથી કરતો કેમ કે એમાં તમારી ભલાઈ અને બેહતરી છુપાએલી હોય છે. અતા ન કરવાનુ કારણ મજબૂરી કે કંજૂસાઈ નથી બલ્કે તે તો કુર્આન મજીદમાં આ પ્રમાણે ઈર્શાદ ફર્માવે છે :–

خَلَقَ لَكُمْ مَّا فِي الْأَرْضِ جَمِيعًا "જમીનમાં જે કાંઈ છે તે સર્વ અલ્લાહ તઆલાએ તમારા માટે પેદા કરેલું છે."

*(પારા : ૧, સૂરએ બક઼રહ, રુકૂઅ : ૩, આયત : ૨૯)*

અને અલ્લાહ તઆલા પ્રતિ બખીલાઈ (કંજૂસાઈ)ની નિસ્બત કઈ રીતે થઈ શકે છે જ્યારે કે તેણે તમને પોતાની મઅ્રેફત જેવી મહાન નેઅ્મત અતા કરી, જેની સમક્ષ તમામ નેઅ્મતો તુચ્છ છે.

એક મશહૂર હદીષમાં છે કે અલ્લાહ તઆલા ફર્માવે છે :–

"હું મારા દોસ્તોને દુનિયાની નેઅ્મતોથી એ રીતે દૂર રાખુ છું જેવી રીતે મહેરબાન ચરવાહો (ચરાવનાર) પોતાના ઊંટોને ખુજલીવાળા ઊંટોથી અલગ રાખે છે."

અને જ્યારે તને અલ્લાહ તઆલા દુનિયાવી સખ્તીઓ અને મુસીબતોમાં રાખે તો એ વાત પર યક઼ીન રાખ કે તે તારું ઈમ્તેહાન લેવા અને તારી આજમાઈશ કરવાથી બેનિયાઝ છે. તે તારા હાલથી વાકેફ છે, તારી નબળાઈઓ અને કમજોરીને પણ જાણે છે અને તે તારા પર રઊફ તથા રહીમ પણ છે.

શું તેં હુઝૂર નબી એ કરીમ ﷺનો આ કૌલ નથી સાંભળ્યો ?!

''બેશક ! અલ્લાહ તઆલા પોતાના મો'મિન બંદા પર પોતાના બાળક પર પ્રેમાળ મા કરતાં પણ વિશેષ મહેરબાન અને હેતાળ છે.''

જ્યારે તેં આ વાત જાણી લીધી તો પછી તારે એ વાતનુ યકીન રાખવુ જોઈએ કે અલ્લાહ તઆલા તારી ઈસ્લાહ (ભલાઈ)ના માટે તને તકલીફ અને મુસીબતમાં નાખે છે, અલ્લાહ તઆલાના ઈલ્મમાં તારી ભલાઈ મંજૂર છે પણ તું તેનાથી અજ્ઞાત છે. આ ઈસ્લાહ અને દરજ્જાઓમાં તરક્કી આપવા માટે અલ્લાહ તઆલા પોતાના દોસ્તોને અને મકબૂલ બંદાઓને પુષ્કળ આજમાઈશમાં નાખ્યા કરે છે જ્યારે કે આ તબક઼ો (દોસ્તોનો) તેની બારગાહમાં અતિશય ઈજ્જતવાન તબક઼ો છે. એટલે સુધી કે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام એક પ્રસંગે ફર્માવ્યું :–

''જ્યારે અલ્લાહ તઆલા કોઈ ક઼ોમને પોતાની દોસ્ત બનાવે છે તો તેને વિવિધ આજમાઈશોમાં નાખે છે.''

બીજે ઠેકાણે ફર્માવ્યું, ''બેશક ! સૌથી વિશેષ અંબિયા (નબીઓ)ને ઈમ્તેહાન તથા આજમાઈશમાં નાખવામાં આવે છે, પછી શહીદ લોકો, પછી તેઓ જે એમનાથી નિકટના છે, અને પછી તેઓ જેઓ તેમનાથી નિકટના.''

જેથી જ્યારે તું એ જુએ કે અલ્લાહ તઆલાએ તારાથી દુનિયાની નેઅ્મતોને રોકી રાખી છે અથવા તારા માટે પુષ્કળ મુશ્કેલીઓ તથા આપત્તિઓ ખડી કરી રહ્યો છે તો તું યક઼ીન રાખ કે આ વાત અલ્લાહ તઆલાના દરબારમાં તારુ બાઈજ્જત અને મર્તબાવાળા હોવાની નિશાની (અલામત) છે અને તને તેના ઔલિયા (દોસ્તો)ના માર્ગે ચલાવવા ચાહે છે. બેશક ! તે પરવરદિગાર તારી તમામ હાલતોથી વાકેફ છે, અને કોઈ વાતમાં તારો મોહતાજ નથી (બલ્કે એ

વાતોમાં તેને તારી ભલાઈ મંઝૂર છે)

અલ્લાહ તઆલા કુર્આન મજીદમાં ફર્માવે છે :–

وَاصۡبِرۡ لِحُكۡمِ رَبِّكَ فَاِنَّكَ بِاَعۡيُنِنَا "અને તમારા રબના હુકમ પ્રમાણે સબ્રથી કામ લો. બેશક ! તમે અમારી હિફાઝત અને નિગાહમાં છો."

*(પારા : ૨૭, સૂરએ તૂર, રુકૂઅ : ૪, આયત : ૪૮)*

જેથી મુશ્કેલીઓ તથા મુસીબતો વખતે તારે અલ્લાહ તઆલાના એહસાનમંદ થવું જોઈએ કે તે તને દુનિયાવી લિજ્જતોથી દૂર રાખીને ગુનાહોથી મહેફૂઝ રાખવા ચાહે છે, તારી ઈસ્લાહ કરવા ચાહે છે, તને અધિક અજ્રો સવાબ અતા કરવા ચાહે છે અને આખેરતમાં અબ્રાર (નેક લોકો) મુકર્રિબીન (ખુદાની નિકટતા પામેલા વલીઓ)ના દરજ્જાઓ પર બિરાજમાન કરવા ચાહે છે. જેથી મો'મિન બંદા માટે મુશ્કેલીઓ તથા આપત્તિઓનું પરિણામ ખૂબ જ સારુ છે અને રૂહાની અતાઓનું ઉદ્ભવ સ્થાન છે.


**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧)**
**૧ થી ૫ હિસ્સા**
**બહારે શરીઅત (ભાગ : ૨)**
**૬ થી ૧૦ હિસ્સા**

**બંને ભાગના રૂા. ૪૫૦**
(ટપાલ ખર્ચ રૂા.૧૦૦)

**જેમાં અકીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક઼ વિશે, કસમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએમસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો)**

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૧૧

| :: Bank of Baroda :: A/c.No.34620100000303 Razvi Kitab Ghar, IFSC:BARB0DAYADR | Phonepay/G.pay Paytm Mo. 9427464411 | WhatsApp No. Mo.9664521477 |
|---|---|---|

## પ્રકરણ

## તકદીરમાં દરેક ચીજનો ફેંસલો નિશ્ચિત છે !

જ્યારે તને યકીનથી એ વાત જણાઈ ગઈ કે અલ્લાહ તઆલા તારા માટે એ રીતનો રોજીનો જામિન થઈ ચૂક્યો છે જેની સાથે તારી દુનિયવી હયાતની સલામતી નભેલી છે અને જેના થકી ઈબાદત કરી શકે અને તે પોતાના ઈરાદા પ્રમાણે જે ચીજને જેવી રીતે ચાહે વજૂદમાં લાવવાની કુદરત ધરાવે છે અને તે તારી દરેક સમયે અને દરેક પળે અને દરેક હાલતની હાજત તથા જરૂરથી પણ વાકેફ છે, તો તારે અલ્લાહ તઆલાની જિમ્મેદારી અને કફાલત પર ભરોસો કરવો જોઈએ અને તેના વાયદાને સાચો માનવો જોઈએ. અલ્લાહ તઆલા પર આ એ'તેમાદ તથા ભરોસાથી તમારા દિલને સુકૂન તથા ઈત્મિનાન નસીબ થશે અને તમારી તબીઅત દુનિયવી સંબંધો તથા સબબોથી અલિપ્ત થઈ જશે અને દિલનો સંબંધ આ સબબો તથા ક્ષેત્રોથી કટ થઈ જશે.

વાસ્તવિક્તા એ છે કે દુનિયવી સંબંધો તથા સબબો પણ તે વખતે જ ફાયદાકારક તથા કિફાયતકર્તા બને છે જ્યારે કે ખુદા તઆલાની મરજી હોય. ખોરાક ખાવા અને તેના હજમ થવામાં આસાની અને સહૂલત, એ જ રીતે પીવાની ચીજોમાં તબીયતને અનુરૂપ તથા સ્વાદિષ્ટ હોવાનો ગુણ અલ્લાહ તઆલા જ તેમાં પેદા કરે છે. પછી તે ચીજોથી શરીરમાં શક્તિ અને લાભ પણ અલ્લાહ તઆલા જ તેમાં રાખે છે, તેમજ આ ખાવા પીવાની ચીજોથી તબીયત પર ભાર પડે તે અને તેના નુકસાનને અલ્લાહ તઆલા જ પોતાના ઈરાદા અને મશિય્યત (મરજી)થી દૂર કરે છે.

તો હક઼ીક઼તમાં નફો (લાભ) પહોંચાડનાર તેની જ બાબરકત જાત છે અને તે જ હક઼ીક઼તમાં સર્વ કામો માટે પૂરતી છે. જ્યારે દરેક પ્રકારનો અધિકાર કેવળ તેની જ વહ્દહૂ લાશરીક જાતને છે જેથી તેના પર જ તવક્કુલ અને ભરોસો કરો અને તમારા મામલાઓમાં તમારી તદબીરોને મહત્વ ન આપો બલ્કે તે જાતની તદબીરો તથા ઈન્તેઝામને પૂરતો સમજો જે જમીન તથા આસમાનનો મુદબ્બિર

છે અને પોતે પોતાને ભવિષ્યના પ્રોગ્રામોમાં ફિકર ચિંતાથી પણ મુક્ત રાખો. અને એવું ન વિચારો કે આ કામ કાલે મારે કેવી રીતે અંજામ આપવું જોઈએ અને આ કામ કાલે થશે કે નહીં અને આ કામ અંજામ આપવા માટે કઈ સૂરત (રીત) અપનાવવી જોઈએ ?

મતલબ એ કે "શાયદ", "પણ"ના ચક્કરમાં ન પડો કેમ કે એનાથી સમયની બરબાદી અને દિલની વ્યસ્તતા સિવાય કાંઈ હાથ લાગતુ નથી. શક્ય છે કે કાલે એવા સંજોગો ઉદ્‌ભવી સામે આવે જેની તમને ધારણા પણ ન હતી, અને જે વાતો અને પ્રોગ્રામો તમે બનાવી રહ્યા હતા અને જે મામલાઓમાં તમે વિચારવિમર્શ, ચિંતન મનન કરી રહ્યા હતા તેમાંથી કાંઈ પણ ન થઈ શકે, અને સોચ વિચારમાં નિરર્થક સમય વેડફાઈ જાય, બલ્કે દિલની મસ્રૂફિયત અને ઉમર બરબાદ જવાનુ નુકસાન અને પસ્તાવો વેઠવો પડે. કોઈ ઝાહિદે કહ્યું છે :

(અર્થ) : તકદીરે ખુદાવંદીમાં દરેક ચીજનો ફેંસલો થઈ ચૂક્યો છે જેથી ચિંતાઓને ફોગટમાં પોતાના પર ન નાખો અને "શાયદ" "અગર મગર"ના ચક્કરથી પોતાની જાતને સલામત રાખો.

એક અન્ય બુઝુર્ગ ફર્માવે છે, "જે કાંઈ થવાનું છે તે તેના સમયે જરૂર થઈને રહેશે અને જાહિલ તથા અજાણ માણસ ફોગટમાં પોતે પોતાને મુશ્કેલી તથા ગમમાં નાખી રાખે છે. શક્ય છે કે તેને જેનો ખતરો છે તે ન થાય, અને જેની તને ઉમ્મીદ છે તે ન પણ થાય."

જેથી તારા નફ્સને આ પ્રમાણે નસીહત કર કે, હે નફ્સ ! આપણા ભાગે કેવળ તે જ ચીજ આવશે જે અલ્લાહ તઆલાએ આપણા માટે મુકદ્દર કરી આપી છે. તે આપણો મૌલા (માલિક) છે અને તે જ આપણને પૂરતો છે અને આપણો કારસાઝ (કામો બનાવનારો) છે.

તે એવો કદીર (કુદરતવાળો) છે કે તેની કુદરત (શક્તિ)ની કોઈ હદ નથી અને તે એવો હકીમ (હિકમતવાળો) છે કે તેની હિકમતોની હદ નથી અને એવો રહીમ છે કે તેની રહમતોની સીમા નથી અને જે આ સિફતો (ખૂબીઓ)નો માલિક છે. તે જ એ વાતને લાયક છે કે તેના પર ભરોસો અને તવક્કુલ કરવામાં આવે

અને આપણા તમામ કામો તેના હવાલે કરવામાં આવે. જેથી તફ્વીઝની સિફત પર કાયમ રહો અને એ અક઼ીદો પણ રાખો કે અલ્લાહ તઆલાના ઈલ્મમાં મારા માટે જે કાંઈ થઈ ચૂક્યું છે અને જે કાંઈ થવાનું છે સર્વ મારા લાયક અને બેહતર છે, ભલે મારો ઈલ્મ તેની કૈફિયતો અને વિગતોને નથી જાણતો.

તમારા નફ્સને આ પ્રમાણે પણ સમજાવો કે, હે નફ્સ ! તકદીરનું લખેલુ જરૂર મળીને રહેશે, ગુસ્સો અને બેચૈની નિરર્થક છે, અને બેહતરી તો એમાં જ છે કે અલ્લાહ તઆલા કરે જેથી ગુસ્સો તથા નારાજગીનું કોઈ કારણ જ નથી.

હે નફ્સ ! જ્યારે તું અલ્લાહ તઆલાના રબ હોવા પર રાજી છે તો તેના હુકમ અને તક઼દીર પર કેમ રાજી નથી, જ્યારે કે ક઼ઝા તથા ક઼દ્ર એ રબુબિયતની સિફતો અને તેની લાઝિમ બાબતોમાંથી છે જેથી તેની રઝાને (રાજીપાને) અપનાવ.

એ જ પ્રમાણે જો તમે કોઈ મુસીબતમાં સપડાઈ જાવ અથવા કોઈ માઠો પ્રસંગ બને તો તમારા નફ્સને સંયમ તથા સહનશક્તિથી રાખો અને પોતાના દિલ પર પણ કાબૂ રાખો. એવું ન થાય કે રોકકળ, બેચૈની અને શિકવા શિકાયતનું પ્રદર્શન કરવા લાગો, ખાસ કરીને પ્રથમ સદમા (આઘાત) વખતે. કેમ કે પ્રારંભિક મુસીબત વેળા સબ્ર તથા સંયમ એક મુશ્કેલ ચીજ છે અને પ્રથમ સદમા વખતે નફ્સ પર કાબૂ રાખવો ઘણો મુશ્કેલ છે, તો એવા સમયે તમારા નફ્સને આ પ્રમાણે કહો :–

હે નફ્સ ! આ મુસીબતો તો માથે આવી પડી છે તેને દૂર કરવાની હવે રીત અને તદબીર નથી અને અલ્લાહ તઆલા એનાથી પણ મોટી મોટી મુસીબતોથી તને નજાત (મુક્તિ) આપી ચૂક્યો છે કેમ કે આફતો તથા બલાઓના અસંખ્ય પ્રકારો છે. આ મુસીબત તથા તકલીફને પણ અલ્લાહ તઆલા દૂર કરી આપશે અને મુસીબતોનું આ વાદળ ટૂંક સમયમાં જ હટી જશે. તો હે નફ્સ ! થોડીવારના માટે સબ્રનો દામન મજબૂતીથી પકડી રાખ તો તને એના બદલામાં ક઼ાયમી ખુશી અને મહાન સવાબ અતા થશે.

વળી એ પણ જોવાનું છે કે બેસબ્રીથી નાઝિલ થયેલ આફત દૂર નથી થઈ

શકતી તો હાયપીટ બેકાર છે. હક઼ીક઼ત એ છે કે સબ્ર તથા સંયમ હોવાથી મુસીબતોને સહેવી મુશ્કેલ રહેતી નથી. જેથી મુસીબત ઉતરી આવે તે વખતે إِنَّا لِلّٰهِ وَإِنَّا إِلَيْهِ رَاجِعُوْنَ નો વિર્દ કરો અને દિલમાં એ અજ઼્રો સવાબનો ખયાલ કરો જે તેના પર અલ્લાહ તઆલા અતા ફર્માવશે. અને એવા સમયે મોટી મોટી મુસીબતો પર ઉલૂલ અઝ્મ અંબિયાએ કિરામ અને ઔલિયાએ એઝામના સબ્ર તથા સંયમ, તેમની સહનશીલતાને યાદ કરો જેઓ ખુદાની બારગાહમાં ઈજ્જતનું સ્થાન ધરાવે છે.

અને જો કોઈ વખતે તમારો પરવરદિગાર તમારાથી દુનિયાને રોકી લે તો તમારા નફ્સને આ પ્રમાણે કહો કે, હે નફ્સ ! અલ્લાહ તઆલા તારા હાલથી સંપૂર્ણતઃ વાકેફ છે અને તારા પર કરમ કરનારો અને મહેરબાન પણ છે, તે કમીના કૂતરાને રોઝી આપે છે બલ્કે કાફિરને પણ રોજી આપે છે જે સરાસર તેનો દુશ્મન અને બાગી (વિદ્રોહી) છે. અને હું તો એનો બંદો, તેને પહેચાનનારો અને તેને એક માનુ છુ, શું તે મને એક રોટલી પણ નથી આપી શકતો ? એ તો એક અશક્ય (મુહાલ) વાત છે, બલ્કે એ જરૂર આપી શકે છે. તેમ છતાં પણ એણે દુનિયાને મારાથી રોકી લીધી છે તો જરૂર એમાં કોઈ મહાન લાભ છુપાયેલો છે અને દરેક તંગીના પછી રાહત છે. તો હે નફ્સ ! થોડીવારના માટે સબ્રથી કામ લે તો એના બદલે અલ્લાહ તઆલાના લુત્ફો કરમથી અજીબ અજીબ અને ઉમદા ચીજો જોઈશ. કોઈ કહેનારે સરસ કહ્યું છે કે :–

(અર્થ) : ''તમારા રબના લુત્ફો કરમથી ઉમ્મીદ વાબસ્તા (જોડેલી) રાખો નજીકમાં તમને તે રાહત અને સહૂલત મળી જશે જેને તમે ચાહો છો અને મુસીબત તથા તકલીફના સમયે માયૂસી (ઉદાસી)નો શિકાર ન બનો, કેમ કે ગયબના પર્દામાં ભલભલી અજાયબીઓ સમાયેલી છે.

એક અન્ય બુઝુર્ગ ફર્માવે છે :–

''હે શખ્સ ! જેના પર ગમ તથા ફિક્ર છવાઈ ગયેલ છે, જ્યારે તારો ગમ તથા ચિંતા સખ્તી અપનાવી લે તો સૂરએ અલમ નશ્રહનો વિષય ઝહન (દિમાગ)માં રાખ એ સૂરતમાં સ્પષ્ટરૂપે ફર્માવવામાં આવ્યું છે કે એક તંગી

(પરેશાની) બે આસાનીઓ (રાહતો)ની વચ્ચે છે, તે વિષયને ધ્યાનમાં લાવ્યા કર અને રાહત મહેસૂસ કર.

તો જ્યારે તમે આ પ્રકારના ઝિક્રો અને વાતો તમારા ખયાલોમાં લાવતા રહેશો અને તેને દોહરાવતા રહેશો તો આ મામલો આસાન થઈ જશે, શરત એ છે કે કેટલાક સમય સુધી હિંમત અને મહેનતથી કામ લેશો.

જ્યારે તમે આ મક઼ામ પર પહોંચી ગયા તો તમોએ આ વર્ણન કરેલ ચાર અવરોધોને તમારા નફ્સથી દૂર કરી લીધી અને તેની તકલીફ તમે ઉઠાવી લીધી. અલ્લાહ તઆલાને ત્યાં તમે મુતવક્કેલીન (તવક્કુલવાળા)માં સામેલ થઈ ગયા અને તે લોકોનો મક઼ામ (સ્થાન) મેળવી લીધો જેઓ પોતાનુ દરેક કામ અલ્લાહ તઆલાના હવાલે કરે છે અને તેની તક઼દીર પર રાજી રહે છે, અને તમે સાબિરીનનો દરજ્જો હાંસલ કરી લીધો અને દુનિયામાં તમને દિલ તથા શરીરની રાહત હાંસલ થઈ ગઈ, અને આખેરતમાં અજ્રે અઝીમ (મહાન બદલો) અને સવાબનો ઝખીરો જમા કરી લીધો અને રબ્બુલ આલમીનની બારગાહમાં તમને બુલંદ મર્તબો હાંસલ થઈ ગયો અને ખુદા તઆલાએ તમને પોતાનો મહબૂબ તથા દોસ્ત બનાવી લીધો.

આ રીતે તમે ખૈરિયતે દારૈન (બંને જહાનની ભલાઈ) હાંસલ કરી લીધી અને ઈબાદતની રાહે મુસ્તક઼ીમ પામી લીધી, કેમ કે હવે ન તો સામે કોઈ રુકાવટ (અવરોધ) છે ન તો દિલને આમ તેમ વ્યસ્ત કરનારી કોઈ ચીજ મૌજૂદ છે અને અત્યારે  તમે આ મુશ્કેલ ઘાટીને પાર કરી લીધી.

અલ્લાહ તઆલાની હુઝૂરમાં દુઆ છે કે તે સારી તૌફીક઼ વડે તારી પણ મદદ ફર્માવે કેમ કે દરેક ચીજનો માલિક તથા મુખ્તાર એ જ છે.

وھوارحم الراحمین۔وَلَاحَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِیِّ الْعَظِیْمِ

## પાંચમી ઘાટી : અક્‌બતુલ બવાઈસનું બયાન

*(ખૌફ તથા રજાઅ્ વિશે)*

હે બિરાદરે અઝીઝ ! જ્યારે ઈબાદતનો તરીક઼ો બરાબર જણાઈ ગયો અને ઈબાદતના માર્ગે ચાલવામાં સહૂલત અને આસાની પ્રાપ્ત થઈ ગઈ અને અવરોધો તથા વિધ્નો દૂર થઈ ગયાં તો હવે તારે આ રાહ પર ચાલવું જરૂરી છે, પરંતુ એના પર ચાલવું ત્યાં સુધી શક્ય નથી જ્યાં સુધી તું તારી અંદર ખૌફ અને રજાઅ્નો ગુણ પેદા ન કરી લે અને તેની સમજ પ્રાપ્ત ન કરે અને એ બંનેને સંપૂર્ણપણે ન અપનાવી લે.

ખૌફ (ડર) રાખવો બે કારણે જરૂરી છે. એક તો એટલા માટે કે ખૌફ વડે જ માણસ ગુનાહોથી બચી શકે છે. કેમ કે સરકશ (નાફર્માન) નફ્સ શર અને બુરાઈનો દીવાનો છે અને ફિત્નાની વાતોનો ઘણો જ શોખીન હોય છે. તે ત્યાં સુધી સીધો નથી થતો જ્યાં સુધી આપણી અંદર જબરદસ્ત બીક પેદા કરવામાં ન આવે, અને ખૂબ જ ચેતવણીઓ અને ધમકીઓનો તરીક઼ો ન અપનાવવામાં આવે, કેમ કે નફ્સે અમ્મારા ફિત્રી રીતે વફાદારીના અને હયાના ગુણથી ખાલી છે. જેમ કે કોઈકે કહ્યું છે :–

''ગુલામ લાઠી વડે ઠીક થાય છે પરંતુ દાના (શાણા) અને શરીફ માણસને થોડી ચેતવણી પૂરતી હોય છે.''

જેથી આ નફ્સે અમ્મારાને ઈબાદતના માર્ગે ચલાવવાની તદબીર એ છે કે તું ક઼ૌલ તથા ફેઅલ અને ઝિક્ર (વાણી, વર્તન અને વિચાર) દરેક રીતે તેના ખૌફનો કોરડો વિંજેલો રાખે. જેમ કે કોઈ બુઝુર્ગના વિશે નક઼લ થયેલ છે કે તેમના નફ્સને કોઈ ગુનાહ પ્રત્યે આકર્ષણ તથા ચાહત પેદા થઈ તો તે બહાર રણની તરફ ચાલી નીકળ્યા અને ત્યાં જઈને કપડાં ઉતાર્યાં અને ગરમાગરમ રેતી પર આળોટવા લાગ્યા અને નફ્સને સંબોધીને કહ્યું, ''હે રાતના સમયે ચાર પાઈ પર મુડદાની જેમ પડી રહેનાર અને દિવસને વ્યર્થમાં વેડફી દેનાર નફ્સ ! આ તાપ અને ગરમીને ચાખી લે ! જહન્નમની આગ તો એથીયે કેટલાયે ગણી ગરમ છે, જ્યારે તારા માટે આ આગ અસહ્ય છે તો દોઝખની આગની ગરમી

કેવી રીતે સહન કરીશ ?

બીજું એટલા માટે ખૌફ જરૂરી છે કે બંદાનો નફ્સ ઘમંડ અને સ્વપ્રશંસામાં સપડાઈ ન જાય બલ્કે ઈબાદતની રાહે આવનારા ખતરાઓ તથા તકલીફોને ધ્યાનમાં રાખીને પોતાના નફ્સને ખરાબ સમજે તેને અયબદાર અને અધૂરો સમજે અને આ રીતે નફ્સથી ઘમંડ તથા સ્વપ્રશંસાવૃત્તિને મારી હટાવે, અને આ વાત ડરથી જ પેદા થઈ શકે છે. જેમ કે હુઝૂર નબીએ કરીમ ﷺથી મન્કૂલ છે. આપે ફર્માવ્યું :–

"જો મને અને ઈસાને એ અમલોના લીધે પકડવામાં આવત જે અમારા થકી સાદર થઈ ચૂક્યા છે તો અમને એવા અઝાબમાં નાખવામાં આવત જે સૌથી સખ્ત હોત★.

હઝરત હસન બસરી رضی اللہ عنہથી નકલ થયેલ છે. આપે ફર્માવ્યું, "તમારામાંથી કોઈ શખ્સ એ વાતથી બેખૌફ નથી થઈ શક્તો કે તેણે જીવનમાં કોઈ એવો ગુનોહ કર્યો હોય જેના લીધે બખ્શિશ અને મગફિરતનો દરવાજો બંધ થઈ ચૂક્યો હોય અને તેના પછીના નેક અમલો કોઈ ગણત્રીમાં ન આવી રહ્યો હોય."

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رضی اللہ عنہ પોતાના નફ્સને આ પ્રમાણે ચેતવણી આપતા હતા :–

---

*★ હુઝૂર નબીએ કરીમ ﷺનો આ ઈર્શાદ પોતાની ઉમ્મતને ખૌફ અને ડરની તા'લીમ આપવાના રૂપે છે અથવા તો હુઝૂરે તવાઝોઅ તથા ઈન્કેસારીના રૂપે ફર્માવ્યું અથવા મોટા દરજ્જાની નેકીને છોડીને નાના દરજ્જાની ઈખ્તિયાર કરવાને અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامની મહાન શાન પ્રમાણે ગુનોહ ધારીને પોતાના અને હઝરત ઈસા علیہ السلامના પ્રતિ અઝાબની નિસ્બત કરી દીધી. કેમ કે અંબિયા عَلَيْهِمُ السَّلَامને એના માટે પણ એતાબ (ચેતવણી) થઈ શકે છે. હુઝૂર ﷺના ઈર્શાદનો એ અર્થ હરગિઝ નથી કે મઆઝલ્લાહ ! હુઝૂર ﷺથી અથવા ઈસા علیہ السلامથી ગુનોહ થયો છે ! કેમ કે અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامઈજમાઅ સાથે નબુવ્વત પહેલાં અને બાદમાં સગીરા અને કબીરા ગુનાહોથી પાક અને માસૂમ (જેનાથી ગુનોહ કદી થાય જ નહીં) હોય છે. વલ્લાહુ તઆલા અઅ્લમ. –મુતરજિમ અફી અન્હૂ.*

"હે નફ્સ ! તું વાતો તો દુરવેશો અને ઝાહિદોની કરે છે પરંતુ તારા અમલો મુનાફિક઼ો જેવા છે એના પર તું જન્નતની ઉમ્મીદ લગાડીને બેઠો છે ! આવી હાલતમાં જન્નતની ઉમ્મીદ એક દુર્લભ વાત છે. હક઼ીક઼તમાં જન્નતી અન્ય લોકો છે, તેમના અમલો તારા અમલોથી તદ્દન વિભિન્ન છે."

તો આ પ્રકારના પ્રસંગો દોહરાવતા રહો જેથી ઈબાદત દરમિયાન નફ્સે અમ્મારા ઘમંડ તથા સ્વપ્રસંશામાં ન સપડાઈ જાય અને ગુનાહખોરી તથા નાફર્માનીમાં ન પડી જાય.

## ★ રજાઅ્ (ઉમ્મીદ)નું બયાન ★

રજાઅ્ (ઉમ્મીદ)નો ખયાલ બે કારણે જરૂરી છે. એક તો એટલા માટે કે તાઅત (ફર્માંબરદારી) અને નેક કામોનો જઝબો પેદા થાય (ભાવના જાગે) કેમ કે નેક અમલ અંજામ આપવું નફ્સને ભારે પડતુ હોય છે, શૈતાન પણ નેકીની તરફ મુખ કરવા નથી દેતો અને નફ્સાની ખ્વાહિશો બદીની તરફ ખેંચે છે.

અને માણસ ગફલતવાળા લોકોની હાલતોની અસર અધિક પ્રમાણમાં સ્વીકારે છે જેઓ નેક કામોને તદ્દન તર્ક કરીને સરાસર દુનિયાની પરસ્તિશમાં વ્યસ્ત છે અને આખેરતમાં નેકીઓ માટે જે સવાબ અતા થશે તે અત્યારે આંખોથી ઓઝલ છે અને એ સવાબને જાણી લેવાનો મામલો મુશ્કેલ છે. જ્યારે આવી સ્થિતિ છે તો નેક કામો પ્રતિ નફ્સનું ધ્યાનિત થવું અને સંપૂર્ણપણે ખેંચાવું અને આ દિશાએ સક્રિય થવું એ મુશ્કેલ કામ છે. જેથી એવી ચીજનું સાથે હોવું જરૂરી છે જે આ અવરોધોનો સામનો કરી શકે, તેને દૂર કરી શકે બલ્કે નેકીઓથી રોકનારી ચીજો કરતાં નેકીઓ તરફ આકર્ષતી શક્તિ અધિક હોવી જોઈએ અને તે ચીજ રજાઅ્ (એટલે ઉમ્મીદ) છે, એટલે કે રહમતે ખુદાવંદીની મજબૂત (ભરપૂર) ઉમ્મીદ હુસ્ને સવાબ (નેક કામના બદલ) પ્રતિ સંપૂર્ણ ખેંચાણ અને ખુદા તરફથી બદલાનું પૂર્ણ યક઼ીન. અમારા પીરો મુર્શિદ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું :–

"ગમ તથા ચિંતા ખાવાના આકર્ષણને મારી નાખે છે, ખુદાનો ખૌફ ગુનાહોથી રોકી દે છે અને ખુદા તઆલાની રહમતની ઉમ્મીદ (રજાઅ્) નેક કામો પ્રતિ આકર્ષણ પેદા કરે છે અને મૌતની યાદ ફ઼ુઝૂલ અને નિરર્થક કામોથી

નફરત કરાવી દે છે.''

બીજું એટલા માટે રજાઅ્ (ખુદાની રહમતની ઉમ્મીદ) જરૂરી છે કે તેનાથી ઈબાદતની મુશ્કેલી તથા તકલીફ આસાન થઈ જાય છે.

જાણવું જોઈએ કે જે શખ્સ પોતે તલબ કરી રહેલ ચીજની અહમિયત તથા જરૂરતને ઓળખી લે છે તેના માટે તે ચીજની પ્રાપ્તિ ખાતર દરેક ચીજને કુર્બાન કરી આપવું સરળ થઈ જાય છે, અને જેને કોઈ ચીજ પસંદ આવી જાય છે અને દિલોજાનથી તેનું આકર્ષણ ધરાવે છે તો તે તેની કઠિનાઈ તથા તકલીફોને સહન કરી લે છે અને તેની પ્રાપ્તિમાં જે મહેનત તથા તકલીફ તેને ઉઠાવવી પડે તેની તે પરવા કરતો નથી, અને જેને કોઈ ચીજથી પૂરી રીતે પ્રેમ થઈ જાય છે તો તે તેના માટે દરેક મુશ્કેલી તથા દુશ્વારી બરદાશ્ત કરવા માટે તૈયાર થઈ જાય છે બલ્કે પોતાની પ્રિય ચીજ ખાતર મુશ્કેલીઓ તથા તકલીફો સહેવામાં કેટલીય જાતની લિજ્જત તથા રાહત તે અનુભવે છે.

તમે જોતા નથી કે મધ વેચનાર નફો મેળવવા ખાતર માખીઓના ડંખોની તકલીફને મહસૂસ નથી કરતો અને મજૂર માણસ ગરમીઓના લાંબા લાંબા દિવસોમાં સખત તાપમાં આખો આખો દિવસ બે દિરહમ ખાતર ભારે બોજ માથે ઉંચકીને મોટી મોટી ઉંચી સીડીઓ (દાદરો) પર ચઢતો રહે છે. એ જ રીતે ખેડૂત અનાજ કમાવા માટે ગરમી અને ઠંડીની તકલીફો અને આખુ વરસ મહેનત તથા તકલીફ ઉઠાવવાને આસાન સમજે છે.

એ જ રીતે અલ્લાહ તઆલાના આ કોશિશ કરનારા બંદાએ જયારે જન્નતમાં પ્રાપ્ત થનારા એશઆરામ, ખાવા પીવા, હૂર તથા મહેલો, ખુશ્નુમા ઘરેણા તથા લિબાસ અને અલ્લાહ તઆલાની આ તમામ વર્ણવેલી નેઅ્મતો પર યક઼ીન કર્યું અને તેને દિમાગમાં યાદ રાખી તો તેમના માટે હક્ક઼ તઆલાની ઈબાદત તથા ઈતાઅતમાં ઉપસ્થિત થનારી તકલીફો આસાન બની ગઈ અને દુનિયાની લિજ્જતો અને નેઅ્મતો જતી રહેતાં તેમને રંજ ન થયો અને જન્નતને ખાતર દુનિયામાં દરેક પ્રકારના નુકસાન, ગરીબાઈ, બેચૈની અને તકલીફોને તેમણે ખુશીથી સહી લીધી.

## ★ જન્નતની ઔરતના તબસ્સુમનું નૂર કેવું હશે ? ★

**હિકાયત** : હઝરત સુફયાન ષૌરી رحمۃ اللہ علیہના સાથીઓએ આપના ખૌફે ઈલાહી, ઈબાદતમાં હદ પારની કોશિશ તથા મહેનત, આખેરતના ડરના કારણે આપના પરેશાન હાલને જોઈને અર્ઝ કરી, "હે મોહતરમ ઉસ્તાદ ! આપ એનાથી ઓછા દરજ્જાની કોશિશ વડે પણ ઈન્શા અલ્લાહુ તઆલા ! તમારો મક્સદ પામી લેશો." આપે જવાબ આપ્યો, "હું કેમ કોશિશ ન કરું જ્યારે કે મને એ વાત પહોંચી છે કે જન્નતવાળાઓ પોતાની મંઝિલો તથા મકાનોમાં રહેતા હશે, એવામાં એમના પર નૂરની એક તજલ્લી પડશે જેનાથી આઠેય જન્નતો ઝગમગી ઉઠશે. જન્નતીઓ ગુમાન કરશે આ અલ્લાહ તઆલાની જાતનુ નૂર છે જેથી સિજદામાં પડી જશે. તેમને નિદા (પોકાર) થશે કે તમારાં માથાં સિજદામાંથી ઉઠાવો ! આ તે નથી જેનું તમને ગુમાન થયું છે, આ તો જન્નતી ઔરતના તબસ્સુમ (સ્મિત)નું નૂર છે જે તેણીએ પોતાના પતિ સમક્ષ કર્યું છે !"

પછી હઝરત સુફયાન ષૌરી رحمۃ اللہ علیہએ આ શેઅર પઢયા :–

૦૧. તકલીફ તથા તંગદસ્તી સહન કરવી તેના માટે કોઈ નુકસાનકર્તા નથી જેના રહેઠાણની જગા જન્નતે ફિરદોસ છે.

૦૨. એવો શખ્સ દુનિયામાં ગમનાક, ભયભીત અને આખેરતમાં પેશ આવનારા મામલાઓથી ડરતો રહે છે. આજિઝ અને મિસ્કીન જેવો લિબાસ પહેરીને નમાઝ અદા કરવા માટે મસ્જિદ તરફ તેની આવ જા ચાલુ રહે છે.

૦૩. હે નફ્સ ! તારામાં દોઝખની આગના ભડકાઓ સહન કરવાની હિંમત નથી, અને બદ્આમાલને લીધે શક્ય છે કે સેંકડો બેઈજ્જતીઓ પછી તારે તે અઝાબ સહેવો પડે.

હું કહું છું કે જ્યારે બંદાપણાનો મદાર બે ચીજો પર છે : એક તાઅત (ફર્માંબરદારી) કરવી, બીજું ગુનાહોથી બચવું. અને હેતુ પ્રાપ્તિ નફ્સે અમ્મારાની હાજરીમાં કેવળ ત્યારે જ થઈ શકે છે જ્યારે તેને લાલચ તથા આકર્ષણ અને ઉમ્મીદ (રજાઅ્) તથા ખૌફના ઝરીયાથી એ તરફ ધ્યાનિત રાખવામાં આવે. કેમ કે સરકશ જાનવર તે વખતે કાબૂમાં રહે છે જ્યારે એક જણ આગળથી

ખેંચનાર હોય અને એક પાછળથી હાંકનાર હોય. આ જાનવર જ્યારે પોતાની પસંદનો ચારો ચરવા લાગે છે અને તું તેને એક ડંડો મારીને રોકે છે એટલામાં બીજી બાજુ લીલો ચારો જોવા મળે છે તો એ એની તરફ લપકે છે, એટલે સુધી કે તું પૂરી સાવધાની અને કાળજીપૂર્વક તેને રોકે છે તો કાંઈ તે રોકાય છે અને નાફર્માન બાળક તા'લીમ પ્રતિ ત્યારે જ ધ્યાન કરે છે કે તેના મા, બાપ અને કેટકેટલી લાલચ આપે અને મુઅલ્લિમ પોતાના રુઆબ અને ધાક હેઠળ રાખે.

એ જ પ્રમાણે એવી જ હાલત નફ્સે અમ્મારાની (ગુનાહ પ્રતિ દોરનાર નફ્સ)ની છે. એ પણ સરકશ (નાફર્માન) જાનવર છે જે પોતાની મનગમતી ચરવાની જગામાં રહેવા ખબૂ જ આતૂર હોય છે, ખૌફ તેના માટે ડંડાનું અને હાંકનારનું કામ આપે છે અને સવાબની તથા નજાતની ઉમ્મીદ તેના માટે લીલા જવ છે જેના લીધે ફર્માંબરદારી પ્રતિ આકર્ષાય છે. તેમજ આ નફ્સે અમ્મારા સરકશ બાળકની જેમ છે જેને ઈબાદત તથા તક્વાની કિતાબ પઢાવવાનો હેતુ છે. દોઝખની આગ અને અઝાબનો ઉલ્લેખ એનામાં ડર પેદા કરે છે અને જન્નત તથા અમલોનો સવાબ એનામાં ઉમ્મીદ તથા આકર્ષણ પેદા કરે છે.

બરાબર એ જ રીતે રિયાઝત તથા ઈબાદતના માટે જરૂરી છે કે નફ્સમાં ખૌફ તથા રજાઅ્ (ઉમ્મીદ)ની સમજ પેદા કરે, નહીં તો એવી ઉમ્મીદ નથી કરી શકાતી કે આ નફ્સ તક્વા તથા ઈબાદતની કિતાબ પઢવા તૈયાર થઈ જાય અને તમારો કહ્યાગરો રહે. ઈબાદતના તાલિબમાં એ જ સમજ પેદા કરવા માટે કુર્આન મજીદમાં વાંરવાર અને અતિશ્યોક્તિની હદ સુધી વાયદા તથા વઈદો (ધમકીઓ) અને લાલચો (આકર્ષણો)નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સવાબનો એવા ઢંગથી ઝિક્ર કર્યો કે આપેઆપ ખેંચાણ પેદા થાય છે અને દર્દનાક અઝાબનો એવી વિગત સાથે ઉલ્લેખ કર્યો કે તેને સહન કરવાની માણસમાં તાકત તથા હિંમત નથી. જેથી તમારા માટે જરૂરી છે કે ખૌફ તથા રજાઅ્ને દષ્ટિ સમક્ષ રાખો જેથી ઈબાદત કરવાની મુરાદ પ્રાપ્ત થઈ શકે અને એ માર્ગે તકલીફો તથા મુશ્કેલીઓ સહેવામાં સરળતા થાય.

## ★ ખૌફ તથા રજાઅ્ની હક઼ીક઼ત ★

**સવાલ** : ખૌફ તથા રજાઅની હક઼ીક઼ત તથા માહિતી અને તેનો હુકમ તથા પરિણામ શું છે ?

**જવાબ** : ખૌફ તથા રજાઅ્ આપણા ઉલમાએ અહલે સુન્નત નજીક ક઼બીલએ ખવાતિરમાંથી છે. બંદાની કુદરતમાં કેવળ એ જ છે કે તે ખૌફ તથા રજાઅ્ના સબબો અમલમાં લાવે. જેમ કે ખૌફની વ્યાખ્યા આ પણ કરવામાં આવી છે :

"ખૌફ તે ડર અને કાંપવાનું નામ છે જે કોઈ બુરી ચીજના પહોંચવાના ગુમાનથી દિલમાં પેદા થાય છે."

"ખશિય્યત" પણ ખૌફ જેવી કૈફિયત (ભાવ)નું નામ છે પરંતુ ખશિય્યતના ભાવાર્થમાં જેનાથી ખૌફ થાય છે તેના રુઆબ (ધાક) અને અઝમતનો ખયાલ પણ સામેલ છે.

ખૌફના વિરોધાભાસમાં હિંમત છે. કેટલીકવાર ખૌફની સરખામણીમાં અમન (નીડર) પણ આવે છે. જેમ કે કહે છે કે ભયભીત અમન (નીડર) તથા ખૌફ તથા અમન. કેમ કે નીડર તે શખ્સ હોય છે જે અલ્લાહ તઆલાના હુકમોના વિશે લાપરવાહી અને બેબાકીનું પ્રદર્શન કરે છે.

પોતાનામાં ખૌફ પેદા કરવાના ચાર સબબો છે :–

**૦૧.** પોતાના પાછલા ગુનાહોને યાદ કરવા.

**૦૨.** અલ્લાહ તઆલાની તે સખ્તી તથા કડકાઈને યાદ કરવી જેને સહેવાની તમારામાં શક્તિ નથી.

**૦૩.** અલ્લાહ તઆલાના અઝાબની આગળ પોતાની અશક્તિ અને કમજોરીને યાદ કરવી.

**૦૪.** અલ્લાહ તઆલાની કુદરત તથા તાકતને યાદ રાખવી કે તે જ્યારે ચાહે જેવી ચાહે પકડ કરી શકે છે.

રજાઅ્ની વ્યાખ્યા આ પ્રમાણે છે :–

"અલ્લાહ તઆલાના ફઝલો કરમને ઓળખીને દિલમાં ખુશી મહસૂસ કરવી અને તેની રહમતના દામનમાં રાહત પ્રાપ્ત કરવાનો ખયાલ."

રજાઅ્નો આ ભાવાર્થ તથા અર્થ ખવાતિરમાં છે અને બંદાની શક્તિ બહાર છે. ત્યાં રજાઅ્ એ અર્થમાં છે કે અલ્લાહ તઆલાના ફઝ્લ અને તેની રહમતની વિશાળતાને યાદ કરવી બંદાની કુદરતમાં છે.

ખતરાઓ તથા અકસ્માતો વિશે એવો ઈરાદો અને અક઼ીદો રાખવો કે ખુદાની મશિય્યત વિના તેને ચોક્કસ નુકસાન પહોંચી શકતુ નથી, તેને રજાઅ્ કહેવામાં આવે છે. રજાઅ્ના આ બયાનમાં અમારી નજીક પ્રથમનો અર્થ મુરાદ છે. એટલે કે અલ્લાહ તઆલાના ફઝ્લ તથા રહમતને યાદ કરીને ખુશી તથા રાહત મહસૂસ કરવી.

રજાઅ્ના વિરોધાભાસમાં યાસ (નિરાશા) છે. યાસ અને નિરાશાની આ પ્રમાણે વ્યાખ્યા દર્શાવવામાં આવી છે. "એ ખયાલ કે મને ખુદાની રહમત અને તેનો ફઝ્લ પહોંચશે નહીં તેમજ દિલને રબ તઆલાના ફઝ્લ તથા રહમતની ઉમ્મીદથી અલગ કરી લેવાને યાસ કહે છે.

આ પ્રમાણે નિરાશા તદ્દન ગુનોહ છે અને જ્યારે રજાઅ્નો ખયાલ મજબૂત કર્યા વિના નિરાશા અને યાસને દૂર કરવી મુશ્કેલ છે તો એવા સમયે રજાઅ્ ફર્ઝ છે અને જો એવી સ્થિતિ ન હોય તો રજાઅ નફ્લ છે જ્યારે કે સર્વાંશે અલ્લાહ તઆલાના ફઝ્લો કરમ અને રહમતની વિશાળતાનો અક઼ીદો દિલમાં મજબૂત અને પુખ્તા હોય.

રજાઅ્ ચાર ચીજોથી પેદા થાય છે :–

૦૧. બંદા તરફથી કોઈ જાતની સિફારિશ વિના અને કશાય ખેંચાણ કે તલબ વિના અલ્લાહ તઆલા તરફથી બંદા પર ભૂતકાળમાં કરવામાં આવેલા એહસાનો તથા ઈનામોને યાદ કરવાં.

૦૨. અલ્લાહ તઆલાએ પોતાની શાને રહીમી તથા કરીમીના પ્રમાણે મહાન ઈજ્જતો તથા મોટા અજરો સવાબોના જે વાયદા કર્યા છે તેને દિમાગમાં હાજર રાખવા. તે અજરો સવાબને દિમાગમાં ન રાખવા જેના તમે તમારા

અમલોના હિસાબે હક્કદાર થઈ શકો છો, કેમ કે અજરો સવાબ જો બંદાના કર્મો અને અમલોની હૈસિયતના પ્રમાણે મળે તો તદ્દન મામૂલી અને થોડોક હશે.

૦૩. લાયકાત વિના અને વણમાગ્યે દીન તથા દુનિયાના દરેક ક્ષેત્રે અલ્લાહ તઆલા જે નેઅમતો હાલમાં અતા કરી રહ્યો છે તેને યાદ કરવી.

૦૪. એ ખયાલ કે અલ્લાહ તઆલાની રહ્મત તથા મેહરબાની તેના ગઝબ અને તેની પકડ પર ગાલિબ (છવાયેલી) છે અને એ ખયાલ ખુદાવંદે કુદૂસ રહમાન, રહીમ, ગની, કરીમ અને પોતાના મો'મિન બંદા માટે ખૂબ જ હેતાળ છે. જયારે તમે ખૌફ તથા ઉમ્મીદ (ડર અને આશા) આ બંને બાબતના ખયાલો દિમાગમાં રાખશો તો તમારામાં દરેક સમયે ખૌફ તથા રજાઅ્ની કૈફિયત જાગૃત રહેશે.



## પ્રકરણ

## ખૌફ તથા રજાઅ્ના દરમ્યાન ચાલો

હે બંદા ! તારે પૂરી સાવધાની, સંપૂર્ણ ધ્યાન અને પૂરી કાળજી સાથે ખૌફ તથા રજાઅ્ની આ ઘાટીને પાર પાડવી જરૂરી છે. સાવધાનીની એટલા માટે જરૂરત છે કે આ ઘાટી ખૂબ જ મુશ્કેલીઓભરી છે અને એમાં વિવિધ પ્રકારના ખતરાઓ છે. કેમ કે ખૌફ તથા રજાઅ્ની આ ઘાટીનો માર્ગ બે ભયાનક માર્ગો વચ્ચે થઈને પસાર થાય છે. એક તો અલ્લાહ તઆલાથી તદ્દન બેખૌફ (નીડર) થઈ જવાનો માર્ગ અને બીજો તેનાથી તદ્દન નિરાશ થઈ જવાનો માર્ગ. આ બંને આડા માર્ગોની વચ્ચે ખૌફ તથા રજાઅ્નો માર્ગ છે. જો રજાઅ (ઉમ્મીદ) એટલા અંશે ગાલિબ થઈ ગઈ (છવાઈ ગઈ) કે ખુદા તઆલાનો ડર તદ્દન ન રહ્યો તો એ પણ ગલત રાહ છે. કેમ કે અલ્લાહ તઆલા ફર્માવે છે :–

فَلَا يَأْمَنُ مَكْرَ اللّٰهِ إِلَّا الْقَوْمُ الْخٰسِرُوْنَ ''અલ્લાહ તઆલાની પકડની તદબીરોથી કેવળ નુકસાન (ખસારો) ઉઠાવનાર લોકો જ બેખૌફ અને નીડર હોય છે.'' *(પારા : ૯, સૂરએ અઅ્રાફ, રુકૂઅ : ૨, આયત : ૯૯)*

અને જો ખૌફ એટલા અંશે વ્યાપી ગયો કે દિલમાંથી બખ્શિશનું તથા રહમતની ઉમ્મીદનું નામોનિશાન મટી ગયું તો આ નિરાશાનો માર્ગ છે એ પણ ગલત છે. કેમ કે અલ્લાહ તઆલા ફર્માવે છે :–

لَا يَايْــَٔسُ مِنْ رَّوْحِ اللّٰهِ إِلَّا الْقَوْمُ الْكٰفِرُوْنَ ''અલ્લાહ તઆલાની રહ્મતથી કેવળ તે જ લોકો માયૂસ (નિરાશ) થાય છે જેઓ કાફિર છે.''

*–(પારા : ૧૩, સૂરએ યૂસુફ, રુકૂઅ : ૩, આયત : ૮૭)*

પરંતુ જો ખૌફ તથા રજાઅ્ની દરમ્યાન ચાલે અને બંનેનો દામન પકડે તો એ તે જ સિરાતે મુસ્તકીમ છે જે તેના એ જ ઔલિયા તથા સૂફીઓનો માર્ગ છે જેની તેણે (ખુદાએ) પોતાની કિતાબમાં આ પ્રમાણે ખૂબી વર્ણવી છે :–

إِنَّهُمْ كَانُوْا يُسٰرِعُوْنَ فِي الْخَيْرٰتِ وَيَدْعُوْنَنَا رَغَبًا وَّرَهَبًا ۭ وَكَانُوْا لَنَا خٰشِعِيْنَ

"બેશક ! તેઓ નેક કામને અંજામ આપવામાં જલ્દી કરતા હતા અને ખૌફ તથા ડરની હાલતમાં અમને પુકારતા હતા અને અમારી સમક્ષ ઝુકેલા રહેતા હતા." *(સૂ. અંબિયા, ૨૧/૯૦)*

જ્યારે તમને જાણ થઈ ગઈ કે આ ઘાટીમાં ત્રણ વિવિધ માર્ગો છે :–

**(૧)** અમ્ન તથા બેબાકી (નીરંતર નીડરતા)નો માર્ગ.

**(૨)** નિરાશા અને માયૂસીનો માર્ગ.

**(૩)** આ બંને માર્ગો વચ્ચે ખૌફ તથા રજાઅ્નો માર્ગ.

તો હવે જો તમે જરા પણ ડાબે કે જમણે થયા તો બે ભયાનક માર્ગોમાં જઈને પડશો અને હલાક થનારાઓ સાથે હલાક થઈ જશો.

વળી સ્થિતિ એ પ્રમાણે છે કે નીડરતા અને માયૂસીના બંને માર્ગો મધ્યમ માર્ગ કરતાં અધિક પહોળા છે અને તેના પ્રતિ બોલાવનારાઓની સંખ્યા અધિક છે અને મધ્યમ માર્ગ કરતાં આ બંને પર ચાલવું અધિક આસાન તથા સરળ છે. કેમ કે જો તમે અમ્ન (બેખૌફી) તરફ નજર દોડાવશો તો તમને અલ્લાહ તઆલાની વિશાળ રહમત, તેના બેહદ ફઝ્લો કરમ અને તેની બખ્શિશ તથા સખાવતના એ સમંદરો જોવા મળશે કે ડર કે ખૌફનું નિશાન પણ દિલમાં બાકી રહેશે નહીં ! જેથી અલ્લાહ તઆલાના ફઝ્લ પર ભરોસો કરીને નીડર થઈને તમે બેસી જશો.

અને જો ખૌફ પ્રતિ જોશો તો તમને ખુદા તઆલાની મહાન કુદરત, મજબૂત સત્તા, પુષ્કળ ધાક, હિસાબ તથા કિતાબના મામલાની ગંભીરતા, પોતાના વલીઓ અને બરગુઝીદા બંદાઓની ચેતવણીરૂપે પકડના તે ધ્રુજારી દેનારા પ્રસંગો તથા હાલતો સામે આવશે કે જેથી રજાઅ્ (ઉમ્મીદ) બાકી રહેશે નહીં ! તો નિરાશાના શિકાર બની જશો.

જેથી આવા સંજોગોમાં તમારા માટે એ પણ જરૂરી છે કે કેવળ અલ્લાહ તઆલાની રહ્મતની વિશાળતા પર જ અટકી ન જાવ કે જેથી તેની રહમત પર ભરોસો કરીને તદ્દન બેખૌફ થઈ જાવ કેમ કે એ પણ ગલત છે અને ન તો તેની ભયાનક બીક અને આખેરતમાં સખત પૂછતાછ પર નજર રાખો, કેમ કે એ રીતે તો તમે નિરાશાનો શિકાર થઈ જશો. બલ્કે બંને પાસાંઓને દષ્ટિ સમક્ષ

રાખો, કેટલોક ભાગ ખૌફનો લો અને અમુક રજાઅ્ (રહમતની ઉમ્મીદ)નો અને પછી એ બંનેના ખભાઓ પર સવાર થઈને આ નાઝુક માર્ગે ચાલો જેથી કરીને ભટકવાથી મહેફૂઝ રહો. કેમ કે કેવળ રજાઅ્ તો ખૂબ જ સરળ છે અને ઘણી જ વિશાળ છે પરંતુ તેની મંઝિલ અને અંજામ અઝાબે ખુદાથી તદ્દન નીડરતા અને નુકસાન છે. એ જ રીતે કેવળ ખૌફે ખુદાનો માર્ગ પણ ભલે ઘણો વિશાળ છે પરંતુ તેનો અંજામ અંધકાર તથા ગુમરાહી છે અને મધ્યમ માર્ગ ખૌફ તથા રજાઅ્ની દરમ્યાન છે અને આ દરમ્યાની માર્ગ ભલે મુશ્કેલીઓવાળો છે પરંતુ દરેક ખતરાથી મહેફૂઝ અને બિલ્કુલ સાફ સુથરો છે જે ગુફરાન (બખ્શિશ) તથા એહસાન અને જન્નત તથા રિદ્વાન અને ખુદાની મુલાકાત સુધી લઈ જાય છે. શું તમે ખૌફ તથા રજાઅ્ના માર્ગે ચાલનારાઓના વિશે ખુદા તઆલાનો આ મુબારક ઈર્શાદ નથી સાંભળ્યો ?

يَدْعُوْنَ رَبَّهُمْ خَوْفًا وَّطَمَعًا ''તેઓ પોતાના પરવરદિગારને ખૌફ તથા ઉમ્મીદની હાલતમાં પુકારે છે.'' *(પારા : ૨૧, સૂરએ સજદા, રુકૂઅ : ૧૪, આયત : ૧૬)*

પછી તેમની જઝાના વિશે ફર્માવ્યું :–

فَلَا تَعْلَمُ نَفْسٌ مَّآ اُخْفِيَ لَهُمْ مِّنْ قُرَّةِ اَعْيُنٍ ۚ جَزَآءًۢ بِمَا كَانُوْا يَعْمَلُوْنَ

''કોઈ માણસ નથી જાણી શક્તો આંખોની તે ઠંડકને જે ખૌફ તથા રજાઅ્ના માર્ગે ચાલવાવાળાઓના માટે તેમના બદલા રૂપે (આખેરતમાં) છુપાવેલી રાખેલી છે.'' *(પારા : ૨૧, સૂરએ સજદા, રુકૂઅ : ૧૪, આયત : ૧૭)*

આ સર્વ કુર્આની આયતો પર પૂર્ણપણે વિચાર કરો પછી એ રાહ પર ચાલવા માટે સંપૂર્ણપણે જાગૃત થઈ જાવ, કેમ કે ખૌફ તથા રજાઅ્નો મકામ હાંસલ કરવો આસાન નથી.

વળી એ જાણવુ પણ જરૂરી છે કે આ માર્ગે ચાલવું અને સુસ્ત તથા સરકશ નફ્સને તેની પ્રિય ચીજોથી હટાવીને તાઅત (ફર્માંબરદારી) અને આમાલે સાલેહ (નેક અમલો)માં લગાડવો જે તેને બુરુ તથા અઘરૂ લાગે છે, એ ત્યાં સુધી શક્ય નથી બનતુ જ્યાં સુધી ત્રણ ઉસૂલો (નિયમો) દિમાગમાં ન રાખવામાં આવે અને જ્યાં સુધી ગફલત તથા સુસ્તી વિના સતત કાયમી રીતે આ ઉસૂલોની પાબંદી

તથા સાચવણી ન કરવામાં આવે. એ ત્રણ ઉસૂલો (નિયમો) આ પ્રમાણે છે :–

૦૧. તર્ગીબો તર્હીબ (આકર્ષણ અપાવવા) વિશે ખુદા તઆલાના ઈર્શાદો.

૦૨. પકડ કરવા તથા માફી આપવા બાબતે અલ્લાહ તઆલાનો દસ્તૂર.

૦૩. આખેરતમાં નેક લોકોના સવાબ અને બુરા લોકોની સજા તથા અઝાબને ધ્યાનમાં રાખવા.

આ ત્રણે ઉસૂલોની પૂર્ણતઃ વિગતના માટે તો દફતર (રજીસ્ટર લાયબ્રેરી) જરૂરી છે, અમે આ વિષયમાં એક આખી કિતાબ "તમ્બીહુલ ગાફિલીન" લખી છે અને સંક્ષિપ્ત કિતાબમાં અમે કેવળ એ વાતો પ્રતિ ધ્યાન દોરીએ છીએ જેને યાદ રાખી લીધા પછી મક્સદથી ઈન્શા અલ્લાહુ તઆલા ! માહિતગાર થઈ જશો.

## પ્રથમ અસ્લ (નિયમ)

## નેકી પ્રતિ આકર્ષતા ખુદાના ઈર્શાદો

હે અઝીઝ બિરાદર ! તારે આ આયતોમાં ચોક્કસ તદબ્બુર અને વિચાર કરવો જોઈએ જેમાં ખુદા તઆલાએ તર્ગીબો તર્હીબ (આકર્ષણ માટે) અને ખૌફ તથા રજાઅ્નો ઉલ્લેખ કર્યો છે. જેમ કે રજાઅ્ના વિશે કુર્આન મજીદમાં ફર્માવ્યું :–

لَا تَقْنَطُوْا مِنْ رَّحْمَةِ اللّٰهِ ۭ اِنَّ اللّٰهَ يَغْفِرُ الذُّنُوْبَ جَمِيْعًا "અલ્લાહ તઆલાની રહ્મતથી નાઉમ્મીદ ન થાવ, બેશક ! અલ્લાહ તઆલા તમામ ગુનાહ બખ્શી દે છે." *(પારા : ૨૪, સૂરએ ઝુમર, ૩૯/૫૩)*

وَمَنْ يَّغْفِرُ الذُّنُوْبَ اِلَّا اللّٰهُ "અલ્લાહ તઆલા સિવાય અન્ય કોણ ગુનાહ બખ્શનાર છે ?" *(સૂરએ આલે ઈમ્રાન, ૩/૧૩૫)*

غَافِرِ الذَّنْۢبِ وَقَابِلِ التَّوْبِ "અલ્લાહ તઆલા ગુનાહ બખ્શે છે અને તૌબા કબૂલ કરે છે." *(પારા : ૨૪, સૂરએ મુઅ્મિન, રુકૂઅ : ૫, આયત : ૩)*

وَهُوَ الَّذِيْ يَقْبَلُ التَّوْبَةَ عَنْ عِبَادِهٖ وَيَعْفُوْا عَنِ السَّيِّاٰتِ

"એ જ પોતાના બંદાઓની તૌબા કુબૂલ કરે છે અને તેમની ગલતીઓ માફ કરે છે." *(પારા : ૨૫, સૂરએ શૂરા, રુકૂઅ : ૩, આયત : ૨૫)*

كَتَبَ رَبُّكُمْ عَلٰى نَفْسِهِ الرَّحْمَةَ "તમારા પરવરદિગારે રહમત તથા બખ્શિશ પોતાના જિમ્મે લઈ રાખી છે." *(પારા–૭, સૂરએ અન્આમ, રુકૂઅ : ૧૨, આયત : ૫૪)*

وَرَحْمَتِيْ وَسِعَتْ كُلَّ شَيْءٍ ۭ فَسَاَكْتُبُهَا لِلَّذِيْنَ يَتَّقُوْنَ

"મારી રહ્મત દરેક ચીજથી વિશાળ છે હું નજીકમાં જ મારી રહ્મત લોકો માટે ખાસ કરી દઈશ જેઓ મુત્તક઼ી છે."

–*(પારા : ૯, સૂરએ અઅ્રાફ, રુકૂઅ : ૯, આયત : ૧૫૬)*

اِنَّ اللّٰهَ بِالنَّاسِ لَرَءُوْفٌ رَّحِيْمٌ "બેશક ! અલ્લાહ તઆલા લોકો પર મહેરબાન અને શફીક છે." *(પારા : ૨, સૂરએ બક઼રહ, રુકૂઅ : ૧, આયત : ૧૪૩)*

وَكَانَ بِالْمُؤْمِنِيْنَ رَحِيْمًا "તે મો'મિનો પર મહેરબાન છે." *(પારા : ૨૨, સૂરએ અહઝાબ, રુકૂઅ : ૨, આયત : ૪૩)*

આ વર્ણવેલી આયતો તથા એ પ્રકારની અન્ય ઘણી આયતોમાં રજાઅ્નું વર્ણન છે.

## ★ ખૌફ તથા બીક વિશેની આયતો ★

يٰعِبَادِ فَاتَّقُوْنِ "હે મારા બંદાઓ ! મારાથી ડરો !"

*(પારા : ૨૩, સૂરએ ઝુમર, રુકૂઅ : ૧૫, આયત : ૧૬)*

اَفَحَسِبْتُمْ اَنَّمَا خَلَقْنٰكُمْ عَبَثًا وَّاَنَّكُمْ اِلَيْنَا لَا تُرْجَعُوْنَ "શું તમારું એ ગુમાન છે કે અમે તમને બેકાર પેદા કર્યા છે અને તમને અમારી તરફ પાછા વાળવામાં નહીં આવે ?" *(પારા : ૧૮, સૂરએ મુઅ્મિનૂન, રુકૂઅ : ૬, આયત : ૧૧૫)*

اَيَحْسَبُ الْاِنْسَانُ اَنْ يُّتْرَكَ سُدًى "શું માણસ એવું ગુમાન કરી બેઠો છે કે તેની પૂછતાછ નહીં થાય ?" *(સૂરએ ક઼િયામહ, ૭૫/૩૬)*

لَيْسَ بِاَمَانِيِّكُمْ وَلَآ اَمَانِيِّ اَهْلِ الْكِتٰبِ "આખેરતમાં નજાતનો મામલો તમારી

અને અહલે કિતાબની ઉમ્મીદો પ્રમાણેનો નથી."

*(પારા : ૫, સૂરએ નિસાઅ્, રુકૂઅ : ૧૫, આયત : ૧૨૩)*

مَنۡ يَّعۡمَلۡ سُوۡٓءًا يُّجۡزَ بِهٖۙ وَلَا يَجِدۡ لَهٗ مِنۡ دُوۡنِ اللّٰهِ وَلِيًّا وَّلَا نَصِيۡرًا

"જે શખ્સ પણ બુરાઈ કરશે તો તેનો બદલો પામશે અને તેને અલ્લાહ તઆલા સિવાય કોઈ હિમાયતી અને મદદગાર મળશે નહીં."

*(પારા : ૫, સૂરએ નિસાઅ્, રુકૂઅ : ૧૫, આયત : ૧૨૩)*

وَهُمۡ يَحۡسَبُوۡنَ اَنَّهُمۡ يُحۡسِنُوۡنَ صُنۡعًا "અને તેમનું ગુમાન એ છે કે તેઓ ઘણુ જ સારુ કામ કરી રહ્યા છે." *(પારા : ૧૬, સૂરએ કહફ, રુકૂઅ : ૨, આયત : ૧૦૪)*

وَبَدَا لَهُمۡ مِّنَ اللّٰهِ مَا لَمۡ يَكُوۡنُوۡا يَحۡتَسِبُوۡنَ "અને એમની સામે અલ્લાહની તરફથી અઝાબનો તે નમૂનો જાહેર થશે જેનો તેમને વહેમ કે ગુમાન પણ ન હતું." *(પારા : ૨૪, સૂરએ ઝુમર, રુકૂઅ : ૨, આયત : ૪૭)*

وَقَدِمۡنَاۤ اِلٰى مَا عَمِلُوۡا مِنۡ عَمَلٍ فَجَعَلۡنٰهُ هَبَآءً مَّنۡثُوۡرًا "ક઼યામતમાં અમે તેમના અમલો તરફ આવીશું તો તેને ક઼બૂલ કરવાને બદલે રજકણો બનાવીને ઉડાવી દઈશું અને તદ્દન નેસ્તો ના'બૂદ કરી દઈશું."

*(પારા : ૧૯, સૂરએ ફુર્ક઼ાન, રુકૂઅ : ૧, આયત : ૨૩)*

અમે અલ્લાહ તઆલાથી દુઆ કરીએ છીએ કે તે આપણને તેના રહમતના દામનમાં જગ્યા આપે અને બદ્અમલીઓથી બચાવે.

## ★ ખૌફ તથા રજાઅ્વાળી કેટલીક આયતો ★

نَبِّئۡ عِبَادِىۡۤ اَنِّىۡۤ اَنَا الۡغَفُوۡرُ الرَّحِيۡمُ "મારા બંદાઓને જણાવી દો કે હું જ ગફૂર તથા રહીમ છું." *(પારા : ૧૪, સૂરએ હજર, રુકૂઅ : ૩, આયત : ૪૯)*

એના પછી તરત ફર્માવ્યું કે : وَاَنَّ عَذَابِىۡ هُوَ الۡعَذَابُ الۡاَلِيۡمُ

"બેશક ! મારો અઝાબ ઘણો સખત અઝાબ છે." *(સૂરએ હજર, ૧૫/૫૦)*

અઝાબનો ઉલ્લેખ એટલા માટે સાથે ફર્માવ્યો કે બંદા પર કેવળ રજાઅ્ છવાઈ ન જાય. એ જ પ્રમાણે કુર્આન મજીદમાં એક જગાએ આવું ફર્માવ્યું :

شَدِيْدُ الْعِقَابِ "તે સખત પકડ કરશે." *(સૂરએ અન્ફાલ, ૮/૨૫)*

ذِى الطَّوْلِ ۖ لَآ اِلٰهَ اِلَّا هُوَ "તે ઘણો જ જોરાવર છે તેના સિવાય કોઈ હસ્તી ઈબાદતને લાયક નથી." *(પારા : ૨૪ સૂરએ મુઅ્મિન, રુકૂઅ : ૫, આયત : ૩)*

જેથી એકલો ખૌફ પણ છવાઈ ન જાય.

એના અનુસંધાનમાં અલ્લાહ સુબ્હાનહૂ તઆલાનો અજીબતરીન ક઼ૌલ એ છે કે, પ્રથમ ફર્માવ્યુ :–

وَ يُحَذِّرُكُمُ اللّٰهُ نَفْسَهٗ "અલ્લાહ તમને પોતાની જાતથી ડરાવે છે."

*(પારા : ૩, સૂરએ આલે ઈમરાન, રુકૂઅ : ૧૧, આયત : ૨૮)*

પછી એની સાથે જ ફર્માવ્યું :–

وَاللّٰهُ رَءُوْفٌۢ بِالْعِبَادِ "અને અલ્લાહ બંદાઓ પર શફીક તથા મહેરબાન પણ છે." *(પારા : ૨, સૂરએ બક઼રહ, રુકૂઅ : ૯, આયત : ૨૦૭)*

અને એનાથી પણ વિસ્મયજનક કથન આ છે :–

مَنْ خَشِيَ الرَّحْمٰنَ بِالْغَيْبِ "જે શખ્સ રહમાનને જોયા વિના તેનાથી ડરતો રહ્યો." *(પારા : ૨૬, સૂરએ કાફ, રુકૂઅ : ૧૬, આયત : ૩૩)*

કે ખશિય્યત (ડર)ની સાથે પોતાનો ઝિક્ર જબ્બાર કે મુન્તકિમ અથવા મુતકબ્બિર નામ સાથે ન કર્યો જે ખશિય્યતના લેહાજથી મૌકા સર હતો. બલ્કે ખશિય્યતને રહમાનથી સંબંધિત કર્યુ જેથી ખશિય્યત અને રહમતનો ઝિક્ર થઈ જાય જેથી દિલ કેવળ ડરનું સાંભળી ફના ન થઈ જાય, જેથી ડરાવવાની સાથોસાથ અમ્ન આપવાનો ઉલ્લેખ પણ કર્યો અને ચેતવણીની સાથે સાથે તસ્કીન (સાંત્વન)નો ઉલ્લેખ પણ કરી આપ્યો.

આ આયતની ચર્ચાનું દૃષ્ટાંત એ છે કે તમે કોઈને કહો, "તમે તમારી મહેરબાન માથી કેમ નથી ડરતા ?" અથવા "તમે તમારા પ્રેમાળ બાપથી કેમ નથી બીતા ?" અથવા "તમે દયાળુ હાકિમથી કેમ નથી ડરતા ?"

આ પ્રકારની ચર્ચાનો હેતુ એ છે કે ખૌફ તથા અમ્નની વચ્ચેનો મધ્યમ

માર્ગ અપનાવવો જોઈએ અને તદ્દન માયૂસ (નિરાશ) અથવા બિલકુલ નીડર થવાથી દૂર રહેવું જોઈએ. અલ્લાહ તઆલા તેની રહ્‌મત તથા કરમથી અમને તથા તમને આ ઝિક્રે હકીમમાં કોશિશ કરનારા અને એના પર અમલ કરનારાઓમાં સામેલ કરે. બેશક ! તે ઘણો જ જવ્વાદ (સખી) અને કરીમ છે. وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ

## નિયમ બીજો

## અલ્લાહ તઆલાના અફ્આલ તથા મામલાઓ વિશે

હે અઝીઝ ! નિમ્ન લિખિત પ્રસંગોનો અભ્યાસ ખૌફ પેદા કરવા માટે પૂરતો છે.

**(૧)** ઈબ્લીસે અલ્લાહ તઆલાની એંસી હજાર વરસ ઈબાદત કરી અને એક કદમ જેટલી પણ કોઈ એવી જગા તેણે બાકી ન રાખી જેના પર સજદો ન કર્યો હોય ! પછી તેણે કેવળ એક જ હુકમની નાફર્માની કરી તો તેને પોતાની બારગાહેથી હાંકી કાઢયો અને તેની એંસી હજાર વરસની ઈબાદત તેના મોઢા પર મારી દીધી અને કયામત સુધી તેના ગળામાં લા'નતનો તોક નાખી દીધો અને કાયમ માટે દર્દનાક અઝાબમાં સળગવાનું તેના માટે નિશ્ચિત કરી આપ્યું.

હુઝૂર નબી એ કરીમ ﷺથી મરવી છે કે આપે જિબ્રઈલ علیہ السلامને જોયા કે ઈબ્લીસના હાલથી ઈબ્રત પકડીને કા'બા શરીફના પડદાથી વિટળાઈને ખૂબ જ ગિર્યાઓ ઝારી (આજીજીપૂર્વક રૂદન) સાથે અલ્લાહ તઆલાની હુઝૂરમાં આ દુઆ કરી રહ્યા છે, ''હે મારા રબ ! હે મારા માલિક ! ક્યાંક મારું નામ નેકોના લિસ્ટમાંથી કાઢીને બદ્ લોકોના લિસ્ટમાં ન કરી આપતો અને ક્યાંક મારું શરીર અહલે અતા (ઈનામ પામેલાઓ)ના ગિરોહમાંથી કાઢીને અહલે એકાબ (અઝાબ પામનારાઓ)ના ગિરોહમાં ન કરી આપતો.

**(૨)** સૈયદના હઝરત આદમ અલા નબિય્યિના વ અલૈહિસ્સલાતુ વસ્સલામ ખુદા તઆલાના તે બરગુઝીદા નબી છે જેમને અલ્લાહ ડાયરેક્ટ પોતાના દસ્તે કુદરત વડે બનાવ્યા. પછી તેમની ઈજ્જત જાહેર કરવા માટે પોતાના સર્વ ફરિશ્તાઓને તેમણે સિજદો કરવાનો હુકમ આપ્યો. પછી તેમને મલાઈકહ્

(ફરિશ્તાઓ)ની ગરદનો પર ઉઠાવીને પોતાના પડોશમાં પોતાની વિશાળ આરામદાયક જન્નતમાં જગા અતા કરી. પછી કેવળ એક દાણો ચાખવાના કારણે તેમની પાસેથી ત્યાં રહેવાની નેઅ્મત છીનવી લીધી અને અલ્લાહ તઆલા તરફથી અવાજ આવ્યો, ''સાંભળી લે ! તે શખ્સ મારી પડોશમાં રહેવાને લાયક નથી જે મારી નાફર્માનીમાં સપડાયો છે.''

અને જે ફરિશ્તાઓ આપને નૂરના તખ્ત પર જન્નતમાં લાવ્યા હતા તેમને જ હુકમ આપ્યો કે આદમ عليه السلامને ઉપરના આસ્માનેથી નીચેના આસ્માનની તરફ ધકેલી મૂકો અને એ રીતે તેમને જમીન પર લઈ જાવ, એટલે સુધી કે તે જ ફરિશ્તાઓએ આપને જમીન પર લાવી દીધા. પછી આપની તૌબા કૂબૂલ થતી ન હતી એટલે સુધી કે આપ સતત બસો વરસો સુધી રડતા રહ્યા અને એના લીધે આપને અત્યંત તકલીફો ઉઠાવવી પડી, જેથી આ તકલીફો તથા રંજની અસરો આપની ઔલાદમાં સદા માટે બાકી રહી ગઈ.

**(૩)** હઝરત નૂહ عليه السلام જેઓ શૈખુલ અંબિયા છે. આપે અલ્લાહ તઆલાના દીનની તબ્લીગના બારામાં કેટલા અંશે સખત મુશ્કેલીઓ અને તકલીફો સહન કરી. આપના મુખેથી જ્યારે કેવળ એક બોલ અલ્લાહ તઆલાની મશિય્યત વિરુદ્ધ નીકળ્યો તો ખુદા તઆલાએ તુરત ફર્માવ્યું :–

فَلَا تَسْـَٔلْنِ مَا لَيْسَ لَكَ بِهٖ عِلْمٌ ؕ اِنِّیْۤ اَعِظُكَ اَنْ تَكُوْنَ مِنَ الْجٰهِلِیْنَ

''આપ મારાથી એવી વાતની કદાપિ દરખાસ્ત ન કરશો જેની તમને ખબર નથી. હું તમને નસીહત કરું છું કે તમે નાદાન લોકોમાંથી ન બનશો.''

*(પારા : ૧૨, સૂરએ હૂદ, રુકૂઅ : ૪, આયત : ૪૬)*

રિવાયતોમાં આવ્યું છે કે ત્યાર બાદ શરમના માર્યા ચાલીસ વરસ આપે આકાશ તરફ માથુ ઉઠાવીને જોયું નથી !

**(૪)** વળી સૈયદના હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ عليه السلامથી કેવળ એક નામુનાસિબ બોલ સાદર થયો તો તેના લીધે આપનામાં કેટલા અંશે ભય વ્યાપી ગયો અને કેટલા પ્રમાણમાં આજીજી સાથે આપે કામ લીધું કે કહેવા લાગ્યા :–

وَالَّذِیْۤ اَطْمَعُ اَنْ یَّغْفِرَ لِیْ خَطِیْٓــَٔتِیْ یَوْمَ الدِّیْنِ ''તે જાત જેનાથી મને ઉમ્મીદ

છે કે તે મારી ખતા બખ્શી★ આપશે.''

*(પારા : ૧૯, સૂરએ શોઅરા, રુકૂઅ : ૮, આયત : ૮૨)*

રિવાયતમાં એટલે સુધી આવ્યું છે કે આપ એટલા અંશે રડયા હતા કે અલ્લાહ તઆલાએ તસલ્લી આપવા માટે જિબ્રઈલ عليه السلامને આપની પાસે મોકલ્યા હતા. હઝરત જિબ્રઈલ عليه السلام અલ્લાહ તઆલા તરફથી એવો પયગામ લાવ્યા હતા :–

(અર્થ) : ''હે ઈબ્રાહીમ ! તેં કદી એવો મિત્ર જોયો છે જે તેના મિત્રને આગના અઝાબમાં નાખે ?! પરંતુ હઝરત ઈબ્રાહીમ عليه السلام હઝરત જિબ્રઈલ عليه السلامને જવાબમાં કહેતા હતા કે, ''હે જિબ્રઈલ ! જ્યારે મને મારી ખતા યાદ આવે છે તો ડરના માર્યા અલ્લાહની સાથેના દોસ્તીના રિશ્તાને ભૂલી જવાય છે !''

**(૫)** હઝરત મૂસા عليه السلامથી કેવળ એટલુ થયું કે આપે ચેતવણી રૂપે એક કિબ્તી કાફિરને તમાચો મારી દીધો. પરંતુ એ કાર્ય સામે આપના દિલમાં ખુદા તઆલાનો કેટલો ડર પ્રવેશી ગયો અને આપે કેટલા અંશે ગિર્યાઓ ઝારી (આજીજી રૂદન) અને ઈસ્તિગફારથી કામ લીધું કે કુર્આન મજીદમાં આવ્યું છે કે આપે જનાબે ખુદાવંદીમાં અર્ઝ કરી : رَبِّ اِنِّیْ ظَلَمْتُ نَفْسِیْ فَاغْفِرْ لِیْ فَغَفَرَ لَهٗ ''હે રબ ! મેં મારી જાન પર જુલ્મ કર્યો, તું મને બખ્શી આપ.''

*(પારા : ૨૦, સૂરએ કસ઼સ઼, રુકૂઅ : ૫, આયત : ૧૬)*

**(૬)** હઝરત મૂસા عليه السلامના સમયમાં એક શખ્સ બલ્અમ ઈબ્ને બાઊરનો પ્રસંગ પણ યાદ કરો ! ગુમરાહ થતાં પહેલાં તેની હાલત એવી હતી કે જ્યારે

*★ એક કૌલ એવો છે કે હઝરત ઈબ્રાહીમ થકી ચાર ખતાઓ થઈ, પણ ખતાનો મતલબ ઈન્ની સકીમુન (બેશક હું બીમાર છું), બલ ફઅલહુ કબીરુહુમ (બલ્કે એમના મોટાએ તેને કર્યુ) હાઝા રબ્બી અને હિમઉખ્તી. પરંતુ આ શબ્દો આપે તૌરિયહ્ અને તઅરીઝ (ઈશારા)ના રૂપે (નિર્દેશ રૂપે) કહ્યા, જે ખતામાં સામેલ નથી, બલ્કે જાઈઝ અને દુરુસ્ત છે અને એના માટે માફી માગવાની જરૂરત નથી. મૂળ વાત એ છે કે અંબિયાએ કિરામનું અલ્લાહથી મગ્ફિરત ચાહવું એ ઉમ્મતની તા'લીમ અને તવાઝોઅ તથા ઈન્કેસારી (આજીજી)ના લીધે હોય છે. (મદારિક, ભાગ : ૩, પેજ : ૧૮૭ એ જ આયત હેઠળ)*

*–ઉર્દૂ અનુવાદક*

આસ્માનની તરફ જોતો હતો તો તેની નજર અર્શે અઝીમ સુધી પહોંચી જતી હતી. અલ્લાહ તઆલાએ નીચે જણાવેલ આયતમાં તેનો ઉલ્લેખ કર્યો છે :–

وَاتْلُ عَلَيْهِمْ نَبَاَ الَّذِيْٓ اٰتَيْنٰهُ اٰيٰتِنَا فَانْسَلَخَ مِنْهَا "તેમને તે શખ્સનો પ્રસંગ સંભળાવો જેને અમે અમારી આયતો અતા કરી હતી તો તે તેનાથી નીકળી ગયો (તેની વિરુદ્ધ ચાલ્યો)." *(પારા : ૯, સૂરએ અઅ્રાફ, રુકૂઅ : ૧૧, આયત : ૧૭૫)*

અને આ ગુમરાહી તથા ઝલાલત તેના પર એટલા માટે આવી કે દુનિયા તથા દુનિયાવાળાઓ પ્રતિ ઝુકી ગયો. અને કેવળ એક પ્રસંગે તેણે અલ્લાહ તઆલાના દોસ્તોમાંથી એક દોસ્તની ઈજ્જત તથા માન ન જાળવ્યું, તો અલ્લાહ તઆલાએ તેની પાસેથી પોતાની મગ્ફિરત છીનવી લીધી અને તેને ધૃત્કારાયેલા કૂતરાની જેમ કરી નાખ્યો. જેમ કે એના વિશે કુર્આન મજીદમાં ફર્માવ્યું :–

فَمَثَلُهٗ كَمَثَلِ الْكَلْبِ ۚ اِنْ تَحْمِلْ عَلَيْهِ يَلْهَثْ "તો તેનો હાલ કૂતરા જેવો થઈ ગયો કે જો તું તેના પર હુમલો કરે તો જીભ કાઢી નાખે...."

*(પારા : ૯, સૂરએ અઅ્રાફ, રુકૂઅ : ૧૧, આયત : ૧૭૬)*

તો કેવળ એકવાર અલ્લાહ તઆલાના દોસ્તની બેઅદબી કરવા અને એકવાર દુનિયાની તરફ ઝુકવાની સજામાં તેને હલાકત અને ઝલાલતના સમુદ્રમાં હમેશાંના માટે ગર્કયાબ કરી દેવામાં આવ્યો.

મેં કેટલાક ઉલમાથી સાંભળ્યું છે કે ગુમરાહ થતાં પહેલાં બલ્અમ ઈબ્ને બાઊરાની ઈલ્મની મજલિસમાં કેવળ એક સમયમાં બાર બાર હજાર દીની તાલિબે ઈલ્મો (ઈલ્મ પિપાસુઓ) રહેતા હતા, જેઓ હાથોમાં કલમ શાહી લઈને તેના મઅ્રેફતથી છલકાતા વેણોને નોંધી લેતા હતા ! પછી ગુમરાહી બાદ તે એ હાલતે પહોંચ્યો કે ખુદાના ઈન્કારના મસ્અલામાં સૌ પ્રથમ તેણે કિતાબ લખી ! આપણે અલ્લાહ તઆલાના ગુસ્સા, તેની નારાજગી, તેના દર્દનાક અઝાબ અને તેના તરફથી આવનારી ઝિલ્લત તથા ખુવારીથી વારંવાર પનાહ માગીએ છીએ.

તો તમે વિચારો કે દુનિયાની ખબાષત (ખરાબી) તથા નહૂસત સામાન્ય લોકોને તો શું પણ મોટા મોટા ઉલમાને ગુમરાહીની અંધકારમય ખાડીમાં ક્યાંથી

ક્યાં ફંગોળી દે છે. જેથી જાગૃત બનો, સાવધાન રહો ! કેમ કે મામલો ઘણો જ ખતરનાક છે અને ઉમર થોડી છે અને અમલો ખામીઓથી ભરપૂર છે અને અમલોને પારખનારો ઘણો જ સાહિબે બસીરત (દષ્ટિવાન) છે. જો તે સારા અમલો પર આપણને ખાત્મો નસીબ ફર્માવે અને આપણી લગ્ઝિશોને માફ કરી આપે તો તેના માટે કોઈ મુશ્કેલ કે દુશ્વાર કામ નથી.

**(૭)** પછી સૈયદના હઝરત દાઊદ عليه السلامથી જેઓ જમીનમાં ખુદા તઆલાના નાયબ તથા ખલીફા હતા, તેમનાથી કેવળ એક જ લગ્ઝિશ થઈ ગઈ તો ખૌફે ઈલાહીથી એટલા પ્રમાણમાં રડયા કે તેમના આસૂઓથી જમીનમાં લીલી ઘાસ ઉગી નીકળી. આપ બારગાહે ખુદાવંદીમાં આ પ્રમાણે અર્ઝ કરતા હતા, "હે અલ્લાહ ! મારી આ ગિર્યાઓઝારીને નિહાળ અને મારા પર રહમ ફર્માવ." તો અલ્લાહ તઆલા તરફથી જવાબ આવ્યો, "હે દાઊદ ! તને તારી લગ્ઝિશ તો ભૂલી ચૂકી છે પણ તને તારું રડવું યાદ છે.

મન્કૂલ છે કે ચાલીસ દિવસ સુધી અને કેટલીક રિવાયતમાં ચાલીસ સાલ સુધી આપની તૌબા કૃબૂલ ન થઈ.

**(૮)** વળી સૈયદના હઝરત યૂનુસ عليه السلامથી કેવળ એ વાત અમલમાં આવી હતી કે આપ એકવાર અસ્થાને ગુસ્સામાં આવી ગયા તો સમુદ્રના ઊંડાણમાં ચાલીસ દિવસ સુધી માછલીના પેટમાં કેદ કરી આપવામાં આવ્યા. ત્યાં આપ આ તસ્બીહ પઢીને ખુદાને પુકારતા હતા :

لَّآ اِلٰهَ اِلَّآ اَنْتَ سُبْحٰنَكَ ۖ اِنِّيْ كُنْتُ مِنَ الظّٰلِمِيْنَ "નથી કોઈ મઅ્બૂદ પણ તું જ છે, પાક છે તું, બેશક ! હું જાલિમોમાંથી હતો."

*(પારા : ૧૭, સૂરએ અંબિયા, રુકૂઅ : ૬, આયત : ૮૭)*

ફરિશ્તાઓએ આપનો અવાજ સાંભળ્યો અને અર્ઝ કરી, "હે રબ્બુલ આલમીન ! અવાજ તો ઓળખીતો છે પણ તેનો મકૃામ અને તેની જગા નથી જણાતી." તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે, "આ મારા બંદા યૂનુસનો અવાજ તથા પુકાર છે." તો ફરિશ્તાઓએ સિફારિશ કરી. પણ એ તમામ વાતો છતાં અલ્લાહ તઆલાએ આપનુ નામ મુબારક લેવાને બદલે ઝુન્નૂનના નામથી આપનો

ઝિક્ર કર્યો. અને આ કિસ્સાને આ પ્રમાણે બયાન ફર્માવ્યો :–

فَالْتَقَمَهُ الْحُوْتُ وَ هُوَ مُلِيْمٌ ﴿١٤٢﴾ فَلَوْ لَآ اَنَّهٗ كَانَ مِنَ الْمُسَبِّحِيْنَ ﴿١٤٣﴾ لَلَبِثَ فِيْ بَطْنِهٖۤ اِلٰى يَوْمِ يُبْعَثُوْنَ ﴿١٤٤﴾

"તો યૂનુસને માછલીએ ગળી લીધો. આપ તે વખતે પોતાની જાતને કોસતા હતા. તો જો તે વખતે આપ તસ્બીહમાં વ્યસ્ત ન થાત તો કયામત સુધી માછલીના પેટમાં જ બંધ રહેત, બહાર ન આવી શકત."

*(પારા : ૨૩, સૂરએ સાફ્ફાત, રુકૂઅ : ૮, આયત : ૧૪૪)*

આ બયાન પછી અલ્લાહ તઆલાએ હઝરત યૂનુસ علیہ السلام પર પોતાની નેઅ્મત અને પોતાના એહસાનનો ઝિક્ર આ પ્રમાણે ફર્માવ્યો :–

لَوْ لَآ اَنْ تَدٰرَكَهٗ نِعْمَةٌ مِّنْ رَّبِّهٖ لَنُبِذَ بِالْعَرَآءِ وَ هُوَ مَذْمُوْمٌ ﴿٤٩﴾

"જો તે રબની નેઅમત તેના હાલમાં સામેલ ન હોત તો તેને માછલીના પેટથી એક ચટિયલ (વેરાન) જગ્યાએ ફેંકી આપવામાં આવત અને મકામે મદહ (પ્રશંસાના હોદ્દે)થી દૂર કરી દેવામાં આવત."

*(પારા : ૨૯, સૂરએ કલમ, રુકૂઅ : ૪, આયત : ૪૯)*

જેથી હે અઝીઝ ! ખુદા તઆલાની આ રવિશને ધ્યાનપૂર્વક જો. (અને તેનાથી ડર)

**(૯)** વળી રબ તઆલાએ ખુદ તે હસ્તીને જેને તમામ અંબિયા પર સયાદત તથા ફઝીલત હાંસલ છે અને તેની પોતાની (ખુદાની) બારગાહમાં સૌથી વિશેષ મુકર્રમ તથા મોહતરમ હોવાનો મકામ હાંસલ છે તેમને આ પ્રમાણે સંબોધ્યું છે :

فَاسْتَقِمْ كَمَآ اُمِرْتَ وَ مَنْ تَابَ مَعَكَ وَ لَا تَطْغَوْا ؕ اِنَّهٗ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿١١٢﴾

"હે નબી ! તું પણ અમારા અહકામોને બજાવવામાં ઈસ્તિકામત દેખાડ અને તેઓ પણ જેઓ તારી સાથે અમારા પ્રતિ રુજૂઅ કરી ચૂક્યા (અહલે ઈમાન) અને સરકશીના માર્ગે ન ચાલો, બેશક ! તે તમારા સર્વ અમલોને જોઈ રહ્યો છે."

*(સૂ. હૂદ, ૧૧/૧૧૨)*

આ ખુદા તઆલાના હુકમના નુઝૂલ પછી નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام એ

ફર્માવ્યા કરતા હતા કે, "મને સૂરએ હૂદ અને એ પ્રકારની અન્ય સૂરતોએ વૃદ્ધ કરી નાખ્યો છે."

ઉલમાએ કિરામ ફર્માવે છે, હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની મુરાદ એનાથી આ આયત તથા એ પ્રકારની અન્ય આયતો છે. કુર્આન મજીદમાં અલ્લાહ તઆલાએ આપને એ હુકમ પણ આપ્યો છે : وَاسْتَغْفِرْ لِذَنْۢبِكَ "હે મહબૂબ ! તમારા ખાસ તથા આમ મુસલમાન પુરૂષો તથા સ્ત્રીઓના ગુનાહોની માફી માગો."

*(પારા : ૨૬, સૂરએ મુહમ્મદ, રુકૂઅ : ૬, આયત : ૧૯)*

આ હુકમ હેઠળ હુઝૂર علیہ الصلوٰۃ والسلام સતત ઈસ્તિગ્ફાર કરતા રહ્યા એટલે સુધી કે અલ્લાહ તઆલા તરફથી આ આયત નાઝિલ થઈ.

وَ وَضَعْنَا عَنْكَ وِزْرَكَ ۙ الَّذِیْۤ اَنْقَضَ ظَهْرَكَ ۙ "અને અમે આપનાથી તે બોજો ઉતારી નાખ્યો જેણે આપની કમર તોડી નાખી હતી."

*(પારા : ૩૦, સૂરએ અલમ નશ્રહ, આયત : ૧)*

આ આયત પણ નાઝિલ થઈ :–

لِّیَغْفِرَ لَكَ اللّٰهُ مَا تَقَدَّمَ مِنْ ذَنْۢبِكَ وَ مَا تَاَخَّرَ "જેથી અલ્લાહ તઆલા આપના સબબે તમારાં આગલાઓના અને તમારા પાછલાઓનાં ગુનાહો બખ્શે."

*(પારા : ૨૬, સૂરએ ફત્હ, રુકૂઅ : ૯, આયત : ૨)*

આ પ્રકારની આયતોના નુઝૂલ પછી હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની એ હાલત હતી કે આપ સૂતા ન હતા. બલ્કે આખી આખી રાત ઈબાદતમાં વ્યસ્ત રહેતા હતા એટલે સુધી કે આપના કદમ મુબારક સુજી ગયા. સહાબાએ કિરામે આશ્ચર્યપૂર્વક સવાલ કરતા હતા કે, "યા રસૂલલ્લાહ ! આપ આટલી બધી ઈબાદત કરો છો ? જ્યારે કે અલ્લાહ તઆલાએ આપના સદકામાં આપના આગલા તથા પાછલાઓની દરેક પ્રકારની લગ્ઝિશો દરગુઝર ફર્માવી છે." તો આપ જવાબમાં ફર્માવતા હતા કે, "શું હું અલ્લાહનો શુક્રગુઝાર બંદો ન બનું ?!"

હુઝૂર صلی اللہ علیہ وسلم એ પણ ફર્માવ્યા કરતા હતા કે, "જો મારી અને ઈસા علیہ السلام ની તે અમલો પર પકડ થાત જે અમારાથી થઈ ચૂક્યા છે તો અમને એવા અઝાબમાં નાખવામાં આવત જે સૌથી વિશેષ સખ્ત હોત." **અહીં ઉમ્મતની તા'લીમ**

**માટે આવું ફર્માવ્યું તથા પોતે ઈન્કેસારીના રૂપે ફર્માવ્યું છે, નહીં તો અલ્લાહના મહબૂબના માટે અઝાબ હોઈ શકતો જ નથી ! કેમ કે અંબિયા પર જહન્નમની આગ હરામ છે.**

આપ આખી આખી રાત નમાઝ પઢયા કરતા હતા અને રડતા રહેતા અને જીભ મુબારક થકી આ દુઆ કર્યા કરતા હતા, ''હે અલ્લાહ ! હું તારા અઝાબથી તારી માફીની પનાહમાં આવું છું અને તારા ગુસ્સાથી તારી રઝાની પનાહમાં આવું છું અને તારાથી તારી પનાહમાં આવું છું. હું તારી ષના (પ્રશંસા) હરગિઝ નથી કરી શકતો, તું એ પ્રમાણેનો છે જેવી રીતે તેં જાતે તારી ષના કરી છે.''

વળી સહાબાએ કિરામથી જેમનો જમાનો બાદના જમાનાઓ કરતાં બેહતર હતો અને જેઓ તમામ ઉમ્મતથી અફઝલ હતા તેમનાથી આપસમાં કેવળ એકવાર ક્યાંક હંસી મજાકનો પ્રસંગ ઉપસ્થિત થઈ ગયો તો તુરત જ આ આયત નાઝિલ થઈ : اَلَمْ يَأْنِ لِلَّذِيْنَ اٰمَنُوْٓا اَنْ تَخْشَعَ قُلُوْبُهُمْ لِذِكْرِ اللّٰهِ--الاٰية

''શું ઈમાનવાળાઓ માટે હજી તે સમય નથી આવ્યો કે તેમના દિલો પૂરા ખુશૂઅની સાથે ઝિક્રે ઈલાહીની પ્રતિ વળી જાય.''

*(પારા : ૨૭, સૂરએ હદીદ, રુકૂઅ : ૧૮, આયત : ૧૬)*

વળી, અલ્લાહ તઆલાએ આ ઉમ્મત મર્હૂમા હોવા છતાં, જુર્મો (ગુનાહ)માં પડનારાઓને ચેતવણી તથા ધમકીના માટે સજાઓ અને તદબીરો નિશ્ચિત કરી આપી છે.

હઝરત યૂનુસ ઈબ્ને ઓબૈદ કહ્યા કરતા હતા કે, જો અહીં કોઈના પાંચ દિરહ્મ ચોરી કરવાથી તમારું બેહતરીન અંગ (હાથ) કપાઈ શકે છે તો ત્યાં આખેરતમાં તમારે અઝાબથી પણ બેફિક્ર ન થવું જોઈએ. આપણે અલ્લાહ તઆલાથી દર પળે દુઆ કરીએ છીએ કે તે આપણી સાથે પોતાના ફઝ્લો કરમના પ્રમાણે સુલૂક કરે.

## ★ રજાઅ્ (રહમતની ઉમ્મીદ) વિશે પ્રસંગો ★

રજાઅ્ના મકામની પ્રાપ્તિ માટે અલ્લાહ તઆલાની વિશાળ રહ્મતને

ધ્યાનમાં રાખવી જોઈએ. રહ્મતે ખુદાવંદીનો ઉલ્લેખ કરવો એક સારી વાત છે, એમાં કોઈ વાંધો નથી. **અલ્લાહ તઆલાની રહ્મતનું બયાન અને તેની અતિશયતા એનાથી જાહેર થાય છે કે, તે એક ઘડીના ઈમાનથી સિત્તેર વરસના કુફ્રને ઉડાવી દે છે !** કુર્આન મજીદમાં ફર્માવવામાં આવ્યું :

قُلْ لِّلَّذِيْنَ كَفَرُوْٓا اِنْ يَّنْتَهُوْا يُغْفَرْ لَهُمْ مَّا قَدْ سَلَفَ "હે નબી ! કાફિરોને કહી દો કે જો તે લોકો હજી પણ સુધરી જાય તો તેમના પાછલા સર્વે ગુનાહો માફ કરી દેવામાં આવશે." *(પારા : ૯, સૂરએ અન્ફાલ, રુકૂઅ : ૧૮, આયત : ૩૮)*

તમે ફિરઔનના જાદૂગરોના પ્રસંગને નથી જોતા ! જેઓ હઝરત મૂસા عليه السلامની સાથે જંગ તથા મુનાઝરો કરવા માટે આવ્યા હતા, અને ખુદાના દુશ્મન ફિરઔનની ઈજ્જતની ક઼સમ ખાધી હતી અને મુક઼ાબલામાં આવી પડયા હતા. તેમણે હઝરત મૂસા عليه السلامનો કેવળ એક જ મો'જિઝો જોયો તો ઈર્ફાને હક્ક઼ નસીબ થઈ ગયું અને બોલી ઉઠયા !

اٰمَنَّا بِرَبِّ الْعٰلَمِيْنَ "અમે રબ્બુલ આલમીન પર ઈમાન લાવ્યા."

એ જાદૂગરો વિશે એવો ઉલ્લેખ નથી આવ્યો કે તેમણે ઈમાન સિવાય કોઈ નેક અમલો પણ કર્યા હતા. કેવળ ઈમાન સ્વીકારવાને લીધે અલ્લાહ તઆલાએ પોતાના કલામે મજીદમાં વારંવાર પ્રશંસા રૂપે તેમનો ઉલ્લેખ કર્યો છે. અને તેમના પાછલા સગીરા તથા કબીરા (નાના મોટા) ગુનાહો કેવળ એક ક્ષણભરના ઈમાનની બરકતથી માફ કરી આપ્યા. તેમણે સાચા દિલે કેવળ એટલું કહ્યું હતું કે, "અમે રબ્બુલ આલમીન પર ઈમાન લાવ્યા." ઈખ્લાસ સાથે કેવળ આટલા જ શબ્દો કહેવાથી અલ્લાહ તઆલાએ તેમની રૂહાનિયતમાં ઈન્કિ઼લાબ પેદા કરી દીધો અને તેમના પર પોતાની અગણિત નેઅ્મતોની વર્ષા કરી દીધી અને ક઼યામતમાં હમેશાં માટે તેમને શહીદોના સરદાર બનાવી દિધા.

આ અલ્લાહ તઆલાની તે લોકો પર કરમ નવાજીનો હાલ છે, જેમને કેવળ એક ક્ષણના માટે તેના ઈરફાન અને તેની તૌહીદ પર કાયમ રહેવાનો મોકો મળ્યો, જો કે તેમની પાછલી જિંદગી જાદૂગરી, કુફ્ર, ગુમરાહી અને બુરાઈ તથા ફસાદમાં વહી ગઈ હતી. તો એ લોકો પર ખુદા તઆલાની ઈનાયતો કેટલા

અંશે હશે જેમની જિંદગી તૌહીદ પર ઈસ્તિક઼ામત (અડગતા) અને ઈબાદતમાં પસાર થઈ ગઈ, અને બંને જહાનમાં પોતાના સર્વ મામલાઓ જેમણે તેનાથી સંબંધિત રાખ્યા ?!

અસ્હાબે કહફના પ્રસંગો પર વિચાર કરો કે, લાંબા કાળ સુધી એ લોકો કુફ્રની હાલતમાં રહ્યા પછી તેમને એકાએક તૌહીદ તથા ઈમાનની તૌફીક઼ નસીબ થઈ ગઈ. કુર્આન મજીદમાં છે :–

اِذْ قَامُوْا فَقَالُوْا رَبُّنَا رَبُّ السَّمٰوٰتِ وَ الْاَرْضِ لَنْ نَّدْعُوَاْ مِنْ دُوْنِہٖۤ

"જ્યારે તે લોકો ઉભા થયા તો કહેવા લાગ્યા, અમારો રબ તે છે જે આસ્માનો અને જમીનનો રબ છે. અમે તેના સિવાય કોઈ અન્ય મઅ્બૂદની હરગિઝ ઈબાદત કરીશું નહીં." *(પારા : ૧૫, સૂરએ કહફ, રુકૂઅ : ૧૩, આયત : ૧૪)*

અને પછી જ્યારે તેઓ હક્ક઼ તઆલાના તરફ વળ્યા તો તેણે તેમને તુરત જ મકબૂલ બંદાઓનો મકામ અતા ફર્માવ્યો અને તેમને રૂહાની નેઅ્મતોની સાથે નવાજ્યા. પછી તેમનો ખૂબ જ એજાઝ તથા ઈકરામ ફર્માવ્યો. જેમ કે કુર્આન મજીદમાં આવ્યું છે :–

وَّ نُقَلِّبُهُمْ ذَاتَ الْيَمِيْنِ وَ ذَاتَ الشِّمَالِ "અમે ખુદ તેમને, ડાબે જમણે કરવટો (પાસાં) બદલીએ છીએ." *(પારા : ૧૫, સૂરએ કહફ, રુકૂઅ : ૧૪, આયત : ૧૮)*

તેમજ અલ્લાહ તઆલાએ તેમની ઈજ્જત તથા હુર્મત સદા મહેફૂઝ રાખવા માટે તેમને ભયનો લિબાસ પહેરાવી આપ્યો કે જેથી કોઈ તેમના સુધી પહોંચી ન શકે. એટલે સુધી કે, તેમના રૂઆબ તથા ભયના વિશે હુઝૂર ﷺને ફર્માવ્યું :

لَوِ اطَّلَعْتَ عَلَيْهِمْ لَوَلَّيْتَ مِنْهُمْ فِرَارًا وَّ لَمُلِئْتَ مِنْهُمْ رُعْبًا

"જો આપ તેમને ઝાંકીને જોઈ લો તો ડરના માર્યા ભાગી જાવ અને આપનું દિલ રૂઆબ તથા વહશત (ધાક)થી ભરાઈ જાય."

*(પારા : ૧૫, સૂરએ કહફ, રુકૂઅ : ૧૪, આયત : ૧૮)*

બલ્કે ખુદા તઆલાએ તેમના કૂતરાનો એજાઝ તથા ઈકરામ ફર્માવ્યો (તેને ઈજ્જત આપી) એટલે સુધી કે, પોતાની મુક઼દ્દસ કિતાબમાં વિવિધ ઠેકાણે તેનો ઝિક્ર ફર્માવ્યો પછી દુનિયામાં તેને તેમનો સાથી કરી આપ્યો અને

આખેરતમાં તેની ઈજ્જતના રૂપે તે કૂતરાને જન્નતમાં દાખલ થવાની સઆદત અતા થશે.

આ તેનો એક કૂતરા પર ફઝ્લો કરમ છે જે વિના બંદગી અને વિના ઈબાદત કેવળ થોડાક દિવસો અને થોડાક કદમ તૌહીદવાળા તથા ઈમાનવાળાઓ સાથે ચાલ્યો. તો અલ્લાહ તઆલાનો એ મો'મિન બંદા પર કેટલા અંશે ફઝ્લો કરમ થશે જે સિત્તેર વરસ સુધી તેની ખિદમતમાં (ઈબાદતમાં) વ્યસ્ત રહ્યો, અને તૌહીદના નશાથી ચૂર રહ્યો અને તેની બંદગીમાં ડૂબેલો રહ્યો, બલ્કે સિત્તેર વરસો તો શું પણ એ મો'મિન બંદો સિત્તર હજાર વરસ જીવતો રહેત તો તેની બંદગીમાં જ મશ્ગૂલ હોત.

અને વળી અલ્લાહ તઆલાએ હઝરત મૂસા علیہ السلام પર કારૂનના બારામાં કેવો એતાબ ફર્માવ્યો અને આપને એવું કહ્યું, ''હે મૂસા ! તેણે તારાથી મદદ માગી પણ તેં તેની મદદ ન કરી, મને મારી ઈજ્જતની કસમ ! જો તે મને ફરિયાદ કરત તો હું જરૂર તેને બચાવી લેત અને તેને માફ ફર્માવી દેત.''

એ જ રીત, હઝરત યૂનુસ علیہ السلامથી તેમની કૌમના બારામાં એવી રીતે એતાબના (ચેતવણીયુક્ત) અંદાજમાં વાતચીત કરી કે, ''હે યૂનુસ ! તને દૂધીના એક ઝાડના સૂકાઈ જવાનો તો ગમ છે જેને મેં એક ઘડીમાં ઉગાડયું અને બીજી ઘડીએ સૂકવી નાખ્યું, પરંતુ નૈનવા શહેરના એક લાખ કે લાખથી વિશેષ નાગરિકોનો તને કોઈ ગમ ન થયો ?!''

વળી, એના ઉપર પણ નજર કરો કે અલ્લાહ તઆલાએ તેમની કૌમનો ઉઝ્ર (મજબૂરી, બહાનુ) કેટલા જલ્દી કબૂલ કરી લીધો અને તેમના પરથી મહાન અઝાબ ઉઠાવી લીધો જ્યારે કે, પહેલાં તેમને અદ્લના તકાઝા હેઠળ ગુમરાહીમાં નાખી રાખ્યા હતા.

વળી, એ પ્રસંગ પર પણ વિચાર કરો કે અલ્લાહ તઆલાએ હુઝૂર સૈયદુલ મુરસલીન ﷺ સાથે પણ એતાબાના ગુફ્તગૂ ફર્માવી. જ્યારે કે, એક વાર બાબે બની શયબાથી અંદર તશરીફ લાવ્યા તો જે કેટલાક લોકોને જોયા કે હસી રહ્યા છે, તો ફર્માવ્યું, ''કેમ હસો છો ?! હવેથી હું તમને હસતા ન જોઊં !'' આ

વાત કહીને જ્યારે આપે હજરે અસ્વદ સુધી પહોંચ્યા તો ત્યાંથી વળતે પગલે તુરત પાછા આવ્યા અને આવીને લોકોને ફર્માવવા લાગ્યા કે, હજી હમણા મારી પાસે જિબ્રઈલે અમીન આવ્યા અને ખુદા તઆલા તરફથી એવો પયગામ લાવ્યા છે કે, મારા હબીબ ! તમે મારા બંદાઓને મારી રહ્‌મતથી એ રીતે માયૂસ કરો છો ! મારા બંદાઓને કહી દો કે હું ગફુરો રહીમ છું !

હુઝૂર ﷺનો એક ઈર્શાદ મુબારક છે કે, અલ્લાહ તઆલા પોતાના મો'મિન બંદા પર એક મમતાળુ મા તેના પુત્ર પર મહેરબાન હોય તેનાથી વધારે મહેરબાન છે.

અને એક મશહૂર હદીષમાં નબીએ કરીમ ﷺથી આવેલુ છે કે, આપે ફર્માવ્યું, ''બેશક ! અલ્લાહ તઆલાની પાસે સો રહમતો હતી તો એમાંથી એણે કેવળ એક રહમતને જિન્નો, ઈન્સાનો અને પ્રાણીઓ દરમ્યાન વહેંચી આપી તો દરેક શ્વાસ લેનાર (જાન) કેવળ એક રહમત વડે એકબીજાથી નરમી અને હેતથી પેશ આવે છે. બાકીની સોમાંથી નવ્વાણુ (૯૯) રહમતો તેણે પોતાની જાતના માટે ખાસ કરી રાખી છે જેને તે કયામતના દિવસે પોતાના બંદાઓ દરમ્યાન વહેંચશે.

જ્યારે તેણે પોતાની રહમતના સોમાંથી કેવળ એક હિસ્સામાંથી દુનિયામાં તને આટલા પ્રમાણમાં નેઅ્‌મતો આપી કે, તને પોતાની મઅ્‌રેફત અતા કરી, આ મર્હૂમા ઉમ્મતમાં પેદા કર્યો અને અહલે સુન્નત વ જમાઅતની રાહની ઓળખ નસીબ કરી, તે ઉપરાંત અસંખ્ય જાહેરી તથા બાતિની નેઅ્‌મતો અતા કરી. તો તેના ફઝ્‌લે અઝીમથી એ વાતની પણ ઉમ્મીદ છે કે, તે પોતાની નેઅ્‌મતો તારા પર મુકમ્મલ કરી આપે. કેમ કે, જે એહસાનની શરૂઆત કરે છે તેની જિમ્મેદારી હોય છે કે, તેને પૂર્ણ કરે અને બાકીની નવ્વાણુ રહમતોમાંથી પુષ્કળ હિસ્સો અતા કરે. આપણે અલ્લાહ તઆલાથી ઈલ્તિજા કરીએ છીએ કે તે આપણને પોતાના ફઝ્‌લે અઝીમથી નામુરાદ ન કરે. બેશક ! તે ઘણો કરમવાળો તથા એહસાનનો માલિક અને મોટો રહીમ તથા જવ્વાદ (સખી) છે.

## ત્રીજો નિયમ

## આખેરતની વઈદ (ધમકી) તથા વાયદા વિશે

અમે આ બાબતે પાંચ પ્રકારની હાલતોનું વર્ણન કરીએ છીએ : (૧) મૌત (૨) કબ્ર (૩) કયામત (૪) જન્નત (૫) દોઝખ. અને દરેક ઠેકાણા પ્રમાણે તે મહાન ખતારાઓ જે નેકોકાર, નાફર્માનો, નેક કામમાં ઉણપ કરનારાઓ અને નેકીમાં સંપૂર્ણ કોશિશ કરનારાઓને પેશ આવશે. તેને વર્ણવીએ છીએ.

**મૌતનું બયાન** : આ પ્રકરણમાં બે માણસોના હાલને યાદીમાં રાખો. એક તો તે જે ઈબ્ને શબ્રમહ્થી મરવી છે. તે બયાન કરે છે કે, એકવાર હું અને શઅ્બી એક બીમારની અયાદતે (ખબર પૂછવા) ગયા. તેના પર નઝઅની હાલત છવાઈ ગઈ હતી અને તેની પાસે બેઠેલો એક શખ્સ તેને કલ્મો લાઈલાહ ઈલ્લલ્લાહુ વહ્દહૂ લા શરીકલહૂ....ની તલ્કીન કરી રહ્યો હતો. હઝરત શઅ્બીએ તે શખ્સને કહ્યું, ''બીમાર સાથે નરમી અને પ્રેમપૂર્વક વર્તો. એટલામાં બીમાર બોલી ઉઠયો કે, તું મને કલ્માની તલ્કીન કરે કે ન કરે પણ હું એને જરૂર પઢીશ પછી તે બીમારે કુર્આને કરીમના આ અલ્ફાઝ પઢયા :–

وَاَلْزَمَهُمْ كَلِمَةَ التَّقْوٰى وَكَانُوْٓا اَحَقَّ بِهَا وَاَهْلَهَا ''અલ્લાહ તઆલાએ તક્વાનો કલમો તેમના માટે લાઝિમ કરી આપ્યો અને તેઓ તેના ઘણા જ હક્દાર અને લાયક હતા.'' *(પારા : ૨૬, સૂરએ ફત્હ, રુકૂઅ : ૧૧, આયત : ૨૬)*

તો શઅ્બીએ કહ્યું, એ ખુદાની હમ્દો ષના જેણે અમારા દોસ્તને નજાત આપી.

બીજો પ્રસંગ એવો છે કે, જે હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ رضی اللہ عنہથી મરવી છે કે, આપ પોતાના એક શાર્ગિદની પાસે પહોંચ્યા જે મરી રહ્યો હતો. આપ તેના માથા પાસે બેસી ગયા અને સૂરએ યાસીન પઢવા લાગ્યા તો તેણે કહ્યું કે, સૂરએ યાસીન પઢવાની બંધ કરો. પછી આપે તેને કલ્મા લાઈલાહ ઈલ્લલ્લાહની તલ્કીન કરી પણ તેણે કહ્યું કે હું આ કલ્મો બિલ્કુલ પઢવાનો નથી, હું એનાથી બેઝાર છું ! અને આ શબ્દ પર તેનું મૌત આવ્યું. હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ

رضی اللہ عنہને પોતાના શાગિર્દના બુરા ખાત્માનો સખત સદમો લાગ્યો અને ચાલીસ દિવસ સુધી પોતાના ઘરમાંથી બહાર ન નીકળ્યા અને અંદર જ બેસીને રડયા કર્યા. ચાલીસ દિવસ બાદ ખ્વાબમાં જોયું કે એ શાર્ગિદને ફરિશ્તાઓ દોઝખમાં ઘસેડી રહ્યા છે. આપે તેને પૂછયું કે, કયા કારણે અલ્લાહ તઆલાએ તારી મઅ્રેફત છીનવી લીધી ? જયારે કે તું મારા ઈલ્મવાળા સૌથી લાયક શાગિર્દોમાંથી જ હતો. તો તેણે જવાબ આપ્યો કે, ત્રણ અયબોના કારણ, એક તો મારામાં ચુગલખોરોની અયબ હતી કે હું મારા સાથીઓને કાંઈ કહેતો હતો અને આપને એનાથી ઉલ્ટુ ! અને બીજી અયબ એ હતી કે, હું મારા સાથીઓથી હસદ કરતો હતો. અને ત્રીજી અયબ એ હતી કે, મને એક બીમારી હતી તેનો હકીમને મેં ઈલાજ પૂછયો તો તેણે કહ્યું કે વરસમાં એકવાર એક ગ્લાસ શરાબ પીતો રહે તો સાજો રહીશ, નહીં તો આ બીમારી તને છોડશે નહીં. જેથી, દર વરસે એક વખત હું શરાબ પીતો હતો.

અલ્લાહ તઆલા આપણને તેની નારાજગીથી બચાવે, જેને આપણે સહી શકીએ તેમ નથી.

વળી, બે અન્ય માણસોના હાલનો વિચાર કરો. એક તો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رحمۃ اللہ علیہ છે. જયારે આપનો અંતકાળ આવ્યો તો નજર આકાશ તરફ ઉઠાવી અને હસ્યા અને જીભ વડે لِمِثْلِ هٰذَا فَلْيَعْمَلِ الْعٰمِلُوْنَ (અમલ કરનારાઓએ આવા જ અમલો કરવા જોઈએ.) એ શબ્દો પઢયા અને વિસાલ કરી ગયા.

અને મેં મારા મોહતરમ ઉસ્તાદ ઈમામુલ હરમૈન رضی اللہ عنہથી સાંભળ્યું છે કે, તેઓ પોતાના ઉસ્તાદ હઝરત અબૂ બક્ર رحمۃ اللہ علیہની ઝુબાની આ હિકાયત બયાન કરતા હતા કે તાલિબે ઈલ્મીના સમય (વિદ્યાર્થીકાળ)માં મારો એક સાથી હતો જે પ્રાથમિક કિતાબો પઢતો હતો. તા'લીમમાં ખૂબ જ મહેનતુ તેમજ ઈબાદત ગુઝાર તથા પરહેઝગાર હતો. પરંતુ અતિ મહેનત છતાં તા'લીમમાં બહુ ઓછી પ્રગતિ કરતો હતો તો અમને તેના હાલનું આશ્ચર્ય થતું હતું. તે તાલિબે ઈલ્મ અચાનક બીમાર પડયો અને ત્યાં ઓલિયા અલ્લાહની એક દરગાહમાં લાંબો થઈ ગયો પણ હોસ્પિટલમાં દાખલ ન થયો. અને સખત

બીમારીની હાલતમાં પણ તેણે પઢવાની કોશિશ ચાલુ રાખી એટલે સુધી કે, તેની હાલત વધુ ગંભીર થઈ ગઈ. તે વખતે એની પાસે હું હતો. અચાનક ! તેણે પોતાની નજર આસ્માનની તરફ ઉઠાવી અને પછી મને કહ્યું, હે ઈબ્ને ફવ્રક ! "કામ કરનારાઓ આવા દૃષ્ટાંતને માટે આવુ કામ કરે છે." આ શબ્દો કહ્યા અને મૃત્યુ પામ્યો. રહ્‌મતુલ્લાહિ તઆલા અલૈહ.

બીજો પ્રસંગ જે હઝરત માલિક ઈબ્ને દીનાર رحمۃ اللہ علیہથી નકલ થયેલ છે. આપ ફર્માવે છે કે, મારો એક પડોશી હતો. તેના મૌત વેળા હું નજીક ગયો. તે સમયે તેના પર મૌતની સકરાત ચાલુ હતી. મને જોઈને તે કહેવા લાગ્યા, "હે માલિક ! અત્યારે મને મારી સમક્ષ બે આગના પહાડો દેખાઈ રહ્યા છે અને કહેવામાં આવી રહ્યું છે કે એના ઉપર ચઢ ! માલિક બિન દીનાર કહે છે કે, મેં તેના ઘરવાળાંઓને તેના વિશે પૂછયું તો તેમણે કહ્યું, આ શખ્સે અનાજના માટે બે ત્રાજવાં રાખ્યાં હતાં, એક અનાજ લેવા માટેનું બીજું આપવા માટેનું. મેં તે બંને તાજવા મંગાવ્યા અને એકબીજા પર મારીને તોડી નાખ્યાં. પછી મેં તેને પૂછયું કે કહે, હવે કેવું છે ? તેણે કહ્યું, "મામલો ઔર વધુ ખરાબ તથા ગંભીર બની રહ્યો છે."

## ★ ક઼બ્ર અને મૌત પછીનો હાલ ★

આ પ્રકરણમાં પણ બે માણસોનો કિસ્સો વિશેષતઃ યાદ રાખવા લાયક છે. એક તો તે જે કોઈ બુઝુર્ગે ફર્માવ્યું છે કે, મેં હઝરત સુફયાન ષૌરી رحمۃ اللہ علیہને તેમના વિસાલ શરીફ બાદ ખ્વાબમાં જોયા તો પૂછયું, હે અબૂ અબ્દુલ્લાહ ! તમે શા હાલમાં છો ? આપે મારો વિરોધ કર્યો અને ફર્માવ્યું કે આ કુન્નિયતથી (અબૂ અબ્દુલ્લાહ કહીને) બોલાવવાનો સમય નથી ! પછી મેં કહ્યું, હે સુફયાન ! કેવી હાલતમાં છો ? તો આપે જવાબમાં આ અશ્આર પઢયા :–

૦૧. મૌત પછી મેં મારા પરવરદિગારને તદ્દન સામે જોયો. મારા પરવરદિગારે મને ફર્માવ્યું, હે ઈબ્ને સઈદ ! તને મારી રઝામંદી મુબારક થજો !

૦૨. તું અંધારી રાતોમાં મારી યાદમાં ઉભો રહેતો હતો તે વખતે તારી આંખમાંથી શોખ તથા ઉમંગના આંસુઓ વહેતાં હતાં અને તારું દિલ સંપૂણતઃ મારા

પ્રતિ ધ્યાનિત થતું હતું.

૦૩. હવે જન્નતુલ ફિરદૌસના મહેલો તારા માટે છે, જેને ચાહે તેને લઈ લે અને દરેક સમયે મારી ઝિયારતથી લુત્ફ પામ કે હું તારી સામે અને તારી નજીક જ રહીશ.

બીજો પ્રસંગ તે શખ્સનો છે જેને કેટલાક લોકોએ ખ્વાબમાં જોયો કે તેનો રંગ બદલાયેલો છે અને બંને હાથો ગરદન સાથે બંધાયેલા છે. તેને પૂછવામાં આવ્યું, હે શખ્સ ! અલ્લાહે તારી સાથે કેવો વર્તાવ કર્યો ? તો તેણે જવાબમાં આ શેઅર કહ્યા :–

(અર્થ) : તે સમય વહી ગયો જેનાથી અમે ખેલતા હતા, હવે એવો સમય છે જે અમારાથી ખેલી રહેલ છે.

તદ્‌ઉપરાંત આ પ્રકરણમાં અન્ય બે માણસોનો હાલ પણ યાદ રાખવા જેવા છે. એક એ કે, કોઈ બુઝુર્ગનો છોકરો શહીદ થઈ ગયો તો બાપને કદી ખ્વાબમાં ન દેખાયો કેવળ તે દિવસે ખ્વાબમાં બાપને મળ્યો જે દિવસે સૈયદના હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ એ વિસાલ ફર્માવ્યો. બાપે જોઈને ફર્માવ્યું, હે મારા પુત્ર ! શું તારા પર મૌત નથી આવી ચૂકી ? તો તેણે જવાબ આપ્યો કે હું મુડદા નથી બલ્કે મને શહાદત નસીબ થઈ છે અને હું અલ્લાહ તઆલાના કુર્બ (નિકટ)માં જીવંત છું અને મને વિવિધ જાતની રોજી મળે છે. બાપે કહ્યું કે, આજે તું કેવી રીતે આ તરફ આવી ગયો ? તો તેણે કહ્યું કે, આજે સર્વ આસ્માનવાળાઓને અવાજ આપવામાં આવ્યો છે કે આજે કોઈ નબી, સિદ્દીક઼, શહીદ અહીં ન રહે અને સર્વ ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝના જનાઝામાં શરીક થાય ! તો હું પણ જનાઝાથી ફારિગ થઈને તમને સલામ કહેવા આવી પહોંચ્યો છું.

અને બીજો પ્રસંગ હઝરત હેશામ ઈબ્ને હસ્સાનથી મન્કૂલ છે. તેઓ કહે છે, મારો એક નાની વયનો બાળક મૃત્યુ પામ્યો. મૌત પછી મેં તેને ખ્વાબમાં જોયો કે, વૃદ્ધ થઈ ગયો છે ! મેં પૂછયું કે, હે બાળક ! તું વૃદ્ધ શાથી થઈ ગયો ? તો તેણે જવાબ આપ્યો કે, ફલાણો શખ્સ દુનિયાથી અમારી પાસે આવ્યો તો દોઝખે તેને જોઈને ગુસ્સામાં એક શ્વાસ લીધો જેના ડરથી અમે સૌ એક ઘડીમાં

વૃદ્ધ થઈ ગયા. (અલ્લાહની પનાહ !)

## ★ કૃયામતનો દિવસ ★

ક્યામતના દિવસે લોકોની સ્થિતિનું વર્ણન આ આયતમાં કરવામાં આવ્યું છે :

يَوْمَ نَحْشُرُ الْمُتَّقِيْنَ اِلَى الرَّحْمٰنِ وَفْدًا ۙ وَّ نَسُوْقُ الْمُجْرِمِيْنَ اِلٰى جَهَنَّمَ وِرْدًا

"તે દિવસે અમે પરહેઝગાર લોકોને રહમાનની બારગાહમાં સવાર કરીને લઈ જશું અને મુજરિમોને દોઝખની તરફ તરસ્યા હાંકીશુ !"

*(પારા : ૧૬, સૂરએ મરયમ, રુકૂઅ : ૮, આયત : ૮૬)*

એક શખ્સ કૃબ્રમાંથી ઉઠશે તો તેની સવારીના માટે કૃબ્ર પર બુર્રાક તૈયાર હશે. તો કૃબ્રમાંથી નીકળતાં જ તેના માથા પર નૂરી તાજ રાખવામાં આવશે, આ'લા લિબાસ પહેરાવવામાં આવશે અને બુર્રાક પર બેસાડીને જન્નતની તરફ લઈ જવામાં આવશે. તેના માનપાન માટે તેને પગપાળા ચાલવા દેવામાં આવશે નહીં, અને એક અન્ય શખ્સ કૃબ્રમાંથી ઉઠશે તો દોઝખના ફરિશ્તા, દોઝખની ઝંજીરો અને જાત જાતના અઝાબ તેને દોઝખ તરફ પૈદલ ચાલવાની ફુરસદ પણ આપશે નહીં બલ્કે કૃબ્રેથી નીકળતાં જ તેને મોઢાભેર ઘસેડીને ફરિશ્તા દોઝખમાં નાખી દેશે. نعوذ باللّٰه من غضبه

મેં કેટલાક ઉલમાએ કિરામથી આ હદીષ મુબારક સાંભળી છે કે, હુઝૂર નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, ક્યામતના દિવસે એક કૌમ કૃબ્રમાંથી નીકળશે. તેમના માટે લીલી પાંખોવાળી અતિ ઉમદા સવારીઓ તેમની કૃબ્રો પર તૈયાર ઉભી હશે તેના પર તેઓ સવાર થઈ જશે તો તેઓ તેમને ઉડાડીને મેહશરના મેદાનની આગળ લઈ જશે. જેથી તેઓ એ સવારીઓ પર જન્નતની દીવાલો સુધી પહોંચી જશે. જન્નતની દીવાલો પરના મુહાફિઝ ફરિશ્તાઓ તેમને જોઈને આપસમાં કહેશે કે, આ કોણ લોકો છે ? કેટલાક જવાબ આપશે કે કદાચ આ લોકો હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺની ઉમ્મતમાંથી છે, તો કેટલાક ફરિશ્તાઓ તો તેમની પાસે આવશે અને પૂછશે કે, તમે કોણ છો ? અને કઈ ઉમ્મતમાંથી છો ? તો તેઓ જવાબ આપશે કે, અમે હઝરત મુહમ્મદ મુસ્તફા

ﷺના ઉમ્મતમાંથી છીએ. તો ફરિશ્તાઓ તેમને પૂછશે કે, શું તમારો હિસાબ કિતાબ થઈ ચૂક્યો ? તેઓ જવાબ આપશે કે અમારો કોઈ હિસાબ થયો નથી. પછી ફરિશ્તાઓ પૂછશે, શું તમારા અમલોનું વજન કરાઈ ચૂક્યું છે ? તેનો પણ તેઓ નકારમાં જવાબ આપશે. પછી ફરિશ્તા તેમને પૂછશે કે, શું તમે તમારા આમાલનામાં વાંચી લીધાં છે ? તેઓ કહેશે નહીં ! તો ફરિશ્તાઓ તેમને કહેશે કે, પાછા ચાલો ! કેમ કે આ બધી કાર્યવાહી પાછળ રહી ગઈ છે. તે લોકો જવાબ આપશે કે શું તમે અમને કોઈ ચીજ આપી હતી જેનો અમારી પાસેથી હિસાબ લેવામાં આવે ? બીજી હદીષમાં છે તેઓ જવાબ આપશે કે દુનિયામાં અમે કોઈ ચીજના માલિક ન હતા કે અમે અદલો ઈન્સાફ કરત કે જુલ્મ કરત. અમે તો દુનિયામાં અમારા રબની બંદગી અને ઈબાદતમાં વ્યસ્ત રહ્યા, એટલે સુધી કે એણે અમને આજે અહીં બોલાવ્યા, તો અમે આવી ગયા. એટલામાં કોઈ અવાજ દેનાર પોકાર કરશે, મારા બંદાઓએ ઠીક વર્ણન કર્યું છે ! ઈખ્લાસની સાથે નેકીમાં જિંદગી પસાર કરીને આવનારાઓથી કોઈ અમલોની પૂછતાછ નથી અને અલ્લાહ તઆલા ગફુરો રહીમ છે.

હે સાંભળનારા ! શું તેં ખુદા તઆલાનું ફર્માન મુબારક નથી સાંભળ્યું ?

اَفَمَنۡ يُّلۡقٰى فِى النَّارِ خَيۡرٌ اَمۡ مَّنۡ يَّاۡتِىۡۤ اٰمِنًا يَّوۡمَ الۡقِيٰمَةِ‌ؕ

"તો શું જે શખ્સ દોઝખમાં નાખવામાં આવશે તે સારો છે કે તે શખ્સ જે અમ્નો આફિયતની સાથે જન્નતમાં ચાલ્યો જશે."

*(પારા : ૨૪, સૂરએ હા મીમ સજદા, રુકૂઅ : ૧૯, આયત : ૪૦)*

તો તે શખ્સ કેટલા અંશે મહાન મર્તબાવાળો હશે જે ક્યામતના આ ભયંકર દશ્યો, ડરામણી ઘટનાઓ અને બીવડાવનારા પ્રસંગોને જોશે પણ તેને દિલને કોઈ ખૌફ, ગભરાહટ અને બોજ મહેસૂસ થશે નહીં. બલ્કે તે ખુદાની મહેરબાનીથી ક્યામતના મેદાનેથી સુકૂનભેર નીકળીને જન્નતની તરફ ચાલ્યો જશે.

આપણે અલ્લાહ તઆલાથી દરખાસ્ત કરીએ છીએ કે, અમને અને તમને સૌને તે નેક બખ્તોમાં દાખલ કરે અને એ અલ્લાહ عزوجل માટે કોઈ મુશ્કેલ નથી.

## ★ જન્નત અને દોઝખનું બયાન ★

આ પ્રકરણમાં કુર્આન મજીદની આ બે આયતો પર વિચાર કરો. એક આયત આ પ્રમાણે છે :–

وَ سَقٰىهُمۡ رَبُّهُمۡ شَرَابًا طَهُوۡرًا ۝٢١ اِنَّ هٰذَا كَانَ لَكُمۡ جَزَآءً وَّ كَانَ سَعۡيُكُمۡ مَّشۡكُوۡرًا

"અલ્લાહ તઆલા તેમને શરાબે તહૂરના જામ પીવડાવશે અને તેમને કહેવામાં આવશે, આ છે તમારા અમલોની જઝા (બદલો) અને તમારી કોશિશ મક્બૂલ થઈ." *(પારા : ૨૯, સૂરએ દહર, રુકૂઅ : ૧૯, આયત : ૨૨)*

અને બીજી આયત એ છે જેમાં અલ્લાહ તઆલાએ દોઝખવાસીઓની હાલત આ પ્રમાણે દર્શાવી છે :–

رَبَّنَاۤ اَخۡرِجۡنَا مِنۡهَا فَاِنۡ عُدۡنَا فَاِنَّا ظٰلِمُوۡنَ ۝١٠٧ قَالَ اخۡسَـُٔوۡا فِيۡهَا وَ لَا تُكَلِّمُوۡنِ ۝١٠٨

"અર્ઝ કરશે : હે અમારા પરવરદિગાર ! અમને આ દોઝખમાંથી કાઢ ! અમે જો ફરીવાર તારી નાફર્માની કરી તો બેશક ! અમે જાલિમ હોઈશું. અલ્લાહ તઆલા જવાબમાં ફર્માવશે, એમાં જ ઝિલ્લત અને ખુવારીની સાથે પડયા રહો અને મારાથી વાત પણ ન કરો !"

*(પારા : ૧૮, સૂરએ મુઅ્મિનૂન, રુકૂઅ : ૬, આયત : ૧૦૭, ૧૦૮)*

રિવાયતમાં છે કે, ત્યાર બાદ તેમની શિકલો કૂતરાઓ જેવી થઈ જશે અને તેઓ તેમાં કૂતરાઓની જેમ ભસતા ફરશે. (અલ્લાહની પનાહ !)

જેથી મામલો એવો જ છે જેમ કે હઝરત યહ્યા ઈબ્ને મઆઝ રાઝી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું છે કે, આપણે નથી જાણતા કે બે મુસીબતોમાંથી મોટી મુસીબત કઈ છે ? જન્નતને ખોઈ બેસવું અથવા દોઝખમાં જવું. જન્નતથી સબ્રનો કોઈ અવકાશ નથી અને દોઝખના અઝાબને સહન કરવાની પણ કોઈ સ્થિતિ નથી. પરંતુ સરવાળે નેઅ્મતનું જતુ રહેવું દોઝખનો અઝાબ સહન કરવાની સરખામણીએ આસાન છે. વળી દોઝખમાં હમેશાં રહેવું એ મહાન સદમો અને મહાન મુસીબત છે. એટલા માટે કે જો એ અઝાબ કોઈ વખતે ખત્મ થઈ જનાર હોત તો પણ કાંઈ સહૂલત થાત, પરંતુ એતો સદાયને માટે રહેશે અને તેને કોઈ છેડો આવશે નહીં. તો કયા દિલમાં આવો અઝાબ સહન કરવાની શક્તિ છે અને

કોની જાન એના પર સબ્ર રાખી શકે છે ? એટલા માટે હઝરત ઈસા عليه السلامએ ફર્માવ્યું કે, ક઼ાયમી અઝાબનો ઉલ્લેખ ડરનારાઓના દિલોના ટુકડે ટુકડા કરી નાખે છે.

હઝરત હસન رضي الله عنهની સમક્ષ જ્યારે એનો ઉલ્લેખ કરવામાં આવ્યો જે સૌથી છેલ્લે દોઝખથી નીકળશે, જેનું નામ હન્નાદ હશે, તેને એક હજાર વરસ સુધી અઝાબ થયો હશે, તો યા હન્નાન યા મન્નાન પોકારતો પોકારતો દોઝખથી બહાર આવશે. તો તેનો હાલ સાંભળીને રડી પડયા અને ફર્માવવા લાગ્યા, કાશ ! હું હન્નાદ હોત ! લોકોને આપના આ કથન પર આશ્ચર્ય થયું તો આપે ફર્માવ્યું કે, ''તમારા પર અફસોસ ! એ વાત નથી સમજતા ! તે એક ન એક દિવસ તો અઝાબથી નીકળી આવશે.'' હું કહું છું ખૌફ તથા ડરનો આ સઘળો મામલો એક ઉસૂલી વાતની પ્રતિ વળે છે અને તે જ એક મુદ્દો છે જે હિંમતને તોડે છે અને ચહેરાઓને પીળા કરે છે, જેની કલ્પનાથી જિગરો પીગળી જાય છે, દિલ ટુકડે ટુકડા થઈ જાય છે અને રડનારાઓની આંખો લોહીનાં આંસુ વહાવે છે.

અને તે મુદ્દો છે મઅ્રેફતે ઈલાહીનું છીનવાઈ જવું. આ જ તે મૂળ વાત છે જેનો ડર ડરનારા અને દરેક સમયે લાગેલો રહે છે અને જેના પર રડનારાઓની આંખો દરેક સમયે અશ્રુ સારતી રહે છે.

કેટલાક બુઝુર્ગોનો ક઼ૌલ છે કે, ગમ ત્રણ પ્રકારના છે : તાઅત (ફર્માંબરદારી) તથા નેકીનો ગમ કે, કદાચ તે ક઼બૂલ ન થાય ! ગુનાહોનો ગમ કે કદાચ તેની મગફિરત ન થાય ! અને મઅ્રેફતનો ગમ કે તે કોઈ વખત છીનવાઈ ન જાય ! કેટલાક ઈખ્લાસવાળાઓએ કહ્યું છે કે, ગમ વાસ્તવમાં એક જ છે અને તે મઅ્રેફત છીનવાઈ જવાનો ગમ, બાકી સર્વ ગમો તેનાથી ઉતરતી કક્ષાના છે કેમ કે તે કોઈ વખતે ખત્મ થઈ શકે છે પરંતુ સલબે મઅ્રેફત (ઈસ્લામની દૌલત છીનવાઈ જવી)નો ગમ કદી દૂર નથી થઈ શકતો.

અમને યૂસુફ ઈબ્ને અસ્બાત્ رحمة الله عليهથી આ વાત પહોંચી છે કે, એકવાર આપ હઝરત સુફયાન ષૌરી رحمة الله عليهની પાસે તશરીફ લઈ ગયા. યૂસુફ ઈબ્ને અસ્બાત ફર્માવે છે કે, મેં જોયું કે, હઝરત સુફયાન ષૌરી  રાતભર રડતા રહ્યા

છે. મેં પૂછયું કે શું તમે તમારા ગુનાહોના ભયથી રડો છો ? તો હઝરત સુફયાને એક તણખલુ ઉઠાવ્યું અને ફર્માવ્યું કે, "ગુનાહ તો અલ્લાહ તઆલાની સમક્ષ એનાથી પણ કમ હૈસિયત ધરાવે છે ! મને તો એ વાતનો ડર છે કે, અલ્લાહ તઆલા ઈસ્લામની દૌલત ન છીનવી લે ! આપણે એહસાન કરનાર અલ્લાહ સુબ્હાનહૂ તઆલાથી ઈલ્તેજા કરીએ છીએ કે, તે આપણને કોઈ મુસીબતમાં ન નાખે અને પોતાના ફઝ્લથી આપણને પોતાની નેઅ્મતો એનાયત કરે અને મિલ્લતે ઈસ્લામ પર આપણને મૌત નસીબ કરે, તે અર્‌હમુર્રાહિમીન છે.

અમે બુરા ખાત્માના સબબ વિશે અહ્યાઉલ ઉલૂમમાં વર્ણન કરી ચૂક્યા છીએ, તેમાં જોઈ લેશો. કેમ કે અહીં એ બહષને છેડવી એક ઘણી લાંબી ચર્ચાનો દરવાજો ખોલવા સમાન થશે જેના માટે આ સંક્ષિપ્ત કિતાબમાં અવકાશ નથી. તમે આ ટૂંકી વાતને ગંભીરપણે સમજી લો, કેમ કે ઘણીવાર વિગત તથા વિસ્તારપૂર્વક વર્ણનમાં હેતુથી પણ વહેમો પેદા થઈ જાય છે. જેથી ટૂંકા વર્ણનથી જ સંતોષ માનો કે શાયદ તમને અલ્લાહ તઆલાની મદદ તથા તૌફીક્‌થી ફલાહ તથા કામયાબી નસીબ થઈ જાય.

**સવાલ** : જો તમે એ સવાલ કરો કે, તો અમારે કયો રસ્તો અપનાવવો જોઈએ ? ખૌફનો કે રજાઅ્નો ?

**જવાબ** : તમારે એ બંનેની વચ્ચેનો માર્ગ અપનાવવો જોઈએ, કેમ કે કહેવામાં આવ્યું છે કે જેના પર રજાઅ્નો ગલ્બો (પ્રભાવ) છવાઈ ગયો તે મુરજિયા બની જાય છે અને તેના વિશે મોટાભાગે ખતરો રહે છે કે એવો શખ્સ અક્‌ીદામાં આઝાદ બની જાય છે અને જેના પર ખૌફનો ગલ્બો (પ્રભાવ) છવાઈ ગયો તે ખારજીમાંથી થઈ ગયો. આ કહેવતનો મતલબ પણ એ જ છે કે, કેવળ એક પાસુ ન અપનાવે. અને હક્‌ીક્‌ીત પણ એ જ છે કે રજાએ હક્‌ીક્‌ી ખૌફે હક્‌ીક્‌ીથી અલગ નથી થઈ શકતી. અને ખૌફે હક્‌ીક્‌ી રજાએ હક્‌ીક્‌ીથી અલગ થઈ શકતી નથી. એ જ કારણે કહેવામાં આવ્યું છે કે, રજાઅ્ પૂરેપૂરી ખૌફવાળાઓ માટે છે, અમ્નથી (નીડરતાથી) તેમને કોઈ સંબંધ નથી અને ખૌફ સઘળે સઘળો રજાઅ્વાળાઓ માટે છે "યાસ" અને નિરાશાથી તેમને કોઈ લેવા દેવા નથી.

**સવાલ** : શું સંજોગોને અનુરૂપ તેમાંથી કોઈ એકને અગ્રિમતા કે અધિક્તા હાંસલ થઈ શકે છે ? કે હર હાલતમાં મધ્યમ માર્ગે જ ક઼ાયમ રહેવું જરૂરી છે ?

**જવાબ** : જાણવું જોઈએ કે, જ્યારે ઈન્સાન તંદુરસ્ત તથા મજબૂત હોય ત્યારે એવી હાલતમાં ખૌફ ગાલિબ હોવો જોઈએ. અને જ્યારે બીમાર પડી જાય અને કમજોરી તથા લાચારીનો શિકાર થઈ જાય, ખાસ કરીને જ્યારે આખેરતની પ્રતિ વિદાય થવાની વેળા આવી પડે ત્યારે રજાઅ્નો ગલ્બો (પ્રભાવ) હોવો જોઈએ, મેં ઉલમાએ કિરામથી એ પ્રમાણે સાંભળ્યું છે. હું કહું છું, એની એક દલીલ એ પણ છે, મરવી છે કે અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા ફર્માવે છે, હું તે લોકોની પાસે હોઉં છું જેમના દિલો મારા ખૌફથી ચૂર થઈ ચૂક્યાં છે. તો એવા સમયે તેના માટે રજાઅ્ ઉલા તથા બેહતર હોય છે. કેમ કે તંદુરસ્તી તથા શક્તિના સમયમાં તેના પર ખૌફ છવાયેલો રહેલો હોય છે, એટલા માટે તેમને કહેવામાં આવે છે, أَلَّا تَخَافُوا وَلَا تَحْزَنُوا કે કોઈ પ્રકારનો ખૌફ ન કરો અને ન કોઈ ગમ કરો.

**સવાલ** : શું ઘણી ખબરો તથા હદીષો એના બારામાં નથી આવી કે અલ્લાહ તઆલાથી હુસ્ને ઝન (સારું ગુમાન) રાખવું જોઈએ અને આ સદ્ગુમાનના પ્રતિ આકર્ષવા ઘણી રિવાયતો પણ આવેલી છે.

**જવાબ** : જાણી લો કે અલ્લાહ તઆલાથી હુસ્ને ઝન (સદ્ગુમાન) એ છે કે, બંદો તેની નાફર્માનીથી બચે, તેના અઝાબ તથા પૂછતાછથી ડરે અને ઈબાદત તથા બંદગીમાં કોશિશ કરે.

જાણવું જોઈએ કે અહીં એક ઠોસ અસ્લ (નિયમ) અને મહત્વનો મુદ્દો છે જેમાં મોટાભાગના લોકો ગલતીનો શિકાર બનેલા છે. અને તે એ છે કે રજાઅ્ અને આરઝૂમાં ફર્ક છે. જેમ કે, રજાઅ્ તો દલીલ છે અને અસલથી સંબંધિત છે પણ આરઝૂ એ બેઅસ્લ અને બેદલીલ ચીજ છે.

આ બંનેનું દષ્ટાંત એ પ્રમાણે છે કે, એક શખ્સ બીજ વાવે પછી તેના ઉછેર માટે મહેનત કરતો રહે પછી ફસલ કાપીને ખરીમાં રાખે અને કહે કે મને ઉમ્મીદ છે કે સો ગણો ફસલ થશે તો રજાઅ્ અને ઉમ્મીદ છે. એથી ઉલટું એક બીજો

શખ્સ હોય જેણે સમયસર બીજ ન વાવ્યું અને ખેતીવાડીનું એક દિવસ પણ કામ ન કર્યું, ઘરે સૂતેલો જ રહ્યો અને આખુ વરસ ગફલતમાં પસાર કર્યું. તે જો ફસલ કાપવાના સમયે કહેવાનું શરૂ કરે કે આશા છે કે સો કોથળા અનાજ થશે. તો એવી વ્યક્તિને કહેવામાં આવશે કે તારી આ ઉમ્મીદ હકીકતમાં ઉમ્મીદ નથી બલ્કે એ તો કેવળ ઉમ્નીત (અમ્ન તથા ચૈન) અને આરઝૂ છે. બરાબર એ જ પ્રમાણે બંદો જ્યારે નેક અમલો માટે કોશિશ કરે અને ગુનાહખોરી તથા નાફર્માનીથી બચે તો એ કહી શકે છે, મને ઉમ્મીદ છે કે, અલ્લાહ તઆલા મુજ હકીરની બંદગીને ક઼બૂલ ફર્માવે અને કમીને પૂરી કરે, અને એના પર મોટો સવાબ આપે, લગઝિશોને માફ કરે અને મને અલ્લાહ તઆલાની જાતથી હુસ્ને ઝન (સદ્‌ગુમાન) છે. તો બંદાની આ પ્રકારની ઉમ્મીદ રજાઅ્ કહેવાય છે જે શરીઅતમાં મહમૂદ (પસંદીદા) છે.

પરંતુ, એક વ્યક્તિ જો ગાફિલ તથા લાપરવાહ રહે, નેક કામોને સ્પર્શે નહીં અને ગુનાહો તથા નાફર્માનીમાં રચ્યો પચ્યો રહે, અલ્લાહ તઆલાના ગુસ્સાની અને નારાજગીની પરવા ન કરે અને અલ્લાહ તઆલાની રજાઅ્ તથા તેના વાયદા તથા વઈદ (ચેતવણીઓ)ને ગણકારે નહીં ! છતાં એવું કહેતો ફરે કે મને ઉમ્મીદ છે કે અલ્લાહ તઆલા મને જન્નત અતા કરશે અને દોઝખના અઝાબથી બચાવશે તો એ ઉમ્નીત અને આરઝૂ છે, એ રજાઅ્ અને ઉમ્મીદ નથી. અને આ એક દુર્લભ ચીજ છે તેને તેણે રજાઅ્ અને સદ્‌ગુમાન (હુસ્ને ઝન)નું નામ આપી દીધું. આ બાબતમાં તે ભટકેલો અને ગલતફહમીમાં સપડાયેલો છે. આ બાબતે એક શાયર આ પ્રમાણે કહે છે :–

અર્થ : "તમે નજાતની ઉમ્મીદ રાખો છો પરંતુ નજાતનો માર્ગ અપનાવતા નથી ! નાવડી સૂકામાં ચાલી શકતી નથી !"

હું કહું છું કે, આ નિયમ તથા કાયદાને જેનાથી સમર્થન મળે છે તે હુઝૂર નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامની આ હદીષ છે કે, આપે ફર્માવ્યું :–

"દાના (શાણો) તે છે જે પોતાના નફ્સને દીન તથા શરીઅતને તાબે કરે અને મૌત પછી કામ લાગે એ અર્થે અમલનો ઝખીરો એકત્ર કરે, મૂર્ખ તે છે જે

પોતાના નફ્સની ઈચ્છાઓની પયરવી કરે અને અલ્લાહ તઆલાથી નજાત તથા જન્નતની ઉમ્મીદ લગાડીને બેસે !''

એના અનુસંધાનમાં હઝરત હસન બસરી رحمۃ اللہ علیہ નો કૌલ છે કે, ''કેટલાક લોકો એવા હોય છે જેઓ દુનિયામાં બખ્શિશ અને મગફિરતની ઉમ્મીદોમાં રહે છે, નેક અમલ કાંઈ કરતા નથી અને દુનિયાથી આખેરત તરફ મુફલિસ થઈને જાય છે, તેમની પાસે નામે નેકી હોતી નથી અને એવું કહેતા હોય છે કે અમને અમારા રબથી હુસ્ને ઝન (સદ્ ગુમાન) છે, (કે તે અમારી સાથે બેહતર સુલૂક કરશે.) પરંતુ ''એવા લોકો જૂઠા છે !'' કેમ કે, જો તેમને અલ્લાહ તઆલાથી સારું ગુમાન હોત તો તેમના અમલો પણ સારા હોત. પછી કુર્આન મજીદની આ આયત પઢયા :

فَمَنْ كَانَ يَرْجُوْا لِقَآءَ رَبِّهٖ فَلْيَعْمَلْ عَمَلًا صَالِحًا وَّلَا يُشْرِكْ بِعِبَادَةِ رَبِّهٖٓ اَحَدًا

''તો જે શખ્સ અલ્લાહ તઆલાથી મુલાકાતની ઉમ્મીદ રાખતો હોય તેણે જોઈએ કે નેક અમલો અપનાવે.''

*(પારા : ૧૬, સૂરએ કહફ, રુકૂઅ : ૩, આયત : ૧૧૦)*

બીજી આયત આ પઢી :

وَذٰلِكُمْ ظَنُّكُمُ الَّذِىْ ظَنَنْتُمْ بِرَبِّكُمْ اَرْدٰىكُمْ فَاَصْبَحْتُمْ مِّنَ الْخٰسِرِيْنَ

''એ હતું તમારું ગુમાન તમારા રબના વિશે જેણે તમને હલાક કરી દીધા તો, તમે નુકસાન ઉઠાવનારાઓમાંથી થઈ ગયા.''

*(પારા–૨૪, સૂરએ હા મીમ સજદા, રુકૂઅ : ૧૭, આયત : ૨૩)*


જાફર ઝબઈ ઝરીયે رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, મેં એકવાર હઝરત અબૂ મુસીરહ્ આબિદને જોયા કે ઈબાદત તથા બંદગીમાં કોશિશ તથા મહેનત અને પુષ્કળ પ્રમાણમાં મુજાહિદાઓના લીધે તેમની પાંસળીઓ નીકળી ગયેલી હતી. મેં કહ્યું કે, અલ્લાહ તઆલા તમારા પર રહમ કરે ! અલ્લાહ તઆલાની રહ્મત તો અતિ વિશાળ છે. તો આપ આ શબ્દો સાંભળતાં ગુસ્સામાં આવી ગયા અને ફર્માવ્યું કે, તેં મારામાં એવી કઈ ચીજ જોઈ છે જેનાથી એવું પ્રદર્શિત થતું હોય કે હું અલ્લાહ તઆલાની રહમતથી માયૂસ અને નિરાશ છું ! અલ્લાહ તઆલાની

રહમત તો નેકોકાર લોકોની તદન નિકટ છે.

હઝરત ઝબઈ કહે છે કે મને તેમની એ વાત સાંભળીને રડવું આવી ગયું કે, જ્યારે અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامُ અને તમામ ઔલિયા તથા અબ્દાલ ઈબાદતમાં ભારે કોશિશ તથા મહેનત અને ગુનાહોથી સંપૂર્ણતઃ પરહેઝ અને દૂરી અપનાવવા છતાં હર પળે તેઓ ખૌફ તથા ડરથી લબરેઝ રહે ! તો તમારો શો ખયાલ છે ? શું અલ્લાહ તઆલાથી તેમને હુસ્ને ઝન (સદ્ગુમાન) નથી ! જ્યારે કે, તેમને તેની વિશાળ રહ્‌મત પર સંપૂર્ણતઃ યક઼ીન હતું અને તેમને અલ્લાહ તઆલાના જૂદો કરમથી ઘણુ જ હુસ્ને ઝન હતું.

વાસ્તવિક્તા એ છે કે, તેઓ જાણતા હતા કે, ફર્માંબરદારીમાં મહેનત તથા કોશિશ કર્યા વિના કેવળ હુસ્ને ઝનએ હુસ્ને ઝન નથી ! બલ્કે જૂઠી આરઝૂ અને ધોકો તથા ગુરૂર છે.

આ મુદ્દા પરથી બોધ હાંસલ કરો અને સાલેહીન (નેક લોકો)ની હાલતો પર વિચાર કરો અને ગફલતની નિંદ્રાથી જાગૃત થઈ જાવ.



## પ્રકરણ

## મધ્યમ માર્ગ અપનાવનાર માટે બશારત

સારાંશ એ છે કે જ્યારે તમે અલ્લાહ તઆલાની રહમતનો ખયાલ કરશો જે તેના ગઝબ પર ગાલિબ છે અને જે તમામ અસ્તિત્વવાળી ચીજો પર છવાયેલી છે, ત્યારે તમે એના પર પણ ખયાલ કરો કે ખુદા તઆલાએ તમને આ ઉમ્મતે મર્હૂમા મુકર્રમામાં પેદા કર્યા, પછી તેના મહાન ફઝ્લ અને તેના કમાલ દરજ્જાના જૂદો કરમનો પણ ખયાલ કરો, પછી તે બાબતનો પણ ખયાલ કરો કે જે કિતાબ તેણે તમારી હિદાયતના માટે ઉતારી તેને બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહિમથી શરૂ કરી એટલે કે બિસ્મિલ્લાહમાં જ પોતાની રહમાનિયત તથા રહીમિયતનો ઉલ્લેખ કર્યો. પછી એ પણ ખયાલ કરો કે તે ઝાતે કરીમે તમારા તરફથી કોઈ સિફારશી અને કોઈ આગળની ખિદમત વગર કેવળ પોતાના ફઝ્લો કરમથી તમને અસંખ્ય જાહેરી તથા બાતિની મહેરબાનીઓ તથા ઈનામોથી નવાજ્યા.

બીજી બાજુ એ તેના કમાલો તથા જલાલ તેની અઝમત તેની મહાન કુદરત તથા હયબત (ડર) તેમજ તેના સખત ગુસ્સા તથા ગઝબનો પણ ખયાલ કરો જેની સમક્ષ આસ્માન તથા જમીન પણ નથી ટકી શકતાં. પછી તમે આખેરતના મામલાની ગંભીરતા અને ખતરા પ્રતિ તમારી અતિશય ગફલત, અને તમારા અસંખ્ય ગુનાહો અને સંગદિલીનો પણ ખયાલ કરો. પછી એ વાતનો ખયાલ કરો કે અલ્લાહ તઆલા તમારી તમામ હરકતો તથા નિષ્ક્રિયતાઓ, તમામી તમામ અયબો અને છુપી વાતોથી સંપૂર્ણતઃ વાકેફ છે. પછી તમે તેને હુસ્ને વાદા (ભલાઈના વાયદાઓ) અને તે સવાબને પણ દિમાગમાં લાવો જેનુ માપ અને હક઼ીક઼ત ઈન્સાની વહેમ તથા ગુમાનથી ઘણી જ ઉચ્ચ છે. પછી તેની સખત ધમકીઓ અને તેના દર્દનાક અઝાબને પણ ધ્યાનમાં લાવે જેને ઈન્સાની દિલો સહન નથી કરી શકતાં. તેમજ તમે તેના ફઝ્લો કરમ અને તેની સરખામણીમાં તેના અઝાબ, પછી તેની રહમત તથા શફ્ક઼ત પછી તમારા નફ્સની અવળ ચંડાઈ અને ખોટા માર્ગે જવાની વૃત્તિ અને ગુનાહો તથા જુર્મોને પણ દિમાગમાં રાખશો તો સર્વ વાતો તમારામાં ખૌફ તથા રજાઅ્નો ગુણ પેદા કરી દેશે અને

તમે મધ્યમાર્ગે ચાલી નીકળશો અને તમે બેખૌફી અને નાઉમ્મીદીના બંને તબાહકુન માર્ગો અને બેખૌફી તથા નાઉમ્મીદીના મેદાનોમાં પરેશાન હાલતમાં ફરનારાઓથી અલગ થઈ જશો અને હલાક તથા બરબાદ થનારાઓથી દૂર થઈ જશો અને ખૌફ તથા રજાઅ્ની મધ્યમ શરાબથી તૃપ્ત થઈ જશો, પછી ન તો કેવળ રજાઅ્ની ઠંડકથી હલાક થશો અને ન કેવળ ખૌફની આગમાં સળગશો.

હવે તમે તમારો હેતુ સિદ્ધ કરી ચૂક્યા અને બંને જીવલેણ બીમારીઓથી બચી ગયા. હવે તમે તમારા નફ્સને ફર્માંબરદારી તથા બંદગી માટે તૈયાર પામશો અને ગફલત તથા સુસ્તી વિના દિવસ, રાત ખિદમતમાં વ્યસ્ત રહેશો આ રીતે તમે ગુનાહો અને ઝલીલ હરકતોથી સંપૂર્ણપણે મહફૂઝ થઈ જશો અને બુરાઈઓથી પૂર્ણપણે દૂરી પ્રાપ્ત થઈ જશે.

હઝરત નૌફ બકાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે, નૌફ જ્યારે જન્નતનો ઝિક્ર કરે છે તો તેના દિલમાં જન્નતનો શોખ પેદા થઈ જાય છે અને જ્યારે તેને દોઝખની આગ યાદ આવે છે તો ડરના માર્યા તેની ઊંઘ ઉડી જાય છે.

ખૌફ તથા રજાઅ્ની આ સાચી કૈફિયત પેદા થઈ ગયા બાદ તમે અલ્લાહ તઆલાના બરગુઝીદા અને ખાસ આબિદોમાંથી થઈ જશો જેમનો અલ્લાહ તઆલાએ આ આયતમાં ઝિક્ર કર્યો છે :–

اِنَّهُمْ كَانُوْا يُسٰرِعُوْنَ فِي الْخَيْرٰتِ وَيَدْعُوْنَنَا رَغَبًا وَّ رَهَبًا ؕ وَكَانُوْا لَنَا خٰشِعِيْنَ

''બેશક ! આ લોકો નેક કામ કરવામાં જલ્દી કરતા હતા અને ખૌફ તથા આકર્ષણની હાલતમાં અમારી બંદગી કરતા હતા અને અમારી આગળ ઝુકેલા રહેતા હતા.'' *(પારા : ૧૭, સૂરએ અંબિયા, રુકૂઅ : ૬, આયત : ૯૦)*

અને હવે તમે અલ્લાહના હુકમથી અને તેની હુસ્ને તૌફીક઼થી આ ખતરનાક ઘાટીને પાર કરી ગયા, હવે તમને દુનિયામાં ઘણી જ સફાઈ અને હલાવત નસીબ થઈ ગઈ અને તમોએ આખેરતના માટે મહાન ખજાનો અને અઢળક બદલો હાંસલ કરી લીધો. અલ્લાહ તઆલાથી દુઆ છે કે તે તમારી તથા અમારી તેની તૌફીક઼ અને દુરુસ્તી વડે મદદ ફર્માવે. બેશક ! તે અર્હમુર્રાહિમીન અને તમામ સખીઓથી મોટો સખી છે. وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ

# છઠ્ઠી ઘાટી : અ઼ક઼બતુલ ક઼વાદિહ્

## (રિયા તથા અભિમાન વિશે)

હે બિરદાર ! અલ્લાહ તને અને અમને પોતાની હુસ્ને તૌફીક઼થી મદદ ફર્માવે. આ ઈબાદતના માર્ગની ઓળખ અને મઅ્રેફત અને આ માર્ગે ચાલવામાં અડગતા પછી ઈબાદત અને બંદગીને ખરાબ અને બરબાદ કરનારી ચીજોથી તારે અલગ રહેવું અને બચવું લાઝિમ અને જરૂરી છે, અને આ વાત ઈખ્લાસને ક઼ાયમ રાખવા અને અલ્લાહ તઆલાના એહસાનોને યાદ કરવા અને નાજાઈઝ બાબતોથી બચ્યા પછી જ હાંસલ થઈ શકે છે. આ વાત બે કારણે લાઝિમ તથા જરૂરી છે : એક તો એ કારણે કે ઈખ્લાસથી (નિખાલસતા : કેવળ ખુદાને ખાતર થતો અમલ) અલ્લાહ તઆલાની હુઝૂરીમાં અમલને ક઼બૂલિયતનો મક઼ામ હાંસલ થાય છે અને સવાબ પ્રાપ્ત કરવામાં કામયાબી નસીબ થાય છે. નહીં તો ઈખ્લાસ ન રહેવાની સ્થિતિમાં અમલો મરદૂદ થઈ જાય છે અને તેનો સવાબ ક્યાં તો તદ્દન જ નથી અથવા કાંઈને કાંઈ બરબાદ થઈ વેડફાઈ જાય છે. કેમ કે મશહૂર હદીષમાં હુઝૂર નબી કરીમ ﷺથી મરવી છે. એમાં અલ્લાહ તઆલા ફર્માવે છે કે :–

"હું શિર્કથી તદ્દન બેનિયાઝ (બેપરવા) છું, જે શખ્સ અમલમાં મારા ગૈરને શરીક (ભાગીદાર) કરે તો મારો હિસ્સો પણ તે શરીકને જ પહોંચ્યો. હું કેવળ તે અમલને ક઼બૂલ કરું છું જે કેવળ મારા ખાતર કરવામાં આવ્યો હોય."

### ★ રિયા તથા ઈખ્લાસ વિશે ★

રિવાયત છે કે ક઼યામતના દિવસે જ્યારે બંદો અલ્લાહ તઆલાથી પોતાના અમલો માટે સવાબ તલબ કરશે તો અલ્લાહ તઆલા ફર્માવશે, શું તને મજલિસો તથા મહેફિલમાં ખ્યાતિ નથી આપવામાં આવી ?

શું તને ત્યાં સરદારી નથી આપવામાં આવી ? શું તને દુનિયામાં તારા કારોબાર વેપારમાં પ્રગતિ અને સહૂલત અતા નથી કરવામાં આવી ? શું તને એ જ પ્રકારના અસંખ્ય માન, પાન તથા ઈનામો નથી આપવામાં આવ્યાં ? અને

તને વિવિધ પ્રકારના ખતરાઓ તથા નુકસાનોથી મહેફૂઝ નથી રાખવામાં આવ્યો ? એટલે કે આ સર્વે કાંઈ અમલોના બદલામાં દુનિયામાં તને આપી દેવામાં આવ્યું હતું.

હું કહું છું રિયા (બાહ્ય આડંબર)ના ખતરાઓમાંથી કમ સે કમ બે પ્રકારની શર્મિંદગી તો ઈન્સાનને ઉઠાવવી જ પડે છે અને બે મુસીબતો તેના પર સવાર થાય છે : એક શર્મિંદગી તો તે છુપી રીતની છે અને તે તમામ ફરિશ્તાઓની સમક્ષની શર્મિંદગી અને નદામત છે. જેમ કે રિવાયતમાં છે, ફરિશ્તાઓ એક બંદાના અમલો બખુશી ઉપર લઈ જાય છે પણ અલ્લાહ તઆલા તરફથી હુકમ થાય છે કે આ અમલો સિજ્જીન (દોઝખની એક કક્ષા)માં ફેંકી દો ! કેમ કે તેણે આ અમલો મારી રઝા (રાજીપા) અને ખુશ્નુદી માટે કર્યા ન હતા. તો તે વખતે બંદાએ અને તેના અમલોએ ફરિશ્તાઓ સમક્ષ નીચુ જોવાનું થાય છે ! બીજુ નીચાજોણુ, જાહેરમાં તેને વેઠવું પડશે જે કયામતના દિવસે તમામ મખ્લૂકાતની સમક્ષ શરમાવાનું થશે. હુઝૂર નબીએ કરીમ ﷺથી રિવાયત છે કે :–

''રિયાકાર (બાહ્ય આડંબરી)ને કયામતના દિવસે ચાર નામો વડે પોકારવામાં આવશે, હે કાફિર ! હે ફાજિર ! હે ગદ્દાર ! હે નુકસાન વેઠનાર ! તારી કોશિશ બેકાર જતી રહી, તારા અમલો બેકાર થઈ ચૂક્યા છે, અહીં આખેરતમાં તારો કોઈ જ હિસ્સો નથી. હે ધોકાબાજ ! તારા અમલોનો અજ્રો સવાબ તેની પાસે જઈને લે જેને દેખાડવા માટે તું અમલો કરતો હતો !''

એક રિવાયત એ પણ છે કે :–

''કયામતના દિવસે એક પોકાર કરનાર પોકારશે જેને તમામ મખ્લૂક સાંભળશે. ક્યાં છે તેઓ જેઓ ખુદાને બદલે લોકોની ઈબાદત કરતા હતા ! જાવ અને તમારા અમલોનો બદલો તેમની પાસેથી લો જેમના માટે કરતા હતા, હું અમલને કબૂલ નથી કરતો જેમાં રિયા અને પ્રદર્શનની મિલાવટ હોય.

અને રિયાથી આવનારી બે મુસીબતોમાંથી એક મુસીબત જન્નતથી મહેરૂમી છે. કેમ કે નબીએ કરીમ ﷺથી મરવી છે કે, ''જન્નતે વાતચીત કરી અને કહ્યું કે હું બખીલ અને રિયાકાર પર હરામ છું.''

આ હદીષ શરીફના બે અર્થો થઈ શકે છે. એક એ કે અહીં બખીલથી તે બખીલ મુરાદ છે જે સૌથી શ્રેષ્ઠ કલ્માને જીભ પર લાવવામાં કંજૂસાઈ કરતો હોય. એટલે લાઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ, દિલના ઈકરાર સાથે નથી પઢતો અને અહીં રિયાકારથી મુરાદ તે રિયાકાર છે જે બદ્તરીન પ્રકારની રિયાકારી પ્રદશિત કરે છે. એટલે કે મુનાફિક઼ જે પોતાની તૌહીદ તથા પોતાના ઈમાનમાં રિયાકારી કરે છે. હદીષના આ અર્થમાં ઉમ્મીદની પ્રતિ નિર્દેશ છે કે જો સિદ્ક઼ (સચ્ચાઈ) અને ઈખ્લાસ પેદા થઈ જાય તો તેનો મામલો ઠીક થઈ શકે છે.

હદીષનો બીજો અર્થ એ હોઈ શકે છે કે જે શખ્સ કંજૂસાઈ અને રિયાકારીથી ન બચે, પોતાની પરવા તથા ખાતિર ન કરે તો એવી સ્થિતિમાં બે ખતરાઓ છે : એક તો એ કે શક્ય છે કે કંજૂસાઈ તથા રિયાકારીની નહૂસત તેના પર આવી પડે અને તે કુફ્રના ખાડામાં જઈને પડે અને એ રીતે જન્નતથી તદ્દન વંચિત રહી જાય. અલ્અયાઝુબિલ્લાહ ! બીજો ખતરો એ છે કે તે બખીલાઈ તથા રિયાકારીના લીધે ઈમાન જ ન છીનવાઈ જાય અને દોઝખનો હક્ક઼દાર થઈ જાય. આપણે અલ્લાહની નારાજગી અને સખત ગઝબથી પનાહ માગીએ છીએ.

## ★ સૌથી પહેલાં દોઝખમાં કોણ જશે ? ★

અને બીજી મુસીબત દોઝખમાં જવાનું છે કેમ કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત કરે છે તે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું :–

''ક઼યામતના દિવસે સૌ પ્રથમ હિસાબના માટે જે શખ્સને બોલાવવામાં આવશે તે કુર્આનનો હાફિઝ તથા ક઼ારી હશે અને એક તે જેણે ખુદાની રાહમાં જાન આપી હશે અને એક માલદાર શખ્સને. તો અલ્લાહ તઆલા ક઼ારીને ફર્માવશે કે શું મેં તને તે કિતાબ ન શીખવાડી હતી જે મેં મારા રસૂલ પર નાઝિલ કરી હતી ? તે જવાબ આપશે કે, હા યા રબ ! તો અલ્લાહ તઆલા પૂછશે, શું ઈલ્મના મુતાબિક તેં અમલ કર્યો ? તો ક઼ારી જવાબ આપશે કે હું તારી ખુશ્નુદી માટે આખી રાત અને દિવસના વિવિધ સમયોમાં કુર્આની આયતોની તિલાવતમાં મશગૂલ રહ્યો. અલ્લાહ તઆલા ફર્માવશે કે તું જૂઠુ બોલે છે અને ફરિશ્તાઓ

પણ કહેશે કે તું જૂઠુ બોલે છે. પછી અલ્લાહ તઆલા ફર્માવશે, આયતોની તિલાવતથી તારો ઈરાદો એવો હતો કે લોકો કહે કે ફલાણો શખ્સ કારી છે ! અને તે વાત તને મળી ગઈ. પછી માલદાર શખ્સને બોલાવવામાં આવશે તેને અલ્લાહ તઆલા પૂછશે કે, મેં તને રોજીમાં વૃદ્ધિ આપી હતી અને સુખ સગવડો અતા કરી ન હતી ! એટલે સુધી કે મેં તને કોઈ માણસનો મોહતાજ રાખ્યો ન હતો. તો તે કહેશે, હા યા રબ ! તો તેને પૂછશે કે મારા આપેલ માલને તેં કયા કામમાં વાપર્યો ? તે કહેશે, મેં તે માલ વડે સિલએ રહમી (સગાનાં હક્કો) અદા કરી અને તારા માર્ગે સદકા તથા ખૈરાત કર્યા. અલ્લાહ તઆલા ફર્માવશે, તું જૂઠો છે, ફરિશ્તાઓ પણ કહેશે તે જૂઠો છે. અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા ફર્માવશે કે તારી નિય્યત તો એવી હતી કે દુનિયા તને સખી કહે અને ફૈયાઝના નામથી પોકારે અને એ ચીજ દુનિયામાં તને મળી ગઈ. હવે તે શખ્સને દરબારે ખુદાવંદીમાં લાવવામાં આવશે જેણે અલ્લાહની રાહમાં જાન આપી હશે. અલ્લાહ તઆલા તેને પૂછશે, તેં દુનિયામાં શું નેક કામો કર્યાં ? અર્ઝ કરશે, મને તારી રાહમાં જેહાદનો હુકમ મળ્યો તો હું જેહાદમાં વ્યસ્ત થઈ ગયો એટલે સુધી કે તારા માર્ગમાં ગરદન કપાવી નાખી.

અલ્લાહ તઆલા ફર્માવશે કે તું જૂઠુ બોલે છે, ફરિશ્તાઓ પણ કહેશે કે તું જૂઠુ બોલી રહ્યો છે. અલ્લાહ તઆલા ફર્માવશે તારો મકસદ તો એવો હતો કે લોકો તને દિલેર અને બહાદુર કહે અને આ વાત તને દુનિયામાં હાંસલ થઈ ગઈ.

પછી નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام એ પોતાનો દસ્તે મુબારક (હાથ) મારા ઘુટણો પર માર્યો અને ફર્માવ્યું, હે અબૂ હુરૈરહ્ ! આ જ તે લોકો છે જેને સૌથી પહેલાં દોઝખમાં ફેંકીને અલ્લાહ તઆલા દોઝખની આગ ભડકાવશે.

એક અન્ય હદીષ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે તેઓ ફર્માવે છે :–

"મેં રસૂલુલ્લાહ ﷺ થી સાંભળ્યું કે આપ ફર્માવતા હતા કે દોઝખ અને દોઝખવાસીઓ રિયાકારોથી ચીખી ઉઠશે ! કહેવામાં આવ્યું કે, યા રસૂલલ્લાહ ! દોઝખ કેમ ચીસો પાડી ઉઠશે ? આપે ફર્માવ્યું કે, તે આગની ગરમીથી જેના વડે

રિયાકારોને અઝાબ આપાવામાં આવશે.''

કયામતના દિવસે લાગુ પાડનારી શર્મિંદગીઓ અને લજ્જાઓમાં દષ્ટિવાળા (શાણા) લોકો માટે બોધપાઠ છે.

## ★ ઈખ્લાસ અને રિયાની હક઼ીક઼ત ★

**સવાલ :** આપ અમને ઈખ્લાસ તથા રિયાની હક઼ીક઼ત અને તેના પરિણામોથી માહિતગાર કરશો. તેમજ એનાથી ઈન્સાનના અમલોમાં કયા પ્રકારની અસર ઉપજે છે તેના ઉપર પણ પ્રકાશ નાખશો.

**જવાબ :** આપણા ઉલમાએ અહલે સુન્નતની દષ્ટિએ ઈખ્લાસના બે પ્રકારો છે : (૧) અમલમાં ઈખ્લાસ (૨) સવાબની તલબમાં ઈખ્લાસ. અમલમાં ઈખ્લાસ તો એ છે કે બંદો પોતાના અમલો વડે ખુદા તઆલાનો કુર્બ, તેના હુકમની તા'ઝીમ અને તેના ફર્માનોને અંજામ આપવાનો ઈરાદો કરે અને આ ઈખ્લાસ સાચા એતેકાદથી નસીબ થાય છે. આ ઈખ્લાસની વિરુદ્ધમાં નિફ઼ાક઼ (મુનાફિકપણુ) છે જેમાં ગૈરુલ્લાહના કુર્બનો હેતુ હોય છે. અમારા શયખ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, નિફ઼ાક તે ફાસિદ એતેક઼ાદનુ નામ છે જે અલ્લાહ તઆલાના બારામાં મુનાફિક઼ના દિલમાં હોય છે અને આ એતેક઼ાદ ઈરાદાના ક઼બીલાથી નથી જેમ કે અમે અન્ય ઠેકાણે વર્ણન કરી ચૂક્યા છીએ.

પરંતુ સવાબની તલબમાં ઈખ્લાસની હક઼ીક઼ત એ છે કે બંદો નેક અમલ વડે આખેરતના લાભનો ઈરાદો કરે. અમારા શયખ رحمۃ اللہ علیہ એની હક઼ીક઼ત આ પ્રમાણે બયાન કરતા હતા :–

''એવા નેક કામ પર આખેરતના લાભનો ઈરાદો કરવો જેને શરીઅતની રૂએ રદ કરવું મુશ્કેલ હોય અને રદ કરવાની સ્થિતિમાં આખેરતમાં લાભની ઉમ્મીદ બાકી ન રહે.'' અમે ઈખ્લાસની આ વ્યાખ્યામાં જાળવવાની શરતોનો ખુલાસો વિગતે અન્ય ઠેકાણે બયાન કરી ચૂક્યા છીએ.

એક વખત હઝરત ઈસા علیہ السلامના સાથીઓએ આપને પૂછયું કે ઈખ્લાસ શું છે ? તો આપે જવાબ આપ્યો કે ઈખ્લાસ એ છે કે, ''બંદો અલ્લાહ તઆલાના માટે નેક કામ કરે અને દિલમાં તેની ચાહત ન રાખે કે તેના લીધે તેની પ્રશંસા

કરવામાં આવે.''

હઝરત ઈસા عليه السلامના આ કૌલ મુબારકનો મતલબ પણ એ જ છે કે બંદો રિયાને નજીક ન આવવા દે અને પ્રશંસાને એટલા માટે નકારવામાં આવેલ છે કે એ રિયાકારીને મજબૂત કરનારા સબબો છે જે ઈખ્લાસને તબાહ તથા બરબાદ કરી આપી છે.

હઝરત જુનૈદ બગદાદી رحمة الله عليه ફર્માવે છે કે, રિયાકારી વગેરેના મેલ કચરાથી અમલોને પાક સાફ રાખવાનુ નામ ઈખ્લાસ છે.

હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ رحمة الله عليه ફર્માવે છે કે, ''તમામ નફ્સાની અને બશરી (માણસ સહજ) તકાઝાઓને ભૂલી જવા અને અલ્લાહ તઆલાની પાક જાતની સાથે કાયમ લગાવ અને કાયમી ધ્યાનનું નામ ઈખ્લાસ છે.'' આ ઈખ્લાસનું સંપૂર્ણ વર્ણન છે. ઈખ્લાસની વ્યાખ્યા દર્શાવતા બીજા પણ ઘણા કથનો છે. પરંતુ હકીકતોની સ્પષ્ટતા થઈ ગયા પછી કથનો નકલ કરવામાં કોઈ ફાયદો નથી.

હુઝૂર નબીએ કરીમ صلى الله عليه وسلمને જ્યારે ઈખ્લાસની હકીકત પૂછવામાં આવી તો આપે ફર્માવ્યું કે, ઈખ્લાસ એ છે કે તું કહે મારો રબ અલ્લાહ છે, અને પછી જે તને હુકમ છે તેના પર કાયમ અને અડગ થઈ જાય.

એટલે કે તું તારા નફ્સ અને ખ્વાહિશોની ઈબાદત છોડી દે બલ્કે કેવળ રબ તઆલાની પૂજા અને બંદગી કરે અને તેના હુકમાનુસાર તેની ઈબાદત અને બંદગીમાં મજબૂતાઈથી અડગ રહે. હુઝૂર صلى الله عليه وسلمના આ ઈર્શાદમાં હકીકતમાં એના પ્રતિ ઈશારો છે કે અલ્લાહ તઆલા સિવાય દરેક ચીજથી સંબંધ કટ કરી લે અને તેની જાતના સિવાય દરેક ચીજને નજરેથી હટાવી દે. હકીકી ઈખ્લાસ તે એનું નામ છે.

ઈખ્લાસની વિરુદ્ધમાં રિયા છે અને રિયાની વ્યાખ્યા એ છે કે આખેરતના અમલના બદલામાં દુનિયવી લાભનો ઈરાદો કરવામાં આવે. વળી રિયાના બે પ્રકાર છે : (૧) રિયા મહઝ (પૂરેપૂરી રિયા) (૨) રિયા મખ્લૂત (રિયા ભેળસેળવાળી).

રિયા મહઝ તો એ છે કે કેવળ દુનિયાવી લાભનો ઈરાદો કરવામાં આવે અને રિયા મખ્લૂત એ છે કે આખેરત માટે અમલથી દુનિયાવી અને ઉખરવી

(આખેરતનો) બંને પ્રકારના લાભનો ઈરાદો કરવામાં આવે. આ હતી રિયા તથા ઈખ્લાસ બંનેની હકીકત અને માહિતી હવે બાકી રહી એની તાસીર, તો સમજો કે ઈખ્લાસથી તમે તમારા અમલને (ખુદાની) કુર્બત તથા નજદીકીનો સબબ બનાવી લેશો અને સવાબની તલબમાં ઈખ્લાસથી તમારો અમલ મોટા સવાબ તથા અઝમતનો હક્કદાર થઈ જશે. એથી ઉલ્ટુ નિફાક અમલને નષ્ટ કરી નાખે છે અને એ અમલથી નઝદીકી અને કુર્બતની હેસિયત છીનવી લેવામાં આવે છે. અલ્લાહ તઆલાએ નેક અમલ માટે સવાબનો જે વાયદો કર્યો છે નિફાકથી તે અમલ એ વાયદાનો હક્કદાર રહેતો નથી. કેટલાક ઉલમાની રિયા મહઝ આરિફથી નથી થઈ શકતી, પણ રિયાની મિલાવટ થઈ શકે છે જેનાથી અડધો સવાબ બાતિલ તથા નષ્ટ થઈ શકે છે અને કેટલાક અન્ય ઉલમાની નજીક આરિફ થકી રિયા મહઝ પણ થઈ શકે છે અને તેનાથી બમણાનો અડધો સવાબ નષ્ટ થાય છે અને રિયા મખ્લૂતથી બમણો ચોથાઈ ભાગનો સવાબ બરબાદ થઈ જાય છે.

અને અમારા શયખ કુદ્દેસ સિર્રહૂની નજીક સહીહ વાત એ છે કે આરિફથી આખેરતનો ખયાલ હોવાની સ્થિતિમાં રિયા મહઝ થઈ શકતી નથી. હા ! આખેરતથી ગફલતની સ્થિતિમાં રિયા મહઝ થવાની શક્યતા છે. મુખ્તાર અને પસંદીદા વાત એ છે કે રિયાની તાસીરથી અમલની કબૂલિયત ખત્મ થઈ જાય છે અને સવાબમાં કમી આવી જાય છે, નહીં તો એવો અંદાઝો નથી થતો કે અડધો સવાબ નષ્ટ થઈ જાય છે કે ચોથાઈ સવાબ નષ્ટ થાય છે અને મસાઈલની વિગત ઘણી લાંબી છે. અને તેની મુકમ્મલ અને સંપૂર્ણ શરહ તથા વિગત કિતાબ ''અહ્યાઉલ ઉલૂમ'' અને ''અસ્રારે મુઆમલાતે દીન''માં કરી ચૂક્યા છીએ.

**સવાલ** : જો તમે એવો પ્રશ્ન કરો કે ઈખ્લાસનો મોકો તથા સંજોગ કર્યો છે અને કઈ તાઅત (ફર્માંબરદારી)માં તે જોવા મળે છે અને ક્યા વાજિબ તથા જરૂરી છે ?

**જવાબ** : તો એનો જવાબ એ છે કે કેટલાક ઉલમાની નજીક અમલો ત્રણ પ્રકારના હોય છે. એક પ્રકાર તો એ છે જેમાં બંને પ્રકારનો ઈખ્લાસ જોવા મળે છે અને તે જાહેરી તથા અસલી ઈબાદતો છે. બીજા પ્રકારનો અમલ એ છે કે જેમાં

બંને પ્રકારનો ઈખ્લાસ જોવા મળતો નથી, તે ઈબાદતે બાતિનિયહ્ અસલિયહ્ છે. અને અમલોનો ત્રીજો પ્રકાર એ છે જેમાં અજ્રો સવાબની તલબનો ઈખ્લાસ તો જોવા મળે છે પરંતુ ઈખ્લાસ ફિલ્ અમલ નથી જોવા મળતો અને આ તે મુબાહાત (મુબાહ ચીજો) છે જેને આખેરતના સામાન રૂપે માણસ પોતાની પાસે રાખે છે.

અમારા શયખ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું છે કે તે અસલી ઈબાદતો જે ગૈરુલ્લાહના (રિયાકારી માટે કરવામાં આવતી ઈબાદતને શિર્કે અસગર કહે છે એના પ્રતિ નિર્દેશ છે) માટે પણ થઈ શકે છે તેમાં અમલનો ઈખ્લાસ જોવા મળે છે. મોટાભાગની બાતિની ઈબાદતોમાં અમલનો ઈખ્લાસ તહક઼ીક઼પૂર્ણ (સાચો) હોય છે, પરંતુ અજ્રની તલબમાં ઈખ્લાસ એ મોટાભાગના મશાઈખે કિરામિયાની નજીક બાતિની ઈબાદતોમાં નથી જોવા મળતો, કેમ કે તેનાથી અલ્લાહ સુબ્હાનહૂ તઆલા સિવાય કોઈ માહિતગાર નથી હોતું. તો એમાં રિયાના સબબો નથી જોવા મળી શકતા જેથી એમાં સવાબની તલબના ઈખ્લાસની હાજત તથા જરૂરત નથી પડતી. અમારા શયખ رحمۃ اللہ علیہનું કહેવું છે કે એક મુકર્રબ બંદો બાતિની ઈબાદતો થકી દુનિયવી લાભનો ઈરાદો કરે તો એ પણ રિયામાં ગણાશે.

હું કહું છું કે આ સંજોગો કોઈ બાધ નથી કે ઘણી બાતિની ઈબાદતોમાં બંને પ્રકારનો ઈખ્લાસ જોવા મળે. એ જ પ્રમાણે નવાફિલ શરૂ કરતી વખતે બંને પ્રકારનો ઈખ્લાસ હોવો જરૂરી છે. પરંતુ તે મુબાહ ચીજો જે આખેરતની તૈયારીના હેતુથી ઈન્સાને પોતાની પાસે રાખેલ છે તેમાં સવાબની તલબનો ઈખ્લાસ તો જોવા મળે છે પણ અમલનો ઈખ્લાસ નથી જોવા મળતો, કેમ કે આ મુબાહાત જાતે પોતે ઈબાદત તથા કુર્બત નથી બલ્કે કુર્બત તથા બંદગીના ઝરીયા અને સબબો છે.

**સવાલ** : જો તમે કહો કે આ જે બયાન કરવામાં આવ્યું છે તે બંને પ્રકારના ઈખ્લાસના સમય તથા સંજોગોનું બયાન હતું તો તે બંનેનો સમય પણ બતાવો.

**જવાબ** : અમલનો ઈખ્લાસ તો કાર્યની સાથે જ હોય છે તેનાથી પાછળ નથી થઈ શકતો, પરંતુ ઈખ્લાસ અમલના બદલાની તલબથી પછવાડે હોઈ

શકે છે અને કેટલાક ઉલમા અમલથી ફરાગત (પરવારવા)ના સમયનો એ'તેબાર કરે છે એટલે કે અમલથી ફરાગત ઈખ્લાસની કૈફિયત પર હોય છે તો ઈખ્લાસનો એતેબાર થશે અને જો રિયા પર હશે તો રિયાનો એતબાર થશે અને અમલથી ફરાગત થઈ ચૂકી છે એટલા માટે હવે તેને શોધી કાઢવું શક્ય નથી. અને મશાઈખે કિરામની નજીક જ્યાં સુધી અમલથી કોઈ દુન્યાવી નફો ન ઉઠાવી લીધો હોય અને ઈખ્લાસનો ઈરાદો કરી લેવામાં આવે તો ઈખ્લાસ વિશ્વસનીય થઈ જશે, પરંતુ જો દુનિયાવી લાભ ઉઠાવી લીધો તો પછી ઈખ્લાસનો એતબાર નથી કરી શકાતો.

અને કેટલાક ઉલમાનો ખયાલ છે કે ફર્ઝોમાં મૌત સુધી ઈખ્લાસને પેદા કરી લેવું શક્ય છે પરંતુ નવાફિલમાં નહીં. અને તેમણે ફર્ઝો અને નફ્લોમાં તફાવતનું એ કારણ દર્શાવ્યું છે કે, ફર્ઝોમાં અલ્લાહ તઆલાના હુકમથી બંદો દાખલ થાય છે તે એમાં અલ્લાહ તઆલાના ફઝ્લથી તેના તરફથી આસાનીની ઉમ્મીદ હોય છે. પરંતુ નવાફિલમાં એ સ્થિતિ નથી હોતી. કેમ કે નફ્લો બંદો પોતાની મરજી અને ચાહતથી શરૂ કરે છે, જેથી એમાં એનાથી માગણી કરાય છે કે તે તેને કમા હક્કૂહૂ (જેવો કે હક્ક઼ છે) અદા કરે અને તેમાં જરા સરખી પણ ઉણપ આવવા દે.

હું કહું છું કે આ મસ્અલામાં એક ફાયદો એ છે કે જે શખ્સથી રિયા થઈ ચૂકી હોય અથવા ઈખ્લાસનો તર્ક (ત્યજવું) થઈ ચૂક્યો હોય તો તેના માટે વર્ણન કરેલ કારણોની રોશનીમાં ખોટા પૂરાવાનો અવકાશ છે. આ બારીક તથા પેચીદા મસ્અલામાં લોકોના વિવિધ મઝહબો (મસ્લકો) બયાન કરવાથી એક મકસદ તો એ છે કે એ વાત જણાઈ જાય કે વર્તમાનકાળમાં સહીહ અમલ કરનારા ખૂબ જ થોડા છે અને આ તસવ્વુફ (સૂફીપણા)ની તથા ફકીરી પર ચાલવાવાળાઓનુ આકર્ષણ અને તેમનો શોખ ખત્મ થઈ ચૂક્યો છે. એટલા માટે તેઓ આ હક઼ીક઼તો તથા કઠિનાઈઓ જાણવા પ્રતિ ધ્યાનિત નથી.

મઝહબો નકલ કરવાનો બીજો મક઼સદ એ પણ છે કે આ માર્ગમાં શરૂઆત કરનારને ઈબાદતોમાં અધિક નજીક લાવવામાં આવે, અને તેને તેની બીમારીઓનો ઈલાજ એક મઝહબમાં ન મળે તો તેને બીજા મઝહબમાંથી મેળવી

લે, કેમ કે ઈન્સાની બીમારી, મતલબો અને અમલોની ખરાબીઓ અને તેની આફતો વિવિધ છે. ઈન્શા અલ્લાહુ તઆલા ! તમે એ વાત સારી રીતે સમજી લેશો.

**સવાલ** : શું દરેક અમલમાં એક જ ઈખ્લાસ કેવળ પૂરતો થઈ શકે છે અથવા દરેક અમલના દરેક અમલના દરેક ભાગ માટે અલગ અલગ નવા ઈખ્લાસની જરૂરત છે ?

**જવાબ** : એમાં ઉલમાએ કિરામનો મતભેદ છે. કેટલાક એવું કહે છે કે, સર્વ અમલના માટે એક ઈખ્લાસની જરૂર છે અને કેટલાક કહે છે કે અમુક અમલો એવા છે જેમાં એક ઈખ્લાસ જ પૂરતો થાય છે, જેમ કે તે અમલો જે વિવિધ અરકાનોથી જોડાયેલા છે, પરંતુ સામૂહિક રીતે દુરૂસ્તી અને ફસાદ (બગાડ)ના હિસાબે એક ચીજની હૈસિયત ધરાવે છે જેમ કે નમાઝ, રોઝા વગેરે.

**સવાલ** : એક શખ્સ પોતાના નેક અમલ વડે અલ્લાહ તઆલાની રઝા અને ખુશ્નુદી નહીં બલ્કે પોતાના નફા તથા ફાયદાનો ઈરાદો કરે છે, લોકોથી કોઈ ઈરાદો નથી રાખતો, એટલે કે એના દિલમાં એ વાત નથી કે આ નેક અમલને લીધે લોકો મારી પ્રશંસા કરે અથવા મારા અમલને જુએ અથવા મને કોઈ નફો પહોંચાડે. તો શું આ પ્રકારનો અમલ પણ રિયાકારીમાં ગણાશે ?

જવાબ : આ પ્રકારનો અમલ તદ્દન રિયાકારીભર્યો અમલ છે. ઉલમાએ કિરામ ફર્માવે છે કે અમલમાં મુરાદનો એતબાર હોય છે, એનો એતબાર નથી થતો જેનાથી મુરાદ તલબ કરવામાં આવી રહી હોય. જેથી અમલથી તારો હેતુ (મુરાદ) જો દુનિયાવી નફો અને ફાયદો હોય તો સરવાળે એ રિયા છે પછી ચાહે ખુદાથી એ મુરાદ તલબ કરવામાં આવી રહી હોય કે લોકોથી.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

مَنْ كَانَ يُرِيْدُ حَرْثَ الْاٰخِرَةِ نَزِدْ لَهٗ فِيْ حَرْثِهٖ ۚ وَمَنْ كَانَ يُرِيْدُ حَرْثَ الدُّنْيَا نُؤْتِهٖ مِنْهَا

وَمَا لَهٗ فِي الْاٰخِرَةِ مِنْ نَّصِيْبٍ

(અર્થ) : "જે શખ્સ આખેરતની ખેતીની ઈરાદો ધરાવતો હોય તો અમે તેની એ ખેતીમાં વધારો કરીશું અને જે દુનિયાની ખેતી ચાહતો હોય તો અમને

તેને કાંઈક આપી દઈએ છીએ પરંતુ આખેરતમાં તેને કોઈ હિસ્સો મળશે નહીં.''

*(સૂ. શુરા, ૪૨/૨૦)*

અને રિયા શબ્દનો એતબાર નથી બલ્કે નિય્યત અને મુરાદનો એતબાર છે અને આ શબ્દ ''રૂયત''થી બનેલો છે અને તેનાથી ઈશ્તેહક઼ાક઼ (એક કલ્માથી બીજો કલમો કાઢવા)નું કારણ એ છે કે આ ફાસિદ ઈરાદો લોકો તરફથી મોટાભાગે તેમને જોવાને લીધે પેદા થાય છે.

**સવાલ** : જો એક શખ્સ અલ્લાહ તઆલાથી દુનિયા એટલા માટે તલબ કરે કે તે લોકો સમક્ષ મદદનો હાથ ફેલાવવાથી બચે અને અલ્લાહ તઆલાની બંદગી અને ઈબાદતમાં દિલ લગાડીને મશગૂલ રહી શકે. તો આવો ઈરાદો પણ રિયામાં ગણાશે ?

**જવાબ** : લોકો સામે મદદનો હાથ ફેલાવવાથી બચવું એ માલની જાહોજલાલીની અને દુનિયાની સંપત્તિના વધારાથી (એ હોય તો બચી જવાય એવું નથી) બલ્કે એ ચીજો તો થોડામાં સંતોષ (ક઼નાઅત) અને ખુદા પર કામિલ ભરોસાથી અને તવક્કુલથી થાય છે. પરંતુ જો દુનિયા કરવાથી તેનો મક઼સદ એકાગ્રતા એક ચિત્તે ઈબાદતમાં વ્યસ્ત રહેવા માટેનો હોય, તો એ રીતનો ઈરાદો રિયામાં ગણાશે નહીં પરંતુ એનાથી (તલબ કરવામાં) એ જ ચીજોનો મક઼સદ હોય કે જે આખેરત અને આખેરતના સબબોથી સંબંધિત છે અને તેનો ઈરાદો પણ તદ્દન આખેરતની તૈયારીથી સંબંધિત હોય. જો કોઈ નેક અમલથી આ પ્રકારનો ઈરાદો હોય તો તે રિયા નથી. કેમ કે દુનિયાવી ચીજો એ ઈરાદાને લીધે ભલી બની જાય છે અથવા અમલો આખેરતના હુકમ હેઠળ આવી જાય છે. અને ભલાઈ (નેકી)નો ઈરાદો રિયા નથી હોઈ શકતો, એ જ પ્રમાણે જો તમે એવો ઈરાદો કરો કે લોકોમાં તમારી ઈજ્જત થાય અને મશાઈખ તથા મઝહબી રહનુમા તમારી મહોબ્બત કરવા લાગે. પરંતુ એનાથી તમારો મક઼સદ એવો હોય કે તમને અહલે હક્ક઼ના મઝહરના સમર્થન તથા ટેકાની શક્તિ હાંસલ થાય અથવા એ રીતે અસકારક તરીક઼ાથી અહલે બિદઅતની રદ કરી શકો જેથી એ રીતે ઠોસ તરીક઼ાથી ઈલ્મે દીનનો પ્રચાર કરી શકો અને લોકોને ઈબાદતની લાલચ આપી શકો, પોતાના નફ્સની અઝમત તથા બુઝુર્ગી અને દુનિયા પ્રાપ્તિની

નિય્યત ન હોય તો દીનને લગતા આ પ્રકારના સર્વ મજબૂત ઈરાદાઓ અને સારી નિય્યતો રિયામાં શામેલ નથી. કેમ કે વાસ્તવમાં એનાથી હેતુ આખેરતનો છે.

મેં કેટલાક મશાઈખને પૂછયું કે કેટલાક અવલિયા અલ્લાહની આદત છે કે તેઓ ગરીબી અને તંગીની દિવસોમાં સૂરએ વાકિઅહ્ પઢે છે, શું તેમની નિય્યત એ નથી હોતી કે એનાથી અલ્લાહ તઆલા તેમની તંગીને દૂર કરી આપે અને તેમને રોજીના મામલામાં વૃદ્ધિ અતા કરે ? શું આખેરતના અમલથી દુનિયા પ્રાપ્તિનો ઈરાદો કરવો દુરુસ્ત છે ?

કેટલાક મશાઈખ તરફથી એનો જે જવાબ મને મળ્યો એનો ભાવાર્થ એ હતો કે અવ્લિયાએ કિ઼રામની મુરાદ તથા નિય્યત એનાથી એ પણ હોય કે અલ્લાહ તઆલા તેમને કૃનાઅત (થોડામાં સંતોષ) અતા કરે અને એટલા પ્રમાણમાં રોજી અતા કરે જેના થકી તે ઈબાદતે ઈલાહીનો અમલ અંજામ આપતા રહે અને દર્સ તથા તદરીસ (ઈલ્મી દર્સ આપવા લેવાની) શક્તિ સલામત રહે અને આ પ્રકારનો ઈરાદો નેક ઈરાદો છે એ દુનિયા માટેનો ઈરાદો નથી.

જાણી લો કે મુફલિસી તથા તંગીના સમયે રોજીમાં વૃદ્ધિ માટે એ સૂરતને પઢવાનો નિયમ બનાવવો ખુદ નબીએ કરીમ ﷺ અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી રિવાયત થયેલ છે. એટલે સુધી કે હઝરત અબૂ મસઊદ رضی اللہ عنہ એ વફાતના સમયે બધો માલ ખૈરાત કરી દીધો અને પોતાની ઔલાદના માટે કાંઈ ન છોડયું. તો આ કૃત્ય માટે જ્યારે તેમને કહેવામાં આવ્યું તો તેમણે જવાબ આપ્યો કે હું મારી ઔલાદના માટે સૂરએ વાકિ઼અ઼હ્ છોડીને જાઉં છું.

સુન્નતના આ ઉસૂલ હેઠળ આપણા ઉલમાએ કિરામ رحمۃ اللہ علیہم اجمعین એ આ પ્રકારની વાતો અપનાવી, નહીં તો બિહમ્દિહી તઆલા તેમને દુનિયાની મુફલિસી કે માલની વૃદ્ધિની કોઈ પરવા ન હતી, બલ્કે તેઓ તો દુનિયાના સબબોની તંગી અને મુફલિસીને ગનીમત જાણતા હતા, અને એકબીજાથી ચઢી જવાની કોશિશ કરતા હતા, અને માલી તંગદસ્તીને અલ્લાહ તઆલાનું મહાન એહસાન સમજતા હતા અને જ્યારે પોતે પોતાને દુનિયવી સરસામાનની વ્યાપકતામાં જોતા તો (માલ વધી જાય તો) સખત રડતા હતા ! જ્યારે કે મોટાભાગના લોકો દુનિયવી

માલ તથા નેઅ્મતને અલ્લાહ તઆલાનો ફઝ્લો કરમ સમજે છે, એવું હોવા છતાં કે માલ તથા દૌલતની અધિક્તા તેના માટે મુસીબત હોય છે.

અલ્લાહ તઆલાના નેક બંદાઓ તંગી તથા મુફલિસીને અલ્લાહ તઆલાનું એહસાન ખયાલ કેમ ન કરે જ્યારે કે તેમની આંત્રિક હાલત એ હોય છે કે તેઓ મોટાભાગે ભૂખની હાલતમાં હોય છે. મુતકદ્દેમીન સૂફિયાએ કિરામ (આગલા સૂફીઓ) કહ્યા કરતા હતા કે, ભૂખ અમારો સરમાયો છે. એના બારામાં એહલે તસવ્વુફનો મઝહબ એ જ છે અને મારો અને મારા મશાઈખનો મઝહબ પણ એ જ છે અને આપણા અસ્લાફની સીરત (જીવન પદ્ધતિ) પણ એવી જ હતી. બાકી રહ્યું આ બારામાં કેટલાક મુતાખ્ખેરીન (પાછલાઓ)નું ઉલ્ટુ વલણ તો એનો કોઈ એતબાર નથી.

રોઝીની વૃદ્ધિ અને તંગીના બારામાં તેમનું દૃષ્ટિબિંદુ મેં એટલા માટે વર્ણન કર્યું છે જેથી વિરોધીઓ અજ્ઞાનતાને કારણે તેમને તુચ્છ તથા મજબૂર ન ધારે અને સહીહુલ અકીદા રિયાઝતની શરૂઆત કરનારો તેમના વિશે ગલત ફહમીમાં સપડાઈ ન જાય.

**સવાલ** : અહલે ઈલ્મ, અસ્હાબે તજર્રુદો ઝોહદ (ઈબાદતગુઝાર ઝાહિદો) અને અરબાબે સબ્રો કનાઅત (સબ્ર તથા કનાઅતવાળા લોકો)ને એ ક્યાંથી લાયક છે કે તેઓ દુનિયા પ્રાપ્તિ માટે વઝીફો કરતા ફરે.

**જવાબ** : જ્યારે મકસદ કનાઅત (થોડામાં સંતોષ) પામવાનો અને આખેરતની તૈયારી માટેનો હોય તો પછી ખુદા તઆલા માટે કોઈ વઝીફો પઢવો અને કુર્આનની સૂરત પઢવી સુન્નતથી સાબિત છે. હા ! લાલચ તથા લાલશાથી પરેશાન થઈને એ માર્ગ અપનાવવો પણ ઠીક નથી. અને હેતુ જો આખેરતની તૈયારીનો હોય તો એની પાછળ તો મોટાભાગે પોતાના દિલમાં કનાઅત મહસૂસ કરશે અને ભૂખ તથા અશક્તિને અદશ્ય પામશે. તેમજ ખાવાથી બેપરવાહી વર્તશે અને તેની હાજત પણ મહસૂસ કરશે નહીં. જે લોકોએ એનો અનુભવ કર્યો છે તેમને એનો સારી પેઠે ઈલ્મ છે. અલ્લાહ તઆલા તને આ તેહકીકને દિમાગમાં રાખવાની તૌફીક અતા ફર્માવે.

## ★ અભિમાન ★

બીજી ચીજ ઘમંડની તબાહી છે, એનાથી બચવું બે કારણે જરૂરી છે. એક તો આ અભિમાનના લીધે ઈન્સાન ખુદાતઆલાની તૌફીક઼થી વંચિત રહી જાય છે તો જલ્દીથી બરબાદીનો શિકાર બની જાય છે. એટલા માટે નબીએ કરીમ ﷺ ફર્માવ્યું કે, માણસને ત્રણ ચીજો હલાક કરે છે : (૧) કંજૂસાઈ કે જેની પયરવી કરવામાં આવે (૨) ખ્વાહિશ કે જેનો ઈન્સાન તાબે થઈ જાય, અને (૩) માણસનુ પોતે પોતાને સારા જાણવુ.

બીજુ કારણ એ છે કે અભિમાન નેક અમલોને નાબૂદ કરી દે છે. એટલા માટે હઝરત ઈસા علیہ السلام એ સાથીઓને ફર્માવ્યું, ઘણા ચિરાગો છે જેને હવાએ હોલવી કાઢયા અને ઘણા આબિદો છે જેમને ઘમંડે તબાહ કરી નાખ્યા. જ્યારે ઈન્સાની જિંદગીનો હેતુ ઈબાદત તથા બંદગી છે અને આ ખાસિયત (ઘમંડ) માણસને એ હેતુથી વંચિત કરી દે છે, જેથી ઈન્સાન કોઈ નેકી હાંસલ નથી કરી શકતો અને જો કાંઈક થોડી ઘણી નેકી પ્રાપ્ત કરી લે તો આ ઘમંડ તેને પણ તબાહ કરી નાખે છે અને તેના હાથમાં કાંઈ પણ રહેતુ નથી. તો અતિ જરૂરી એ છે કે માણસ તેનાથી બચે અને સલામત રહે.

## ★ અભિમાનની હક઼ીક઼ત તથા તેનો અર્થ ★

જો તમે એવું પૂછો કે અભિમાનની હક઼ીક઼ત તથા તેનો અર્થ શો છે ? તેમજ તેની તાસીર તથા પરિણામ શું છે ? તેની સ્પષ્ટતા થવી જોઈએ. તો તમે જાણી લો કે અભિમાનની હક઼ીક઼ત આ પ્રમાણે છે :–

**"પોતાના નેક અમલોને મહાન સમજવાનુ નામ અભિમાન છે."** આપણા ઉલમાએ કિરામ عَلَیۡہِ الرَّحۡمَۃُ وَالرِّضۡوَان ની નજીક અભિમાનની વિગત આ પ્રમાણે છે કે, બંદો એવો ઉલ્લેખ કરે કે નેક અમલોની ફઝીલત તથા બુઝુર્ગી ફલાણી ચીજથી અથવા મખ્લૂક઼થી અથવા નફ્સથી થઈ છે, નહીં કે ખુદા તઆલા તરફથી એ મળી છે. ઉલમાએ કિરામનુ બયાન છે કે કેટલીકવાર અભિમાનમાં સપડાયેલ માણસ ત્રણ ચીજોનું વર્ણન કરે છે તો કેટલીકવાર બે ચીજોનું તો કેટલીકવાર કેવળ એકનું જ વર્ણન કરે છે. અને અભિમાનનું વિરૂધ્ધાર્થી એહસાન

અને આજિઝી છે. એહસાન અને આજિઝીથી મુરાદ એ છે કે ઈન્સાન એવું પ્રદર્શિત કરે કે આ બધી બુઝુર્ગી તથા ફઝીલત ખુદા તઆલા સુબ્હાનહૂની તૌફીક઼થી છે અને મને મળેલ આ શરફ તથા બુઝુર્ગી અને મર્તબો તથા મક઼ામ અતા કરનાર રબ તઆલા છે. અભિમાનના સબબો તથા નિશાનીઓના જાહેર થવાના સમયે ખુદા તઆલાના એહસાનનો ઉલ્લેખ કરવો ફર્ઝ થઈ જાય છે. અને સામાન્ય સંજોગોમાં આ ખુદા તઆલાના એહસાનનો ઉલ્લેખ કરવો મુસ્તહબ તથા બેહતર છે.

બાકી રહી અભિમાનમાં કરેલા નેક અમલોની તાસીર તો એના વિશે કેટલાક ઉલમાએ કિરામ ફર્માવે છે કે અભિમાનની હાલતમાં માણસના અમલોને બેકાર કરવા બાબતે વિલંબ કરવામાં આવે છે અને જો મૌત અગાઉ તો તૌબા કરી લે તો તેના અમલો બેકાર થવાથી બચી જાય છે, નહીં તો બેકાર કરી દેવામાં આવે છે. મશાઈખે કિર્રામિયહમાંથી મુહમ્મદ ઈબ્ને સાબિરનો એ જ મઝહબ છે.

મુહમ્મદ ઈબ્ને સાબિરની દૃષ્ટિએ અમલો બેકાર થવાનો અર્થ એ છે કે નેક અમલો દરેક પ્રકારની ખૂબીઓથી ખાલી થઈ જાય છે. એટલે કે અજરો સવાબ અને મદહ (પ્રશંસા) સુદ્ધાનો હક઼્ જતો રહે છે. મુહમ્મદ ઈબ્ને સાબિર સિવાય બીજાઓની નજીક અમલો બેકાર થવાનો મતલબ એ છે કે નેક અમલ પર બમણો, ત્રણ ગણો સવાબ જે મળવાનો હતો તે નષ્ટ થઈ જાય છે પણ અમલનો મૂળ સવાબ તો બાકી રહે છે.

**સવાલ** : આરિફ શખ્સ પર એ વાત કેવી રીતે છુપી રહી શકે છે કે અમલે સાલેહ (નેક અમલો)ની તૌફીક઼ આપનાર અલ્લાહ તઆલા જ છે અને તે જ પોતાના ફઝ્લ તથા એહસાન વડે ઉચ્ચ મર્તબો અને અઢળક સવાબ અતા કરે છે ?

**જવાબ** : હક઼ીક઼તમાં અહીં એક ઉમદા ઝખીરો અને બારીક મુદ્દો એ છે કે જેને યાદ રાખી લેવાથી જવાબના સર્વ પાસાંઓને ઉઘાડાં કરી આપે છે. અને તે એ છે અભિમાનના મામલામાં લોકો ત્રણ પ્રકારના છે : એક એ કે જેઓ દરેક સંજોગોમાં અભિમાન તથા સ્વપ્રશંસાનો શિકાર છે, અને એ મોઅ્ઝલા અને ક઼દરિયહ્નો ગિરોહ છે. જેઓ પોતાના અફઆલ (કામો)ના ખુદ પોતાને ખાલિક જાણે છે અને આ મામલામાં અલ્લાહ તઆલાનુ પોતાના પર કોઈ એહસાન

સ્વીકારતા નથી. અને તેની મદદ તથા તૌફીક઼ અને લુત્ફે ખાસના મુન્કિર છે, અને એ ખરાબી તેમનામાં આ શંકાને લીધે ઉભી થઈ જેણે તેમને પ્રભાવમાં લઈ લીધા.

બીજો ગિરોહ તે કોઈ એક હાલત પર જામી ગયેલા કામિલ લોકોનો છે જેઓ દરેક સંજોગોમાં અલ્લાહ તઆલાના એહસાનને જ યાદ કરે છે. તેમને પોતાના કોઈપણ અમલમાં અભિમાન થતુ નથી અને એ તે બસીરત (દષ્ટિ)ને લીધે છે જે તેમને અતા થઈ છે અને એ તૌફીક઼ (તાઈદ)ને લીધે છે જે તેમની સાથે ખાસ છે.

ત્રીજો ગિરોહ આમ અહલે સુન્નત વ જમાઅતનો છે જેઓ જ્યારે પણ જાગૃત હોય છે ત્યારે અલ્લાહ તઆલાનુ જ એહસાન માને છે અને જ્યારે તેમના પર ગફલત છવાઈ જાય છે તો અભિમાન અને સ્વપ્રશંસાનો શિકાર થઈ જાય છે અને મર્યાદિત સમય પૂરતી ગફલત બસીરતમાં કમીના કારણે થાય છે.

**સવાલ** : ક઼દરિયા તથા મોઅ્તઝલાના અફઆલ તથા આમાલની સ્થિતિ શું છે ? શું આ અભિમાનને કારણે તેમના સર્વ અમલો બેકાર તથા બરબાદ છે ?

**જવાબ** : એમાં ઘણો મતભેદ (ઈખ્તેલાફ) છે. કેટલાકનું કહેવું છે તેમના તમામ અમલો બેકાર તથા નકામા છે કેમ કે તેમનો અક઼ીદો જ ખરાબ છે. અને કેટલાક કહે છે કે જો એક શખ્સ સંપૂર્ણપણે ઈસ્લામી અક઼ીદાઓ ધરાવતો હોય તો સામાન્ય થોડી ઘણી એતેક઼ાદી ગલતીને લીધે તેના અમલો નકામા થશે નહીં જ્યાં સુધી અમલમાં અભિમાન મૌજૂદ ન હોય. જેવી રીતે અક઼ીદો અહલે સુન્નત હોવા છતાં એવું જરૂરી નથી કે અમિભાનથી બચે એટલે કે (અભિમાની ન હોય) જ્યાં સુધી ખાસ રીતે અલ્લાહ તઆલાના એહસાનનો ઈઝહાર ન કરે.

**સવાલ** : શું રિયા તથા અભિમાન સિવાય પણ કોઈ ચીજ અમલને નુકસાન કરે છે ?

**જવાબ** : એમના સિવાય પણ ઘણી એવી ચીજો છે જે અમલોને ખરાબ કરી નાખે છે અમે આ બંનેનો ખાસ એટલા માટે ઉલ્લેખ કર્યો કે અમલોની બરબાદીમાં મૂળ પાયાની હૈસિયત આ ચીજો ધરાવે છે, નહીં તો કેટલાક ઉલમાનો

કૌલ છે કે બંદાએ જોઈએ કે પોતાના અમલને દસ ચીજોથી સલામત રાખે : (૧) નિફાક઼થી (૨) રિયાથી (૩) લોકો સાથે મેલજોલથી (૪) એહસાન જતાવવાથી (૫) તકલીફ આપવાથી (૬) શર્મિંદગી (નદામત)થી (૭) અભિમાનથી (૮) અફસોસથી (૯) આળસથી (૧૦) બુરુ ભલુ કહેવાથી અટલે કે જો હું ફલાણુ નેક કામ કરીશ તો લોકો મલામત (ટીકા) કરશે.

વળી અમારા શયખે મુકર્રમ رحمۃ اللہ علیہએ એમાંથી દરેકની વિરોધાભાસી ચીજ અને તેનાથી અમલોને જે નુકસાન પહોંચે છે સઘળુ વર્ણન કર્યું છે જેમ કે આપ ફર્માવે છે, નિફાક઼ના વિપિરિત અમલમાં ઈખ્લાસ છે અને રિયાની વિરૂધ્ધાર્થી સવાબ તલબીમાં ઈખ્લાસ પેદા કરવું છે. અને લોકોથી મેલજોલથી વિપરિત અલાયદાપણુ છે અને એહસાન જતાવવાનું વિરૂધ્ધાર્થી પોતાના અમલોને ખુદા તઆલાને સોંપવું છે. અને તકલીફ આપવાની સામે પોતાના અમલોની હિફાઝત છે. નદામત (શર્મિંદગી)નું વિરૂધ્ધાર્થી નફ્સને સખત કરવું છે અને અભિમાનનું વિપિરિત અલ્લાહ તઆલાના એહસાનનો ઈઝહાર છે. હસરત (અફસોસ)નું વિરૂધ્ધાર્થી નેકી અને ખૈરને ગનીમત જાણવુ છે. સુસ્તી (આળસ)નું વિરૂધ્ધાર્થી ખુદા તઆલાની તૌફીકની કદર કરવું છે. મલામતના ડરનું વિરૂધ્ધાર્થી સામે અલ્લાહ તઆલાનો ખૌફ અને તેનો ડર છે.

નિફાક઼થી અમલો બેકાર તથા બરબાદ થઈ જાય છે. રિયા અમલોને મરદૂદ બનાવે છે. એહસાન જતાવવું અને તકલીફ આપવું સદક઼ાના સવાબને બરબાદ કરે છે. અને કેટલાક મશાઈખની નજીક એહસાન જતાવવાથી તથા તકલીફ પહોંચાડવાથી મૂળ અમલનો સવાબ નષ્ટ નથી થતો બલ્કે બમણો ત્રણ ગણો સવાબ જે મળતો હતો તે નષ્ટ થઈ જાય છે પરંતુ નેક અમલ પર નદામત (શર્મિંદગી) પણ બિલઈ ત્તેફાક (સર્વ સંમતિ)થી અમલને બેકાર કરે છે, અભિમાનથી અમલનો વધારાનો સવાબ નષ્ટ થાય છે. અન હસરત તથા સુસ્તી અને મલામતના ખૌફથી અમલનો સવાબ ઘટી જાય છે અને અમલની કદરો કિંમત ઉતરી જાય છે.

હું કહું છું કે અમલોનું મક઼બૂલ થવું કે મરદૂદ થવું અસ્હાબે તહસીલ (હાંસલ કરનારાઓ)ની નજીક વિવિધ પ્રકારની અઝમતો કે નુકસાનોમાં પરિણમે છે.

અને અમલોના બરબાદ થવાની પણ વિવિધ સ્થિતિઓ છે. કેટલીકવાર તો મુદ્લે અમલનો લાભ બરબાદ થાય છે, અને કેટલીકવાર અમલમાં રિયા વગેરેની ખરાબી અમલ બેકાર થવાનો સબબ બને છે. કેટલીકવાર અમલ પર સવાબ નથી મળતો અને કેટલીકવાર અમલનો વધારાનો સવાબ નથી મળતો. સવાબ તો અમલનો મૂળ નફો છે જે અક્લન્ ઈન્સાનને મળવો જોઈએ અને અમલની સ્થિતિ સવાબનો તકાઝો કરે છે, અને સવાબનું બમણુ ત્રણ ગણુ થવું મૂળ સવાબ પર વધારો તથા ઉમેરો જે અલ્લાહ તઆલા ઈન્સાનને અતા કરે છે. અને અમલોની કિંમતમાં વધારો અને બાહય પ્રકારની હાલતોથી અમલમાં પેદા થાય છે. દા.ત. નેક લોકો સાથે સારો વર્તાવ કરવો એ પણ મોટા સવાબની ચીજ છે પણ મા, બાપ સાથે સદ્વર્તાવ (હુસ્ને સુલૂક)થી વર્તવામાં એનાથી પણ વધારે સવાબ છે. વળી એક નબી સાથે હુસ્ને સુલૂકથી પેશ આવવામાં અતિશય વધારે સવાબનો સબબ છે તો કેટલીકવાર એક નેક અમલ કદરો કિંમત વધારે હોય છે પણ તેનો સવાબ બે ત્રણ ગણો નથી મળતો. આ પ્રકરણમાં મારા દિમાગમાં આવેલ ચર્ચાનો આ સાર છે તેને સારી રીતે સમજી લો.

## પ્રકરણ

## અભિમાન અને રિયાથી બચવાના ઉસૂલ

તમારા માટે અભિમાન અને રિયા જેવી ભયાનક ચીજોને ત્યજવી પણ જરૂરી છે જે કેટલાયે પ્રકારની હલાકતો (તબાહીઓ) અને લૂટમારની ઘટનાઓ પોતાનામાં સમાવીને બેઠેલી છે જેથી એમાં સખત કાળજીની જરૂરત છે. ફર્માંબરદારી તથા નેકીઓનો સરમાયો રાખનારાઓએ આ ઘાટીઓમાંથી પસાર થવું પડે છે અને આ માર્ગમાં સર્વ તકલીફો વેઠવી પડે છે. અને આ ઘાટીઓને પાર કરવાથી જ આબિદને સાચા અર્થમાં ઈબાદતોનો કિંમતી તથા ઉમદા સરમાયો હાથ લાગે છે અને આ સરમાયાના નષ્ટ થવાનો વિશેષતઃ ભય આ જ ઘાટીઓમાં ઉપસ્થિત થાય છે. કેમ કે આ ઘાટીમાં ડાકૂ શૈતાનના એવા એવા સ્થાનો અને એવા એવા મોકાઓ અમલોને તબાહી તથા બરબાદી માટે મૌજૂદ છે જેમાં આ સરમાયો છીનવાઈ જવાના જબરદસ્ત ખતરાઓ જોવા મળે છે અને એવી એવી આફતો જાહેર થાય છે જે બંદાની ઈબાદત તથા ફર્માંબરદારીને બેકાર કરી નાખે છે. સૌથી વિશેષ લાગુ થનાર અને સૌથી મહાન આ બે લૂટારાઓ છે એક રિયા અને બીજો ઘમંડ. જેથી અમે અહીં તે બંનેના બચાવના જરૂરી તથા મજબૂત નિયમ (ઉસૂલ) વર્ણન કરીએ છીએ તેને યાદ રાખી લેવાથી ઈન્શા અલ્લાહુ તઆલા તમે તેના નુકસાનોથી બચીને રહેશો.

**પ્રથમ ઉસૂલ** : રિયાના બારામાં સૌ પ્રથમ હું ખુદા તઆલાનો ઈર્શાદ નકલ કરું છું :–

اَللّٰهُ الَّذِیْ خَلَقَ سَبْعَ سَمٰوٰتٍ وَّ مِنَ الْاَرْضِ مِثْلَهُنَّ ؕ یَتَنَزَّلُ الْاَمْرُ بَیْنَهُنَّ لِتَعْلَمُوْۤا اَنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَیْءٍ قَدِیْرٌ ۙ۬ وَّ اَنَّ اللّٰهَ قَدْ اَحَاطَ بِكُلِّ شَیْءٍ عِلْمًا ﴿۱۲﴾

''અલ્લાહ તઆલા તે કાદિર ઝાત છે જેણે સાત આસમાન પેદા કર્યા અને એટલી સંખ્યામાં જમીનો પેદા કરી. જમીન તથા આસમાન વચ્ચે હુકમ નાઝિલ થાય છે જેથી તમે જાણી લો કે અલ્લાહ તઆલા દરેક ચીજ પર કાદિર (શક્તિમાન) છે અને તેના ઈલ્મે દરેક ચીજને ઘેરેલી છે.'' *(સૂ. તલાક઼, ૬૫/૧૨)*

આ આયતમાં અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાએ જાતે એવું ફર્માવ્યું છે કે મેં આસમાન તથા જમીન પેદા કર્યા અને એ બંનેની વચ્ચે મારા સર્જેલા અજીબો ગરીબ નમૂનાઓ પણ પેદા કર્યાં. આ સર્વ કાંઈ પેદા કરીને તારી ઈબ્રતવાળી (બોધ લેનારી) નજરને હવાલે કર્યા જેથી તું ખુદ અનુભવથી જાણી લે કે હું કાદિર પણ છું, આલિમ પણ છું અને હે ઈન્સાન ! તારી ઉણપો અને કમજોરીઓની હાલત એવી છે કે બે રકાત નમાઝ પઢે છે છતાં તેમાં પણ તારાથી કેટલાયે પ્રકારની ઉણપો ઉભી થઈ જાય છે અને કેટલાય પ્રકારની ખામીઓ તથા ઉણપો રહી જાય છે. હું કાદિર હોવાની સાથોસાથ આલિમ પણ છું એટલા માટે તારી બે રકાતોને સારી રીતે જોઈ રહ્યો છું. પણ તું તારી આ મામૂલી સરખી ઈબાદતના બારામાં મારી નજર, મારા ઈલ્મ, મારી પ્રશંસા અને મારી કદરદાનીથી સંતુષ્ટ નથી થતો બલ્કે તું એવું ચાહે છે કે, લોકોને તારી આ ઈબાદતની હાલતની જાણ થઈ જાય જેથી લોકો તારી પ્રશંસા કરે ! શું તારી આ રવિશ વફાદારીની રવિશ છે ? શું આ શાણપણની વાત છે ? આવી રવિશ કોઈ બુદ્ધિશાળી પોતાના માટે અખ્તિયાર નથી કરતો. તારા પર અફસોસ કે તું ઘણી જ નાસમજીનું પ્રદર્શન કરે છે !

**બીજો ઉસૂલ** : જે શખ્સની પાસે એક ઉમદા ચીજ હોય જેને વેચીને તે લાખો દીનાર વસૂલ કરી શકતો હોય છતાં તેને એક પૈસાના બદલામાં વેચી કાઢે તો શું આ મહાન નુકસાન કહેવાશે નહીં ? અને આ અતિશય ભારે નુકસાન થશે નહીં ? અને તેનું આ કૃત્ય કાળજીના અભાવ અને ઈલ્મની ઉણપની દલીલ થશે નહીં ? અને આ તેની નિર્ણય શક્તિની કમજોરી અને મૂર્ખાઈની સાબિતી નથી ? ચોક્કસ તેની કમઅકલીની સાબિતી છે.

એ જ પ્રમાણે એ જ સ્થિતિ તે બંદાની છે જે પોતાના અમલ થકી જ ખુદા તઆલાની રઝા, તેની કદરદાની, તેની મદહ તથા પ્રશંસા અને તેના સવાબને છોડીને મખ્લૂકાતની પ્રશંસા અને કમીની દુનિયાનો તલબગાર હોય. અલ્લાહ તઆલાની રઝા તથા સવાબની સરખામણીમાં મખ્લૂકની પ્રશંસા અને દુનિયાની તલબગારી લાખો દીનારની સરખામણીમાં એક પૈસાથી પણ કમ હેસિયત ધરાવે છે, બલ્કે દુનિયા અને દુનિયામાં જે કાંઈ છે તે અને એક દુનિયા નહીં એવી

કેટલીયે દુનિયાઓ પણ ખુદાની રઝા સમક્ષ તુચ્છ અને હૈસિયત વિનાની છે. શું આ ઉઘાડુ નુકસાન નથી કે નેક અમલોના બદલામાં મળનાર મહાન ઈનાયતોને છોડીને પોતાના નફ્સ થકી આવી હકીર તથા તુચ્છ અને કમીની ચીજાને ચાહવા તથા સ્વીકારવામાં આવે ? પછી જો કમીની દુનિયાની ચાહત અને કમ હિંમતીનું પ્રદર્શન કરવાથી અટકી નથી શક્તા તો પણ આખેરતને જ ચાહો તો તેની સાથે આપોઆપ દુનિયા મળી જશે, બલ્કે કેવળ ખુદા તઆલાની રઝા અને તેના રાજીપા (ખુશ્નુદી)ના જ તલબગાર બને, અલ્લાહ તઆલા તમને બંને જહાનની નેઅ્મતોથી માલામાલ કરી આપશે કેમ કે તે દુનિયા તથા આખેરત સર્વનો માલિક છે. એ જ ચીજને અલ્લાહ તઆલા આ આયતમાં બયાન ફર્માવે છે :–

مَنْ كَانَ يُرِيْدُ ثَوَابَ الدُّنْيَا فَعِنْدَ اللّٰهِ ثَوَابُ الدُّنْيَا وَ الْاٰخِرَةِ

(અર્થ) : "જે શખ્સ દુનિયાનો તાલિબ હોય તો તેણે દુનિયા પણ ખુદાથી જ તલબ કરવી જોઈએ કેમ કે દુનિયા તથા આખેરત બંનેની નેઅ્મતો અલ્લાહ તઆલાની જ પાસે છે." *(સૂ. નિસાઅ, ૪/૧૩૪)*

હુઝૂર નબીએ કરીમ ﷺ ફર્માવે છે : "અલ્લાહ તઆલા નેક અમલોના તુફૈલથી દુનિયા પણ અતા કરે છે, પણ આમાલે દુનિયવીની સાથે આખેરત અતા ન કરતો."

તો જ્યારે તમે સાચી (ખાલિસ) નિય્યત કરી લો અને આખેરતના માટે દુનિયવી ફિકરોથી દિમાગને મુક્ત કરી લો તો તમને દુનિયા તથા આખેરત મળી જશે, પરંતુ જો તમે કેવળ દુનિયાને જ ચાહી તો આખેરત તમારા હાથેથી છટકી જશે અને કેટલીકવાર એટલી દુનિયા પણ તમને મળશે નહીં જેટલી તમે ઈચ્છતા હતા. અને ઈચ્છા મુજબ દુનિયા તમને મળી પણ જાય તો પણ તે થોડા દિવસોની વસંત છે, જેથી તાલિબે દુનિયા બનીને તમે દુનિયા તથા આખેરત બંનેનું નુકસાન ઉઠાવી લીધું, માટે (એવું ન કરતાં) દાનિશમંદીની સાબિતી આપો.

**ત્રીજો ઉસૂલ** : તે મખ્લૂક઼ જેના માટે તમે કામ કરશો અને જેની રઝાના તાલિબ થશો તે જો જાણશે કે તમે તેને રાજી કરવા માટે જ આ કામ કરી રહ્યા છો તો તે તમને બુરા જાણશે અને તમારા પર નારાજ થશે અને તમને ઝલીલ

તથા હલકા જાણશે, જેથી એક બુદ્ધિશાળી માણસ એના માટે કામ કરવા તૈયાર નથી થઈ શકતો જેને જો જાણ થઈ જાય કે મારી રઝાના માટે કામ કરી રહેલ છે તો તેના પર નારાજ થાય અને તેને ઝલીલ જાણે. માટે હે મિસ્કીન બંદા ! તેને રાજી કરવા માટે કર અને તેને જ પોતાનો હેતુ તથા મહેનતોનું કેન્દ્ર બનાવ જે તારાથી મહોબ્બત કરે, જે તને નેઅ્મત અતા કરે, પોતાની નેઅમત તારા પર નિછાવર કરે, તારી ઈજ્જત કરે એટલે સુધી કે તને અજરો સવાબ આપીને ખુશ અને રાજી કરે અને તને સૌથી બેનિયાઝ (નચિંત) કરી આપે. જો તું બુદ્ધિશાળી છે તો આ મુદ્દાને દિમાગમાં ગોઠવ.

**ચોથો ઉસૂલ** : જે શખ્સની પાસે કોશિશ તથા મહેનતનો એવો સરમાયો હોય જેના થકી તે દુનિયામાં સૌથી મોટા બાદશાહની રઝામંદી તથા ખુશ્નુદી પ્રાપ્ત કરી શકે છે પરંતુ તેનાથી તે બાદશાહની ખુશ્નુદી પ્રાપ્ત ન કરે બલ્કે એનાથી એક ઝાડુ મારનારની ખુશ્નુદીનો ઈચ્છુક બને તો તેની આ હરકત એ વાતની દલીલ છે કે આ શખ્સ મૂર્ખ અને અહ્મક છે, વિચારશીલ નથી પણ બદ્બખ્ત અને બદ્કિસ્મત છે. સૌ લોકો તેને કહેશે કે, જ્યારે મહાન બાદશાહની ખુશ્નુદી હાંસલ કરવાનું તારા માટે શક્ય હતું છતાં તેં તેને છોડીને એક ઝાડુ મારનારની ખુશ્નુદી હાંસલ કરવામાં શું ભલાઈ જોઈ ?! ખાસ કરીને, જ્યારે બાદશાહની નારાજગીના કારણે તે ઝાડુ મારનાર પણ તારાથી નારાજ થશે, તો એ રીતે બંનેની ખુશ્નુદીથી હાથ ધોવા પડશે.

એ જ પ્રમાણેની સ્થિતિ રિયાકાર માણસની છે. જ્યારે કે, માણસ અલ્લાહ રબ્બુલ આલમીનની જે માણસના તમામ કામો તથા મુશ્કેલીઓના માટે પૂરતો છે તેની રઝા તથા ખુશ્નુદી પ્રાપ્ત કરી શકે છે તો પછી તેને છોડીને તથા કમજોર અને ઈજ્જત વિનાની કમજોર મખ્લૂક઼ની ખુશ્નુદીનો ખયાલ રાખવાનો શો મતલબ છે ? પછી જો તમારી હિમ્મત કમજોર હોય અને તમે સમજશક્તિથી ખાલી હોવ અને વિના કારણે મખ્લૂક઼ની રઝાના જ તાલિબ બનો તો એવી સ્થિતિમાં પણ તમારે તમારો ઈરાદો ગૈરને રાજી કરવાથી ખાલી રાખવો જોઈએ અને પોતાની મહેનત તથા કોશિશ કેવળ ખુદા તઆલા માટે હોવી જોઈએ, કેમ કે લોકોના દિલો અને તેમની પેશાનીઓ તેના કબજામાં છે તો દિલોને તેના તરફ ઝુકાવી

દેશે અને ઈન્સાની નફ્સને તારો દીવાનો બનાવી દેશે અને લોકોના સીનાઓ તારી મહોબ્બત તથા ઉલ્ફતથી લબરેઝ કરી દેશે.

તો આ રીતે તમને જે કાંઈ મળશે જે તમે તમારી કોશિશ તથા ઈરાદાથી હાંસલ કરી શક્તા ન હતા. પરંતુ જો તમે કોશિશોને ખુદા તઆલા માટે ખાલિસ ન કરો બલ્કે મખ્લૂકની રઝાના જ તાલિબ બનો તો એવી સ્થિતિમાં અલ્લાહ તઆલા લોકોના દિલ તમારાથી ફેરવી દેશે અને લોકોના દિલોમાં તમારા પ્રતિ નફરત નાખી દેશે અને મખ્લૂકને તારાથી નારાજ કરી દેશે. તો તમારા આવા વલણથી અલ્લાહ તઆલા પણ નારાજ થઈ ગયો અને મખ્લૂક઼ પણ નારાજ થઈ ગઈ, માટે એવા શખ્સના નુકસાન તથા મેહરૂમીનું કોઈ ઠેકાણું નથી !

## ★ દિલની નિય્યત શું છે ? ★

**હિકાયત** : હઝરત હસન બસરી رحمۃ اللہ علیہથી નક઼લ થયેલ છે કે, એક શખ્સ કહ્યા કરતો હતો કે ખુદાની ક઼સમ ! હું એવી ઈબાદત કરીશ જેનાથી લોકોમાં મારી ચર્ચા થાય. એક શખ્સ નમાઝ માટે સૌથી પહેલાં મસ્જિદમાં પ્રવેશતો અને સૌથી છેલ્લે મસ્જિદથી નીકળતો. નમાઝોના સમયમાં દરેક વખતે નમાઝ પઢતો જ જોવા મળતો, હમેશાં રોઝાદાર રહેતો અને ઝિક્રની મજલિસોમાં પાબંદીથી શરીક થતો. સાત મહિનાઓ સુધી તે એ પ્રમાણે કરતો રહ્યો. પરંતુ તેના વિશે લોકોનું વલણ એવું હતું કે, જ્યારે પણ ક્યાંયથી પસાર થતો તો સૌ લોકો એ જ કહેતા કે અલ્લાહ તઆલા આ રિયાકારને સારી હિદાયત આપે. આખરે તેણે પોતાના પર મલામત કરી અને કહ્યું કે મારી ઈબાદત અને બંદગી તો બેકાર ગઈ અને તેનું કાંઈ પરિણામ ન નીકળ્યું, હવે પછી બંદગી તથા ઈબાદત કેવળ ખુદાની રઝાને ખાતર જ કરીશ. તેણે ઈબાદતમાં અગાઉ કરતાં વધારો ન કર્યો બલ્કે એ જ પ્રમાણે કરતો રહ્યો જેટલી અગાઉ કરતો હતો. તેણે કેવળ નિય્યતમાં તબ્દીલી કરી અને તેમાં ઈખ્લાસ પેદા કર્યો. ત્યાર બાદ જ્યાંથી જ્યાંથી પણ તે પસાર થતો હતો સૌ એ જ કહેતા હતા કે અલ્લાહ તઆલા ફલાણા શખ્સ પર રહ્મ નાઝિલ ફર્માવે. આ હિકાયત વર્ણન કર્યા બાદ હઝરત ઈમામ હસન બસરી رحمۃ اللہ علیہએ આ આયત પઢી :–

اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَ عَمِلُوا الصّٰلِحٰتِ سَيَجْعَلُ لَهُمُ الرَّحْمٰنُ وُدًّا

અર્થાત : "જે લોકો ઈમાન લાવ્યા અને નેક કામ કર્યાં તેમના માટે અલ્લાહ તઆલાના નજીકમાં દોસ્તી અને મહોબ્બત પેદા કરી આપશે."

*(પારા : ૧૬, સૂરએ મરયમ, રુકૂઅ : ૯, આયત : ૯૬)*

એટલે કે અલ્લાહ તઆલા પોતે પણ તેમની સાથે દોસ્તી કરશે અને લોકોના દિલોમાં પણ તેમની દોસ્તી અને મહોબ્બત નાખી દેશે.

કોઈકે શું સરસ કહ્યું છે :–

**૦૧.** હે લોકોથી પ્રશંસાના તાલિબ ! તું તારા કામો થકી એક અશક્ય ચીજની તમન્ના કરી રહ્યો છે.

**૦૨.** અલ્લાહ તઆલા રિયાકારને નિષ્ફળ અને નામુરાદ કરે છે, તેની મહેનતને બેકાર કરી દે છે.

**૦૩.** જે રબ તઆલાની મુલાકાતનો ઉમેદવાર હોય તે તેના ડરથી પોતાના કાર્યોમાં ઈખ્લાસ પેદા કરે છે.

**૦૪.** જન્નત તથા દોઝખ તેના હાથમાં છે એટલા માટે તારા અમલો તેને જ દેખાડ, તે તને તેની અતાઓથી માલમાલ કરી દેશે.

**૦૫.** લોકોના તાબામાં કે અખ્તિયારમાં કાંઈ નથી. તું નાદાનીના કારણે એમના લીધે રિયાકારી શા માટે કરે છે ?

## અભિમાનનું બયાન

અમે એનાથી બચવા માટે પણ કેટલાક જરૂરી અને મુકમ્મલ ઉસૂલ બયાન કરીએ છીએ. પ્રથમ ઉસૂલ એ છે કે, નિઃશંક ! બંદાનું કામ ત્યારે જ લાભદાયી અને ભરોસાપાત્ર થઈ શકે છે જ્યારે કે, તેને કેવળ ખુદાને રાજી કરવા માટે જ કરવામાં આવે. નહીં તો તેનું દૃષ્ટાંત તે મજૂર જેવું થશે જે આખો દિવસ બે દિરહમો માટે માર્યો ફરે છે અને તે ચોકીદાર જેવું ગણાશે જે કેવળ બે પૈસાના માટે આખી રાત જાગીને પસાર કરી દે છે, અને જેમ કે કારોબાર કરનારા લોકો કેવળ થોડાક સિક્કાઓ (ટકાઓ) ખાતર રાત દિવસ પોતાનો કિંમતી સમયને વડફી નાખતા હોય છે. જો બંદો કેવળ ખુદાને રાજી કરવા માટે એક રોઝો રાખે છે તો એમ સમજો કે, અલ્લાહની ખુશ્નુદીના કારણે તે રોઝાના અજ્રનું માપ નથી રહેતું. જેમ કે, રબ તઆલાએ ખુદ ફર્માવ્યું છે :–

إِنَّمَا يُوَفَّى الصَّابِرُونَ أَجْرَهُم بِغَيْرِ حِسَابٍ "મુશ્કેલીઓ પર સબ્ર કરનારાઓને અગણિત અજ્ર (બદલો) આપવામાં આવશે." *(સૂ. ઝુમર, ૩૯/૧૦)*

હદીષ શરીફમાં આવ્યું છે કે, "મેં મારા રોઝાદાર બંદાઓ માટે એવો અજ્ર નક્કી કરી રાખેલ છે જેને કોઈ આંખે જોયો સુદ્ધાં નથી અને ન તો કોઈ કાને તેને સાંભળ્યો અને ન તો કોઈના દિલ પર તેનો ખટકો સુદ્ધાં ગુજર્યો."

મતલબ કે બંદો જ્યારે અલ્લાહ તઆલાના માટે એક દિવસનો રોઝો રાખે છે તો તે રોઝાની કિંમત અને અજ્ર ગણત્રી બહારનું થઈ જાય છે. એ જ રીતે જો કોઈ રાત્રે કેવળ ખુદાની રઝા હાંસલ કરવા માટે કિ઼યામ કરે છે તો એ એતબારથી તે કિ઼યામ અગણિત બુઝુર્ગી તથા અજ્રનો મુસ્તહિક થઈ જાય છે. જેમ કે, અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું :–

فَلَا تَعْلَمُ نَفْسٌ مَّا أُخْفِيَ لَهُم مِّن قُرَّةِ أَعْيُنٍ جَزَاءً بِمَا كَانُوا يَعْمَلُونَ

અર્થ : "કોઈ નફ્સને એ ઈલ્મ નથી કે તેના અમલોનો બદલો તેની આંખોના માટે કેટલા અંશે ઠંડકનો સબબ બનશે." *(સૂ. સજદા, ૩૨/૧૭)*

સારાંશ કે આ મામૂલી સરખી ઈબાદત જેની કિંમત બે દિરહમ કે બે રૂપિયા

હતી પણ જ્યારે તે અલ્લાહ તઆલાની રઝા માટે કરવામાં આવે તો તેની અગણિત અમાપ કિંમત થઈ જાય છે. બલ્કે એમ સમજો કે જો કોઈ એક ઘડીમાં કેવળ રઝાએ ઈલાહીના માટે બે રકાતો પઢે બલ્કે એક શ્વાસ જેમાં લાઈલાહ ઈલ્લલ્લાહ અલ્લાહ તઆલાને ખુશ કરવા માટે પઢવામાં આવે, જેમ કે અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો :–

وَمَنْ عَمِلَ صَالِحًا مِّنْ ذَكَرٍ اَوْ اُنْثٰى وَهُوَ مُؤْمِنٌ فَاُولٰٓئِكَ يَدْخُلُوْنَ الْجَنَّةَ يُرْزَقُوْنَ فِيْهَا بِغَيْرِ حِسَابٍ

''જે શખ્સ નેક અમલ કરે પુરૂષ હોય કે સ્ત્રી જ્યારે કે તે ઈમાનદાર હોય તો તે જન્નતમાં દાખલ થશે જ્યાં બેહિસાબ રિઝ્ક ખાવા માટે આપવામાં આવશે.

*(સૂ. ગાફિર, ૪૦/૪૦)*

**હિસાબ** : તો આ એક શ્વાસ જેની દુનિયાદારો પાસે કોઈ ગણત્રી કે કિંમત નથી પણ જ્યારે તેને ખુદાની રઝાના માટે વાપરવામાં આવે તો કેટલાય અસાધારણ મર્તબાઓનો તે મુસ્તહિક થઈ જાય છે. તો બંદાએ જોવું જોઈએ કે તે રાતદિવસ પોતાના પ્રિય તથા કિંમતી સમયને ફુઝૂલ અને બેહૂદા કારોબારમાં વેડફી નાખતો જોવા મળે છે, જેથી બુદ્ધિશાળીએ એ વિચારવું જોઈએ કે તે કાર્ય જે ખુદાની રઝા વિના કોઈ કિંમત નથી ધરાવતું તે જ કામ ખુદાની રઝાના હેતુએ કરવામાં આવે તો કેટલા અંશે મહાનતા અને માનને લાયક બની જાય છે. જેથી, એનું દરેક કાર્ય ખુદાની ખુશ્નુદીના માટે હોવું જરૂરી છે જેથી દુનિયા તથા આખેરતમાં દરેક રીતે ફાયદાકારક પુરવાર થાય અને એનું એક દષ્ટાંત આ પ્રમાણે આપવામાં આવે છે કે દા.ત. દ્રાક્ષનો ઝુમખો અથવા રયહાનનું (એક ખુશ્બૂદાર છોડ) ફૂલ જેની બજાર કિંમત એક દમડી અથવા એક પૈસો હોય અને જો કોઈ તેને બાદશાહની સેવામાં ભેટ રૂપે રજૂ કરે અને બાદશાહ આ મામૂલી સરખા તોહફાને કબૂલ કરે અને ખુશ થઈને એક હજાર અશરફી આપી દે તો તે મામૂલી ચીજ બાદશાહને ખુશ કરવાને કારણે એક હજાર દીનારની થઈ ગઈ ! અને જો તેને કબૂલ ન કરે તો એની કિંમત તે જ પૈસો કે દમડી થશે ! એ જ રીતે બંદાના સર્વ અમલોની સ્થિતિ છે કે તેને જોઈને ફુલાવુંને બીજાના અમલોને હલકા

જાણવું એ બંદાના માટે એક તબાહકારી ચીજ છે. બલ્કે એવી ઈલ્તેજા કરવી જરૂરી છે કે, "હે અલ્લાહ ! આ બધો તારો જ ફઝ્લો કરમ છે, તારી તૌફીક઼થી સર્વ કાંઈ થાય છે." જેથી બંદાના સર્વ કથનો તથા અમલો દુનિયા તથા આખેરતમાં અજ્રો સવાબનાં સબબ બને.

અને બીજો ઉસૂલ એ છે કે મને ખબર છે કે બાદશાહ જ્યારે કોઈને કોઈ ખાણુ કે પીણુ અથવા લિબાસ અથવા કેટલાક દીનાર કે દિરહમ અતા કરે છે તો તે માણસ રાત દિવસ બાદશાહની ખિદમત કર્યા કરે છે. જો કે ખિદમતમાં ઝિલ્લત પણ હોય છે તે તેની ખિદમતમાં એ રીતે ઉભો રહે છે કે તેના પગો સુન મારી જાય છે અને જ્યારે બાદશાહ પોતાની સવારી પર સવાર થાય છે તો તે તેની સાથે દોડે છે, ક્યારેક દુશ્મનથી મુકાબલાની નોબત આવે છે તો તે પોતાની જાન તેના પર કુર્બાન કરી આપે છે કે જે તેને ફરી કદી મળવાની નથી, અને આ સર્વ ખિદમત અને તકલીફ, ખતરાઓ અને નુકસાનો કેવળ તે થોડાક મામૂલી લાભ ખાતર સહન કરી જાય છે. જ્યારે વાસ્તવમાં આ સર્વ એહસાનો અલ્લાહ તઆલા તરફથી હોય છે અને બાદશાહ કેવળ એક જાહેરી સબબ હોય છે. વળી, તારો તે રબ જેણે તને પેદા કર્યો, નહીં તો તારી કોઈ હક઼ીક઼ત ન હતી, પછી તારો ઘણો સારો ઉછેર કર્યો, તારા પર દીની, દુનિયાવી અને જાહેરી તથા આંત્રિક લાભોની વર્ષા વરસાવી જેને સમજવાથી તારી બુદ્ધિ તથા સમજ તથા નજર લાચાર છે. ખુદાવંદ તઆલા ફર્માવે છે :–

وَاِنۡ تَعُدُّوۡا نِعۡمَتَ اللّٰهِ لَا تُحۡصُوۡهَا (الآية) "જો તમે અલ્લાહ તઆલાના એહસાનોને ગણવા પણ લાગો તો ન ગણી શકો."

*(પારા : ૧૩, સૂરએ ઈબ્રાહીમ, રુકૂઅ : ૧૭, આયત : ૩૪)*

વળી, જો કે તું બે રકાત નમાઝ પઢે છે જેમાં કેટલાયે કુસૂર તથા ઉણપો હોય છે અને તેમ છતાં તેણે તારાથી ભાવિના માટે બેહતરીન જઝા અને રંગબેરંગી નવાઝિશોનો વાયદો કરી રાખ્યો છે અને વળી તું એ રકાતોને ઘણુ બધુ સમજે છે અને તેના પર ગર્વ અનુભવે છે ! જો તું વિચાર કરીશ તો તને ખબર પડી જશે કે એ અકલમંદીનું કામ નથી, તેને યાદ રાખ.

અને ત્રીજો ઉસૂલ એ છે કે, એવો બાદશાહ જેની ખિદમત દુનિયાના બાદશાહો તથા અમીરો કરે છે જેની ખિદમતમાં મોટા મોટા સરદારો હાથ ફેલાવીને ઉભા હોય, જેની ખિદમત માટે સમયના શાણા પુરૂષો અને બુદ્ધિજીવીએ ફખ્ર અનુભવે, જેની પ્રશંસા બુદ્ધિશાળીઓ અને આલિમો કરતા હોય, જેની આગળ આગળ રઈસો અને મોટેરાઓ દોડતા હોય તે બાદશાહ જો કોઈ બજારી અથવા ગામડિયા માણસને કેવળ પોતાના ફઝ્લો કરમથી પોતાના દરવાજે હાજર થવાની ઈજાઝત બખ્શી દે જેના દરવાજા પર બાદશાહો, મોટા લોકો, સરદારો અને આલિમો ફાઝિલોની ભીડ લાગી હોય અને વળી તે બાદશાહ તેને એક માનનીય જગા આપે અને તેની ખિદમતને પસંદની નજરે જુએ, જો કે તેમાં કેટલીય ખામીઓ હોય ! તો શું એવું ન કહી શકાશે કે, આ તુચ્છ માણસ પર બાદશાહે ઘણો જ મોટો કરમ કર્યો છે. પછી જો એ તુચ્છ માણસ પોતાની તુચ્છ ખિદમતના લીધે બાદશાહ પર એહસાન જતાવવા લાગે અને તેને કાંઈક સમજવા લાગે અને તેના પર ગર્વ અનુભવે તો શું એવું કહેવામાં નહીં આવે કે તે અસીમ કક્ષાનો મૂર્ખ અને પાગલ માણસ છે જેને કશીય ચીજનું ભાન નથી ! જ્યારે આ વાત પુરવાર થઈ ગઈ તો હવે સમજવું જોઈએ કે આપણો મઅ્બૂદે બરહક઼ એક એવો મઅ્બૂદ છે જેની તસ્બીહો આસ્માન તથા જમીન અને તેની તમામ હસ્તીઓ (અસ્તિત્વવાળી ચીજો) કરી રહી છે :–

وَاِنْ مِّنْ شَیْءٍ اِلَّا یُسَبِّحُ بِحَمْدِهٖ (الاٰیة) "કોઈ ચીજ એવી નથી જે તેની હમ્દ તથા તસ્બીહ ન બયાન કરતી હોય."

*–(પારા : ૧૫, સૂરએ બની ઈસ્રાઈલ, રુકૂઅ : ૪, આયત : ૪૪)*

એ એક એવો મઅ્બૂદ છે જેની સમક્ષ તમામ આસ્માન તથા જમીનો સજદામાં પડેલાં છે ચાહે ખુશીથી કે નાખુશીથી અને તેના આ'લા દરબારના બંદાઓ જિબ્રઈલે અમીન, મીકાઈલ, ઈસ્રાફીલ, ઈઝ્રાઈલ અને અર્શ ઉઠાવનાર ફરિશ્તાઓ કર્રૂબી (આ'લા દરજ્જાના ફરિશ્તા) અને રૂહાની અને તમામ મુક઼ર્રબીન મલાઈકહ કે જેમની સંખ્યા ખુદા તઆલા સિવાય કોઈ પણ જાણતુ નથી, તે ઉપરાંત તેઓ જેમના મક઼ામ ઘણા બુલંદ છે, તેમના નફ્સો પાક છે, તેમની ઈબાદત પણ ઘણી મોટી અને અધિક છે અને છતાં પણ તેના આ'લા

દરવાજાના ભિખારી છે; નૂહ, ઈબ્રાહીમ, મૂસા, ઈસા અને મુહમ્મદ મુસ્તફા (ﷺ) જે તમામ કાયનાતનો ખુલાસો છે અને તેમના સિવાય બીજા અંબિયા અને રસૂલ પણ ખુદા તઆલાની તેમના પર રહમતો અને સલામ નાઝિલ થાય, તેમના મર્તબાઓ જો કે ઘણા ઉચ્ચ છે, તેમની ખૂબીઓ અઝીઝ અને મકામો મહાન અને આદતો ઉચ્ચ છે. પછી આલિમો, ઈમામો, નેક લોકો અને ઝાહિદો પણ પોતાના ઉચ્ચ મર્તબાઓ અને પાક શરીરો અને પુષ્કળ ઈબાદતો છતાં તેની ચોખટમાં હાથ ફેલાવનારા છે.

અને દુનિયાના બાદશાહો અને જાલિમ લોકો તેના દરવાજાના એક અદના ખાદિમ છે, ખૂબ જ ઝિલ્લતની સાથે તેની સામે સજદામાં પડે છે, ખૂબ જ ખુશૂઅ તથા ખુઝૂઅની સાથે તેની સમક્ષ પોતાના ચહેરાને ધૂળમાં મૂકે છે અને રડી રડીને આજિઝી સાથે પોતાની હાજતો તેની સમક્ષ પેશ કરે છે, તેની ખુદાવંદી અને પોતાની બંદગીનો ઈકરાર અબૂદિયતના સજદા વડે કરે છે. વળી, તે ક્યારેક તેમના પ્રતિ રહમતની નજર ઉઠાવે છે અને પોતાના ફઝ્લો કરમથી તેમની હાજતો પૂરી કરે છે, પોતાના કરમથી તેમના કુસૂરોને દરગુઝર કરે છે અને વળ ી તેણે પોતાની આ અઝમત અને જલાલ અને બાદશાહી તથા કમાલ હોવા છતાં તને તારી તુચ્છતા, તારા અયબો અને તારી ગંદકીના હોવા છતાં પોતાના દરવાજા પર તને હાજર થવાની ઈજાઝત અર્પી દીધી છે. જો કે તારી હૈસિયત તો એ છે કે જો તું તારા શહેરના સરદાર પાસે પ્રવેશની ઈજાઝત માગે તો તને ઈજાઝત ન મળે, તારા મહોલ્લાના સરદાર સાથે વાત કરવા ચાહે તો તે તારી સાથે વાત ન કરે અને જો તું તારા શહેરના હાકિમ સામે સજદો કરે તો તે તારા પ્રતિ ધ્યાન પણ ન કરે.

અને એ અલ્લાહે તને ઈજાઝત આપી રાખી છે કે તું તેની ઈબાદત કરે, તેની પ્રશંસા કરે, તેને સંબોધી શકે બલ્કે પોતાની હાજતો તેની સમક્ષ રજૂ કરે, દિલ ખોલીને વાતો કરે, તારી જરૂરતો તેની પાસે માગે અને તે તારી તમામ મુરાદો પૂરી કરે. વળી, તે તારી એ બે રકાતોથી ખુશ છે જેમાં ખામીઓ છે અને વળી તેના માટે એટલો સવાબ અતા ફર્માવે છે કે કોઈ માણસ કલ્પી પણ નથી શકતો અને વળી તું તારી એ બે રકાતો પર મગરૂર છે અને તેને બહુ ભારે સમજે

છે, અને આ મામલામાં અલ્લાહ તઆલાના એહસાનોને નથી સમજતો ! તું કેટલો બુરો ગુલામ છે અને કેટલો જાહિલ માણસ છે ! અલ્લાહ તઆલાથી જ મદદની દરખાસ્ત છે અને જાહિલ નફ્સની જ શિકાયત તેની બારગાહમાં છે અને કેવળ તેના પર ભરોસો છે, તેને યાદ રાખ.

## પ્રકરણ

## અંતિમ કક્ષાનો નાદાન કોણ ?

હવે એક અન્ય તરીકાથી જુઓ કે જો કોઈ ઘણો જ મોટો બાદશાહ તોહફાઓ તથા ભેટો આપવાની ઈજાઝત આપે અને તેની બારગાહમાં અમીરો, વડીલો, રઈસો, બુદ્ધિશાળીઓ, માલદાર લોકો કિંમતી હીરાઓ, ઉમદા ખજાનાઓ અને અમાપ માલ તથા દૌલતના તોહફાઓ રજૂ કરવા માડે. વળી જો કોઈ શાકભાજી વેચનાર કોઈ મામૂલી શાકભાજી અથવા કોઈ ગામડિયો દ્રાક્ષનો લૂમ પેશ કરે જેની કિંમત એક દમડી કે એક રતીભર હોય અને મોટા મોટા લોકો અને માલદારોના ટોળામાં ઘુસી જાય જેઓ બેહતરીન તોહફાઓ લઈને ઉભેલ હોય અને બાદશાહ એ ફકીર પાસેથી તેનો તોહફો કુબૂલ કરી લે અને તેને પસંદીદગી અને કુબૂલિયતની નજરે જુએ અને તેના માટે ફખ્રવાળા લિબાસ અને ઈજ્જત તથા એહતેરામનો હુકમ સાદર કરે, તો શું એ તેનો અત્યંત ફઝ્લો કરમ ન ગણાશે ? પછી જો આ ફકીર બાદશાહ પર એહસાન જતાવવા લાગે અને પોતાના તોહફાઓને બહુ ભારે સમજે અને બાદશાહના એહસાનનો ઉલ્લેખ કરવાનું ભૂલી જાય તો તેને દીવાનો, હોશ હવાસ વિનાનો અને બેવકૂફ અને બદ્તમીઝ તથા તથા અસીમ કક્ષાનો નાદાન ગણવામાં આવશે કે નહીં ?

હવે તારે માટે જરૂરી છે કે, જ્યારે તું ખુદા તઆલાની સમક્ષ ઉભો થાય અને બે રકાત અદા કરે તો ફારિગ થતાં જરા વિચાર કે એ રાતમાં અલ્લાહ તઆલાની બારગાહમાં કેટલા બંદાઓ ઉભા થયા હશે ? જમીનના વિવિધ ભાગોમાં, જંગલોમાં, સમુદ્રોમાં, પહાડોમાં અને શહેરોમાં કેટલાયે અડગતાવાળા, સિદ્દીક. ખાઈફ, મુશ્તાક, મુજતહેદીન અને આજિઝી કરનારાઓના ગિરોહ હશે ? અને વિચાર કે એ ઘડીમાં ખુદા તઆલાની બારગાહમાં કેટલીયે ખાલિસ ઈબાદત

અને ઉણપથી પાક બંદગી પેશ થઈ રહી હશે અને તે પણ ડરનારાઓ, પાક ઝુબાનવાળાઓ, રડનારી આંખો, પાક સીનાઓ અને પરહેઝગાર લોકોની તરફથી હશે ! અને તારી નમાઝ ભલે તેં તેને સારી રીતે અદા કરવામાં, તેના ઈખ્લાસ અને મજબૂતીમાં તારી શક્તિ અનુસાર કોશિશ કરી હશે, પરંતુ તેમ છતાં પણ તે અઝીમ બાદશાહની બારગાહમાં પેશ થવાને લાયક ક્યાં છે ?! અને આ ઈબાદતોની સરખામણીમાં તેની શી વિસાત છે જે ત્યાં પેશ થઈ રહી છે. કેમ કે તેં એને ગાફિલ દિલથી અદા કરી જેમાં વિવિધ અયબો સામેલ હતા, શરીર ગુનાહોની ગંદકીથી નાપાક હતું અને જીભ ફુઝૂલ અને ગુનાહની વાતોથી ખરડાયેલી હતી. તો પછી આવી નમાઝ તેની બારગાહમાં રજૂ થવાને લાયક ક્યાં હતી ?! અને રબ્બુલ ઈઝ્ઝતની બારગાહમાં હદિયો કરવાની તેનામાં કઈ લાયકાત હતી ?!

અમારા શયખ رحمۃ اللہ علیہ ફર્માવે છે, હે અકલમંદ ! વિચાર કર આસમાનની તરફ નમાઝ મોકલવામાં તેં કદી એવું ધ્યાન કર્યું છે જે કોઈ અમીર માણસ સામે ખાવા પેશ કરતી વેળા તું કરે છે ? અબૂબક્ર દર્રાક ફર્માવ્યા કરતા હતા કે જ્યારે હું નમાઝથી ફારિગ થાઉં છું તો તે સ્ત્રીથી વધુ શરમ મારા પર છવાઈ જાય છે જે વ્યભિચારથી પરવારી હોય !

વળી, અલ્લાહ તઆલા સુબ્હાનહૂએ કેવળ પોતાના ફઝ્લો કરમથી આ બે રકાતોની કિંમત કરી અને એના પર ઘણા જ મોટા સવાબનો વાયદો ફર્માવ્યો. જો કે તું તેનો ગુલામ છે, તેનું આપેલું ખાય છે, અને છતાં તે અમલ પણ તેં તેની તૌફીકથી જ અને ઈમદાદથી કર્યો છે. આ તમામ ચીજો છતાં તું એના માટે ગર્વ કરે અને પોતાના પરના અલ્લાહના એહસાનને ભૂલી રહ્યો છે. ખુદાની કસમ ! આ સર્વ અજાયબીઓમાંથી અજબની ચીજ છે અને એ ચીજ એવા જાહિલથી થઈ શકે છે જેનામાં કોઈ અક્કલ ન હોય અને એવા ગાફેલથી જેનું કોઈ દિમાગ ન હોય અથવા પછી કોઈ મુર્દા દિલથી જેનામાં કોઈ ભલાઈ ન હોય, તેને યાદ રાખ. આપણે અલ્લાહ તઆલાથી જ તેના ફઝ્લો કરમનો વાસ્તો આપીને બેહતરીન કિફાયતનો સવાલ કરીએ છીએ.

## પ્રકરણ

## ગફલતની નિંદ્રામાંથી જાગો !

વળી, આ ગુજારિશો પછી હું કહીશ કે, હે ઈન્સાન ! આ ઘાટીમાં તારી ગફલતની નિદ્રાથી જાગ, નહીં તો નુકસાન ઉઠવવું પડશે. આ ઘાટી ઘણ જ કઠિન, મુશ્કેલીઓ ભરેલી અને ઘણી, સખત અને નુકસાનકર્તા છે, જે તને આ માર્ગે આડી આવી છે. કેમ કે પાછલી તમામ ઘાટીઓના પરિણામો અહીં આવીને અટકે છે. જો તું અહીંથી બચીને નીકળી ગયો તો ગનીમત અને ફાયદો હાંસલ કરીશ અને જો એથી વિરુદ્ધ મામલો થશે તો સઘળી મહેનત ફોગટ જશે, ઉમ્મીદો ખાકમાં મળી જશે, જિંદગી બેકાર બની જશે. વળી, હવે સ્થિતિ એવી છે કે, આ ઘાટીમાં ત્રણ ચીજો આવીને ભેગી થઈ ગઈ છે : પ્રથમ એ છે કે મામલો ઘણો જ ગંભીર છે અને ઘણુ જ સખત નુકસાન અને અમાપ ખતરાઓ છે. મામલાની ગંભીરતા તો એ છે કે અમલોમાં રિયા અને ઘમંડની રાહો ઘણી જ નાઝુક છે એનાથી દીની બાબતોમાં જ્ઞાન ધરાવનાર ખૂબ જ બુદ્ધિશાળી અને જાગૃત દિલવાળો અને હોશિયાર માણસ જ માહિતગાર થઈ શકે છે, અને એક જાહિલ, ખેલકૂદમાં વ્યસ્ત અને ગફલતની નિદ્રામાં ઊંઘનારો માણસ એને કઈ રીતે જાણી શકે ?!

### ★ અતા સલ્લમીનો બોધદાયક પ્રસંગ ★

મેં આપણા ઉલમાથી નિશાપૂરમાં સાંભળ્યું કે અતા સલ્લમી رحمۃ اللہ علیہ એ કપડુ ખૂબ જ સારુ વણ્યું અને ખૂબ જ સારુ કપડુ તૈયાર થયું તેને ઉઠાવીને આપ બજારમાં લઈ ગયા અને કાપડના વેપારીને જઈને દેખાડયું. તો તેણે તેની ઘણી જ થોડી કિંમત લગાડી અને કહ્યું આમાં ફલાણી ફલાણી અયબો છે. તો અતાએ તે પાછુ લઈ લીધું અને રડવા લાગ્યા અને ખૂબ જ પ્રમાણમાં રડયા તો કાપડ વેચનાર વેપારીને એનાથી ખૂબ જ શરમ આવી અને આપની માફી માગવા લાગ્યો અને અતાની માગેલી કિંમત આપવા માટે તૈયાર થઈ ગયો. તો અતાએ કહ્યું, હું એટલા માટે નથી રડયો બલ્કે રડવાનુ કારણ એ છે કે હું આ કારીગરી જાણુ છું અને મેં આ કપડાની મજબૂતી અને સારી રીતે તેની સુંદરતા

માટે ઘણી જ કોશિશ કરી એટલે સુધી કે મારી સમજમાં કોઈ ખામી ન હતી. પછી જ્યારે તેને અયબોના જાણનારા પાસે લાવ્યો તો તેણે તેમાંથી અયબો જાહેર કરી દીધા જેનાથી હું અજાણ હતો, તો પછી આપણા અમલોનુ શું થશે જ્યારે કાલે ખુદા તઆલા સમક્ષ એ રજૂ થશે ? ખબર નહીં તેમાં કેટલી અયબો તથા ત્રુટીઓ જાહેર થશે જેનાથી આજે આપણે અજાણ છીએ !

## ★ કુર્આનની તિલાવતનો અનોખો પ્રસંગ ★

કેટલાક નેક લોકોથી રિવાયત છે કે હું એક રાત્રે સહરીના સમયે સડકના કિનારે એક ઉપલા માળે સૂરએ તાહા પઢી રહ્યો હતો. જ્યારે મેં સૂરત ખત્મ કરી લીધી તો મને કાંઈક ઊંઘ જેવું આવ્યું. મેં ખ્વાબમાં જોયું કે એક માણસ આસ્માનેથી ઉતર્યો તેના હાથમાં એક સહીફો હતો. તેણે તે મારી સામે ખોલીને મૂકી દીધો તેમાં એ જ સૂરએ તાહા લખેલી હતી અને દરેક કલમા નીચે દસ નેકીઓ લખેલી હતી. પણ એ કલમો મેં જોયો કે તે મિટાવેલો છે અને તેની નીચે કાંઈ પણ લખેલું નથી. તો મેં કહ્યું કે આ કલમો પણ હું પઢયો હતો પણ ન એ કલમો લખેલો છે અને ન તો તેનો સવાબ લખેલો છે ! તો તે માણસે કહ્યું કે, તમે સાચુ કહો છો કે તમે એને પઢયો હતો અને અમે લખ્યો પણ હતો પણ અમે આસ્માનેથી એક અવાજ આપનારને સાંભળ્યો તેણે કહ્યું, આ કલમો મિટાવી દો (કાઢી નાખો) અને તેનો સવાબ પણ કાઢી નાખો ! જેથી અમે તેને કાઢી નાખ્યો. તે માણસે કહ્યું, હું મારા ખ્વાબમાં જ રડવા લાગ્યો અને તેને કહેવા લાગ્યો કે તમે આવું શા માટે કર્યું ? તો તેણે જવાબ આપ્યો કે એક માણસ સડક પરથી પસાર થઈ રહ્યો હતો તેને સંભળાવવા માટે તમે આ (કલમો) વાકય મોટા અવાજે પઢયા હતા જેથી તેનો સવાબ ખત્મ થઈ ગયો એને યાદ રાખ.

## ★ નજીવી વાતમાં હજ્જ ગુમાવી ! ★

બાકી રહી નુકસાનની તકલીફ તો તેનું કારણ એ છે કે રિયા અને ઘમંડ એક ઘણી જ મોટી આફત છે જે એક પળવારમાં લાગુ પડી જાય છે અને કેટલીકવાર સિત્તેર (૭૦) વરસોની ઈબાદતને બગાડીને મૂકી દે છે. કહેવામાં આવે છે, એક માણસે સુફયાન થૌરી رحمۃ اللہ علیہ અને તેમના સાથીઓની મહેમાની

કરી તો પોતાના ઘરવાળાંઓને કહ્યું કે, એ થાળમાં રોટી મૂકીને લાવો જે હું બીજી હજ્જના પ્રસંગે લાવ્યો હતો, પ્રથમ હજ્જવાળામાં રોટી ન લાવશો ! તો સુફયાને તેની તરફ જોયું અને કહ્યું કે, આ મિસ્કીને આટલી જ વાતમાં પોતાની હજ્જને બાતિલ કરી દીધી !

અને કેટલાકે નુકસાન અધિક થવાનું એ કારણ દર્શાવ્યું કે તે થોડી સરખી ઈબાદત જે રિયા અને ઘમંડના કારણે સલામત રહે તે ઈબાદતની કિંમત ખુદા તઆલાની નજીક અમાપ છે અને એવી ઘણી ઈબાદત જેને આ આફતનો ભેટો થઈ જાય તેની કોઈ કિંમત રહેતી નથી, પણ એ કે અલ્લાહ તઆલા તેને બચાવી લે. જેમ કે હઝરત અલી رضی اللہ عنہથી નક્લ થયેલ છે કે, મક્બૂલ અમલ કદી ઘટતો નથી અને મક્બૂલ અમલ કઈ રીતે ઘટી પણ શકે છે ?!

ઈમામ નખઈને પૂછવામાં આવ્યું કે ફલાણા ફલાણા અમલોનો કેટલો સવાબ છે ? તો આપે ફર્માવ્યું કે, જ્યારે તે ક્બૂલ થઈ જાય તો તેના સવાબની હદ નથી.

અને વહબથી રિવાયત છે કે પહેલાંના લોકોમાં એક માણસ હતો જેણે સિત્તેર વરસ સુધી અલ્લાહ તઆલાની ઈબાદત કરી. એક અઠવાડિયા બાદ રોઝો ઈફતાર કર્યા કરતો હતો. તેણે અલ્લાહ તઆલાથી એક હાજત માટે સવાલ કર્યો તો તેની તે હાજત પૂરી ન થઈ. તે પોતાના નફ્સને મલામત કરવા (ધમકાવવા) લાગ્યો અને કહેવા લાગ્યો કે જો તારામાં કોઈ ભલાઈ હોત તો તારી હાજત પૂર્ણ કરી આપવામાં આવત. તો અલ્લાહ તઆલાએ એક ફરિશ્તાને નાઝિલ કર્યો અને કહ્યું, **હે આદમના પુત્ર ! તારી એક ઘડી જેમાં તેં તારા નફ્સને નિરર્થક (નકામો) સમજ્યો, તે તારી પ્રથમની સર્વ ઈબાદતો કરતાં બેહતર છે.**

હું કહું છું કે અકલમંદે આ શબ્દો પર વિચાર કરવો જોઈએ. **શું એ ભારે નુકસાન નથી કે એક માણસ ૭૦ વરસ સુધી તકલીફ તથા મહેનત ઉઠાવે અને બીજો એક ઘડી સોચ વિચાર કરે તો તેની એક ઘડીની સોચ વિચાર અલ્લાહ તઆલાને ત્યાં ૭૦ વરસની ઈબાદતથી અફ્ઝલ થઈ જાય ?!** આ શું મહાન નુકસાન નથી કે સિત્તેર વરસ કરતાં એક ઘડી વધારે

બેહતર થઈ જાય અને સિત્તેર વરસની તમામ ઈબાદત બેકાર જતી રહે ! ખુદાની કસમ ! આ ઘણુ જ મહાન નુકસાન છે અને એનાથી અજાણ રહેવું એ એથી પણ વિશેષ મોટુ નુકસાન છે. અને તે ખસલત (ખૂબી) જેની આ કિંમત હોય અને આવા ખતરાઓ હોય તો જરૂરી છે કે તેનાથી બચવામાં અને પરહેઝ કરવામાં આવે. અને આ બાબતે અકલમંદ લોકોની નિગાહ આવી બારીકીઓ પર પડે છે. વળી તેઓ આ ભેદોને ભેદવા માટેની પ્રથમ તો ગોઠવણ કરે છે અને પછી તે કાળજી તથા હિફાઝતનો ખયાલ રાખે છે. તેમની નજર અમલોની જાહેરી અધિક્તા પર નથી હોતી, તેઓ કહે છે કે શાન સફાઈમાં છે વિપુલતામાં નહીં. તેઓ કહે છે કે એક હીરો હજાર કોડીઓથી બેહતર છે પરંતુ જે લોકોનો ઈલ્મ ઓછો હોય છે અને જેની નજર આ ક્ષેત્રે લાચાર છે તેઓ આવા ભેદોથી અજાણ છે. અને તેઓ દિલોના અયબોથી બેખબર છે અને પોતાના નફ્સને રુકૂઅ અને સજદાઓમાં પરોવી અને ખાવા પીવાથી રોકીને થકવી નાખે છે. તેમને સંખ્યાની વિપુલતાએ છેતરી લીધા છે અને સફાઈ તથા બુઝુર્ગી પર નજર નથી રાખતા. એવા અખરોટોનો વિપુલ જથ્થો કાંઈ જ ફાયદો નથી આપતો જેમાં કોઈ મગજ ન હોય, અને એવા મકાનોની ઉંચી છતો કાંઈ ફાયદો નથી આપતી જેના પાયા મજબૂત ન હોય. અને આ હકીકતોને કેવળ આલિમ લોકો જ જાણી શકે છે જેમને ખુદા તઆલા તરફથી કશ્ફ થયો અને અલ્લાહ તઆલા જ પોતાના ફઝ્લો કરમથી હિદાયતનો વલી છે.

હવે બાકી રહ્યું મોટા ખતરાઓનું હોવું, તો તેના કેટલાયે કારણો છે :—

પ્રથમ એ કે મઅ્બૂદ એક એવો બાદશાહ છે જેના જલાલ (મહાનતા) તથા અઝમતની કોઈ સીમા નથી અને તેનાં તારા પર એટલાં એહસાનો છે જે ગણત્રી બહાર છે અને તારું શરીર છુપા અયબોથી ખરડાયેલું છે અને અસંખ્ય આફતોથી ભરેલું છે અને મામલો ભયંકર છે. જો નફ્સની ઉતાવળથી તારો પગ લપસી ગયો તો પછી તું મોહતાજ હશે કે અયબદાર બદન તથા બુરાઈ પ્રતિ ઝુકાવ રાખનાર અને બુરાઈનો હુકમ આપનાર નફ્સ થકી કોઈ નિખાલસ (ખાલિસ) અમલ અંજામ આપી શકે તે પણ એવા તરીકા પર કે તે રબ્બુલ આલમીનના જલાલ તથા અઝમતના લાયક હોય, અને તેની નેઅ્મતો અને

એહસાનોના આભારરૂપ બની શકે અને તેની બારગાહમાં પસંદગી પામી શકે અને કૂબૂલ થઈ શકે. નહીં તો તારાથી તે મહાન ફાયદો નષ્ટ થઈ જશે જેના નાશ થવાનો કોઈ નફ્સ રાજીખુશીથી સ્વીકાર નથી કરી શકતો અને એવું પણ થઈ શકે છે કે તને કોઈ એવી મુસીબત આવીને ભેટે કે જેની તારામાં તાકાત ન હોય અને ખુદાની કૃસમ ! આ એક અજબની હાલત છે અને એક વિચિત્ર કૈફિયત છે.

બાકી રહ્યો તે બાદશાહના જલાલ તથા અઝમતનો મામલો તે એ રીતે કે **મુકર્રબીન ફરિશ્તાઓ હર પળે દિવસ રાત તેની બંદગીમાં ઉભેલા છે એટલે સુધી કે કેટલાક તેમાંના પોતાની પેદાઈશથી લઈને ક્યિામમાં છે અને કેટલાક રુકૂઅમાં અને કેટલાક સિજદાની હાલતમાં અને કેટલાક એમનામાંથી તસ્બીહ તથા તહલીલમાં મશગૂલ છે. હવે ક્યિામ કરનારાનો ક્યિામ, રુકૂઅવાળાઓનો રુકૂઅ અને સજદો કરનારાનો સજદો અને તસ્બીહ કહેનારની તસ્બીહ અને લાઈલાહ ઈલ્લલ્લાહ કહેનારની તહ્લીલ સૂર ફૂંકાતા સુધી સતત ચાલુ રહેશે અને છતાં તેમની ઈબાદત પૂરી થશે નહીં. અને છતાં પણ જ્યારે તેઓ આ મહાન બંદગી તથા ઈબાદતથી ફારિગ થશે તો તમામે તમામ પોકારી ઉઠશે કે, "તું પાક છે, જેવો તારી ઈબાદત કરવાનો હક્ક હતો અમે તેવો અદા ન કરી શક્યા."**

અને એ રસૂલોના સરદાર, કાયનાતના ખુલાસા (કાયનાતના સર્જનનો સબબ), તમામ મખ્લૂકથી વધુ ઈલ્મ અને ફઝીલત ધરાવનાર હઝરત મુહમ્મદ ﷺ છે જેઓ ફર્માવે છે કે, હું તારી એવી ષના બયાન નથી કરી શકતો જેવી ષનાનો (પ્રશંસાનો) તું મુસ્તહિક છે. અને કહે છે કે હું તારી તે પ્રશંસા કરવા અસમર્થ છું જે પ્રશંસાનો તુ હક્કદાર છે. પછી એ ઈબાદતની તો કલ્પના પણ કેવી રીતે કરી શકાય છે જેને લાયક તું છે. અને આપ જ તો છે જેમણે ફર્માવ્યું કે કોઈ માણસ જન્નતમાં પોતાના અમલથી પ્રવેશી નથી શકતો. સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું તમે પણ દાખલ નથી થઈ શકતા ? તો આપે ફર્માવ્યું કે, જ્યાં સુધી ખુદા તઆલાની રહમત ન ઢાંકી લે ત્યાં સુધી હું પણ દાખલ નથી થઈ શકતો.

બાકી રહ્યાં ઈનામો તથા એહસાનો, તો અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَاِنْ تَعُدُّوْا نِعْمَتَ اللّٰهِ لَا تُحْصُوْهَا "અને જો તમે અલ્લાહના એહસાનોને ગણવા માડો તો ગણત્રી પણ નથી કરી શકતા."

*(પારા–૧૩, સૂરએ ઈબ્રાહીમ, રુકૂઅ : ૧૭, આયત : ૩૪)*

અને જેમ કે હદીષ શરીફમાં છે, "લોકોના અમલોના ત્રણ દફતરો હશે. એક નેકીઓનુ દફતર, એક બુરાઈઓનુ દફતર અને એક ખુદા તઆલાની નેઅ્મતોનુ દફતર. નેકીઓને નેઅમતોની સરખામણીમાં લાવવામાં આવશે. જ્યારે કોઈ નેકી લાવવામાં આવશે તો તેની સરખામણીમાં નેઅ્મત મૂકી દેવામાં આવશે. એટલે સુધી કે નેકીઓ નેઅ્મતોમાં ખત્મ થઈ જશે અને ગુનાહ તથા બુરાઈઓ બાકી રહી જશે. તો પછી અલ્લાહ તઆલાને એમાં ઈખ્તિયાર છે."

બાકી રહ્યા **નફ્સના અયબો અને તેની આફતો** : અમે તેને તેના પ્રકરણમાં વર્ણન કરી ચૂક્યા છીએ. ખતરનાક મામલો તો એ છે કે માણસ સિત્તેર વરસ સુધી મહેનત કરે છે અને તકલીફ ઉઠાવે છે અને તે તેના અયબો અને આફતોથી અજાણ હોય છે. વળી ક્યારેક તો એવું થાય છે કે એમાં એક પણ મક્બૂલ નથી થતુ. અને ક્યારેક કેટલાય વરસુ સુધી તે મહેનત કરે છે અને એક જ પળ તેને બરબાદ કરી નાખે છે. અને આ તમામ ખતરાઓથી વધીને એ ખતરો છે કે ક્યારે અલ્લાહ તઆલા બંદાને જુએ છે, અને તે ખુદા તઆલાની ઈબાદત અને બંદગી લોકોને દેખાડવા માટે કરે છે, એ રીતે કે તેનુ જાહેર તો અલ્લાહ તઆલા માટે હોય છે પણ અંતર મખ્લૂક઼ના માટે હોય છે. વળી તે તેને એ રીતે મરદૂદ ઠરાવી દે છે કે તેને કોઈ પણ ખુદાને ત્યાં મક઼બૂલ નથી બનાવી શકતુ, એનાથી ખુદાની પનાહ !

અને કેટલાક ઉલમાથી સાંભળ્યું કે તેઓ હસન બસરી رحمۃ اللہ علیہના વિશે બયાન કરતા હતા કે, તેમની વફાત પછી તેમને ખ્વાબમાં જોવામાં આવ્યા તો તેમને તેમનો હાલ પૂછવામાં આવ્યો. તો આપે ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ મને પોતાની સમક્ષ ઉભો કર્યો અને ફર્માવ્યું, હે હસન ! શું તને યાદ છે કે એક દિવસે તું મસ્જિદમાં નમાઝ પઢી રહ્યો હતો અને લોકોએ તને જોયો તો તેં સારી

રીતે નમાઝ પઢવા માંડી ! જો તારી પહેલી નમાઝ મારા માટે ખાલિસ ન હોત તો હું તને આજે મારા દરબારમાંથી હાંકી કાઢત ! અને તારી સાથેથી મારા સંબંધો કાપી નાખત !

અને જ્યારે મામલો મુશ્કેલ અને ગંભીરતાને લીધે આટલી બધી હદે પહોંચેલો છે તો બુદ્ધિશાળી લોકોએ તેમાં વિચાર કર્યો અને પોતાની જાનો માટે રડતા રહ્યા એટલે સુધી કે કેટલાક તેમનામાંથી પોતાના એ અમલની પ્રતિ ધ્યાન કરતા ન હતા જે લોકો સમક્ષ જાહેર થઈ જાય. એટલે સુધી કે રાબીઆ બસરિયહ વિશે વર્ણવવામાં આવે છે કે તેમણે ફર્માવ્યું કે, મારો જે અમલ જાહેર થઈ જાય તેને હું ગણત્રીમાં નથી લાવતી. અને કોઈ બીજાએ કહ્યું કે જો તને નેકીઓને છુપાવીને રાખવાની કોઈ જગા મળી જાય તો એવું જ કર.

વર્ણન કરવામાં આવે છે કે રાબીઆને સવાલ કરવામાં આવ્યો કે તમને તમારા કયા અમલ પર સૌથી વધારે ઉમ્મીદ છે ? તો તેમણે જણાવ્યું કે, એના પર કે હું મારા અમલોથી માયૂસ (નિરાશ) છું !

કહેવામાં આવે છે કે મુહમ્મદ ઈબ્ને વાસેઅ અને માલિક ઈબ્ને દીનાર બંનેની મુલાકાત થઈ તો માલિકે કહ્યું, ક્યાં તો અલ્લાહ તઆલાની ઈબાદત હશે અથવા જહન્નમ. તો મુહમ્મદ ઈબ્ને વાસેઅ્એ કહ્યું, કયાં તો અલ્લાહ તઆલાની રહમત થશે અથવા જહન્નમ. તો માલિકે કહ્યું કે મારે તારા જેવા ઉસ્તાદની કેટલી જરૂરી છે.

હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہથી રિવાયત છે. આપે ફર્માવ્યું કે મેં ત્રીસ વરસ સુધી ઈબાદતમાં મહેનત કરી. પછી મેં એક કહેનારાને જોયો જે મને કહેવા લાગ્યો, હે બાયઝીદ ! તેના ખજાનાઓ ઈબાદતથી ભરપૂર છે જો તું તેની બારગાહ સુધી પહોંચવા ચાહે છે તો તારે ઝિલ્લત તથા મિસ્કીની ધારણ કરવી જોઈએ.

અને મેં ઉસ્તાદ અબુલ હસનથી સાંભળ્યું, આપ ઉસ્તાદ અબુલ ફઝ્લથી બયાન કરતા હતા. આપે ફર્માવ્યું કે હું સારી રીતે જાણુ છું કે હું જે પણ ઈબાદત કરું છું તે અલ્લાહ તઆલાની નજીક મક્બૂલ નથી. આપનાથી એ બારામાં ચર્ચા

કરવામાં આવી તો આપે જવાબ આપ્યો કે કોઈ શ્રમના મક્બૂલ થવા માટે જે ચીજોની જરૂરત હોય છે તેને હું જાણુ છું અને મને એ પણ ખબર છે કે તેને એ હું પૂર્ણ નથી કરી રહ્યો. કહેવામાં આવ્યું કે, તો પછી તમે અમલ શા માટે કરો છો ? ફર્માવ્યું, શક્ય છે કે અલ્લાહ તઆલા મને કોઈ દિવસ દુરુસ્ત કરે તો નફ્સને સારા કામો કરવાની આદત તો પડશે અને નવેસરથી તેને આદત પાડવાની જરૂરત ન રહેશે. આ સ્થિતિ તે મોટા લોકોની છે જેઓ મુજાહિદવાળા અને મુશ્કેલીઓ વેઠીને મજબૂતીથી ક઼દમ મૂકનાર હતા. તારી હાલત એવી છે જેમ કે શાયરે કહ્યું :–

અર્થ : (૧) પોતાના નફ્સ માટે ગૈર લોકોની સોહબત તલાશ કરો, કેમ કે ઉદાસી છવાઈ ગઈ છે અને ઉમ્મીદો ખત્મ થઈ ચૂકી છે. (૨) અફસોસ ! કે સુસ્તીના બદલે સરદારીની ખ્વાહિશ કરે છે, નફ્સોથી કોશિશ કરાવો અને અલ્લાહ ﷻની તરફ ધ્યાનિત કરવામાં મદદ કરો.

## ★ અમલો વિશે એક ઈબ્રતનાક હદીષ ★

વળી મને વિચાર આવ્યો કે હું અહીં તે હદીષ બયાન કરી દઉં જે સાદિકુલ મસ્દૂક ﷺથી નક઼લ થયેલ છે. અને મેં તેને કેટલીયે કિતાબોમાં વર્ણવી છે.

ઈબ્ને મુબારક رحمۃ اللہ علیہ ખાલિદ ઈબ્ને મઅ્દાનથી રિવાયત કરે છે કે તેમણે હઝરત મઆઝ رضی اللہ عنہને અર્ઝ કરી કે મને કોઈ એવી હદીષ સંભળાવો જે આપે રસૂલુલ્લાહ ﷺથી જાતે જ સાંભળી હોય અને તેને યાદ કરી હોય, અને તેની સખ્તી અને ગંભીરતાને લીધે તમે તેનો ઉલ્લેખ દરરોજ કરતા હોવ. તો આપે ફર્માવ્યું, હા ! વર્ણન કરું છું. પછી આપ ઘણીવાર સુધી રડતા રહ્યા પછી કહેવા લાગ્યા, રસૂલુલ્લલાહ ﷺ અને તેમની મુલાકાતનો શોખ (ઉમંગ) હદથી વધી ગયો છે !

પછી ફર્માવ્યું, એકવાર હું રસૂલુલ્લાહ ﷺની પાસે હતો. આપ સવારી પર બેઠા અને મને પણ પોતાની પાછળ બેસાડી લીધો અને પછી અમે ચાલ્યા. આપે પોતાની નિગાહ આસ્માનની તરફ ઉઠાવી પછી ફર્માવ્યું, તમામ તારીફ તે અલ્લાહના માટે જે પોતાની મખ્લૂક઼માં જેવો ચાહે છે તેવો ફૈસલો ફર્માવે છે, હે મઆઝ ! મેં અર્ઝ કરી, લબ્બૈક યા સૈયદલ મુરસલીન ! આપે ફર્માવ્યું, હું તને

એવી વાત બયાન કરી રહ્યો છું કે જો તેં તેને યાદ રાખી તો તને ફાયદો આપશે, અને જો તેં તેને ભૂલાવી દીધી તો અલ્લાહ عزوجل ની નજીક તારી હુજ્જત ખત્મ થઈ જશે. હે મઆઝ ! (رضی اللہ عنہ) અલ્લાહ તબારક વ તઆલાએ જમીન તથા આસ્માનની પેદાઈશ પહેલાં સાત ફરિશ્તાઓને આસ્માનોના ખજાનચી અને દરવાનની હેસિયતથી પેદા કર્યા અને દરેક આસ્માનના દરવાજા પર એક ફરિશ્તો દરવાનની હૈસિયતથી ઉભો કરી દીધો. પછી કિરામત કાતિબીન બંદાના અમલો લઈને ચઢે છે તેમાં રોશની અને ચમક હોય છે જેમ કે સૂરજની રોશની, એટલે સુધી કે તેઓ પહેલા આસ્માન પર ચાલ્યા જાય છે અને કિરામન કાતિબીન તેના અમલોને ઘણા વધારે સમજે છે અને તેને ખાલિસ સમજે છે. પછી જ્યારે તેઓ દરવાજા પર પહોંચે છે તો દરવાન ફરિશ્તો તેમને કહે છે, આ અમલને અમલ કરનારાના મોઢા પર ફટકારી દો ! હું ગીબતનો ફરિશ્તો છું અને અલ્લાહ તઆલાએ મને હુકમ આપ્યો છે કે હું એવા માણસના અમલોને ઉપર જવા ન દઉં જે લોકોની ગીબત કરે છે, તે મને છોડીને બીજાઓ પ્રતિ ધ્યાનિત થાય છે !

પછી બીજા દિવસે ફરિશ્તા ઉપર જાય છે, તેમની પાસે ઘણા સારા અમલો હોય છે, તે અમલો નૂરથી રોશન હોય છે. કિરામન કાતિબીન તેમને ખૂબ જ વધારે અને પાકીઝા ધારે છે એટલે સુધી કે જ્યારે તેઓ બીજા આસ્માન પર જાય છે તો ફરિશ્તો કહે છે કે, થોભો ! અને આ અમલને અમલ કરનારાના મોઢા પર મારો ! કેમ કે તેની નિય્યત આ અમલથી દુનિયા કમાવવાની હતી ! મને મારા અલ્લાહે હુકમ આપી રાખ્યો છે કે, હું કોઈ એવા માણસનો અમલ ઉપર ન જવા દઉં જે મને છોડીને ગૈરના પ્રતિ ધ્યાનિત થાય. પછી ફરિશ્તા તેના પર સાંજ સુધી લા'નત કરતા રહે છે.

ફરી ફરિશ્તા બંદાના અમલો લઈને ઉપર જાય છે અને તેનાથી ઘણા ખુશ હોય છે, તેમાં સદકા, રોઝા અને ઘણી બધી નેકીઓ હોય છે. ફરિશ્તા તેને ઘણા વધારે સમજે છે અને ખાલિસ સમજે છે. પછી જ્યારે તેઓ ત્રીજા આસ્માન સુધી પહોંચે છે, તો દરવાન ફરિશ્તો કહે છે કે, થોભો ! અને આ અમલને તેના કરનારના મોઢા પર મારી દો ! હું ઘમંડવાળાઓનો ફરિશ્તો છું. મારા અલ્લાહે મને હુકમ આપી રાખ્યો છે કે, હું કોઈ એવા માણસનો અમલ ઉપર જવા ન દઉં

જે મને છોડીને ગૈરની તરફ ધ્યાનિત થાય. આ માણસ લોકો સમક્ષ તેની મજલિસમાં પોતાની બડાઈ બયાન કરે છે.

ફરી ફરિશ્તા બંદાના અમલ ઉપર લઈને જાય છે અને તે અમલ એવા ચમકતા હોય છે જાણે કે તારાઓ અથવા કોઈ પ્રકાશિત તારો અને તે અમલોમાંથી તસ્બીહનો અવાજ આવે છે. તેમાં રોઝા, હજ્જ, નમાઝ અને ઉમરો હોય છે. પછી જ્યારે તેઓ ચોથા આસમાન પર જાય છે તો ત્યાંનો મુઅક્કલ દરવાન ફરિશ્તો તેમને કહે છે કે, ઉભા રહો ! અને આ અમલને અમલ કરનારાના મોઢા પર મારી દો ! હું અભિમાનવાળાઓનો ફરિશ્તો છું અને મને મારા અલ્લાહે હુકમ આપી રાખ્યો છે કે હું એવા માણસને ઉપર જવા ન દઉં જે મને છોડીને ગૈરની તરફ ધ્યાનિત થાય છે, આ માણસ જ્યારે કોઈ અમલ કરે છે તો તેના પર મગરૂર થાય છે.

ફરી ફરિશ્તો બંદાના અમલો લઈને ઉપર જાય છે તે અમલ એવી રીતે શણગારેલા હોય છે કે તેની ચમક સૂરજ જેવી હોય, એ રીતે સજાવેલ હોય છે જાણે કે, દુલ્હન સસુરાલ જતી વખતે હોય ! જ્યારે તેઓ તે તેને લઈને પાંચમા આસમાન સુધી પહોંચે છે. એમાં જેહાદ, હજ્જ, ઉમરા વગેરે સારા સારા અમલો હોય છે. તેમની ચમક સૂરજ જેવી હોય છે. તો ફરિશ્તો કહે છે કે, હું ઈર્ષા કરનારાઓનો ફરિશ્તો છું. આ માણસ લોકો પર તે વસ્તુઓમાં હસદ કરતો હતો જે તેમને અલ્લાહે પોતાના ફઝ્લથી આપી છે. આ માણસ ખુદા તઆલાની પસંદ કરેલી વહેંચણીથી નારાજ છે. મારા અલ્લાહે મને હુકમ આપી રાખ્યો છે કે હું તેના અમલ ઉપર જવા ન દઉં, કે તે મને છોડીને ગૈરની તરફ ધ્યાનિત છે.

ફરી ફરિશ્તા બંદાના અમલો લઈને ઉપર જાય છે જેમાં સારી રીતના વુઝૂ, ઘણી નમાઝો, રોઝાઓ, હજ્જ અને ઉમરા હોય છે. તેઓ છઠ્ઠા આસ્માન સુધી પહોંચે છે તો દરવાજા પર ઉભેલો દરવાન કહે છે કે, હું રહમતનો ફરિશ્તો છું અને આ અમલોને અમલ કરનારના ચહેરા પર મારી દો. આ માણસ કદી કોઈ માણસ પર રહમ કરતો ન હતો અને કોઈ બંદાને મુસીબત પહોંચતી તો ખુશ થતો હતો. મારા અલ્લાહે મને હુકમ આપ્યો છે કે હું તેના અમલો ઉપર જવા ન દઉં કે એ મને છોડીને ગૈરની તરફ ધ્યાનિત છે. પછી ફરિશ્તાઓ બંદાના અમલો

લઈને ફરીથી ચઢે છે જેમાં ઘણા જ સદકા, નમાઝો, રોઝા, જેહાદો અને પરહેઝગારી હોય છે. તેમનો (તે અમલોનો) અવાજ જાણે રઅ્દનો અવાજ અને ચમક તો જાણે કે વીજળીની ચમક. પછી જ્યારે તેઓ સાતમા આસ્માન પર પહોંચે છે તો જાણે કે ફરિશ્તો જે તે આસમાન પર દરવાન હોય છે તે કહે છે કે હું ઝિક્રનો ફરિશ્તો છું. એટલે કે સંભળાવવાનો અને લોકોને પોકારવાનો. આ અમલવાળાએ આ અમલમાં મજલિસોમાં ચર્ચા અને દોસ્તોમાં મોટાઈ અને મોટા લોકોની દષ્ટિમાં પ્રભાવની નિય્યત કરી હતી. મારા અલ્લાહે મને હુકમ આપી રાખ્યો છે કે, હું તેના અમલને ઉપર જવા ન દઉં કેમ કે એ મને છોડીને અન્યોની તરફ ધ્યાનિત થાય છે અને દરેક તે અમલ જે અલ્લાહના માટે ખાલિસ ન હોય તે રિયા છે અને રિયાનો અમલ અલ્લાહ તઆલા કબૂલ નથી ફર્માવતો.

વળી, ફરિશ્તા બંદાના અમલો નમાઝ, ઝકાત, રોઝા, હજ્જ, ઉમરા, સારી આદતો (વહેવાર), ખામોશી અને ઝિક્રે ઈલાહી લઈને ઉપર જાય છે. સાતેય આસ્માનોના ફરિશ્તા તેને વિદાય આપવા માટે સાથે થઈ જાય છે એટલે સુધી કે અલ્લાહ તઆલાની બારગાહ સમક્ષથી તમામ પર્દાઓ ફાટી જાય છે. પછી, તે અલ્લાહ عزوجلની સમક્ષ ઉભા થઈને તેના માટે ગવાહી આપે છે કે તેનો નેક અમલ ખાલિસ અલ્લાહ માટે જ છે. તો અલ્લાહ તઆલા ફર્માવે છે કે તમે મારા બંદાના અમલો પર નિગેહબાન છો અને હું તેના દિલની નિગેહબાની કરનારો છું ! આ અમલથી તેનો ઈરાદો મને ખુશ કરવાનો ન હતો બલ્કે મારા સિવાય અન્યોને ખુશ કરવાનો હેતુ હતો, હું તેને મારા માટે જ ખાલિસ નથી સમજતો ! અને હું સારી રીતે જાણું છું કે જે અમલ કરવાથી તેની નિય્યત હતી, તેના પર મારી લા'નત ! તેણે બંદાઓને પણ ધોકો આપ્યો અને તમને પણ. પરંતુ મને ધોકો આપી શકતો નથી. હું ગયબોનો જાણનાર છું. દિલોના ખયાલોથી વાકેફ છું. મારા પર કોઈ છુપી ચીજ છુપી નથી રહી શકતી અને કોઈ છુપાયેલી ચીજ મારાથી ઓઝલ નથી. મારો ઈલ્મ વર્તમાન વિશે પણ તેવો જ જેવો ભવિષ્ય માટે છે. અને ગુજરેલી ચીજો સાથે મારો ઈલ્મ એવી જ રીતનો છે જેવી રીતનો બાકી ચીજો વિશે છે અને મારો ઈલ્મ પહેલા લોકો સાથે એવો જ છે જેવો પાછલા લોકો સાથે. હું છુપાયેલાને જાણું છું અને દિલના ખયાલને પણ જાણુ છું. મારો

બંદો પોતાના અમલની સાથે મને કેવી રીતે ધોકો આપી શકે છે ? ધોકો તો મખ્લૂક઼ ખાય છે જેમને ઈલ્મ નથી હોતો અને હું તો ગયબોનો જાણકાર છું. એના પર મારી લા'નત છે અને સાતેય ફરિશ્તાઓ અને ત્રણ હજાર ફરિશ્તા વિદાય કરવાવાળા સૌ કહે છે, હે અમારા રબ ! તેના પર તારી લા'નત છે અને અમારી પણ લા'નત ! પછી આસ્માનવાળાઓ કહે છે કે એના પર અલ્લાહની લા'નત અને લા'નત કરવાવાળાઓની પણ લા'નત.

પછી હઝરત મઆઝ رضی اللہ عنہ રડવા લાગ્યા અને ખૂબ જ અધિક રડયા અને કહ્યું કે હે અલ્લાહના રસૂલ ! ﷺ આપે જે ઝિક્ર ફર્માવ્યું છે એનાથી નજાત (મુક્તિ)ની કઈ રીત છે ? તો ફર્માવ્યું, હે મઆઝ ! તારા નબીની યક઼ીનમાં ઈક઼તેદા કર. મેં કહ્યું, આપ તો અલ્લાહના રસૂલ છો અને હું મઆઝ ઈબ્ને જબલ છું, મને નજાત તથા છૂટકારો કઈ રીતે નસીબ થઈ શકે છે ? આપે ફર્માવ્યું, હે મઆઝ ! જો તારા અમલમાં ઉણપ હોય તો લોકોની બેઈજ્જતી કરવાથી તારી જીભને રોક. ખાસ કરીને તારા ભાઈઓ ! કુર્આન પઢનારાઓની અને લોકોની બેઈજ્જતી કરવાથી તારા નફ્સના અયબોનો ઈલ્મ તને રોકી દે અને તારા ભાઈઓની ખિદમત કરીને તારા નફ્સને પાક બનાવ અને તારા ભાઈઓને પાડીને પોતાને ઉંચો કરવાનો પ્રયત્ન ન કર, અને તારા અમલમાં રિયાકારી ન કર કે તું લોકોમાં ઓળખાઈ જાય. અને એ રીતે દુનિયામાં વ્યસ્ત ન થઈ જા કે તું આખેરતનો મામલો ભૂલી જાય. અને જ્યારે તારી પાસે કોઈ અન્ય માણસ પણ બેઠો હોય તો કોઈ બીજાથી છુપાઈને મશ્વરો ન કર અને લોકોમાં મોટાઈ હાંસલ કરવાની કોશિશ ન કર કે દુનિયા તથા આખેરતની ભલાઈઓ તારાથી વિમુખ થઈ જાય અને તારી મજલિસમાં એ રીતે બેહૂદા બકવાસ ન કર કે લોકો તારા પર બદ્અખ્લાકી (દુષ્ટ વ્યવહાર)ના લીધે તારાથી કતરાવા માંડે અને લોકો પર એહસાન ન જતાવ અને લોકોની ઈજ્જતનો પર્દો તારી જીભ વડે ન ચીર કે તને જહન્નમના કૂતરા ફાડી નાખશે. અને એ જ અલ્લાહ તઆલાનો ક઼ૌલ છે : وَّالنّٰشِطٰتِ نَشْطًا "(અને નરમીથી સાંધા ખોલીશું) હાડકાંઓથી માંસને અલગ કરી દેશે."

મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આ વાતોની કોણ શક્તિ ધરાવી શકે છે ? આપે ફર્માવ્યું, હે મઆઝ ! (رضی اللہ عنہ) જે મેં તને બયાન કર્યું છે તે એ જ માણસ માટે આસાન છે જેના પર અલ્લાહ આસાન કરે. તને આ તમામ વાતોથી એ ચીજ ફાયદો કરે છે કે તું લોકોના માટે તે જ પસંદ કરી લે જે તું તારા પોતાના નફ્સ માટે પસંદ કરે છે અને લોકોના માટે તે જ નાપસંદ કર જે તારા નફ્સના માટે નાપસંદ કરે છે. જો તું આ પ્રમાણે કરીશ તો સલામત રહીશ અને નજાત પામીશ.

ખાલિદ ઈબ્ને મઅ્દાને કહ્યું કે, હઝરત મઆઝ رضی اللہ عنہ કુર્આને પાકની તિલાવત પણ એટલી અધિકતાથી કરતા ન હતા જેટલી આ હદીષને બયાન કરતા અને પોતાની મજલિસોમાં તેની ચર્ચા કરતા. હવે હે ઈન્સાન ! જ્યારે તેં આ મહાન હદીષ અને ઘણી જ ભારે ખબર સાંભળી લીધી છે, જેનો અંજામ ઘણો જ દર્દનાક છે, જેના પ્રભાવથી દિલ કાંપવા લાગે છે અને બુદ્ધિ હેરાન થઈ જાય છે અને જેને ઉપાડવાથી સીનાઓ તંગ છે (વેઠી શકાય તેવી નથી), જેના ડરથી નફ્સો ગભરાય છે, તો તું તારા મૌલાની રહમતના દામનને પકડી લે અને આજિઝી તથા રોક્કળ અને દિવસ રાતના રડવા સાથે તેના દરવાજાને લાઝિમ તૌર પર પકડી લે, જેવી રીતે બીજા આજિઝી કરનારા અને રોક્કળ કરનારા કરે છે. આ મામલામાં નજાત કેવળ તેની રહમતથી છે અને આ સમુદ્રમાંથી સલામતી સાથે બચી નીકળવું કેવળ તેની નજાત તવજ્જોહ અને તૌફીક તથા ઈનાયતથી છે. ગાફિલોની નીંદથી જાગૃત થા અને આ કામને તેનો હક્ક઼ આપ અને આ ભયંકર ઘાટીમાં તારા નફ્સ સાથે જેહાદ કર જેથી તું હલાક થનારાઓ સાથે હલાક ન થઈ જાય અને દરેક હાલતમાં અલ્લાહ તઆલાથી જ મદદની ઈલ્તેજા છે, તે બેહતરીન મદદગાર છે અને તે સૌ રહમ કરનારાઓથી વિશેષ રહમ કરનારો છે, અને ગુનાહોથી બચવા અને નેકી કરવાની શક્તિ પણ અલ્લાહ તઆલાની તૌફીક઼થી છે.

## પ્રકરણ

## શુક્રગુઝારી અને આજિઝી સૌથી બેહતર !

સારાંશ એ છે કે તેં સારી રીતે જોઈ લીધું અને અલ્લાહ તઆલાની ઈતાઅત (ફર્માંબરદારી)ના અંદાજનો અભ્યાસ કરી લીધો અને મખ્લૂક઼ અને તેની કમજોરી તેની જેહાલતને જોઈ લીધી, તો તું તારા દિલથી તેમના પ્રતિ તવજ્જોહ (ધ્યાન) ન કર અને તેમની પ્રશંસા અને તેમની તા'ઝીમથી બેપરવા (બેનિયાઝ) થઈ જા. કેમ કે એમાં કોઈ જ લાભ નથી. તું આ ચીજોથી તારી ઈબાદતને મરદૂદ ન કર અને જ્યારે તેં દુનિયાનું કમીનાપણું અને તુચ્છતા અને ઝડપી ફના થવા વિશેને જાણી લીધેલ છે તો અલ્લાહ તઆલાની ઈબાદતથી તેની તરફ ધ્યાન કેન્દ્રિત કર અને તારા નફ્સને કહે કે, હે નફ્સ ! રબ્બુલ આલમીનની તારીફ અને તેની શુક્રગુઝારી એ આજિઝી અને જાહિલ મખ્લૂક઼ની પ્રશંસા કરતાં બેહતર છે, કે જેઓ હક઼ીક઼તમાં તારા અમલની કિંમત અને તારી મહેનતને જાણતા જ નથી. અને તારા હક્ક઼ને તારા અમલોમાં અને તારી તકલીફોમાં નથી ઓળખી શક્તા બલ્કે કેટલીક વાર તારા પર કોઈ એવા માણસને ફઝીલત (બઢતી) આપશે જે તારાથી હજારો દરજ્જા ઉતરતો હશે અને સૌથી અધિક જરૂરતોના સમયે તેને તરછોડી દેશે અને ભૂલી જશે. અને જો તેઓ એવું ન પણ કરે તો તેમની પાસે છેવટે છે પણ શું ?! અને તેમની શક્તિ છેવટે ક્યાં સુધી પહોંચી શકે છે ? વળી, તેઓ પણ અલ્લાહ તઆલાના જ કબજામાં છે તો પછી તે તેમને જે રીતે ચાહશે જે તરફ ચાહશે ફેરવી દેશે. તો હે નફ્સ ! અક્કલથી કામ લે અને તારી પ્રિય (કિંમતી) ઈબાદતને તેમના કારણે નિરર્થક ન કર અને તારાથી એ જાતની પ્રશંસા નાશ પામશે નહીં જેની પ્રશંસા તમામ તર ફખ્ર અને અતા છે અને તેની અતા તમામતર ખજાનો છે. અને કહેનારે કેટલું સાચું કહ્યું છે :–

અર્થ : તારા ચહેરા સિવાય આંખોનું જાગવું બાતિલ (બેકાર) છે અને તારા ગુમ થવા વિના તેમનું રડવું નિરર્થક છે.

અને કહો, હે નફ્સ ! શું હમેશાની જન્નત બેહતર છે કે, દુનિયા અને તેનો

નકામો તથા નાશવંત હરામથી ખરડાયેલ સામાન ?! જ્યારે કે તારામાં શક્તિ છે કે તને તારી આ ઈબાદતથી હમેશાંની નેઅ્મતો પ્રાપ્ત થાય જેથી તું નાહિંમત, રદ્દી ઈરાદા અને કમીના કામોવાળો ન બન, શું તું વિચારતો નથી કે કબૂતર જ્યારે વાતાવરણમાં ઉંચે ઉડવાવાળુ હોય તો તેની કિંમત કેટલી બધી વધી જાય છે અને તેની કદર કેટલી બધી વધી જાય છે ? જેથી તારી તમામ તવજ્જોહ (ધ્યાન)ને આસ્માનની પ્રતિ બુલંદ ન કર અને તારા દિલને એટલું અલ્લાહ તઆલાના માટે ખાલી કરી આપ જેના ઈખ્તિયારમાં તમામ ચીજો છે. અને નકામી ચીજોના લીધે તારી કમાયેલી ઈબાદતને વેડફી ન નાખ. અને આ રીતે જ્યારે તું સારી રીતે વિચારીશ તો અલ્લાહ તઆલાની નેઅ્મતો અને મોટા મોટા એહસાનોને આ ઈબાદતમાં તારા ઉપર મેહસૂસ કરીશ કે એણે જ તને એની તૌફીક આપી અને એણે જ એ માટેનો સામાન પૂરો પાડયો અને એણે જ તમામ આડશોને તારા માર્ગેથી દૂર હટાવી એટલે સુધી કે આ ઈબાદતના માટે નવરો પડયો.

વળી તેણે તને તૌફીક તથા સમર્થનથી ખાસ કર્યો અને તેને તારા પર આસાન બનાવી અને તારા દિલમાં તેને સ્થાન આપ્યું એટલે સુધી કે તેં એના પર અમલ કર્યો. પછી તેણે પોતાની અઝમત તથા જલાલ સાથે અને તારી ઈબાદત તથા તારાથી બેનિયાઝી અને તારા પર અગણિત નેઅ્મતો કરવા છતાં તારા માટે આ મામૂલી અમલના બદલે ષનાએ જમીલ (સુંદર પ્રશંસા) અને મહાન સવાબ તૈયાર કરી રાખ્યો છે જેનો તું કોઈ સંજોગોમાં મુસ્તહિક નથી. અને તે આ મામૂલી કામ માટે તારી પ્રશંસા કરે છે અને એ કારણે તારાથી મહોબ્બત કરે છે. આ સર્વ કાંઈ તેના ઘણા જ મોટા ફઝલના કારણે છે, ન કે કોઈ અન્ય કારણે, નહીં તો તારો શો હક્ક છે, અને તારા અયબદાર હકીર અમલની શી વિસાત છે ? જેથી હે નફ્સ ! તારા રબ્બે કરીમ રહીમ સુબ્હાનહૂ તઆલાના એહસાનોને યાદ કર કે તેણે તારા પર આ ઈબાદત કરવાના બદલામાં કેટલુ એહસાન કર્યું અને તેનાથી શરમ કર કે તું તારા અમલની તરફ જુએ (ધ્યાન કરે), બલ્કે દરેક હાલતમાં અલ્લાહ તઆલા સુબ્હાનહૂનો જ આપણા પર ફઝ્લ તથા એહસાન છે. અને આ ઈબાદત પ્રાપ્ત થઈ ગયા બાદ તારું કામ અલ્લાહ તઆલાની


બારગાહમાં કાકલૂદી અને આજિઝી સિવાય અન્ય કાંઈ ન હોવું જોઈએ કે તેને પોતાની રહમતથી કબૂલ ફર્માવી લે. શું તેં અલ્લાહ તઆલાના ખલીલ ઈબ્રાહીમ علیہ السلامની વાત નથી સાંભળી કે જ્યારે તે ખુદા તઆલાના ઘરની તામીરની (બાંધવાની) ખિદમતથી ફારિગ થયા તો કેવી રીતે અલ્લાહ તઆલાની જનાબમાં કરગરીને ગદ ગદ થયા કે તે એને કબૂલ ફર્માવીને એમના પર એહસાન કરે. તેમણે કહ્યું : رَبَّنَا تَقَبَّلْ مِنَّا ۖ اِنَّكَ اَنْتَ السَّمِيْعُ الْعَلِيْمُ "હે અમારા રબ ! અમારાથી કબૂલ ફર્માવ બેશક ! તું જ સાંભળનાર જાણનાર છે."

*(પારા : ૧, સૂરએ બકરહ, રુકૂઅ : ૧૫, આયત : ૧૨૭)*

અને જ્યારે પોતાની દુઆથી ફારિગ થયા તો : رَبَّنَا وَتَقَبَّلْ دُعَآءِ "હે અમારા રબ ! દુઆને કબૂલ ફર્માવ."

પછી તેણે જો આ ખોટી પૂંજીને કબૂલ ફર્માવીને તારા પર એહસાન કર્યું તો તેણે તેની નેઅ્મતને મુકમ્મલ કરી દીધી અને મહાન એહસાન ફર્માવ્યું. કેટલી સારી છે આ નેક બખ્તી અને દૌલત તથા ઈજ્જત તથા રિફઅત (બુલંદી) અને આ ખિલ્અત (કિંમતી પોશાક) તથા નેઅ્મત અને ઝખીરો અને કરામત તને કેટલી શોભશે ! અને જો બીજી સ્થિતિ ઉપસ્થિતિ થઈ તો આ ખસારા અને નુકસાન અને મેહરૂમી પર અત્યંત અફસોસ ! જેથી તું ઉઠ અને કૈફિયતમાં મશગૂલ થઈ જા. જ્યારે તું કાયમી ધોરણે આ અમલ કરવા માંડીશ અને તારી ઈબાદતથી ફારિગ થતાં તારા દિલ પર તેને દોહરાવીશ અને ખુદાવંદે તઆલાથી મદદ ચાહીશ તો તે તને મખ્લૂક અને નફસના બેધ્યાનપણા (બંને તારા તરફ ધ્યાન નહીં કરે એ રીતે) બચાવશે અને ઘમંડ અને રિયાકારીમાં પડવાથી મહફૂઝ રહીશ અને તને ખાલિસ ઈખ્લાસપૂર્ણ ઈબાદતો તથા ઝિક્રે ઈલાહી માટે પ્રેરશે અને પછી તમામ હાલતોમાં તારા પર અલ્લાહ તઆલાનો એહસાન થશે, તને જાહેરી તાઅત નસીબ થશે જે ઉમ્મીદ કરવા લાયક હોય અને એવી નેકીઓ મયસ્સર થશે જેમાં કોઈ ખરાબી ન હોય, અને એવી મકબૂલ ઈબાદતો પ્રાપ્ત થશે જેમાં કોઈ ત્રુટી ન હોય અને એવી ઈબાદત માની લો કે જીવનમાં જો એક જ વાર મયસ્સર થઈ જાય તો પણ તે હકીકતમાં ઘણી કહેવાશે. અને મને મારી ઉમરની કસમ ! ભલે તેની સંખ્યા કમ હોય પરંતુ તેના ભેદો ઘણા છે, તેની

કિંમત ઘણી છે, તેનો લાભ પુષ્કળ છે, તેનો અંજામ સારો છે અને આ પ્રકારની તૌફીક઼ મળવી ઘણી જ અમૂલ્ય છે. અને બંદા પર ખુદા તઆલાનું ઘણુ જ મોટુ એહસાન છે. વળી એ તોહફાથી કયો મોટો તોહફો હોઈ શકે છે કે જેને અલ્લાહ રબ્બુલ આલમીન ક઼બૂલ કરી લે અને એ કોશિશથી સારી બીજી શી કોશિશ હોઈ શકે છે જેની પ્રશંસા બેક઼રારોની દુઆઓ સાંભળનારો કરે ! અને રબ્બુલ આલમીન તેના માટે પ્રશંસા કરે. અને કઈ પૂંજી એ પૂંજી કરતાં અધિક અઝીઝ (કિંમતી) છે જેને રબ્બુલ આલમીન પસંદ કરી લે એ એના પર ખુશ થઈ જાય. વળી હે મિસ્કીન ! વિચાર કર અને હોશિયાર થઈ જા કે તું નુકસાન પામનારાઓમાંથી ન થઈ જાય. અને જ્યારે મામલો આટલી હદે પહોંચી જશે તો તું અલ્લાહ તઆલાના મુખ્લિસ ડરનારા, ફિક્ર કરનારા, અલ્લાહના એહસાનો પર રાજી થનારા લોકોમાંથી થઈ જઈશ અને તું આ ખૌફનાક ઘાટીને તારી પાછળ મૂકી દઈશ, તેની આફતોથી સલામત રહીશ અને તેની ભલાઈઓ અને ફળ પોતાની સાથે લઈ જઈશ, તેની નેક બખ્તીઓ અને કરામતો પર હમેશાં બિરાજમાન થઈ જઈશ અને અલ્લાહ તઆલા જ પોતાના ફઝ્લો કરમથી પાકીઝગી તથા તૌફીક઼નો વાલી છે, અને બુલંદ અઝીમની તૌફીક઼થી જ ગુનાહથી પરહેઝ અને નેકીની શક્તિ હાંસલ કરી શકાય છે.



## સાતમી ઘાટી : હમ્દ તથા શુક્ર વિશે

આ ઘાટી હમ્દ અને શુક્રની છે. અલ્લાહ તને પણ તૌફીક઼ આપે અને અમને પણ આ ઘાટીઓને પાર પાડયા બાદ અને એવી ઈબાદતને પ્રાપ્ત કર્યા બાદ જે આફતોથી સહી સલામત હોય, શુક્ર કરવાની તૌફીક આપે. અલ્લાહ તઆલાનો શુક્ર અને હમ્દ કરવી તે મહાન નેઅ્મત તથા એહસાનને માટે જરૂરી છે અને એ તારા પર બે કારણે જરૂરી છે. એક મહાન નેઅ્મતના કાયમી થવા માટે અને બીજું તે વધુ મળે એના માટે. વળી કાયમી નેઅ્મત માટે એટલા કારણે જરૂરી છે કે શુક્રની સાથે નેઅ્મતો નિશ્ચિત થઈ જાય છે અને હમેશાં હમેશાંના માટે બાકી રહે છે અને તેને (શુક્રને) ત્યજી દેવાથી ચાલી જાય છે. અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે :–

اِنَّ اللّٰهَ لَا يُغَيِّرُ مَا بِقَوْمٍ حَتّٰى يُغَيِّرُوْا مَا بِاَنْفُسِهِمْ ''અલ્લાહ તઆલા કોઈ ક઼ૌમની હાલતોમાં ત્યાં સુધી તબ્દીલી નથી કરતો જ્યાં સુધી તેઓ પોતે ન બદલાય.'' *(પારા–૧૩, સૂરએ રઅ્દ, રુકૂઅ : ૭, આયત : ૧૧)*

અને ફર્માવ્યું :

فَكَفَرَتْ بِاَنْعُمِ اللّٰهِ فَاَذَاقَهَا اللّٰهُ لِبَاسَ الْجُوْعِ وَ الْخَوْفِ بِمَا كَانُوْا يَصْنَعُوْنَ

''પછી તેણે અલ્લાહની નેઅ્મતોનો ઈન્કાર કર્યો તો અલ્લાહ તઆલાએ તેને ભૂખ અને ભયનો પોશાક પહેરાવી દીધો, આ બદલો હતો તેની કમાઈનો.''

*(સૂ. નહ્લ, ૧૬/૧૧૨)*

અને અલ્લાહ તઆલા ફર્માવે છે :–

مَا يَفْعَلُ اللّٰهُ بِعَذَابِكُمْ اِنْ شَكَرْتُمْ وَ اٰمَنْتُمْ ''જો તમે શુક્ર કરો અને ઈમાન લઈ આવો તો અલ્લાહ તઆલા તમને શા માટે સજા આપશે ?''

અને નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું : **નેઅ્મતો પણ એવી રીતે ભાગી (નાસી) જાય છે જેવી રીતે જંગલી જાનવરો ભાગી જાય છે, જેથી એને શુક્રની સાથે પાબંદ કરો.''**

બાકી રહ્યું અધિક્તાની પ્રાપ્તિ તો જેવી રીતે શુક્ર નેઅ્મતો માટે ઝંજીર

(નેઅ્મતોને જવા નથી દેતું) તેવી રીતે તે નેઅ્મત વધવાનુ ફળ પણ આપશે. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

لَئِنْ شَكَرْتُمْ لَاَزِيْدَنَّكُمْ "જો તમે શુક્ર કરશો તો હું તમને વધારે આપીશ."

*(પારા : ૧૩, સૂરએ ઈબ્રાહીમ, રુકૂઅ : ૧૩, આયત : ૭)*

અને ફર્માવ્યું : وَالَّذِيْنَ اهْتَدَوْا زَادَهُمْ هُدًى "જે લોકોએ હિદાયતને કૃબૂલ કરી તો અલ્લાહ તઆલા તેમને વધારે હિદાયત આપે છે."

*(પારા : ૨૬, સૂરએ મુહમ્મદ, રુકૂઅ : ૬, આયત : ૧૭)*

અને ફર્માવ્યું : وَالَّذِيْنَ جَاهَدُوْا فِيْنَا لَنَهْدِيَنَّهُمْ سُبُلَنَا "જે લોકોએ અમારા માર્ગે કોશિશ કરી અમે તેમને અમારા માર્ગોની રહનુમાઈ કરીએ છીએ."

*(પારા : ૨૧, સૂરએ અન્કબૂત, રુકૂઅ : ૩, આયત : ૬૯)*

બુદ્ધિશાળી માલિક જ્યારે ગુલામને જુએ છે કે તેની નેઅમ્તનો હક્ક્ અદા કરી રહ્યો છે તો તેના પર એથીયે અધિક એહસાનો કરતો જાય છે અને તેને તેના લાયક સમજે છે, નહીં તો (નેઅ્મતોનો હક્ક્ અદા ન કરે તો) તેનાથી પોતાના એહસાનો અટકાવી દે છે.

વળી નેઅ્મતો બે પ્રકારની હોય છે, દુનિયાવી અને દીની. પછી દુનિયાવી બે પ્રકારની છે, પ્રથમ નફાની (લાભની) નેઅ્મત અને બીજી રોકવાની નેઅ્મત.

નફાની નેઅ્મત તો એ છે કે અલ્લાહ તઆલા તને તારા યોગ્ય હોય એવી અને નફાકારક ચીજો અતા ફર્માવે. વળી નફા (લાભ) બે પ્રકારના છે : સારી રીતની પેદાઈશ અને શારીરિક સલામતી અને રાહત અને મનપસંદ ચીજો પૂરી પાડવી. દા.ત. ખાવા, પીવા, લિબાસ, નિકાહ વગેરેના ફાયદા. અને રોકવાની નેઅ્મત એ છે કે અલ્લાહ તઆલા તારાથી બગાડ ઉભો કરનારી અને તકલીફદાયક ચીજોને રોકી રાખે. અને એમાં બે પ્રકાર છે : પ્રથમ નફ્સમાં કે અલ્લાહ તઆલા તને તમામ આફતો, બીમારીઓથી રક્ષિત રાખે. અને બીજી તે ચીજોનું નિવારણ જેનાથી તને કોઈ નુકસા ન પહોંચી શકે અથવા કોઈ ઈન્સાન અથવા જિન અથવા દરિન્દા (ફાડી ખાનાર જાનવર) અથવા મૂઝી જાનવર તને

નુકસાન પહોંચાડવાનો ઈરાદો કરે. હવે બાકી રહી દીની નેઅ્મત તો એ પણ બે પ્રકારની છે :–

## ★ તૌફીક઼ની નેઅ્મત અને ઈસ્મત (પરહેઝગારી)ની નેઅમત ★

તૌફીકની નેઅમત તો એ છે કે અલ્લાહ તઆલા તને પ્રથમ તો ઈસ્લામની તૌફીક઼ બખ્શે પછી ઈત્તેબાએ સુન્નતની પછી ઈતાઅતની. અને પાકીઝગીની (ઈસ્મતની) નેઅ્મત એ છે કે સૌ પ્રથમ અલ્લાહ તઆલા તને કુફ્ર અને શિર્કથી બચાવે, પછી બિદઅત અને ગુમરાહીથી, પછી તમામ ગુનાહોથી બચાવે, અને એની તફસીલ આ કાયનાતના માલિક સિવાય કોઈ નથી જાણતુ જેણે તારા પર એહસાનો કર્યા છે જેમ કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે :–

وَاِنْ تَعُدُّوْا نِعْمَةَ اللّٰهِ لَا تُحْصُوْهَا ''અને જો તમે અલ્લાહ તઆલાના એહસાનોને ગણવા માંડો તો ગણત્રી પણ ન કરી શકો.'' *(સૂ. ઈબ્રાહીમ, ૧૪/૩૪)*

અને આ તમામ નેઅ્મતોનો રિવાજ ત્યાર પછી કે અલ્લાહ તઆલાએ તારા પર એહસાન કર્યું અને દરેક રીતે એમાં ઉમેરો કર્યો કે જેને તારો વહેમ ન ગણત્રી કરી શકે છે અને ન ત્યાં સુધી પહોંચી શકે છે. અને આ સર્વ ચીજો એક જ ચીજ સાથે સંબંધિત છે અને તે છે અલ્લાહ તઆલાની તારીફ અને તેનો શુક્ર.

અને તે કામ જેની એવી કિંમત હોય અને જેમાં આ સર્વ ફાયદાઓ હોય તો હક્ક઼ ધરાવે છે કે તેને કોઈ પણ હાલતમાં ગફલત વર્ત્યા વિના પકડી રાખવામાં આવે. એ એક કિંમતી હીરો છે અને મોંઘેરો કીમીયો છે અને અલ્લાહ જ તેના ફઝ્લ તથા રહમતથી તૌફીક઼નો વાલી છે.

જો પ્રશ્ન કરવામાં આવે કે હમ્દ અને શુક્રની હક઼ીક઼ત શું છે ? અને તેનો શો અર્થ છે ? અને તેનો હુકમ શું છે ? તો જાણી લો કે ઉલમાએ હમ્દ અને શુક્રમાં કાંઈક તફાવત કર્યો છે, તે એ કે હમ્દ તસ્બીહ તથા તહલીલના પ્રકારમાંથી છે જેથી એ જાહેરી કોશિશોમાંથી થઈ, અને શુક્ર એ સબ્ર અને સોંપણીના પ્રકારમાંથી છે, તો એ બાતિની (આંતરિક) કોશિશોમાં થશે. કેમ કે શુક્ર અને કુફ્રની વિરોધાભાસમાં છે અને હમ્દ એ ભલુ બુરુ કહેવાના વિરોધમાં છે. અને બીજો ફરક એ છે કે હમ્દ આમ તથા વ્યાપક છે અને શુક્ર ઓછો અને ખાસ છે. અલ્લાહ

તઆલાએ ફર્માવ્યું : وَقَلِيْلٌ مِّنْ عِبَادِيَ الشَّكُوْرُ "અને મારા શુક્ર ગુઝાર બંદાઓ થોડાક છે." *(પારા–૨૨, સૂરએ સબા, રુકૂઅ : ૮, આયત : ૧૩)*

જેથી સાબિતજી થયું કે આ બંને વિવિધ અર્થ ધરાવે છે. વળી એ ફરક પણ છે કે હમ્દ કોઈના સારા કામ કરવાના લીધે પ્રશંસા કરવાને કહે છે. અમારા શયખ (رحمۃ اللہ علیہ)ના કહેવાનો આશય પણ એ જ છે.

બાકી રહ્યો "શુક્ર" તો તેના અર્થમાં ઉલમાએ ઘણુ બધુ કહ્યું છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી મરવી છે આપે ફર્માવ્યું કે, ખુદા તઆલાની જાહેરી તથા બાતિની (દિલી) તમામ અંગો થકી ફર્માંબરદારી અદા કરવામાં આવે તે શુક્ર છે. અને અમારા કેટલાક મશાઈખનો પણ એ જ કૉલ છે કે તેમણે કહ્યું, જાહેર અને બાતિનમાં ઈતાઅતનું અદા કરવું શુક્ર છે. પછી બીજા કૌલ તરફ વળી આ પ્રમાણે કહ્યું કે, જાહેર અને બાતિનમાં ગુનાહોથી પરહેઝ કરવું એ શુક્ર છે. કોઈ અન્યએ કહ્યું કે, અલ્લાહ તઆલાની નાફર્માનીઓને અપનાવવાથી પોતાને બચાવવાનું નામ શુક્ર છે કે તું તારા દિલ તથા જીભ અને અંગોની એ રીતે હિફાઝત કરે કે આ ત્રણેયથી અલ્લાહ તઆલાની કોઈ રીતે નાફર્માની ન થઈ શકે. (**નોંધ** : કેટલાક અજ્ઞાનતામાં જે એવું સમજતા હોય છે કે કેવળ જીભ વડે બોલી લીધું કે "અલ્લાહ ! તારો શુક્ર છે !" તો શુક્ર કર્યો ગણાશે ! તેઓ આ વિષયે ખાસ ધ્યાન આપે અને શુક્રનો અર્થ સમજે. *–અનુવાદક*)

અને આ કથન અને પ્રથમ શયખના કથનમાં ફરક એ છે કે શયખ બુઝુર્ગે હિફાઝતને ગુનાહોથી બચવા પર એક વિશેષ અર્થની હૈસિયતથી સાબિત કરેલ છે. અને નાફર્માનીથી બચવાની હકીકત તો એ જ છે કે જ્યારે તેના સબબો મૌજૂદ છે તો ઈન્સાન નાફર્માની ન કરે અને આ વ્યાખ્યાના આધારે કોઈ એવો અર્થ પોતાના નફસમાં હાંસલ નહીં થાય જેનાથી બંદો મશગૂલ રહે અને નાશુક્રીથી બચેલો રહે.

અને અમારા શયખ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, એહસાન કરનારાની નેઅ્મતના બદલામાં એ રીતે તા'ઝીમ કરવામાં આવે કે એહસાન કરનારની નાફર્માની અને નાશુક્રીથી પોતાને રોકી દે એનુ નામ શુક્ર છે. અને જો એહસાનના સામે મોહસિન

(એહસાનકર્તા)ની તા'ઝીમ રાખવામાં આવે તો એવી સ્થિતિમાં એ પણ સહીહ થશે કે અલ્લાહ તઆલા બંદાની પ્રશંસા કરે ! અને ઘણી જ સારી તારીફ છે. અને આ બારામાં લાંબી વિગત છે જે અમે અમારી કિતાબ "અહ્યાઉલ ઉલૂમ" વગેરેમાં વિગતવાર બયાન કરેલ છે. પરંતુ સારાંશ એ છે કે બંદાથી શુક્ર એ છે કે પોતાના પર એહસાન કરનારની એ રીતે તા'ઝીમ કરે કે તેની નાફર્માનીથી રોકાઈ જાય, અને એ તેના એહસાનોને યાદ કરવાથી થાય છે. અને શુક્ર કરનારનો હાલ શુક્રમાં ઘણો જ બેહતર છે અને નાશુક્રી કરનારનો હાલ નાશુક્રીમાં ઘણો જ બદ્તર છે.

હું કહું છું, એ નેઅ્મત આપનારનો કમસે કમ એ હક્ક છે કે તેની નેઅ્મતની સાથે તેની નાફર્માની ન કરવામાં આવે. અને **કેટલી બદ્તર હાલત છે તે માણસની જે નેઅ્મત આપનારની નેઅ્મતને તેની જ નાફર્માની માટે હથિયાર રૂપે વાપરે !** વળી બંદા પર શુક્ર એ રીતે ફર્ઝ છે કે તેના દિલમાં અલ્લાહ તઆલાની એવી તા'ઝીમ હોય કે તે ખુદા તઆલા અને તેની નાફર્માની વચ્ચે આડ બની જાય જ્યારે કે તેની નેઅ્મતને યાદ કરે. જ્યારે એણે આવું કરી લીધુ તો તેણ શુક્રની અસલ અદા કરી દીધી. પછી એની સરખામણી ખુદા તઆલાની ઈતાઅતમાં કોશિશ અને ઈબાદતમાં જિદ્દોજેહદ છે કેમ કે તે નેઅ્મતના હક્કોમાં છે. જેથી નાફર્માનીથી બચતા રહેવું પણ જરૂરી છે. અને તૌફીક અલ્લાહ તઆલા તરફથી જ છે.

જો તમે એવો પ્રશ્ન કરો કે શુક્રનો મકામ કયો છે ? તો જાણી લો કે તેનો મકામ દીની તથા દુનિયાવી નેઅ્મતો છે. બાકી રહ્યું મુસીબતો અને તકલીફો પર દુનિયામાં ચાહે તે પોતાની જાન પર હોય કે કુટુંબીજનો કે માલ પર બંદાએ શુક્ર કરવું લાઝિમ છે. અથવા અહીં તો કેટલાકે કહ્યું છે કે બંદાએ એના પર તેની હૈસિયતથી શુક્ર કરવું લાઝિમ નથી બલ્કે એના પર સબ્ર કરવું લાઝિમ છે, બાકી રહ્યું તો તે નેઅ્મતો પર થાય છે ન કે કોઈ અન્ય ચીજ પર. અને કેટલાકે કહ્યું છે કે કોઈ તકલીફ એવી નથી કે જેની નજીકમાં ખુદા તઆલાનુ એહસાન ન હોય. તો એ નેઅ્મત પર જે એ તકલીફથી જોડાયેલી (નજીકમાં) છે બંદાએ શુક્ર કરવો લાઝિમ છે, ન કે સખ્તી અને મુસીબત પર. અને આ નેઅ્મતો તે છે જે

ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવી. આપે ફર્માવ્યું કે, જ્યારે કદી પણ કોઈ મુસીબત મારા પર આવી તો મેં તેમાં ચાર એહસાનો અલ્લાહ તઆલાનાં જોયાં : પ્રથમ એ કે તે મુસીબત મારા દીન પર ન આવી. બીજું એ કે એનાથી વધારે ન આવી. ત્રીજું એ કે હું રઝા બિલ કૃઝાથી મહરૂમ ન રહ્યો અને ચોથી એ કે મને એના પર સવાબની ઉમ્મીદ છે. અને એ પણ કહેવામાં આવ્યું છે કે, **એ પણ એક નેઅ્મત છે કે તે તકલીફ દૂર થઈ જનારી છે હમેશાં રહેનારી નથી,** અને એ અલ્લાહ તઆલાની તરફથી છે કોઈ અન્યની તરફથી નથી.

અને જો તે સખ્તી (તકલીફ) કોઈ મખ્લૂકના સબબથી હોય તો તે તારા તરફથી એના પર છે ન કે એના તરફથી તારા પર. તો એ વખતે બંદા પર તે નેઅ્મતોનો શુક્રિયા લાઝિમ છે જે સખ્તીની સાથે જ મળેલી હોય છે.

અને કેટલાક લોકોએ એવું પણ કહ્યું છે અને અમારા શયખે એ કૌલને બેહતર ઠરાવ્યો છે કે દુનિયાની મુસીબતો પર શુક્ર કરવો પણ બંદા માટે જરૂરી છે, કેમ કે આ તકલીફો હકીકતમાં નેઅ્મતો છે જેના મુકાબલામાં આ તકલીફોની કોઈ હૈસિયત રહેતી નથી. અને એનાથી વિશેષ અન્ય કઈ નેઅ્મત હશે ? એનું દષ્ટાંત એવું છે જેમ કે તને કડવી અને અસ્વાદિષ્ટ દવા પીવડાવે જેથી ખતરનાક બીમારી દૂર થઈ જાય, અથવા કોઈ ઘણી જ મોટી બીમારી અથવા ખૌફનાક ખતરાના લીધે કોઈ તને નસ્તર મારે અથવા વાઢકાપ કરે તો એના પરિણામો નફ્સની તંદુરસ્તી, શરીરની સલામતી અને તબીયતની સફાઈ થશે. જેથી એનું તને કડવી દવા પીવડાવીને તકલીફ આપવું અથવા નસ્તર મારી ઝખ્મી કરવું, વાસ્તવમાં એક ઘણુ જ મોટુ એહસાન અને મહાન નેઅ્મત ગણાશે. જો કે તેની દેખીતી જાહેરી સ્થિતિ નાપસંદીદા છે એનાથી તબીયત નફરત કરે છે અને નફ્સ ગભરામણ અનુભવે છે, છતાં તું તે માણસનો આભાર વ્યક્ત કરે છે બલ્કે પોતાની શક્તિ અનુસાર છે તેને સારો બદલો પણ આપે છે. તો એ જ હુકમ આ મુસીબતો અને તકલીફોનો પણ છે. શું તમે વિચાર નથી કરતા કે, નબી એ કરીમ علیہ الصلوٰۃ والسلام તકલીફો ઉપર પણ આ પ્રમાણે હમ્દ અને શુક્ર અદા કરતા હતા, જેમ કે ખુશીની ચીજો પર કરતા હોય. આપે ફર્માવ્યું : અર્થાત : ''તમામ

તારીફો અલ્લાહના માટે છે બુરાઈઓ પર પણ અને ભલાઈઓ ઉપર પણ.''

શું તમે અલ્લાહ તઆલાના આ કૌલ પ્રતિ વિચાર નથી કરતા કે :–

فَعَسٰٓى اَنْ تَكْرَهُوْا شَيْـًٔا وَّ يَجْعَلَ اللّٰهُ فِيْهِ خَيْرًا كَثِيْرًا

અર્થાત : ''શક્ય છે કે તમે કોઈ ચીજને નાપસંદ કરો અને અલ્લાહ તઆલાએ એમાં ઘણી જ બધી ભલાઈઓ રાખી હોય.''

*(પારા : ૪, સૂરએ નિસાઅ્, રુકૂઅ : ૧૪, આયત : ૧૯)*

વળી, અલ્લાહ તઆલા જેનું નામ ભલાઈ રાખે તે એનાથી પણ ઘણુ જ વિશેષ છે કે, તારો ખયાલ પણ ત્યાં સુધી પહોંચી શકે. અને એનું સમર્થન આ કથન વડે થઈ શકે છે કે, **નેઅ્મત કેવળ એ જ નથી હોતી જેમાં ખુશગવાર લિજ્જત (મજા) હોય અથવા જેને તબીઅત (પ્રકૃતિ)ના તકાઝાને લીધે નફ્સ ચાહે, બલ્કે એ ચીજ પણ નેઅ્મત છે જેનાથી દરજ્જાઓમાં બુલંદી નસીબ થાય.** એ જ કારણે નેઅ્મતને તકલીફના અર્થમાં પણ વાપરવામાં આવે છે, અને જ્યારે તકલીફ બંદાની બુઝુર્ગી અને દરજ્જાઓની બુલંદીનો સબબ છે તો એ પણ હક઼ીક઼તમાં નેઅ્મત ગણાશે ભલે પોતાની જાહેરી સ્થિતિમાં એને તકલીફ આપે છે. એને સારી પેઠે યાદ રાખ, ખુદા તને તૌફીક઼ આપે.

વળી, જો તમે એવુ પૂછો કે, શુક્રગુઝાર અફઝલ છે કે સબ્ર કરનાર ? તો જાણી લો કે શુક્ર કરનારો અફઝલ છે અને એના સમર્થનમાં અલ્લાહ તઆલાનો આ કૌલ છે, ફર્માવે છે : وَقَلِيْلٌ مِّنْ عِبَادِيَ الشَّكُوْرُ ''મારા થોડા બંદાઓ શુક્રગુઝાર છે.'' *(સૂ. સબા, ૩૪/૧૩)*

તો અલ્લાહ તઆલાએ તેમને ખાસ બંદાઓમાં ખાસ બનાવ્યા છે. નૂહ عليه السلامની તારીફમાં અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, اِنَّهٗ كَانَ عَبْدًا شَكُوْرًا ''યક઼ીનન ! તે શુક્રગુઝાર બંદો હતો.'' *(સૂરએ બની ઈસ્રાઈલ, ૧૭/૩)*

અને ઈબ્રાહીમ عليه السلام વિશે ફર્માવ્યું : شَاكِرًا لِّاَنْعُمِهٖ ''તે તેની નેઅમતોનો શુક્ર ગુઝાર હતો.''

અને એટલા માટે પણ કે એ ઈનામ તથા આફિયત (ભલાઈ)ના મક઼ામ

પર હોય છે. અને એટલા માટે કહેવામાં આવ્યું છે કે, જો મારા પર એહસાન કરવામાં આવે અને હું શુક્ર કરું તો એ મને એનાથી વધારે પસંદ છે કે હું તકલીફોમાં સપડાઈ જાઉં અને સબ્ર કરું.

અને એ પણ કહેવામાં આવ્યું છે કે, સબ્ર કરનાર અધિક અફઝલ છે કેમ કે તેની મહેનત (તકલીફ) વધારે છે એટલા માટે એનો સવાબ પણ મોટો અને દરજ્જો પણ બુલંદ થશે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

إِنَّا وَجَدْنَٰهُ صَابِرًا ۚ نِّعْمَ ٱلْعَبْدُ ''અમે તેને સબ્ર કરનારો પામ્યો, તે ઘણો સારો બંદો છે.''

અને અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : إِنَّمَا يُوَفَّى ٱلصَّٰبِرُونَ أَجْرَهُم بِغَيْرِ حِسَابٍ

અર્થાત : ''સાબિર લોકો વગર હિસાબે પૂરેપૂરો અજ્ર પામશે.''

*(પારા–૨૩, સૂરએ ઝુમુર, રુકૂઅ–૧૫, આયત : ૧૦)*

અને અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : وَٱللَّهُ يُحِبُّ ٱلصَّٰبِرِينَ

અર્થાત : ''અને અલ્લાહ સબ્ર કરનારાઓને પસંદ કરે છે.''

*(સૂ. આલે ઈમરાન, ૩/૧૪૬)*

હું કહું છું કે, હક઼ીક઼તમાં શુક્ર કરનારો સબ્ર કરનારા સિવાય કોઈ જ નથી. અને સબ્ર કરનારો હક઼ીક઼તમાં શુક્રગુઝાર સિવાય કોઈ જ નથી. કેમ કે શુક્રગુઝાર કસોટીમાં છે અને એમાં તકલીફ સિવાય કોઈ ચારો નથી જેના પર તે અનિવાર્યપણે સબ્ર કરશે અને બેસબ્રી નહીં કરે. કેમ કે શુક્ર એહસાન કરનારની એવી તા'ઝીમ છે જે તેની નાફર્માનીથી રોકી દે અને બેસબ્રી પણ નાફર્માની છે.

અને સબ્ર કરનાર પણ નેઅ્મતથી ખાલી નથી. જેમ કે, અમે અગાઉ વર્ણન કરી ચૂક્યા છીએ કે, પ્રથમ અર્થ પ્રમાણે સખ્તી પણ હક઼ીક઼તમાં નેઅ્મત છે, તો જ્યારે તેના પર સબ્ર કરશે તો વાસ્તવમાં એ પણ શુક્ર ગણાશે. કેમ કે સબ્ર એ છે કે અલ્લાહ તઆલાની તા'ઝીમના માટે પોતાના નફ્સને બેસબ્રીથી રોકે અને શુક્ર પણ એ જ પ્રમાણે છે, કેમ કે તે એવી તા'ઝીમ છે જે નાફર્માનીથી બચાવે. અને એટલા માટે પણ કે શુક્રગુઝાર પોતાના નફ્સને નાશુક્રીથી રોકે છે અને નાફર્માનીથી સબ્ર કરે છે, અને પોતાના નફ્સને શુક્ર માટે તૈયાર કરે છે અને

ઈબાદતો પર સબ્ર કરે છે. તો હક઼ીક઼ીતમાં એ પણ સાબિર (ધીરજવાન) છે. અને સાબિરે અલ્લાહ તઆલાની તા'ઝીમ કરી જેણે એને બેસબ્રીથી રોકી દીધો અને સબ્ર માટે તૈયાર કર્યો તો તેણે અલ્લાહ તઆલાનો શુક્ર અદા કર્યો જેથી હક઼ીક઼તમાં એ જ શાકિર છે. અને એટલા માટે પણ કે નફ્સને નાશુક્રીથી રોકવું જ્યારે કે નફ્સ એનો ઈરાદો ધરાવતું હોય, એ એક તકલીફ (કઠિનાઈ) છે, જેના પર શુક્રગુઝાર સબ્ર કરે છે. અને સાબિરની તૌફીક઼ અને પાકીઝગી એક નેઅ્મત છે, જેના માટે સાબિર શુક્રગુઝાર છે. માટે આ બંનેમાંથી કોઈ એક પણ એકબીજાથી અલગ નથી.

વળી, એટલા માટે પણ કે તે બસીરત (બુદ્ધિમત્તા) જે આ બંને માટે માણસને પ્રોત્સાહિત કરે તે એક જ છે અને તે આપણા કેટલાક ઉલમાના કથનાનુસાર અડગતા (ઈસ્તિક઼ામત)ની બસીરત છે. એ જ કારણોના લીધે અમે કહ્યું કે, આ બંને એકબીજાથી અલગ નથી. આ શબ્દોને ખૂબ જ ધ્યાનથી યાદ રાખી લો અને તૌફીક઼ અલ્લાહની જ તરફથી છે.


**સુન્ની દા'વતે ઈસ્લામીની દર્સ માટેની અણમોલ કિતાબો મંગાવો !**


₹ 300/- ₹ 260/- ₹ 260/-

**બરકાતે શરીઅત**
હવે ગુજરાતી, ઉર્દૂ તથા હિન્દી ભાષામાં

**પ્રાપ્તિસ્થાન**
**સુન્ની દા'વતે ઈસ્લામી દયાદરા શાખા**
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા.જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦. મો. ૯૪૨૭૪૬૪૪૧૧



**બરકાતે સુન્નતે રસૂલ ﷺ**
(ગુજરાતી લિપિમાં)
(પેજીસ : ૯૫૨)
મુઅલ્લિફ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી-મુંબઈ)
નાશિર : મકતબએ તયબહ (મુંબઈ)
હદિયો : ₹ 300/- (ટપાલ ખર્ચ રૂા. ૫૦)
નોંધ : હિન્દી તથા ઉર્દૂમાં પણ આ કિતાબ મળશે.

સુન્નતે રસૂલ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)ની ફઝીલત તથા સહાબાએ કિરામ, બુઝુર્ગાને દીનની સુન્નતે રસૂલ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)થી મહોબ્બતના દષ્ટાંતો તેમજ વિવિધ સુન્નતોનું વર્ણન વાંચો અને સુન્નતો અપનાવવા કોશિશ કરો.

બેંક ઓફ બરોડા | A/c. No. 34620100000303 Razvi Kitab Ghar | IFSC Code: BARBODAYADR Zero | PhonePe Paytm Mo. 94274 64411

## પ્રકરણ

# નેઅ્મત તેને મળે જે તેની ક઼દર જાણે

હે મર્દે ખુદા ! તારા માટે જરૂરી છે કે આ આસાન જણાતી ઘાટીને પાર પાડવા માટે તારી શક્તિને ખર્ચી કાઢ, કેમ કે તેની તકલીફો ઘણી જ મર્યાદિત છે અને બદલો ઘણો જ મોટો છે. અને જેનું અસ્તિત્વ ઘણુ જ મોઘેરું અને તેની કિંમત તથા ક઼દર તથા દરજ્જો ખૂબ જ મહાન છે. બે ચીજોનો વિચાર કર, પ્રથમ એ કે નેઅ્મત તેને આપવામાં આવે છે જે તેની કિંમતને જાણતો હોય તેના મૂલ્યને કેવળ શુક્રગુઝાર જાણે છે. અને અમારા આ કથનના સમર્થનમાં અલ્લાહ તઆલાનો આ ક઼ોલ છે કે ખુદાવંદ તઆલાએ કાફિરોને હિકાયત કરતાં અને તેમનો જવાબ આપતાં ફર્માવ્યો છે :–

اَهٰٓؤُلَآءِ مَنَّ اللّٰهُ عَلَيْهِمْ مِّنْۢ بَيْنِنَا ؕ اَلَيْسَ اللّٰهُ بِاَعْلَمَ بِالشّٰكِرِيْنَ

"શું આ જ તે લોકો છે જેમના પર અમારામાંથી અલ્લાહે એહસાન કર્યું છે ? શું અલ્લાહ તઆલા શુક્ર ગુઝારોથી વાકેફ નથી ?"

*(પારા : ૭, સૂરએ અન્આકેમ, રુકૂઅ–૧૨, આયત : ૫૩)*

એ જાહિલ લોકોએ ખયાલ કરી રાખ્યો હતો કે અઝીમ નેઅ્મત અને મોટુ એહસાન તેના પર કરવામાં આવે છે જે આર્થિક દષ્ટિએ સાધન સંપન્ન હોય અને હસબ તથા નસબ (વંશ, કુળ)ના હિસાબે ઉચ્ચ હોય, તેથી કહેવા લાગ્યા કે આ ફકીરોનો એક મકામ (સ્થાન) છે કે તેમના કથનાનુસાર "ગુલામ" અને "આઝાદ" હતા, તો તેમને આ મહાન નેઅ્મત આપે ! અને અમને એનાથી વંચિત રાખવામાં આવે. જેથી તેમણે (કાફિરોએ) ઘમંડમાં મજાક કરતાં કહ્યું કે, શું આ જ તે લોકો છે જેમના પર અમારામાંથી અલ્લાહે એહસાન કર્યો છે ?! તો એનો અલ્લાહ તઆલાએ આ રોશન મુદ્દા વડે જવાબ આપ્યો અને ફર્માવ્યું :–

اَلَيْسَ اللّٰهُ بِاَعْلَمَ بِالشّٰكِرِيْنَ

"શું ખુદાવંદ તઆલા શુક્રગુઝારોને નથી જાણતો ?" *(સૂ. અનઆમ, ૬/૫૩)*

આ કલામનો મતલબ એ છે કે કરીમ આક઼ા તેને નેઅમત આપે છે જે તેની

ક઼દરને સમજે છે અને તેની ક઼દર તે જ જાણે છે જે તેના માટે પોતાના નફ્સ અને દિલથી ધ્યાનિત હોય અને અન્ય ચીજોને છોડીને તેને પસંદ કરી લે અને તેની પ્રાપ્તિમાં જે મુશ્કેલીઓ વેઠવી પડે તેની પરવા ન કરે. વળી, તેનો શુક્ર અદા કરવા માટે હમેશાં તે મુન્ઈમ (નેઅ્મત આપનાર)ના દરવાજે ઉભો રહે. અને અમારા અઝલી ઈલ્મમાં એ પ્રથમથી જ મૌજૂદ હતું કે, આ કમજોર લોકો આ નેઅ્મતની સરખામણીમાં આ નેઅ્મતના શુક્રિયા માટે ઉભા રહેશે, જેથી તમારી સરખામણીમાં આ નેઅ્મતના તેઓ અધિક હક્ક઼દાર હતા. અને તમારી દૌલતમંદી, સંપત્તિ અને દુનિયાવી જાહોજલાલી અને વંશ તથા કુળની અલ્લાહ તઆલાને કાંઈ જ પરવા નથી. તમે સર્વ લોકો દુનિયાની નેઅ્મત અને તેના સામાન અને વંશ તથા કુળની બુલંદીને સમજો છો, ન કે દીન, ઈલ્મ, હક્ક઼ મઅ્રેફતને. એ જ કારણે તમે લોકો એની તા'ઝીમ કરો છો અને એના પર ઘમંડ કરો છો. શું તમે વિચારતા નથી કે તમે જો આ દીન, ઈલ્મ તથા હક્ક઼ને ક઼બૂલ કરો છો તો એના પર એહસાન જતાવો છો જે આ ચીજ તમારી પાસે લઈને આવ્યો છે અને તે એટલા માટે કે તમે આ ચીજોને હલકી સમજો છો અને તેની ઘણી થોડી પરવા કરો છો અને આ કમજોર લોકો એના ઉપર પોતાની જાનો કુર્બાન કરે છે, તેને સીંચવા માટે પોતાનુ લોહી આપે છે અને જે કાંઈ તેમના હાથોએથી એના લીધે જતું રહે છે તેની પરવા નથી કરતા. અને એની પરવા નથી કરતા જે એમનાથી દુશ્મની રાખે છે, અને આ એટલા માટે છે કે, તમને જાણ થઈ જાય કે, આ જ તે લોકો છે જેમણે તેની કદરને (મૂલ્યને) જાણી, જેમના દિલોમાં એની તા'લીમ ઘર કરી ગઈ છે અને એના સિવાય દરેક ચીજનુ જતું રહેવું તેમના માટે ખૂબ જ આસાન છે અને તે માટે દરેક તકલીફને વેઠવું તેમને પસંદ છે. જેથી આ લોકો પોતાની આખી જિંદગી તેના શુક્રિયામાં પૂર્ણ કરે છે, એ જ કારણે તેઓ આ મહાન નેઅ્મત અને અઝીમ એહસાનના લાયક ઠર્યા અને અમારા સાબિક઼હ્ (ક઼દીમ – હમેશાંના) ઈલ્મના લીધે અમે તેમને ખાસ કરી લીધા અને તેમને એનાથી વંચિત કરી દીધા.

હું કહું છું કે, લોકોમાંથી દરેક વર્ગનો એ જ હાલ છે કે જેમને અલ્લાહ તઆલા દીની નેઅ્મતોમાંથી કોઈ નેઅ્મતની સાથે ખાસ કર્યા છે ચાહે તે ઈલ્મી

હોય કે અમલી, જ્યારે તમે હક઼ીક઼તમાં વિચાર કરશો તો લોકોને તેની ક઼દરના સૌથી અધિક જાણનારા અને તેની તા'ઝીમમાં સૌથી અધિક સખ્ત અને તેની પ્રાપ્તિમાં સૌથી વિશેષ કોશિશ કરનારા અને તેની તા'ઝીમમાં સૌથી મોટા અને તેના શુક્રિયામાં સૌથી અધિક મજબૂત પામશો.

અને કેટલાક લોકોને અલ્લાહ તઆલાએ એનાથી વંચિત કર્યા છે. તેમને તેમની તક઼દીર પ્રમાણે એ જ બેપરવાહી અને બેઅદબીના લીધે મેહરૂમ કર્યા છે. વળી, **જો ઈલ્મ અને ઈબાદતની તા'ઝીમ અવામ અને બજારૂ લોકોના દિલોમાં પણ એવી જ હોત જેવી કે ઉલમા અને ઈબાદત ગુઝારોના દિલમાં છે તો તેઓ કદી બજારોને ન અપનાવતે અને તેને છોડી દેવાને આસાન જાણત.** શું તમે વિચારતા નથી કે કોઈ ફક઼ીહ જ્યારે કોઈ એવા મસ્અલાને જાણી લે છે જેમાં પ્રથમ શંકા હતી તો તેનું દિલ કેટલું ખુશ થઈ જાય છે, તેની ખુશી કેટલી મોટી હોય છે અને તેના દિલમાં તેનો મક઼ામ કેટલો મોટો હોય છે એટલે સુધી કે તેને હજાર દીનાર મળી જાય તો તેને એટલી ખુશી ન થાય. અને ક્યારેક દીનના મામલામાં કોઈ મસ્અલો તેને પરેશાન રાખે છે તો તે એમાં સાલભર બલ્કે દસ, વીસ વરસો સુધી પણ વિચારતો રહે છે અને છતાં પણ તે તેનાથી ઉકતાઈ નથી જતો (કંટાળતો નથી), એટલે સુધી કે ક્યારેક અલ્લાહ તઆલા તેને એ મસ્અલો સમજાવી દે છે તો પછી તેને અલ્લાહનું ઘણુ મોટુ એહસાન અને મોટી નેઅ્મત સમજે છે. અને એના લીધે પોતાને તમામ માલદારોથી વિશેષ માલદાર અને દરેક શરીફોથી વિશેષ શરીફ સમજે છે બલ્કે કદી એ મસ્અલાને કોઈ બજારૂ અથવા કોઈ સુસ્ત તાલિબે ઈલ્મ સામે એમ સમજીને બયાન કરી દે છે કે તે પણ ઈલ્મની મહોબ્બત અને ચાહતમાં એના જેવો છે ! ભલે તે તેના પ્રતિ કાન પણ નથી ધરતો અને જો કદી એના પર ચર્ચા લંબાઈ જાય તો અકળામણ અનુભવે છે કે ઊંઘી જાય છે ! જો તેના માટે એ જાહેર થઈ જાય તો તેને ગણકારતો નથી.

એ જ સ્થિતિ અલ્લાહ તઆલાની બારગાહમાં તૌબા કરનારની છે. તે રિયાઝત માટે અને નફ્સને વાસનાઓ અને મોજ મજાથી મેહફૂઝ રાખવા માટે કેટલી કોશિશ કરે છે અને પોતાનાં અંગોને હલન ચલન તથા સ્થિરતાનો કેટલો

પાબંદ રાખે છે કે શક્ય છે કે શાયદ અલ્લાહ તઆલા પૂરી તહારત (પાકી) અને આદાબની સાથે બે રકાતની તૌફીક઼ આપી દે અને અલ્લાહ તઆલાની જનાબમાં કેટલી કાકલુદી કરે છે કે અલ્લાહ તઆલા તેને સફાઈ તથા હલાવત (મીઠાશ)ની સાથે એક પળની મુનાજાત નસીબ કરી દે. જો તે મહીનાભરમાં કે સાલભરમાં બલ્કે આખી જિંદગીમાં એક વખત પણ તેના માટે કામયાબ થઈ જાય તો તેનું ઘણુ જ મોટુ એહસાન અને સૌથી મહાન નેઅ્મત સમજે છે અને કેટલો ખુશ થાય છે અને કેટલો અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરે છે અને મુશ્કેલીઓ અને તકલીફોની કોઈ પરવા નથી કરતો જે તેણે રાતોમાં જાગીને ઉઠાવી છે અને પોતાની મજાઓને ત્યજી દીધી છે.

વળી, તું એ લોકોને જુએ છે જે એવો ખયાલ કરે છે કે તેઓ ઈબાદતનું આકર્ષણ ધરાવે છે. જો એ રીતની ખાલિસ ઈબાદત દા.ત. તેમના રાતના ખાણાનો એક કોળિયો પણ નુકસાન કર્યા બાદ પ્રાપ્ત થાય અથવા કોઈક એવી વાતને છોડયા બાદ જે તેમને મહબૂબ હોય અથવા તેમની આંખોએથી એક ઘડીની ઊંઘ રોક્યા બાદ હાંસલ થાય, તેમના નફ્સ એમના માટે તૈયાર ન થયાં અને ન તેમનાં દિલો ખુશ થયાં. અને જો અકસ્માતે તેમને ખાલિસ ઈબાદત મળી પણ જાય તો તેને તેઓ કોઈ મોટો મામલો નથી સમજતા અને ન તેઓ તેનો કોઈ મોટો શુક્રિયા અદા કરે છે બલ્કે તેમને ખુશી ત્યારે થાય છે અને તેમની જીભેથી હમ્દના શબ્દો ત્યારે નીકળે છે જ્યારે તેમને કોઈ દિરહમ મળી જાય અથવા રોટલીનો ટુકડો મળી જાય અથવા સાલન (શાક) મળી જાય અથવા લાંબી મુદ્દત માટે શરીરની સલામતીના માટે ઊંઘ આવી જાય ત્યારે કહે છે, અલ્હમ્દુલિલ્લાહ ! આ અલ્લાહનું એહસાન છે. પછી આ ગાફિલ આજિઝ લોકોને નેક બખ્ત કોશિશ તથા ઈજતેહાદ કરનારાઓની બરાબર કઈ રીતે થઈ શકે છે ? એ જ કારણે આ મિસ્કીન લોકો આ ભલાઈથી મેહરૂમ છે, અને તે ખુદાની તૌફીક઼ પામેલા લોકો કામયાબ છે અને આ રીતે હિદાયતના મામલામાં અહકમુલ હાકિમીને વહેંચણી કરી આપી છે અને તે સૌથી વિશેષ જાણનારો છે.

વળી એ તફસીલ અલ્લાહ તઆલાના આ ક઼ૌલની છે :–

اَلَيْسَ اللّٰهُ بِاَعْلَمَ بِالشّٰكِرِيْنَ "શું અલ્લાહ તઆલા શુક્ર ગુઝારોને નથી જાણતો ?" *(સૂ. અન્આમ, ૬/૫૩)*

તો એને સમજ અને તેના હક્ક઼ને ધ્યાનમાં લે અને જાણી લે કે જે ભલાઈની તું ખ્વાહિશ કરે છે એનાથી તું કેવળ એ કારણે મહેરૂમ છે કે તું એની કદરને નથી જાણતો. જેથી તારું ધ્યાન (તારી શક્તિ) વાપરીને તું કેવળ અલ્લાહ તઆલાની નેઅ્મતોની કદર જાણે (કિંમત સમજે) જેથી તું તેને લાયક થઈ જઈશ અને તેની અતા તને નસીબ થશે પછી તે તને તેની બકાની સાથે (તે નેઅ્મતો ક઼ાયમી કરીને) પણ એહસાન કરશે જેવી રીતે કે, તેણે તારા પર પ્રારંભમાં પણ એહસાન કર્યું હતું. જેમ કે અમે એને બીજા ઉસૂલમાં વર્ણન કરીશું. તે જ રહમ કરનારો મહેરબાન છે.

બીજો ઉસૂલ એ છે કે **જે માણસ કોઈ ચીજની ક઼દર (મૂલ્ય) ન જાણે તેનાથી તે નેઅ્મત છીનવી લેવામાં આવે છે** અને જે કદર નથી જાણતો તે જ નાશુક્રો છે. જેણે એ નેઅ્મતની કદર ન કરી અને તેનો શુક્ર અદા ન કર્યો અને તેની દલીલ અલ્લાહ તઆલાનો આ ક઼ૌલ છે :–

وَ اتْلُ عَلَيْهِمْ نَبَاَ الَّذِىْٓ اٰتَيْنٰهُ اٰيٰتِنَا فَانْسَلَخَ مِنْهَا فَاَتْبَعَهُ الشَّيْطٰنُ فَكَانَ مِنَ الْغٰوِيْنَ

وَلَوْ شِئْنَا لَرَفَعْنٰهُ بِهَا (الْاٰية)

"અને પઢ એમના પર ખબર તે માણસની જેને અમે અમારી આયતો આપી પછી તે તેનાથી નીકળી ગયો, પછી શૈતાન તેની પાછળ લાગ્યો જેથી તે ગુમરાહોમાં થઈ ગયો અને જો ચાહત અમે તો તેને આયતો વડે બુલંદ કરી આપતે." *(પારા : ૯, સૂરએ અઅ્રાફ઼, રુકૂઅ : ૧૧, આયત : ૧૭૫)*

કહેવાનો આશય છે કે તે બંદા પર મોટો મોટી નેઅ્મતો અને મહાન એહસાનો વડે દીનના વિશે જે અમે તેને બસીરત (સમજ દૃષ્ટિ) આપી, ઈનામો આપ્યાં અને મહાન રૂત્બો અને ઉચ્ચ સ્થાન પોતાના દરવાજે તેને અતા કર્યું જેથી તે અમારી પાસે ઉચ્ચ સ્થાન અને મહાન કદર તથા મોટા જાહોજલાલવાળો થઈ જાય. પરંતુ તે અમારી નેઅ્મતની કદર સમજવાથી જાહિલ રહ્યો અને

તુચ્છ કમીની દુનિયા પ્રતિ વળી ગયો. અને પોતાની નીચ રદ્દી નફ્સની ઈચ્છાઓને અપનાવી લીધી અને એવું ન જાણ્યું કે આખી દુનિયા અલ્લાહ તઆલાની નજીક દીની નેઅ્મતોમાંથી એક નેઅ્મત જેટલી પણ નથી અને એ મચ્છરની એક પાંખ જેટલી કિંમત પણ નથી ધરાવતી. જેથી એ માણસનું દૃષ્ટાંત કૂતરા જેવું છે જે ઈજ્જત તથા રાહત અને તૌહીન તથા તકલીફોમાં ફરક નથી કરી શક્તો અને ન બુઝુર્ગી ઉચ્ચતાને તુચ્છતા તથા પસ્ત ગણીને અલગ રીતે જુએ છે. તો એ બંને હાલતોમાં હાંફે છે, તેની નજીક તમામ બુઝુર્ગી એક રોટીના ટુકડામાં છે. જેને તે ખાઈ લે અથવા દસ્તરખાનના એક હાડકામાં જે તેની તરફ ફેંકી દેવામાં આવે. તેના માટે બધું જ સરખું છે કે, તું એને તારી સાથે તખ્ત પર બેસાડે કે માટીમાં ઉભો કરી દે ! એની હિંમત તથા કરામત અને નેઅ્મત બધું જ એમાં છે.

તો એ બુરા માણસે અમારી કૃદર ન જાણી અને જે બુઝુર્ગી અમે તેને આપી તેનો હક્ક ન ઓળખ્યો તો તેની બસીરત (દૃષ્ટિ) મંદ થઈ ગઈ અને અમને છોડીને અન્યોની તરફ ધ્યાન કરવાને લીધે કુર્બના મકામમાં તેની અદબ બદ્તર સ્વરૂપ ધારણ કરી ગઈ અને અમારી નેઅ્મતોની ચર્ચાને છોડીને તુચ્છ દુનિયા અને નાલાયક લિજ્જતોમાં મશગૂલ થઈ ગયો. તો અમે તેના તરફ કહેરની નજરે જોયું અને તેને ઈન્સાફના મેદાનમાં ઉભો કરી દીધો અને તેના વિશે બુરાઈનો ફેંસલો કરી નાખ્યો. પછી તેની પાસેથી તેની તમામ ખિલ્અતો અને કરામતો છીનવી લીધી અને તેના દિલેથી અમારી મઅ્રેફત ખેંચી લીધી પછી તે નગ્ન થઈને તે તમામ નેઅ્મતોથી બહાર નીકળી ગયો જે અમે તેને અમારા ફઝ્લથી આપી હતી. પછી તે એક હાંકી કાઢેલો કૂતરો અને શૈતાન થઈ ગયો. આપણે અલ્લાહની નારાજગી અને તેના દર્દનાક અઝાબથી તેની પનાહ માગીએ છીએ, તે આપણા પર રહમ કરનાર મહેરબાન છે.

## ★ એક બાદશાહનું દૃષ્ટાંત ★

વળી, એક બાદશાહના દૃષ્ટાંતથી સંતોષ માન કે તે પોતાના કોઈ બંદાની ઈજ્જત કરે અને તેને પોતાના ખાસ કપડાં પહેરાવે અને તેને પોતાની નજીક કરે

અને પોતાના તમામ ખાદિમો અને દરબારીઓમાં તેને સરદાર બનાવે અને તેને પોતાના દરવાજાની નોકરીનો હુકમ આપે. પછી હુકમ આપે કે તેના માટે કોઈ બીજી જગાએ મહેલ બાંધવામાં આવે અને તેના માટે ઊંચો તખ્ત ગોઠવવામાં આવે, તેના માટે વિવિધ ભોજનો ચૂંટી કાઢવામાં આવે, સજાવેલી લોંડીઓ તેને પૂરી પાડવામાં આવે, ગુલામો તેની સમક્ષ હાથ બાંધીને ઉભેલા હોય, એટલે સુધી કે જ્યારે તે એ નોકરીએથી પાછો જાય તો તે જગાએ એક મખ્દૂમ બાદશાહની જેમ તેને બેસાડવામાં આવે અને તેની ખિદમતની હાલત અને પોતાના મુલ્ક અને વિલાયતની હાલતમાં એક જ ઘડીનું અંતર હોય કે એથી પણ ઓછું હોય, પછી જો એ બંદો બાદશાહના દરવાજે જાનવરોની નિગરાની કરતાં કોઈ નોકરને રોટીનો ટૂકડો ખાતાં જુઓ અથવા કોઈ કૂતરાને હાડકુ ચાવતાં જુએ અને બાદશાહની ખિદમતને છોડીને તેને જોવામાં વ્યસ્ત થઈ જાય અને પોતાનું ધ્યાન તેના પ્રતિ ફેરવી નાખે અને શાહી ખિલ્અતો (લિબાસ) અને કરામતોની તરફ ધ્યાન ન કરે અને તે નોકરની તરફ દોડે અને પોતાનો હાથ ફેલાવીને તેની પાસે રોટીનો ટૂકડો માગવા લાગે અથવા કોઈ કૂતરાને હાડકુ ચાવતા જોઈને અટકાવવા લાગે, અને તેના પર રશ્ક કરે અને તેની એ સ્થિતિને ઘણી સારી સમજે. તો જ્યારે બાદશાહ તે માણસને આ હાલતમાં જોશે તો એવું નહીં સમજે કે આ બેવકૂફ અને નાલાયક માણસ છે ?! તેણે અમારી કરામતનો હક્ક્ ન ઓળખ્યો અને અમે તેને ખિલ્અત અતા કરીને અમારી બારગાહમાં હાજર કરીને અને અમારા ઈનામો આપીને તેની જે ઈજ્જત વધારી હતી તેને તેનું મૂલ્ય નથી જાણ્યું અને અમે તેના માટે દૌલતના ઝખીરા અને કેટલાયે પ્રકારની નેઅ્મતો આપી હતી. આ નાહિંમત અને મહાન જેહાલતવાળો અને બદ્તમીઝ માણસ છે તેની પાસેથી નેઅ્મતો છીનવી લો અને તેને અમારા દરવાજેથી ધુત્કારી કાઢી મૂકો !

વળી એ જ હાલ આલિમનો છે જ્યારે તે દુનિયાની તરફ ઝુકી જાય અને એ જ હાલ આબિદનો છે જ્યારે તે ખ્વાહિશની પૈરવી કરવા લાગે ત્યાર પછી કે અલ્લાહ તઆલાએ તેને પોતાની ઈબાદત અને પોતાની નેઅ્મતોની ઓળખ અને પોતાની શરીઅત અને તેના અહકામોથી તેને સરફરાઝ કર્યો હતો. હવે

જ્યારે તેણે તેની ક઼દરને ન જાણી તો તે અલ્લાહની નજીક સૌથી હકીર (તુચ્છ) અને સૌથી વધારે ઝલીલ છે, કેમ કે એ ચીજના પ્રતિ ખેંચાય છે અને એની લાલચ કરે છે અને એના દિલમાં બધાથી મોટી અને સૌથી પ્રિય એ ચીજ છે તે તમામ ચીજો કરતાં જે તેને ઈલ્મ તથા ઈબાદત અને હિકમત તથા હક઼ીક઼તોથી અમે ઈનાયત કરી હતી.

અને એ જ હાલત છે એ માણસની જેને અલ્લાહ તઆલાએ જાત જાતની તૌફીક અને પરહેઝગારી વડે ખાસ કર્યો અને પોતાની ખિદમત અને ઈબાદતોના અન્વાર વડે તેને ઝીનત બખ્શી અને મોટાભાગના સમયોમાં રહ્મતની નજરે તેને જોયો અને તેના લીધે ફરિશ્તાઓ પર ફખ્ર કર્યો અને તેને પોતાના દરવાજાની સરદારી અને ઈજ્જત બખ્શી અને તેને શફાઅતના સ્થાને ઉભો કર્યો અને તેને ઈજ્જતની મંઝિલે ઉતાર્યો એટલે સુધી કે, જ્યારે તે એ હૈસિયતનો થઈ ગયો કે જો તેને પુકારે તો તે કબૂલ કરે અને લબ્બૈક કહે અને તેનાથી માગે તો તે તેને આપે અને ગની કરી દે અને જો દુનિયાભરની શફાઅતને ક઼બૂલ કરે અને તેને રાજી કરે અને જો ખુદાને કસમ આપે તો તેની ક઼સમને પૂર્ણ કરે અને જો તેના દિલમાં કોઈ ચીજનો ખયાલ આવે તો તેને સવાલ કરવાથી પહેલાં અતા કરે. હવે જે માણસની હાલત આવી હોય છતાં પણ એ નેઅ્મતોનું મૂલ્ય ન સમજે અને એ સ્થાનનું મહત્વ ન જુએ અને બેહયા નફ્સને હલકી (રદ્દી) ઈચ્છાઓ તરફ વળી જાય અથવા કમીની (નીચ) દુનિયાની પ્રાપ્તિમાં લાગી જાય જે નાશવંત છે અને એ કરામતો અને ખિલ્અતો અને હદિયાઓ અને એહસાનો અને અતાઓને ન જુએ, વળી તે ચીજોને ન લક્ષમાં લે જેનો તેણે વાયદો કર્યો છે એટલે કે, આખેરતમાં તૈયાર કરેલ મહાન સવાબ અને હમેશાં રહેનારી પરિપૂર્ણ નેઅ્મતો, તો એ કેટલો તુચ્છ માણસ છે અને કેટલી નીચ બદ્તર હાલતવાળ ો બંદો છે અને તે ખતરનાક સ્થાને છે અને તેનું આ કામ કેટલું મોટુ બેહયાઈવાળુ છે ! આપણે અલ્લાહ તઆલા રહીમ અને શફીક઼થી સવાલ કરીએ છીએ કે, તે પોતાના મહાન ફઝ્લ અને વિશાળ રહમત વડે આપણી હાલતોને દુરુસ્ત કરી આપે, બેશક ! તે દરેક રહમ કરનારાઓથી વિશેષ રહમ કરનારો છે.

## ★ ઈમાનની અને ઈસ્લામની કિંમત શું છે ? ★

માટે હે શખ્સ તારા માટે જરૂરી છે કે, તું તારી શક્તિ ખર્ચે જેથી તું તારા ઉપર અલ્લાહ તઆલાના એહસાનોની ક્દરને ઓળખે અને જ્યારે તારા પર દીનની નેઅ્મતોનું એહસાન ફર્માવે ત્યારે તું દુનિયા અને તેના સામાનની તરફ ધ્યાન કરવાથી પરહેઝ કર. કેમ કે એ તારાથી એક પ્રકારની સુસ્તી થશે કે અલ્લાહ તઆલાએ તને દીનની નેઅ્મતોનો વાલી બનાવ્યો અને છતાં તેં તેની ક્દર ન કરી ! શું તેં અલ્લાહ તઆલાના ક્ૌલને નથી સાંભળ્યો જે સૈયદુલ મુરસલીનને સંબોધીને ફર્માવ્યો છે :–

وَلَقَدْ اٰتَيْنٰكَ سَبْعًا مِّنَ الْمَثَانِيْ وَالْقُرْاٰنَ الْعَظِيْمَ ﴿٨٧﴾ لَا تَمُدَّنَّ عَيْنَيْكَ اِلٰى مَا مَتَّعْنَا بِهٖٓ اَزْوَاجًا مِّنْهُمْ (الْاٰية)

"અને બેશક ! આપી અમે તને સાત આયતો વારંવાર પઢવામાં આવનારી અને બુઝુર્ગ કુર્આન અતા ફર્માવ્યું, તો અમે તેમને તરહ તરહનો સામાન આપ્યો છે તેની તરફ નજર ઉઠાવીને પણ જો." *(સૂરએ હિજ્ર, ૧૫/૮૮)*

એનો મતલબ એ છે કે જેને કુર્આને અઝીમ આપવામાં આવે તેનો હક્ક્ છે કે તે હકીર દુનિયાની તરફ પસંદગીપણા અને રઝામંદીની નજરથી કદી પણ ન જુએ, શા માટે તેને તેના પ્રતિ આકર્ષણ થાય ? અલ્લાહ તઆલાનો તે હમેશાં શુક્ર અદા કરે કે એ એવી બુઝુર્ગી છે જેની લાલચ અલ્લાહ તઆલાના દોસ્ત ઈબ્રાહીમ عليه السلام એ પોતાના કાકાના વિશે કરી કે તેના પર એહસાન કરે, પરંતુ તેણે એ ક્બૂલ ન કર્યું અને અલ્લાહ તઆલાના હબીબ મુહમ્મદ મુસ્તફા ﷺ એ ખ્વાહિશ કરી કે પોતાના કાકા અબૂ તાલિબ પર એનું એહસાન કરે પણ તેણે ક્બૂલ ન કર્યું. (એટલે કે, એઓને એવી તમન્નાથી રોકી દેવામાં આવ્યા.)

હવે બાકી રહ્યો **દુનિયાનો સામાન તો એ એવી ચીજ છે જે દરેક કાફિર, ફિરઔન, મુલ્હિદ, ઝિન્દીક (નાસ્તિક–અધર્મી), જાહિલ અને ફાસિક્ને આપે છે જેઓ અલ્લાહ તઆલાની નજરમાં સૌથી વિશેષ ઝલીલ છે એટલે સુધી કે તે તેમાં ડૂબી જાય છે ! અને એ સામાનથી દરેક નબી, સિદીક્, આલિમ અને આબિદને મેહરૂમ કરી આપે છે કે**

**જેઓ તેની નિગાહમાં સૌથી બેહતરીન મખ્લૂક છે એટલે સુધી કે, તેમને રોટીનો ટુકડો અને કપડાનું ચીથરું પણ કેટલીકવાર નસીબ નથી થતું, અને તેમના પર એહસાન જતાવે છે કે, તેમને તે ગંદકીથી નથી ખરડયા.** એટલે સુધી કે, **અલ્લાહ તઆલાએ મૂસા અને હારૂન** عليه السلام**ને ફર્માવ્યું, જો હું ચાહું તો તમને ઝીનત આપી દઉં જેથી ફિરઔનને ખબર પડી જાય, તેને ભાન થઈ જાય કે તેની કુદરત એ ચીજો માટે લાચાર છે જે હું કરી શકું છું. પરંતુ હું તમારા બંને પાસેથી દુનિયાને લપેટી લઈશ અને તેને તમારી નજીક આવવા દઈશ નહીં અને હું મારા દોસ્તો સાથે એવું જ કરું છું. હું તેમને દુનિયાની નેઅ્મતો પાસેથી એવી રીતે હાંકી કાઢું છું જેવી રીતે પ્રેમાળ ચારો ચરાવનારો પોતાના ઊંટોને ખતરનાક જગાઓથી રોકી દે છે, અને દુનિયાની એશ તથા આરામને તેમનાથી દૂર રાખું છું અને એ એટલા માટે નહીં કે તેઓ મારી નજરમાં ઝલીલ છે બલ્કે એટલા માટે તેઓ મારી કરામતોમાંથી પૂરો હિસ્સો પ્રાપ્ત કરી શકે.** અને અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

وَلَوْ لَآ اَنْ يَّكُوْنَ النَّاسُ اُمَّةً وَّاحِدَةً لَّجَعَلْنَا لِمَنْ يَّكْفُرُ بِالرَّحْمٰنِ لِبُيُوْتِهِمْ سُقُفًا مِّنْ
فِضَّةٍ وَّ مَعَارِجَ عَلَيْهَا يَظْهَرُوْنَ

**"અને જો એ ખતરો ન હોત કે લોકો એક જ ગિરોહ થઈ જશે તો અમે ખુદા તઆલાનો ઈન્કાર કરનારાઓના મકાનોની છત ચાંદીની બનાવી આપત !"** *(સૂરએ ઝુખ્રુફ, ૪૩/૩૩)*

જો તારામાં સમજ શક્તિ હોય તો બંને બાબતોમાં વિચાર કર અને કહે કે તમામ તારીફ તે અલ્લાહ માટે છે કે જેણે આપણા પર પોતાના અવલિયા તથા અસ્ફિયાની નેઅ્મતો વડે એહસાન ફર્માવ્યું અને પોતાના દુશ્મનના ફિત્નાને આપણાથી દૂર કરી આપ્યો, જેથી કરીને આપણે મહાન રબની હમ્દ અને પૂરા શુક્ર અને મોટા એહસાન અને મહાન નેઅ્મતો સાથે મખ્સૂસ (ખાસ) થઈ જઈએ અને તેમાંથી હિસ્સો મેળવીએ જે ઈસ્લામ છે. વળી, આ નેઅ્મત એના લાયક

છે કે તું એની શુક્રગુઝારીથી દિવસ રાતમાં કદી પણ ગફલત ન કરે, **જો તું તેની કિંમતને જાણવાથી આજિઝ છે તો જાણી લે કે જો તું દુનિયાના પ્રારંભમાં પેદા થઈ જાત અને ઈસ્લામની નેઅ્મતનો શુક્ર અદા કરવામાં પ્રથમ સમયથી લઈને હમેશાંના માટે વ્યસ્ત રહેત તો પણ તું એનો હક્ક઼ અદા ન કરી શકત ! બલ્કે આ મહાન ફઝ્લનો અમુક હક્ક઼ પણ અદા ન કરી શકત.** હું કહું છું કે જાણી લો કે આ સ્થાન મારી જાણ મુજબ જે હું આ નેઅ્મતની ક઼દર જાણું છું તે પ્રમાણે એને સમાવવા લાયક નથી થઈ શક્તું, ભલે પછી કરોડો પાનાંઓ પણ લખવામાં આવે તો પણ મારો ઈલ્મ એનાથી વધારે હોત ! એ સ્વીકાર છતાં કે જે કાંઈ હું જાણું છું તે જે નથી જાણતો તેની સરખામણીમાં આખી દુનિયાના સમુદ્રોની સમક્ષ એક ટીપાની હૈસિયત ધરાવે છે. શું તેં સૈયદુલ મુરસલીનને સંબોધન કરતો અલ્લાહનો ક઼ૌલ નથી સાંભળ્યો ? : مَا كُنْتَ تَدْرِىْ مَا الْكِتٰبُ وَلَا الْاِيْمَانُ

(અર્થ) : "એનાથી પહેલાં ન તમે કિતાબ જાણતા હતા ન અહકામે શરઅની તફસીલ." *(સૂ. શુરા, ૪૨/૫૨)* અને બીજે ઠેકાણે ફર્માવ્યું :–

وَعَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ ؕ وَكَانَ فَضْلُ اللّٰهِ عَلَيْكَ عَظِيْمًا

"તમને દરેક તે ચીજનો ઈલ્મ આપ્યો જે આપ જાણતા ન હતા અને તમારા પર અલ્લાહનો ઘણો જ મોટો ફઝ્લ છે." *(સૂ. નિસાઅ, ૪/૧૧૩)*

અને અલ્લાહ તઆલાએ એક ક઼ૌમને સંબોધીને ફર્માવ્યું :

بَلِ اللّٰهُ يَمُنُّ عَلَيْكُمْ اَنْ هَدٰىكُمْ لِلْاِيْمَانِ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ

"બલ્કે અલ્લાહ તઆલા તમારા પર એહસાન જતાવે છે કે એણે તમને ઈમાનની રહનુમાઈ કરી." *(સૂ. હુજુરાત, ૪૯/૧૭)*

અને શું તેં રસૂલુલ્લાહ ﷺનો ક઼ૌલ નથી સાંભળ્યો જ્યારે આપે એક માણસથી સાંભળ્યું કે તે કહી રહ્યો હતો, "તમામ તારીફ અલ્લાહના માટે છે કે એણે ઈસ્લામની દૌલત બખ્શી." તો આપે ફર્માવ્યું કે, "તેં અલ્લાહ તઆલાની ઘણી જ મોટી નેઅ્મત માટે પ્રશંસા કરી."

અને જ્યારે યાકૂબ عليه السلامની પાસે ખુશ ખબરી લાવનાર આવ્યા તો આપે ફર્માવ્યું કે તેં યૂસુફ عليه السلامને કયા દીન પર છોડયો ? તો તેણે કહ્યું કે, દીને ઈસ્લામ પર. તો આપે ફર્માવ્યું, હવે નેઅ્મત પૂર્ણ થઈ. અને કહેવામાં આવ્યું છે કે **એનાથી વિશેષ કોઈ કલ્મો અલ્લાહ તઆલાને પ્રિય નથી અને ન એનાથી વિશેષ શુક્રગુઝારીમાં કોઈ કલ્મો છે કે બંદો કહે, "તમામ તારીફો તો અલ્લાહના માટે છે જેણે આપણા પર એહસાન ફર્માવ્યું અને દીને ઈસ્લામનું માર્ગદર્શન આપ્યું."**

અને એનાથી સાવધાન રહેજે કે, શુક્ર કરવામાં કદી ગફલત ન કરે અને ઈસ્લામ તથા મઅ્રેફત અને તૌફીક઼ અને પરહેઝગારીના જે હાલ પર બિરાજેલ છે તેનાથી ધોકો ન ખાતો, કેમ કે એના (શુક્ર) વગર (અમ્ન) નીડરતા અને ગફલતનો આ મક઼ામ નથી કેમ કે તમામ ચીજોનો સંબંધ અંજામ સાથે છે. સુફયાન ષૌરી رحمة الله عليه ફર્માવ્યા કરતા હતા કે, **જે માણસ પોતાના દીન પર મુત્મઈન થઈ જાય (નચિંત બની જાય) તેની પાસેથી દીન છીનવી લેવામાં આવે છે.**

## ★ ઈમાન બાબતે અતિ સાવધાન રહો ! ★

અને અમારા શયખ رحمة الله عليه ફર્માવ્યા કરતા હતા કે, "જ્યારે તું કાફિરોનો હાલ અને તેમનું હમેશાં આગમાં રહેવાનું સાંભળે છે તો તારા નફ્સ પર મુત્મઈન (સંતોષી) ન થતો ! કેમ કે મામલો ખતરનાક છે અને તું નથી જાણતો કે અંજામ શો થશે ? અને તારા વિશે ગયબમાં શું ફેંસલો થઈ ચૂક્યો છે ? તું તારા વર્તમાનની સફાઈના માટે મગરૂર ન થા, કેમ કે તેની નીચે ઘણી ઊંડી આફતો મૌજૂદ છે. અને કેટલાકે કહ્યું કે, હે પરહેઝગારીથી ધોકો ખાનારા ગિરોહ ! એની નીચે જાત જાતની આફતો છે. અલ્લાહ તઆલાએ ઈબ્લીસને ભાત ભાતની પરહેઝગારીથી સજાવ્યો હતો તેમ છતાં તે તેની નજીક મલઊન હતો ! અને બલ્અ્મને પોતાની વિલાયતના નૂર વડે શણગાર્યો હતો, જો કે તે તેની નજીક હક઼ીક઼તમાં દશ્મન હતો ! અને હઝરત અલી رضي الله عنهથી મરવી છે કે, આપે ફર્માવ્યું કે, કેટલાયે લોકોને એહસાન કરીને મોહલત આપવામાં આવે છે અને કેટલાય માણસો સારા ક઼ૌલથી ફિત્નામાં સપડાયેલા છે અને કેટલાયે માણસો ખુદાની પર્દાપોશીથી ધોકામાં

પડેલા છે. ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہને પૂછવામાં આવ્યું કે, એ કઈ ખતરનાક ચીજ છે જેનાથી બંદો ધોકો ખાઈ બેસે છે ? તો કહ્યું, (અલ્લાહનાં આપેલ) અલ્તાફ અને કરામતોથી. એટલા માટે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :

سَنَسْتَدْرِجُهُمْ مِّنْ حَيْثُ لَا يَعْلَمُوْنَ "કે અમે તેમને એવી રીતે ધીરે ધીરે ખેંચી રહ્યા છીએ કે તેઓ નથી જાણતા."

*(પારા : ૯, સૂરએ અઅ્રાફ, રુકૂઅ : ૧૨, આયત : ૧૮૨)*

એહલે માઅ્રેફતે કહ્યું કે, અમે તેમના પર નેઅ્મતો પૂર્ણ કરીએ છીએ અને તેમને શુક્રાના કરવાનું ભૂલાવી દઈએ છીએ. જેમ કે એક શાયરે કહ્યું છે :–

(અર્થ) : "જ્યારે તારા પર સારા દિવસો હોય તો તું તેને સારું સમજે છે અને તેનો ડર નથી રાખતો જે તકદીર બુરા દિવસો લાવે છે, અને તારી રાતો સલામતીથી પસાર થાય છે તો તું એનો ધોકો ખાઈ જાય છે અને રાતોની સફાઈના વખતે ખરાબીઓ પેદા થઈ જાય છે."

અને જાણી લે કે, જ્યારે ઘણો જ વધારે (ખુદાની) નજીક થઈ જાય તો તારો મામલો ઘણો જ ભારે ભયંકર અને મુશ્કેલ છે અને તારો કેસ ઘણો જ વધુ કઠિન તથા ગંભીર છે અને તારો ખતરો ઘણો મોટો છે કે કઈ ચીજ જ્યારે અતિશય ઊંચે પહોંચી જાય છે અને જ્યારે તે નીચે પડે છે તો ઘણી જ બુરી હાલતમાં પડે છે ! જેમ કે કહેવામાં આવ્યું છે :–

અર્થ : **"જ્યારે કોઈ પર્દો ઉડીને ઉંચે ચાલ્યો જાય છે તો જેવી રીતે ઉંચે ઉડે છે તેવી જ રીતે નીચે પડે છે !**

તો એ વખતે નચિંત (મુત્મઈન) થવાનો અને શુક્ર કરવાથી ગફલત વર્તવાનો અને પોતાની હાલની હિફાઝત માટે આજિઝી અને કાકલૂદીને ત્યજી દેવાનો પ્રસંગ નથી. ઈબ્રાહીમ ઈબ્ને અદ્હમ عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ ફર્માવ્યા કરતા હતા કે, **આપણે કેવી રીતે નચિંત થઈ શકીએ છીએ જ્યારે ઈબ્રાહીમ ખલીલુલ્લાહ** علیہ السلام **એવું અર્ઝ કરે કે,** وَّاجْنُبْنِيْ وَبَنِيَّ اَنْ نَّعْبُدَ الْاَصْنَامَ **"મને અને મારી ઔલાદને મૂર્તિઓની પૂજાથી મેહફૂઝ રાખ !"**

*(સૂરએ ઈબ્રાહીમ, ૧૪/૩૫)*

**અને યૂસુફ સિદ્દીક્** عليه السلام **અર્ઝ કરે છે,** تَوَفَّنِیْ مُسْلِمًا **"મને ઈસ્લામની હાલતમાં ઉઠાવ!"** *(સૂરએ યૂસુફ, ૧૨/૧૦૧)*

અને હઝરત સુફયાન ષૌરી رحمۃ اللہ علیہ હમેશાં કહ્યા કરતાં હતા, યા ઈલાહી ! બચાવી લે ! જાણે કે આપ તે નાવડીમાં છે જેને ડૂબી જવાનો ખતરો છે ! અને અમને મુહ્મ્મદ ઈબ્ને યૂસુફ رحمۃ اللہ علیہથી રિવાયત પહોંચી છે. આપે કહ્યું, "મેં સુફયાન ષૌરીને એક રાત્રે ધ્યાનથી જોયા કે તેઓ આખી રાત રડતા રહ્યા ! મેં પૂછ્યું કે, શું ગુનાહોના લીધે રડો છો ? તો આપે એક તણખલુ ઉઠાવ્યું અને કહ્યું કે **ગુનાહો તો અલ્લાહ તઆલા નજીક એનાથી પણ અધિક તુચ્છ છે; પણ હું તો એનાથી ડરું છું કે અલ્લાહ મારી પાસે ઈસ્લામ (ઈમાન) ન છીનવી લે ! અને એનાથી ખુદાની પનાહ !**

અને મેં કેટલાક આરિફોથી સાંભળ્યું, તેઓ કહેતા હતા કે કેટલાક અંબિયા عَلَیْہِمُ السَّلَام એ અલ્લાહ તઆલાથી બલ્અમ અને તેના મરદૂદ થવાનો મામલો પૂછયો કે તે આવી આયતો અને કરામતો પછી કેવી રીતે મરદૂદ થઈ ગયો ?! તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, **"જે કાંઈ મેં તેને આપ્યું હતું તેના પર તેણે આખા જીવનમાં એક વખત પણ શુક્ર અદા ન કર્યો. જો એક વખત પણ તે મારો શુક્ર અદા કરી દેતો તો હું તેનાથી ન છીનવી લેત.**

તો હે માનવ ! હોશિયાર થઈ જા ! અને શુક્રના રુકનની ખૂબ જ પ્રમાણમાં હિફાઝત કર અને દીની નેઅમતો માટે તેની હમ્દ બયાન કર કેમ કે સર્વ નેઅ્મતોથી ઉચ્ચ ઈસ્લામ અને મઅરેફત છે અને સર્વથી નાની નેઅ્મત તસ્બીહ કહેવાની તૌફીક્ અથવા નિરર્થક વાત પર હસવાથી પરહેઝ છે. શક્ય છે કે અલ્લાહ તઆલા પોતાની નેઅમતો તારા પર પૂર્ણ કરે અને પડતીની કડવાશમાં તને ન સપડાવે, કેમ કે સૌથી વધારે કડવુ અને સૌથી વધુ મુશ્કેલ ઈજ્જત પછીની ઝિલ્લત અને કુર્બ (નજદીકી) પછી ફાસલો અને મિલન પછીનો વિરહ છે. અલ્લાહ તઆલા ઘણો મહાન મહેરબાન છે.

## પ્રકરણ

## શુક્ર અને આજિઝી સાથે તેનો ફઝ્લ માગો !

સારાંશ કે જ્યારે તું અલ્લાહ તઆલાના મોટા મોટા એહસાનો અને મોટી મોટી નેઅ્મતોને પોતાના ઉપર જુએ કે જેને તારુ દિલ ગણી પણ નથી શકતુ અને તારી કલ્પના તેને પહોંચી નથી શકતી એટલે સુધી કે તેં એ મુશ્કેલીભરી ઘાટીઓને તારી પાછળ છોડી દીધી અને ઈલ્મો તથા બસીરતોને પામી લીધી અને મોટા ગુનાહોના બોજથી પાક થઈ ગયો અને આડશોથી આગળ નીકળી ગયો અને વિઘ્નોને રદ કરી નાખ્યા અને બુરી ચીજોથી સલામત બચી નીકળ્યો અને અલ્લાહની રહમતો પર બિરાજમાન થઈ ગયો, તો કેટલી શરીફ ખૂબીઓ અને ઉચ્ચ મર્તબાઓ તને પ્રાપ્ત થઈ ગયા કે જેનો પ્રારંભ બસીરત અને ઓળખથી થયો હતો, તેનો અંજામ કુર્બ અને બુઝુર્ગી પર થયો. વળી તું એમાં તારી બુદ્ધિ પ્રમાણે અને તૌફીક઼ મુજબ વિચાર કરીશ અને યથાશક્તિ અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરીશ તો તારી જીભ તેની હમ્દો ષનામાં મશગૂલ થઈ જશે અને તારું દિલ તેની અઝમત તથા રોનકથી ભરાઈ જશે અને તું એવા સ્થાને પહોંચી જઈશ કે તે તારા અને તારા ગુનાહોની વચ્ચે આડ થઈ જશે અને તને તેની ઈબાદતના માટે તારી યથા શક્તિ પ્રેરિત કરશે અને તેના ઈનામો અને એહસાનોનો હક્ક઼ અદા કરવાથી તારી શક્તિના પ્રમાણે ઉણપનો ઈક઼રાર કરવા માટે તને પ્રેરણા આપશે અને જ્યારે તું તેના શુક્રથી ગાફિલ થઈ જાય અથવા ચૂપ થઈ જાય અથવા લપસી જાય તો તું તેની તરફ આજિઝી અને કાકલૂદી કરે અને કોશિશ કરે અને વસીલો તલાશ કરે અને કહે, હે અલ્લાહ ! મારા માલિક ! જેવી રીતે તેં કોઈ હક્ક઼ દાવા વિના કેવળ તારા ફઝ્લથી એહસાનનો પ્રારંભ કર્યો હતો એ જ રીતે કશાય હક્ક઼ દાવા વિના તારા ફઝ્લથી અંજામ સુધી પહોંચાડ. અને તેને તેના અવલિયાની ભાષામાં પોકાર કે જેમણે તેની હિદાયતનો તાજ મેળવ્યો અને તેની મારેફતની હલાવત (મીઠાશ) ચાખી, છતાં તેઓ પોતાના ઉપર મરદૂદ કરી દેવાની અને તૌહીનની જલન અને ગુમરાહી તથા (ખુદાથી

દૂરી) ફાસલાના ભય અને પડતી તથા કાઢી મૂકાવાની કડવાશથી ડરતા રહ્યા. તેઓ દરવાજા પર ફરિયાદ કરતા રડતા અને આજિઝી કરતા રહી તેની તરફ હાથ ફેલાવતા રહ્યા અને પોતાની ખલ્વતો (એકાંત)માં ચીસો પાડતા રહી દુઆઓ કરતા રહ્યા.

رَبَّنَا لَا تُزِغْ قُلُوْبَنَا بَعْدَ اِذْ هَدَيْتَنَا وَ هَبْ لَنَا مِنْ لَّدُنْكَ رَحْمَةً ۚ اِنَّكَ اَنْتَ الْوَهَّابُ

''હે અમારા રબ ! હિદાયત આપ્યા પછી અમારા દિલોને વાંકા ન કર અને અમને તારી જનાબથી રહમત ઈનાયત ફર્માવ. બેશક ! તું જ અતા કરનાર છે.'' *(પારા : ૩, સૂરએ આલે ઈમરાન, રુકૂઅ : ૯, આયત : ૮)*

હું કહું છું, એનો મતલબ એ છે, અને અલ્લાહ તઆલા જ બેહતર જાણે છે કે, ''આપણે તેનાથી નેઅ્મત મેળવી અને બીજી નેઅ્મતના આપણે ઉમ્મીદવાર છીએ કે તું જ સખી અને અતા કરનારો છે. તો જેવી રીતે તેં અમને ઈનામની ફઝીલત શરૂઆતમાં આપી છે એ જ રીતે પૂર્ણતાની રહ્મત છેવટમાં અતા ફર્માવ.'' શું તેં વિચાર્યું નહીં કે સૌ પ્રથમ દુઆ જે રબ્બુલ આલમીને પોતાના બંદાઓને શીખવાડી છે જેને અલ્લાહ તઆલાએ પોતાની મખ્લૂક્ના માટે પસંદ ફર્માવી, તે અલ્લાહનો ક્રૌલ છે :–

اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ''અમને સીધા માર્ગે ચલાવ.'' *(સૂ. ફાતિહા, ૧/૫)*

એટલે કે અમને હમેશાં એના પર સાબિત કદમ (અડગ) રાખ. એ પ્રમાણે આપણે પણ તેની બારગાહમાં ઈલ્તિજા કરીએ છીએ કે મામલો ઘણો ભારે છે. કહેવામાં આવ્યું છે કે હુકમા (હકીમો)એ વિચાર કર્યો તો દુનિયાની તમામ મુસીબતો અને મહેનતને પાંચ ચીજોમાં પામી : મુસાફરીમાં (સફર દરમ્યાન) બીમારી, ઘડપણમાં ફકીરાઈ, યુવાનીમાં મૌત અને જોયા પછી અંધાપો. અને એનાથી પણ વધીને કોઈકનો ક્રૌલ છે :–

(અર્થ) : **દરેક ચીજનો કોઈને કોઈ વિકલ્પ છે જ્યારે તેને છોડી દેવામાં આવે, પરંતુ જો તું ખુદાને છોડી દે તો તેનો કોઈ વિકલ્પ નથી.**

અને કોઈક બીજાએ કહ્યું છે કે, ''જ્યારે દુનિયા કોઈ માણસનો દીન ખરાબ ન કરે તો જે કાંઈ પણ તેનાથી વેડફાઈ જાય તે નુકસાન આપનાર નથી.''

એ જ પ્રમાણે દરેક નેઅ્મત બાબતે છે કે જે તે તને ઈનામ કરે અને આ ઘાટીઓમાંથી કોઈ ઘાટીને પાર પાડવામાં ખુદાની તૌફીક઼ એ જ પ્રમાણે છે જે એણે તને આપેલ છે તેને હમેશાં રાખે અને તને તારી તમન્ના અને ખ્વાહિશથી પણ વિશેષ આપે. પછી જ્યારે તું આ સ્થાને પહોંચી જાય તો તેં આ ખતરનાક ઘાટીને પાર કરી લીધી અને તેં બે અતિશય સારા ખજાનાઓ પ્રાપ્ત કરી લીધા અને તે ઈસ્તિક઼ામત (અડગતા) અને અધિક્તા છે. વળી હાલની નેઅ્મતો જ તને તેણે અતા કરી છે તે તારી પાસે હમેશાં રહેશે અને તેના જતા રહેવાનો ખતરો રહેશે નહીં અને જે નેઅ્મતો તને તેણે અતા નથી કરી તે તને અતા ફર્માવશે, જો કે તું તેને સારી રીતે માગી પણ નથી શકતો અને આરઝૂ પણ નથી રાખતો, જેથી તું તેના નષ્ટ થવાથી ન ડરે એ સમયે તું તે લોકોમાંથી થઈ જઈશ જેઓ આરિફ, આલિમ, દીનના આમિલ, ગુનાહોથી તૌબા કરનારા પાક નફ્સો, દુનિયાની લાલચ વિહાણો અને ખુદાની બંદગીના માટે અલગ થનારા, શૈતાનને કબ્જે કરનારા, દિલ અને અંગો વડે સંપૂર્ણતઃ તકવો અખ્તિયાર કરનારા, ઉમ્મીદોને કમ કરનાર, નસીહત કરનારા, ખુશૂઅવાળા અને તવાઝોઅ્ (આજિઝી) કરનારા, તવક્કુલ કરનારા, પોતાના કાર્યને ખુદાને સુપ્રત કરનારા, રાઝી બ રઝા, સબ્ર કરનારા, ડરનારા, ઉમ્મીદ રાખનારા મુખ્લિસ, ખુદા તઆલાની નેઅ્મતોને યાદ રાખનારા અને પોતાના માલિક રબ્બુલ આલમીનની નેઅ્મતોનો શુક્ર કરનારા છે. પછી ત્યારબાદ તું એ લોકોમાંથી થઈ જઈશ જેઓ સીધી રાહ પર ક઼ાયમ રહેનારા મોઅઝ્ઝઝ્ અને સિદ્દીક઼ છે. આ લખાણમાં વિચાર કર અને અલ્લાહ જ તૌફીક઼ આપનારો છે.

વળી જો તું કહીશ કે જો મામલો આ પ્રમાણેનો છે તો એ મઅ્બૂદની ઈબાદત કરનારા અને આ મક઼સદે પહોંચનારા ઘણા જ થોડા લોકો હશે, અન્ય કયા લોકો આવી તકલીફોની શક્તિ ધરાવે છે અને કોણ આવી શરતો અને સુન્નતોને પ્રાપ્ત કરી શકે છે. તો જાણી લે કે ખુદાવંદે તઆલા પણ એવું જ ફર્માવે છે :–

وَ قَلِيْلٌ مِّنْ عِبَادِىَ الشَّكُوْرُ "અને મારા થોડાક બંદાઓ શુક્ર ગુઝાર છે."

*(સૂ. સબા, ૩૪/૧૩)*

અન્ય લોકોની નાશુક્રી, મૂર્ખાઈ અને અજ્ઞાનતાના બારામાં વિવિધ ઠેકાણે ફર્માવવામાં આવ્યું :–

وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يَشْكُرُوْنَ "પરંતુ ઘણા બધા લોકો શુક્ર કરતા નથી."

*(સૂરએ મો'મિન, ૪૦/૬૧)*

لَا يَعْقِلُوْنَ﴿٦٣﴾ "નથી અક્કલ કરતા." (સૂરએ અન્કબૂત, /૬૩)

لَا يَعْلَمُوْنَ﴿٣٦﴾ "નથી જાણતા." (સૂરએ સબા, /૩૬)

વળી આ મામલો તે માણસ માટે ખૂબ જ સરળ છે જેના પર અલ્લાહ આસાન કરી આપે. બંદાની જવાબદારી કોશિશ કરવાની છે અને અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાના જિમ્મે હિદાયત છે. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

وَالَّذِيْنَ جَاهَدُوْا فِيْنَا لَنَهْدِيَنَّهُمْ سُبُلَنَا "અને જે લોકોએ અમારા માર્ગમાં કોશિશ કરી અમે અમારી રાહોની તેમને રહનુમાઈ કરીશું."

*(પારા : ૨૧, સૂરએ અન્કબૂત, રુકૂઅ : ૩, આયત : ૬૯)*

હવે જ્યારે એક કમજોર બંદો પોતાના ફર્ઝોને પૂરા કરવાની કોશિશ કરે છે તો પછી રબ્બે કદીર ગની અને કરીમ તથા રહીમના વિશે તમે શું વિચારો છો ?

વળી જો તું કહે કે જિંદગી ટૂંકી છે અને આ ઘાટીઓ ઘણી લાંબી છે અને તેની શરતો પણ ઘણી કઠિન છે, પરંતુ જ્યારે અલ્લાહ તઆલા કોઈ બંદાને પસંદ કરી લે છે તો આ લંબાઈ પણ ટૂંકી થઈ જાય છે અને આ કઠણાઈઓ તેના માટે આસાન થઈ જાય છે એટલે સુધી કે બંદો તેને પાર પાડયા બાદ કહે છે કે રસ્તો કેટલો નજીક છે, કેટલો ટૂંકો છે, કેટલો સહેલો અને નરમ છે, અને જ્યારે હું એ જંગલમાં ઉભો હતો તો મેં આ શેઅર કહ્યો હતો :–

અર્થ : "સીધા માર્ગનો ઈલ્મ ચાહવાવાળા માટે સ્પષ્ટ છે અને હું દિલોને જોઉં છું કે તેઓ સીધા રસ્તાથી ઉંધા છે. અને મેં આશ્ચર્ય કર્યું હલાક થનારા પર જ્યારે કે તેની નજાત મૌજૂદ હતી અને મેં નજાત પામનારા ઉપર પણ આશ્ચર્ય કર્યું.

એટલે સુધી કે કેટલાક એવા લોકો હોય છે જેઓ આ ઘાટીઓને સિત્તેર વરસે પાર કરે છે અને કેટલાક વીસ વરસમાં અને કેટલાક દસ વરસમાં અને

કેટલાક એવા છે જેઓ એક વરસમાં પાર કરી જાય છે અને કેટલાક તેને એક મહિનામાં પાર કરી લે છે. બલ્કે એક ઝટકામાં બલ્કે એક ઘડીમાં, એટલે સુધી કે કેટલાકને ખુદા તઆલાની ખાસ તૌફીક અને મદદ વડે એક ક્ષણમાં હાંસલ થઈ જાય છે.

શું તું અસ્હાબે કહફનો પ્રસંગ યાદ નથી કરતો કે તેમની મુદ્દત કેટલી ટૂંકી હતી. જ્યારે તેમણે પોતાના બાદશાહ દકયાનૂસના ચહેરામાં ફેરફાર જોયો તો કહ્યું : رَبُّنَا رَبُّ السَّمٰوٰتِ وَالْاَرْضِ لَنْ نَّدْعُوَاْ مِنْ دُوْنِهٖۤ اِلٰهًا

"તો કહેવા લાગ્યા, અમારો રબ એ જ છે જે આસ્માનો અને જમીનનો રબ છે, અમે તેના સિવાય કોઈ મઅ્બૂદને કદી પોકારીશું નહીં."

*(પારા : ૧૫, સૂરએ કહફ, રુકૂઅ : ૧૩, આયત : ૧૪)*

તેમને એ મઅ્રેફત હાંસલ થઈ અને એ માર્ગની હક઼ીક઼તો તેમણે જોઈ અને એ રાહને પાર કરી, તો તેઓ પોતાનો મામલો અલ્લાહને સુપ્રત કરવાવાળા, તેના પર ભરોસો રાખવાવાળા અને તેના માર્ગ પર કાયમ રહેનારા બની ગયા. જ્યારે કે તેમણે કહ્યું : فَأْوٗۤا اِلَى الْكَهْفِ يَنْشُرْ لَكُمْ رَبُّكُمْ مِّنْ رَّحْمَتِهٖ

"તો ગુફામાં જગા પકડો તમારો રબ પોતાની રહ્મત તમારા પર ફેલાવી દેશે." *(પારા : ૧૫, સૂરએ કહફ, રુકૂઅ : ૧૩, આયત : ૧૬)*

અને આ સઘળુ તેમને એક ક્ષણ કે એક પળમાં હાંસલ થઈ ગયું.

શું તમને ફિરઔનના જાદૂગરોનો પ્રસંદ યાદ નથી કે તેમની મુદ્દત એક ક્ષણભર હતી ! જ્યારે મૂસા عليه السلامનો મો'જિઝો જોયો તો :–

قَالُوْۤا اٰمَنَّا بِرَبِّ الْعٰلَمِيْنَ ۝ رَبِّ مُوْسٰى وَ هٰرُوْنَ ۝

"કહેવા લાગ્યા, અમે રબ્બુલ આલમીન પર ઈમાન લાવ્યા જે મૂસા તથા હારૂન (عليهما السلام)નો રબ છે."

*(પારા : ૯, સૂરએ અઅ્રાફ, રુકૂઅ : ૩, આયત : ૧૨૧, ૧૨૨)*

તેમણે એક જ પળમાં એ રાહને જોઈ અને તેને પાર કરી ગયા અને ખુદા તઆલાને પહેચાનનારાઓ, ખુદા તઆલાની તક઼દીર પર રાજી રહેનારાઓ અને

તેની મુસીબતો પર સબ્ર કરનારાઓ અને તેની નેઅ્મતોનો શુક્ર કરનારાઓ અને તેની મુલાકાતનો શોખ રાખનારાઓમાંથી થઈ ગયા, અને પોકારી ઉઠયા : لَا ضَيْرَ ۖ إِنَّا إِلَىٰ رَبِّنَا مُنقَلِبُونَ ﴿٥٠﴾ "કોઈ પરવા નહીં, અમે અમારા રબની તરફ ફરનારા છીએ." *(સૂરએ શોઅરા, ૨૬/૫૦)*

અમને વર્ણન કરવામાં આવ્યું છે કે ઈબ્રાહીમ ઈબ્ને અદ્હમ رحمۃ اللہ علیہ દુનિયામાં એક બાદશાહ હતા. તેમણે બાદશાહી છોડી દીધી અને એ માર્ગનો ઈરાદો કર્યો. તેમના માટે આ માર્ગ એટલો જ પુરવાર થયો જેટલીવારમાં બલ્ખથી મરૂ (સ્થળ) સુધી જતા હતા, એટલે સુધી કે તેઓ એ સ્થાને પહોંચ્યા કે, એક માણસ પુલ પરથી ઘણા ઊંડા પાણીમાં પડયો. ઈબ્રાહીમે ઈશારો કરીને કહ્યું કે, રોકાઈ જા ! તો તે માણસ હવામાં જ અદ્ધર રોકાઈ ગયો અને પાણીથી બચી ગયો.

અને રાબિઅ્હ્ બસરી رحمۃ اللہ علیہا એ એક વૃદ્ધ લોંડી હતાં. તેમને બસરાના બજારમાં ઘુમાવવામાં આવતાં પણ વૃદ્ધા હોવાના કારણે તેમને કોઈ ખરીદતુ ન હતું. એક સોદાગરને તેમના પર દયા આવી તો તેણે તેમને સો દિરહમમાં ખરીદી લીધાં અને આઝાદ કરી દીધાં. પછી તેમણે આ માર્ગ અપનાવી લીધો અને ઈબાદત પ્રતિ ધ્યાનિત થયાં તો એક વરસ પણ પસાર થયું ન હતું એટલામાં તો બસરાના ઝાહિદ, કારી અને ઉલમા લોકો તેમના મર્તબાની બુલંદીના કારણે તેમની ઝિયારત (મુલાકાત) માટે આવવા લાગ્યા.

અને જે માણસને ખુદાવંદે તઆલાની મદદ નસીબ ન થાય અને તેના પર ફઝ્લ અને હિદાયતનો મામલો કરવામાં ન આવે તો તેને તેના નફ્સના હવાલે કરી દેવામાં આવે છે. કેટલીકવાર તે એક ઘાટીની કોઈ વાદી (મેદાન)માં સિત્તેર વરસ સુધી પડયો રહે છે છતાં તેને પાર નથી કરી શક્તો અને કેટલીકવાર ચીસાચીસ કરી મૂકે છે કે આ માર્ગ કેટલો અંધકારમય અને કેટલો મુશ્કેલ છે અને પરિસ્થિતિ કેટલી અઘરી તથા દુશ્વાર છે.

વળી જો તું એવો પ્રશ્ન કરે કે તેને ખાસ તૌફીક્ વડે શાથી નવાઝવામાં આવ્યો ? અને એને શા માટે વંચિત રાખવામાં આવ્યો જ્યારે કે આ બંને સાથે જ

ગુલામીની રસ્સીમાં બંધાયેલા છે. તો આ પ્રશ્ન પર ખુદાવંદે તઆલાના જલાલના પર્દાઓએથી અવાજ આવે છે કે અદબ સાચવી રાખો અને રબૂબિયતના ભેદોને ઓળખો અને અબૂદિયત (બંદાપણા)ની હક઼ીક઼તને જાણી લો કે :

لَا يُسْـَٔلُ عَمَّا يَفْعَلُ وَهُمْ يُسْـَٔلُوْنَ "તે જે કાંઈ કરે છે તેનું કારણ નથી પૂછી શકાતુ અને બાકીના સર્વ લોકોને પૂછવામાં આવે છે."

*(પારા : ૧૭, સૂરએ અંબિયા, રુકૂઅ : ૨, આયત : ૨૩)*

હું કહું છું કે દુનિયામાં આ માર્ગનું દષ્ટાંત આખેરતમાં પુલસિરાતની ઘાટીઓ અને મુસાફિરોના તેને પાર કરવા જેવું છે, કેમ કે મખ્લૂક઼ની હાલતો ત્યાં વિવિધ છે, એમાંથી કેટલાક પુલસિરાત એવી રીતે પાર કરી જશે જાણે કે ચમકતી વીજળી ! અને કેટલાક તીવ્ર આંધીની જેમ તો કેટલાક તેજ રફતાર ઘોડાની જેમ અને કેટલાક પક્ષીઓની માફક, કેટલાક પગપાળા ચાલીને, કેટલાક ઘસડાતા ઘસડાતા, એટલે સુધી કે તેઓ કોલસાની માફક થઈ જશે અને કેટલાક તેના અવાજો સાંભળશે અને કેટલાક તેના અંકોડાઓમાં ફસાઈ જશે અને તેમને જહન્નમમાં નાખી દેવામાં આવશે, એ જ હાલ તે માર્ગનો દુનિયામાં પોતાના મુસાફરોની સાથે છે. આખેરતનો માર્ગ તો નફ્સનો માર્ગ છે કે તેની ભયંકરતાઓ આંખોવાળા જુએ છે અને આખેરતમાં રોકાનારાઓની હાલતો વિવિધ હશે કેમ કે દુનિયામાં પણ તેમની હાલતો વિવિધ હશે તો એના પર પૂર્ણપણે ધ્યાન આપ અને તૌફીક અલ્લાહ તરફથી જ છે.

## ★ આપણી જવાબદારીની ગંભીરતા કેટલી છે ★

તો જાણી લે જે કાંઈ આ પ્રકરણમાં સંશોધન કરાયું છે તે એ છે કે આ માર્ગ લાંબો અને ટૂંકો હોવામાં તે અંતરોની જેમ નથી જેને માણસ પગો વડે પાર કરે છે પણ નફ્સની શક્તિ અને અશક્તિના પ્રમાણે તેને પાર કરે છે. બલ્કે આ માર્ગ રૂહાની માર્ગ છે જેને દિલો પાર પાડે છે અને ચિંતન વડે પાર કરે છે. પોતાના અક઼ીદાઓ અને બસીરત પ્રમાણે પાર કરે છે અને તેનું મૂળ એક આસ્માની નૂર અને ખુદાવંદી નિગાહ છે જે કાંઈ બંદાના દિલ પર પડે પછી તે તેની સાથે બંને જહાનોના મામલામાં હક઼ીક઼તની સાથે વિચાર કરે છે. વળી આ તે નૂર છે કે બંદો

તેને સો વરસ સુધી શોધતો રહે છે અને તેને પામતો નથી અને ન તેનુ કોઈ નિશાન મળે છે અને એ બંદાની તલબ (શોધ) અને કોશિશમાં ઉણપ અને તે માર્ગની અજાણતાના લીધે થાય છે. વળી કોઈ તેને પચાસ વરસ પછી મેળવી લે છે અને કોઈ તેને દસ વરસમાં, કોઈ એક દિવસમાં તો કોઈ રબ્બુલ ઈઝ્ઝતની ઈનાયતથી એક ક્ષણ એક પળમાં મેળવી લે છે અને તે જ હિદાયતનો વાલી છે, પરંતુ બંદાને કોશિશનો હુકમ આપવામાં આવ્યો છે અને હુકમની તામિલ (પાલન) તેના પર અનિવાર્ય છે અને એ સમજાઈ ચૂકેલી બાબત છે અને પરવરદિગાર હાકિમ આદિલની તક઼દીરના પ્રમાણે છે, તે જેવું ચાહે તેવું કરે છે અને જેવું ચાહે તેવો હુકમ આપે છે.

વળી જો તું એ પ્રશ્ન કરે કે આ ખતરો કેટલો મોટો છે અને આ મામલો કેટલો કઠિન છે અને બંદો કમજોર અને કેટલો લાચાર છે ? વળી આ સર્વ અમલો અને કોશિશો અને શરતોની માગણી શા માટે છે ?

તો હું કહીશ કે મને મારી જિંદગીની ક઼સમ ! તું તારા આ કથનમાં તદ્દન સાચો છે કે મામલો ઘણો કઠણ છે અને ખતરો ઘણો મોટો છે. એટલા માટે અલ્લાહ તઆલા ફર્માવે છે : لَقَدْ خَلَقْنَا الْاِنْسَانَ فِيْ كَبَدٍ ''અમે ઈન્સાનને મહેનતમાં પેદા કર્યો.'' *(પારા : ૩૦, સૂરએ બલદ, આયત : ૪)*

અને અલ્લાહ તઆલા ફર્માવે છે :–

اِنَّا عَرَضْنَا الْاَمَانَةَ عَلَى السَّمٰوٰتِ وَ الْاَرْضِ وَ الْجِبَالِ فَاَبَيْنَ اَنْ يَّحْمِلْنَهَا وَ اَشْفَقْنَ مِنْهَا وَ حَمَلَهَا الْاِنْسَانُ ؕ اِنَّهٗ كَانَ ظَلُوْمًا جَهُوْلًا

''અમે અમાનતને આસ્માનો, જમીનો, પહાડો પર રજૂ કરી તો તેમણે તેને ઉઠાવવાથી ઈન્કાર કરી આપ્યો અને તેનાથી ડરી ગયાં અને તેને ઈન્સાને ઉઠાવી લીધી, યક઼ીનન ! એ જાલિમ તથા જાહિલ હતો.''

*(પારા : ૨૨, સૂરએ અહઝાબ, રુકૂઅ : ૬, આયત : ૭૨)*

## ★ અલ્લાહવાળાઓની બોધદાયક વાતો ★

અને એટલા માટે સૈયદુલ મુરસલીન ﷺએ ફર્માવ્યું, ''જો તમે તે બધુ

જાણો જે હું જાણુ છું તો તમે રડો વધારે અને હસો થોડા.''

અને તે જે કહેવામાં આવે છે કે એક અવાજ આપનારો આસ્માનેથી પોકારે છે કે કાશ ! મખ્લૂક્ પેદા ન થાત, અને પેદા થવાની હતી તો પોતાની પેદાઈશના મક્સદને સમજતી અને જ્યારે મક્સદને સમજી લીધો તો કાશ કે એના પ્રમાણે અમલ કરત અને સલફે સાલેહીન પણ એ પ્રમાણે કહ્યા કરતા હતા.

હઝરત અબૂબક્ર સિદીક્ رضی اللہ عنہએ કહ્યું કે, ''હું પસંદ કરું છું કે હું કોઈ ઘાસ હોત કે જાનવરો મને ખાઈ જાત.'' અને એવું અઝાબના ડરથી ફર્માવે છે અને હઝરત ઉમર رضی اللہ عنہએ એક માણસને સાંભળ્યો જે તિલાવત કરી રહ્યો હતો કે :–

هَلْ اَتٰى عَلَى الْاِنْسَانِ حِيْنٌ مِّنَ الدَّهْرِ لَمْ يَكُنْ شَيْـًٔا مَّذْكُوْرًا

''ઈન્સાન પર એક એવો વખત પસાર થયો છે કે જ્યારે તે કોઈ ચીજ એટલે ઉલ્લેખને લાયક પણ ન હતો.'' *(પારા : ૧૯, સૂરએ દહર, પહેલી આયત)*

તો (એ સાંભળીને) આપે ફર્માવ્યું, કાશ ! કે મામલો ત્યાં જ ખત્મ થઈ જાત !

અને અબૂ ઉબૈદ ઈબ્ને જર્રાહ رضی اللہ عنہએ ફર્માવ્યું કે : હું પસંદ કરું છું કે હું મારા ઘરવાળાઓનો ઘેટો હોત અને મારું ગોશ્ત લોકોમાં વહેંચાઈ જાત અને મારો રસો (સુપ) લોકો પી જાત અને હું કયામતમાં ફરી પેદા ન થાત.

અને વહબ ઈબ્ને મમ્બા رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, આદમનો પુત્ર મૂર્ખ પેદા થયો છે જો તે મૂર્ખ ન હોત તો દુનિયામાં તેની જિંદગી કદી હસીખુશી ભરેલી ન થઈ શકત.

અને ફુઝૈલ ઈબ્ને અયાઝ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે, હું કોઈ મુકર્રબ ફરિશ્તા અને નબીએ મુરસલ અને સાલેહ બંદા પર રશ્ક નથી કરતો. શું કયામતના દિવસે તેમના પર એતાબ થશે નહીં ?! હું તો એના પર પર રશ્ક કરું છું કે જેઓ પેદા જ નથી થયા. (રશ્ક એવી તમન્ના કે જેવું તેમને મળ્યુ છે તેવું અમને પણ નસીબ થાય.)

અતા સલ્લમી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે, જો આગ સળગાવવામાં આવે અને

કહેવામાં આવે કે જે માણસ પોતે પોતાને એમાં નાખી દેશે તે કાયમ માટે ખત્મ થઈ જશે, તો મને ડર છે કે હું આગ સુધી પહોંચતા પહેલાં જ ખુશીના કારણે મરી જાઉં.

હે ઈન્સાન ! મામલો સાચે જ સખત છે જેમ કે તેં કહ્યું છે બલ્કે તારા વહેમ તથા ગુમાન કરતાં પણ ઘણો જ વધારે સખત અને મોટો છે પરંતુ આ એક એવો મામલો છે જે તકદીરમાં અઝલથી લાગુ થઈ ચૂક્યો છે અને અલ્લાહ તઆલાની તદબીરે એને જારી કર્યો છે. તો હવે બંદા માટે એના સિવાય કોઈ આરો નથી કે તે ખુદા તઆલાની ગુલામી અને અલ્લાહ તઆલાની રસ્સીને હમેશાં હમેશાં માટે આજીજી અને કાકલૂદી સાથે પકડે તો શક્ય છે કે અલ્લાહ તઆલા તેના પર રહમ કરે અને પોતાના ફઝ્લથી તેના પર રહમ કરે.

બાકી રહ્યું તારું એ કહેવું કે, આ બધુ શા માટે છે ? તો એ એક એવી વાત છે તે તારી ગફલતને સાબિત કરે છે બલ્કે ખરું તો એ હતું કે તું કહેત કે બંદો જે કાંઈ ચાહે છે તેના મુક઼ાબલામાં તેની શું હક઼ીક઼ત છે ? શું તને ખબર છે કે આ કમજોર બંદો શું ચાહે છે ? તેની સૌથી ઓછી કક્ષાની માગણી બે ચીજો છે : પ્રથમ એ કે બંને જહાનમાં સલામત રહે અને બીજુ એ કે બંને જહાનોમાં બાદશાહી કરે ! દુનિયાની સલામતી તો એ રીતે છે કે દુનિયા અને તેની આફતો અને તેના ફિત્નાઓ અને ગફલતના પર્દા એ પ્રકારના છે કે જેનાથી તેના મુક઼ર્રિબીન ફરિશ્તાઓ પણ નથી બચી શક્યા. યક઼ીનન ! તેં હારૂત અને મારૂતનો પ્રસંગ તો સાંભળ્યો જ હશે, એટલે સુધી બયાન કરવામાં આવે છે કે જ્યારે બંદાની રૂહને આસ્માન પર લઈ જવામાં આવે છે તો આસ્માનના ફરિશ્તા આશ્ચર્યથી કહે છે કે આ તે દુનિયાથી કઈ રીતે બચીને આવી ગયો જ્યાં અમારા બેહતરીન ફરિશ્તાઓ પણ તબાહ થઈ ગયા અને આખેરત પોતાની હોલનાકીઓ (ભયાનકતાઓ) અને સખ્તીઓમાં એ રીતની છે કે જેનાથી અંબિયા અને રસૂલ પણ ચીખી ઉઠયા !

نَفْسِی نَفْسِی لَا اَسْئَلُكَ اَلْیَوْمَ اِلَّا نَفْسِی "મને બચાવી લે ! મને બચાવી લે ! હું તારાથી કેવળ મારી જાનની અમાન ચાહું છું."

એટલે સુધી બયાન કરવામાં આવે છે કે જો કોઈ માણસની પાસે સિત્તેર નબીઓના અમલ પણ હોય તો તે પણ એ જ સમજશે કે નજાત મુશ્કેલ છે ! તો

જે માણસ ચાહે કે આ ફિત્નાઓથી મહેફૂઝ રહે તો તેણે જોઈએ કે તે ઈસ્લામને પોતાની સાથે લઈને નીકળે તો સલામતીની સાથે ચાલ્યો જશે અને તેને કોઈ મુસીબત નડશે નહીં અને આખેરતના ભયાનક દશ્યોથી બચીને જન્નતમાં સલામતીની સાથે પ્રવેશી જશે, તેને કોઈ તકલીફો નડશે નહીં. હવે વિચાર કે મામૂલી કામ છે ?

હવે બાકી રહી હકૂમત અને કરામત, તો હુકૂમત એ છે કે માણસનો તસર્રુફ (પહોંચ) અને મરજી લાગુ પડે. એ હક઼ીક઼તમાં દુનિયામાં તો ખુદા તઆલાના દોસ્તો અને તેના બરગુઝીદા લોકો, તેની તક઼દીર પર રાજી રહેનારાઓ માટે છે. જંગલ અને સમુદ્ર અને જમીન તેમના માટે એક જ ક઼દમ છે અને પથ્થર તથા ઈંટો તેમના માટે સોનુ છે અને જિન તથા ઈન્સાન અને પશુ પક્ષીઓ તેમના તાબે છે. તેઓ જે કાંઈ પણ ચાહે છે તે થઈ જાય છે કેમ કે તેઓ એ જ ચાહે છે જે અલ્લાહ ચાહે છે અને જે અલ્લાહ તઆલા ચાહે છે તે થઈ જાય છે. આ લોકો કોઈ મખ્લૂક઼થી નથી ડરતા અને તેમનાથી તમામ મખ્લૂક઼ ડરે છે. તેઓ અલ્લાહ તઆલા સિવાય કોઈની ગુલામી નથી કરતા અને કાયનાતની દરેક ચીજ તેમની ગુલામી કરે છે અને દુનિયાના બાદશાહોને આ રુત્બાનો ૧/૧૦૦ હિસ્સો પણ ક્યાં નસીબ છે બલ્કે તેઓ ઘણા થોડા અને ઘણા ઝલીલ છે.

બાકી રહી આખેરતની બાદશાહી તો અલ્લાહ તઆલા ફર્માવે છે : જ્યારે તું ત્યાં જોઈશ તો એક મોટો મુલ્ક અને નેઅ્મતો જોઈશ. અને જેને રબ્બુલ ઈઝ્ઝત મુલ્કે કબીર (મોટો મુલ્ક) ફર્માવે તેની મહાનતાનો અંદાજો લગાડો અને એ તો તું જાણે જ છે કે (એ જ ખુદાએ ફર્માવ્યા મુજબ) આટલી મોટી આ આખી દુનિયા (જે તારી સામે છે) એ તો થોડી છે અને તેની શરૂથી અંત સુધીની આખી ઉમર પણ ઘણી થોડી છે અને આપણામાંથી દરેકનો હિસ્સો આ થોડી દુનિયામાંથી પણ થોડોક છે અને છતાં પણ આપણામાંથી કેટલાક માણસો તેને હાંસલ કરવાના માટે પોતાનો જાન માલ કુર્બાન કરે છે ! એટલે સુધી કે કેટલીકવાર તે થોડામાંથી થોડુ મેળવી લે છે ! અને વળી તેની મુદ્દત પણ થોડી હોય છે અને જો તેને પ્રાપ્ત થઈ જાય તો તેને ગર્વ સમજે છે બલ્કે તેના પર રશ્ક કરે છે અને જે કાંઈ તેને પ્રાપ્ત કરવામાં પોતાના જાન માલને ખર્ચ કર્યો તેને વધારે નથી સમજતા. જેમ કે કહ્યું :–

અર્થ : મારા સાથીએ જ્યારે તેની સામે ફાટકને જોઈ તો રડવા લાગ્યો અને તેણે યકીન કરી લીધુ કે અમે કૈસરથી મળનારા છીએ. તો મેં તેને કહ્યું કે તારી આંખો ન રડે ! અમે બાદશાહ પાસેથી (હીલો) યુક્તિ કરી દૌલત હાંસલ કરીશું અથવા મરી જઈશું તો દુનિયા આપણને મજબૂર સમજશે.

વળી તે આદમીનો શો હાલ થશે જે હમેશાં રહેનારી જન્નતમાં ઘણી મોટી હુકૂમત ચાહે છે ! શું તેની સરખામણીમાં આ બે રકાતોને જે તે અલ્લાહ તઆલા માટે પઢે છે અથવા તે બે દિરહમ જે ખર્ચ કરે છે અથવા બે રાતો જે જાગે છે તેને પૂરતાં જાણે છે ?! કદાપિ અને કદાપિ નહીં ! બલ્કે **જો તેની પાસે એક કરોડ શરીરો હોય અને હજારો રૂહો હોય અને હજારો હજાર જિંદગીઓ હોય અને દરેક જિંદગી આ દુનિયાની જિંદગી જેટલી હોય અથવા એથી પણ વધુ હોય અને પછી તે આ મોંઘેરા મક્સદ માટે તે સર્વેને ખર્ચી કાઢે તો પણ એ ખૂબ જ થોડુ છે !! તેમ છતાં પણ કદી તે તેના મક્સદ જો પહોંચી જાય તો એ અલ્લાહ તઆલા તરફથી ફઝ્લે અઝીમ અને મહાન ગનીમત ગણાશે.**

## ★ ચાલીસ નેઅ્મતો ★

જેથી હે મિસ્કીન ! આ ગફલતની નિદ્રાથી જાગૃત થા. વળી મેં વિચાર્યુ કે બંદો જ્યારે અલ્લાહ તઆલાની ઈતાઅત (ફર્માંબરદારી) કરે છે અને તેની બંદગીને લાઝિમ સમજે છે અને પોતાના જીવનભર એ માર્ગે ચા'લ્યા કરે છે તો જે કાંઈ અલ્લાહ તઆલા તેને ઈનાયત ફર્માવે છે કે ચાલીસ કરામતો અને ખિલ્અતો (નેઅ્મતો) છે, વીસ તો એમાંથી દુનિયામાં અને વીસ એનામાંથી આખેરતમાં છે. તે વીસ જે દુનિયામાં છે આમાંથી છે :–

**પ્રથમ** એ છે કે અલ્લાહ તબારક વ તઆલા તેનો ઉલ્લેખ કરે છે અને તેની પ્રશંસા કરે છે અને કેટલો માનનીય તે બંદો જેની પ્રશંસા કરીને અલ્લાહ તઆલા તેના પર એહસાન કરે.

**બીજી** એ છે કે અલ્લાહ عزوجل તેની પ્રશંસા કરે અને તેને માન મર્તબો આપે છે અને જો કોઈ તારા જેવી આજિઝ મખ્લૂક઼ તારો શુક્ર અદા કરે અને

તારી તા'ઝીમ કરે તો તું તેની ઘણી જ ઈજ્જત સમજે છે પછી જો આગલા તથા પાછલાઓનો મઅ્બૂદ જો એવું કરે તો (તેને માન આપે તો) તેનો અંદાજા કરો ! (કેટલી નેક બખ્તી કહેવાય !)

**ત્રીજી** એ છે કે અલ્લાહ તઆલા તેનાથી મહોબ્બત રાખે છે. જો તારા મહોલ્લાના રઈસ અથવા શહેરના હાકિમને તારાથી મહોબ્બત હોય તો તું એના પર ફખ્ર કરીશ અને કેટલાયે ઠેકાણે તેનાથી લાભ ઉઠાવીશ, તો હવે વિચાર કે રબ્બુલ આલમીનની મહોબ્બત એ કેવીક હશે ?!

અને **ચોથી** એ કે અલ્લાહ તઆલા તેનો કારસાઝ થઈ જાય છે અને તેના કામોની તદબીર કરે છે.

**પાંચમી** એ કે તેની રોજીનો તે કફીલ બની જાય છે. અલ્લાહ તઆલા કશીય મહેનત અને તકલીફ વિના રોજીને તેના તરફ લાવ્યા કરે છે.

**છઠ્ઠી** એ કે તે તેનો મદદગાર બને છે અને તેના દરેક દુશ્મનનો અને દરેક બુરાઈનો ઈરાદો કરવાવાળાને તેનાથી રોકે છે.

**સાતમી** એ છે કે તે તેનો અનીસ (દોસ્ત) થઈ જાય છે. તે કોઈ હાલતમાં પણ ડર અનુભવતો નથી અને ન તો તબ્દીલનો તેને ખૌફ હોય છે.

**આઠમી,** નફસની ઈજ્જતઃ તેને દુનિયા અને દુનિયાવાળાઓની ખિદમતની ઝિલ્લત નથી પહોંચતી બલ્કે તે તેના પર રાજી નથી થતો કે દુનિયાના બાદશાહ અને જાબિર લોકો તેની ખિદમત કરે.

**નવમી** હિંમતની બુલંદી : તે દુનિયા અને આખેરતવાળાઓની ગંદકીમાં ખરડાવાથી (બચીને) બુલંદ થઈ જાય છે અને તેના ખેલ તમાશા અને ખુરાફાત (ખરાબીઓ)ની પ્રતિ ધ્યાન નથી કરતો.

**દસમી** દિલની માલદારી : કે તે દુનિયાના દરેક માલદારથી વધુ માલદાર બને છે. હમેશાં પાકીઝા નફ્સ અને વિશાળ હૃદયી રહે છે. તેને કોઈ અકસ્માત બનાવ ગભરામણમાં નથી નાખતો અને ન તો કોઈ ચીજના ગુમ થવાનો તેને રંજ હોય છે

**અગ્યારમી** દિલનુ નૂર છે તે પોતાના દિલના નૂરની સાથે ઈલ્મો અને ભેદો

અને હિકમતોથી માહિતગાર થાય છે કે એમાંથી કેટલીકની ખબર ઘણી મુદ્દત અને ભારે કોશિશ પછી થાય છે.

અને **બારમી** શરહે સુદૂર (સીનાની વિશાળતા એટલે રોશન દિલી) છે કે દુનિયાની મુસીબતો અને તકલીફો અને અન્ય લોકોની બદ્‌માશીઓ અને ધોકાબાજીઓ અને ધોકાબાજીઓથી દિલ તંગ નથી થતુ.

**તેરમી** હયબત (બીક) છે જે લોકોના દિલોમાં નાખી દેવામાં આવે છે કે જેથી સૌ નેક અને બદ્ તેનો એહતેરામ કરે છે અને દરેક ફિરઔન તથા જાબિર તેનાથી ડરે છે.

અને **ચૌદમી** દિલોની મહોબ્બત છે. અલ્લાહ તઆલા તેના માટે દિલોમાં મહોબ્બત પેદા કરી આપે છે કે તમામ દિલ તેની મહોબ્બતના માટે મજબૂર બની જાય છે અને તમામ લોકો તેની તા'ઝીમ માટે બેઈખ્તિયાર (લાચાર) થઈ જાય છે.

**પંદરમી** આમ બરકત છે જે તેની વાણી તથા નફ્સ તથા કાર્ય કે કપડા અથવા મકાન મતલબ કે દરેક ચીજમાં પેદા થઈ જાય છે. એટલે સુધી કે તે માટીને તબર્રુક (બરકતવંત) સમજે છે જે તેના પગો નીચે આવી ચૂકી છે અને એ જગાની માટી જ્યાં તે કદીક બેઠો હોય, અને તે ઈન્સાનથી જેણે તેનો જોયો હોય અને તેની સાથે કાંઈક સોહબત રાખી હોય, સૌ બરકતવંત બની જાય છે.

**સોળમી** જંગલો અને સમુદ્રો મતલબ કે આખી જમીનનું ફર્માંબરદાર બની જવું એટલે સુધી કે જો તે ચાહે તો હવામાં ઉડે, પાણી પર ચાલે અથવા આખી પૃથ્વીને એક ઘડીમાં પાર કરી લે છે.

અને **સત્તરમી** જાનવરોનું આજ્ઞાંકિત થઈ જવું છે, ચાહે તે દરિન્દો (ફાડી ખાનાર) હોય જંગલી જાનવર અથવા કીડા મકોડા વગેરે. વળી જંગલી જાનવરો તેનાથી મહોબ્બત રાખે છે અને દરિન્દાઓ તેને ચાહે છે !

**અઢારમી** જમીનના ખજાનાઓનું માલિકીપણુ છે. તે જ્યારે પણ ઈરાદો કરીને જમીન પર હાથ મૂકે છે તો તેને ખજાનાઓ મળી જાય છે. જ્યારે પોતાના પગો જમીન પર મારે છે તો જરૂરતના સમયે પાણીના ઝરણાંઓ ઉભરાવા માંડે

છે, તો જ્યાં પણ ઉતરે છે, જો તેનો ઈરાદો હોય તો તેને ખાવા મળી જાય છે.

અને **ઓગણીસમી** અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતના દરવાજા પર ક઼િયાદત અને રૂહાનિયતથી મખ્લૂક઼ અલ્લાહ તઆલાની બારગાહમાં તેની ખિદમત કરીને વસીલો શોધે છે અને અલ્લાહથી તેની ઈજ્જત અને બરકતથી લોકો હાજતો તલબ કરે છે.

અને વીસમી અલ્લાહ તઆલાની જનાબમાં દુઆની કબૂલિયત છે. તે અલ્લાહ તઆલાથી જે કાંઈ પણ માગે છે તેને આપે છે અને જો કોઈની સિફારિશ કરે છે તો તેની સિફારિશ ક઼બૂલ થાય છે અને અલ્લાહ તઆલાને ક઼સમ આપે છે તો એ જ રીતે ચાહે તેની ક઼સમને પૂરી કરી આપે છે, એટલે સુધી કે જો કોઈ એમનામાંથી પહાડની તરફ ઈશારો કરે તો તે પોતાની જગાએથી ખસી જાય છે. તે જીભથી સવાલ કરવાનો મોહતાજ નથી, જો તેના દિલમાં કોઈ ચીજનો ખયાલ આવી જાય છે તો તે હાજર થઈ જાય છે અને તે હાથ વડે ઈશારો કરવાનો પણ મોહતાજ નથી.

આ કરામતો તો દુનિયામાં છે હવે **આખેરતની જે કરામતો** (નેઅ્મતો) છે તે જુઓ :–

**એકવીસમી** એ છે કે પ્રથમ તો અલ્લાહ તઆલા તેના પર મૌતની સકરાતને આસાન કરી દે છે અને આ તે ચીજ છે કે જેનાથી અંબિયા عَلَيْهِمُ السَّلَام ના દિલો પણ ડરે છે એટલે સુધી કે તેમણે અલ્લાહ તઆલાથી સવાલ કર્યો કે, મૌતની સકરાતને તેમના પર આસાન કરે ! એટલે સુધી કે તેમનામાંથી કેટલાક નજીક મૌત એથી પણ વિશેષ ખુશગવાર હોય છે જેમ કે તરસ્યાને સાફ પાણી પીવા માટે મળી જાય. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

الَّذِيْنَ تَتَوَفّٰهُمُ الْمَلٰٓئِكَةُ طَيِّبِيْنَ "તે લોકો કે તેમને ફરિશ્તા મૃત્યુ પમાડે છે અને તેઓ પાક હોય છે." *(પારા : ૧૪, સૂરએ નહ્લ, રુકૂઅ : ૧૦, આયત : ૩૨)*

અને **બાવીસમી** ઈમાન અને મઅ્રેફત પર અડગતા છે અને આ ચીજ એવી છે જેનો અતિશય ભય તથા ડર હોય છે અને એના પર પૂરી બેસબ્રી તથા રડવું છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

يُثَبِّتُ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا بِالْقَوْلِ الثَّابِتِ فِى الْحَيٰوةِ الدُّنْيَا وَفِى الْاٰخِرَةِ

"અલ્લાહ ઈમાનદારોને કૌલે સાબિતના કારણે દુનિયાની જિંદગી અને આખેરતની જિંદગીમાં સાબિત કદમ (અડગ) રાખે છે."

*(પારા : ૧૩, સૂરએ ઈબ્રાહીમ, રુકૂઅ : ૧૬, આયત : ૨૭)*

અને **ત્રેવીસમી** ફરિશ્તા અને ખુશ્બૂ અને બશારત અને રઝામંદી અને અમાનનું પહોંચવું છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

اَلَّا تَخَافُوْا وَلَا تَحْزَنُوْا وَاَبْشِرُوْا بِالْجَنَّةِ الَّتِىْ كُنْتُمْ تُوْعَدُوْنَ

"એ કે ન ખૌફ કરો અને ન ગમ કરો અને તે જન્નતની બશારત હાંસલ કરો કે જેનો તમને વાયદો કરવામાં આવતો હતો."

*(પારા : ૨૪, સૂરએ હા મીમ સજદા, રુકૂઅ : ૧૮, આયત : ૩૦)*

અને આખેરતની આવનારી ભયાનક્તાઓથી નથી ડરતો અને દુનિયામાં જે કાંઈ છોડી ગયો છે તેનો તેને ગમ નથી થતો.

અને **ચોવીસમી** જન્નતોમાં હમેશાંનું રહેઠાણ અને ખુદા તઆલાનું પડોશીપણુ છે !

અને **પચ્ચીસમી** પોશીદગીમાં તેની રૂહની બુલંદી છે, આસ્માન અને જમીનના ફરિશ્તાઓ સામે તેને ઈજ્જત તથા એહતેરામ સાથે ઉઠાવવામાં આવે છે અને તેના બદનને જાહેરમાં જનાઝાની તા'ઝીમ હાંસલ થાય છે, એટલુ જ નહીં જનાઝાની નમાઝ માટે લોકોની ભીડ જામી જાય છે, તેના કફન દફનમાં લોકો જલ્દી કરે છે અને તેને ઘણો મોટો સવાબ સમજે છે અને ઘણી મોટી ગનીમત સમજે છે.

**છવ્વીસમી** કબ્રના સવાલ જવાબના ફિત્નાથી અમ્ન (સલામતી) છે કે તે આ ભયથી નચિંત રહે છે અને તેને સાચા જવાબનો ઈલ્કા (ખુદા તરફથી દિલમાં નંખાય તે) થાય છે.

**સત્તાવીસમી** કબ્રની વિશાળતા અને તેની રોશની છે, તે જન્નતના બાગોમાંથી એક બાગમાં કયામતના દિવસો સુધી રહે છે.

અને **અઠ્ઠાવીસમી** તેની રૂહ તથા જાનનું માનૂસ થવું તથા મોઅઝ્ઝઝ્ (માનવંત) થવું છે. તેને લીલા પક્ષીઓના શરીરોમાં રાખી દેવામાં આવે છે. તે પોતાના નેક ભાઈઓની સાથે રહે છે, અને જે કાંઈ તેમને અલ્લાહ તઆલાએ પોતાના ફઝ્લથી આપ્યું છે તેના પર ખુશ રહે છે.

અને **ઓગણત્રીસમી** ઈજ્જત અને કરામતની સાથે તેનો હશ્ર છે કે તેને લિબાસે ફાખિરા (ફખ્રવાળો લિબાસ) અને તાજ પહેરાવવામાં આવશે અને બુર્રાક઼ પર સવાર થશે.

અને **ત્રીસમી** ચહેરાનુ મુનવ્વર અને રોશન થવું છે. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : وُجُوْهٌ يَّوْمَىٕذٍ نَّاضِرَةٌ ۝ اِلٰى رَبِّهَا نَاظِرَةٌ ۝ "કેટલાક ચહેરાઓ તે દિવસે તરોતાઝા હશે, પોતાના રબને જોતા હશે."

*(પારા : ૨૯, સૂરએ ક઼યામત, રુકૂઅ : ૧૭, આયત : ૨૩)*

અને ફર્માવ્યું : وُجُوْهٌ يَّوْمَىٕذٍ مُّسْفِرَةٌ ۝ ضَاحِكَةٌ مُّسْتَبْشِرَةٌ ۝

"કેટલાયે ચહેરાઓ તે દિવસે સફેદ હશે, હસતા ખુશ !"

*(પારા : ૩૦, સૂરએ અબસ, રુકૂઅ : ૫, આયત : ૩૮,૩૯)*

**એકત્રીસમી,** ક઼યામતની ભયાનક્તાઓથી સલામતી. અલ્લાહ તઆલા ફર્માવે છે : اٰمِنًا يَّوْمَ الْقِيٰمَةِ "અથવા તે શખ્સ જે આવશે ક઼યામતના દિવસે અમ્નની હાલતમાં." *(પારા : ૨૪, સૂરએ હા મીમ સજદા, રુકૂઅ : ૧૯, આયત : ૪૦)*

**બત્રીસમી,** જમણા હાથમાં આમાલનામાનુ મળવું છે અને તેમનામાંથી કેટલા માણસો એવા પણ હશે જેમને હિસાબ કિતાબની જરૂરત હશે નહીં.

અને **તેત્રીસમી** હિસાબની આસાની.

**ચોત્રીસમી** નેકીઓનું ભારે થઈ જવું અને કેટલાક એનામાંથી એવા પણ હશે જેમને વજન માટે ઉભા કરવામાં નહીં આવે.

અને **પાંત્રીસમી,** હૌઝે કૌષર પર નબીએ અકરમ ﷺની પાસે હાજર થવું. વળી તે એક જ વાર પીશે તો ફરી કદી તરસ્યો થશે નહીં.

**છત્રીસમી,** પુલસિરાત પરથી પસાર થઈ જવું અને આગથી નજાત પામવું.

એટલે સુધી કે કેટલાક એમનામાંથી તેનો અવાજ સુદ્ધાં સાંભળશે નહીં અને તેઓ એવી નેઅ્મતોમાં હમેશાં રહેશે જેને તેઓ ચાહશે અને તેમના માટે આગ હોલવાઈ જશે.

અને **સાડત્રીસમી** ક઼યામતના મેદાનમાં શફાઅત કરવું, જેમ કે અંબિયા અને રસૂલ શફાઅત કરશે.

**આડત્રીસમી,** જન્નતમાં ક઼ાયમનો મુલ્ક.

અને **ઓગણચાલીસમી,** અલ્લાહ તઆલાની ઘણી જ મોટી રઝ઼ામંદી.

**ચાલીસમી,** અલ્લાહ રબ્બુલ આલમીનની મુલાકાત કૈફિયત વિના થશે જે પહેલાઓ અને પછીનાઓનો મઅ્બૂદ છે.

વળી હું કહું છું કે આ કરામતો તો મેં મારા ઈલ્મના પ્રમાણે ગણેલી છે જો કે મારો ઈલ્મ ખૂબ જ નાકિસ (અપૂર્ણ) અને આજિઝ છે, અને વળી એમાં વધારો એ કે મેં એને ખૂબ જ ટૂંકાણમાં વર્ણન કરી દીધી છે. અને જો હું એમાંથી કેટલાકની વિગત બયાન કરત તો આ કિતાબ સંક્ષિપ્ત હોવાથી તેને સમાવવુ મુશ્કેલ થાત.

શું તું વિચાર નથી કરતો કે મેં હમેશાંની જન્નતને એક જ નેઅ્મતમાં ગણી છે તેની તફસીલ બયાન કરતો તો આ જ ચાલીસ નેઅ્મતોથી વધુ થઈ જાત, જેમ કે હૂરનુ નૂર અને મહેલો અને લિબાસ વગેરેની તફસીલ. વળી તેમનામાંથી દરેક એવી વિગત ધરાવે છે જેને ગયબ તથા હાજરનો જાણનાર જ જાણે છે કે જેણે તેને પેદા કરી છે અને તેનો માલિક છે, અને આપણામાં તેની મઅ્રેફત (ઓળખની) કઈ શક્યતા હોઈ શકે છે જ્યારે કે ખુદા તઆલા ફર્માવે છે : فَلَا تَعْلَمُ نَفْسٌ مَّآ أُخْفِيَ لَهُم مِّن قُرَّةِ أَعْيُنٍ "કોઈ માણસ નથી જાણતો જે તેમના માટે આંખોની ઠંડકથી છુપુ રાખવામાં આવેલ છે."

*(પારા : ૨૧, સૂરએ સજદા, રુકૂઅ : ૧૪, આયત : ૧૭)*

અને વળી રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે, એમાં તે ચીજો પેદા કરવામાં આવી છે જેને ન કોઈ આંખે જોઈ અને ન કોઈ કાને સાંભળી અને ન કોઈ ઈન્સાનના દિલ પર તેનો ગુજર થયો. (ખ્યાલ ગુજર્યો)

અને અલ્લાહ તઆલાના ક઼ૌલ કે :–

لَنَفِدَ الْبَحْرُ قَبْلَ اَنْ تَنْفَدَ كَلِمٰتُ رَبِّيْ "એનાથી પહેલાં સમુદ્રો ખત્મ થઈ જાય કે મારા રબના કલમાઓ ખત્મ થાય."

*(પારા : ૧૬, સૂરએ કહફ, રુકૂઅ : ૨, આયત : ૧૦૯)*

તેની તફસીરમાં મુફસ્સિરો કહે છે કે, આ તે કલેમાઓ છે જેને અલ્લાહ તઆલા જન્નતવાળાઓ માટે જન્નતમાં લુત્ફ અને મહેરબાનીથી કહેશે અને જેની આ કૈફિયત હોય તો આપણે તેના હજારોના હજારમાં ભાગને પણ કેમ કરીને પહોંચી શકીએ છીએ કે આપણે ઈન્સાન છીએ અથવા એના ઈલ્મને મખ્લૂક઼ કઈ રીતે (ઘેરી) પહોંચી શકે છે ? કદાપિ નહીં, બલ્કે હિંમતો જવાબ આપી દે છે ! અને અક્કલો તેને સમજવાથી અસમર્થ છે. અને હક્ક઼ એ છે કે એ જ રીતે હોવું જોઈએ અને તે ગાલિબ જાણનારાની તેના ફઝ્લે અઝીમના તકાઝા પ્રમાણે તેની ક઼દીમ (હમેશાંની) સખાવતના પ્રમાણેની એક અતા છે.

ખબરદાર ! આ મહાન હેતુ માટે અમલ કરનારાઓએ અમલ કરવો જોઈએ અને કોશિશ કરનારાઓએ પોતાની કોશિશો વાપરવી જોઈએ અને જાણવુ જોઈએ કે આ બધું જ સર્વ કાંઈ તેની સરખામણીમાં તો થોડુક જ છે જેના તેઓ મોહતાજ છે, અને જેનો તેઓ તેનાથી સવાલ કરે છે અને જેને માગવાના માટે તેઓ દસ્તે સવાલ દરાઝ કરે છે. જાણવુ જોઈએ કે બંદાના માટે ચાર ચીજો અતિ જરૂરી છે : ઈલ્મ, અમલ, ઈખ્લાસ અને ખૌફ. પ્રથમ વડે તે માર્ગને જાણશે, નહીં તો તે એક આંધળો છે, પછી તેના મુજબ અમલ કરશે, નહીં તો તેને રોકી દેવામાં આવશે. વળી અમલને ખાલિસ (ખુદા ખાતર) કરે, નહીં તો તે નુકસાન ઉઠાવશે. વળી તે હમેશાં આફતથી ડરતો રહેશે એટલે સુધી કે તે અમાન (સલામતી) પ્રાપ્ત કરી લે, નહીં તો તે ધોકામાં પડેલો છે.

ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہએ તદન સાચુ કહ્યું કે, ઉલમા (આલિમો)ના સિવાયની તમામ મખ્લૂક઼ મુર્દા છે અને ઉલમા સૂઈ રહ્યા છે અમલ કરવાવાળા સિવાય, અને અમલ કરવાવાળા સૌ ધોકામાં છે સિવાય કે મુખ્લિસ લોકોના, અને તમામ મુખ્લિસ ઘણા જ મોટા ખતરા પર છે.

હું કહું છું કે ચાર માણસોથી ખૂબ આશ્ચર્ય છે : એક તે બુદ્ધિશાળી જે આલિમ ન હોય. શું તે એ ચીજોની જાણકારીની વ્યવસ્થા નથી કરતો જે ભવિષ્યમાં ઉપસ્થિત થનારી છે ? શું તે એ ચીજોને માલૂમ નથી કરતો જેને તે મૌત પછી જોનારો છે ? તેની દલીલો અને ઈબ્રતો અને આ આયતોને સાંભળવા અને આ ખયાલોથી દિલની બેકરારી અને નફ્સની કલ્પનાઓથી તેને જાણવુ જોઈએ.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

أَوَلَمْ يَنْظُرُوْا فِيْ مَلَكُوْتِ السَّمٰوٰتِ وَالْأَرْضِ وَمَا خَلَقَ اللّٰهُ مِنْ شَيْءٍ

"શું તેઓ જમીનો અને આસ્માનોની બાદશાહી અને જે ચીજો અલ્લાહ તઆલાએ પેદા કરી છે તેમાં વિચાર નથી કરતા !"

*(પારા : ૯, સૂરએ અઅ્રાફ, રુકૂઅ : ૧૨, આયત : ૧૮૫)*

અને અલ્લાહ તઆલા ફર્માવે છે :

أَلَا يَظُنُّ أُولٰٓئِكَ أَنَّهُمْ مَّبْعُوْثُوْنَ ۙ لِيَوْمٍ عَظِيْمٍ ۙ "શું એ લોકો વિચારતા નથી કે તેઓ મોટા દિવસને માટે ઉઠાડવામાં આવશે." *(સૂ. મુતાફ્ફિફીન, ૮૩/૪)*

અને બીજુ (આશ્ચર્ય)એ આલિમથી જે પોતાના ઈલ્મના પ્રમાણે અમલ નથી કરતો. શું **તે યક્ીની તૌર પર નથી જાણતો કે તેની સામે ઘણી જ મોટી હોલનાકીઓ (ભયાનક્તાઓ) અને મુશ્કેલ ઘાટીઓ છે ?! અને એ જ ઘણી જ મોટી ખબર છે જેનાથી તમે મોઢું ફેરવો છો.** ત્રીજું, તે આમિલ (અમલ કરનાર)થી જે નિખાલસ ન હોય. શું તે અલ્લાહ તઆલાના આ કૌલ પર વિચાર નથી કરતો ?!

فَمَنْ كَانَ يَرْجُوْا لِقَآءَ رَبِّهٖ فَلْيَعْمَلْ عَمَلًا صَالِحًا وَّلَا يُشْرِكْ بِعِبَادَةِ رَبِّهٖٓ أَحَدًا

"જે માણસ પોતાના રબની મુલાકાતની ઉમ્મીદ રાખતો હોય તેણે જોઈએ કે નેક અમલ કરે અને પોતાના રબની ઈબાદતમાં કોઈને શરીક ન કરે."

*(પારા : ૧૬, સૂરએ કહફ, રુકૂઅ : ૩, આયત : ૧૧૦)*

ચોથુ (આશ્ચર્ય) તે મુખ્લિસથી જે ડરનારો ન હોય. શું તે અલ્લાહ ﷻ ના

એ મામલાની તરફ વિચાર નથી કરતો જે તે તેના અસ્ફિયા તથા અવલિયા અને પોતાના સાલેહીન સાથે કરે છે ? કે જેઓ તેના તથા તેની મખ્લૂક઼ની વચ્ચે વાસ્તો છે, એટલે સુધી કે તે પોતાની સૌથી પ્યારી મખ્લૂક઼ને ફર્માવે છે :

وَلَقَدْ اُوْحِيَ اِلَيْكَ وَاِلَى الَّذِيْنَ مِنْ قَبْلِكَ (الية)

"અને બેશક ! વહી કરવામાં આવી તારી તરફ અને તે લોકોની (તરફ) જેઓ તારાથી પહેલાં હતાં." *(પારા : ૨૪, સૂરએ ઝુમર, રુકૂઅ : ૩, આયત : ૬૫)*

અને એ પ્રકારની બીજી પણ આયતો એટલે સુધી બયાન કરવામાં આવે છે કે, રસૂલુલ્લાહ ﷺ ફર્માવ્યા કરતા હતા કે, મને સૂરએ હૂદ અને એના જેવી સૂરતો એ વૃદ્ધ કરી દીધો !

વળી ટૂંકમાં એની તફસીલ એ છે કે રબ્બુલ આલમીને પોતાની કિતાબે અઝીઝની ચાર આયતોમાં વર્ણન કરી દીધી છે :

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

اَفَحَسِبْتُمْ اَنَّمَا خَلَقْنٰكُمْ عَبَثًا وَّ اَنَّكُمْ اِلَيْنَا لَا تُرْجَعُوْنَ

"શું તમે વિચારી રાખ્યું છે કે અમે તમને બેમક઼સદ પેદા કર્યા અને તમે અમારી તરફ પાછા નહીં વાળવામાં આવો."

*(પારા : ૧૮, સૂરએ મુઅ્મિનૂન, રુકૂઅ : ૬, આયત : ૧૧૫)*

પછી અલ્લાહ ﷻ એ ફર્માવ્યું :–

وَلْتَنْظُرْ نَفْسٌ مَّا قَدَّمَتْ لِغَدٍ ۚ وَاتَّقُوا اللّٰهَ ۭ اِنَّ اللّٰهَ خَبِيْرٌۢ بِمَا تَعْمَلُوْنَ

"જોઈએ કે દરેક માણસ એના પર વિચાર કરે જે તેણે કાલના માટે મોકલ્યું છે અને અલ્લાહથી ડરો ! બેશક ! અલ્લાહ તમારા અમલોથી ખબરદાર છે."

*(સૂ. હશ્ર, ૫૯/૧૮)*

વળી અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : وَالَّذِيْنَ جَاهَدُوْا فِيْنَا لَنَهْدِيَنَّهُمْ سُبُلَنَا ۭ "જે લોકોએ અમારા સંબંધે કોશિશ કરી, અમે જરૂર તેમના માટે અમારી રાહો ખોલી આપીશું." *(પારા : ૨૧, સૂરએ અન્કબૂત, રુકૂઅ : ૩, આયત : ૬૯)*

વળી એ તમામ ચીજોને એક જામેઅ આયતમાં વર્ણન કરી દીધી છે અને તે સૌથી વિશેષ સાચો કાઈલ (કહેનારો) છે.

وَمَنْ جَاهَدَ فَإِنَّمَا يُجَاهِدُ لِنَفْسِهٖ ۭ اِنَّ اللّٰهَ لَغَنِيٌّ عَنِ الْعٰلَمِيْنَ

''જે માણસ કોશિશ કરશે તે પોતાની જાનના માટે કોશિશ કરશે, બેશક ! અલ્લાહ તઆલા તમામ જહાનોથી બેનિયાઝ છે. *(સૂ. અનકબૂત, ૨૯/૬)*

અને અમે અલ્લાહ તઆલાથી અમારા ક઼દમની લગ્ઝિશ અને અમારા ક઼લમની દરેક લગ્ઝિશથી માફી માગીએ છીએ અને તે તમામ કથનોથી બખ્શિશ ચાહીએ છીએ જે અમારા અમલો પ્રમાણે ન હોય અને દરેક તે ચીજથી બખ્શિશ ચાહીએ છીએ જેનો અમે દાવો કર્યો અને તેને ખુદાના દીનના ઈલ્મની હૈસિયતથી જાહેર કર્યો, જો કે તેમાં ઘણી જ ઉણપો છે. અને અમે તેનાથી તે દરેક ખયાલથી માફી ચાહીએ છીએ જેણે અમે બનાવટ માટે તૈયાર કર્યા અને જેનો અમે અમારી કિતાબમાં ઉલ્લેખ કર્યો અથવા દરેક તે કલામથી જેને અમે લખ્યો, અથવા દરેક તે ઈલ્મથી જેનો અમે ફાયદો દર્શાવ્યો અને અમે તેનાથી સવાલ કરીએ છીએ કે તે અમને અને હે ભાઈઓ ! તમને પણ આપણા ઈલ્મના પ્રમાણે અમલ કરવાની તૌફીક઼ બખ્શે અને આપણે કેવળ તેની રઝામંદી ચાહીએ અને સવાલ કરીએ છીએ કે તે આ ઈલ્મને આપણા ઉપર વબાલ ન બનાવે અને તેને નેકીઓના ત્રાજવામાં રાખે જયારે કે આપણા અમલો આપણા તરફ પાછા કરવામાં આવે, યક઼ીનન ! તે ઘણો સખી અને કરીમ છે.

શયખ رضی اللہ عنہએ ફર્માવ્યું, આ જ તે છે જેનો અમે ઈરાદો કર્યો હતો કે આખેરતના માર્ગના સુલૂકની કૈફિયતની વિગતમાં વર્ણન કરીશું અને અમે અમારા મક઼સદને પૂરો કર્યો અને તમામ તારીફો તે અલ્લાહના માટે છે જેના એહસાનોથી નેકીઓ પૂરી થાય છે અને જેના ફઝ્લથી બરકતો નાઝિલ થાય છે.

અને અલ્લાહ તઆલા પોતાની બેહતરીન મખ્લૂક઼ પર દરેક હાલતમાં નેઅ્મતો નાઝિલ ફર્માવે જેણે અફઝલ મઅ્બૂદની તરફ દા'વત આપી એટલે કે મુહમ્મદ ﷺ નબી પર અને તેમની આલ પર અને સલામતી નાઝિલ ફર્માવે ઘણી જ વધારે અને પાકીઝા તથા બરકતવાળી.

હમ્દો સલાત બાદ જણાવવાનું કે ખાકસાર તર્જુમાકાર મુહમ્મદ સઈદ અહમદ નક્શબંદી અફી અન્હો ઈમામ મસ્જિદે હઝરત દાતા સાહબ رحمۃ اللہ علیہ એ તર્જુમામાં અર્થપૂર્ણતા, સફાઈ તથા રવાની કાયમ રાખવા માટે શક્ય તેટલો પ્રયત્ન કર્યો છે, તેમ છતાં ગલતી રહી જવું શક્ય છે. માટે વાંચકો જો એવું જુએ તો અમારુ ધ્યાન દોરે જેથી આગામી આવૃત્તિમાં સુધારો કરી શકાય. (એ જ પ્રમાણે ગુજરાતી અનુવાદક હકીરની પણ વિનંતિ છે સાથોસાથ વાંચકોથી આજિઝીભરી અપીલ કે અમારી, અમારા મા, બાપ, તથા સગાં, કુટુંબીજનો, મિત્રો, સંબંધીઓની નજાતની તથા સર્વ ઈમાનવાળાઓની નજાત માટે દુઆ કરશો. *—ગુજરાતી અનુવાદક*)

દુઆ છે અલ્લાહ તઆલા અનુવાદકને આમ કૂબૂલિયતનો શરફ બખ્શે અને અનુવાદક માટે આખેરતનો સામાન બનાવે.

صَلَّ اللّٰهُ تَعَالٰى عَلٰى خَيْرِ خَلْقِهٖ مُحَمَّدٍ وَّ اٰلِهٖ وَاَصْحَابِهٖٓ اَجْمَعِيْنَ




**જાઅલ્ હક્ક઼**

લેખક : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદયારખાં નઈમી અશરફી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

(પેજીસ : ૯૩૬)

(સંપૂર્ણ કિતાબ)

**હદિયો : રૂા. 320/-**

(ટપાલ ખર્ચ રૂા. ૫૦/-)

અહલે સુન્નત વ જમાઅતના અક઼ીદાઓનું સમર્થન કરતી, વહાબી, અહલે હદીષ, દેવબંદીઓની બદ્અક઼ીદગીની રદ કરતી કુર્આન, હદીષ, અક઼વાલ થકી મઝહબે હક્ક઼ને રોશન કરતી કિતાબ....

આ કિતાબ દરેક તે સુન્નીના ઘરમાં હોવી જોઈએ જેને પોતાના તથા ઘરવાળાંના ઈમાનની ચિંતા છે. આ કિતાબમાં તક઼લીદ, ઈલ્મે ગયબ, હાઝિરો નાઝિર, હુઝૂર ﷺ ને બશર તથા ભાઈ કહેવા વિશે, અવલિયાથી મદદ માગવી, બિદઅત વિશે, કાનો સુધી હાથ ઉઠાવવા, દૂંટી નીચે બાંધવા, રફએ યદૈન, ત્રણ તલાક઼, મીલાદ શરીફ, ફાતેહા—ત્રીજીયા, મઝારો પર ગુંબદ, કબરોની ઝિયારત...વગેરે અનેક મસાઈલની ચર્ચા છે. જેમાં કુર્આન, હદીષ, અક઼વાલથી બદઅક઼ીદાઓના શૈતાની વસવસાઓના ઈમાન અફરોઝ જવાબો છે.

સંપર્ક કરો : રઝવી કિતાબ ઘર, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ-૩૯૨૦૨૦ (ગુજરાત) | બેંક ઓફ બરોડા | A/c. No. 34620100000303, Razvi Kitab Ghar IFSC Code : BARB0DAYADR Mo. 9427464411

Phonepay/G.Pay/Paytm /Mo. 94274 64411


✦✦✦✦

# બરકાતે ખ્વાજા (માસિક)

**ઈલ્મે શરીઅત**ની રોશનીથી અંધકારમય દિલોને ઝગમગાવવા માટે, દીન તથા સુન્નિયતની મહોબ્બતનો ચિરાગ દિલોમાં રોશન કરવા માટે, ઈશ્કે મુસ્તફા ﷺની મીઠાશથી દિલોની દુનિયાને તરબતર કરી પ્યારા મુસ્તફાની દીવાનગીમાં તડપાવવા માટે, મઝહબે હક્ક **અહલે સુન્નત વ જમાઅત** યા'ને **મસ્લકે આ'લા હઝરત**નો ડંકો બજાવવા માટે "બરકાતે ખ્વાજા " માસિક આપની સેવામાં હાજર છે.

★ **"બરકાતે ખ્વાજા"** માસિકના **ગ્રાહક બનો** તથા **બનાવો.**

★ **"બરકાતે ખ્વાજા"** માસિકના **આજીવન ગ્રાહક** કે **પેટ્રન** બની બનાવીને સહકાર કરશો.

★ **કરન્ટ ઈસ્યૂ** પર તેમજ **દીની મસાઈલ** પર સચોટ હવાલાવાળા લેખો મોકલીને સહકાર કરશો.

| | | | |
|---|---|---|---|
| લવાજમની વિગત | વિદેશ માટે ₹ ૨૦૦૦ | વિદેશ માટે પેટ્રન ₹ ૧૨૦૦૦ | વિદેશ માટે આજીવન ₹ ૨૦૦૦૦ |
| વાર્ષિક લવાજમ ₹ ૨૫૦ | પેટ્રન ફી ૧૧ વર્ષ ₹ ૨૫૦૦ | આજીવન ₹ ૬૦૦૦ | છુટક નકલ ₹ ૨૫ |

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, **મુ.પો. દયાદરા**, તા. જિ. ભરૂચ.
**મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**

બેંક ઓફ બરોડા
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code: BARB0DAYADR
PhonePe paytm G Pay
Mo.94274 64411

Web. :www.barkatekhwaja.net Email : anjuman2006@hotmail.com